
શ્રી સદ્‌બોધ યાને ધર્મનું સ્વરૂપ

શ્રી શત્રુંજય મહાતીર્થ



સંપાદક :
શ્રી કાનજી શામજી સતીયા (ઉર્ફે મીઠુભાઈ)

શ્રી સદ્‌બોધ યાને ધર્મનું સ્વરૂપ



-: પ્રકાશક :-

શાહ હંસરાજ ઘેલાભાઈ શાલીયા
(ગામ કચ્છ – નાની આખરવાલા)
C/o. મહેન્દ્રકુમાર હંસરાજ
ગોખલે રોડ, ધરાની ચાલ, દુકાન નં. ૨૨
મુંબઈ-૨૫.

સંપાદક :

શાહ કાનજી શામજી સતીયા (મીઠુભાઈ)
(ગામ કચ્છ તુંબડીવાલા)
ઠે. શંકરલેન, નિલમ-એ-૧ લે આળે, રૂમ નં. ૫
કાંદીવલી (વે) મુંબઈ-૬૭.

વાંચો મૂલ્ય : સદુપયોગ વંચાવો

સંવત ; ૨૦૩૬ વીર સંવત : ૨૦૦૬ સને : ૧૯૮૦

પ્રથમ આવૃત્તિ : ૨૫૦૦ નકલ

આશાતનાથી બચવા આ પુસ્તકને વાંચીને–વંચાવવાનો લાભ લઈને જ્યાં ત્યાં નાખી ન દેતાં જરૂર ન હોય ત્યારે કોઈ પણ જૈન લાયબ્રેરીમાં આપવાથી તે વંચાતું રહેશે તે પણ લાભ થશે.

સંપાદક

–: પ્રાપ્તિસ્થાન :–

(૧) **જસવંતલાલ ગીરધરલાલ શાહ**
૬૪૪/૪, દોશીવાડાની પોળ, **અમદાવાદ.**

(૨) **મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
૬. ગોદીજી બીલ્ડીંગ, પાયધૂની, **મુંબઈ–૨.**

(૩) **સોમચંદ ડી. શાહ**
૬. જીવનનિવાસ સામે, **મુ. પાલીતાણા.**

મુદ્રક :
જયંતિલાલ મણિલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ,
ઘીકાંટા રોડ – **અમદાવાદ.**

"સદ્‌બોધ અને ધર્મનું સ્વરૂપ"

ઉપરોક્ત પુસ્તકના પ્લાસ્ટીક કવર માટે આપેલ
સહકારવાળા ધર્મપ્રિય ભાગ્યશાળીઓની નોંધ.

૧૨૫૦-૦૦ શ્રી મુલચંદ શામજીની કું. ભાતબજાર

૨૫૧-૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
(ગામ : કચ્છ રાયણુ)

૨૨૧-૦૦ શ્રી વસનજી કુરપાર ગોગરી
(ગામ : કચ્છ ત્રગડી)

૧૮૧-૦૦ શ્રી શામજી જેસંગ
(ગામ : કચ્છ નાના ભાડીયા)

સુવાક્યો

૧ જેમની શક્તિ મંગળ કાર્યોમાં જ વપરાતી રહે છે એમને રિદ્ધિ-સિદ્ધિ બન્ને મળે છે.

૨ સદ્‌ગુણી થવા કરતાં આપણે સદ્‌ગુણી છીએ એમ બતાવવામાં આપણને સંતોષ જણાતો હોય તો આપણામાં દંભ છે. એમ સમજવું.

૩ ધર્મની શ્રદ્ધા, સદ્‌ગુણોનું સેવન અને સત્પુરૂષોનું શરણ નિરાશાના ઝેરનું વારણ છે.

૪ પોતાના માથા પર તડકો ઝીલી બીજાને છાંયો આપનારા વૃક્ષ જેવા માનવીઓ આ ધરતી પર ઘણા ઓછાં હોય છે.

૫ કોઈ વસ્તુને એટલી બધી પ્રિય ન કરો જે તમને રાગથી બાંધી લે.

૬ નિષ્ક્રિય ઉંડા જ્ઞાન કરતાં સાદી સમજ વધુ મનોહર છે.


૭ વૈરની ભાવના એ મોટામાં મોટું પાપ છે. માફીની ભાવના એ મોટામાં મોટું જ્ઞાન છે.

૭ જગતના મહાપુરૂષોના જ્ઞાનનો ખજાનો પુસ્તકોમાં છે.

૮ વસ્તુ પરિશ્રમથી મળે. ત્યારે જ તેની કિંમત સમજાય.

૯ સંદેહ સાચી મિત્રતા માટે ઝેરનું કામ કરે છે.

૧૦ આશા રહિત માનવી જ વૈરાગી બની શકે છે.



શ્રી સિદ્ધાચળ તીર્થાધિપતિ
મૂળ નાયક શ્રી આદિનાથ ભગવાન

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી
મહારાજ સાહેબ



પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સા. કે જેમના આશિષથી આ પુસ્તકનું કામ મારા હાથે થયું તે બદલ તેમનો હું મહાન ઉપકાર માનું છું. સાથે સાથે આ ગ્રંથ એમને સમર્પણ કરું છું

પરમપૂજ્ય માતુશ્રી ગં. સ્વ. સ્વર્ગવાસી ગંગાબાઈ અને પરમપૂજ્ય પિતાશ્રી સ્વ. જખુ (ઉર્ફે) શામજી ભારૂના સ્મરણાર્થે તેઓના ચરણ કમળમાં કોટી કોટી વંદન સાથે સમર્પણ.



સ્વ. માતુશ્રી ગંગાબાઇ જખુ ભારૂ (તુંબડી–કચ્છ)

સ્વર્ગવાસ સા. ૨૦૩૨ ના વૈશાખ વદ ૧૪ને ગુરૂવાર તા. ૨૭–૫–૭૬ ના રાતના ૧૧–૧૧ કલાકે મુંબઈ જોગેશ્વરી મધ્યે સમાધિપૂર્વક કાળધર્મને પામ્યાં છે.

પૂ. માતુશ્રીનો મહાન્ ઉપકાર

મને જૈન ધર્મ ઉપર સાચી શ્રદ્ધામાં મારા પૂ. માતુશ્રી
નિમિત્ત છે. કારણ પૂજ્ય માતુશ્રીએ પોતાના
જીવનકાળ દરમ્યાન કપરા કાળમાં પણ ધર્મને
મૂક્યો નથી, વ્રત-પચ્ચક્ખાણ કરતાં જ
હતાં. શરીરમાં વેદનીય કર્મોનો ઉદય
ચાલુ છતાં પણ તપને મૂક્યું ન
હતું. અંત સમયે સમાધિપૂર્વક
કાળધર્મ પામ્યા ત્યારે પણ
રાત્રિ તિવિહારના પચ્ચક્ખ-
ાણમાં હતાં. એમનું
જીવન જોતાં મને પણ
ધર્મ ઉપર શ્રદ્ધા થઈ જેથી
"પ્રથમ દર્શને આવ્યો જૈન
ધર્મ" નામનું પુસ્તક આ
પહેલાં લખીને બહાર
પાડેલ હતું.

—સંપાદક

ॐ नमः

આશિષ

यस्यास्ति सद्ग्रन्थ विमर्शभाज्यं,
किं तस्य शुष्कैश्च-कलाविनोदैः ।

અર્થાત્ :—

જેને સારા સારા ગ્રંથો વાંચવા, વિચારવાનું સદ્‌ભાગ્ય મળેલું હોય તેને ચપળતાના (લક્ષ્મીના–સ્ત્રીના) શુષ્કવિનોદ શી ગણતરીમાં છે !

" તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તે જ સારું. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે."

–" સ્વામી વિવેકાનંદ "

" પુસ્તકોમાં હું ગુંથાએલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તો પણ હું કાયર નહિ થાત. એટલું જ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલ્ટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે જેને સારા સારા પુસ્તકો વાંચવાનો શોખ છે તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે. એક પછી બીજું એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર્નિર્ધાર પણ કરી શકશો."

–" મહાત્મા ગાંધીજી "

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઈ પણ કામથી નથી મળતો. માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇપણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી. અને જાતીય ભાવના (સ્વદેશ પ્રીતિ) પણ મેળવી શકતી નથી. બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિના જેવી ઇંદ્રિય તૃપ્તિ સિવાયનું બીજું કોઇપણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. સાહિત્ય ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્ય સરોવરનાં કમળોની મધુર સુગંધની મસ્ત બનવા લાગ્યું હોય તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છ લાગે છે."

—"બંકિમચંદ્ર"

ગરીબોને દરિદ્રતામાંથી છોડાવવાની, દુઃખીઓના દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઈ ચીજમાં નથી.

–"મારડન"

ઉત્તમ ગ્રંથો તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકાર વૃત્તિને વિસ્તારે છે. અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે.

" સદ્‌બોધ યાને ધર્મનું સ્વરૂપ " નામના આ ગ્રંથમાં લેખકે સારો એવો સંગ્રહ કર્યો છે. અને જેને કારણે ગ્રંથની આ પુસ્તકની શોભામાં તેની કિંમતમાં ઘણો જ વધારો કર્યો છે. વર્તમાન જીવનમાં ઉપયોગી થઈ પડે, તેવાં દૃષ્ટાંતો તે સાથે જૈન જગત શું છે? તેનાં કર્મ અને ધર્મ વિષેના કેવા સિદ્ધાંતો છે? આ ધર્મના નાયક કેવા કરૂણાસાગર અને ઉપકારી છે જે સ્પષ્ટ રીતે સચિત્ર સમજાવવાનો લેખકશ્રીએ પ્રયાસ કર્યો છે.

" **અહિંસા પરમો ધર્મો** "નો મહિમા બતાવતાં કુમારપાળ મહારાજા વગેરેનાં રોચક પ્રસંગો આપી લેખકશ્રીએ બરોબર જનતાને સારો બોધરૂપી જ્ઞાનરસ પીરસ્યો છે.

સુખ, વિદ્યા અને પ્રમાણિકતાના પ્રેમીઓએ તો જરૂર આ પુસ્તક વાંચવા જેવું છે. અને આગળ જણાવ્યા પ્રમાણે મહાન્ પુરુષોના વચનોના સારરૂપ આવા પુસ્તકો વાંચવાનો શોખ જરૂર રાખવો.

દરેક રીતે આ પુસ્તક ઉપાદેય છે. સૌ કોઈ આ પુસ્તકનો સદુપયોગ કરી, ધર્મ પ્રત્યે આદરવાળા બનશે એવી મારી શ્રદ્ધા અને શુભેચ્છા છે.

લેખકે આથી આગળ " પ્રથમ દર્શને સાચો જૈન ધર્મ " નામનું પુસ્તક બહાર પાડેલ તે પણ સુંદર અને સચોટ જ્ઞાન પુરું પાડે છે.

શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ ઉપાશ્રય
રાયપુરીયાકી ગવાડ —**મુનશ્રી પદ્મયશચંદ્રજી મ.**
બીકાનેર (રાજસ્થાન)
આસો સુદ ૮ ને શનિવાર

॥ ૐ શ્રી આદિનાથાય નમઃ ॥

—: આત્મ સ્વરૂપ :—

આ વિશ્વમાં ચૈતન્ય અને જડ સિવાય અન્ય કોઈ પણ વસ્તુ નથી. આત્મ સ્વભાવ પ્રગટ કરવાની ઇચ્છાવાળા જીવોએ તે બંને તત્ત્વોના લક્ષણો જાણવા જોઈએ. જે આ બંનેનાં સ્વરૂપને પરમાર્થ દૃષ્ટિએ જાણે છે, તેઓ અજીવનો ત્યાગ કરી જીવ તત્ત્વમાં લીન થયા છે. જીવ તત્ત્વમાં લીન થતાં રાગ-દ્વેષનો નાશ થાય છે અને રાગ-દ્વેષ દૂર થતાં નવિન કર્મો આવતા અટકે છે. અને પૂર્વે બંધાયેલા કર્મો ઓછા થઈ જાય છે. આમ નવિન કર્મોનું ઉપાર્જન બંધ થવાથી અને સંચિત કર્મોનો નાશ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. માનવ જીવન અમૃત છે. પરભવનું ભાથું બાંધતાં આવડે અને પરભવ સુધારી લે તો મનુષ્ય જીવન શ્રેષ્ઠ બની જાય.

જન્મ-મરણ-આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત થવું છે ? તો શરણ લ્યો એક માત્ર અરિહંતનું, સદ્‌ગુરૂનું, સર્વજ્ઞ અરિહંત કથિત અહિંસામય ધર્મનું.

—: આત્માનું લક્ષણ :—

" **ઉપયોગ** " એ આત્માનું લક્ષણ છે. આત્મા પોતાની શક્તિનો પ્રકાશ પોતાની મેળે તથા સાધનો દ્વારા કરે છે તેને ઉપયોગ કહે છે, તે ઉપયોગ બે પ્રકારનો છે.

(૧) દર્શન-ઉપયોગ (૨) જ્ઞાનોપયોગ. દર્શનોપયોગ એટલે વસ્તુનું સામાન્ય જ્ઞાન, દર્શન અથવા જોવું તે. જેમઃ- કેટલેક દૂરથી વૃક્ષ કે મનુષ્ય દેખાય તો દેખાયું કે જોયું કહેવાય પણ તેટલાથી તે વસ્તુની બધી બાજુનું એટલે તે દ્રવ્યરૂપ વસ્તુનું, કયા ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલું છે, કયા કાળમાં બનેલું છે, તેનો રંગ-સ્વભાવ વિગેરે શું છે, વિગેરેનું જ્ઞાન થતું નથી ત્યારે ત્યાં દર્શન ઉપયોગ સાથે જ્ઞાનોપયોગની જરૂર પડે છે. તેથી દર્શન અને જ્ઞાન બંનેની જરૂરીઆત રહે છે.

-: જે પાસે હોય તે અપાય :-

જે મનુષ્ય જ્ઞાનની આરાધના કરી, જ્ઞાન મેળવી અન્યને પણ જ્ઞાન આપે છે અને જેણે અજ્ઞાનપણું મેળવ્યું છે તે અજ્ઞાન જ આપે છે.

-: વાસના તેવું ફળ :-

જો આ જીવને ધર્મ વડે વાસિત કરવામાં આવશે તો જીવ ધર્મમાં પ્રવૃત્તિ કરશે તેમ તેને પાપ વડે વાસિત કરવામાં આવશે તો તે નિરંતર પાપમાં પ્રવૃત્તિ કરશે. તેમ જ્ઞાન વડે વાસિત-ભાવિત થયેલ જીવ જ્ઞાનમાં પ્રવૃત્તિ કરશે. તેથી આત્માની વિશુદ્ધિ કરવાની ઇચ્છાવાળા જીવોએ પોતાની બધી પ્રવૃત્તિ જ્ઞાનમય જ કરવી જોઇએ. આરાધનામય ક્રિયા ન થઈ શકે તો જ્ઞાનના સારા પુસ્તકોનું વાંચન કરીને, વાંચેલું હૃદયમાં ઉતારીને, જ્ઞાન મેળવીને જીવન સફળ કરવું જરૂરી છે.

જેમ તળેલા, સડેલા, ખોરાકથી પેટ અને આરોગ્ય બગડે છે તેમ વિકૃત સાહિત્યના વાંચનથી મન, આત્મા તેમજ જીવન બગડે છે. ભયાનક આ બગાડને નિર્મૂળ કરીને શ્રદ્ધા શુદ્ધિ માટે સારા વાંચનની આવશ્યકતા છે.

—મહાવીર તત્ત્વ પ્રકાશ પુસ્તકમાંથી સાભાર—

–: ઘરમાં સારાં પુસ્તકો વસાવો :–

પ્રિય વાંચકો, ખરાબ વાંચનથી કુમળી વયના બાળકોના માનસ ઉપર એ વાંચનથી ખરાબ અસર થાય છે. એટલા માટે ઘરમાં સારા વાંચનના પુસ્તકોને વસાવવા જોઈએ.

કાળના અવિરત પ્રવાહની સાથે સાથે જીવન પ્રવાહ પણ વણથંભ્યો વહી જાય છે. જીવન મળ્યા પછી જીવન કેમ જીવવું ? તેને કેમ સફળ બનાવવું ? એજ મહત્વની વાત ગણી શકાય. જેમ કેટલું જીવ્યા ? તેના કરતા કેવી રીતે જીવ્યા ? તે ખાસ મહત્વનું છે. સાંપ્રત કાળે આજના જડવાદના ઝેરી જમાનામાં, અશ્લીલ સાહિત્ય થોકબંધ ચોરે અને ચૌટે પ્રાપ્ત થાય છે. પરિણામે દુર્લભ મનુષ્ય જન્મ, હારી જવાય છે. જેના વાંચનથી ઇન્દ્રિયો વિકાર તરફ દોડે છે. એવું જ નહિ પરંતુ અનંત શક્તિનો સ્વામિ આત્મા કષાયોના કારમા પંજામાં અને વિષયોના વમળમાં ફસાઈ જાય છે.

તીવ્ર રસપૂર્વક બાંધેલા ચીકણા કર્મો જીવને ભોગવવા જ પડે. ભલે પછી તે સેનાપતિ હોય કે સમ્રાટ, બલદેવ

વાસુદેવ કે ચક્રવર્તિ હોય, મતલબ કે ક્રોડો કલ્પો જાય તો પણ કરેલા કર્મોનો ક્ષય થતો નથી. શુભ અથવા અશુભ જે પ્રકારના કર્મો જીવે રસપૂર્વક બાંધ્યા હોય તે તેને અવશ્ય ભોગવવા જ પડે છે. 'કર્મો એ બંધનની બેડીઓ જ છે." ભલે શુભ કર્મ હોય કે અશુભ કર્મ હોય, શુભ કર્મ સોનાની બેડી છે અને અશુભ કર્મની બેડી એ લોખંડની બેડી છે. બેઉ બેડીઓ તો જરૂર છે. કોઈ એક શહેરના રાજાએ ઢંઢેરો પીટાવીને જાહેરાત કરી કે, જેને મારા જેવું, અને મારા કરતાં પણ વિશેષ સુખ એટલે રહેવા માટે સારામાં સારો મહેલ, બહુ જ રૂપ રૂપના અંબારસ્ત્રીઓ, ખાવા પીવા જે જોઈએ તે, આખો દિવસ કપડા–ઘરેણા જે કાંઈ વસ્તુ જોઇએ તે છુટ, પણ છુટ કેટલી ? બાર મહિનાની. પછી શરત એ કે જે આ સુખ ભોગવવા તૈયાર હોય તેને બાર મહિના સુધી દેવો જેવું સુખ, પછી જીંદગી સુધી એક અંધારી કોટડીમાં રહેવાનું, ખાવા પીવા ધુળ ને માટી. પીવા માટે પરૂ અને દરેક જાતની યાતનાઓ ભોગવવી પડશે. એ પણ શરત ભેગી. તો પ્રિય વાંચકો ! તમે કઈ શરત કબુલ કરશો ! પુણ્યની અનુકુળતાએ માનવી ભલે, મિથ્યા મગરૂબી ધરાવતો હોય, પણ જો તે પોતાના જીવનના વિવિધ તબક્કાઓનો અભ્યાસ કરે, તેમજ પોતાના આસ-પાસના માનવો તેમજ પ્રાણીઓના જીવનમાં ડોકિયું કરે તો મગરૂબી સાચી સમજના રૂપમાં ફેલાઈ જાય. અને ચંચળ પુણ્યમાં આંધળો વિશ્વાસ મૂકીને વિષય–કષાયની

પાછળ આંધળી દોટ મુકવાના બદલે પરમાત્માના ખોળે માથું મૂકીને પરમ શાન્તિનું જીવન શરૂ કરે.

શ્રી જિનેશ્વરદેવની ભક્તિ વિનાના દિવસને નકામો (વાંઝીઓ) સમજે, સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માના વચનોમાં અવિહડ રાગ કેળવવાથી, સંસાર ચક્રને ભેદવાની અચિંત્ય શક્તિ આત્મામાં પ્રકટે છે. માનવ, ધર્મશાસ્ત્રોમાં કહેલી વાતોને ધ્યાનમાં લેતો નથી. અને લે તો શંકા–કુશંકાઓ કર્યા કરે છે. પણ કોણ એને સમજાવે કે ધર્મ એ તર્કનો વિષય નથી પણ શ્રદ્ધાનો વિષય છે. આપણે લગભગ વેપારીઓજ છીએ. વેપારી હંમેશા નફોજ જુવે. જ્યારે ધર્મ બાબતમાં આવું આપણે જોતા નથી. આપણે બજારમાં બે આનાની માટીની હાંડલી કે બે પૈસ ના દાતણ ખરીદવા જો બજારમાં જઈએ ત્યાં બે ચીજોને સત્તર વખત આમ તેમ ફેરવીને પછીજ પસંદ કરીયે છીએ. ત્યારે ધર્મ બાબતમાં જો તુલના કરીએ તો કહી નાખશું કે ધર્મ બધા સરખાજ છે. દુઃખની વાત છે બે પૈસાની ચીજની ખુબજ ચકાસણી કરીએ છીએ ત્યારે અને જેના માટે અમુલ્ય જીવન મલ્યું છે અને માનવ અવતાર મલ્યો છે. તેની કાંઇજ કિંમત નથી તો ખરેખર એ કિંમતની સમજ ન હોય અથવા અધુરી હોય તો જ્ઞાનીઓએ પ્રકાશેલ ' સમ્યક્ ” પ્રકારે બધાય પુસ્તકોનું વાંચન ગમે કે ન ગમે તો પણ એક વખત વાંચી જવા વિનંતિ છે. આ પુસ્તકના વાંચનના વિષયમાં ભલે દુકાણુ હશે. અને વિષયો પણ કદાચ આગળ પાછળ લખેલા હશે.

પણ કર્મ અને ધર્મને સમજવાનું વાંચન સાથે દૃષ્ટાંતો, કથાઓનું વાંચન હળુકર્મી ભવી જીવો માટે સારૂ અને જરૂરી છે. સંપાદકે આ અગાઉ "પ્રથમ દર્શને સાચો જૈન ધર્મ" નામની નાની પણ બહુજ સુંદર પુસ્તિકા પ્રસિદ્ધ કરેલ. તેમાં પણ કર્મ અને ધર્મને સમજવાનું વાંચન (મનન કરવા જેવું) સદ્‌બોધ પ્રેરણા કરે તેવું હતું. સંપાદક પોતે લેખક નથી. પણ પોતે વાંચેલું, નિર્ગ્રંથોના મુખેથી શ્રવણ કરેલું, વાંચકોના અને સ્વ અને પર ઉપકાર અર્થે અંતરના ખરા ભાવથી કોઇપણ જાતના સ્વાર્થ વગર સિવાય કે સ્વપરના કલ્યાણ સિવાય કોઇપણ આશા વગર પ્રસિદ્ધ કરેલ છે.

જેથી હે પ્રિય વાંચકો! આ પુસ્તકને વાંચીને તેમાંથી જેમ છાશમાંથી માખણ ગ્રહણ કરો તેવી રીતે આમાંથી ગ્રહણ કરી સંપાદકની મહેનત સફળ થાય અને અશુભ કર્મોની નિર્જરા થાય તેવું કરવા પુરૂષાર્થ કરશોજી.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

નિવેદક. **પ્રેમજી લખમજી લાપસીયા**ના
સપ્રેમ જયજીનેન્દ્ર સ્વીકારશોજી.

जैन दर्शन कहता है कि जगत् कल्याण और आत्म-कल्याण आचार शुद्धिसे ही संभवित है। जो आचारमें शुद्ध रहे वह विचारोंमें भी सामान्यतया शुद्ध रह शकता है। जो आचारमें समृद्ध नहीं पर केवल विचारोंसे समृद्ध है, वह व्यक्ति कदाचित् अपने विचारोंका दुसरों पर असर भी कर दे फिर भी वह असर लंबे अरसे तक नही देखा जायेगा। विचार समृद्ध न हो तो भी चलेगा उनके अभावके कारण जीवनको समृद्ध बनानेमें कोई मुशीबत नहीं आ सकती। जीवनसिद्धि पानेके लीए एक ही शर्त है, ओ वह है आचार समृद्धि बनें। आचार समृद्धिके अनेकानेक लाभ है।

जिसके पास आचार समृद्धि है उनका अंतर तो पवित्र हो जाता है परंतु अुसके विचार भी रागादि मलोंसे अलिप्त रहते ही है। यों विचार समृद्धि तुरन्त पायी जाती है।

—મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

વિકાસ–પરિચય પુસ્તકમાંથી સાભાર.

બે બોલ

જગતના સર્વ મનુષ્યો સુખની ઇચ્છા રાખે છે. દુઃખ કોઈને ગમતું નથી-રૂચતું નથી, પણ આ સુખ અને દુઃખ શાથી મળે છે, તે બાબત તેઓ જાણતા પણ હોય છે કે સુખ ધર્મથી જ મળે છે, અને દુઃખ પાપથી મળે છે. આ બધું જાણવા છતા ધર્મની રૂચિ કોઇ ભાગ્યશાળી આત્માને જ થાય છે. તે માટે શાસ્ત્રમાં કહેલ છે કે "यतो धर्मस्ततो जयः" એટલે કે જ્યાં ધર્મ પક્ષની પ્રબળતા છે ત્યાં જ જય છે.

આ બધું જાણવા છતાં પાપોદયે ધર્મ કરવાની ભાવના થતી તેથી ધર્માચરણ કરી શકતા નથી તો ધર્માચરણ વિના સુખ કયાંથી મળે ?

જેઓએ ધર્મને પડખે રાખીને જે પણ કંઇ કાર્ય સાચા દિલથી કર્યું છે, તેવા આત્માઓને ધર્મે હંમેશાં મદદ કરી છે તે માટે પણ શાસ્ત્રમાં કહેલ છે કે-" धर्मो रक्षति रक्षितः" એટલે જે માણસ ધર્મનું રક્ષણ કરે છે તેને ધર્મ હંમેશાં રક્ષે છે.

પુણ્ય અને પાપના ફલને જણાવનાર રાજકુમાર લલિતાંગ તથા તેનો મિત્ર સ્વભાવે દુર્જન નામે સજ્જન, તેનું દૃષ્ટાંત ખૂબ ભાવવાહી ભાષામાં સદ્દર પુસ્તકના લેખકે જણા-

વેલ છે, જે મનન કરવાથી પણ ધર્મ તરફ અભિરૂચિ જાગવાની શકયતા છે.

'સદ્‌બોધ યાને ધર્મનું સ્વરૂપ' આ ગ્રન્થ ધાર્મિક વાંચન માટે ઉત્તમોત્તમ પુસ્તક છે. કારણ તેમાં ધર્મતત્વને પુષ્ટિ આપનારા અને પાપતત્વને ત્યજવાનું કહેનારા અનેકાનેક દૃષ્ટાંતો આપવામાં આવેલ છે.

આ પુસ્તકના લેખકે આ ગ્રન્થમાં ખૂબ જ મનનીય-ચિંતનીય પ્રસાદી મૂકેલી છે કે જેને આરોગતા (વાંચતા) પુસ્તક હાથમાંથી મુકવાનું મન ન થાય!

અન્તે સૌ કોઈ ધર્મપ્રેમી આત્મા આ પુસ્તકનું વાંચન-મનન-નિદિધ્યાસન કરી સ્વ-જીવનને પ્રોજ્જવલ બનાવો, એ જ કામના.

લી. પંડિત હરજીવનદાસ બી. શાહ.

ॐ अर्हं नमः

પ્રકાશકનું નિવેદન

આ પુસ્તકનું પ્રકાશન કરવા માટે મને એકજ ભાવના છે કે આ પુસ્તકને હજારોની સંખ્યામાં વંચાય, તેમાંથી કેઈ પણ ભાવિક આત્મા સદ્બોધને પામી જાય તો પણ મહાન્ લાભને માટે થશે.

સૃષ્ટિ અને સર્જન....સર્જન અને વિસર્જન....

અનાદિ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં કોઇક વાર જ માનવદેહ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, સુદેવ, સુગુરૂ અને સુધર્મની પ્રાપ્તિ થાય છે. અને વિલય પામે છે. પોતાનું જીવન સુધારવા માટે સુધર્મની સંગત જરૂરી છે.

પરિવર્તનશીલ સંસારમાં પ્રત્યેક જીવને મરણને શરણ થયા વિના ચાલતું નથી. મૃત્યુ એ પ્રકૃતિ છે. જન્મ એ વિકૃતિ છે. આ કથનનું રહસ્ય પ્રત્યેક જીવને સમજાઈ જાય તો માનવ જીવનને પામ્યા પછી જીવનની સાર્થકતા કરવાની ઇચ્છા કરે. જેને જીવન જીવતાં આવડે તેજ જીવનને સફળ બનાવી શકે છે. એટલા માટે જ સારા વાંચનની જરૂર છે. જૈનોએ જેવા-તેવા ગંદા વાંચનના પુસ્તકો પાછળ ખોટા

પૈસા બગાડવા કરતાં આવા સાહિત્યો ઘરમાં વસાવવાથી અને નવરાશના વખતે વાંચવાથી સારી પ્રેરણા મળશે.

આધુનિક જમાનાની ઝેરીલી અને માંદલી હવાના સંપર્કથી જગ માનવોની મનોદશામાં કંઈ અનેરા પલટાઓ દેખાઈ આવે છે. ધર્મ ઇમારતના સુદૃઢ પાયામાં ય આજના જમાનાવાદીઓએ એવો લુણો લગાડ્યો છે કે એ ઇમારતો પણ પ્રકંપિત બની રહી છે. માનવ જાતની સંસ્કૃતિને એના ઉચ્ચતમ, આદરણીય, પ્રશંસનીય પ્રવર્તનો કે રમ્ય રહેણી-કરણીઓ ઓસરતી જાય છે. આ દીવા જેવી વાત છે. સૌને અનુભવ છે. સૌ ભોગવે છે પણ એનાથી મુક્ત રહેવું એ તો પુણ્ય પુરૂષને સાધ્ય થાય છે. આ બાબતમાં સર્વ દેશના સર્વ માનવોને થોડો વત્તો અનુભવ થઈ ગયો હોય છે.

આજે સંસાર સમસ્ત ઉપર દૃષ્ટિપાત કરી જુઓ ! હૃદયની આંખો ખુલ્લી રાખી વિવેક પૂર્વક સંસારને જરા જોઈ તો જુઓ ! ચોમેર પ્રવૃત્તિ, પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ જ દેખાશે. જાણે માનવ કેવળ યંત્રની જેમ પ્રવૃત્તિઓના ચક્રોનો કેવળ હાથો બનીને દોડધામ કરી રહ્યો છે. ક્ષણ માત્ર પણ અંતર્મુખ બનીને પોતાની જાતને અવલોકવાની ફુરસદ જ નથી. સમસ્ત સંસારમાં માનવ જીવન મહત્ત્વનું, મહામુલ્ય તથા અતિશય દુર્લભ છે. માનવ જીવનની મહત્તા એકજ કારણે છે, તે એ છે કે "માનવ" સર્વ શ્રેષ્ઠ આચાર તથા ઉર્ધ્વગામી વિચારોથી પોતાના આત્માનું કલ્યાણ સાધે.

એટલે જ આવા પુસ્તકોના વાંચનથી મન ઉપર સારી અસર થાય તો ખોટા વિચારોથી (કર્મથી) બચી શકાય. તે પણ ઉત્તમ કહેવાય.

આ પુસ્તકને દરેક પિપાસુ વર્ગ ચિંતન પૂર્વક વાંચે અને મનન કરે. આવા વંચનો માત્ર વાંચવા પુરતા નથી. વાંચીને વિચારની સાથે જીવનમાં ઉતારવા જેવા છે એ શુભ ભાવના સાથે આ નિવેદન પુરૂં કરૂં છું. ૐ શાન્તિ.

" શિવમસ્તુ સર્વજગતઃ "

સંવત ૨૦૩૬ માગશર
વદી ૨ ને બુધવાર
તા. ૫-૧૨-૧૯૭૯

લી. પ્રકાશક :
શા. હંસરાજ ઘેલાભાઈ સાલીયા
નાની આખર

ॐ અર્હંનમઃ

શ્રી ગૌતમ સ્વામિને નમઃ

સંપાદકનું નિવેદન :–

આ 'સદ્‌બોધ યાને ધર્મનું સ્વરૂપ' નામનું પુસ્તક હું મારા જ્ઞાનથી લખતો નથી. આ તો મેં વાંચેલું અને સાંભળેલું તે ઉપરથી લખ્યું છે. મારો અભ્યાસ કચ્છ ગામઠી શાળામાં ફક્ત ગુજરાતી ચાર ચોપડીનો છે. તેમ હું લેખક પણ નથી છતાં પુસ્તક લખવાની ઈચ્છા થઇ તેને રોકી શકતો નથી. એટલે આ પુસ્તક લખ્યું છે. તેમાં શાસ્ત્ર વિરુદ્ધ કાંઇ પણ લખાય નહિ તેની ખૂબ જ કાળજી રાખી છે. છતાં પણ શાસ્ત્ર વિરુદ્ધ જે કાંઇ લખાયું હોય તે બદલ મિચ્છામિ દુક્કડમ્.

આ પુસ્તક વાંચતાં ધર્મપ્રેમીને જે કાંઈ સંદેહ થાય તે ધર્મગુરૂને પૂછી લેવા વિનંતિ કરૂં છું અને તેમાં જે ભૂલ જણાય તો તે બાબત મને ધ્યાન કરાવનાર ભાગ્યશાળીનો હું ઉપકાર માનીશ, હું લેખક નથી એટલે કદાચ આગળ–પાછળ લખાણું હશે અને વિષયાંતર થયું હશે તો પણ તે સદ્‌બોધના (ધર્મના) ઉદ્દેશનું હશે. જેમ પ્રવચન ચાલતું હોય તેમાં આડીઅવળી વાતો ચાલે તો તેમાં મૂળ ઉદ્દેશ તો ધર્મને સમજાવવાનો જ હોય છે.

હું કહું એજ સાચું એમ હું કદી પણ કહેતો નથી.

હું કહું એમ કરો તેમ પણ હું કહેતો નથી. (આપ મતિનો આગ્રહ રાખતો જ નથી.) મારો કહેવાનો ઉદ્દેશ એક જ હોય છે કે સત્યને જાણવાની જિજ્ઞાસા કરો. અને સત્ય સમજાય ત્યારથી પાપથી બચાય તેટલું પાપથી બચો. થાય તેટલો ધર્મ કરી લ્યો. એજ મનુષ્ય અવતારનો સાર છે.

મને આ પુસ્તક લખવાની ઇચ્છા કેમ થઇ તેનું કારણ મારો દસ વર્ષનો સમય ખરાબ (કષ્ટમય) ગયો. તે વખતે મને ધૈર્ય અને હિંમત આપનાર ધર્મ સિવાય બીજું કોઈ ન હતું. તે વખતે મને વ્યાખ્યાન વાણી સાંભળવા માટે સમય પણ ન મલતો છતાં પણ ધર્મના વાંચનથી ધીરે ધીરે આવા સમયમાં મનને શાંતિ રહેતી. તે પણ **જૈન પ્રવચન** (**હાલમાં જિનવાણી**) જેવા વાંચનને આભારી છે. કુરસદના સમયમાં આવા વાંચનથી મનમાં ખોટા વિચારો આવતા અટકી જાય તે પણ મહાન લાભ છે. એટલે મને થયું કે મારા જેવા બાલજીવોને આવા વાંચનથી સારી પ્રેરણા થાય તો કર્મ બાંધતા અટકી જવાય તે પણ મહાન્ લાભને માટે થશે. મનુષ્યના હૃદયનું પરિવર્તન કયારે અને કેવા સંજોગોમાં થાય છે તે જ્ઞાની સિવાય કોઈ જાણી શકતું નથી. આજનો પાપી આવતી કાલનો ધર્માત્મા બની શકે છે. અને આજનો ધર્માત્મા આવતી કાલનો પાપી બની જાય છે. (આમ તો આ બેલ કર્મના છે).

આપણે તો આપણા આત્મા માટે જે કાંઈ શુભ

ભાવથી ધર્મ આરાધના થઇ શકે તે કરી લેવાની છે. આયુષ્યનો કાંઇ ભરોસો નથી. કાળ કયારે કોળીયો કરી જશે તે પણ જ્ઞાની સિવાય કોઇ જાણતું નથી.

એવો પણ સમય હતો કે જે કાળે રાજા-મહારાજા પોતાના સંતાનોને બધી કળાઓ સાથે ધર્મકળા પહેલી શીખવતાં હતાં. એમના મનમાં એવી ભાવના હતી કે અમારા સંતાનો મનુષ્ય ભવમાં ધર્મ વગરના રહીને માનવ ભવને ન ગુમાવે. કેવી ઉચ્ચ ભાવના કહેવાય. દેવોને દુર્લભ એવો મળેલો મનુષ્ય ભવ તેને તો સાર્થક કરવાની જરૂર છે કે નહિ ? મનુષ્ય જેવો મનુષ્ય ખાવા-પીવા, હરવા-ફરવા અને એશઆરામ કરીને જિંદગીને વેડફી નાખતો હોય તો મનુષ્ય અને જાનવરમાં ફરક પણ શું ? (જાનવર પણ ખાઈ-પીને કામ તો કરે છે) કોઈ કહેશે કે અમે લોકસેવા કે માનવસેવા કરીએ છીએ તે સારા માટે છે. પણ એ સેવા કેવા પ્રકારે કરીએ છીએ એ પોતાના આત્માને પૂછી લેવું. પહેલાં જે નિઃસ્વાર્થ સેવા હતી તેમાં પહેલો અક્ષર નિઃ (ની) પાછળ તો રહી જતો નથીને ? (એટલે નિઃસ્વાર્થ સેવાને ઠેકાણે સ્વાર્થની સેવા) સ્વાર્થમાં ફક્ત પૈસો નથી, કોઈને ખુરશીનો, (સત્તાનો) કોઈને માનનો તો કોઈને મોટા થવાનો (હોદ્દો) એમ ઘણી રીતે સ્વાર્થનો અર્થ થાય છે. આવી સ્વાર્થી સેવાની જૈન શાસ્ત્રમાં કોઈ કિંમત નથી. સેવા નામે સમય ગાળવા મંડળ કે સંસ્થામાં જઈ બેસવું, મીટીંગોમાં નિયમીત હાજરી આપવી અને બહુમાન-

આભાર વિધિના કાર્યક્રમમાં સમયનો ઉપયોગ કરવો એને પણ સેવા સમજી લેનાર ફક્ત સત્તા ને માનના ભૂખ્યા સિવાય શું સેવા સમજી શકાય ? આ કાળની સેવા કે નહિ ?

'યથા રાજા તથા પ્રજા' હમણાંના પ્રધાનોએ પ્રજાને સુખી કરવાના ભાષણો આપ્યા કર્યાં એથી કાંઈ પ્રજા સુખી થઈ ગઈ ! ખરૂં સુખ તો સંતોષમાં છે. ફકીરી, ગરીબી અને અમીરી એ તો રહેવાની જ છે. આ તો પર દુઃખભંજન વીરવિક્રમ જેવા રાજા જાગે તો પ્રજા સુખી થાય. પણ એ તો આ કાળે બનવાનું નથી. સ્વરાજ્યનું ફળ ખુરશીવાળાઓને મલ્યું. ધ્યેય ભલે સારૂં હોય પણ કામગીરી ઉલ્ટી હોય ને રસ્તો ઉલ્ટો હોય તો ગામ આવે નહીં. આમાં આપણે ઊંડું ઉતરવું નથી. મૂળ તો સુખ સંતોષમાં છે. **"સંતોષી નર સદા સુખી."** અને સુખ એ તો પુણ્યને આધીન છે. પુણ્ય ધર્મથી થાય છે. મૂળ વાત તો ધર્મ ઉપર જ આવશે. ધર્મ માટે પુરૂષાર્થ કરવો પડશે. એટલે પુરૂષાર્થ મનુષ્યને આધીન છે. ને ફળ મળવું એ ભાગ્યને આધીન છે. ભાગ્ય કહો કે પુણ્ય કહો એકની એક વાત છે. કોઈ એમ સમજે કે મારા ભાગ્યમાં હશે તે મલશે. તે સમજીને (ભરોંસે) બેસી રહે તો અજ્ઞાન કહેવાય. ભાગ્યનો કયારે ઉદય થશે તે જ્ઞાની સિવાય કોઈ જાણી શકતું નથી. માટે આપણે તો પુરૂષાર્થ આદરી રાખવો જોઈએ. અને સાચી શ્રદ્ધા હશે તો અવશ્ય સફળતા મળશે.

હું જ્યારે મારી વિચારશ્રેણી (જુનવાણી) ની વાતો

કરૂં છું ત્યારે કેટલાક મારા હિતેચ્છુઓ કહે છે કે શું કરવા આવું બોલો છો. એથી કોઇ તમારી વાત માની લેશે ? ના....રે ના, પણ તેથી મને નુકશાન નથી. આ હિતેચ્છુઓને હું કહું છું કે જમાનાવાદની ભયાનક આગ આરે બાજુ ફેલાઇ ગયેલી દેખાય છે. અને તેમાં આર્યપ્રજા અને આર્ય સંસ્કૃતિ ભડથું થઇ રહી છે. તેમાં આપણે જૈનો પણ આવી ગયા છીએ.

આજે જગત જ્યારે ભૌતિકવાદની નાગચુડમાં જકડાઈ અધોગતિનાં ગર્ભમાં ખુંચી રહ્યું છે. પાપ કરીને મેળવેલું અહીં જ મુકીને જવાનું છે પણ કરેલા પાપો ભવાંતરમાં ભેગાં આવવાનાં કે નહી ? જે પાપકર્મને ન માનતા હોય તેનું જેમ કલ્યાણ થાય તેમ કરે.

પહેલાંનો ઇતિહાસ જુઓ તો ધર્મ વેચીને ધન કમાવવાની કાળી બુદ્ધિ વેપારીઓ માટે કાળું કલંક ગણાતી કે નહિ ? તે વખતે કમાતાં ન્યાય–નીતિથી અને જીવતાં સંતોષથી કે નહિ ? એટલે મારો કહેવાનો ઉદ્દેશ એ છે કે દુનિયાની દેખાદેખી જૈન ન કરે.

"પ્રથમ દર્શને સાચો જૈનધર્મ" નામનું પુસ્તક ગયા વરસે મેં બહાર પાડયું હતું તેમાં **'આજનો માનવી દિશાશૂન્ય બન્યો છે.'** એ વાંચન સદ્‌બોધની પ્રેરણા કરે તેવું છે. તે સિવાય ધર્મ અને કર્મને સમજવા માટેનું આ વાંચન છે. એ પુસ્તકના વાંચનનું રહસ્ય પૂ. સાધુ–સાધ્વીજી મહારાજે કહ્યું કે વાંચન આત્મા માટે (મનન કરવા જેવું છે) સારૂં છે. એક પૂજ્ય સાધુ ભગવંતે

મને લખ્યું હતું કે તમારી મહેનત સફળ છે. એથી મને ફળ મલી ગયું સમજુ છું.

આજના વિજ્ઞાન, શિક્ષણ, સિનેમા, ટી.વી. ગંદુ સાહિત્ય, કુમિત્રોની સોબત, આહારની મોટી ગડમથલોએ અગણિત પાપો પેદા કર્યા છે. આમાં સાવધ રહે તો હજીયે ઉગરી શકે. તેને તો સંસારી જન છતાં અંતઃકરણથી અત્યંત વંદનીય વિભૂતિ જ કહેવી પડે. આવા વિકરાળ કાળમાં ય જેને જિન શાસન મલ્યું એ બધા અત્યંત ભાગ્યશાળી છે કે નહી ? તે ધારે તો આજે પણ પોતાના જીવને શુદ્ધ રાખી શકે છે. આ કાંઇ નાનું સૂનું સદ્‌ભાગ્ય નથી. જીવ જ્યારે ગર્ભમાં અપાર દુઃખ ભોગવે છે ત્યારે ભગવાનને યાદ કરીને કહે છે કે હે ભગવાન, મને ગર્ભાશયમાંથી બહાર કાઢ, હું ધર્મ કરીશ. પણ જ્યારે જન્મ થાય છે, સંસારની હવા લાગે છે ત્યારે ભગવાનને પણ ભૂલી જાય છે. જીવનને ધર્મશાળા બનાવવાને બદલે કર્મશાળા રૂપી બંગલો બનાવે છે. એમાં તો મહાન્ આત્માઓ પોતાનું કલ્યાણ સાધી જાય છે.

કોઇ કહે છે કે ધર્મમાં એકતા નથી તેનું કારણ શું ? બધાના પૂજ્ય તીર્થંકર ભગવાન એક જ છે. તેમ નવકાર મંત્ર, તત્વજ્ઞાન પણ એક જ છે. અહિંસા, પરિગ્રહ, પરિમાણ, બ્રહ્મચર્ય આદિ મૂળ ગુણોમાં તેમજ અનેકાન્ત દર્શનમાં ભેદભાવ નથી. ગંભીરતાથી વિચારો તો હજારે એકાદ વાતમાં મતભેદ દેખાશે. અને તે ક્રિયાઓ અલગ છે તેના કારણે

એકતા સધાતી નથી. પણ ધર્મ આત્માના કલ્યાણ માટે કરવાનો હોય છે. એટલે જેને જે ક્રિયાઓની અનુકુળતા હોય તે પ્રમાણે ક્રિયા કરે. ફક્ત રાગ-દ્વેષ મૂકીને કરે. જૈન ધર્મ કોઈનો વેચાતો લીધેલો ધર્મ નથી. કરે તેનો (જૈન) ધર્મ અને પૂજે તેના (વીતરાગ) દેવ. જિનેશ્વર ભગવાને ભાખેલો ધર્મ જૈન ધર્મ કહેવાય છે એ ધર્મને ગમે તે ભવ્યાત્મા ગમે ત્યારે સ્વીકારી શકે છે. વીતરાગના વચનોમાં શ્રદ્ધા રાખવાથી ભવસાગર તરી શકાય છે.

આ પુસ્તકમાં જૈન અને જગત, કર્મ અને ધર્મને સમજવા માટે સુંદરમાં સુંદર વાંચન છે. ઉપરાંત નાનામોટાં ઘણાં દૃષ્ટાંતો છે. તે સિવાય 'ડગલે ને પગલે નિધાન' ઉપર અને 'ધર્મનો જય પાપનો ક્ષય'ની કથાઓ ઉપરાંત કુમારપાળ રાજાનો પૂર્વભવ, કુમારપાળ રાજાએ અહિંસાથી કરેલું રાજ્યનું દૃષ્ટાંત, ક્રોધ કષાય ઉપર ચંડકૌશિક સર્પનો પૂર્વ ભવ વગેરેનો સમાવેશ થાય છે, ચંડકૌશિક સર્પને ભગવાન મહાવીર સ્વામીનો ભેટો થઈ ગયો પણ મને (સંપાદકને) કયા ભગવાનનો ભેટો કયારે થશે તે જ્ઞાની જાણે. આ પુસ્તકના વાંચનમાં જેને વાંચતા કંટાળો આવે તો સમજી લેવું કે આવા વાંચનમાં એને રસ નથી, જેમાં રસ હોય તેમાં કંટાળો આવે નહીં. સિનેમા ને ટી. વી. જોવામાં કલાકોના કલાકો જાય એમાં કંટાળો આવતો નથી કારણ તેમાં તેને રસ છે. જેને જેવું વ્યસન. અફીણના બંધાણીને પાંચ પકવાન્ન થાળીમાં પીરસશો તો ગમશે નહી પણ તેને

અફીણના કસુંબા સાથે સુકો રોટલો આપશો તો તે સારો લાગશે.

આધુનિક વર્ગને અવનવું, નિત્યનવું સાહિત્ય વાંચવું ગમે છે. પછી તે ગમે તેવું હોય અને ગમે તેનું લખેલું હોય. આજે વાંચનની ભૂખ જાગી છે. આજે છાશવારે એવું વિકૃત અને અશ્લીલ સાહિત્ય બહાર પડે છે. અને તે પ્રજાના હાથમાં આવે છે. પરિણામે આવા વાંચનથી આત્મા પથ-ભ્રષ્ટ, શ્રદ્ધાભ્રષ્ટ અને ચારિત્રભ્રષ્ટ બને છે. આવા સાહિત્ય દ્વારા આપણી ભારતીય સંસ્કૃતિને મોટો ફટકો લાગી રહ્યો છે! કચરા પેટીમાં નાખવા જેવા ઉચ્છૃંખલ સાહિત્યના વાંચન દ્વારા આજના કુમળી વયના બાળક-બાલિકાઓ અધઃપતનની ઊંડી ખાઈમાં ધકેલાઈ રહ્યાં છે. મહા પુણ્ય ઉદયે સાંપડેલ માનવજીવન એ જ્યાં ત્યાં જેમ-તેમ ફેંકી દેવાની વસ્તુ નથી. આ વિષમકાળમાં મનને ઉન્મત્ત બનાવીને જીવનને બરબાદ કરી દે એવાં પુસ્તકો વાંચવા કરતાં, સારા ધર્મના વાંચનથી આત્માને સારી પ્રેરણા મળશે, તેવું આ પુસ્તક છે.

જૈન કુળમાં જન્મે નામે જૈન કહેવાયા કરતાં કર્મે જૈન હોય તે જ સાચો જૈન. આ કાળમાં જૈનોની ખોવાઇ ગયેલી જવાંમર્દીએ શ્રી જૈન શાસનના હર્યા-ભર્યા, લીલાછમ ખેતરને વાડ વિનાનું બોડી બ્રાહ્મણનું ખેતર બનાવી દીધું છે. વાંચો પાના નં. ૨૫ પુસ્તક **'પ્રથમ દર્શને સાચો જૈન ધર્મ.'**

—: જમાનો ને આપણે :—

કેટલાક કહે છે કે જમાનો પલટાયો છે. જમાનો પલટાયો છે કે માનવ પલટાયો છે. જમાનો બગડયો નથી પણ માનવ બગડયો છે. માનવી ધારે તો આ જમાનામાં પણ સારો બની શકે છે. જ્યાં માનવ પોતે જ પોતાની માનવતાને પગ તળે ચાંપતો હોય ત્યાં જમાનો બિચારો શું કરે? એ તો જડ છે. એનામાં ચૈતન્ય પૂરનાર માનવ પોતે જ છે. તમે જ કહો કે ઇન્સાનને હેવાન બનાવી દેનાર કોણ છે? તમે જ કહો કે ભગવાનને ભૂલાવી દેનાર કોણ છે? એક જ પૈસો....

આ જમાનાની દેખાદેખીથી ચાલતા માણસને હવે પૈસાની કિંમત છે. સાર અસારની કિંમત જ નથી. એટલે તો આ જમાનામાં :—

सीधे सादे इन्सानका, इस दुनियामें काम नही;
कोई न पूछे उनको वैया, जिसके पहलेमें दाम नहीं.

આ કાળમાં નિર્ધનપણું એજ નરક છે. કારણ હમણાં ધન અને સત્તા પૂજાય છે. સંસ્કારને કોઈ પૂછતું નથી. અમે ભણતા ત્યારે અમારા ગુરૂ કહેતા, "ફાટેલ કપડે અને ગરીબ માવતરે લાજ જતી નથી. લાજ કુકર્મો કરવાથી જાય છે." કપડા ફાટેલા ચાલે પણ સ્વચ્છ જોઈએ. સ્વચ્છથી મન સ્વચ્છ રહે છે. જેને નથી પોસાતું છતાં

પણ ખોટા ખર્ચ કરવાથી તેને સાચા ખોટા કરીને, કમાણી કરીને પાપકર્મ કરવા પડે છે.

ભણેલા કોને કહેવાય ? વડીલોની, માત-પિતાની સેવા કરતો હોય, સાચા ધર્મ ઉપર જેને પૂર્ણ-પ્રેમ હોય, પાપ કર્મ કરતાં જે ડરતો હોય, સત્યને શોધવાની ઝંખનામાં જે રહેતો હોય એ ભણુતર. બાકી તો ભણુતરનો ભાર વધ્યો, ડીગ્રીઓ વધી પણ ગણુતર ગયું.

આ જમાનામાં બળીયાના બે ભાગ, એમાં જો બુદ્ધિ ભળે તો ચાર ભાગ, તેમાં પણ જો લાગવગ લાગી જાય તો થાય છ ભાગ. એ નાટક ચાલે છે. પૂર્વ કાળ જુઓ. કેવું શાંતિમય વાતાવરણ હતું. એની જગ્યાએ આજે ધાંધલીયું, અશાન્તિથી ભરેલું વાતાવરણ સર્જાઇ ગયું છે અને આવી રીતે લગભગ સંસ્થાઓ અને મંડળો ચાલે છે.

આટલું ધ્યાન કરો :—

- કોઈ પાસેથી સ્વાર્થી સેવાની આશા રાખો નહી, અને પોતે સ્વાર્થી સેવા કરો નહીં.
- લોકાપવાદ અને અપયશ મરણ કરતાં ખરાબ છે.
- બીજાનાં ખોટા વિચારોના ગુલામ બનો નહીં.
- પુણ્ય વગર બુદ્ધિમાન્ પણ ભીખ માગે છે.
- આફત વખતે મદદ-સહાય કરવી ઉત્તમ છે.
- સમય બળવાન્ છે. પુરૂષ બળવાન્ નથી.

૦ ફક્ત હિંમત ગઈ તો શરીરની શક્તિ ગઈ સમજો.

૦ ગરીબી (નિર્ધનપણું) એ તો પ્રારબ્ધતાની વાત છે, પણ માણસે દીન ન બનવું જોઈએ. દીન બનવું કે ન બનવું એ તો પોતાના મનની વાત છે.

૦ આત્મ વિશ્વાસ વગરનો માણસ નબળા મનનો છે.

૦ સિંહ અને વાઘ કરતાં અશુભ વિચારો વધારે ક્રૂર દુશ્મનો છે.

૦ દુનિયાના તમામ જીવો પુણ્ય–પાપને આધીન છે. એટલે પુણ્ય કર્મ કરવા ઇચ્છા કરો અને ને માટે સત્કર્મ કરો.

૦ આ તો જરૂર ધ્યાન કરવાનું છે કે આપણે સંસારના પ્રવાસીઓ છીએ, રહેવાસી નથી.

૦ સંસારની સંપત્તિઓ તો આજે છે ને કાલે નથી, પણ એના સદ્ઉપયોગથી સરજાતું પુણ્ય જ પરભવમાં સાથે આવવાનું છે.

૦ લક્ષ્મીના ત્રણ પ્રકાર છે. (૧) દાન (૨) ભોગ (૩) નાશ. તેમાં દાનમાં લક્ષ્મી વપરાશે તે ઉત્તમ છે. 'ખા ગયા શો ખો ગયા, દે ગયા શો લે ગયા;' એટલે હાથે વપરાશે એ સાથે આવશે. મરી ગયા પછી એ લક્ષ્મીનો કેવો ઉપયોગ થશે તે આપણે જાણી શકતા નથી એટલે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે હાથે તે સાથે.

૦ જીવન જુઓ ! આપણો પૈસો કયાં જાય છે ? નામના માટે, કીર્તિ માટે.

લોક સારા કહે તે માટે દાન કરનારની શ્રી જૈન શાસ્ત્રમાં કુટી કોડીની કિંમત નથી એટલે ધર્મ માટે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરનાર આત્માને ઉપરની કોઇ પણ વસ્તુને મનમાં રાખીને દાન કરવા કરતાં ભવાંતરના (પરભવના) પુણ્ય માટે ભાથું બાંધવાની ઇચ્છા કરવી એ જ ઉત્તમ દાન થશે. સુપાત્ર દાનના સાત ક્ષેત્રમાં આવા પુસ્તકો માટે દાન આપવું તે સાત ક્ષેત્રના દાનમાં જ્ઞાનદાન છે. તે અભયદાન પછીનું ઉત્તમ દાન છે.

(૧) કૃતયુગમાં સામે જઇને દાન અપાય છે.
(૨) ત્રેતાયુગમાં બોલાવીને અપાય છે.
(૩) દ્વાપરમાં પ્રાર્થના કરીને અપાય છે અને
(૪) કલિયુગમાં (નામના માટે) કીર્તિદાન કરવાની ભાવનાથી દાન અપાય છે.

'સહેજ મિલા એ અમૃત બરોબર,
માગ લીયા શેા પાણી;
છીન લીયા એ રક્ત બરોબર,
ગોરખ બોલે વાણી.'

સહેજ મિલા એ અમૃત બરોબર એટલે દાન આપનાર ભાગ્યશાળી ભાવથી દાન આપવાની ઇચ્છા કરીને સામે જઇને બીન શરતી દાન આપે તે દાન અમૃત બરોબર છે. સૂચન મલ્યા પછી પણ દાન આપનારને વારંવાર કહેવા પછી પણ (મનના ખોટા ભાવ) ભાવ ખાઇને દાન આપે તે દાનથી લાભ ઓછો થશે. (કારણ છીન લીયા જેવું કહેવાય.)

વર્તમાન કાળે દાન આપનારનો તોટો નથી પણ કોના માટે ? સંસ્થાઓ, મંડળોના અગ્રેસરોના કહેવાથી નામની તખ્તીઓ, મોટાઈ કે બહુમાન જેવા કામો માટે જલ્દીથી આપશે પણ બીજ શરતી કોઈ પણ અપેક્ષા રાખ્યા વગર દાન આપનાર વિરલા પુરૂષો જ હશે.

લગ્નમાં ફોટાઓ (આલ્બમ) પાછળ હજારોના ખર્ચ થઈ જશે તેમાં વાંધો નથી કારણ કે તેમાં રસ છે. તેમાં પણ જેને નથી પોસાતું તેવા લોકો બીજાની દેખાદેખીથી ખોટા ખર્ચા કરીને પૈસા નકામા ખર્ચે છે. એક ભાઈએ મને કહ્યું 'લગ્નમાં ફોટાનો ચાર હજાર રૂપિયા ખર્ચ થયો. હવે ફોટાઓ (આલ્બમ) એક બાજુ પડયા રહે છે.' ત્યારે મેં કહ્યું કે 'રોજ આલ્બમમાં ફોટાઓ જોવાથી ઘણા માણસોના દર્શન થશે કે નહિ ?' પછી એ શું બોલે ? મારો કહેવાનો ઉદ્દેશ એ છે કે આપણી કમાણીના પૈસા સારા માર્ગે જેટલા વપરાશે તે સારા લાભને માટે થશે પછી તો જેવી જેની મરજી.

ઘણાને આવા પુસ્તકો વાંચવા ગમે છે. પણ વેચાતા લેવા ઇચ્છા થતી નથી. આમ બે–પાંચ રૂપિયા ચાહ–પાણીમાં ખરચાઈ જતાં હશે પણ આવા પુસ્તક વેચાતાં લઈ વાંચી–વંચાવવાનો લાભ લેવાની ઇચ્છા કરતાં નથી. તે માટે આવા પુસ્તકોને ધર્મપ્રેમી ભાગ્યશાળી આત્માઓએ પ્રભાવના કરવાથી તે પણ જ્ઞાન દાનના ઉત્તમ ફળમાં ભાગીદાર થશે. કરણ, કરાવણ અને અનુમોદનનું સરખું ફળ કહ્યું છે. આવાં

પુસ્તકો વાંચતા તો મનને સારી અસર થાય ત્યારે જ અજ્ઞના ગંદા વાંચન અને નોવેલો જેવા પુસ્તકો વાંચવાનો ત્યાગ થાય. તો જ (સુસંસ્કાર) આર્ય સંસ્કૃતિનો સદુપયોગ થાય. ત્યારે જ નકામા બંધાતા પાપથી અટકી જવાય. પણ એ તો કયારે અને કે જ્યારે સુગુરૂના સમાગમમાં આવવાનું મન થાય. ગુરૂ દીવો છે. અંધારામાંથી પ્રકાશમાં જવા માટે સુગુરૂના સમાગમની જરૂર છે.

મન વગરનું વાંચન નકામું છે. સંતોષ વગરનું સુખ નકામું છે. અને ધર્મ વગરનું જીવન નકામું છે. એટલે ધર્મ વગરના મનુષ્ય જીવનની જૈન શાસ્ત્રમાં કંઇ જ કિંમત નથી. આમ તો જૈન કુળમાં જન્મ્યો તે શ્રાવક કહેવાય છે. અને શ્રાવક તો સંસારમાં ઓછામાં ઓછા પાપથી કેમ જીવાય ને વધારેમાં વધારે ધર્મ કેમ થાય એજ લક્ષ્યવાળો હોય છે. અને ધર્મ કરે તે પણ શાસ્ત્રમાં બતાવ્યા મુજબ કરે. આવો લક્ષ્યવાળો શ્રાવક થોડો પણ જે કાંઇ ધર્મ કરે તે (ઉત્તમ) સારા લાભ માટે થશે.

મારા જેવા (અલ્પ જ્ઞાનવાળા) માટે આ પુસ્તકનું કામ મહાભારત કહેવાય. પણ શ્રી આદિનાથ ભગવાન અને પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. ની કૃપાથી કુદરતે આ કામ પાર પાડયું. તેમાં દેવ–ગુરૂનો મહાન્ ઉપકાર માનું છું અને આ પુસ્તક માટે તન, મનથી સાથ –સહકાર આપનાર ભાગ્યશાળીઓ અને આગળથી નકલો નોંધાવનાર ધર્મ પ્રેમીઓ, ધર્મના કામને ઉત્તેજન આપનાર

ભાગ્યશાળીઓ તે (વ્યક્તિગત નામો લખી શકાયા નથી સર્વનો આભાર માનું છું.

ધર્માનુરાગી શ્રી પ્રેમજીભાઇ લખમશી લાપસીયાએ આ પુસ્તક માટે નિવેદન લખી મોકલ્યું એ સ્વધર્મના વાંચનને ટેકો આપવા બદલ તેમને ધન્યવાદ !

શાસ્ત્રી શ્રી. પી. જે બૌઆ નોકરી કરતાં પણ પોતાના સમયનો ભોગ આપીને આ પુસ્તકનું સંશોધન કરી આપ્યું અને મારી વિનંતિને માન આપીને આમુખ લખી આપ્યું. વાંચકોને આ પુસ્તકના વાંચનનો અભિપ્રાય આપીને સ્વધર્મના કામને ઉત્તેજન આપ્યું છે. અને ટાઇમને વેસ્ટ ન કરતાં તકલીફો વેઠીને રાહ જોવડાવ્યા વગર કામ કરી આપવા બદલ હું એમનો આભાર માનું છું.

વર્તમાનકાળમાં સામાન્ય વ્યક્તિના કામ માટે સ્વતંત્ર ધંધાવાળા ટાઇમ લેઈ શકનાર ભાગ્યશાળીઓ કામ કરવાની ઇચ્છા બતાવીને કામ કરવાનું કહી ગયા પછી પણ હા કે નાનો જવાબ આપવા આવતાં નથી તેનું કારણ એ છે કે એમને ધ્યાન હોતું નથી કે ધર્મના કામ માટે કોઈને રાહ જોવડાવીયે એ તો દોષને માટે થશે. એમને કામ સાથે સબંધ હોતો નથી, પોતાની નામના પુરતો સંબંધ હોય છે. આ પણ કાળનો પ્રભાવ છે. નહિ તો નાનું કામ હોય કે મોટું કામ, સામાન્ય વ્યક્તિનું કામ હોય કે શ્રીમંતોનું કામ પણ હાથમાં લીધેલા (કહેલા) કામ બદલ રાહ જોવડાવ્યા વગર ટાઇમ

ઉપર ખુલાસો કરી દેવો જોઈએ તેમ ધર્મના કામમાં તેા કરણ, કરાવણ અને અનુમોદન સરખું ફળ કહ્યું છે. એટલે લીધેલું કામ પુરૂં કરીને મુક્ત થઈ જવું જોઇએ. આ પુસ્તક માટે પૂ સાધુ ભગવંત મુનિશ્રી સૂર્યયશચંદ્રજી મહારાજ સાહેબે મારી વિનંતિ સ્વીકારીને (મનના ખોટા ભાવ ખાધા વગર) ખોટો ટાઇમ વેસ્ટ ન કરતાં પોતાના શિષ્ય મુનિશ્રી પદ્મયશચંદ્રજી પાસેથી આશીષ (પ્રસ્તાવના) લખાવીને મને મોકલી આપી આ પુસ્તકની શોભા વધારી તે બદલ હું તેમનો ઋણી છે.

હર્ષોદ્‌ગારે વાંચકોને વિદિત થાય કે આ પુસ્તકના પ્રકાશક યશભાગી ભાગ્યશાળી ધર્માનુરાગી શ્રી હંસરાજભાઈ ગેલાભાઈ કે જેમની ત્રણ બાલ-બ્રહ્મચારિણી સુપુત્રીઓએ સંસારનો ત્યાગ કરી ચારિત્ર માર્ગે પ્રયાણ આદરેલ છે. પ્રકાશક તરીકે આ પુસ્તકમાં ફોટો આપવા મેં કહ્યું તો તેઓશ્રી લોકકીર્તિથી પર રહેવા મના કરીને ધર્મરૂપ એક પુસ્તકની શોભામાં અભિવૃદ્ધિ કરી છે તે બદલ ધન્યવાદને પાત્ર છે. એવા પવિત્ર ધર્માત્માને હું તેમનો આભાર માનવા સાથે અભિનંદન આપું છું.

ગયા વરસે મારા પ્રસિદ્ધ થયેલા " પ્રથમ દર્શને સાચો જૈનધર્મ " પુસ્તકના પ્રકાશકનો યશ લેનાર ધર્માનુરાગી શ્રી લખમશી ખીમજી સાવલાનો પણ આભાર માનું છું.

આ પુસ્તકનું વાંચન સદ્‌બોધને પ્રેરણા કરે તેવું છે એટલે આ પુસ્તકને ફરી ફરી વાંચવા વિનંતિ.

પ્રશ્ન : તો જૈનોમાં શક્તિ સંપન્નવાળા આવા પુસ્તકોની આગળથી નકલો નોંધાવીને વાંચકોને પ્રભાવના કેમ કરતા નથી ?

ઉત્તર : કારણ આવા પુસ્તકનું વાંચન સંસારના સુખને (ધન-દોલત વિગેરે વિગેરે) બતાવતું નથી અને આપતું નથી એટલે કેટલાક જૈનોને આમાં રસ ન હોય એ બનવા જોગ છે.

પ્રશ્ન : જૈનોમાં પણ ઇતર ધર્મના દેવને (જેવા કે જક્ષ-યક્ષ-રામદેવપીર અને અંબાજી વગેરે વગેરે) આરાધે છે, સ્મરે છે અને એમના ઉપર શ્રદ્ધા રાખે છે એનું કારણ તો કાંઇક હશે ને ?

ઉત્તર : કારણમાં એ દેવો સંસારનું સુખ (ધન-દોલત વગેરે વગેરે) બતાવે છે. અને આપે છે એમ સમજનારા જૈનો એમના ઉપર શ્રદ્ધા રાખતા હશે. અને આરાધતા હશે એ બનવા જોગ છે. મૂળ તો પોતાના ભાગ્યમાં આરાધેલ હોય તે મલે છે. ભાગ્ય વગર કોઈ પણ આપી શકતું નથી. પણ (કાગનું બેસવું અને ડાળનું પડવું) કુદરતે કોઈને લાભ થઈ જાય તો એ બીજાને કહે, બીજાના જાણવામાં આવે એટલે અનેકો પણ એમાં લલચાય. એના સિવાય બીજું કોઈ જ કારણ સમજાતું નથી. આપણા જિનેશ્વર

ભગવાન એવા સુખો આપતા નથી અને બતાવતા પણ નથી. એ તો અખંડ અવ્યાબાધ સુખને બતાવે છે. એ સુખને પામવા પુરૂષાર્થ તો આપણને જ કરવાનો હોય છે. એટલે જ આપણી ગાડી જો ઊંધા પાટે ચડી ગઈ હોય તો (આપણે એટલે જૈન કુળમાં જન્મેલા એમાં હું પણ આવી જાઉં છું) તેને સીધે પાટે લેવા આવા વાંચનોની જરૂર છે.

આ લાંબા નિવેદનમાં મારા અંતરના ભાવ (વિચારો) રજુ કરી દીધાં છે તેમાં કોઈને મન દુઃખ થાય તેવું કાંઇ લખ્યું નથી છતાં વાંચકો પાસેથી ક્ષમા માગી લઉં છું. આશાતનાથી બચવા આ પુસ્તકને ગમે ત્યાં નાખી ન દેતાં વાંચો અને વંચાવો નો લાભ લેવા ચુકશો નહિ. એજ ભાવના સાથે નિવેદન પુરૂ કરૂં છું. ૐ શાન્તિ. ૐ શાન્તિ. ૐ શાન્તિઃ

सर्व मंगल मांगल्यम्, सर्व कल्याण कारणम्;
प्रधानं सर्व धर्माणाम्, जैनम् जयति शासनम्.

ॐ श्री परमात्मने नमः

આમુખ

नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटीशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥

અર્થ:—નિકાચિત બાંધેલા શુભ કે અશુભ કર્મ સેંકડો વરસો બાદ પણ ઉદયમાં આવે છતે અવશ્ય ભોગવવા પડે છે. આવો અટલ સિદ્ધાંત જૈન શાસનનો છે.

શ્રી વીતરાગ પરમાત્માના ધર્મના પ્રભાવ આગળ અશુભ કર્મો બિચારા કયાં સુધી ટકવાના હતા? અનાયાસે તેમને હારીને વિદાય થવું પડયું.

આ જાણવા માટે શ્રીપાળ અને મયણાનું ચરિત્ર વાંચો!

આ તો સંસાર!

મનોરથોની ઇમારતને તુટી પડતાં શી વાર? કર્મનો એક ટાઇમ-બોમ્બ ફાટે એટલે આખી ઇમારત ભંગાર. માટે તો જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે,

"મારા તારાની ઠગારા સંસારની
કોઈ ન કરશો પ્યાર"

કર્મ અને ધર્મના મર્મ સમજાઈ જાય તો મયણાની જેમ દુઃખ આવે તો પણ પોતાના પૂર્વકૃત કર્મોનો દોષ જુએ. મયણાસુંદરી કહે છે કે, હે પ્રાણેશ્વર! શીલવતી કન્યા એક ભવમાં બે પતિ કરે જ નહીં.

મયણાસુંદરીના પિતા પ્રજાપાલ રાજાએ અહં પોષવા ખાતર મયણાસુંદરીને કોઢિયા સાથે પરણાવી હતી. શ્રીપાલને પૂર્વકૃત કર્મના કારણે કોઢ રોગ થયો હતો પણ ધર્મની શુદ્ધ ભાવ પૂર્વક આરાધનાથી કર્મ હટાવીને નવું જીવન પામ્યા હતા ત્યારે તેમના હૃદયમાં તારે તારમાં શ્રી જિન શાસનના જય જયકારનો જબ્બર ઝંકાર પેદા થયો હતો. તેને મનમાં થયું કે. 'કેવું અલબેલું આ જૈન શાસન છે. મારા જેવા રોગીષ્ઠ કોઢીએ પણ અનન્ય ભાવે એનું શરણું સ્વીકાર્યું તો એણે તો મારા તન-મનને જ નહીં કિંતુ આત્માને ય ઉજળો બનાવી દીધો. જગતના સર્વ જીવો આ શાસન પામે અને સઘળાં ભવ દુઃખ વામે એવું દિવ્ય વાતાવરણ પેદા કરવા માટે હું દિન-રાત ધર્મારાધનામય જીવન દ્વારા પ્રયત્ન કરતો રહીશ.

ઉત્તમ જીવનની લગભગ બધી આશા હારી ચુકેલા મને જે શાસનના મુનિરાજે ધર્મની આરાધનાનો માર્ગ બતાવીને તે જ માર્ગ પર ચાલવાની પ્રેરણા આપીને મારા પડતા જીવનને બચાવી લીધું, એ શું આ શાસનની ઓછી કમાલ છે?

આવું તારક શાસન વિદ્યમાન હોવા છતાં કર્મનાં રોદણાં રોવા તે તો કાયરતાનું એક લક્ષણ લાગે છે. હું તો હવેથી મારા જીવનની પ્રત્યેક ક્ષણને સ્વ-પર કલ્યાણ માટે જ સદુપયોગ કરતો રહીશ કે જેથી આ શાસનના અસીમ ઉપકારોનું યત્કિંચિત્ ઋણ પણ અદા કરી શકું.

"સ્વધર્મને મરજીઆત ન બનાવો પણ ફરજીઆત બનાવો."

વર્તમાનકાળે ભલે નિમિત્તજ્ઞ જ્ઞાનીઓ નથી પણ જૈન શાસન તો એજનું એજ છે. જૈન શાસનના શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા મુજબનું નાનું પણ અનુષ્ઠાન સંપૂર્ણ શ્રદ્ધા તેમજ સો ટચના શુદ્ધ ભાવ સાથે કરવામાં આવે તો શાસ્ત્રમાં વર્ણવ્યા મુજબના લાભ જરૂર પામીએ.

શ્રી જિનભક્તિમય તપ-જપનો પ્રભાવ ત્રણે કાળમાં એનો પ્રભાવ ફેલાવે જ છે.

શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા વિરુદ્ધના જીવનમાં સુખ શાંતિનો થતો કહેવાતો અનુભવ જડતા અને અજ્ઞાનનો દ્યોતક છે. સાત્વિક જીવનની પ્રત્યેક પળને પ્રભુની ભક્તિ વડે સાર્થક કરીને દેવદુર્લભ પ્રાપ્ત થયેલા માનવભવને સફળ કરવા જ્ઞાની ભગવંતોનો આદેશ છે.

આપણા જૈન શાસનમાં તપનું પણ ઘણું મહત્વ છે; 'तपसा सिद्धिः' અન્ય દર્શનમાં પણ મનુસ્મૃતિમાં કહ્યું છે કે 'જે દુસ્તર છે, દુષ્પ્રાપ્ય છે, દુર્ગમ છે તે બધું તપ દ્વારા સિદ્ધ કરી શકાય છે, તપની આગળ કોઈ ચીજ કઠીન નથી. તપથી અનેક સિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

જૈન શાસનને પામેલા આત્માએ તો (શક્તિ અનુસાર) શક્તિને ગોપવ્યા વિના જે બની શકે તે જાતનું તપ કરવું જોઈએ.

સાચા જૈન બનવા માટે આટલું જરૂર કરવું જોઇએ.

(૧) નવકારશીનું પચ્ચખ્ખાણ અને રાત્રિ ભોજનનો ત્યાગ.

(૨) કંદમૂળ અને અભક્ષ્યનો ત્યાગ.

શ્રી જિન શાસનના અનુરાગી શ્રીયુત્ કાનજીભાઈ સતીયાએ શાસ્ત્રવાંચન અને શાસ્ત્રશ્રવણનું મનન કરી જીવનમાં પરિણમન કર્યું છે. જેથી ગૃહસ્થાવાસમાં પણ ધર્મમય જીવન જીવી જાણે છે.

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી કાનજીભાઇએ શાસ્ત્રશ્રવણ અને વાંચનનો નીચોડ પીરસ્યો છે. વિવિધ-વિષયોનું સદ્‌વાંચન (સદ્‌બોધ) પ્રત્યેક વાંચકને સદ્‌બોધ-સાચી શિક્ષા આપે તેવું છે. મને તેઓશ્રીએ પ્રસ્તુત પુસ્તકના પ્રેસ મેટરનું સંશોધન કરવાની તક આપી તેથી મને વાનગી ચાખવાની તક મળી. અને આમુખ લખવાનુ પણ મારે શિરે તેઓશ્રી-એ ઢોળ્યું તેથી અભિપ્રાય રૂપે બે શબ્દ લખવાનો ચાન્સ મળ્યો છે તે બધી તકો મને મળવા માટે શ્રીયુત્ કાનજી-ભાઇ સતીયા આભારી છે.

મુમુક્ષુ ભવિ આત્માને, સમ્યગ્ દૃષ્ટિ આત્માને વાંચનથી જૈન ધર્મના સિદ્ધાંતનો દૃષ્ટાંત સાથે બોધ થશે અને મનુષ્ય ભવની સાર્થકતા કરી લેવાની તાલાવેગી જાગશે અને પછી ગુરૂ ભગવંતો પાસે જઈ ધર્મ પામી જીવન સાર્થક કરશે. એવી અભિલાષા.

। શિવમસ્તુ ।

મિતિ	એજ લી.
સં. ૨૦૩૬	**શાસ્ત્રી પ્રેમચંદ જગશી બોઆ**
માગશર સુદ ૧૪	નાની તુંબડીવાલા
રવિવાર.	

- જૈનમ્ જયતિ શાસનમ્ :

હર્ષ સાથે જણાવવાનું કે સંવત ૨૦૩૬ની ચૈત્ર માસની આયંબિલની ઓળી નિમિત્તે રાજસ્થાન કેસરી પ. પૂ. ઉપાધ્યાય મ. શ્રી મનોહરવિજયજી શ્રી કાંદિવલી (વેસ્ટ) ભુલાભાઇ દેસાઇ રોડ દેરાસરમાં સંઘની વિનંતિથી પધાર્યા હતાં. તેમની નિશ્રામાં મારા પૂ. માતા-પિતાની પુણ્ય સ્મૃતિ નિમિત્તે સંકલ્પ કરેલ શુભ ધાર્મિકકાર્ય પંચાન્હિકા મહોત્સવ સાથે શ્રી સિદ્ધચક્રપૂજન ચૈત્ર સુદ ૧૪ ને રવિવારે તા. ૩૦-૩-૮૦ના શુભ દિવસે પરમકૃપાળુ પરમાત્માની અસીમકૃપાથી બહુજ સુંદર રીતે ભણાઇ ગયું તે બદલ દેવ-ગુરૂ-ધર્મનો મહાન્ ઉપકાર માનું છું.

રાજસ્થાન કેસરી હાલ આચાર્ય વિજય મનોહરસૂરીશ્વરજી મ. સા. (વૈશાખ સુદ ૧૩ને સોમવાર તા. ૨૮-૪-૮૦ ના પૂના મધ્યે આચાર્ય પદને ધારણ કર્યું) મારી વિનંતિને માન આપીને મારા સંપાદન કરેલ પુસ્તક "સદ્બોધ યાને ધર્મનું સ્વરૂપ" માટે નિવેદન લખીને મોકલ્યું તે બદલ હું તેમનો મહાન્ ઉપકાર માનું છું. અને તેમનો ઋણી છું.

ઉપરાંત અમારા ગામશ્રી કચ્છ તુંબડી મુંબઈ મહાજનશ્રીએ પુસ્તકના ટાઇટલ છેલ્લા પાને લખવા માટેનું વાંચન મોકલ્યું તે વાંચતા શ્રી જિનેશ્વર ભગવંતનું શાસન જયવંતુ વર્તે છે એ સચોટ પુરવાર કરી આપ્યું છે. તે બદલ હું તેમનો પણ આભાર માનું છું.

આથી આગળના પાનામાં મારા લાંબા લાંબા નિવેદનમાં મારા મનના વિચારો રજુ કરી દીધાં છે. કંટાળ્યા વગર વાંચી લેવા વિનંતિ.

લી. કાનજી શામજી સતીયા

॥ ॐ ह्रीँ अर्हँ नमः ॥ ॐ नमः सिद्धम् ॥
आ शैशव शील शालिभ्यां श्रीमद् विजय
नेमि-लावण्य सूरीश्वराभ्यां नमः ॥

= यत्किंचित् =

આજે સમસ્ત વિશ્વ અશાંતિ, અસંતોષ, અતૃપ્તિ, હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ, પરિગ્રહ, ઇત્યાદિની કરોળીયાની જાળમાં એવું ફસાયું છે કે :-એને પોતાને જ સમજ નથી પડતી કે શું કરવું ? કયાં જવું ? કઈ રીતે બચવું ?

જાણે, અજાણે ગતિ-પ્રગતિના નામે દુર્ભાગ્યે દુર્ગતિનો માર્ગ કંડારાઇ રહ્યો છે. માનવ આંખ બંધ કરીને આંધળી દોટ મૂકી રહ્યો છે

શિષ્ટતા, સભ્યતા, આધુનિકતાના નામે મદ્ય, માંસ, ઈંડા ઇત્યાદિ જીવલેણ સંસ્કારનાશક અખાદ્યોનો વપરાશ કુદકે ને ભૂસકે વધી રહ્યો છે ! તામસિકતાનો વિસ્તાર વધી રહ્યો છે. સાત્ત્વિકતા દવલી બની છે. માનવતા બેડાલ બનીને પોક મૂકીને રડી રહી છે. અંધકાર ગાઢ-અતિગાઢ બની રહ્યો છે. લૂંટ-ફાટ, અનીતિ-અત્યાચાર-ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર બની આર્ય-સંસ્કૃતિની ગંભીર ઠેકડી ઉડાડી રહ્યો છે.

આ આર્યદેશ માટે જે સદાચાર માનવજીવનમાં તાણાવાણાની જેમ સહજ વણાઈ ગયેા હતેા. આજે તે

ઉદાહરણ જેવો ક્વચિત્ દેખા દે છે. માનવજાત જાણે મરવાના વાંકે જીવી રહી છે. દુઃખદ આશ્ચર્યજનક તથ્ય એ છે કે :–માનવજાત પોતાના રક્ષણ માટે બીજાને રહેંસી નાખવાના પ્રયોગમાં ખતરનાક સીમા ઓળંગી ચૂકી છે.

પોતાના ભોગે પણ બીજાને બચાવવાની આર્યસંસ્કૃતિની અમૂલ્ય પરંપરા જાણે લોપ પામવાની અણી પર છે. જીવોના જીવન માટે ફના થવાની તમન્નાને ઘૂણો લાગ્યો છે. અલબત્ નાશ થયો નથી આંશિક પણ શ્વાસ ધબકી રહ્યો છે. એ પણ એક શુભ માટેની ક્ષીણ આશા છે.

વિશ્વને જીવન જીવવાની કળા શિખવવાની વારસાગત અધિકાર ધરાવતું વિશ્વગુરૂ ભારત આજે વિશ્વના ભારણે ઘ્યામણા ચહેરે મોઢું વકાસી ને ઉભું છે. કારણ ?

સંસ્કૃતિના સંસ્કારો ભૂલાઈ ગયા છે. પરંપરાના પમરાટ દુર્ગંધની પ્રતોનો ખડકલો ખડકાયો છે. વિરાટ ચેાગ્યતાને વામણી બનાવી દીધી છે.

ભારતના ભવ્ય આદર્શ અને સાચા ઇતિહાસને બદલવાનો ખેલ ખેલાઈ ચૂક્યો છે. ભારતની આંખે ઉંધા ચશ્મા ચઢાવી દેવાયા છે.

સ્વત્વના તેજ હણાઈ રહ્યા છે. દશે દિશાઓ ધૂંધળી થઇ ગઈ છે. પ્રકાશ અવરાઇ ગયો છે.

માનવજાત જાણે પ્રાણ વિહિન યંત્ર સમી બની છે. આ બધી સ્થિતિ ઉકેલ માગી રહી છે.

માનવ પ્રાણો સત્ત્વના સ્પંદન માટે તલસી રહ્યા છે. સમસ્ત જીવરાશી કોઇક ઉદ્ધારક ભણી મીટ માંડી રહી છે. આશા-નિરાશા વચ્ચે ઝોલા ખાઇ રહી છે. કારણ કે સમગ્ર સંસારના પ્રત્યેક જીવને અધિકમાં અધિક પ્રિય વસ્તુ હોય તો તે પોતાના જ પ્રાણ જ છે. વર્તમાન સ્થિતિમાં પ્રાણને બચાવવા જીવો વધુ ને વધુ પ્રયત્ન કરી રહ્યા છે. સાર એ છે કે :-કોઇપણ ભોગે સ્વરક્ષા કરવી. પ્રાણરક્ષાના પ્રયત્નો સફળ થઇ શકે તેમ પણ છે.

જીવોએ માત્ર પોતાના પ્રયત્ન પાછળની મનોવૃત્તિ બદલીને અહિંસા મૂલક ધર્મની વૃત્તિ કેળવી તે મુજબ પ્રવૃત્તિ કરવી જરૂરી છે.

દુર્ગતિ રૂપ ઊંડા કુવામાં પડતા જીવોને ધારવા એ ધર્મનો અર્થ છે. ધર્મના નામે વિશ્વમાં અનંતકાળથી દાવાઓ -પ્રતિદાવાઓ થઈ રહ્યા છે, અને અનંતા અનંત કાળ સુધી એવા દાવા-પ્રતિદાવાઓ થતાં પણ રહેશે. વિશ્વ વત્સલ જ્ઞાનીઓ ફરમાવે છે કે :-દાવા-પ્રતિદાવાઓના વિવાદને એક બાજૂ મૂકીને અહિંસા, સંયમ, તપરૂપ ત્રિવેણી સંગમ જ્યાં હોય ત્યાં ધર્મ માનીને તેનું આચરણ કરવું.

અહિંસા એટલે-પ્રાણીમાત્રની દયા, પ્રાણીમાત્રના પ્રાણની રક્ષા કરવી.

સંયમ એટલે–ઇન્દ્રિય નિરોધ.

અને તપ એટલે–ઇચ્છાઓનો રોધ.

દ્વાવા–પ્રતિદ્વાવાઓના વિવાદમાં ફસાઈને સમય વેડફવા કરતાં અહિંસા-સંયમ–તપ-રૂપ ધર્મના ચરણે સમર્પિત થઈ જીવનને અજવાળવાનો પ્રયત્ન કરવો એ બુદ્ધિમાન્ માટેનું સાચું કર્તવ્ય છે.

પ્રસ્તુત પુસ્તકના સંપાદકે પોતે જે કાંઇ વાંચ્યું, વિચાર્યું, મેળવ્યું તે તથ્યને આ પુસ્તક દ્વારા પ્રગટ કરી રહ્યા છે. આ પુસ્તકની પૂર્વે પણ જૈન ધર્મના પરિચય રૂપે એક પુસ્તક એમણે પ્રગટ કર્યું હતું.

વિશ્વમાં પ્રત્યેક વ્યક્તિ પાસે પોતપોતાના વિચારો હોય છે. અને તે પ્રમાણે પ્રત્યેક વ્યક્તિ કોઇપણ વિચારના પાસાને પોતાના દૃષ્ટિકોણ પ્રમાણે વિચારે છે. એ વિચાર જો સાપેક્ષ ભાવે હોય તો સત્યનો અંશ પણ હોઇ શકે છે.

આ પુસ્તકના સંપાદકે પોતાની રૂચિ પ્રમાણે પોતાની પ્રકૃતિને પ્રેરક બને તેવો સંગ્રહ રજુ કર્યો છે. એમની ભાવના છે કે મારા સંગ્રહનો કોઈ પણ અંશ કોઈ એકાદ જીજ્ઞાસુ કે મુમુક્ષુને કામમાં લાગી જાય તો સંગ્રહ પાછળ લાગેલો મારો સમય સફળ બને.

શિષ્ટ એવા જ્ઞાની પુરૂષોની હંમેશા પ્રેરણા છે કે :- 'शुभे यथाशक्ति यतनीयम्' 'શુભમાં યથાશક્તિ પ્રયત્ન કરવો.'

એ ન્યાય પ્રમાણે આપણે એમના શુભ પ્રયત્નોની અનુમોદના કરીએ કે :–એમણે એમના સંગ્રહમાં જેટલું શ્રદ્ધાપોષક અને મોક્ષમૂલક લખાણ સંગ્રહિત કર્યું હોય તે બરેબર ખૂબ જ અનુમોદીય અને અનુકરણીય છે.

એમના શુભ પ્રયત્નની અનુમોદના કરીને એમને પ્રોત્સાહન આપવા દ્વારા શુભમાં પ્રયત્ન કરતાં સર્વને આપણે પ્રોત્સાહિત કરવા યોગ્ય–ઉચિત કરી રહ્યા છીએ. અને આપણે એ કરવું પણ જોઇએ.

ગત ચૈત્ર માસની શાશ્વતી નવપદજીની ઓળીમાં કાંદિવલી શ્રી જૈન શ્વે. મૂ. પૂ તપગચ્છ શ્રી સંઘની ભાવભીની સાગ્રહ વિનંતિના કારણે ક્ષેત્ર સ્પર્શનાએ આરાધના કરવા–કરાવવાનો સંયોગ મળ્યો હતો. એ અવસરે શ્રી કાનજીભાઈ સતિયાએ પોતાના સ્વર્ગસ્થ માતા–પિતાની પુણ્ય સ્મૃતિ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહ પંચાહ્નિકા મહોત્સવ ઉજવીને પોતાના સ્વ. માતા–પિતાના ઉપકારોનું યત્કિંચિત્ ઋણ અદા કર્યું હતું.

સંસારમાં અનિવાર્યપણે રહેવું પડે ત્યાં સુધી પ્રત્યેક સુયોગ્ય સંતાનની એ ફરજ અને યોગ્યતા છે કે માતા-પિતાના ઉપકારનો બદલો કાંઈક વાળી શકાય એ માટે માતા–પિતા જો ધર્મ–સન્મુખ ન હોય તો એમની સેવા કરવા પૂર્વક એમને જિન ધર્મ સન્મુખ બનાવવા પૂરી તકેદારી રાખવી.

શાસ્ત્રો કહે છે કે "જે માતા-પિતાઓ ધર્મ-સન્મુખ ન હોય એ માતા-પિતાઓને ધર્મ-સન્મુખ બનાવનાર સંતાન પોતાનાં માતા-પિતાઓના ઉપકારનો બદલો વાળી શકે છે."

માતા-પિતાના સ્વર્ગવાસ પછી એમની પુણ્ય સ્મૃતિ નિમિત્તો જિનભક્તિસ્વરૂપ ઉત્સવ-મહોત્સવ દ્વારા એમના સ્વર્ગત આત્માને શાશ્વત શાંતિ સાંપડે એવી ભાવના સદા રાખવી એ કૃતજ્ઞ સંતાનની યોગ્યતા ગણાય.

પ્રસ્તુત પુસ્તકના સંપાદકે આ પુસ્તક પૂર્વેના પુસ્તક અને આ પુસ્તકના લેખન અને મુદ્રણ દ્વારા પોતા માટે ઉપકારી નીવડેલા લખાણો, ઉદાહરણો, અને સંકલનો સંકલિત કરવાનો ઉમદા પ્રયત્ન કર્યો છે. અમારા એમને હાર્દિક આશિર્વાદ છે.

આપણે આશા રાખીશું કે ભવિષ્યમાં પણ આ પુસ્તકના લેખક નવું નવું પામે, તેને વિચારે અને તેમાંથી મેળવેલું ચિંતનનું રહસ્ય જિજ્ઞાસુઓ સામે મુકતા રહે કે જેથી બીજાઓ પણ એ નિમિત્ત કારણને પામીને પોતાનું હિત સાધી શકે.

છેલ્લે છેલ્લે એક અત્યન્ત મહત્વપૂર્ણ વાત તરફ ધ્યાન આપવું બહુ જરૂરી છે. તે એ છે કે :-જિન ધર્મને પામેલો પ્રત્યેક લેખક એક વાત પ્રત્યે પૂર્ણ વફાદાર રહે કે પોતાના લેખનમાં જિનવાણી અને જિનાજ્ઞાની મર્યાદા સચવાય અને

એ પ્રત્યેની ભક્તિ ને આદર વધતા રહે, એ પ્રત્યેની શ્રદ્ધા, દૃઢ-અતિદૃઢ બને-ચોલ મજીઠના રંગ જેવી બને કે જેથી જિનવાણી કથિત જિનાજ્ઞામૂલક જિનભક્તિદ્વારા અજર-અમર-અચલ પદ પામવા માટે મુક્તિના શિખરો સર કરવા સફળ બની શકીયે.

વીર સંવત ૨૫૦૬
વિક્રમ સંવત ૨૦૩૬
નેમિ સંવત ૩૧
વૈશાખ સુદ ૧૫ બુધવાર
દિનાંક ૩-૫-૧૯૮૦

આચાર્ય
વિજય મનોહરસૂરિ.
સંઘ મંદિર-ગુરૂવાર પેઠ
પૂના-૪૧૧ ૦૦૨

* વાંચકોને નમ્ર વિનંતિ *

હું આ પુસ્તક-વાંચકો પાસેથી ક્ષમા માંગી લઉં છું કે, આ પુસ્તકમાં કયાંક-કયાંક દૃષ્ટાંતો ટુંકમાં હશે. કારણ કે, ચરિત્ર પુરૂં લખાય અને દૃષ્ટાંતો સમજવા પુરતા હોય છે. તેમજ વિવિધ વિષયો કયાંક વિસ્તારથી અને કયાંક ટુંકમાં આલેખાયેલા છે, આનું કારણ એ છે કે, આ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવા પહેલા હું તો મારી રીતે સ્ફુરણામાં આવતા વિચારોને નવરાશના વખતે કાગળમાં ટાંકી લેતો હતો. પછી જ્યારે આ પુસ્તક રૂપે પ્રગટ કરવાની ઇચ્છા થઈ ત્યારે તે નોંધોને પુસ્તકમાં ગોઠવી છે તેથી હે વાંચકો! આપને વિષય ભેદ લાગતો હોય તો પણ સદ્‌બોધનું વાંચન અને સારા વિચારોનો ઉદ્‌ભવ સ્થાન સમજી સદ્‌જ્ઞાન અને સત્યારિત્રની પ્રેરણા લઈ જીવન શુદ્ધિ અપનાવશો તો પણ મારા પુરૂષાર્થને સાર્થક ગણીશ.

આ પુસ્તકમાં મેં મારા અંતરના ભાવ આંક્યા છે, તેમાં પણ જિનાજ્ઞા (શાસ્ત્ર) વિરુદ્ધ ન લખાય તેનો બહુ જ ઉપયોગ રાખ્યો છે. આધુનિક વાંચકોને કદાચ પૂર્ણ રસ પેદા નહીં થાય કારણ કે હું લેખકનો દાવો કરતો નથી. મેં તો વાંચન અને અનુભવમાંથી તેમજ સાંભળવાથી પ્રાપ્ત સદ્‌બોધ સંપાદન કરી પુસ્તક રૂપે બદ્ધ કર્યો છે.

વાંચકોને ફરી વિનંતિ છે કે આ પુસ્તકને ધ્યાન પૂર્વક વાંચી તેમાંથી જે કાંઈ સદ્‌બોધ ને પ્રેરણાદાયક ગ્રાહ્ય તત્ત્વ દેખાય તે ગ્રહણ કરે. એજ શુભેચ્છા.

શિવમસ્તુ સર્વજગતઃ ।

લી. સંપાદક

"સદ્બોધ યાને ધર્મનું સ્વરૂપ"

શુદ્ધિ પત્રક

પેજ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૪	૧૧	કામની	કિંમતી
૩૯	૮	સાધના	સાધુના
૫૦	૧૮	પત્નીએ	પત્નીને
૫૮	૯	ઉમડવા	ઉમટવા
૬૫	૧૫	પાડો	પાડે
૬૬	૫	કમકથાનું	કર્મકથાનું
૧૪૮	૧	ઉદ્દાય	ઉદ્દાયન
૧૪૯	૧૩	કરતી	કરતા
૧૫૫	૨૦	પલન	પાલન
૧૫૮	૧૯	દુશ્મનગીરી	દુશ્મનો
૧૭૪	૧૪	શોકના	શોકના
૨૯૧	૩	માયા	મારા
૨૯૨	૭	દેવ	દેવે
૩૨૫	૫	બે ભાઈઓ વચ્ચેનું	એ બે વચ્ચેનું
૩૬૦	૪	જતાં	છતાં
૩૮૨	૬	આવ્યો હતો	આપ્યો હતો
૩૮૨	૨૨	શરીર જેવાદલું	શરીર જેટલું યાદ
૩૮૯	૭	કરનાર	કરાવનાર
૪૩૯	૩	પ્રભુ નહિ	પ્રભુ ભક્તિ નહિ

"ૐ હ્રીં અર્હં નમ:"

"ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ:"

"સર્વ લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામિને નમ:"

"સદ્‌બોધ યાને ધર્મનું સ્વરૂપ"

[ખંડ : ૧ લો]

શાસનપતિ શ્રી વીરના, ચરણે કરી પ્રણામ:
સર્વ જિનેશ્વર દેવના, હૃદય ધરી શુભ નામ.
કેવલધર ને ગણધરા, સૂરિ વાચક મુનિરાજ:
નમસ્કાર સહુને કરી, આદરશું શુભ કાજ.

આ પૃથ્વી ઉપર ધર્મના શાસક મહાપુરુષો ઘણા થયા છે. ધર્મ સમજાવનાર પુસ્તકો પણ ઘણા જ દેખાય છે. આ સૂક્ષ્મ બુદ્ધિથી–મનન–ચિંતન થાય તો જરૂર તટસ્થ બુદ્ધિ ઉત્પન્ન થાય. જો તટસ્થ બુદ્ધિ ઉત્પન્ન થાય તો સારાસારનું જ્ઞાન પણ થાય જેથી સાચા ધર્મને સમજવાનું મન થાય.

માનવ ભવમાં ત્રણ વસ્તુ મોટી. (૧) જીવન ચર્યા, (૨) મનનું ઘડતર અને (૩) સમજ ક્ષેત્ર. એ સારાય હોય અને ખરાબ પણ બને, (જેવો ગત ભવનો ઉદય કાળ.)

દુનિયામાં પાણીની જરૂરીયાત જીવન માટે અધિક મનાય છે. કિન્તુ તેથીય અધિક આવશ્યકતા વાણીની છે. પાણી દ્રવ્ય

જીવન ટકાવનાર છે, જ્યારે વીરવાણી અધ્યાત્મજીવન સંરક્ષનાર છે. અધ્યાત્મ જીવન સર્વશ્રેષ્ઠ જીવન છે.

મનુષ્ય ભવ આત્માને સુંદર બનાવવા માટે છે. સંસારના સુખને સુંદર બનાવવા માટે નથી, કારણ કે આપણો આત્મા અનાદિકાળથી અનંતા ભવભ્રમણ કરતો સંસારમાં રખડ્યા કરે છે. સંસારમાં મુસાફરખાનાના આપણે પ્રવાસી છીએ, રહેવાસી નહિ ! જન્મ તેનું મૃત્યું તો નક્કી જ છે. સંસાર એટલે એક ગતિમાંથી બીજી ગતિમાં ભ્રમણ કરવું પડે એવું સ્થાન ! જીવને ભ્રમણ કરાવનાર કર્મ છે, તેમ કર્મથી મુકત બનાવનાર ધર્મ પણ છે.

શ્રેષ્ઠ છે : સર્વ ધર્મોમાં જૈનધર્મ, સર્વ કથાઓમાં ધર્મકથા, સર્વ કળાઓમાં ધર્મકળા, સર્વ બળમાં આત્મબળ, સર્વ સુખોમાં મુકિતસુખ શ્રેષ્ઠ છે.

જ્યારથી સમજાય ત્યારથી બચાય તેટલું (પાપથી) બચવું અને થાય તે (ધર્મ) કરી લેવો એજ મનુષ્ય ભવનો સાર છે. કર્મબંધથી અટકવું તેના જેવો મોટો કોઇ ધર્મ નથી. કુદરત (કર્મરાજા) પાસે કરામત અને તકદીર પાસે તદ્‌બીર ચાલતાં નથી.

ભાગ્ય બે પગલા આગળ જ ચાલે છે :

ભાગ્ય કહો કે નસીબ કહો એક જ વાત છે. (૧) પુણ્યશાળીને ડગલે પગલે રિદ્ધિ-સિદ્ધિ સુખ-સાહ્યબી, સંપત્તિ મલ્યા જ કરે છે. (તે તેના ગતભવના પુણ્યની કમાણી છે.)

(૨) પાપીને ડગલે પગલે આપદા, આફત, દુઃખ, વ્યાધિ આવ્યા કરે છે (તે તેના ગતભવના પાપનું ફળ છે)

આ બંનેનું ઘડતર કરનાર પોતે છે કે નહિ? પણ આ વિજ્ઞાનના જમાનામાં આધુનિક શિક્ષણવાળાઓને આ વાત ગમે નહિ. એ તો ગમે તેમ કરીને ગમે તે રીતે પણ પૈસા કમાવી લેવાની મહેનત કરે છે. તેમાં પાપાનુબંધી પુણ્યના ઉદયકાળમાં પૈસા મળી પણ જાય, પણ એ પાપાનુબંધી પુણ્યની લક્ષ્મી પાપ જ કરાવે, એનાથી બચનાર થોડા.

લક્ષ્મી માનવીના પુણ્યને આધીન છે. લક્ષ્મી મેળવવા માટે માણસ તનતોડ મહેનત કરે છે. ગમે તેટલા પુરૂષાર્થ કરે પણ જોઈએ તેટલું ફળ કેટલાકને મલતુ નથી તેનું કારણ તેનું પુણ્ય નબળું અને કોઇ પુણ્યશાળી અલ્પ મહેનત કરે અને ઘણું મેળવી લે છે.

દુઃખ એ તો થયેલ ભૂલોની શિક્ષા છે. (સદ્ગ્રંથોનું) સારા ધર્મપુસ્તકનું વાંચન કલ્યાણ મિત્રની ગરજ સારે છે. હમણાં આધુનિક વર્ગને નિત્ય નવું, અવનવું, કથા સાહિત્ય વાંચવું ખૂબ ગમે છે. પછી તે ગમે તેવું હોય અને ગમે તેનું લખેલું હોય. આજે વાંચનની ભૂખ જાગી છે. અત્યંત જાગી છે. આજે છાશવારે ને છાશવારે એવું વિકૃત અને અશ્લિલ સાહિત્ય બહાર પડે છે. તે મનને ઉન્મત્ત બનાવીને જીવનને બરબાદ કરી નાખે છે. વાતાવરણની અસર માનવી ઉપર વિશેષ પડે છે, આપણે થિયેટરમાં સિનેમા જોતા હશું ત્યારે આપણને જે વિચાર આવશે અને ધર્મસ્થાનકમાં હશું ત્યારે જે વિચારો આવશે તેમાં ગધેડા–ઘોડા જેટલો તફાવત હશે.

આત્મા (જીવ) સાચા ધર્મનું શિક્ષણ પામેલ ન હોય તો તેને પાપનો ડર બહુ ઓછો રહે છે. એથી ખોટું સાચું કરીને કમાણી કરવા ગભરાટ થતો નથી. પૂર્વકાળમાં ધર્મ વેચીને ધન કમાવવાની કાળી બુદ્ધિ કાળું કલંક ગણાતી હતી. ઘણી માયાથી અને દુરાચારીથી દૂર રહેવું અને ગરીબાઈથી પ્રમાણિક રહેવું એ વધારે ઉત્તમ છે. એ તો પોતે પોતાને સમજવા જેવું છે.

કર્મ તો જેવા જે કરશે તે પોતાને ભોગવવા પડશે એમાં બીજાને લાભ-નુકશાન થવાનું નથી. દુરાચારીનું જન્મ સ્થાન ફેશન અને ફિલ્મો છે. ફિલ્મોના ગાંડપણને લીધે લોકો શારીરિક, માનસિક અને આર્થિક નુકશાન કરે છે કે નહિ? ફેશનેબલ પાછળ ઘસડાઈને જે યુવાનો અધોગતિના પંથે જઈ રહ્યા છે. એમને કોણ સમજાવે કે દેહ ફેશનેબલ આભૂષણોથી નહિ પણ ઉજ્જ્વળ ચારિત્રથી જ દીપે છે.

લોકો વૈભવશાળી જીવનને ઉચ્ચ જીવન ગણે છે. પણ પુણીયો શ્રાવક કયાં વૈભવશાળી હતો છતાં સદ્‌ગતિએ ગયો! અને મમ્મણ શેઠ કયાં કસાઈના કામો કરતાં હતાં છતાં નરકે ગયાં! કારણ ધનની મમત પાછળ ઘોર કર્મ ઊભાં કર્યા. એનો ભાવિ વિપાક કેવો? સાતમી નરકનાં દુઃખ! આ વાતો જીવની યોગ્યતા હોય તો તેને પ્રિય લાગે. અને જીવની યોગ્યતા ન હોય તો ભગવાન પણ એ જીવ પર કાંઈ ઉપકાર કરી શકે નહિ. જેમ ગૌશાલા ઉપર ભગવાનનો ઉપકાર ન ફલ્યો. (તેમાં ભગવાનનો શો દોષ?) આ તો કર્મનો પ્રભાવ છે.

જબ તક તેરે પુણ્યકા, પહુંચા નહિ કરાર:
તબ તક સબ કુછ માફ હૈ, ગુના કરો હજાર.

જ્યાં સુધી (પૂર્વ) ગત ભવોમાં કરેલા પુણ્યની પુંજી છે ત્યાં સુધી બધા ગુના માફ થશે. પણ એ પુણ્યની પુંજી ખવાઈ ગયા પછી કરેલા બધા ગુનાઓનો હિસાબ તો આપવો પડશે. આ વાત સમજાઈ જાય તો ધર્મ ઉપર પ્રેમ જાગે.

ધર્મ કરવો તે પુરૂષાર્થને આધિન છે. સમજણની જે વય પછી અરા શિક્ષણ અને સંસ્કારનો પ્રારંભ થાય તે શિક્ષણ અને સંસ્કારની ઇમારત બંધાય તે જીવન ક્ષેત્રમાં ઉપયોગી થાય. પૈસા ઘર સુધી સાથે રહેશે, કુટુંબીઓ સ્મશાન સુધી અને ધર્મ પરભવમાં પણ તમારી સાથે આવશે. જે પરભવમાં સાથે આવે તેની અરી મિત્રતા રાખો. બધું જ છોડીને ચાલ્યા જવાનું છે. કશું જ સાથે આવવાનું નથી. સાથે તો પુણ્ય ને પાપ આવશે, જીવન ઘડતર પાયો મજબૂત હોય તો ઇમારત પણ મજબૂત થાય તેમ ધાર્મિક જીવનના પાયામાં નીતિ–ન્યાય જેવા ગુણો હોય તો વ્રત પચ્ચક્ખાણની ઇમારત પણ ખૂબ મજબૂત થાય છે.

મનુષ્ય ભલે વ્રત પચ્ચક્ખાણ કરતાં હોય, ધાર્મિક ક્રિયાઓ કરતાં હોય પણ જો તેમનામાં નીતિ–ન્યાય વગેરે માર્ગાનુસારી ગુણો ન હોય તો ધર્મની હેલના થાય છે. પ્રભાવના થતી નથી. ગૃહસ્થો વ્યાપાર વાણિજ્યના ક્ષેત્રમાં પ્રમાણિકતાથી વર્તતા હોય તો ધર્મશાસન અને ધર્મક્રિયાઓની પ્રભૂતા વધે છે. અને જૈનધર્મની પણ લોક હૃદયમાં

ભુરી-ભુરી અનુમોદના થાય છે, એવો પણ કાળ હતો જે કાળે અનીતિની કમાણી વેપારીને માટે કાળું કલંક કહેવાતી.

આજે ભણતર ખૂબ વધ્યું છે. પણ સાથે જીવનનું ઘડતર (સુસંસ્કાર) રહ્યું નથી. શિક્ષણ આપવાની સાથે વિનય, વિવેક જેવા ગુણો (સંસ્કાર) જો રેડવામાં આવે તોજ જીવનનું ઘડતર થઇ શકે. આજે કેટલાક વડિલોની સેવા ન કરતાં એમને તગડી મૂકે છે. સાચો ધર્મ જૈન દેવ-ગુરુ-ધર્મ અને ચોથા માતાપિતા પ્રતિ પણ તેમને આસ્થા નથી. તેનું કારણ એજ છે કે તેમને ઘરગુથ્થીમાંથી ધર્મના જે સંસ્કાર મલવા જોઈએ તે મલ્યાં નથી.

પૂર્વકાળમાં રાજા-મહારાજાઓ પોતાના સંતાનને ગથી કળા શીખવતા તેમાં ધર્મકળા પહેલી શીખવતા. પોતાના સંતાન માટે એમને એ ચિંતા હતી કે મારો સંતાન મનુષ્ય ભવ પામીને ધર્મ વગરનો ન રહી જાય અને દુર્ગતિએ ન જાય એની કાળજી રહેતી હતી.

સંસ્કારનું સિંચન : જીવનની સાર્થકતા કે નિરર્થકતાનો આધાર બાળકને નાનપણથી કેવા પ્રકારનું શિક્ષણ **મળે છે તેના ઉપર છે.**

બાળકનું શિક્ષણ સૌ પ્રથમ ઘરમાંથી શરૂ થાય છે. ઘરમાં જે સંસ્કાર બાળકમાં પડે છે તેનું આખા ય જીવનમાં મહત્ત્વ પૂર્ણ સ્થાન રહે છે. સુસંસ્કારવાળો કોઇ પણ કામ કરતાં પહેલાં વિચાર કરે છે. યુવાનીનો નશો અને બળ હોય

પણ બુદ્ધિ (અક્કલ) ન હોય તો એકનું બીજું પણ થઈ જાય છે. મનુષ્યને યુવાનીમાં બહુજ સાવચેત રહેવાનું મહાપુરૂષોએ કહ્યું છે. કારણકે આ વય એવી છે કે જો સાવચેત ન રહે તો કયાંક પછાડી પણ નાખે.

દૃષ્ટાંત :—એક ગામની બહાર એક બાવાજી આવ્યાં. તે એક ઝાડની નીચે ધૂણી ધખાવીને બેઠા. ગામની ત્રણ સ્ત્રીઓ સાંજના સમયે આ ઝાડ નજીકના કૂવે પાણી ભરવા આવી. તેમાં પહેલી બ્રાહ્મણી હતી, બીજી રજપૂતાણી અને ત્રીજી વાણીયણી હતી. આ વખતે બાવાજી જાપ જપે છે અને તે પણ મોટેથી **"અગલી ભી અચ્છી, પીછલી ભી અચ્છી; બીચલી કો જુત્તેકી માર."**

આ સાંભળીને બ્રાહ્મણી અને વાણીયણ મોઢું ઢાંકી હસવા લાગી. રજપૂતાણીનો તો એવો પિત્તો ગયો કે ત્યાં બેઠું પછાડી પોતાનાં ઘરે પાછી ફરી. ઘરે પાછી ફર્યા પછી તેણે ન પેટાવ્યો ચુલો કે ન કર્યો દીવો. એક તૂટેલ ખાટલામાં જેમ તેમ પડી રહી. રાત્રે નોકરી પરથી તેનો ધણી ઘરે આવ્યો. ઘરમાં અંધારૂં જોઈ આશ્ચર્ય પામ્યો. તેણે સ્ત્રીને પૂછ્યું કે આમ કેમ! શું કોઈએ તારૂ અપમાન કર્યું છે?

રજપૂતાણીએ કહ્યું "જેનો ધણી બાયલો હોય, તેનું કોઈ પણ અપમાન કરે."

આ તો રજપૂતની જાત, ને આવાં વચનો કેમ સાંભળી લ્યે? તેણે હાથમાં તલવાર લીધી અને પૂછ્યું કે કોણ છે તારૂં અપમાન કરનાર? જલ્દી તેનું નામ દે હું તેની ખબર લઉં છું."

રજપૂતાણીએ કહ્યું કે ગામ બહાર કૂવા પાસેના ઝાડ નીચે એક જોગટો બેઠો છે તેણે મારૂં હડ્ડહડતું અપમાન કર્યું છે. પછી બધી વાત કરી.

રજપૂતે કહ્યું "હમણાં જ હું તેનું માથું ધડથી જુદું કરી આવું છું તું જરાયે આમણી દૂમણી થઇશ મા."

રજપૂત કૂવા પાસે પહોંચ્યો, ત્યાં ઝાડ નીચે બાવાજી આગળ દસ–બાર રજપૂતોની મંડળી જામેલી હતી. આથી સાહસ કરવું યોગ્ય ન લાગ્યું. તે ઝાડની પછવાડે છૂપાઈ ઉભો રહ્યો. અને યોગ્ય સમયની રાહ જોવા લાગ્યો. ધીરે ધીરે રજપૂતોની મંડળી વીખરાઇ ગઇ અને બાવાજી એકલા પડ્યા. એટલે તે બોલવા લાગ્યા કે **"અગલી ભી અચ્છી, પીછલી ભી અચ્છી; બીચલી કો જુત્તે કી માર."** આ શબ્દો સાંભળી રજપૂત વિચારમાં પડ્યો; અત્યારે અહીં કોઇ સ્ત્રી નથી છતાં આ બાવો આમ કેમ બોલતો હશે, માટે આમાં કાંઇક રહસ્ય છુપાયેલું છે તેથી સાહસ કરવું નહિ.

પછી રજપૂતે બાવાજીની સન્મુખ આવીને નમસ્કાર કરી પૂછ્યું કે આપ શું બોલી રહ્યા છો ?

બાવાજીએ જવાબ આપ્યો એ તો મારે સમજવાની વાત છે પણ તારે જાણવી હોય તો કહું. "આપણી ત્રણ અવસ્થા છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. તેમાં પહેલી અને છેલ્લી અવસ્થા સારી છે કારણ કે તેમાં આત્માને કાંઈ વાંધો આવતો નથી. બાલ્યાવસ્થામાં સંસારનું અજ્ઞાનપણું હોય છે. અને વૃદ્ધાવસ્થામાં સંસારનો પૂરો અનુભવ

થઈ ગયો હોય છે. ઉપરાંત ઇન્દ્રિયો પણ શિથિલ થઈ ગઈ હોય છે, માટે પહેલી ભી અચ્છી અને પીછલી ભી અચ્છી એમ કહું છું જ્યારે વચલી યુવાવસ્થામાં ઇન્દ્રિયો તોફાની ઘોડા જેવી હોય છે, એટલે તેમને કાબુમાં રાખવાનું ઘણું મુશ્કેલ હોય છે. મતલબ કે તે આત્માને ખૂબ હેરાન કરે છે, એટલે તેને જુત્તી મારવી જોઈએ, અર્થાત્ તેનું નિયંત્રણ કરવું જોઈએ. એટલે કહું છું કે બિચલીકો જુત્તોકી માર.'

આ શબ્દો સાંભળતાં રજપૂત બાવાજીના ચરણોમાં પડ્યો અને કહેવા લાગ્યો કે 'બાપજી! મને ક્ષમા આપો. મારી સ્ત્રીએ આપનાં વચનો સાંભળ્યા હતાં, તેથી તેને ઘોર અપમાન લાગ્યું હતું. કારણ કે ત્રણ પનિહારીઓમાં તે વચલી હતી, તેના અપમાનનો બદલો લેવા માટે હું અહીં આવ્યો હતો. પણ આપે જે ખુલાસો કર્યો, તેથી મારા મનનું પુરેપુરું સમાધાન થઈ ગયું છે. બાવાજીએ તેના માથા પર હાથ મુકી આશીર્વાદ આપ્યાં એટલે રજપૂત ખુશ થઈ પોતાનાં ઘરે ગયો. સ્ત્રીને બધી વાત કરી તેના મનનું સમાધાન કર્યું.

ભાવાર્થ:— 'બિચલીકો જુત્તોકી માર' એ બાવાજીના શબ્દો સાચા છે. તે સમજવા જેવું છે. રજપૂત યુવાન હતો, યુવાનીના બળમાં આગળ પાછળનો વિચાર કર્યા વગર તલવાર લઈને બાવાજીને મારવા દોડી ગયો પણ ભવ્યતા સારી હતી. તે વખતે બાવાજી પાસે બીજા રજપૂતો બેઠાં હતાં એટલે બાવાજીને તરતજ મારી ન શક્યો, નહિ તો બાવાજીનું મસ્તક એક જ ઝાટકે ઉડાવી દે કે નહિ? અને એ પાપથી એની દુર્ગતિ થાય કે નહિ?

બળ સાથે બુદ્ધિની (અક્કલ) જરૂર છે. બુદ્ધિ-વગરનું બળ કોઈ વખત કામ આવતું નથી.

વનમાં પરિભ્રમણ કરતાં પાંડવોને ખૂબ તરસ લાગી, ત્યારે ભીમને પાણી લેવા મોકલ્યો. ઘણીવાર સુધી પાણીની શોધ માટે ફર્યા પછી, ભીમે એક સરોવર જોયું. ભીમે પાણી પીવા હાથ લંબાવ્યો ત્યાં કોઈ બોલ્યું "ઉભો રહે, મારા પ્રશ્નનો ઉત્તર આપ, ઉત્તર આપ્યા વગર પાણી પીશો તો પત્થર જેવા થઈ જશો."

ભીમને પોતાના બળનું અભિમાન છે તે તાડુકીને બોલ્યો,-અરે મુરખ! તું પ્રશ્ન પુછનાર કોણ? હું તારા પ્રશ્નને જાણતો નથી ને તેનો ઉત્તર આપવા અહીં આવ્યો નથી. હું પાણી પીવા આવ્યો છું ને પીને જઈશ."

જ્યાં ભીમે પાણીને સ્પર્શ કર્યો ત્યાં બેશુદ્ધ (અચેતન) થઈ ગયો. ભીમની ઘણીવાર સુધી રાહ જોયા પછી અર્જુન તેની શોધ કરવા નીકળ્યો. સરોવર કિનારે ભીમની આ દશા જોઈને તેને આશ્ચર્ય થયું. કે મોટા મોટા હાથીઓને મગતરાની માફક રગદોળી નાખનારની આવી દશા કેમ? નજીક ગયો ત્યાં પેલી વાણી સંભળાઈ. "મારા પ્રશ્નનો ઉત્તર આપ્યાં પહેલાં પાણીને સ્પર્શ કરીશ તો, તું અચેતન થઈ ભોંય પર પડીશ." અર્જુનને પોતાની શક્તિ અને ધનુષ્ય માટે અભિમાન છે. તે કહે છે, "હું તત્ત્વજ્ઞાનની વાત કરવા નથી આવ્યો, મને તરસ લાગી છે હું જરૂર પાણી પીવાનો." મગરૂરીથી અર્જુન જેવો પાણીને સ્પર્શ કરવા ગયો તેવો જ તે ભીમના જેવી દશાને પ્રાપ્ત થયો.

તેમની શોધમાં નીકળેલ સહદેવ અને નકુલની પણ એજ દશા થઇ. ચિંતાતુર યુધ્ધિષ્ઠિર જાતે તેમની તપાસમાં નીકળ્યા. સરોવરકાંઠે ચારે ભાઇઓની થયેલી દશા જોઇ આશ્ચર્યમુગ્ધ થઇ ગયા, એ વિચાર કરે છે ત્યાં અવાજ આવ્યો : મારા પ્રશ્નનો ઉત્તર આપ્યા વિના પાણી પીશો તો તમારી પણ આજ દશા થશે. યુધિષ્ઠિર સમજી ગયા ને તેમણે કહ્યું કે "સરોવરના પાણી ઉપર અધિકાર કરી લોકોને દુઃખ આપનાર તમે દેવ કે યક્ષ છો ? આમ કરવું શું યોગ્ય છે ? પાણી જેવી સર્વને જરૂરી વસ્તુ ઉપર પણ આવો અધિકાર કરવા એમાં કશી યોગ્યતા નથી. પાણી ઉપર સૌનો અધિકાર છે. આ સાંભળીને યક્ષે કહ્યું આવી વાતો પછી કરજો. પહેલાં મારા પ્રશ્નનો ઉત્તર આપો યુધિષ્ઠિરે યક્ષને પૂછયું "બોલ તારો પ્રશ્ન શું છે ?"

યક્ષે કહ્યું," **का वार्ता ?**

યુધિષ્ઠિરે જવાબ આપ્યો. **भूतानि काल पचतीति वार्ता ।**

હે યક્ષ, સંસારમાં કાળ સારી દુનિયાને ક્ષીણ કરે છે. અને એજ પરંપરા ચાલ્યા કરે છે. આ મારા ચાર ભાઇઓ મૂર્છિત થયા છે. તેમ એક દિવસ તું પણ કાળચક્રમાં અટવાઇ જઇશ. સંસારમાં કોઇ અમર નથી. તું તારી મર્યાદાથી તને વધુ સમજે છે. અહંકાર કરે છે. બીજાનું હિત-અહિત તારા હાથમા બંધાયેલું છે. એવો તું ગર્વ કરે છે. પરંતુ હવે સમજી જા કે તું ભ્રમમાં છો. તું પંથ ભુલેલો છે. મુરખ છે. કોઇનું સુખ ઝુંટવી લેવાનું સામર્થ્ય તારામાં નથી. કાળના ઝપાટા આગળ કોઇ અમર નથી."

યુધિષ્ઠિરના વચનો સાંભળી યક્ષ પ્રસન્ન થયો. તેણે ચારે ભાઈઓને સ્વસ્થ કર્યા ને સૌ યથાસ્થાને ગયા. આ પ્રસંગ ઉપરથી સમજાશે કે ભીમ, અર્જુન વગેરે બહુ બળવાન હતાં પરંતુ તેમનું બળ કાંઈ કામ આવ્યું નહિ....(બુદ્ધિ વગરનું બળ કોઈ ઠેકાણે નકામું થઈ જાય છે) યુધિષ્ઠિરની આત્મજ્ઞાનની વાત કામ આવી. માટે હે માનવી ! તું અભિમાન ન કર. કાળચક્રના શાસનમાંથી કોઇ ઉગરી શકતું નથી.

કર્મ-વિજ્ઞાનઃ–તેનો બંધ, તેના કારણો ને તેનો વિપાક ઇત્યાદિ સર્વ જૈન-દર્શનમાં કર્મનું તત્ત્વજ્ઞાન સમજીને દરેક દરેક પરિસ્થિતિમાં સમતાભાવે ને સમજણ પૂર્વક ધીરગંભીર અને સંયમી બનીને સહનશીલતાથી જીવનને ઘડવાની જરૂર છે.

પૂર્વકર્મ ભોગવ્યા સિવાય છુટકો નથી. ચંદ્રરાજાને અપરમાતા વિરમતીએ (તિર્યંચ) કુકડો બનાવી દીધો હતો. એ પૂર્વકર્મ સોળ વર્ષે ભોગવાઈ ગયું ત્યારે ફરી ચંદ્રરાજા મનુષ્યપણાને પામ્યો. વિરમતી તો નિમિત્ત કહેવાય. બાકી તો જેના લેણા બાકી હોય તે લીધા વગર છોડતું નથી. વિરમતીને વિદ્યાદેવીઓએ ચાર વિદ્યા આપીને એનો સદુપયોગ કરવાનું કીધુ હતું અને તારા શોકયના પુત્ર ચંદ્રરાજાને તારો સગો પુત્ર સમજીને તેનું જતન કરજે. પણ ગતભવનું વેર હશે એટલે વિરમતીને ઊંધી બુદ્ધિ સુઝી. પૂર્વકર્મ ભોગવ્યા પછી ચંદ્રરાજાના હાથે જ વિરમતીનું મોત થયું. આ બધું આપણને ચંદ્રરાજાના રાસમાંથી જાણવા મલશે.

જૈનદર્શન :—

'જગત શું વસ્તુ છે. એનો વિચાર કરતાં તે માત્ર બેજ તત્ત્વરૂપે માલુમ પડે છે (૧) **જડ** અને (૨) **ચેતન.** આ બે તત્ત્વો સિવાય સંસારમાં ત્રીજું તત્ત્વ નથી. સમગ્ર વિશ્વના સમગ્ર પદાર્થોનો આ બે તત્ત્વમાં સમાવેશ થાય છે. આ મૂળભૂત પદાર્થોને "દ્રવ્ય" સંજ્ઞાથી સામાન્યપણે ઓળખવામાં આવે છે.

જેમાં ચૈતન્ય નથી (લાગણી નથી) તે જડ છે. એથી વિપરીત–ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. આત્મા, જીવ, ચેતન એ બધા એકજ અર્થને કહેનારા પર્યાય શબ્દો છે. જ્ઞાનશક્તિ એ આત્માનું મુખ્ય લક્ષણ છે.

ચેતન અને જડ અથવા જીવ અને અજીવ એ બે તત્ત્વો પર આધ્યાત્મિક દૃષ્ટિએ વિશેષ પ્રકાશ નાખતાં એના જ પેટા ભાગનાં બીજાં તત્ત્વો જુદાં પાડી સમજાવવા જૈન શાસ્ત્રકારોએ બહુ પ્રતિપાદન કર્યું છે. એકંદરે નવતત્ત્વો ઉપર જૈન દૃષ્ટિનો વિકાસ છે.

જિન અને જૈન :—

'**જિન**' શબ્દ ઉપરથી '**જૈન**' શબ્દ બનેલો છે. '**જિન**' એ રાગ, દ્વેષ આદિ સર્વ દોષોથી રહિત એવા પરમાત્માઓનું સાધારણ નામ છે. 'જીતવું' એ અર્થવાળા "જિ" ધાતુથી બનેલું '**જિન**' નામ રાગ, દ્વેષ આદિ સમગ્ર દોષોને જીતનાર એવા પરમાત્માઓને બરાબર લાગુ

પડે છે! 'અર્હન્', વીતરાગ, પરમેષ્ઠિ વગેરે 'જિન' ના પર્યાય શબ્દો છે. 'જિન'ના ભક્તો જૈન કહેવાય છે. જિન પ્રતિપાદિત ધર્મ જૈન ધર્મ કહેવાય છે. જૈન ધર્મનો આર્હત્ ધર્મ, અનેકાન્ત દર્શન, નિર્ગ્રન્થ શાસન, વીતરાગ માર્ગ એવા અનેક નામોથી વ્યવહાર કરવામાં આવે છે.

તીર્થંકર :—

આત્મ સ્વરૂપનો વિકાસ કરવાનો અભ્યાસ પરાકાષ્ઠા ઉપર પહોંચતાં જે ભવમાં (જન્મમાં) આવરણો વિધ્વસ્ત થવાના પરિણામે જેમનો ચૈતન્ય વિકાસ પૂર્ણરૂપે સિદ્ધ થયો છે, તેઓ તે ભવમાં પરમાત્મા થયા કહેવાય છે. આ પરમાત્માઓને જૈનશાસ્ત્રો બે વિભાગમાં બતાવે છે.

પહેલા વિભાગમાં 'તીર્થંકરો' આવે છે. કે જેઓ જન્મથી વિશિષ્ટ જ્ઞાનવાળા અને લોકોત્તર સૌભાગ્ય સમ્પન્ન હોય છે અને વિશેષતાઓ તીર્થંકરોના સંબંધમાં જણાવી છે. રાજ્ય ન પ્રાપ્ત થયા છતાં પણ આગળ રાજ્ય મેળવાનું હોવાથી રાજકુમાર જેમ રાજા કહેવાય છે. તેમ તીર્થંકરો બાલ્ય અવસ્થાથી કેવળજ્ઞાનધારી નહી હોવા છતાં અને અતએવ તેઓમાં વાસ્તવિક તીર્થંકરત્વ નહિ હોવા છતાં પણ, તે આગળ તીર્થંકર થનાર હોવાથી 'તીર્થંકર' કહેવાય છે. તેઓ જ્યારે ગૃહવાસનો ત્યાગ કરી ચારિત્રમાર્ગ સ્વીકારે છે, અને યોગ સાધનાની પૂર્ણતાએ પહોંચતા સમગ્ર (ઘાતી) કર્માવરણોનો ક્ષય થવાથી તેમને જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે, ત્યારે તેઓ તીર્થની સ્થાપના કરે છે. 'તીર્થ' શબ્દનો

અર્થ–સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ છે. તીર્થંકરના ઉપદેશના આધારે તેઓના સાક્ષાત્ મુખ્ય શિષ્યો જેઓ 'ગણધર' કહેવાય છે, શાસ્ત્રોની રચના કરે છે, જે બાર વિભાગોમાં વિભક્ત હોય છે. એનું નામ છે. **'દ્વાદશાંગી'**

દ્વાદશાંગ એટલે બાર અંગોનો સમૂહ. 'અંગ' એ તે પ્રત્યેક બાર વિભાગોનું–સૂત્રોનું પારિભાષિક નામ છે 'તીર્થ' શબ્દથી આ દ્વાદશાંગી (શ્રુત) પણ લેવાય છે આવી રીતે તેઓ તીર્થના કરનાર (ઉક્ત ચતુર્વિધ સંઘના વ્યવસ્થાપક અને 'દ્વાદશાંગી'ના પ્રયોજક) હોવાથી તીર્થંકર કહેવાય છે.

ઉપર બતાવેલી વિશેષતાઓ વગરના કેવલજ્ઞાનધારી વીતરાગ પરમાત્માઓ તીર્થંકરોના વિભાગથી જુદા પડે છે. એઓને સામાન્ય 'કેવલી' કહેવામાં આવે છે.

પ્રશ્ન :—સામાન્ય કેવળી અને તીર્થંકરમાં ફરક છે ?

જ્ઞાનાદિ ગુણ સમાન છે તેમાં ફરક નથી, પણ પુણ્યાઈમાં ઘણો ફરક છે. શ્રી તીર્થંકરની વાણી અતિશયવાળી છે, યોજનગામિની છે. જ્યારે સામાન્ય કેવળીમાં તે નથી. શ્રી જિનેશ્વર દેવની વાણીમાં ચમત્કાર એ છે કે શંકા થતાં જ સમાધાન થઈ જાય છે એ અતિશય સામાન્ય કેવળીમાં ન હોય, જ્ઞાનમાં ફરક નથી પણ પુણ્યાઈમાં મહાન ફરક છે. બીજી ખુબી એ છે કે ભગવાન બોલે એક ભાષામાં ને સૌ સાંભળે પોતપોતાની ભાષામાં.

વૈદિક પરંપરાનાં ધર્મશાસ્ત્રોમાં 'કૃતયુગ' આદિ ચાર યુગોથી કાળના વિભાગથી કાળના ચાર વિભાગો પાડવામાં

આવ્યા છે. તેમ જૈન શાસ્ત્રમાં કાળના વિભાગ તરીકે છ આરા બતાવવામાં આવ્યા છે. તીર્થંકરો ત્રીજા–ચોથા આરામાં થાય છે. જે તીર્થંકરો કે જે કેવળજ્ઞાનીઓ આયુષ્ય પૂર્ણ થતાં મોક્ષપદને પામે છે તેઓ ફરીને સંસારમાં આવતાં નથી એથી એ સમજવાનું છે કે સંસારના જે જે આત્માઓ તીર્થંકર બને છે તે કોઈ પરમાત્માના અવતાર રૂપે નથી. સર્વ તીર્થંકરો જુદા જુદા જ આત્માઓ છે. મોક્ષે ગયા પછી સંસારમાં અવતાર લેવાનું જૈન સિદ્ધાન્તને સમ્મત નથી.

નવતત્ત્વો જૈન શાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય છે. એ ઉપર કહેવામાં આવ્યું છે. તે નવતત્ત્વો–જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ છે.

જીવ :—જીવ બીજા પદાર્થો જેમ પ્રત્યક્ષ દેખાય છે, તેમ દેખાતો નથી. પરંતુ સ્વાનુભવ પ્રમાણથી જાણી શકાય છે. 'હું સુખી છું, હું દુઃખી છું.' એવી લાગણી શરીર જડ છે (પૃથ્વી વગેરે ભૂતોનું પૂતળું હોઈ) માટે તેને હોઈ શકે નહીં. શરીરને આત્મા માનવામાં આવે તો 'મડદું' કહેવાતા શરીરમાં જ્ઞાનનો પ્રકાશ હોવાનું કાં ન બને? 'મડદું' કહેવાતા શરીરને સજીવન આત્મા કાં ન કહી શકાય? પણ બાબત એવી છે કે ઇચ્છા, લાગણી વગેરે ગુણો મૃતક શરીરમાં નહી રહેવાથી એ સાબીત થાય છે કે એ ગુણોનું ઉપાદાન શરીર નથી પણ બીજુ કોઇ તત્ત્વ છે. અને એનું નામ 'આત્મા' છે. શરીર (પૃથ્વી–જળ–તેજ–વાય આકાશ)

ભૂત સમૂહથી બનેલું ભૌતિક છે, એટલે એ જડ છે. અને જેમ ભૌતિક ઘટ, પટ વગેરે જડ પદાર્થોમાં જ્ઞાન, ઇચ્છા આદિ ધર્મોની સત્તા નથી તેમ ભૌતિક જડ શરીર પણ જ્ઞાન, ઇચ્છા આદિ ગુણોનો ઉપાદાન રૂપ આધાર હોઈ શકે નહિ. શરીરમાં પાંચ ઇન્દ્રિયો છે; પરંતુ તે ઇન્દ્રિયોને સાધન બનાવનાર આત્મા તે ઇન્દ્રિયોથી જુદો છે. કારણ કે ઇન્દ્રિયો દ્વારા આત્મા રૂપ, રસ આદિનું જ્ઞાન કરે છે. ચક્ષુથી રૂપ જુએ છે, જીભથી રસ ગ્રહણ કરે છે. નાકથી ગંધ લે છે, કાનથી સાંભળે છે. અને ત્વચાથી સ્પર્શ કરે છે. ઇન્દ્રિયો આત્માને જ્ઞાન પ્રાપ્ત થવામાં સાધનભૂત છે. એથી સાધનભૂત ઇન્દ્રિયો અને એમના દ્વારા જ્ઞાન મેળવનાર આત્મા એ એક હોઈ શકે નહિ. મૃત શરીરમાં ઇન્દ્રિયો હોવા છતાં મૃતકને તેમના દ્વારા કોઈ જાતનું જ્ઞાન થતું નથી એનું શું કારણ ? એટલે એ ઉપરથી જણાય છે કે ઇન્દ્રિયો અને તેમના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરનાર આત્મા જુદો છે. એ સિવાય એ પણ યાદ રાખવું જોઈએ કે ઇન્દ્રિયો એક નથી પણ પાંચ છે. એવી ઇન્દ્રિયોને આત્મા માનવા જતાં એક શરીરમાં પાંચ આત્માઓ થઈ પડે જે અઘટિત છે. બીજી રીતે જોઈએ તો જે માણસની ચક્ષુ ચાલી ગઈ હોય છે તેને પણ ચક્ષુની હયાતીમાં જોયેલા પદાર્થો યાદ આવે છે– સ્મૃતિમાં ઉપસ્થિત થાય છે. ઇન્દ્રિયોને આત્મા માનીએ તો આ વાત નહીં બને. ઇન્દ્રિયોથી આત્માને અલાયદો માનીએ ત્યારે જ આ હકીકત બની શકે છે. કારણ કે ચક્ષુથી દેખાયેલી વસ્તુઓનું સ્મરણ ચક્ષુના અભાવે ન તો ચક્ષુથી થઈ

શકે તેમ છે. ન બીજી ઇન્દ્રિયોથી થઈ શકે તેમ છે એટલે તે ઇન્દ્રિયોથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. આત્મામાં કાળો, ધોળો, પીળો વગેરે કોઇ વર્ણ નથી; એથી બીજી વસ્તુઓની જેમ તે પ્રત્યક્ષ દેખાતો નથી. પ્રત્યક્ષ નહી થવાથી તે વસ્તુ નથી એમ માની શકાય નહીં. પરમાણુઓ ચર્મ-ચક્ષુથી દેખી શકાતા નથી છતાં અનુમાન પ્રમાણથી બરાબર તેનો સ્વીકાર કરાય છે. સ્થુળ કાર્યની ઉત્પત્તિ માટે સૂક્ષ્મ-પરમસૂક્ષ્મ અણુઓ હોવાની સાબિતી અનુમાન પ્રમાણ ઉપર ટકેલી છે. પરમાણુ મૂર્ત–રૂપી છતાં પ્રત્યક્ષ ગમ્ય નથી, તો અમૂર્ત–અરૂપી આત્મા પ્રત્યક્ષ શી રીતે હોઇ શકે? એમ છતાં સમજવાનું છે કે, જગતની અંદર કોઈ સુખી તો કોઈ દુઃખી, કોઇ વિદ્વાન તો કોઇ મૂર્ખ, કોઈ રાજા તો કોઈ રંક, કોઇ શેઠ તો કોઇ નોકર, આવી રીતની અનંત વિચિત્રતાઓ અનુભવાય છે. આ વિલક્ષતાઓ કારણ વગર સંભવે નહિ. એ અનુમાનમાં ઉતરી શકે તેમ છે. હજાર પ્રયત્નો કરવા છતાં બુદ્ધિમાન મનુષ્યને પણ ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થતી નથી, જ્યારે બીજા મનુષ્યને વગર પ્રયાસે તે મલી જાય છે, આવી અનેકાનેક ઘટનાઓ આપણી નજર આગળ બન્યા કરે છે. એક જ સ્ત્રીની કુક્ષીમાંથી સાથે ઉત્પન્ન થયેલ જોડલામાંના બંને જીવો સરખાં ન નીવડતાં તેમની જીવન ચર્યા એક-બીજાથી બહુ જ તફાવતવાળી પસાર થાય છે. આ બધી વિચિત્રતાઓનું કારણ શું? આ ઘટનાઓ અનિયમિત હોય એમ બની શકે નહી, કોઇ નિયામક–પ્રયોજક હોવો જોઇએ. આ ઉપરથી તત્ત્વજ્ઞાની મહાત્માઓ કર્મની સત્તા સાબિત કરે છે.

અને કર્મની સત્તાના અનુસંધાનમાં આત્મા સ્વતઃ સિદ્ધ થાય છે. કારણ કે આત્માને સુખ–દુઃખ આપનાર કર્મપુંજ આત્માની સાથે અનાદિ કાળથી સંયુકત છે અને એને લીધે આત્માનું સંસારમાં પરિભ્રમણ છે. કર્મ અને આત્માની યાત્રી થયેથી પરલોકની યાત્રી માટે કાંઇ રહેતું નથી. જેવાં શુભ યા અશુભ કાર્યો પ્રાણી કરે છે તેવો પરલોક (પુનઃ જન્મ) તેને પ્રાપ્ત થાય છે. હકીકત એવી છે કે જેવી શુભ યા અશુભ ક્રિયા કરવામાં આવે છે તેવા પ્રકારની 'વાસના' આત્મામાં સ્થપાય છે. આ 'વાસના' એક વિભિન્ન પ્રકારના પરમાણુ સમુહોનો બનેલો છે. એને બીજા શબ્દોમાં 'કર્મ' કહેવામાં આવે છે. એટલે કર્મ એક પ્રકારના પરમાણુઓના સમૂહ રૂપ છે. આવી રીતનાં નવાં નવાં કર્મો આત્માની સાથે જોડાતાં રહે છે, અને જુનાં જુનાં કર્મો પોતાની મુદત પુરી થતાં ખરી પડે છે. સારી યા બરાબ ક્રિયાથી બંધાતા સારા યા બરાબ કર્મો પરલોક સુધી અરે ! અનેકાનેક જન્મો સુધી પણ આત્માની સાથે ફળ બતાવ્યા વગર સત્તામાં સંયુકત રહે છે; અને ફળ વિપાકનાં ઉદય વખતે મીઠાં યા માઠાં ફલોનો અનુભવ આત્માને કરાવે છે. ફળ વિપાક ભોગવવાની અવધિ હોય ત્યાં સુધી આત્માને તે ફળ અનુભવે છે. અનુભવાઇ ગયા પછી તે કર્મ આત્માથી ખરી પડે છે. વર્તમાન જિંદગી અને પરલોક ગતિ એ આ 'કર્મ' ના બળ પર પ્રવર્તમાન છે. ઉપર્યુકત–યુકિત પ્રમાણો દ્વારા અને "હું સુખી, હું દુઃખી" એવી, શરીરમાં નહિ, ઇન્દ્રિયોમાં નહિ કિંતુ હૃદયના ઊંડાણમાં એટલે અંતર આત્મામાં સુસ્પષ્ટ

અનુભવાતી લાગણી જે પ્રત્યક્ષ રૂપ છે તે દ્વારા પણ શરીર અને ઇન્દ્રિયોથી અલગ સ્વતંત્ર આત્મતત્ત્વ સાબિત થાય છે.

નવતત્ત્વની પુરી સમજ જૈનદર્શન પુસ્તકમાં જોઇ લેવી.

આત્માનું શાસ્ત્રીય સ્વરૂપ વિવેચનઃ—જીવનું લક્ષણ ચેતના છે. ચેતના એટલે જ્ઞાનશક્તિ. આવી શક્તિ જીવ સિવાય બીજા કોઇ રૂપી કે અરૂપી દ્રવ્યમાં નથી. ચેતના સ્વરૂપ–જ્ઞાન સ્વરૂપ એવો જીવ પોતાની ચેતના શક્તિથી જાણે છે. વસ્તુનું જ્ઞાન કરે છે. જીવ અન્ય પદાર્થોનું જ્ઞાન કરી શકે છે. એટલું જ નહીં તે પોતાનું પણ જ્ઞાન કરી શકે છે. અને એટલા માટે જ તે સ્વપર પ્રકાશક કહેવાય છે.

જગતના જીવો દુઃખો કાઢવાની મહેનત પણ થાય તેટલી કરે છે, અને સુખો મેળવવાની મહેનત પણ થાય તેટલી કરે છે તેમાં થોડુંક દુઃખ જાય કે હાશ ! કરે છે. અને થોડુંક સુખ મળ્યું કે ગેલમાં આવી જાય છે. દુઃખ રાખવું ગમતું નથી. આમ છતાં દુઃખ ન જ આવે એવું બનતું નથી અને સુખ કાયમ જ રહે એવું પણ બનતું નથી.

દુઃખથી ડરે તે વાનર,
પાપથી ડરે તે નર,
સંસારથી ડરે તે નારાયણ.

સરળ માર્ગ :— જગત અનેક દુઃખોથી આક્રાન્ત છે. દુઃખ એ ભૂલનું પરિણામ છે, માણસ ધર્મનું અર્થાત્ કર્તવ્ય માર્ગનુ પાલન કરવાની ભૂલ કરે છે, તે માટે જ તેને દુઃખ થાય છે. શાસ્ત્રકારોએ યમ-નિયમ બતાવી મનુષ્યને એનો કર્તવ્ય પથ બતાવી દીધો છે. જેના માર્ગે ચાલવાથી એનું કલ્યાણ સધાય છે. લોભવૃત્તિ ઓછી કરી, ઉપાધિ કમ કરી સમુચિત સંયમના રસ્તે જીવનને સુખ શાંતિવાળું બનાવવું એજ વ્રતોનો ઉદ્દેશ છે. મનુષ્ય જીવન ધર્મના વિકાસ તરફ ગતિમાન થાય એજ ધર્મ માર્ગનું પ્રયોજન છે. અને સત્ય, અહિંસા, સંયમ, સન્તોષ, સેવા એ સદ્‌ગુણોની સાધના એ જ ધર્મ માર્ગ છે.

મનુષ્ય માત્રને એમ કહી શકાય કે જે વખતે જે ગ્રાહ્ય વસ્તુ આપણને મલે તેનો પ્રસન્નતાથી ઉપયોગ કરી સન્તોષ માનવો એમાં હરકત નથી. પરંતુ તે વસ્તુ વારંવાર મલે એવી ઇચ્છા થવી અને તેના વિયોગમાં —તેની અપ્રાપ્તિદશામાં ચિત્તની બેચેની અથવા અસ્વસ્થતા અનુભવવી એ અશકિત અથવા તૃષ્ણા છે. જેના પરિણામે જીવન અસ્વસ્થ બને છે. આ અશકિતને વશ ન થવાનું ધૈર્ય તે અનાશકિત માર્ગ છે. અને ઇચ્છાને રોકવી તે પણ તપ છે.

આપણા જીવન ઉપર કાળ અને ક્ષેત્રની મોટી અસર હોય છે. જેવા કાળ અને ક્ષેત્રમાં રહીયે એ પ્રમાણે આપણા જીવનનું ઘડતર થાય. કાળ અને ક્ષેત્રના પરિવર્તનથી આપણા શુભ કે અશુભ ભાવ પણ બદલાય છે.

જ્ઞાન કોઈનું આપેલું કે લીધેલું લેવાતું નથી. એ તો આત્માનો વિષય છે. અને આપ મેળે જ તે પ્રાપ્ત થાય છે. જ્ઞાનનો માર્ગ બહાર નથી. આત્મામાં છે. આત્મા જ્ઞાનનો મહાસાગર છે. પણ તે આત્મામાં ડુબકી મારવાથી મલે છે. આપણે જે બહારનું જ્ઞાન મેળવીએ છીએ તે તો મર્યાદિત જ્ઞાન છે. જ્યારે અનંત જ્ઞાન તો આત્મા પાસે છે. અને તે શરીરને ભૂલી, આત્માને ઓળખવાથી, આત્માની પાસે જવાથી મલે છે.

'જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો ક્ષયઃ
પૂર્વ કોડી વરસાં લગી; અજ્ઞાની કરે તેહ.

'અજ્ઞાની જે કર્મનો ક્ષય કરોડો વર્ષોનાં પરિશ્રમે કરી શકે છે તેજ કર્મનો ક્ષય જ્ઞાની માત્ર શ્વાસોશ્વાસ જેટલા સમયમાં કરી નાખે છે.'

આજે માણસો પૈસા તરફ ખેંચાઇ રહ્યા છે, માનવીની કિંમત પૈસાથી આંકાઇ રહી છે. આ એક જાતની અજ્ઞાનતા જ છે. ઘણું ધન આત્માને સુખ આપવામાં સમર્થ બની શકતું નથી, ધનની મૂર્છા તો આત્માનું અધઃપતન જ કરાવે છે. સુખ ધનમાં નથી, આત્મામાં છે. આત્મા જ સુખનો ભોક્તા છે. પણ આત્માની શક્તિ કર્મથી દબાયેલી છે.

સ્થળાંતર નિશ્ચિત છે તો ત્યાંની સગવડ માટે શું કર્યું ? :—

આ લોકમાં કાયમ રહેવાનું નથી. ઉઠાંતરી કરવાની જ છે. મેળવેલું મુકીને જવાનું જ છે, એ વાતમાં કોઈને મત

ભેદ નથી.. કટ્ટર નાસ્તિકને પણ એ કબુલ છે. સ્વર્ગ, નરક, જીવ આદિમાં મતભેદ છે. પણ એક વખત અહીંથી જવાનું છે અને કંઈક (પાપ) ધીંગાણા કરીને મેળવેલું ધન–ધાન્યાદિ, માલ–મિલ્કત, કુટુંબ પરિવાર, ખુદ શરીર વગેરે તમામ મૂકીને જ જવાનું છે, સાથે કાંઈ લઈ શકાય તેમ નથી. એ બાબતમાં મતભેદ છે જ નહિ. એ વાત તો સર્વને સોએસો ટકા માન્ય છે. હવે જ્યારે આ રીતે જવાનું છે ત્યારે કયાં જવાનું છે, ? ત્યાંની સગવડનું શું વિગેરે સંબંધી કાંઈ વિચાર કર્યો ? આ લોકમાં એક ગાઉના ગામાન્તરે જવાનું હોય તોપણ તૈયારી કરવી પડે અને ત્યાં કયાં ઉતરવું તે નક્કી કરીએ છીએ પણ જીવન પછીની (મરણ પછીની) દશાનો, બીજા જીવનનો કાંઈ જ વિચાર નહી ? દુનિયામાં નિયમ છે ગમે ત્યાં જાઓ બીજું કાંઈ ન હોય પણ બીસ્તું તર હોય તો વાંધો આવે નહિ, કહેવત છે કે **'દામ કરે કામ.'** તેવી રીતે અહીં પણ પુણ્યરૂપી ધનનો સંચય હોય તો પરલોકમાં સારી (જગ્યા) સગવડ મળે, એ પુણ્યનો વિચાર કર્યો ?

આપણે ઈંટ, ચુનાના ઘરમાં રહીએ છીએ પણ દેવો તો રત્ન જડિત સુવર્ણના વિમાનમાં રહે છે. સમૃદ્ધિની ત્યાં છોળો ઉડે છે. છતાં મનુષ્ય ભવ ઉત્તમ કેમ છે. ? જન્મ, જરા અને મૃત્યુના ફેરામાંથી માત્ર મનુષ્યભવમાંથી છૂટી શકાય છે આ કારણથી મનુષ્યભવની આટલી બધી દુર્લભતા છે. દેવભવ કરતાં મનુષ્યભવ એટલા માટે જ ઉત્તમ છે. મનુષ્યભવમાંથી (પરમપદ) મોક્ષે જવાય છે.

જયણા પૂર્વક ચાલે તે જૈન છે. મુદ્દાની વાત. આપણે જૈન શાથી ? જૈન તરીકે જન્મે એને આસ છોણું કે તિલક નથી, પણ જન્મથી જ સંસ્કાર એવા લઇને જન્મે છે કે જીવને પોતાને જ જવાબદાર ને જોખમદાર માને. શાસ્ત્રકારો ફરમાવે છે કે આવતો જન્મ તમારી જવાબદારીની વસ્તુ છે અને આ જન્મ તમારી જોખમદારીની વસ્તુ છે, જેવાં કર્મો કરશો તેવો જન્મ મલશે. મનુષ્યના દેહની દુર્લભના તો જૈન અને જૈનેતર બધાયે કબુલી છે. ફરક એટલો કે જૈનો જીવને જ જવાબદાર કે જોખમદાર માને છે. જીવે પોતે પોતાની મેળે મનુષ્યત્વ મેળવ્યું માને છે, જ્યારે જૈનેતરો તે ઈશ્વરે આપ્યું માને છે. અને સુખ દુઃખનો હવાલો ઈશ્વરને આપ્યો છે. છતાં કર્મ તેવું ફળ એમ તો તેઓ પણ કહે છે.

કોઈ મરી જાય ત્યારે સાંત્વનના કાગળો લખાય છે કે ભગવાનને ગમ્યું તે ખરું. દોષનો હવાલો ભગવાનને ? (આ તો લોક ભાષા છે.) સંગતના દોષે જૈનો પણ આ રીતે લખે છે. ઇતર ધર્મમાં ઘરના વડીલો મરી જાય ત્યારે તેનું તારણું કરવું જોઇએ તો તેના જીવની ગતિ થાય એમ કહે છે.

આપણે જ્યાં જન્મ્યા ત્યાં કાંઈ માતાના મનોરથથી, પિતાની પ્રાર્થનાથી કે પોતાની ઈચ્છાથી જન્મ્યા નથી. કોટિધ્વજને ત્યાં અવતરનાર કરોડોનો માલિક થઈ જાય છે, કહો એ આ ભવમાં કયાં કમાવવા ગયો હતો ? દેવાદારને ત્યાં અવતરનાર દેવાનો વારસદાર થાય છે એ બિચારો કયાં દેવું કરવા ગયો હતો ? જન્મતાં કોઇ રોગી થાય, કોઇ નિરોગી

રહે આ બધું શાથી? ધનવાન-ગરીબ, રોગી-નિરોગી, સારા કે નરસા મા-બાપનો સંયોગ શાથી? આપણી ઇચ્છાને આધીન એ નથી. જો તેમ હોય તો શું કોઇ દેવાદારને ત્યાં, રોગીને ત્યાં કે નરસાને ત્યાં અવતરવા ઇચ્છે? કદાપિ નહીં. ત્યારે જે કારણ છે તે કર્મ; નશીબ, ભાગ્ય, પુણ્ય કે પાપ જે કહો તે બધી એક જ વાત છે. જન્મ કર્મને આધીન છે. પરમ ઉપકારી શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ ઉમાસ્વાતિવાચકવરજી મહારાજા ભવ્ય જીવોને ઉપકારને માટે ધર્મદેશના દેતાં જણાવી રહ્યાં છે કે આ જીવ ચતુર્ગતિ રૂપ આ ભીષણ સંસારમાં અનાદિ કાળથી રખડે છે, રખડયા કરે છે, જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી સંસારની રખડપટી ચાલુ રહેવાની છે.

મોક્ષ મળે તો અનાદિની આફત ટળે.

જ્યાં સુધી કર્મબંધ ન રોકાય ત્યાં સુધી જન્મ-કર્મની અનાદિની પરંપરા છે તે ચાલુ જ રહેવાની, એટલે તો ચતુર્ગતિ-રૂપ આ ભીષણ સંસારમાં જીવ અનાદિ કાળથી રખડે છે. અને જન્મ મરણ કર્યા કરે છે. એક ભવમાં મરવું, બીજે જન્મવું ત્યાં જિંદગી પુરી થયે મરવું વળી જન્મવું આ ક્રમ ચાલુ જ છે.

ધર્મ કરવાનો હેતુ કયો? કર્મનો ક્ષય કરવો, મુક્તિ મેળવવી એ ધર્મ કરવાનો હેતુ છે. જન્મ, કર્મ અનાદિથી છે માટે કર્મોનો ક્ષય કરવાનો છે, જન્મ અટકાવવાનો છે, મુક્તિ એટલે શાશ્વત સ્થિતિ સંપાદન કરવાની છે. કર્મ

વગર જન્મ થતો જ નથી માટે શાસ્ત્રકારોએ કહેવું પડયું કે કર્મબંધન ન રોકાય ત્યાં સુધી મુક્તિ નથી.

દિશા બદલો : સાચી દિશા સદ્‌ગુરુ બતાવશે.

એક છોકરો દોડી રહ્યો હતો. તેને જોઈને સ્વામી રામતીર્થ કહે છે હે છોકરા! તારે કયાં જવું છે? બેટા! ઉભો રહે. આમ બેબાકળો બનીને કયાં જઈ રહ્યો છે? મહાપુરૂષો ભાષા કેવી મધુરી બોલે છે. સ્વામી રામતીર્થે કહ્યું–છોકરા! તું કયાં જાય છે! ત્યારે છોકરો કહે છે 'બાપુ! હું પકડવા જઉં છું. તો પૂછે છે કોને પકડવા જાય છે? ત્યારે છોકરો કહે છે. આ મારા પડછાયાને પકડવા જઉં છું. હું દોડી દોડીને થાકી ગયો. હું જેટલો ઝડપથી ચાલું છું તેટલો એ પણ ચાલે છે પણ પકડાતો નથી. મારી આગળ દોડે છે. ત્યારે સ્વામી રામતીર્થ કહે છે બેટા! જો તારા પડછાયાને પકડવો હોય તો તારે એની પાછળ દોડવાની જરૂર નથી પણ પડછાયાને તારી પાછળ દોડતો કર. તારૂં મુખ ફેરવી નાખ. તારૂં મુખ સૂર્ય તરફ કર. પછી તું ચાલવા માંડ. જો પડછાયો તારી પાછળ ચાલવા માંડે છે કે નહીં? બોલ તારે પડછાયાને કયાંથી પકડવો છે! ત્યારે બાલક કહે છે. મારે એને માથાથી પકડવો છે. જો એને માથાથી પકડવો હોય તો તારા માથાને પકડ એટલે એનું માથું તારા હાથમાં આવી જશે. જરા મોઢું ફેરવવાનું હતું. એ પશ્ચિમ દિશામાં દોડતો હતો તેને પૂર્વ તરફ દોડવાનું કહ્યું. બાળકે જરા મુખ ફેરવ્યું અને જોયું તો એ જેમ જેમ ચાલતો હતો તેમ તેમ પડછાયો એની પાછળ ચાલતો હતો. આ જોઈ બાળક ખુશ થઈ ગયો

આ કથાથી આપણને સમજવા જેવું છે કે બાળકની જેમ (જીવને) દિશા બદલવાની જરૂર છે. વર્ષોથી જીવ સુખ મેળવવા દોડ્યા કરે છે. આ બાબતમાં ગંભીરતાપૂર્વક વિચાર કરવો પડશે. જેટલા ઊંડાણથી, ગંભીરતાથી, શાંતિથી અને પ્રસન્નતાથી અંતરમાં ઊંડા ઊતરશો તો સાચું સુખ ક્યાં છે? એના માટે કઈ દિશા તરફ જવાથી સાચું સુખ થશે એ જાણવાની જરૂર છે. જેમ છોકરાને સ્વામી રામતીર્થ મળી ગયા તેમ આપણે અજ્ઞાનપણે છોકરા જેવા છીએ. જો સદ્‌ગુરુનો સમાગમ થઈ જાય તો સાચી દિશા સમજાઈ જાય તો આત્મા ઊંધી દોટથી બચી જાય.

પાપ કરનારો સુખની આશા શી રીતે રાખતો હશે? બાવળીયા વાવનારને કેરીના ઝુમખાંના દર્શન કરવા છે?

અ સંભવ !

અહં અને અર્હં આ બે શબ્દોની વચ્ચે ફરક તો માત્ર એક રેફનો છે પણ જે અહંનો દાસ બને છે તે અધોગામી બને છે અને જે અર્હંનો દાસ બને છે તે ઊર્ધ્વગામી બને છે.

મૂળમાંજ યોગ્યતા ન હોય તો ગમે તેટલી ધર્મ માટે સામગ્રી પ્રાપ્ત થવા છતાં પણ ધર્મને અનુસરવા યોગ્યતા આવે નહી. બુદ્ધિ સંસ્કારની દાસી છે. જેવા સંસ્કાર પડ્યા હોય તેવી બુદ્ધિ ચાલે.

જીવનનું દર્શન કરાવે તે સાચું શિક્ષણ. વર્તમાન કાળે ધર્મ કર્મનો ઉપદેશ દેવો એ કાનમાં ઝેર રેડવા જેવો

કેટલાક માટે થાય છે છતાં પણ આવા ઉપદેશો આપવાના કયારે બંધ રહેતા નથી. અને સાચા ત્યાગીઓ કોઇની પણ શેહમાં દબાયા વગર ધર્મની સત્ય હકીકત કહેતાંજ હોય છે. એ મનુષ્યના કલ્યાણ માટે કહે છે. મનુષ્ય જીવન જેવું ઉત્તમ જીવન કોઈ નથી. એને જેમ તેમ અને જેવી-તેવી રીતે વેડફી નાખવા જેવું નથી. મનુષ્ય જીવનમાં જિનેશ્વર ભગવાનનું સ્મરણ કરવાથી પાપનો નાશ થઇ જશે.

જનારૂં જાય છે જીવન, જરા જિનવરને જપતો જા;
હૃદયમાં રાખી જિનવરને, પુરાણા પાપ ધોતો જા...૧
બનેલો પાપથી ભારે, વળી પાપો કરે શીદને;
સળગતી હોળી હૈયાની, અરે! જાલિમ બુઝાતો જા.૨
જિગરમાં ડંખતાં દુઃખો, થયા પાપે પીછાણીને;
જિણુંદવર ધ્યાનની મસ્તી, વડે એને ઉડાતો જા...૩

જિનેશ્વર ભગવાનના સ્મરણથી, એના ધ્યાનથી આત્માને પાપ કરતાં ભય લાગશે એટલે પાપથી બચી જવાશે. અને આગળના પાપો નષ્ટ થતાં જશે.

દૃષ્ટાંતઃ- નમસ્કાર મહામંત્રના પ્રભાવથી એક એહાડ બળદ મહાન પુરુષ થયો.

ગંગા અને સિંધુ મહા નદીઓના પ્રવાહની માફક સંસારનો પ્રવાહ અનંત કાળથી ચાલુ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગથી બંધાતા કર્મના બંધનોથી બંધાઈને જગતના સર્વ જીવો ચાર ગતિ, ૮૪ લાખ યોનિમાં ભટકી

રહ્યા છે. જ્ઞાનના અભાવે 'હું **કોણ છું ?**' આટલું પણ સમજી શકતા નથી. માટે જ સંસારના બંધનોથી છુટા થઈ શકતા નથી. જૈન શાસનમાં આઠમા બળદેવ મહારાજા રામચંદ્રના આત્માનો નવભવમાં ત્રીજો ભવ પદ્મરુચિ નામે શેઠ તરીકે હતો.

એકદા પદ્મરુચિ શેઠ પોતાના ઘરેથી ગોકુલમાં (જ્યાં ગાયો, ભેંસો, બળદો વિગેરે ઘણા સમુદાયમાં સચવાતા હોય તે સ્થાનને ગોકુલ કહેવાય) જતા હતા ત્યારે રસ્તામાં એક બળદને મરવાની સ્થિતિમાં પડેલો જોઈ શેઠ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા. બળદની સાવ નજીક જઈ કાનમાં મુખ રાખી નમસ્કાર મહામંત્ર સંભળાવ્યા. અને બળદને ખૂબ સમજાવ્યો. સંસારની અસારતા અને પંચ-પરમેષ્ઠિ મહામંત્રની મહત્તા ખૂબજ સમજાવી, દેવ-ગુરુ-ધર્મનું રહસ્ય સમજાવ્યું, બળદનો જીવ નમસ્કાર મહામંત્રના સ્મરણમાં એકાગ્ર ચિત્તવાળો થઈ ગયો. અને સાવધાનપણે મરીને તેજ નગરના રાજાનો ઋષભધ્વજ નામે પુત્ર થયો.

એકદા યૌવન વયને પામેલો રાજકુમાર ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં જ્યાં બળદનો જીવ મરણ પામ્યો હતો તે સ્થાને આવ્યો, સ્થાનના દેખવા માત્રથી જ કુમારને મૂર્છા આવી. જાતિસ્મરણ જ્ઞાન થયું. હું પોતે જ બળદ હતો, કોઈ મહાપુરુષે મહારાંક મારા ઉપર દયા લાવી મને પંચ પરમેષ્ઠિ મહામંત્ર સંભળાવ્યો; તે મહા ઉપકારીને મારે શી રીતે ઓળખવા ? એવા વિચારથી તેણે તેજ સ્થાનમાં જિનાલય બંધાવ્યું

અને દિવાલ ઉપર ઘોડા ઉપરથી ઉતરી મરતા બળદને નમસ્કાર મહામંત્ર સંભળાવી રહેલાની મૂર્તિ ચીતરાવી.

એક દિવસ નવીન જિનાલયને નિહાળવા આવેલા પદ્મરુચિ શેઠને પ્રસ્તુત ચિત્ર જોવામાં આવ્યું. ચિત્ર પોતાના સંબંધનું જાણી વારંવાર જોવા લાગ્યા. અને વિચારવા લાગ્યા કે, આ દેરાસર તો રાજકુમારે બંધાવ્યું છે. તેણે મારી અને બળદની હકીકત શી રીતે જાણી ?

ચિત્ર પાસેની શેઠની બનેલી ઘટના કુમારના સેવકોએ જાણીને કુમારને પહોંચાડી. જે સાંભળીને અત્યંત ખુશી થયેલો ઋષભધ્વજ કુમાર શેઠની પાસે આવી, શેઠને પ્રણામ કરી પોતાના ગયા ભવની હકીકત સંભળાવી. શેઠની ખૂબખૂબ પ્રશંસા કરી. ત્યારથી શેઠ ઉપર પોતાના પિતા થકી પણ અધિક પૂજ્ય બુદ્ધિ ધરવા લાગ્યો.

રાજાના મરણ પછી કુમાર ઋષભધ્વજ રાજા થયો. શેઠને રાજ્ય લેવા ઘણોજ આગ્રહ કર્યો પણ શેઠે રાજ્ય લેવા નિષેધ કર્યો. અને કુમારને ધર્મમાં ખૂબજ મજબુત બનાવ્યો. કૃતજ્ઞ કુમાર શેઠ અને ધર્મ બંનેને પોતાના મહાન ઉપકારી માનતો શ્રી જૈન ધર્મનું આરાધન કરતો, પોતાના રાજ્યમાં જૈન ધર્મ ફેલાવતો, પ્રકટ પ્રભાવી નમસ્કારમહામંત્રનો સ્વાનુભવ સિદ્ધ મહિમા જગતને સમજાવતો, છેવટ સુધી જૈન ધર્મ અને પંચપરમેષ્ઠિ મહામંત્રનો પ્રભાવ પોતાના રાજ્યમાં ઘણોજ સમજાવ્યો અને વિસ્તાર્યો.

આરાધના પૂર્વક અવસાન પામી ઋષભધ્વજ રાજા વિદ્યાધરાધિરાજ સુગ્રીવ રૂપે થયા. બળદના જીવને પદ્મરુચિ શ્રાવકે નમસ્કાર મહામંત્ર દ્વારા ઉપકાર કરનાર શેઠનો જીવ મહારાજા રામચંદ્ર થયા.

જિન શાસનમાં ગણેશનું દૃષ્ટાંત :—

અયોધ્યા નગરમાં રામચંદ્ર રાજા રાજ્ય કરતાં હતાં. તેનો એક મદોન્મત્ત હાથી એક બંધન છૂટીને એક મુનિને મારવા તેની પાછળ પડ્યો. પણ જ્યારે તે મુનિ પાસે આવ્યો, મુનિને શાંત જોયા ત્યારે મુનિ પાસે શાંત ઉભો રહી ગયો. મુનિએ તેના પૂર્વ ભવનો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. તેથી તેને ત્યાંજ જાતિસ્મરણ જ્ઞાન ઉપજવાથી અત્યંત વૈરાગ્ય પામી મુનિની પાસે જિનમત પ્રમાણે બાર વ્રતો અંગીકાર કર્યા પછી તે જીવજંતુ વિનાનો ચોકખો આહાર–પાણી લેવા લાગ્યો તથા એક જગ્યાએ બેસવા લાગ્યો. તેથી આ જગતમાં તેની કીર્તિ બહુજ ફેલાણી. પછી બધાએ તેને સાધર્મિક ભાઇ ગણી તેનું વિનાયક નામ આપ્યું. વિનાયક પણ એવી રીતે પવિત્ર સંયમ પાળી દેવલોકે ગયો. પછી આ દુનિયામાં તેનું ગણેશ અને વિનાયક નામ પ્રસિદ્ધ થયું. લોકો તેનું રૂપ ફેરવીને પોતાના ઘરમાં તેની પૂજા કરવા લાગ્યા. અને તેની પાસેથી પોતાના વાંછિત (કામોની) ફળની યાચના કરવા લાગ્યા.

જૈનો અને દિવાળીનું માંગણું :

પ્રભુશ્રી મહાવીર દેવના નિર્વાણનું આ (દિવસ) પર્વ છે. માટે લોક વ્યવહારમાં ભળી આ પર્વને જૂદી રીતે ન

અધુરા ન હતા. એ પુણ્યાત્માઓની પાસે જે માગીએ છીએ તે ન ચોપડામાં માગણી કરવામાં આટલો ફેરફાર થાય તો એ આત્માથી અનીતિ આદિ થાય? આજની માંગણીમાં આદર્શ એક માત્ર ઋદ્ધિનો અને એને મેળવવામાં આવતાં વિઘ્નોને ટાળવા માટે બળ માગે તથા કામસુખ માટે લબ્ધિ માગે; કહો કે શુદ્ધ ધ્યેય કયાં?

શ્રી જિનેશ્વરદેવનું શાસન પામ્યા પછી મદારીના માંકડાની જેમ આત્મા સંસારમાં નાચે જ કેમ? એનો વિચાર કરો. શ્રી જૈનશાસન પામ્યા પછી દુનિયાનું સ્વરૂપ ન સમજાય, જે રીતનું છે તે રીતનું, તે જાતિનું ધ્યાનમાં ન આવે તો આપણે પામ્યા શું? શાસન પામ્યાનો સાર શો? શ્રી જિનેશ્વરદેવનું શાસન પામેલા આત્માને દુનિયાના પદાર્થો આ રીતે કેમ જ મુંઝવે? જડ પદાર્થો આત્માને કેમજ નમડે? મિથ્યાત્વ હતું ત્યાં સુધી તો અજ્ઞાન હતા. સંસારના સ્વરૂપનો ખ્યાલ ન હતો એમ કહીએ તો ચાલે પણ હવે શું કહીએ? સમ્યગ્દૃષ્ટિ આત્મા શું કહે? આર્ય દેશ મલ્યો, ઉત્તમ કુલ મલ્યું, ભગવાન શ્રી મહાવીરદેવનું શાસન મલ્યું છતાં દુનિયાના પદાર્થો જો આપણને ગાંડા ને ઘેલા કરે, એ પદાર્થોનાં સરવૈયાં કાઢીયે અને આત્માના સરવૈયાની વાત ન કરીએ તો આપણને પ્રાપ્તિ શી થઇ? જે માગણીથી સમ્યક્ત્વ મલિન થાય તે કેમ જ મંગાય?

ત્રિજગદ્બંધુ દેવાધિદેવ શ્રી વીર પરમાત્મા પોતાના મુખ્ય શિષ્ય ગૌતમ મહારાજને ઉદ્દેશીને વારંવાર એકજ

અધુરા ન હતા. એ પુણ્યાત્માઓની પાસે જે માગીએ છીએ તે ન ચોપડામાં માગણી કરવામાં આટલો ફેરફાર થાય તો એ આત્માથી અનીતિ આદિ થાય? આજની માંગણીમાં આદર્શ એક માત્ર ઋદ્ધિનો અને એને મેળવવામાં આવતાં વિઘ્નોને ટાળવા માટે બળ માગે તથા કામસુખ માટે લબ્ધિ માગે; કહો કે શુદ્ધ ધ્યેય કયાં?

શ્રી જિનેશ્વરદેવનું શાસન પામ્યા પછી મદારીના માંકડાની જેમ આત્મા સંસારમાં નાચે જ કેમ? એનો વિચાર કરો. શ્રી જૈનશાસન પામ્યા પછી દુનિયાનું સ્વરૂપ ન સમજાય, જે રીતનું છે તે રીતનું, તે જાતિનું ધ્યાનમાં ન આવે તો આપણે પામ્યા શું? શાસન પામ્યાનો સાર શો? શ્રી જિનેશ્વરદેવનું શાસન પામેલા આત્માને દુનિયાના પદાર્થો આ રીતે કેમ જ મુંઝવે? જડ પદાર્થો આત્માને કેમજ ઠગે? મિથ્યાત્વ હતું ત્યાં સુધી તો અજ્ઞાન હતા. સંસારના સ્વરૂપનો ખ્યાલ ન હતો એમ કહીએ તો ચાલે પણ હવે શું કહીએ? સમ્યગ્દૃષ્ટિ આત્મા શું કહે? આર્ય દેશ મલ્યો, ઉત્તમ કુલ મલ્યું, ભગવાન શ્રી મહાવીરદેવનું શાસન મલ્યું છતાં દુનિયાના પદાર્થો જો આપણને ગાંડા ને ઘેલા કરે, એ પદાર્થોનાં સરવૈયાં કાઢીયે અને આત્માના સરવૈયાની વાત ન કરીએ તો આપણને પ્રાપ્તિ શી થઇ? જે માગણીથી સમ્યક્ત્વ મલિન થાય તે કેમ જ માંગાય?

ત્રિજગદ્બંધુ દેવાધિદેવ શ્રી વીર પરમાત્મા પોતાના મુખ્ય શિષ્ય ગૌતમ મહારાજાને ઉદ્દેશીને વારંવાર એકજ

ઉપદેશ આપે છે, કે હે ગૌતમ! 'સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ, સમય એ અતિ સુક્ષ્મકાળ છે. સેકન્ડનો પણ અસંખ્યાતમો ભાગ થાય છે. એથી બારીક કોઇ કાળની ગણના નથી. એટલા કાળનો પણ પ્રમાદ આત્માને મહાન અહિતકર છે." શ્રી સર્વજ્ઞ શાસ્ત્રનો આ ગંભીર ઉપદેશ છે. એની ગંભીરતા સમજવા અને એને જીવનમાં ઉતારવા જેટલો પ્રયાસ કરવામાં આવે તેટલો ઓછો છે.

રત્નો કરોડો આપતાં, પણ ક્ષણ ગયેલી ના મળે;
ઉપદેશ આ પ્રભુ વીરનો, સંભાળજે તું પળે પળે.

આ ઉપરથી સમજી શકાય તેમ છે કે આ માનવ જીવનની ક્ષણ પણ કેટલી કામની છે. દિવાળીના દિવસે તો જૈનોને તપ કરવાનું કહ્યું છે. જૈનોમાં રાત્રે ખાવાનો નિષેધ છે. આમેય દેવોનું (ભોજન) નૈવેદ્ય દિવસે અપાય છે, રાત્રે તો રાક્ષસને નૈવેદ્ય ધરાય. છતાં કેટલેક ઠેકાણે જૈનોમાં દીવાળીની રાતના કુળદેવ–દેવીઓના જુવાર (નૈવેદ્ય) થાય છે. આ અજ્ઞાનતા નહિ તો બીજું શું કહેવાય? જૈનો માટે સમજવા જેવી વાત છે. પછી તો જેને જેમ ઠીક લાગે તેમ કરે.

મહાપુરૂષોએ આપણને બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે કરોડો ભવમાં સંચિત કરેલા કર્મો તપ વડે ક્ષય પામે છે. એટલે તો તીર્થંકર થનારા આત્માને કર્મક્ષય માટે તપ કરવું પડે છે કે નહિ? તપ વગર સઘળા કર્મોનો નિકાલ **થતો નથી.**

તપના બે પ્રકાર છે: (૧) બાહ્ય અને (૨) અભ્યંતર.

ઉપવાસ કે એકાસણું કોઇથી ન થતું હોય પણ જમ્યા પછી બાળી–વાટકા ધોઇ પાણી પી જવાથી એક આયંબિલ તપનું ફળ મલે છે. જમ્યા પછી જેનાથી એટું ન મુકાય એ સંસ્કાર તો જૈનોને હોવા જોઇએ. સુવર્ણમાં રહેલા મેલને (મેળવણીને) જેમ અગ્નિ જુદો પાડે છે તેમ આત્મામાં રહેલા કર્મરૂપી મેલને તપ જુદો કરે છે. શુદ્ધ ભાવથી કરેલું તપ શ્રેષ્ઠ છે. તે કર્મની નિર્જરા કરનારૂં છે એક કાળ એવો હતો કે જે કાળે શુદ્ધ ભાવથી કરેલ તપની દેવો પણ અનુમોદના કરતાં હતાં.

દૃષ્ટાંત : —

એક નગરમાં એક શ્રાવિકાનું માસક્ષમણનું તપ ચાલતું હતું. તપના પારણાના દિવસે એ શ્રાવિકા ઊઠીને મનમાં ભાવના જાગી કે આજે કોઇ સાધુ ભગવંતને વહોરાવીને પછી પારણું કરવું. એવી ભાવનાથી એ શ્રાવિકા બહેન ઘરના બારણામાં સાધુ મહારાજની રાહ જોતા ઉભા હતાં. ત્યાં એક સાધુ ભગવંત કે જેમને પણ માસક્ષમણનું તપ હતું તે પારણાના દિવસે ગોચરી માટે નીકળ્યાં હતાં. તે કુદરતી એજ શ્રાવિકાના ઘરે વહોરવા પધાર્યા. શ્રાવિકાએ શુદ્ધ ભાવથી મહાત્માને આહાર–પાણી વહોરાવ્યાં. ત્યાં તો દેવોએ સોનૈયાની વૃષ્ટિ કરી. અને **અહો દાનમ્ ! અહો દાનમ્** ની ઉદ્‌ઘોષણા કરી.

એ શ્રાવિકાના ઘરની સામે એક વેશ્યાનું ઘર હતું. સામે રહેતી વેશ્યાને આ જોઇને થયું કે જૈન સાધુને દાન

આપવાથી આટલું બધું ધન મળે છે. તો હું પણ જૈન સાધુને દાન આપું. એવો વિચાર કરતી હતી ત્યારે રસ્તામાંથી એક ભાંડ પસાર થઇ રહ્યો હતો. તેણે વેશ્યાના આ વિચારો જાણ્યા. ભાંડ વેશ પરિવર્તનમાં ઘણું જ હોશિયાર હોય છે. એટલે તેણે સાધુને લગતી સામગ્રી ને કપડા વેચાતા લઈને વેશ બદલી સાધુનો વેશ પહેરી એ વેશ્યાના ઘરે આવ્યો. વેશ્યાને થયું કે હું સાધુને દાન આપું તો મને ખુબ જ લાભ થશે. (એને સમજ નથી કે જૈન સાધુ પૈસા કે સોના જેવી વસ્તુઓનું દાન લેતા નથી) એ તો પોતાની પાસે જે સોનાનાં ઘરેણાં હતાં તે સાધુના (ભાંડના) પાત્રામાં નાંખ્યાં. ભાંડે પણ પાતરા મોટા ને ઊંડા લીધાં હતાં એટલે સારો માલ સમાઇ ગયો. વેશ્યા તો ઊંચે જુએ છે, કે કયારે સોનૈયાની વૃષ્ટિ થાય છે. ત્યારે ભાંડે પાતરા ઢાંકતાં કહ્યું કે 'હે વેશ્યા ! સાંભળ,

"વો સાધુ, વો શ્રાવિકા, તું વેશ્યા મેં ભાંડ;
તેરા મેરા યોગશું, પત્થર પડશે રાંડ.

ભાવાર્થ:—ભાંડ વેશ્યાને કહે છે. એ દાન આપનાર શુદ્ધ શ્રાવિકા હતી અને દાન લેનાર શુદ્ધ સાધુ–મહાત્મા હતા. આ તું વેશ્યા છે, અને હું ભાંડ છું એટલે તારા અને મારા યોગથી પત્થર ન પડે તેનું ધ્યાન રાખજે. એમ કહીને ચાલવા માંડયું, વેશ્યા તો જોતી જ રહી.. થાય પણ શું ? કારણ કે એ કાળમાં ન્યાય તંત્ર સાચું હતું. આજના જેવું કાયદા તંત્ર ન હતું. વેશ્યાએ પોતાના હાથે

ભાંડને આપ્યું હતું એટલે એનાથી કાંઇ થઇ શકે તેમ ન હતું. (એટલે ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રોવા જેવું થયું.) આજના જેવું કાયદાતંત્ર હોત તો જરૂર ભાંડ ઉપર કોર્ટમાં દાવો કરત. આજનો ન્યાય તો જુઓ. કાયદા પાછળ કાનુનો લગાડીને ગુનેગારો છૂટી જાય છે. ન્યાય એટલે નિર્દોષ માર્યો ન જાય અને ગુનેગાર છુટી ન જાય તે જ સાચો ન્યાય કહેવાય. આજે તો ઘણા ખરા દોષિત નિર્દોષ છૂટી જાય છે અને નિર્દોષ કોઇ વખત માર્યો જાય છે. કારણ ન્યાય કરતાં કાયદાને માન વધુ અપાય છે.

દોષિતને છુટી જવા માટે પૈસો એક ઘણું મોટું બળ બની જાય છે. એના બળે કાયદાના નિષ્ણાતોને રોકી શકે છે અને એ નિષ્ણાતો પોતાના દિમાગને કામે લગાડીને ખુલ્લા દોષિતને પણ કાયદામાંથી છટકાવી દઇને મહાન વકીલનું બિરૂદ મેળવી લે છે.

ન્યાય કરનાર ન્યાયાધીશ પોતે પણ કાયદાની નજરે જ જોવા બંધાયેલા હોય છે. એમને ન્યાય કરવા કરતાં કાયદો વધુ જોવાનો હોય છે. આથી જ એક ન્યાયાધીશે એક ગુનેગારને કહ્યું કે "મને તો તું ચોક્કસ અપરાધી લાગે છે. પરંતુ કાયદાની જાળમાં તું આવી શકતો નથી તેથી તને નિર્દોષ છોડી મુકું છું. હવે આને ન્યાય કહેવો કે કાયદો કહેવો ? દાવપેચોમાં હોશિયાર શ્રીમંત અપરાધીઓ ઉસ્તાદ વકીલો રોકીને નિર્દોષ છુટી જતા હોય છે. જ્યારે ગરીબ માણસો એવા વકીલ ન રોકી શકવાને કારણે સજા પામતા હોય છે. એને ન્યાય કેમ કહેવાય ?

ન્યાય તો પ્રાચીન ભારતમાં હતો કે જ્યાં અપરાધી રાજાને કાજીએ સખત સજા ફટકારી હતી. ત્યારે રાજાએ કહ્યું કે જો આવી સજા ન ફટકારી હોત તો હું તારું ધડથી મસ્તક ઉતારી લેત. ન્યાયાધીશે કોઈની શેહ—શરમમાં આવવું જોઈએ નહિ. તે સાચો ન્યાય કહેવાય. આવા રાજા આ કાળમાં શોધ્યા જડે તેમ છે? હુમણાંના સત્તાધારીઓને પુછો કે રામ રાજ્ય આટું કેમ કહેવાતું? રાજ્યના સુકાની (રામ) સારા એટલે જ તો રાજ્યનો કારભાર સારો ચાલતો. જેના કારણે રાજ્યને 'સુરાજ્ય' કહેવાતું કે નહિ?

બોલવું એ જુદી વાત છે અને તેનું આચરણ કરવું એ જુદી વાત છે. આ કાળમાં બોલનાર વધ્યાં છે પણ એનું આચરણ કરનાર બહુ જ વિરલા છે. જે કાળમાં જેન રાજા હતાં તે કાળની પ્રજા સુખી અને સંતોષી હતી. અને રાજ્ય પણ ન્યાયપૂર્વક ચાલતું. (આજના કાયદાની જેમ નહીં.) આજના શાસકો પોતે શું કરી રહ્યા છે? અને તેમના સુબુત્રો કે કુટુંબીઓ કેવી રીતે જીવન જીવી રહ્યા છે તે તો એમના અંગત પરિચયમાં હોય તે જ જાણતા હશે. તે સિવાય તો જ્ઞાની ભગવંતો જાણી શકે.

આજના શાસકો ભાષણો આપીને આંકડા બતાવે તે પેપરોમાં આવે તે સમજીને પ્રજાને સંતોષ માનવાનો. પ્રજાને તો કર આપવાનો જ અધિકાર છે. તે પણ ૧૯૪૭ મા દેશ આઝાદ થયા પછી કર પણ કેટલો? મધ્યમ વર્ગની કમર તૂટી જાય એટલો કે નહી? પછી ભલે એ પૈસાનો

સદુપયોગ કે દુરુપયોગ ગમે તે રીતે થતો હોય તેની તો પ્રભુને અગર ગુરુ પડે. આ તો કાળ કાળનું કામ કરે છે. એ તો જ્યારે કુદરત પરચો બતાવે ત્યારે જ ખોટા કરનાર સમજી શકે. બાકી તો કોઈનું કામ પણ નથી.

બળ, બુદ્ધિ અને ધન એ ત્રણેનો સારા માર્ગે સદુપયોગ થાય તો જ મનુષ્ય અવતાર સફળ થયો કહેવાય.

સિકંદર બાદશાહે પોતાના ગુમાનમાં જગતની પાયમાલી કરી પણ એક જ જૈન સાધના સમાગમથી એની શાન ઠેકાણે આવી ગઈ. જૈન ધર્મના સાધુઓની ઇતર ધર્મના ધર્મગુરુઓ કેવી શક્તિ અને સાધના સમજતાં હતાં એ ઉપર **દૃષ્ટાંત :—**

જગતને જીતનાર સિકંદર બાદશાહને તેના ધર્મ-ગુરુએ કહ્યું કે, હે સિકંદર ! "તેં ભલે જગતને જીત્યું પણ હજી પૂર્ણ વિજેતા નથી. સંપૂર્ણ વિજેતા તો ત્યારે જ કહેવાઈશ જ્યારે જૈન ધર્મના સાધુઓને જીતીશ. હમણાં તું દેશને જીતવા જાય છે વળતાં જૈન સાધુને જીતીને તારી સાથે લેતા આવે તો હું સમજું કે તું બધાને જીતી શકવાની શક્તિ ધરાવે છે."

બસ, એ સાંભળીને સિકંદરે કહ્યું કે એમાં શી મોટી વાત છે. જૈન સાધુ કયા ઝાડના મૂળા છે એક ચપટી વગા-ડતા એમને કબ્જે કરી દઈશ. અને મારી સાથે લેતો આવીને તમને બતાવીશ.

તે વખતે સિકંદરના ધર્મગુરુએ કહ્યું, બાદશાહ !

એ બોલવું સહેલું છે. પણ જૈન સાધુને જીતવા (કબ્જે) કરવા બહુ જ મુશ્કેલ છે. તેનો હજી તને પાકો અનુભવ નથી, પણ જોઉં છું કે તું શું કરી શકે છે?

પછી સિકંદર બાદશાહ પોતાના લશ્કર સાથે જે દેશને જીતવા ગયો તેને જીતીને પાછો ફરતાં એને પોતાના ધર્મ ગુરુએ કહેલું યાદ આવ્યું. એટલે પોતાના સિપાહીઓને હુકમ કર્યો કે ગમે ત્યાંથી પણ જૈન સાધુને મારી પાસે તેડી આવો. સિકંદરનો હુકમ થતાં તેલી બાઉં, તબલી બાઉં કબ કબ કરતાં નીકળી પડ્યાં જૈન સાધુને શોધવા માટે. તે શોધતાં શોધતાં એક પહાડ પાસે આવ્યાં. ત્યાં પહાડ ઉપર જૈન સાધુને ઉભેલા જોયાં. બસ, રાજી થતાં પહાડ ઉપર ચડીને જૈન સાધુ પાસે પહોંચ્યાં. ત્યારે જ સાધુ-મહાત્માએ કાઉસ્સગ્ગ પાળ્યો હતો. એટલે આંખ ખુલ્લી હતી. સીપાઇઓએ તો સિકંદરનો સંદેશો કહ્યો. ગમે તેમ કરીને તમને બાદશાહ પાસે અમે લઇ જવાના છીએ. એટલે રાજી ખુશીથી અમારી સાથે ચાલો. અને અમારો બાદશાહ એટલો તવંગર છે કે તમને ન્યાલ ન્યાલ કરી દેશે.

જુઓ. અજ્ઞાનીઓ જૈન સાધુને પોતાના ધર્મના સાધુઓ સમજી લે છે. સાધુ મહારાજે તો બસ એટલું જ કહ્યું કે મને નથી તારા સિકંદર બાદશાહનું કામ કે નથી બાદશાહના પૈસાનું કામ. બાદશાહને જઇને કહે કે જૈન સાધુ પોતાની જ સાધનામાં મશગુલ રહે છે. એને જગતની કાંઈ પડી નથી. સિપાઇઓએ ઘણી દમદાટી આપી પણ

ચારિત્રના તેજ આગળ બિચારાનું કાંઇ ચાલ્યું નહીં. એટલે વીલે મોઢે પાછા ફર્યા. અને જઇને સિકંદરને બનેલી ઘટના કહી. ત્યારે સિકંદર ધુવાં કુવાં થઇ ગયેા અને બેાલ્યેા કે એવેા વળી જૈન સાધુ કયેા મૂર્ખ છે કે મને હજી એ ઓળખતેા નથી એને પણ બતાવી આપું કે જગતને જિતનાર સિકંદર પાસે તું એક કબૂતર છે.

સિકંદર પેાતાના વજ્જર સાથે સિપાહીઓને તેડીને જૈન સાધુ જે પહાડ ઉપર હતા ત્યાં આવ્યા. સાધુ મહાત્મા તેા તે વખતે કાઉસ્સગ્ગમાં હતાં એટલે આંખેા બંધ હતી. સિકંદરે કહ્યું કે હે સાધુ ! શું કરવા આંખેા બંધ કરીને ઊભેા છે. આંખેા ખેાલીને જો. હું તારી પાસે જગતને જિતનાર (વિજેતા) સિકંદર ઊભેા છું પણ સાધુ તેા કાઉસ્સગ્ગમાં હતા એટલે સિકંદરનું બેાલેલું ફેાકટ ગયું. સિકંદર પણ ચારિત્યનું તેજ જોતેા જ રહ્યો. શાન્ત ઉભા રહીને જોયા કર્યું કે હવે સાધુ શું કહે છે. સાધુએ કાઉસ્સગ્ગ પાળ્યેા એટલે આંખેા ખેાલી જોયું તેા સામે મુસલમાન બાદશાહ ઉભેા છે પણ સાધુને તેા કાંઇ ભય હતેા જ નહીં. એટલે કાંઇ પણ બેાલ્યા નહી. ફરીથી સિકંદરે કહ્યું કે હે સાધુ ! જો તું મારી આજ્ઞા નહી માને તેા હું " તારા બુરા હાલ કરીશ. રાજીખુશીથી હું જે કહું તે માન્ય કરી લે. ત્યારે સાધુએ કહ્યું કે હે બાદશાહ તું જગતનેા ભલે બાદશાહ હોઇશ પણ જે જગતને (સંસારને) લાત મારી ફકીર (સાધુ) થઇ જાય છે તેને તારા જગતની અને તારી કાંઇજ

પડી નથી. જેથી તેને પાપ સિવાય કોઇનો ભય રહેતો નથી. તારા મનમાં જે ગુમાન છે તે કાઢી નાખ. કદાચ જો તું મારા ઉપર ગુસ્સે થઇશ તો તું શું કરી શકીશ ? મારા મોત સિવાય તારાથી બીજું કંઇ થાય તેમ નથી. મોતથી અમે ડરતા નથી. મરવું તો એક વખત છે જ અને તું પણ કયાં અમર રહેવાનો છો. મોડો વહેલો તું પણ આ જગતમાંથી ઉપડી જઇશ ત્યારે તારી સાથે આ કાંઇ ચાલવાનું નથી. નકામું ગુમાન કરીને જગતના જીવોને ત્રાસ આપીને પાપના પોટલા બાંધ નહી. પાપ તનેજ ભોગવવા પડશે. રોતાં પણ પાપથી છુટીશ નહી. અમે તો પાપને કાઢવા સંસારનો ત્યાગ કર્યો છે. તારો કે બીજા કોઇનો મને ભય નથી એટલે તો રાત-દિવસ આવા જંગલમાં જ રહીયે છીએ.

અમને તો અમારા (પરમાત્મા) જિનેશ્વર ભગવંતના આશિષ છે કે ગમે તેટલું કષ્ટ આવે તો પણ અમે લીધેલ નિયમ (ચારિત્ર્ય) ખંડિત કરશું નહી.

આ રીતે બાદશાહને સાધુ મહાત્માએ ઉપદેશ આપ્યો એટલે બાદશાહ મનમાં સમજી તો ગયો કે મારા ધર્મગુરૂએ કહ્યું હતું તે વાત સત્ય છે. છતાં પણ હજી એક વખત ચકાસી તો જોઉં કે ઢીલા પડે છે કે નહી ?

બાદશાહે કહ્યું કે 'તમને અમારી સાથે નગરમાં આવવા શું વાંધો છે ? હું તમને મારા રથમાં બેસાડીને લઇ જઇશ અને ત્યાં પણ તમને મનગમતા સુખ આપીશ. જેથી તમે મારી સાથે ચાલો.

ત્યારે સાધુએ કહ્યું કે મને તારા સુખની જરૂર નથી અને તારી સાથે રથમાં બેસવાની જરૂર નથી. અમે તો પગે ચાલીને (પાદવિહાર) જ્યાં જવું હોય ત્યાં જવાની અમારા ગુરૂની આજ્ઞા છે.

હમણાં તો ચાર મહિના સુધી મારી સ્થિરતા આ પહાડ ઉપર છે ત્યાં સુધી (ઉપવાસ છે) આહાર પાણીની પણ જરૂર રહેશે નહીં. અમારા ધર્મના સિદ્ધાંતો અને તારા ધર્મના સિદ્ધાંતોમાં આકાશ-પાતાળ જેટલું અંતર છે. તેનો તને અભ્યાસ પણ નથી. તું તારા ધર્મગુરૂને પુછીશ તો એ તને કહેશે કે જૈન સાધુ પોતાની સાધના માટે જ સાધુ થાય છે. તારા ગુરૂની જેમ કોઈને સુખ-દુઃખ કરવા સાધુ થતા નથી. જૈન સાધુ કોઈ રસ્તામાં રખડનાર જનવર નથી કે તેને ગમે તે પકડીને લઈ જઈ શકે. આ રીતે કડવી પણ મધુર વાણીમાં બાદશાહને બધું સમજાવી દીધું.

બાદશાહ (ઠીલો પડી ગયો) સમજી ગયો કે આ સાધુ કોઈ પણ રીતે મારી સાથે આવશે નહીં. કદાચ હું જોર જુલ્મ કરીશ તો પણ આ સાધુ ડરશે નહિ. એનામાં સાધનાનો તપ છે. અને આત્મ-શક્તિ જબ્બર છે. આમ બાદશાહ ભલે હિંસાવાદી ધર્મનો હતો પણ એનામાં સમજવાની વિવેક શક્તિ સારી હતી. એટલે સાધુની વાત ઉપરથી સમજી ગયો.

પછી બાદશાહે કહ્યું કે ભલે તમે મારી સાથે નગરમાં ન આવો પણ મારા ઉતારે આવો તો ત્યાં હું તમને

કાંઇક આપીને લાભ લઇ શકું. ત્યારે સાધુએ જવાબ આપ્યો કે અમે તો બધું જ ત્યાગી દીધેલું છે. હવે એની વાતો કરવી ફોગટ છે એટલે તું તારે રસ્તે જા અને મને મારી સાધના કરવા દે.

ત્યારે બાદશાહે આજીજી કરીને કહ્યું કે તો મને કાંઇક લાભ આપો અને મારા હિતની વાત કહો. એટલે સાધુ મહારાજે કહ્યું કે હે બાદશાહ! તું એક વાતનો ખ્યાલ રાખજે કે "જે વસ્તુ આપણે બીજા કોઇને આપી શકતા નથી તે વસ્તુનો આપણે લેવાનો અધિકાર પણ નથી. અને એ વસ્તુ છે જીવ." બાદશાહ! તું ઘણાના જીવ લે છે પણ તું કોઇને જીવ આપી શકે છે? બાદશાહે કહ્યું, ના. તો તારે બીજાના જીવ લેવાનો અધિકાર પણ શો? એટલે આજથી પ્રતિજ્ઞા કર કે હવેથી કોઇના જીવ લઇશ નહીં. (મારીશ નહીં.)

એજ વખતે બાદશાહ સિકંદરે સાધુ–મહાત્માની સમક્ષ પ્રતિજ્ઞા કરી. સાધુ–મહાત્માને નમસ્કાર કરી ચાલવા માંડ્યું અને પોતાની નગરીએ પાછા ફર્યા પછી પોતાના ધર્મગુરૂને કહ્યું કે જૈન સાધુ તો બાદશાહના પણ બાદશાહ છે. એમને જીતવાની તાકાત મારામાં પણ નથી. આ રીતે સિકંદર બાદશાહનો ગર્વ ઉતારનાર જૈન સાધુમાં ચારિત્ર્યનો પ્રભાવ કહેવાય. ચારિત્ર્ય કાંઇ મામુલી વસ્તુ નથી.

ચારિત્ર્યને તો દેવોના દેવ ઇન્દ્રો પણ નમસ્કાર કરે છે. એટલે તો કૃષ્ણ (વાસુદેવે) ચારિત્ર્યની દલાલી કરી હતી. પોતે (વાસુદેવ) ચારિત્ર્ય લઈ શકતા નથી. કારણ કે વાસુદેવને ચારિત્ર્યનો ઉદય હોતો નથી.

રાણી થવું છે કે દાસી ?

શ્રી કૃષ્ણ મહારાજા પોતાની દિકરીઓને પુછતા હતા કે રાણી થવું છે કે દાસી ? રાણી થવાનું કહેતાંજ એને શ્રી નેમનાથ ભગવાન પાસે (દીક્ષા) ચારિત્ર્ય અપાવતાં. ફક્ત એક દિકરીએ કીધું કે મને દાસી થવું છે. તેને કોઇ સામાન્ય માણસ સાથે પરણાવી એમ સાંભળેલ છે. પણ ચારિત્ર્યની દલાલી બહુ જ સારી કરી હતી. તેણે પોતાની નગરીમાં જાહેર કર્યું હતું કે જેને નેમનાથ ભગવાન પાસે ચારિત્ર્ય (દીક્ષા) લેવું હશે તેની પાછળની સંપૂર્ણ જવાબદારી કૃષ્ણ મહારાજ પોતે સંભાળી લેશે.

આ ધર્મ દલાલીથી સમ્યકૃત્વને પામી ગયાં અને આવતી ચોવીશીમાં ૧૨મા તીર્થંકર અમમનાથ નામે થશે.

ધ્યાન યોગ :—

રહસ્ય પૂર્ણ અર્થ સમજાય નહિ ત્યાં સુધી દેહાધ્યાસ છૂટી શકતો નથી. દેહાધ્યાસ એજ પ્રત્યેક દુઃખોની જડ છે. જેથી દેહાધ્યાસમાંથી મુકત થવા માટે યોગ માર્ગ (ધ્યાન યોગ) પરમ આદરણીય છે.

સર્વ સાધારણ સુવાકયોની પાછળ પણ ઘણું ઘણું રહસ્ય રેડવામાં આવેલું છે. પરંતુ માયાના પડદાઓ ચીરાય નહીં ત્યાં સુધી તેનો તત્ત્વપૂર્ણ અર્થ પકડી શકાય નહિ.

"बन्दे कोई नहि है अपना, यह जग है सुन्दर सपना।"

બજારના રોડ ઉપર એક સંન્યાસી આ પ્રમાણે બોલતો હતો. ત્યારે રામશંકર નામનો કોઇ એક ગૃહસ્થ સન્યાસી

પાસે જઈને પૂછે છે પ્રભુ ! આ જે તમે બોલો છો તેનો અર્થ હું સમજી શકતો નથી. એથી કૃપા કરી આપ અર્થ સમજાવશો. સંન્યાસીએ કહ્યું તારે એનો અર્થ સમજીને શું કરવું છે ? તારી સૂરતા કાયા અને માયામાં લાગેલી છે તેથી તેનો અર્થ તારાથી સમજી શકાશે નહિ. પણ રામશંકરને તો લગની લાગી છે કે કોઇ પણ રીતે એ સોનેરી સૂત્રનો અર્થ મારે સમજવો જોઇએ. સંન્યાસીએ કહ્યું એનો અર્થ સમજવાની હાર્દિક આતુરતા છે તો તારે મારા આશ્રમે આવવું પડશે. પછી રામશંકર સંન્યાસીના આશ્રમે જવા લાગ્યો. અને પ્રાણાયામની પ્રક્રિયા શિખી લીધી.

ગુરૂકૃપાથી થોડા જ સમયમાં રામશંકરે પ્રાણાયામ ઉપર પ્રભુત્વ મેળવી લીધું. (પ્રાણાયામ એટલે પોતાના આત્મા ઉપર કંટ્રોલ કેળવવો તે યોગને પ્રાણાયામ કહેવામાં આવે છે.)

એક દિવસ સંન્યાસીએ રામશંકરને યોગ શિક્ષા આપીને ઘરે જઈને પ્રાણાયામ કરવા કહ્યું. એટલે રામશંકર એક દિવસ પ્રાણાયામની ક્રિયામાં જોડાયેલો છે. તે વખતે ઘરના લોકો જમવા માટે બોલાવે છે પણ બોલેજ કોણ ? પ્રાણાયામની પ્રક્રિયામાં રહેલો માણસ તે વખતે શબ (મડદા) જેવી સ્થિતિમાં હોય છે. રામશંકરને મડદા જેવી સ્થિતિમાં પડેલો જોઇ ઘરના લોકો કલ્પાંત કરવા લાગ્યા. આમ તેમ દોડવા લાગ્યા અને સંન્યાસીને બોલાવી લાવ્યા. તે વખતે ઘરના માણસો ઝુરી રહ્યાં છે. સંન્યાસી તે લોકોને આશ્વાસન આપે છે. સાંભળો ! આ રામશંકર જીવંત થશે પરંતુ તેને સજીવન કરવા માટે કાળજાનું માંસ જોઇશે. બોલો આપવા

માટે છો તૈયાર ? પરિણામ શૂન્ય. કોઈ કાંઈ આપી શકયું નહિ. આ સમયે સંન્યાસી રામશંકરને ઉપરોકત સૂત્રનો અર્થ સમજાયો. જેથી તે ઘર છોડી સાધુ થઈ ચાલી નીકળ્યો.

ક્ષાંવત્સરિક ક્ષમાપના :

'ખમ્યા જ્યાં સાક્ષીના રાક્ષસો, નથી ત્યાં વેર અંતરમાં;
અહો એ દિવ્ય સાક્ષીનાં, દયાના મેઘ પ્રગટે છે.'

કેટલી ઉંચી ક્ષમાપના છે.

મિચ્છામિ દુક્કડમ્ એટલે શું ?

મારા જીવે મન, વચન, કાયાએ જે કાંઈ તમારા માટે ખોટું કર્યું હોય તે નાશ થાઓ. અર્થાત્ નિષ્ફળ જાઓ. અને ભવિષ્યમાં ન થાઓ તેનું વચન, આ રીતે મિચ્છામિ દુક્કડમ્ છે.

આ જમાનામાં અપ્રિય પણ હિતકર વચનો કહેનારા અને સાંભળનારા દુર્લભ છે. જેને સ્વહિત સાધવું હોય તેને અહંકારથી મુકત બનીને વડીલો જે શિખામણ કે સલાહ આપે અથવા ભૂલ માટે ઠપકો આપે તેને શાન્તિથી અપનાવવાની ટેવ પાડવી જોઈએ. આપણે એ ભૂલવું ન જોઈએ કે જ્યાં સુધી આપણી ભૂલ બદલ હિતકારક કડવાં વચનોને સાંભળવાની તાકત નહિ આવે ત્યાં સુધી ભૂલ સુધરશે નહિ. અને વિવેક આવશે નહિ.

વાંચકો ! યાદ રાખજો કે ખુશામત કરનારા કે ખોટી વાહવાહ કરનારા મળી જશે પણ આપણા જ હિત માટે ભૂલો બતાવીને હિતકર કડવો ઉપદેશ આપીને આપણને સંસ્કારી બનાવવાવાળા દુર્લભ છે. માટે જ કહ્યું છે કે અપ્રિય પણ હિતકર વચનને સાંભળનારા અને કહેનારા દુર્લભ છે.

હિતકર વાણી (સાચી શિખામણ) કહેવાની ભાવનાવાળાઓમાં પણ ઘણાને કડક શબ્દોમાં કહેવાનો વખત આવે તો સામી વ્યકિતને ખોટું લાગશે તો ? અથવા મને કાંઇક નુકશાન થશે તો ? આવા અનેક કારણો સર કહી શકતા નથી. બહુ ઓછા જીવો આવી વાણી સાંભળી શકે છે. આવી વાણી સાંભળવાનો વખત આવે ત્યારે માણસે પોતાનું અપમાન થયું છે, વ્યકિતત્વ ઘવાયું છે એમ માનીને તે વાણી સાંભળી શકતા નથી. આ એક જાતની માનસિક નબળાઇ અહંકારાદિ દોષોને આભારી છે.

હિતશિક્ષા આપનાર કલ્યાણ મિત્ર છે. ઘણા માણસો પોતાને શિખામણ કે ભૂલ બદલ ઠપકો આપનાર હિતેચ્છુ કે વડિલ વગેરેને મારા શત્રુ છે એમ માનવા લાગે છે. અહંકારથી વિવેકરૂપી ચક્ષુ બિડાઇ જવાથી તે સત્યને જોઇ શકતો નથી.

જો અહંકાર જાય અને વિવેક રૂપી ચક્ષુ ખુલે તો શિખામણ આપનાર કે ભૂલ બદલ ઠપકો આપનારા વડિલ વગેરે કલ્યાણ મિત્ર લાગે. જેને સાચી લાગણી હોય તે

સાચું કહે અન્યથા તો સમજે કે એ ગમે તેમ વર્તે તેમાં મારે શું ?

કમણાં જમાનો બહુજ વિવેકી આવી ગયો છે. નાની નાની બાબતોમાં આભાર માનવાનો અને સભાઓ ભરવાનો. જમાનાની બુરાઓ નીચે આભારથી જાણે સાની વ્યક્તિને ઢાંકી દેવાનો નુસ્ખોય અજબ-ગજબનો જ છે ને ? (આ તો લોકરંજન કામગીરી છે)

વિચારો, એમાં રહેલા સ્વાર્થ ને વિવેક કેવો દિલનો દરવાજો ખોલે છે....

છે ને દુનિયા દો રંગી ખેલ.

છાસવારે શોકસભાઓ, બહુમાનની સભાઓ વગેરે વગેરે....મોટાઈઓ માનવીને જોઈએ છે.

હા. બહુમાન ધર્મનું, ધર્મગુરૂનું, તપસ્વીનું અને ચારિત્ર્યનું (દીક્ષાવાળા જીવનું) જરૂર થાય. પણ એ બહુમાનમાં પ્રમુખ સ્થાન લેવાનું પણ મુલ્ય ચુકવવું પડે છે. તે ફક્ત પૈસાથી નહીં સાથે ત્યાગથી. એ ઉપર મેં એક વાત સાંભળી છે. જે અહીં કહું છું. એક સદ્‌ગૃહસ્થ જેટલા દીક્ષાર્થીઓના બહુમાનમાં પ્રમુખ સ્થાને રહ્યાં એટલો વખત એક એક વસ્તુનો ત્યાગ કર્યો હતો. એમણે કીધું કે આ સંસારનો ત્યાગ કરનાર આત્માનું બહુમાન ફોટમાં પ્રમુખ સ્થાને રહેવાથી થતું નથી પણ એમણે સંસારનો ત્યાગ કર્યો તો વધુ નહિ તો એક વસ્તુનો ત્યાગ મારે પણ કરવો જ જોઈએ. એ રીતે તેઓ

૨૭ જેટલી દીક્ષાર્થીના બહુમાનમાં પ્રમુખ સ્થાને રહ્યાં તેટલી ચીજોનો ત્યાગ કરેલ. આવાં આત્મા પ્રમુખ સ્થાને રહેવાથી ધર્મની શોભા વધે છે.

"લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નવ ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
તેનો વિચાર નહિ અહોહો...એક પળ તમને હવો."

સંસારના બધાજ ભૌતિક આનંદના પરિણામ ક્યારેક આસુમાં જ આવતાં હોય છે. આજે હસનાર કાલે રડતો હોય છે.

દેખ કિસ્મતકી બુરાઈ, દિન બુરે આને લગે;
પહેલે ફુલોંસે ખેલતે, અબ ઠોકર ખાને લગે.

દૃષ્ટાંત :—

લાખોનો વેપાર કરનાર એક શ્રીમંત અવેરી કર્મનો ઉદય થતાં થપ્પડ ખાઇ બેઠો ને બધી સંપત્તિ ગુમાવી દીધી. એટલે મુંઝાવા લાગ્યો.

'પત્નીનું શું થશે ?'

પત્નીએ કહ્યું " બાળક નાનું છે, ઘરમાં કાંઇ રહ્યું નથી "

"તમારા બન્નેનું શું થશે ?"

પત્નીએ કહ્યું " ચિંતા ન કરો, તમે છો તેથી અમારે બધું જ છે. "

પરંતુ શેઠને બહુ જ આઘાત લાગ્યો હતો, આંખમાં આંસુ સાથે કહ્યું "હું જાઉં છું, ઘરમાં હોય ત્યાં સુધી આજે, પૈસાની જરૂર પડે ત્યારે તિજોરીમાં એક બહુ મૂલ્યવાન હીરો છે. તે બીજા કોઈ ઝવેરી પાસે ન વેચતાં મારા અમુક મિત્ર પાસે વેચાવજો." આટલું કરી શેઠ આઘાતમાં આ ફાની દુનિયા છોડી ચાલી ગયા.

માતા-પુત્રે ઘરમાં જે કાંઈ હતું તેથી ગુજરાન ચલાવ્યું. પુત્ર સોળ વર્ષનો થયો. ઘરમાં કાંઈ રહ્યું નહીં ત્યારે માતાએ પેલો હીરો કાઢી મિત્રની દુકાને તે ગીરવે મૂકી પૈસા લઈ આવવા પુત્રને કહ્યું.

જે આપત્તિમાં સહાય કરે છે તે જ સાચો મિત્ર છે.

છોકરો હીરાનું પેકેટ લઈ શેઠ પાસે ગયો અને વાત કરી. પડીકું જોતાંજ શેઠ સમજી ગયાં. બાળકને પ્રેમથી બેસાડ્યો ને કહ્યું "બેટા ! તું આ પેકેટ લઈને કેમ આવ્યો છે ?" છોકરાએ બધી જ વાત વિગતે કરી. શેઠે લક્ષ્મી અને તેના ઉપયોગ વિષે વિચાર કર્યો. લક્ષ્મી વિજળી જેવી ચપળ છે. ચારે દિશાના પવન વચ્ચે દીવો સ્થિર રહી શકતો નથી. તેવી લક્ષ્મી પણ ચંચળ છે.

શેઠે કહ્યું. "આ હીરો મૂલ્યવાન છે, પરંતુ અત્યારે ભાવ મંદ છે. હીરો તમારે ઘેર રાખી મુકો, જરૂર પડે હું મંગાવી લઈશ. આ પાંચ હજાર તું લઈ જા અને હજી ચાર પાંચ વર્ષ ભણીને પછી મારી પેઢી ઉપર આવી જજે." પાંચ હજાર રૂપીયા લેવાની છોકરો ના પાડેછે. ત્યારે શેઠ કહે છે,

"તું લઈ જા, એનું વ્યાજ નથી લેવાનું. એને ચોપડે લખવા પણ નથી."

પુત્રે ઘેર આવી માતાને બધી વાત કરી ત્યારે માતાની આંખમાં આસું આવી ગયાં. પોતે એને કદી જોયા નથી. શેઠે કદી પરિચય કરાવ્યો નથી. પરંતુ મિત્રની ઉદારતા જોઈ ખુશી થઈ.

'જનની જણ તો ભક્તજન, કાં દાતા કાં શુર.'

છોકરાએ અભ્યાસ પુરો કર્યો. ને પેલા અવેરી શેઠની પેઢી ઉપર બેસવા લાગ્યો. ત્રણ ચાર વર્ષમાં હોંશિયાર થઈ ઠીક ઠીક કમાવા લાગ્યો. ત્યારે શેઠે તેને ઘેરથી હીરો લઈ આવવા કહ્યું : છોકરાએ ઘેર જઈ તિજોરીમાંથી પડીકું કાઢી હીરો જોયો ને તરત જ સમજી ગયો કે આ મૂલ્યવાન હીરો નથી પરંતુ માત્ર કાચનો ટુકડો છે. એ કાચને ફેંકી દીધો. હવે તેની દૃષ્ટિ ખુલી ગઈ હતી.

આપણે પણ આ આત્મારૂપી સાચા હીરાને ઓળખ્યા વિના પુદ્ગલના લોચાને હીરો માની સંઘરી રાખીએ છીએ. પરંતુ અંતરના અજવાળાં ઉઘડતા દિવ્ય દૃષ્ટિ ખુલે છે ત્યારે જ સાચા ખોટાની પરખ થઈ જાય છે.

છોકરો માતાની આગળ બધી વાત રજુ કરે છે ને કહે છે, "શેઠે આ કાચના ટુકડાને ઘરમાં રાખ્યો હોત અથવા આપણને સાચી વાત કહી દીધી હોત તો આપણી શી દશા થાત!" શેઠનો બંને જણા ખુબ જ ઉપકાર માને છે. ને તેમની સહાયથી છેવટે સ્વતંત્ર ધંધો કરતો થાય છે.

પુણ્યયોગે તે ધનવાન બને છે ને શેઠનો કર્મોદય થતાં તે ગરીબ થઈ જાય છે. ઘરબાર વેચાઈ ગયાં, પેઢીઓ ફના થઈ ગઈ, નોકરી માટે ફાંફા મારવા લાગ્યાં. (જુઓ કર્મના ખેલ) બે એક વર્ષથી છોકરો પરદેશ ફરતો હતો તે પાછો ફરે છે ને પોતાના ઉપર ઉપકાર કરનાર શેઠની સ્થિતિ જાણે છે ત્યારે બધું જ તેમને ચરણે ધરી તેમને ત્યાં આવવા કાગાવાલા કરે છે. શેઠ ત્યાં રહે છે. પરંતુ હવે તેમને સંસાર સ્વરૂપનું ભાન થઈ ગયું છે. સ્વ-પરનો વિચાર થવા માંડયો. આત્મભાન થવા માંડયું છે. એટલે ધર્મ આરાધનામાં લાગી જાય છે. ધર્મ એજ આત્માનો સાચો મિત્ર અને રક્ષણ કર્તા છે.

આ કાળમાં આવા મિત્રો શોધ્યા જડે તેમ છે?

આ જમાનામાં તો પૈસાના ગુમાનમાં (પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ.) અને તેમાં કોઈ હોદ્દો (સત્તા) મલી જાય તો પછી પૂછવું જ શું? આ તો અરૂં છે કે માણસ જેમ જેમ સત્તા અને દ્રવ્યમાં વધતો જાય છે તેમ તેમ તેને અહમ્‌પણું આવી જાય છે. સત્તા અને ધનની અદાઈમાં મશગુલ રહેતો હોય તેને ખુશામત જ સારી લાગે પણ ખુશામત કરનારા તો સ્વાર્થી જ હોય ને?

ઘણાની સમજાવવાની પદ્ધત્તિ એવી હોય છે કે સાંભળનારની સાથે જ માણસનાં હૃદયમાં પ્રસરી જાય છે. આવા મનુષ્યો પ્રતિભાશાળી કહેવાય છે.

પ્રતિભાનો પ્રકાશ :—પ્રતિભાનો પ્રકાશ વય સાથે સંકળાયેલો નથી હોતો! દેહની દિવસ મર્યાદા કંઈ એ પ્રકાશમાં વિકાસ લાવે એવું નથી! પૂર્વના પુણ્ય સાથે સંકળાયેલા એ પ્રકાશ બાળકમાં પણ જડી આવે અને વૃદ્ધમાં એનો અંશે ય ન જડે. એમ પણ બની શકે છે. પ્રતિભા એટલે પરાજયને વિજયમાં ફેરવનાર આત્માની શક્તિ. આવી પ્રતિભાવાળો માનવ પરાજયમાં પણ વિજયનું સ્મિત કરી જાણે છે. આ પણ ગત ભવનું પુણ્ય છે.

હમણાંનો કાળ તો ખુશામતનો કાળ છે. અને એમાં બળિયાના બે ભાગ. એમાં જો બુદ્ધિ ભળે તો થાય ચાર ભાગ. અને એમાં જો લાગવગ લાગી જાય તો થાય છ ભાગ. એ નાટક ચાલે છે. પૂર્વે જે શાંતિમય વાતાવરણ હતું એજ સ્થાને આજે ધાંધલીયું અને અશાંતિમય વાતાવરણ સર્જાઈ રહ્યું છે. અને એવી રીતે લગભગ સંસ્થાઓ અને મંડળો ચાલે છે.

: દુહો :—

"જન્મ લઈને જગતમાં, કહો તમે શું શું કર્યું;
પુન્યનું કે પાપનું, કેટલું ભાથું ભર્યું.
હિસાબ પડશે આપવો, ત્યારે કાંટાની ધાર ખુંચશે;
યાદ રાખો એજ પ્રશ્નો કુદરત (કર્મરાજા) તમને પૂછશે.
હજી છે હાથમાં બાજી, કરીલે પરમાત્માને રાજી;
પ્રભુનો શિષ્ય કહે, તારા મૃત્યુ પછી છે શું?

મનુષ્યને પુણ્યથી બધું સીધુ પડે છે. તે ઉપર દૃષ્ટાંત :

એક વ્યક્તિની હાથની રેખાઓ જોઈને જ્યોતિષે કહ્યું કે "ભાઈ! તમારૂં પુણ્ય ખૂબ પાવરફુલ છે. ગમે તેટલું ઉંધું કરો તો પણ સીધું પડે એવું જોરદાર તમારૂં પુણ્ય છે." પેલાએ વિચાર કર્યો કે જ્યોતિષે કહ્યું તે ઠીક પણ પારખું કરવું જોઈએ. ખૂબજ વિચાર કરીને તેણે એક બહુ મોટું ઊંધું કામ વિચારી લીધું. આ યુવાન ગામના રાજાનો મિત્ર હતો. રાજાને તેના પર સારી પ્રીતિ હતી. બીજે દિવસે રાજદરબારમાં ગયો. રાજા હજુ આવ્યાં ન હતાં. રાજાના મંત્રીઓ વગેરે બેઠાં હતાં. તેમની સાથે આનંદ-પ્રમોદની થોડી વાતો કરી, થોડી વાર થઈ ત્યાં રાજા આવ્યા. બધાએ તેમને ઉભા થઈને માન આપ્યું. રાજાએ સુંદર વસ્ત્રો પહેરેલાં હતા. માથે રાજમુગટ હતો તેમાં ફુલનો ગજરો ભરાવેલ હતો. રાજા જેવા નજદિક આવ્યા કે પેલા મિત્રે તેમને એક થપાટ જોરપૂર્વક ફટકારી. રાજાના માથા પરથી મુગટ પડી ગયો. રાજાના અંગરક્ષકે તલવાર ખેંચી જેવા પેલાને મારવા જાય છે ત્યાં રાજાએ તેને રોકયો. "હા....હા. એ તો મારો જીવ બચાવનાર છે." રાજાનું ધ્યાન નીચે પડેલા મુગટ ઉપર હતું. મુગટમાં ભરાવેલા ફુલ-ગજરામાંથી એક નાનકડો ઝેરી સાપ નીકળી રહ્યો હતો.

"મારા મિત્રે મને બચાવ્યો છે.-જીવતદાન આપ્યું છે. તેનો ઋણી છું. સવાલાખ રૂપિયા રોકડા હું બક્ષીસ આપું છું."

પેલાને ખાત્રી થઇ કે ખરેખર મારૂં પુણ્ય પાવરફુલ તો છે: નહિ તો રાજાને થપાટ મારવાથી રાજા જુદો જ વિચાર કરે તો ? મિત્રને સાપથી બચાવવાના ઘણા રસ્તા છે એમ રાજાના મગજમાં વિચાર આવે તો ? રાજા શું ન કરે ?

યાદ રાખજો પુણ્ય બળવાન હશે ત્યાં સુધી ગમે તેવું ઊંધું કરશો તોપણ સીધું પડવાનું છે અને પુણ્ય ક્ષય થયે સીધું કરેલું પણ ઊંધું થશે. પુણ્ય પાંસરા હશે ત્યાં સુધી બધું સીધું થવાનું છે. પુણ્ય કહો કે ભાગ્ય કહો એકની એક વાત છે. પ્રારબ્ધ કહો કે તકદીર (નશીબ) કહો એકની એકજ વાત છે. આ બધું ધર્મથી મલે છે. જે પુણ્યથી સુખ મલે છે તે માટે ધર્મ કરવા કુરસદ નથી. અને પાપથી દુઃખ–આપદાઓ મલે છે. તે પાપ માટે ઉજાગરા કરવા તૈયાર. કેટલી જીવની અજ્ઞાનતા કહેવાય.

હસતાં બાંધ્યાં રોતાં પણ નહિ છુટે એટલે
"બંધ સમય–ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ."

બાંધતા વિચાર કરજો નહિ તો ઉદય કાળે રોતાં પણ છેડો આવશે નહિ.

: દુહો :—

બોલવું હોય તે બોલે,જેને લગની લાગી પ્રભુ નામની,
જય બોલો ભગવાનની, જય બોલો ભગવાનની,
વિજળીના ચમકારા જેવી, જિંદગી ચાલી જાય છે.
શાને જીવી રહયો છે માનવી, રંગ રાગના નાચે,
નાટક કરતાં ટક ટક કરતાં, ભમી રહ્યાં સંસારે,

બંધાયા અમે છુટી ન શકીએ, કાચા સુતર તારે,
મનની વાતો કહેવા આજે, તારે દ્વારે આવ્યો.
પુણ્યપાપના કરી સરવાળા, તુજને આજ જણાવવા
મને નથી પરવા માન-અપમાનની.

જય બોલો ભગવાનની, જય બોલો ભગવાનની.

આ સ્તુતિ ભગવાનની સામે સાચા દિલથી શુદ્ધ હૃદયથી કરવાથી આત્મા નિર્મળ થઈ શકે છે.

ચૌદ રાજલોકમાં એવી કોઇ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી અને એવું કોઇ કુળ નથી, કે જ્યાં સર્વ જીવો અનંતી વાર જન્મ્યા ન હોય, તેમજ મૃત્યુ પામ્યાં ન હોય.

દુનીયાના તમામ જીવો પુણ્ય-પાપને આધીન છે. પુણ્ય એ સુખનું કારણ અને પાપ એ દુઃખનું કારણ છે. પુણ્ય ધર્મથી થાય છે. ધર્મના ચાર પ્રકાર છે. દાન, શીલ, તપ અને ભાવ. દાન, શીલ અને તપ આ ત્રણે ભાવ સહિત જોઇએ. ચાર પ્રકારમાં ભાવ વિનાના આ ત્રણે નકામા છે. ચાર પ્રકારમાં ભાવ મુખ્ય છે. ભાવ એટલે મનનો પવિત્ર પરિણામ ! શાલિભદ્રે ભરવાડના ભવમાં જે ભાવથી દાન આપ્યું હતું તેવા ભાવ જોઇએ. જે સાધુમહારાજને શાલિભદ્રે ભરવાડના ભવમાં વહોરાવ્યું હતું તેજ સાધુ મહારાજને અન્ય શ્રાવકોએ પણ વહોરાવ્યું તો હશે જ ને ? પણ જોઇએ તેવા ભાવ ઉત્પન્ન થયા નહિ હોય.

ઈશ્વરકૃપા :– તંદુરસ્તી સારી રહે, બુદ્ધિ સારી રહે, વિચાર વર્તન સારાં રહે, સુખ શાંતિ રહે એ બધું ઈશ્વરની કૃપા છે. આ પ્રમાણે જન સમૂહમાં (લોકભાષા) બોલાય છે. જૈનો પણ બોલે છે, એ ગેરવ્યાજબી નથી. એ પ્રકારના શુભ વાણી વ્યવહારમાં ભારોભાર મૃદુતા રહેલી છે. સ્મૃતિપૂર્વક બોલતાં એવા વચનોથી આપણે અહંકાર રહિત થઇ શકીએ છીએ. એથી ઈશ્વર તરફ આપણી નમ્રતા અને આપણો ભક્તિભાવ પોષાય છે અને એના ચરણોમાં બેસી જવા જેટલું હેત ઉમડવા પામે છે.

બીજી બાજુ તાર્કિક બુદ્ધિવાદથી જોતાં જણાય છે કે કલ્યાણમય ઈશ્વર એવો વીતરાગ અને સમત્વધારક છે એવો નિરંજન અને નિર્લેપ છે કે કોઇનું ભલું–બુરું કરવાની ઝટપટમાં પડતો નથી. દરેકનું ભલું–બુરું એના પોતાના કર્મથી થાય છે. ઈશ્વરની 'કૃપા' તો બધા જીવો સારા સુખી રહે એવી હોય જ, નિરન્તર જ હોય. બધાના જ ઉપર એની કૃપા હોય જ. એ સિદ્ધ વાત છે. અતઃ જો કેવળ એની કૃપાનાજ કારણે સુખ, શાન્તિ મલતાં હોય અને સદાચરણી થવાતું હોય તો એની કૃપા બધા ઉપર એક સરખી હોવાથી બધા એક સપાટે સદાચારી અને સુખી બની જવા જોઇએ પણ વસ્તુ સ્થિતિ એવી નથી. અતઃ આપણને સમજવું જોઇએ કે એની સર્વવ્યાપી, સર્વસાધારણ સ્વભાવભૂત કૃપા કે પ્રસન્નતા બધા ઉપર હોવા છતાં ય પ્રાણીનાં સુખ–દુઃખ, ઉન્નતિ–અવનતિ યા કલ્યાણ–અકલ્યાણનો આધાર પોતાનાં કર્મ આચરણ પર જ છે.

આપણને પાડનાર આપણું દુરાચરણ છે અને આપણું સદાચરણ એજ આપણો તારક છે. અને સદાચરણી થવા માટે ઈશ્વરની કૃપાની રાહ જોવાની નથી. એની તો કૃપા છે જ, હરહંમેશાં છે જ, અને આપણે સદાચરણી થઈએ કે સુખી થયા જ હોઈએ. સદાચરણી સાધના દરમ્યાન પૂર્વનાં દુષ્કૃત્યના બળે દુઃખ, તકલીફ આવી પડે. પણ એ સનાતન સન્માર્ગમાં અડગ રહીયે તો ઉત્તરોત્તર વિકસિત થતા થતા આખરે પૂર્ણ ઉજ્જવળ બની સર્વ દુઃખોમાંથી મુકત થઇ શકીયે. અને પૂર્ણ શાન્તિ પ્રાપ્ત કરી શકીએ.

દુનિયામાં દુષ્ટ અધમ માણસો દુષ્ટ અધમ કામ કરે એનું કારણ શું ? એમના ઉપર એની (ઈશ્વરની) કૃપા નથી એ કારણ છે ? નહિ જ. એની તો ઉપર કહ્યું તેમ બધા ઉપર ભલા અને સુખી બને એવી કૃપા છે જ.

ખરી વાત તો એ છે કે દુનિયાના મામલામાં એની કૃપા કે અકૃપા જેવું કાંઈ જ નથી. એ તો સ્વમગ્ન છે. નિર્લેપ અને તટસ્થ છે. એના તરફ આપણો ભક્તિભાવ અને ભક્તિભાવ દ્વારા સદાચારિત્ત્વની સાધના એને જ એની કૃપા સમજી જઈએ તો તાર્કિક બુદ્ધિ પણ વાંધો ઉઠાવી ન શકે. એવો જીવન હિતનો સંપૂર્ણ મુદ્દો એમાં આવી જાય છે. સારૂં જે થાય છે તે પુણ્યથી અને બુરૂં તે પાપથી. એમ આર્ય સંસ્કૃતિના તત્ત્વજ્ઞાનનો પ્રચલિત સિદ્ધાંત છે. હવે સુખ સગવડ મલે અથવા કાંઇ સારૂં બન્યું અથવા અનિષ્ટ અકસ્માતના સપાટામાંથી આપણો ઇષ્ટજન કે આપણે

બચી જઈએ તે પુણ્યના ઉદયથી. અને અગવડ કે સંકટ ઉપસ્થિત થાય અથવા બુરી કે દુઃખી હાલતમાં ફસાઈ પડીએ તે પાપના ઉદયથી. એ વાત નક્કી. પણ એ પુણ્ય અને પાપ આવ્યું ક્યાંથી? કહેવું પડશે કે સત્કૃત્ય કરવાથી અથવા અમુક અંશે શુભ માર્ગે ચાલવાથી પુણ્ય આવ્યું અને અશુભ કાર્ય કે પાપાચરણથી પાપ આવ્યું.

ત્યારે પ્રશ્ન એ થાય કે શુભાશુભ માર્ગની સનાતન સમજ મૂળમાં જગત ઉપર ઉતરતી રહી ક્યાંથી?

જવાબ એજ છે કે એ સમજ મૂળમાં મહાન જ્ઞાની પુરૂષોથી ઉતરતી આવી છે. ત્યારે આ ઉપરથી એમ માની શકાય છે કે જ્ઞાની પ્રભુની શિખામણ મુજબ ચાલવાથી પુણ્ય ઉપાર્જિત થાય. એ પુણ્ય દ્વારા જે સુખ પ્રાપ્ત થાય છે, તે સુખના આપનાર મૂળ તો તે જ્ઞાની પ્રભુ ગણાય.

અને તેજ પ્રમાણે જ્ઞાની પ્રભુની કલ્યાણમયી શિખામણ નહિ માનીને દુષ્કર્મના માર્ગે ચાલવાથી પાપ બંધાય અને તેના પરિણામે દુઃખી થવાય એ પણ જ્ઞાની ભગવાનની શિખામણ નહિ માન્યાનું પરિણામ લેખી શકાય.

દુનિયાના વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે જેને જેની સલાહથી લાભ કે સુખ મલે છે તે તેને પોતાનો ઉપકારી માને છે. પોતાને સુખ કે લાભ અપાવનાર તેજ છે એમ માને છે. એજ પ્રમાણે જ્ઞાની ભગવાનની શિખામણ પ્રમાણે ચાલનાર માણસ સુખ મેળવે તે માટે જ્ઞાની ભગવાન ઉપકારી માની શકાય, કેમ કે એમના સદુપદેશ પ્રમાણે ચાલવાથી તેને સુખ મળ્યું. આજ દૃષ્ટિએ પરમાત્મા, ઈશ્વર સુખ-

દાયક કે મુક્તિદાયક ગણાય છે એટલું જ નહિ, ઈશ્વરના કર્તૃત્વનો વાદ પણ આ દૃષ્ટિ અનુસાર અને આ રીતે આટલા અંશ પુરતો ઘટાવી શકાય છે.

આ ઉપરથી કોઇ આફ્તમાંથી બચી જતાં કે ઈષ્ટ લાભ પ્રાપ્ત થતાં ભગવાનનો ઉપકાર માનવામાં આવે છે અથવા એની કૃપાને અંજલિ આપવામાં આવે છે તે વ્યાજબી અને યોગ્ય છે. ઈશ્વર તો નિરંજન નિરાકાર છે અને (ભગવાન) ઈશ્વર તો મોક્ષે ગયાં છે. મોક્ષે ગયેલા આત્માએ સંસારના આત્માનું સારૂં બરાબ કરવાનું હોતું જ નથી. પણ એમનાં અધિષ્ઠાયક દેવો ભગવાનના ભક્તનું હિત કરે છે. એથી ઈશ્વરનો ઉપકાર કે કૃપા કહેવાય છે.

કોઈ પણ કાર્યમાં સફળતા મેળવવા માટે ત્રણ બાબતોની જરૂર છે. શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયા. આ ત્રણને જૈન દર્શનમાં અનુક્રમે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર કહે છે. આ ત્રણ કાર્ય સિદ્ધ યા મોક્ષ માર્ગ છે.

શ્રદ્ધા :- શ્રદ્ધાનો અર્થ છે વિવેક પૂર્વક દૃઢ વિશ્વાસ.

જ્ઞાન :- જાણવું તે જ્ઞાન.

ક્રિયા :- તદનુસાર આચરણ કરવું તે ચારિત્ર. (ક્રિયા)

અર્થાત્ = હૃદય (જે શ્રદ્ધાનું પ્રતિક છે.)

મસ્તક (જે જ્ઞાનનું પ્રતિક છે.)

અને હાથ (જે ક્રિયા (પ્રવૃત્તિનું) પ્રતિક છે.

એ ત્રણેના સંયોગથી, સુમેળથી મુક્તિ પથ પમાય છે.

આ સંસારમાં આધિ વ્યાધિ અને ઉપાધિ લગભગ બધા જીવોને લાગેલી છે.

આધિનું સ્થાન – (અંતર) મન ઉપર છે.

વ્યાધિનું સ્થાન – (તન) શરીરનું છે.

અને ઉપાધિનું સ્થાન (બહારનું) નકામી ચિંતા છે.

કેટલાકને વધું સારૂં હોવા છતાં વધુ મેળવવા માટે દુર્ધ્યાન ચાલ્યાજ કરે છે. પણ મલે છે ભાગ્ય પ્રમાણે. ભાગ્ય કહો કે પુણ્ય કહો એકની એક વાત છે. પુણ્યશાલીને ડગલે પગલે સુખ, અને પાપીને ડગલે પગલે (આપદા) દુઃખ હોય છે, આ શબ્દો ધ્યાનમાં રહે તો ઘણું નકામાં કર્મથી બચી જવાય, પુણ્ય ધર્મથી થાય છે, કે નહિ ? પણ સુખ આપનાર ધર્મ માટે ટાઈમ નથી, એમ કેટલાક ભાગ્યશાળીઓ કહે છે, અને દુઃખ આપનાર પાપો માટે ઉજાગરા કરવા તૈયાર, (આનું કારણ અજ્ઞાનપણું) ધર્મથી સુખ મળે છે. તેવાં દૃષ્ટાંતો જૈનધર્મમાં સાચા ને સચોટ ઘણાં આવે છે.

ડગલે પગલે નિધાનઃ—

પ્રત્યેક્ષ માનવને કર્મસત્તા કદી સુખનો કે દુઃખનો, અને કદી મીઠો કે કડવો અનુભવ કરાવતી જ હોય છે, શુભ કર્મના ઉદયે પ્રાણીને આનંદ–ચમન દેખાય છે, જ્યારે અશુભ કર્મના ઉદયે દુઃખ, વ્યથા કે વેદનાની કારમી ચીસો પાડવી પડે છે. સંસાર જ એનું નામ છે કે "ઈષ્ટ સંયોગ થવો, અને તે પછી વિયોગ દોડી જ આવે છે, તેજ–છાયાની જેમ ઈષ્ટ સંયોગ હર્ષિત કરી લે છે. અને અનિષ્ટસંયોગ વિષાદના

વમળમાં ગુંચવાડી મૂકે છે. કર્મરૂપી મદારીએ કર્મદોરથી બંધાયેલા જીવરૂપ વાંદરાને (માંકડાને) કેઈ જાતના નાચ-નચાવ્યા છે, અને તે નચાવી રહ્યો છે. કર્મની અંધારી કોરડીમાં પૂરાયેલો જીવ સ્વ-સ્વરૂપને દેખી કે ઓળખી શકતો નથી. અને ગોથાં ખાધા કરે છે. તવંગરને પળમાં ગરીબાઈની ભવાઇ ભજવવી પડે છે. આજનો રાંકડો—ગરીબ કોઇ સુભગ પળ મળતાં શ્રીમંતાઇની સાહ્યબીનો માલિક બની જાય છે. આજે હજારો ઉપર હકુમત ચલાવનારો, અને લાખો ઉપર સત્તાનો દોર વીંઝનારો આવતી કાલે લાખોના હુકમોને ઉભા પગે ઉઠાવનારો બની જાય છે, કોઇના એક સરખા રંગો રહેતા નથી. કોઇની એક સરખી સાહ્યબી સ્થિર નથી, અને કોઇની એક સરખી સ્થિતિ જોવાતી નથી. ચડતી અને પડતી, ઉદય અને અસ્ત, ખીલવું અને કરમાવવું, આ તો કુદરત નિયમનો કાયદો ધારાસભાની જાહેરાત સિવાયનો ઘડાયેલો છે. આ કાયદાનું પાલન સૌને આનાકાની સિવાય ઇચ્છાથી કે અનિચ્છાથી કરવું જ પડે છે. આની સામે અહિંસક લડાઇ કે સત્યાગ્રહની કૂચ કંઇ જ ન નભે! ધનબલ અહીં નકામું પડે છે. સ્વજનબલ અહીં પાંગળું છે, અને શરીરબલ અહીં કંઈ જ વિસાતમાં નથી, આ તો કર્મની લીલા છે.

જીવ જ્યારે આનંદમાં હોય છે, અને સર્વ જાતની અનુકૂળતાઓ ભોગવતો હોય છે. ત્યારે પોતે શું કરી રહ્યો છે કે આ કરવાથી પરિણામે મને શું આવશે? તેનો વિચાર સરખો ય કરતો નથી. મદિરા પાન કરનારો ઘેલો બનીને

અકર્તવ્યને કર્તવ્ય માનીને કરી નાખે છે, અને પછી ગમે તેટલો પરિતાપ કરે તો ય શું વળે ? એક દારૂડિયાએ દારૂના નખોદિયા નશામાં પોતાનું ઘર સળગાવી મૂકયું, પછી દારૂનો નશો ઉતરતાં તે રોવા લાગ્યો, પરંતુ હવે એ બળેલું ઘર તો આખ જ રહેને ? તે રીતે મોહાન્ધ જીવડો ન કરવાનાં પાપાચરણો હસતે મુખડે કરી નાખે છે, પણ તેનું કાતીલ-ભયંકર પરિણામ ભોગવવું પડે છે ત્યારે તે રડે છે. તે આવેલા દુઃખોને ભગાડવા માટે ધમપછાડા કરે છે. લાખ્ખો ઉપાયો સર્જે છે, અને શકય બધું જ કરી નાખે છે. પણ તે દુઃખ ફીટતું જ નથી, કયાંથી ફીટે ? કરેલા કર્મો રાજાઓને કે તવંગરોને ય મૂંગા બનીને ભોગવવા જ રહ્યા. જૈન શાસ્ત્રમાં બાળજીવોને ઉપકારી કથાસાહિત્યે તો કેઈ જીવોને સંસ્કારી અને આદર્શજીવી બનાવ્યા છે, અને મહા-ત્યાગના પંથે વાળ્યા છે. અહીં પણ અનેક જીવોને માર્ગદર્શક નીવડે, અને આત્મવિકાસને પ્રેરણા આપે એવી તપમહિમાની ગૌરવગાથા રણકારતી એક કથા (ટુંકામાં) રજુ થાય છે. –કથા શબ્દને ઉંધો કરે તો થાક બને. થાક શબ્દને ઉંધો કરો તો કથા બને, કથા શબ્દ જ એવો છે કે પોતાના સ્વભાવિક ગુણ એ પોતે જ કહી આપે છે, કથાનો સર્વ સ્વાભાવિક ગુણ એ છે કે આબાલવૃધ્ધ સૌ કોઈનો થાક ઉતારવાનું કામ કરે છે.

માનવીનું જીવન આજે હાડમારીમય, બોજમય અને કંટાળામય બની રહ્યું છે, એના મનને શાંતિ નથી. મગજને આરામ નથી, દિવસરાત વિચારો અને વિકલ્પોના ધમ્મર વલોણાં એનાં મસ્તકને (અણુએ અણુને) બેચેન બનાવી

રહ્યાં છે, આવા સમયે એના મનને શાંતિ આપનાર, મગજને આરામ આપનાર, મસ્તિષ્કને સ્વસ્થ બનાવનાર જો કોઈ હોય તો તે છે "કથાસાહિત્ય"

ધર્મની સાથે યોગ કરાવી આપે, જોડાણ કરાવી આપે એવી જે કથા એનું નામ "ધર્મકથા" કથાઓ જગતમાં ઘણી છે. કથાસાહિત્યનું વાંચન પણ ઘણું છે, દર વર્ષે કથાઓનાં સેંકડો પુસ્તકો પ્રકાશિત થાય છે. નવલકથાઓ, નોવેલો, સાહસકથાઓ, બાલકથાઓ, ડીટેકટીવ કથાઓ, સ્ત્રી કથાઓ, રાજકથાઓ, ઐતિહાસિક કથાઓ, પ્રેમકથાઓ, પિકચરકથાઓ, આવી કેઈક કથાઓ દુનિયાના વિશાળ પટ પર પાંખો ફેલાવીને બેઠી છે. જે કથાઓનું જૈન શાસ્ત્રમાં કંઈ જ મૂલ્ય નથી, કારણ ? કથા તે સાચી કે જે જીવનની કથા પર ચોટેલી પાપોની નિરૂત્સાહની, અને નિર્લેપતાની ધૂળને ખંખેરીને આત્માને ઉર્ધ્વગામી બનાવવાની પ્રેરણા પૂરી પાડે, આજનું યુવાન-માનસ જે ઈચ્છે એ આપવાનું કામ આજની લાયબ્રેરીઓએ સ્વીકાર્યું છે, લાયબ્રેરીઓએ સારૂં આપવાની જવાબદારી છોડી, ભાવતું આપવાની ખોટી રીત અપનાવી છે, અને એથી જ લાયબ્રેરીઓ જીવન વિકાસનું અંગ મટી જીવન વિનાશના અંગ તરીકે સાબિત થઈ રહી છે, લાયબ્રેરીઓમાં અધર્મ કથાઓના ગંજના ગંજ ખડકાયેલા નજરે ચઢે છે. ધર્મકથાના પુસ્તકો કાં તો શો કેસની શોભા જેવા બન્યા છે....અથવા તો અભરાઈ પર ચડે છે. આ બધું જોતાં ધર્મની કથાઓની આજે જગતને

ખાસ જરૂરીયાત છે. ધર્મકથામાં એ તાકાત છે કે માણસ આત્માને આંખ સામે રાખી મનોરંજનનું ધ્યેય છોડી ધર્મ માટે ધર્મકથા વાંચે ! કે સાંભળે તો એના જીવનમાં પલટો આવ્યા વિના રહે નહિ, આપણે પણ ધર્મકથાનું મહત્વ સમજી જઈએ તો કામકથાનું સ્થાન આપણા જીવનમાં રહે નહિ, જેથી જીવનને નુકશાનકારક સાહિત્યને તિલાંજલી મળે અને જીવનને પ્રેરણા પુરી પાડનાર ધર્મકથા ઉપર પ્રેમ જાગે, આ કથામાં કર્મની પ્રબળતા શું કામ કરે છે એ જાણવા જેવું છે. લાખ્ખો ઉપાયો કરવા છતાં ય કર્મજનિત વેદના શમતી નથી. કર્મસત્તાને નબળી પાડવાનું અમોઘ શસ્ત્ર જો કોઇ હોય તો તે માત્ર ધર્મ જ છે. તપધર્મ અજબ મહિમાવંતો છે. આવા વિષયોને મક્કમપણે સચોટ કરતી આ નાનકડી કથા પણ ઘણું જ પીરસી જાય છે. ધર્મકથા સાહિત્ય તો કૃષ્ણની ભંભા જેવું છે. ભંભાની ધ્વનિ થતાં પ્રજાના રોગો નાબૂદ થાય, એવો તેનો દિવ્ય ચમત્કાર હતો. ભંભાને સાંભળવા માત્રથી જુના રોગો નષ્ટ થતા અને નવા રોગો પેદા થતા નહિ, એ એની વિશિષ્ટતા હતી, તે રીતે ધર્મકથા ધ્વનિ પણ એવીજ રીતે સાંભળવાથી અનાદિના કર્મરોગો થતા અટકી પડે! અહીં રજુ થતી કથામાં ય એવી દિવ્ય ચમત્કૃતિ છે કે જે ભાગ્યવંતો તેને શ્રદ્ધાથી વાંચે ! વિચારે ! તે આત્માઓ જરૂર ઉજાગરદશાનો અનુભવ કરતા થાય.

આ લોક ચૌદરાજલોકના પ્રમાણથી પ્રસિદ્ધ છે. તેમાં ઉર્ધ્વલોક, અધોલોક, અને તિર્છાલોક એમ ત્રણ ભેદો છે.

ઉર્ધ્વલોકમાં જ્યોતિષચક્ર છે, બાર દેવલોક છે, નવ ગ્રૈવેયકો છે, ચારઅનુત્તર વિમાનો છે, સર્વોપરી સર્વાર્થસિદ્ધનામક વિમાન છે. અને લોકાગ્રભાગે અનંત સુખભોકતા, નિરંજનાત્માઓની સાદિ અનંતવાળી (મોક્ષ) સિદ્ધપુરી છે. અધોલોકમાં ભવનપતિ આદિ ભવનવાસી વાણવ્યંતરો છે, સાત નારકીઓ છે, મધ્યલોકમાં ધરતી છે. અને તેના ઉપર અસંખ્ય દ્વીપો અને સમુદ્રો એક પછી એક વીંટાયેલા છે, તથા સર્વ એક બીજાથી દ્વિગુણ મોટા છે, સર્વના મધ્યભાગમાં જંબૂદ્વીપ છે. આમ તો અઢીદ્વીપમાં જ સંજ્ઞીપંચેન્દ્રિય-મનુષ્યના જન્મ હોય છે, એટલે મનુષ્યક્ષેત્ર કહેવાય છે. જંબૂદ્વીપ સૌથી પહેલો લાખ યોજન પ્રમાણ ગણાય છે. જંબૂદ્વીપમાં જંબૂ નામનું વૃક્ષ છે. તેથી તે જંબૂદ્વીપના શુભ નામથી પ્રખ્યાત છે. જંબૂદ્વીપમાં દશ ક્ષેત્રો છે. તેમાં ભરત ક્ષેત્રના દક્ષિણ ભરતમાં ત્રણ ખંડ છે. તેમાં મધ્યખંડમાં ઇર્યોભર્યો મગધદેશ છે. કે જ્યાં પ્રભુ શ્રીમહાવીરસ્વામીએ પવિત્ર પાદ–પંકજોથી વિહાર કર્યો હતો, અને તેથી ત્યાંની ભૂમિ પવિત્ર કહેવાય છે. આ દેશમાં એક રાજગૃહી નામની નગરી હતી, તે નગરીની પ્રજા ધર્મપરાયણ, એક બીજાને સ્વમાં શમાવી દેવામાં ઉદાર, સત્વ અને સત્યને સ્વજનોની જેમ આત્મીયતાથી ચાહનારી, ન્યાય અને નીતિને તો સ્વધનની જેમ દરેક કાર્યોમાં મોખરે રાખનારી, પરમાર્થ અને ભલાઇ તો ગળગુંથીમાંથી જ પાસે પચાવીને આવેલી હતી, રાજા પણ ન્યાયી, અને પ્રજા પણ રાજ્યભક્ત ! રાજપ્રજાનો

હિતચિંતક, અને પ્રજા પણ રાજ્યસ્થિતિનિષ્ઠ ! જ્યાં રાજા ન્યાયી અને ધર્મી હોય, ત્યાંની પ્રજા સુખી ને સંતોષી હોય કે નહિ ? આ નગરીમાં શ્રીમંતોમાં માન્ય-પ્રતિષ્ઠિત સંવર નામના શેઠ રહેતા હતા, જો કે તેમની પાસે કોઇ અંતરાયના ઉદયે લક્ષ્મી અઢળક નહોતી. પણ તે ધર્મપરાયણ, અને સત્યમૂર્તિ જેવા હોવાથી તેમની છાપ સૌના ઉપર પડતી, સૌ તેમનું માન રાખતા, અને તેમની વાતને માનતા, તેમને ગુણવંતી નામની ધર્મપત્ની હતી. વ્યવહારિક સમાજની દૃષ્ટિએ ઉભય દંપતિના જીવન આદર્શ અને ઉચ્ચ કક્ષાનાં વખાણાતાં નગરજનોની સાથે પણ બન્ને આત્મીયતાથી જ રહેતા, સાંસારિક સુખોનો અંત તો આવતો જ નથી, ગમે તેટલા ભવોમાં ગમે તેટલા સુખો ભોગવાય, પણ જીવાજી તો અસંતોષી જ રહ્યા ! કારણકે વૈરાગ્યથી કે અન્ય કોઇ વિશિષ્ટ જ્ઞાનથી તે વિષોપમ વિષયો ઉપર, જ્યાં સુધી સૂગ આવતી નથી, ત્યાંસુધી અનાદિના ભ્રાન્તિવાલા સંસ્કારો તો તે તરફ જ તાણી જાય છે, સંસારીઓની દૃષ્ટિએ શુભ ગણાતું ગુણવંતી સ્ત્રીને ગર્ભાધાન થયું. ગર્ભમાં આવનાર જીવ જો પૂર્વભવની સારી પુણ્યકમાણી લઇને આવ્યો હોય, તો તેના પ્રભાવથી ચિંતામણી રત્નની જેમ ઘરમાં અને ઘરના સ્વજનોમાં સુખ આનંદની લહેરો વર્તી જાય છે, પુણ્યવંતા જીવો જ્યાં જાય, અરે ! ગર્ભમાં હોય તો ય તેઓની પુણ્ય-પ્રભા છૂપી રહેતી નથી. શેઠના વ્યાપારમાં ય અચિન્ત્ય ઘણા જ ધનનો લાભ થતો ગયો, શેઠના ભંડારો ધનથી ઉભરાવા માંડ્યા, સાચે જ પુણ્યખેતી જેઓની હરીભરી હોય છે. તેઓને દુઃખ

હોતું જ નથી, અને તેઓની નિષ્ઠામાં રહેનારો પણ સુખી થઈ જાય છે, સમુદ્રના મોજાંની જેમ શેઠ કીર્તિથી, યશથી, ધનથી, માનથી, સન્માનથી, અને પ્રતિષ્ઠાથી **"દિન દો ગુણા, રાતે સો ગુણા"** વધતા જ ગયા. શુભ લગ્નમાં શુભ ઘડીમાં, શુભ વેલામાં, અને શુભ ગ્રહોચ્ચતામાં શેઠાણીએ ચંદ્રિકા જેવી તેજસ્વી પુત્રીને જન્મ આપ્યો. પુત્રી-જન્મનો ઉત્સવ શેઠે પુત્ર જન્મોત્સવ જેવો ઠાઠ-ઠઠારાભર્યો સુંદર રીતે ઉજવ્યો, નગરના ચૌટે-બજારે ચોરે-ચણતરે સઘળે ય શેઠની વિશદ યશોગાથાઓ ગવાતી, અને પુત્રીના ભાગ્યભંડારની પ્રશંસા થતી. વાહ! વાહ! પૂર્વભવના ભવ્ય ભાથાં લઈને આવતા પુણ્યાત્માઓ કેવા ઉચ્ચ હોય છે કે જે ઘરમાં તે જન્મે, તે ઘરને ય અજવાળી મૂકે છે, પુત્રીનું શુભ નામ પણ સુંદરી એવું ગુણસંપન્ન રાખ્યું. સુંદરી પૂર્વભવની પુણ્યપ્રભા એવી તો લઈને આવી છે કે જ્યાં તે કાંકરો ઉપાડે, ત્યાં ધનના ચરૂ નીકળી પડતા. કેટલાક ચરૂઓમાં હીરા, માણેક, રત્નો, સોનામહોરો અને કીંમતી ધન ઉપરાંત આવતું, આઠ વર્ષની થતાં માતા-પિતાએ સુસંસ્કારી અધ્યાયક પાસે વિદ્યાભ્યાસ કરવા મૂકી. બુદ્ધિના પરિબળે પુત્રીએ સ્ત્રીઓને ઉપયોગી વ્યવહારિક કળાઓની અને આત્માને ઉપયોગી ધર્મકળાની નિપુણતા મેળવી લીધી. સુમુખની એ છાપ હોય છે કે-જેમાં જન્મેલ વ્યક્તિ યુવાવસ્થામાં ઝૂલતી પણ સ્વચ્છંદતાથી કે ઘમંડાઈથી માતા-પિતાની આજ્ઞાને ન તરછોડે! માતા-પિતાને શિરોછત્ર માનીને જ પોતાનું ઈષ્ટ આચે! નહિ કે આજની જેમ જેવા તેવા-

ને લઈને ગુમ થઈ જવાની કુવૃત્તિ સેવે, આજના સ્વતંત્રતાના બહાના હેઠે પ્રવેશેલી સ્વચ્છંદતાએ તો હદ કરી છે. યુવકો અને યુવતીઓ મનોભાવથી સ્વેચ્છિત વર વરી લે છે, જો કે પાછળથી અગ્નિસ્નાન કે જળસમાધિ જે તેમના નસીબમાં ઉતરે છે, એવા સેંકડો બનાવો માનવોને ચોંકાવી મૂકે છે, આ પ્રવૃત્તિને લોકો ધિક્કાર આપી રહ્યા છે.

આ જ નગરમાં સમુદ્ર નામના સંવર શેઠના સમોવડિયા એક પ્રતિષ્ઠિત અને ધની-માની શેઠ હતા. તેમને કમળશ્રી નામની કમળ જેવી શીલ-સુવાસ પ્રસારતી ધર્મપત્ની હતી અને ગૃહસ્થ જીવનના સારભૂત શ્રીદત્ત નામનો વ્યવહારિક અને ધર્મનિપુણ એક પુત્ર હતો. સંવરશેઠે પોતાની પુત્રી સુંદરીને શ્રીદત્ત સાથે લગ્નગાંઠથી જોડી દીધી, લગ્નગ્રંથીથી બંધાયા પછી ઉભય જોડી સ્વકુલ-મર્યાદાઓને સાચવવાની તકેદારી રાખતાં, દરેક પ્રવૃત્તિઓ આચરતાં, સાથે તેઓ ક્ષણિક અર્થ-કામ પુરૂષાર્થોની સિદ્ધિ કરવામાં જેવી તનતોડ જહેમત કરતાં, તેથી ય અધિક જહેમત ધર્મપુરૂષાર્થને સાધવામાં સાધકવૃત્તિ સદાય રાખતા. બન્ને ય ધાર્મિક અભ્યાસવાળાં હતાં. અને સુગુરૂ સંગતમાં માનતાં હતાં. ભલે લગ્ન થયાં પણ ભોગની આશકિતમાં બળીને ખાખ થાય, તેવા પતંગીયા જેવાં તેઓ ન બન્યાં. તેઓ ભોગોને રોગરૂપ અને ભડકે બળતી આગરૂપ માનતાં. તેમજ સંસાર બ્યારને અંગાર તુલ્ય સમજતાં. વિલાસનાં સરસ સુખો મળવા છતાં ય ધર્મભાવનામાં બન્ને વિણસતાં ન હોતાં. ઉત્તમ આ-

ત્માઓ ભોગથી ભરાઈ જતા નથી કે ભોગના ગુલામ બનતા નથી પણ કંટાળાભર્યા હૈયાથી સંસારને ભોગવે છે. શ્રીદત્ત અને સુંદરીના દિવસો આનંદ અને ઉમંગમાં વ્યતીત થઈ રહ્યા છે. સુંદરી સાસરીયે ગયા પછી પણ તેણીનો પુણ્ય સિતારો એવો જ તેજસ્વી રહ્યો, તેણીના પવિત્ર પગલે અને ડાલે ધનના ચરૂજ નીકળવા લાગ્યા. સાસરિયાવર્ગ પણ ચકિત બની જતો. અહો ! પૂર્વભવનું પુણ્ય માનવીને અનિચ્છાએ અચિન્ત્ય ધન પ્રાપ્તિ કરાવે છે.

ઉપશમ રસના ઉદધિ ધર્મયોગ–જ્ઞાની સાક્ષાત્ મૂર્તિ સમા, અને ધર્મ એજ જેઓનો ઘોષ છે, એવા પવિત્ર સ્વ–પાદ–પંકજેથી પૃથ્વીતલને પાવન કરતા પૂ. આચાર્ય ભગવંત શ્રીધર્મઘોષસૂરીશ્વરજી મહારાજ નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા.

એ મહાત્મા અતિશય જ્ઞાનવંત હતા. તેઓશ્રી ત્યાગધર્મના તરણી હતા. તેઓનો પરિવાર પણ બહોળો અને નિર્મળ ચારિત્ર પાલનમાં શૂરો હતો. અખિલ નગરમાં આ પૂ. આચાર્ય ભગવંતના સુગુણ–સુમનસ સુવાસતા પ્રસરી કે જેથી આકર્ષાયેલો ભકત–ભ્રમર ગણ પૂ. ગુરૂદેવની નિશ્રામાં જ્ઞાન–રસનું પાન કરતો થઈ ગયો.

નગરના રાજા–રાણી, શેઠો અને શેઠાણીઓ, મધ્યમવર્ગ અને શહેરીવર્ગ મોટી સંખ્યામાં સજ્જ થઇ ગુરૂવંદન, અને ધર્મશ્રવણ કરવા આડંબરથી ઉમટી આવતો. તે ગુરૂ–

ચરણની ચંદનથી શીતળ છાયામાં ત્રિવિધ ભવદુઃખજન્ય તાપોને શમાવતો.

ગુરૂદેવનો વ્યાખ્યાન રસ પીરસાયો, ધર્મ ભૂખ્યા વર્ગે તેને ખૂબ જ આકંઠ પીધો, સકલ પરિષદ વિખરાઈ, પણ સુંદરી અને એનો સ્વજનવર્ગ ગુરૂદેવની નિશ્રામાં એમ જ ચકિત અને સ્તબ્ધ બનીને બેસી રહ્યો, ગુરૂ મહારાજની અમૃત છાંટતી મીઠી નજર તેઓ ઉપર પડી. જાણે નવો મેઘ પડતાં જેમ પુષ્પવાટિકાઓ ખીલી ઉઠે તેમ તે વર્ગ આનંદિત બનીને ગુરૂદેવને પૃચ્છા કરવા લાગ્યો. તેઓએ પૂછયું કે :-

ગુરુદેવ ! આપ તો જ્ઞાનાતિશયથી દીપી રહ્યા છો. અમારા જેવા અલ્પજ્ઞોનાં હૈયામાં અનેક પ્રશ્નોનાં શલ્યો હોય છે કે તેનો નિકાલ-ઉદ્ધાર આપ જ કરી શકો ! અમારો એક પ્રશ્ન છે કે-આ સુંદરી જ્યારથી માતાની કુક્ષિ-છીપમાં હંસલી જેવી આવી, ત્યારથી જ એના ઘરમાં ધન-વૃદ્ધિ થાય છે. અને પરણ્યા પછી શ્વસુરગૃહમાં આવી, ત્યારથી શ્વસુરગૃહમાં પણ જ્યાં જ્યાં પગ મૂકે. ત્યાં ત્યાં નિધાનો નીકળે છે "पदे पदे निधानानि" એ વાકયને જ જાણે સાર્થક કરવા ન અવતરી હોય એવું અનુભવાય છે. આ સૌન્દર્યવતી શ્રમણોપાસિકા સુંદરીએ પૂર્વ ભવમાં એવું શું પુણ્યકાર્ય કર્યું હશે ? આચાર્ય ભગવંતે જાણે શ્વેતવર્ણની શીતળતમ ચંદ્રિકાને જ ન વેરતા હોય ! તેમ સૌમ્ય મુખકમળથી ભવ્ય જીવોના ઉપકારોનું કારણ ધ્યાનમાં લઈને ફરમાવ્યું કે-સૌભાગ્યની સેવધિ સૌન્દર્યવતી સુંદરીએ પૂર્વભવમાં પવિત્ર

અને ઉત્તમ ભાવથી શ્રીઅક્ષયનિધિ તપની વિવેક અને વિધિને સાચવીને આરાધના કરી છે, કે જેના પ્રભાવથી આ ભવમાં નિધિઓના ઢગ મેળવી રહી છે. તપશ્ચર્યા તો આરાધકોને અક્ષયનિધિ-મોક્ષનું જ સાધન છે; પણ જો મોક્ષ પ્રાપ્તિમાં વિલંબ થવાનો હોય અને ભવસ્થિતિ પરિપાક ન થઇ હોય, તો આ ભવના સઘળાં ય સુખો તેને મળે જ છે. નિષ્કામભાવથી અને અંતઃકરણથી (શુદ્ધિથી) જે તપ કરાય છે, તે તપ તો આત્માને સુવર્ણની જેમ ચમકતો-નિર્મળકુંદન જેવો બનાવી દે છે, માટે હે ભાગ્યશાળીઓ! તપ ધર્મ કરવામાં પ્રમાદ કરવાથી આપણા આત્માનું નુકશાન થાય છે કે નહિ?

આપણા જૈનદર્શનમાં તો તપનું બહુ જ મહત્ત્વ છે. અન્યધર્મમાં પણ મનુસ્મૃતિમાં કહ્યું છે કે :— જે દુસ્તર છે, દુષ્પ્રાપ્ય છે, દુર્ગમ છે. અને દુષ્કર છે, તે બધું તપ દ્વારા સિદ્ધ કરી શકાય છે, કારણ કે તપ દુરતિક્રા છે, તેની આગળ કોઇ ચીજ કઠીન નથી, તપથી અનેક સિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

દૃઢપ્રહારી-વંકચૂલ-ચિલાતીપુત્ર-વગેરે નરકે જાય તેવાં ક્રૂર કર્મો કરતાં હતાં, પણ એમના આયુષ્યનો બંધ પડેલો નહિ, એટલે કંઇક નિમિત્ત મળતાં શુભ ભાવના સાથે તપમાં. (કાયાને) દેહને લગાવી દીધો. એનાથી ભયંકર પાપનાં બંધનો તોડીને આત્મકલ્યાણ કર્યું, આપણે આ પુરુષોની

વાતો ઘણીવાર સાંભળી ગયા છીએ. રોજનાં સાત સાત ખૂન કરનારા પાપીમાં પાપી અર્જુનમાળીને પણ ભગવાન મહાવીરસ્વામી જેવા ઉદ્ધાર કરનાર મળી ગયા. તો એ પાપીમાંથી પુનીત બની ગયો કે નહિ? તેણે પણ તપથી કર્મોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો એટલે ગમે તેવા કર્મોને તોડનાર તપ જ છે. અને તપથી ભવાંતરમાં પણ અનેક સુખો પ્રાપ્ત થાય છે. તેવા દૃષ્ટાંતો–કથાઓ જૈન (દર્શનમાં) શાસ્ત્રમાં ઘણાં આવે છે.

માનવભવની સાર્થકતા કે નિષ્ફળતાનો આધાર આત્માની સાધના ઉપર છે, જેણે આત્માને ઓળખ્યો હોય, તેને જ આત્માના કલ્યાણ માટે સાધના કરવાનો વિચાર આવે.

સંતોની શિખામણ એ છે કે :–

"કમા શકો તો પુણ્ય કમાઓ, પાપ કમાના મત શીખો;
માનવભવની મૂડીમણી છે, તો ભરી લે ધર્મનો થેલો."

વસ્તુપાલ–તેજપાલ જ્યારે નોકરીએ રહ્યા, ત્યારે તેમણે એક શરત કરી હતી કે: આપ! જ્યારે આજ્ઞા કરશો, ત્યારે અમો અમારું શરીર આપવા પણ તૈયાર રહેશું, પરંતુ દેવ–ગુરૂ અને ધર્મ પ્રત્યેનો અવિવેક જરાપણ સાંખી શકીશું નહિ, તે સિવાયની કોઇપણ આજ્ઞા માન્ય રાખશું; જુઓ! એમને સ્વધર્મ ઉપર કેટલો બધો પ્રેમ. અને શ્રધ્ધા હશે? ત્યારે આવી શરતોથી રાજાઓની નોકરી રહેતી વખતે રાજાઓને કહેવામાં ભય રાખ્યો નથી, અને નોકરી કરતાં

પણ સ્વધર્મને મૂકયો નથી, અને જૈનશાસનનો જય બોલાવ્યો હતો; અને ડંકો વગાડયો છે, આ જૈન ધર્મમાં ધર્મકથાઓમાં બોધ લેવા લાયક વાંચન વાંચવાથી સ્વધર્મી આત્માઓને જૈન ધર્મ ઉપર શ્રદ્ધા જાગે.

સાચો ગરીબ કોણ ? જે ભીખ માગી ખાતો હોય, તે તો ભીખારી છે, પણ જેની પાસે ઘણું જ છે. છતાં સંતોષ જ નથી. અને ભગવાન પાસે માગ્યા જ કરે તેવા મનના (ગરીબ) ભીખારી એ સાચા ગરીબ છે.

દૃષ્ટાંત :— એક સમયે બાદશાહના માનીતા ફકીરને યાત્રાએ જવું હતું, તેથી બાદશાહ પાસે આવીને કહ્યું કે : હે બેટે ! મેં યાત્રા કે લીયે જાતા હું. ઇસી લીયે પૈસા માગતા હૈ ! બાદશાહે કહ્યું કે ચાહીયે ઈતના લે જાઇએ, એમ કહીને બાદશાહે દરબારીને હુકમ કર્યો કે આ સાધુને જેટલા પૈસા જોઇએ તેટલા આપી દેજો !

બસ તે પછી જ્યારે ફકીરને યાત્રાએ જવાનું નક્કી થયું, ત્યારે પૈસા લેવા જતાં પહેલાં બાદશાહને આશિષ આપવા ગયો. તો તે વખતે ફકીરે પોતાની સગી આંખે જોયું કે—બાદશાહ બે હાથ જોડી અલ્લાહની બંદગી કરતો હતો કે હે અલ્લા ! હમારા બજના ભર દે. એ સાંભળીને ફકીરને થયું કે આ તો પોતે મનનો ભીખારી છે. એટલે અલ્લા પાસે પોકાર કરીને કહે છે—કે હમારા બજના ભર દે ! તર કર દે ! તો આવા મનના (ગરીબ) ભીખારી પાસેથી

લઈને યાત્રાએ જવાથી ફાયદો પણ શું ? અને મારા જેવા ફકીરને પૈસાની જરૂર પણ શું ? બસ પૈસા લીધા વગર ચાલ્યો ગયો, આથી સમજાય છે કે નહિ ? મનનો ભીખારી તે સાચો ભીખારી, જેમ ચોર ચોરી કરતો હોય તે તો ખુલ્લો ચોર છે, પણ જે શાહુકારીમાં ગુપ્તપણે ચોરી જેવી કામગિરિ કરે તે સાચો ચોર ! જેને જેટલું ભાગ્ય પ્રમાણે મળ્યા કરે છે, તેમાં સંતોષ કરનાર સાચો શ્રીમંત છે. એ પણ જમાનો હતો કે જ્યારે ફાટેલ કપડે અને ગરીબ માવતરે લાજ જતી ન હતી. લાજ તો બરાબ કામ (કુકર્મો) થી જતી હતી, વર્તમાનના પરિવર્તનકાળમાં કોઇ ગમે તેવા હોય, પણ રહેણી–કહેણી, પહેરવેશ સારા હોય તો બસ છે. એવાઓનું જૈન સંસ્થા ને મંડળોમાં પણ સ્થાન હશે! આ પણ કાળનો પ્રભાવ છે. વર્તમાનકાળની સ્વાર્થાભક્તિ જુઓ ! મહાવીરસ્વામી પ્રભુના જન્મનો વરઘોડો નીકળ્યો હતો, તે જ્યાંથી પસાર થતો હતો, ત્યાં એક સામાન્ય ભાવુકે સ્વામીભાઇની ભક્તિ માટે, સાકરના પાણીના ભરેલા વાસણો રોડ પરની ફુટપાયરી ઉપર રાખીને ત્યાંજ બધાને આપતા રહ્યા. હવે વરઘોડો આગળ ચાલતાં એક શ્રીમંત ભાવુકે પોતાના બંગલામાંથી બહાર આવીને વરઘોડામાંથી પાંચ–આઠ સારા સારા શ્રીમંતોને તેડીને પોતાની રૂમ ઉપર સાકરનું પાણી પીવડાવ્યું. જુઓ ! સામાન્ય શ્રાવકની ભક્તિ અને શ્રીમંતની ભક્તિ ! મહામંત્રી ઝાંઝણશાએ મહારાજ સારંગદેવને કહી દીધું કે, મારા સ્વામીભાઇઓ મારા માટે બધા સરખા છે. કોઇપણ સાધર્મિને છોડીને હું જમવા નહિ આવું.

મહામંત્રી ઝાંઝણશા :–માંડવગઢના મહામંત્રી પેથડશાના પુત્ર ઝાંઝણશાએ સિદ્ધાચલનો સંઘ કાઢ્યો હતો.

મહામંત્રી ઝાંઝણશા શ્રીસંઘમાં પધારેલ સાધર્મિકોની ભક્તિમાં જરા પણ ખામી ન આવે તેની ખૂબ જ કાળજી રાખી રહ્યા છે, એમાં એના માટે ગરીબ અને શ્રીમંત બધા જ સરખા છે. મનમાં કાંઈ પણ ભેદભાવ નથી. પાલીતાણાની યાત્રા કરવા જતો સંઘ કર્ણાવતી પહોંચ્યો. મહારાજા સારંગદેવને સમાચાર મળતાં પોતાના હાથી ઉપર બેસી ઝાંઝણશાની સામે જાય છે.

સારંગદેવનું આમંત્રણ :— સારંગદેવ પોતાના રાજમહેલમાં જઈને ઝાંઝણશાને પોતાના આસ સારા સારા માણસો સાથે જમવાનું આમંત્રણ મોકલે છે. સારંગદેવનો મંત્રી ઝાંઝણશા પાસે આવી કહે છે કે–"મંત્રીશ્વર !" મહારાજ સારંગદેવ આપને આમંત્રણ આપે છે કે આપના સંઘમાંથી આપને જે યોગ્ય લાગે તે બે પાંચ હજાર સારા સારા માણસોને લઈને આપ રાજમહેલમાં જમવા પધારો ! મંત્રીની વાત સાંભળી ઝાંઝણશાએ હસતાં હસતાં જવાબ આપ્યો, કે "મંત્રીશ્વર ! મહારાજનું આમંત્રણ મારે શિરોમાન્ય છે. પણ હું આ રીતે આવી શકું તેમ નથી. મારા બધા સાધર્મિ ઉચ્ચતમ છે. અહીં શ્રી સંઘમાં એકત્રિત થયેલ મારા બધાજ સાધર્મિઓ મારે મન બંધુથી પણ અધિક પ્રિય છે, માનનીય છે, પૂજનીય છે. મારા એક પણ સાધર્મિને છોડી હું જમવા નહિ જ આવી શકું.

મંત્રીશ્વરને ગુજરાતનો રાજા સન્માન આપવા તૈયાર થાય છે. છતાં ય મંત્રીશ્વર કેટલા નિઃસ્પૃહ છે ? કેવી અપૂર્વ સાધર્મિકભક્તિ એમને વરી હતી ? સારંગદેવ રાજાએ બે ત્રણ વખત આમંત્રણ મોકલ્યું પણ ઝાંઝણશાનો તો એક જ ઉત્તર છે. ફરીને પણ સારંગદેવનો મંત્રી ઝાંઝણશાને સમજાવે છે કે મંત્રીશ્વર ! જગતમાં સારા અને ખોટાના ભેદો રહેલા છે, તો તમે પણ સારી વ્યક્તિઓને લઈ જમવા કેમ નથી આવતા ? ઝાંઝણશાએ જવાબમાં કહ્યું કે બધી જગ્યાએ ભલે સારા-સારનો ભેદ રહ્યો પણ મારા સાધર્મિક બંધુઓમાં સારાસારનો ભેદ છે જ નહિ. બધાજ સાધર્મિક મારાં કરતાં પણ ઉત્તમ છે. પંક્તિભેદ કરી હું કદી જમવા નહિ આવી શકું. ચોથી વાર રાજા પોતે આમંત્રણ આપવા આવે છે, મહારાજાને પણ મંત્રીશ્વરે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું "હે મહારાજ! જો મારા બધાજ સાધર્મિકોને આપ આમંત્રણ આપતા હોય તો હું આવવા તૈયાર છું. અન્યથા એક પણ મારા સાધર્મિકને છોડી હું કદી નહિ આવી શકું. મારાથી મારા બંધુઓનું અપમાન નહિ જ થાય. ઝાંઝણશાના ઉત્તરથી સારંગદેવ સહેજ ક્રોધિત બની ગયો, મંત્રીને એની કચાં પરવા હતી ? રાજા કર્ણાવતીનો ! એમાં ઝાંઝણને શું ? જ્યાં સહેજ પણ ધર્મ ઘવાતો હોય ત્યાં ધર્મી કદી નમતું જોખે નહિ. નમતું જોખે તો તેનો ધર્મ ટકે નહિ. આવા વિષમ સમયે રાજા સામે ટક્કર લેનારા મહારથીઓ હતા ને ? (આ તાકાત કોની હતી ? ધર્મની) જેને ધર્મ હૃદયમાં વસી ગયો છે, તેને

બીજાનો ભય નથી રહેતો, આનેજ કહેવાય કે આપણે બધા સરખા છીએ; વર્તમાન કાળે તો વડીલોને મૂકીને પણ પોતે જમવા ચાલ્યો જાય તેમ છે. આ પણ કાળનો પ્રભાવ છે. પછી તો ઔરંગઝેબે આખા ગુજરાતને જમાડ્યું.

ગુરૂના વચન પરની શ્રદ્ધાનું એક દૃષ્ટાંત ;—

જ્ઞાની–ધ્યાની અને તપસ્વી મહારાજ આનંદઘનજી મહારાજ યોગી હતા, વસતીથી એ હંમેશાં દૂર રહેતા, ને સદાય નિજાનંદ મસ્તીમાં રહેતા. તપ અને ધ્યાનથી તેમને આપો આપ અનેક સિદ્ધિઓ વરી હતી, પરંતુ તેઓ તેનો ઉપયોગ કદી ન કરતા. પરંતુ માનવ સ્વભાવ છે. એવા કંઈ ચમત્કારની જાણ થાય એટલે લોકો તેને દેવ માની પૂજે, તેમની આધા–આખડી રાખે. પોતાની ઉપાધિઓ દૂર કરાવવા તેમની પાસે જાય.

આનંદઘનજી મહારાજની ખ્યાતિ પણ ચોતરફ ફેલાઈ ગઈ, લોકો દૂરદૂરથી તેમને વંદન કરવા આવતા. પૂ. મહારાજશ્રી એથી દૂર એકાંતમાં રહેવા લાગ્યા.

પણ તેમની કીર્તિ કંઈ થોડી તેથી છાની રહે ? તેમની યોગસિદ્ધિ અને સુવર્ણસિદ્ધિ વગેરેની વાતો એક રાજાએ સાંભળી. આ રાજા નિઃસંતાન હતો. લગ્ન થયાને ઘણો સમય થઈ ગયો હતો. પરંતુ મહેલમાં પારણું બંધાયું ન હતું. રાજાના દરબારીઓએ આનંદઘનજીની પાસે જવા કહ્યું ને તેમને રીઝવવા જણાવ્યું.

પુત્રઘેલા રાજા–રાણી આનંદઘનજીની શોધમાં નીકળ્યા

અને દિવસો બાદ શોધતાં શોધતાં એક ગુફામાં તેમનાં દર્શન થયાં.

રાજાએ ભાવથી વંદના કરી, ભેટણું ધર્યું અને પોતાનું દુઃખ દૂર કરવાની વિનંતિ કરી, આનંદઘનજી મહારાજ તો અવધુત હતા, યોગી હતા, જ્ઞાની હતા. કર્મની ૧૦૮ પ્રકૃતિઓને તેઓ સારી પેઠે જાણતા હતા.

રાજાને તેમણે ઉપદેશ આપ્યો અને અનેક રીતે પોતાની પાસેથી એ અપેક્ષા રાખવી ખોટી છે, તે સમજાવ્યું. એ બધી કર્મની લીલા છે, એમાં હું કંઈજ કરી શકું નહિ.

પણ અજ્ઞાની અને સ્વાર્થી રાજા તો જીદ પકડીને જ બેઠો.

ઉખર ભૂમિમાં પડેલી વૃષ્ટિ ફળ ન આપે, એમાં દોષ મેઘનો ? નહિજ.

તેવી રીતે કેવલી ભગવંતોની દેશનામાં પણ ઘણા મિથ્યાત્વી આત્મા (અભાવ)ને પણ દેશનાનું ફળ મળતું નથી તેમાં દોષ તીર્થંકર ભગવંતોનો નથી જ ? કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી વીતરાગ પરમાત્માની સ્તવના કરતાં કહે છે કે હે ભગવન્ ! તારા શાસન તથા ઇતર શાસનને સમાન માનનારા વિષ તથા અમૃતને સરખા માનનારા છે. શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના જ્ઞાન માટે કોઇને શંકા નથી.

સાડા ત્રણ ક્રોડ શ્લોકો પ્રમાણ ગ્રંથોની એમણે રચના કરી છે. આવા શક્તિસંપન્નને પણ આમજ કહેવું પડ્યું

ને ? સૂરિપુરન્દર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ચૌદ વિદ્યાના પારગામી હતા. છતાં એમણે પણ કહ્યું કે હે નાથ ! દુઃષમ કાળના દોષથી દૂષિત એવા અમને જો શ્રીજિનાગમ ન મળ્યું હોત તો અનાથ એવા અમારૂં શું થાત !

છેવટે રાજાથી છૂટવા આનંદઘનજી મહારાજે એક ચીઠ્ઠી લખી અને માદળીયામાં રાખવા જણાવ્યું.

મહારાજની સૂચના પ્રમાણે રાજાએ ચીઠ્ઠીને માદળીયામાં બાંધી દીધી. અને મહારાજને પગે લાગીને પોતાના મહેલમાં આવ્યો.

રાજાને આનંદઘનજી મહારાજના વચન પર પૂરેપૂરી શ્રદ્ધા. સમય જતાં તેની રાણીને ગર્ભ રહ્યો. ને પુરા માસે પુત્ર પ્રસવ થયો. રાજા–રાણી તો ખુશા–ખુશાલ થઈ ગયા.

એટલે ફરીથી રાજા–રાણી આનંદઘનજી મહારાજના દર્શને ગયા. ત્યારે રાજાએ કહ્યું કે–આપના મંત્રથી મારા ઘરે પુત્ર જન્મ થયો. ત્યારે મસ્તયોગી આનંદઘનજી મહારાજે રાજાને કીધું કે એમાં મને શું ? જો તને જાણવાની ઇચ્છા હોય તો મારી લખેલ ચીઠ્ઠી વાંચી જો ! એટલે રાજાએ માદળીયામાંથી ચીઠ્ઠી બહાર કાઢીને વાંચી તો લખ્યું હતું કે—

"राजको घर लडका हुओ उसमें आनंदघनजी को क्या ? ભવ્યો જુઓ ! આનંદઘનજી મહારાજ કેટલા નિઃસ્પૃહી હતા. તેમણે કોઈ જ મંત્ર ભણ્યો ન હતો. દેવતાની સહાય નહોતી લીધી, પણ બનવા કાળે રાજાને ત્યાં પુત્ર

જન્મ થયેા. આથી અજ્ઞાની શ્રદ્ધા પણ જો કયારેક ફળદાયી બને છે, તેા જ્ઞાનપૂર્વક સમ્યક્ શ્રદ્ધા રાખવાથી તેા શું ફળ ન મળે ? શ્રદ્ધા મુખ્યત્વે બે પ્રકારની છે. (૧) અંધશ્રદ્ધા (૨) સમ્યક્‌શ્રદ્ધા.

સમ્યક્ શ્રદ્ધા થવાથી મિથ્યાબુદ્ધિ–અવિવેકી–બુદ્ધિનેા નાશ થાય છે. તેથી વિવેક જાગે છે. સત્ય પર ભાવ જન્મે છે. અને કુદેવ તથા કુગુરૂની ઓળખ થાય છે, આ ઓળખ થવાથી જીવાત્મા પછી સુદેવ–સુગુરૂ–અને સુધર્મની જ આરાધના કરે છે, આથી સમ્યક્ શ્રદ્ધા રાખી અનેક જીવેા મુક્તિ પામ્યા છે. અને પામશે. માટે હે ભવ્યેા ! તમે સર્વજ્ઞ કથિત સત્ય તત્ત્વેામાં સમ્યક્ શ્રદ્ધા રાખેા. શબ્દ–માત્રથી બધા દર્શનને સમાન કરવાની–સમાન ગણવાની દુર્બુદ્ધિ ન કેળવેા ! આચાર્ય ભગવાનશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે કે હે ભગવાન તારા શાસન પ્રત્યે અમને પક્ષપાત નથી અને ઇતર શાસન પ્રત્યે અમને દ્વેષ નથી, પણ તારામાં સત્ય જોયું. માટે અમે અહીં આવ્યા છીએ. આત્મા માનવાની દૃષ્ટિએ બધાં આસ્તિક ! જેએા આત્મા–પુણ્ય–પાપ–આગમ–પરલેાક નથી માનતા તે નાસ્તિક છે. આ કાંઈ ગાળ નથી, પણ વસ્તુસ્થિતિનું વર્ણન છે.

આજનું વિજ્ઞાન વધ્યું તેા શું વધ્યું ?

(૧) અમૂલ્ય સમયની બરબાદી કે નહિ ? અને પૈસાનેા દુર્વ્યય એટલે (ખેાટા માર્ગે જતા પૈસા) બધા જાણે છે. કે જગતમાં બે દેશ રશિયા અને અમેરિકા પેાતપેાતાની હરિ–

ફાઇમાં એકે ય યુગમાં સ્કાઇલ જેવા પાછળ અબજોનો ધુમાડો કરી રહ્યા છે કે નહિ? આ પૈસા માનવ સેવામાં વાપરે તો ઘણા દેશોનો ઉદ્ધાર થાય તેમ છે કે નહિ? રોકેટ યુગનો ચેપ ભારતને પણ લાગી જવાથી પ્રજાના કરના પૈસાનો દુર્વ્યય થઈ રહ્યો છે કે નહિ? વાંચો મુંબઈ સમાચાર તા. ૧૧–૮–૭૯ શનિવારના પેપરમાં સાત વર્ષની જહેમત! અને ૨૨૫૦ લાખની કિંમતનું રોકેટ પાંચ મિનિટમાં તૂટી પડ્યું. સમયની બરબાદી સાથે પૈસાનો દુર્વ્યય થતો હશે કે નહિ?

(૨) **નિર્દોષ પ્રાણીઓની હિંસા :**—આ તો બધા જાણે છે કે દેવનારના કતલખાનામાં રોજના કેટલા જીવો કપાય છે? ઉપરાંત આખા ભારત દેશમાં રોજના કેટલાય જીવોની એક યા બીજી રીતે કતલ થતી હશે? આ પાપ નાનું છે? પૂજ્ય ગાંધીજીએ અહિંસા પરમો ધર્મ ઉપર સ્વરાજ્ય લઈને શાસન ચલાવવાનું કહ્યું હતું કે આ રીતે રોજના જીવોની કતલ થાય તેમ કહ્યું હતું? આપણને મરવું ગમતું નથી, તો બીજા જીવોને મરવું કેમ ગમે? પણ એ મુંગા પ્રાણીઓ બિચારા કોની પાસે પોકાર કરે? પશુઓનો આજે કોઈ બેલી નથી. એટલે નિર્દોષ બિચારા જેમ તેમ કપાય છે. અહિંસા પ્રેમી વાતો કરનાર હમણાં ભારતમાં ઘણા ફરે છે, પણ હિંસાને સદંતર બંધ કરાવનાર માઈનો લાલ કુમારપાળ રાજા જેવા આ કાલે શોધ્યા જડે તેમ નથી. અહિંસાની વાતો કરવી એ જુદી વાત છે. અને હિંસા બંધ

કરવી એ જુદી વાત છે. જ્યાં સુધી હિંસા બંધ નહિ થાય ત્યાં સુધી દેશને ત્રણ કાલમાં સુખ-શાંતિ થવાની નથી.

આ કાલે થતી નિર્દોષ પ્રાણીઓની હિંસાથી દેશને ત્રણ કાળમાં સુખ-શાંતિ થવાની નથી. પણ આ વિજ્ઞાનના આધુનિક વિચારવાળાને પાપ લાગતું જ નથી. એને કોણ સમજાવે?

-: દુહો :-

હિંસા દુઃખની વેલડી, હિંસા દુઃખની ખાણ;
અનંતા જીવો દુર્ગતિમાં ગયા, હિંસા તણા પરિણામ.

બીજી હિંસા ગર્ભપાત :—

એ પણ જીવનો ઘાત છે કે નહિ? ગઈ કાલે જે ગર્ભપાત કલંક ગણાતું તે આજે કાનૂન રૂપ બની ગયું! આ રીતે આજના વિજ્ઞાનથી આત્માના સાચા ગુણોનો નાશ થઈ રહ્યો છે, પણ આજના બુધ્ધિવાદી જમાનામાં આ ઉપદેશો જૂનવાણીના વિચારો લાગે છે, અને સુધારકોને ગમતા નથી. એટલે તો દેશની સ્થિતિનો રંગ બદલાઇ ગયો છે કે નહિ?

એક વખત એક વિજ્ઞાનીએ તત્ત્વચિંતક મહાત્માને કહ્યું કે હે મહાત્મન્! હવે અમારૂં વિજ્ઞાન બહુ જ આગળ વધી રહ્યું છે. ૮૦ માળાની બીલ્ડીંગમાં રહેનાર ૮૦ વર્ષ જીવનારને કોઈ પણ વસ્તુ માટે નીચે ઉતરવું નહિ પડે. એ રીતે બધી સામગ્રીની સગવડ રહેશે. ત્યારે મહાત્માએ કહ્યું કે હજી એમાં એક ખામી રાખી છે, ત્યારે વિજ્ઞાનીએ કહ્યું કે શું ખામી રહી ગઇ છે? તેના જવાબમાં મહાત્માએ કહ્યું કે એ માણસ મરી જાય ત્યારે નીચે ન બાળવો પડે.

તેની (કબર) જગ્યા ઉપર રાખી નથી. એ આમી રહી ગઈ છે. ત્યારે વિજ્ઞાનીએ કહ્યું કે એ તો આમી રહેવાની છે, ત્યારે મહાત્માએ કહ્યું કે તમારું વિજ્ઞાન જો મરણને જીતી કોઈને મરવા ન દે, તો હું અમારા કેવલી ભગવાનના વિજ્ઞાનને મૂકીને તમારું વિજ્ઞાન સ્વીકારી લઉં, પણ તે તો ત્રણકાળમાં પણ બનવાનું નથી; એટલે જ તમારું વિજ્ઞાન કાચું છે. અમારા કેવલી ભગવંતોએ જે વિજ્ઞાન બતાવ્યું છે. તેમાં જગતના ચાર ગતિના જીવોને જન્મ-જરા-અને મરણમાંથી મુક્ત થવાનો સાચો માર્ગ બતાવ્યો છે. અને એ માર્ગે જનાર જીવ સાચા (મોક્ષ) સુખને પામે છે. ત્યાં ગયા પછી જન્મ લેવો પડતો નથી. એટલે જન્મ ન થાય, તો મરણનો ભય રહેતો જ નથી. એ વિજ્ઞાન સાચું છે. એટલે જ મેં એનો સ્વીકાર કર્યો છે.

મહાપુણ્યના ઉદયે મળેલું માનવજીવન એ જ્યાં ને ત્યાં, જેમને (ત્યાં) તેમ, ફેંકી દેવાની વસ્તુ નથી. સંસારમાં જૈન વ્યક્તિ તરીકે જન્મીને તમારે અરૂં જૈનત્વ જાણીને (પામીને) તેનો લાભ ઉઠાવવાનો છે. તે માટે જૈન સાહિત્યનું વાંચન બહુ જ ઉપયોગી છે.

આ બુદ્ધિવાદના જમાનામાં અને તેમાં ય આસ કરીને કહેવાતા વૈજ્ઞાનિક યુગમાં જૈનધર્મમાં પણ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરવું યોગ્ય નથી. માનવજીવનને પવિત્ર બનાવે, ઉચ્ચ બનાવે, અને સન્માર્ગે જવાની પ્રેરણા આપે, એવું વાંચન-શ્રવણ પસંદ કરવું જરૂરી છે.

સારા સાહિત્યનું સર્જન-મનન-વાંચન એ જ ઉત્તમ

છે. એમાંથી જ્ઞાનનો દીવડો કયારેક પ્રગટી પણ જાય છે, ધર્મ જ્ઞાન છે, જ્ઞાન સાહિત્ય છે. અને સાહિત્ય ધર્મ છે. બસ એમાં પવિત્રતા અને શુધ્ધતાનો વાસ જરૂરી છે.

સ્વાધ્યાયની મંગળદૃષ્ટિ :—

આજના ધાંધલીયા અને ધમાલીયા જીવનમાં બે ઘડી શાંતિથી એકાંતમાં બેસીને પરમતત્ત્વોની વિચારણા અંતર્મુખ બનીને કરવાની કોઇને ફુરસદ નથી.

કર્મનું ફળ :— જૈન દર્શનમાં કર્મવાદની મહત્વની વાતો આવે છે. જૈનદર્શનના કર્મવાદ ને આત્મવાદ આ બન્ને વાદો અરેબર જગતના સઘળા વિવાદો ને વિસંવાદિતાઓને મૂલથી કાઢી જિજ્ઞાસુ આત્માને સંસારની વર્તમાન જગતની જટિલ પરિસ્થિતિ ને વિષમતાઓ અને મૂંઝવણોનો સાચો ઉકેલ આપે છે. માનવ સમાજને એ સદ્બોધે છે કે તારાં સુખ–દુઃખ તારાં શુભાશુભ કરેલાં કર્મનાં જ ફળ છે. માટે દુઃખ ન જોઇતું હોય તો પાપકર્મ કરતાં ખૂબ વિચાર કરજે અને જો શાશ્વત સદાકાળનું સુખ જોઇતું હોય તો ધર્મભાવનામય જીવન ઘડીને ધર્મ કરવા ઉજમાળ રહેજે.

જગતના પ્રાણીમાત્રની પ્રવૃત્તિ સુખને માટે જ હોય છે. એમાં દુઃખથી કંટાળેલા સુખ માટે જ્યાં–ત્યાં દેવો પાસે જાય છે, આ જગતમાં કોઇપણ દેવ–દાનવ–વિદ્યાધર–ચક્રવર્તી કે ધનવાન કોઇને સુખ કે દુઃખ આપી શકતા નથી. સુખ અને દુઃખ એ પ્રાણીમાત્રને પોતાનાં કર્મનાં જ ફળ છે. જ્ઞાનીઓ કહે છે કેઃ–

જેમ તદ્દન રાગદ્વેષ વગરના વીતરાગો કોઇને સુખ કે દુઃખ આપતા નથી. તે જ પ્રમાણે રાગદ્વેષથી ભરેલા હરિહરાદિ દેવો પણ કોઇને સુખ-દુઃખ આપી શકતા નથી.

પ્રશ્નઃ– બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, બુદ્ધભગવાન, અને બીજા દેવ-દેવીઓ પોતાના ભકતોને માગી વસ્તુઓ પૂરી પાડે છે. એમ જગતના લોકો કહે છે. તો શું આ વાત સાચી નથી ?

ઉત્તરઃ– બીલકુલ સાચી નથી, કારણ કે એ બધા દેવોના ઘણા ભકતો મહાભયંકર દુઃખો ભોગવતા હોય છે. જ્યારે તે જ દેવોના ઘણા નિંદકો ઉચ્ચ પ્રકારનાં સુખો પણ ભોગવતા નજરો નજર દેખાય છે. એટલે ભકતોને સુખ અને વિરોધીઓને દુઃખ આપવાની અમુક દેવોની તાકાત છે, આવી કહેવત બીલકુલ સાચી નથી.

પ્રશ્નઃ– તો પછી ધર્મથી સુખ, અને પાપથી દુઃખ મળે છે. આ વાત પણ સાચી ન કહેવાય ને ? કારણ કે ઘણા ધર્મી મનુષ્યો દુઃખ ભોગવે છે. અને ઘણા પાપી મનુષ્યો સુખ ભોગવે છે. એટલે ધર્મથી સુખ અને પાપથી દુઃખ આ વાત સાચી શી રીતે ?

ઉત્તરઃ–ધર્મથી સુખ અને પાપથી દુઃખ આ વાત તદ્દન સાચી છે. અને તે યુકિતથી પણ સમજાય એવી છે. ધર્મ કરવાથી આત્માને પુણ્યનો બંધ થાય છે, જેમ બીજ વાવવાથી અંકુરા-છોડ, થડ, શાખા, પ્રશાખા, ફૂલ અને ફલ ક્રમસર કાલે કરીને થાય છે. બીજ વાવવામાં અને ફળને

મેળવવામાં ચોક્કસ પ્રકારનું આંતરૂં (હોવું જોઈએ) હોય છે. તેજ પ્રમાણે ધર્મકરણીમાં અને ધર્મના ફળરૂપ સુખને મેળવવામાં ચોક્કસ પ્રકારનું આંતરૂં હોવું જોઈએ એટલે વર્તમાનકાળનાં સુખ અમુક સમય પહેલાં કરેલાં ધર્મનું જ ફળ છે, તેથી જેઓ વર્તમાનકાળમાં પાપ કરનારા હોવા છતાં પોતાનાં ચાલુ પાપોનાં ફળ ભોગવતા નથી. (જેમ ગઈ સાલમાં ખેતરમાં વાવેલું ધાન્ય હમણાં ખવાય છે. હમણાં ખેતરમાં વાવેલું ભવિષ્યમાં આવાના કામમાં આવશે) પણ પૂર્વનાં પુણ્યનાં ફળ ભોગવે છે. હમણાંના પાપનાં ફળ તો હવે પછી ભોગવશે. જેમ કોઈ માણસે ગયા કાળમાં પાપો કર્યા હોવાથી અત્યારે ઘણા પ્રકારની અગવડો દુઃખો, વેદનાઓ, અને મુશીબતો ભોગવે છે. પણ તે સ્થિતિમાં પણ જો ધર્મને ચાલુ રાખે તો અંતરાય તૂટી જવાથી ઉત્તર કાળમાં સુખો આવી મળે છે.

પ્રશ્નઃ– તો પછી હરિહરાદિ દેવો, અને વેશધારી ગુરૂઓની કરેલી સેવા પણ ભવિષ્યમાં ફળ આપનારી બનશે એમ માનવામાં શું વાંધો છે ?

ઉત્તરઃ–કોઈપણ દેવો કે વેશધારી ગુરૂઓની સેવા કરવામાં નફો–નુકશાન થવાનું ચોક્કસ નથી, પરંતુ દેવો કે ગુરૂઓ પોતે વિકાર વગરનાં હોય અને વિકાર વગરની સેવા થાય તો ચોક્કસ ફળ મળે જ છે.

પ્રશ્નઃ– ઉપર જણાવી ગયા કે જગતના કોઈપણ દેવ–દાનવ–વિદ્યાધર–ચક્રવર્તી કે ધનવાન કોઈને પણ સુખ આપી શકતા નથી. અને કોઈનું દુઃખ પણ મટાડી શકતા

નથી. તો પછી (પંચ પરમેષ્ઠિને) પાંચને નમસ્કાર કરવાથી લાભ શું ?

ઉત્તરઃ– તે બરાબર જ છે કે કોઇના સુખમાં અન્ય કોઇ કારણ નથી. બધાં સુખ–દુઃખનું કારણ માત્ર પોતાનાં સારાં–નરસાં કર્મ જ છે. અને તેથી જ ભગવાન શ્રી તીર્થંકર દેવો અને સિદ્ધ પરમાત્માઓ વગેરે પાંચ પરમેષ્ઠિ ભગવંતોએ કોઇ ને સુખ આપ્યું કે કોઇનું દુઃખ મટાડયું, એવું જૈન સિદ્ધાંતમાં કયાંય બતાવ્યું નથી. અને એજ કારણથી આ પાંચ પરમેષ્ઠિ નમસ્કારને પણ સર્વ પાપ–નાશક વર્ણવેલા છે. અર્થાત્ આ પાંચ નમસ્કાર સુખદાયક કે દુઃખનાશક નથી. પરંતુ પાપનાશક હોય તે સુખદાયક અને દુઃખનાશક બની શકે છે. કારણ કે પાપનો નાશ થયા વગર દુઃખનો નાશ કે સુખની ઉત્પત્તિ થવી અશકય છે. પાપનો નાશ ન થાય, ત્યાંસુધી દુઃખનો નાશ, અને સુખની પ્રાપ્તિ થતી જ નથી.

પ્રશ્નઃ– દુનિયાના બીજા બીજા દર્શનકારોએ દેવ–ગુરૂ અને ધર્મ માટે જે જે વિચારો બતાવ્યા છે, તેનાથી શ્રી જૈનદર્શનના દેવ–ગુરૂ–ધર્મનું સ્વરૂપ તદ્દન જુદું પડી જાય છે. એનું શું કારણ ?

ઉત્તરઃ– દેવ–ગુરૂ અને ધર્મની ઉપાસના–સેવા–કીર્તન–પૂજન વગેરે કરવાનું કારણ શું ? એના જવાબમાં એજ ઉત્તર મળશે કે દુઃખ નિવારવા માટે અથવા સુખ મેળવવા

માટે હવે આપણે જો બરાબર વિચાર કરીએ તો ચોખ્ખું સમજાશે કેઃ—

"કામ-ક્રોધ-મદ લોભકી, જબ લગ ઘટમેં ખાન।
તબ લગ પંડિત મૂર્ખ હી, સબ એક સમાન (૧)

જે દેવો પોતે કંચન અને કામિનીમાં ઘેલા બન્યા હોય, જેઓ ક્રોધ-માન-માયા અને લોભથી ભરેલા હોય, જેમનામાં હિંસા-જુઠ-ચોરી-મૈથુન અને મમતા ઠાંસીઠાંસીને ભર્યાં હોય, તેઓ પોતે જ જ્યાં ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિમાં ભટકવાના છે. ત્યાં ઉપાસક એવા આપણું તેઓ શું ભલું કરી શકે? જે પોતે વજ્રની સાંકળથી બંધાયા હોય તે બીજાને શી રીતે છૂટા કરી શકે? જેઓ પોતે જ માર્ગ ભૂલી ગયા હોય, તે બીજાને સાચો રસ્તો કેમ બતાવી શકે? જેઓ પોતાના દૂષણો બંધ કરી શકતા નથી. તે બીજાને કેમ બંધ કરાવી શકે? જેઓ પોતાને તારવાને અસમર્થ હોય, તે આશ્રિતોને કેવી રીતે તારી શકે? એ જ પ્રમાણે જે દેવો અને ગુરૂઓ પોતે પોતાનાં પાપાચરણો છોડી ન શકયા હોય, તે સેવકોનાં કેમ છોડાવી શકે? અને પાપાચરણો બંધ ન થાય, તો દુઃખો પણ બંધ ન જ થાય, એ કારણથી કહેવાયું છે કેઃ—

"પામ્યા જે વીતરાગતા, આરાધે વલી જેહ;
આપે જે વીતરાગતા, સાચા તારક તેહ. (૧)
દેવ નમું વીતરાગને, ગુરૂ વીતરાગ થનાર;
ધર્મકથિત વીતરાગનો, ભવજળ તારણહાર (૨)

આથી સમજી શકાશે કે જૈન ધર્મના દેવ–ગુરૂ–અને ધર્મ તે કોઇ એક વ્યક્તિના જ તારક નથી પરંતુ જેમને ગુરૂની જરૂર હોય, અને દોષથી મુકત થવાની ઇચ્છા હોય, તેવા જગતભરના દેવ–મનુષ્ય કે પશુ ગમે તે હોય, તે સર્વના તારક છે.

પ્રશ્નઃ– વીતરાગો જગતને તારી શકે છે? અને જગતના બીજા દેવો તારી શકે નહિ એનું શું કારણ?

ઉત્તરઃ– જેમ કાષ્ઠની નૌકા–વહાણ પોતે તરે છે. અને આશ્રિતોને તારી શકે છે. અને પત્થરની નાવડી પોતે તરવા સમર્થ નથી તેથી બીજાને પણ તારી શકતી નથી. તેમ શ્રી વીતરાગો કર્મના ભારથી મુકત થયા હોવાથી પોતે તરી શકયા છે. અને બીજાને તારી શકે છે. અને બીજા દેવો કર્મના ભારથી ખૂબજ ભારે થયેલા હોવાથી, અને પૈસા–પત્નીઓ અને પરિવારમાં ખૂંચી ગયેલા હોવાથી પોતે તરી શકતા નથી. માટે આશ્રિતોને પણ તારી શકતા નથી. શ્રી વીતરાગદેવો અને તેમના શિષ્ય–પ્રશિષ્યો બીલકુલ નિર્મળ બનેલા હોવાથી તેમના આશ્રિતો પણ દોષ વગરનું આચરણ આચરનારા હોય. માટેજ બુદ્ધિમાન મનુષ્યોએ દેવ–ગુરૂ–અને ધર્મનું સ્વરૂપ સમજીને પછીજ તેમનો આદર કરવો જોઈએ.

વ્યક્તિની આકૃતિ પરથી અને પ્રતિમા પરથી ઓળખ પડે છે. વ્યક્તિનાં ફોટા જુઓ! ચિત્રમાં જુઓ! તો જે હશે તે જણાશે. જેનામાં રાગ–દ્વેષ–અજ્ઞાન હશે, તે તરત જ તેની પ્રતિમા પરથી જણાશે. દા.–ત. શ્રી કૃષ્ણને લો તો

તેમની સાથે રાધા હશે ! શંકર હશે તો પાર્વતી હશે ! પણ ભગવાન મહાવીર હશે તો સાથે યશોદાનું નામ-નિશાન નહિ હોય, શ્રીકૃષ્ણની અનેક પ્રતિમાઓ જુઓ ! તો સાથે રાધા (હશે) હોય, તેવી પ્રતિમા હશે, તે બંસરી વગાડતા હશે, રાધા નૃત્ય કરતી હશે. તો પછી શા માટે મહાવીર દેવ સાથે યશોદા નથી ? વિષ્ણુ સાથે લક્ષ્મી હશે, શંકર સાથે પાર્વતી હશે, ભગવાનની પ્રતિમા સંસારનું સેવન સૂચવતી નથી, ત્યાં અનાસકત ભાવ દેખાય છે, કારણ કે ભગવાનની પ્રતિમા રાગ-દ્વેષનું પ્રતિક નથી. જેમ રાગ નથી તેમ દ્વેષ પણ દેવાધિદેવમાં નથી. કાલી-મહાકાલીની મૂર્તિ જુઓ ! રાક્ષસોની મૂર્તિઓ જુઓ. તેમના ગળામાં ખોપરીની માળા હશે. મોટી મોટી આંખો હશે, કેવી ભયંકર મૂર્તિ ?

આ શું બતાવે છે ? જૈનોની મૂર્તિમાં વીતરાગતા અને વીતદ્વેષતા છે. વિશ્વનું કલ્યાણ કરવાવાળી તે પ્રતિમા છે. પ્રભુ રાગ કે દ્વેષથી મુકત છે, માટે વીતરાગ છે તેથી પ્રભુ અજ્ઞાનથી મુકત છે. માટે સર્વજ્ઞ છે. તેઓ ત્રિકાળજ્ઞાની છે. તેઓ જે જે કહે તે સાચું જ હોય, રાત્રિ-ભોજનમાં પાપ છે. આજે કેટલાક પોતાને વધારે પડતા હોંશિયાર સમજનારા મહાનુભાવોનું એમ કહેવું છે કે કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજ તો બ્રહ્મા-વિષ્ણુ-મહેશ-બુદ્ધ-મહાવીર બધાને સરખાજ માનતા હતા, અને બધાને નમસ્કાર કરતા હતા. આમ અવળી સમજણવાળાને સત્ય હકીકત સમજવા માટે સુદેવનો યોગ થયો નથી કે સર્વજ્ઞ

ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કોને નમસ્કાર કરતાં હતાં. જેનામાંથી બધાજ દોષો ક્ષય પામી ગયા હોય (સૂર્યના ઉદય વખતે અંધકાર નાશ પામે છે તેમ) તથા જે મહાપુરૂષોમાં બધાજ ગુણો પ્રગટ થયા હોય (સૂર્યના ઉદયથી પ્રકાશ અને કમળના વનો ખીલે છે તેમ) એ બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહાદેવ હોય, બુદ્ધ હોય કે જિન હોય તેમને મારો નમસ્કાર થાઓ. આ જાણવા માટે વીતરાગ સ્તોત્ર જેવાં ગ્રંથો વાંચવા તસ્દી લે? જેમ ધાર્મિક સભામાં પરોપકાર કરવાના સ્વભાવવાળા ધર્મગુરૂઓ દરેક શ્રોતાઓને એક સરખો ઉપદેશ આપે છે. પરંતુ તેમાંથી દરેક માણસ પોતાની રૂચી અનુસાર તત્ત્વને ગ્રહણ કરે છે. આ ભેદનું મુખ્ય કારણ પૂર્વના સંસ્કારો સિવાય બીજુ કાંઇ નથી.

નવકારથી પાપનો નાશ થાય. પણ એને બતાવનાર તો શ્રી અરિહંત પ્રભુ જને? એ રીતે આપણને પાપમાંથી મુકત પણ અરિહંત કરે છે. અનંતકાળથી નિગોદમાંથી બહાર કાઢનાર કોણ? જ્યારે એક જીવ સિદ્ધ થાય ત્યારે એક જીવ નિગોદમાંથી બહાર નીકળે. સિદ્ધપદને બતાવનાર કોણ? અરિહંત જને? ઊંડી દૃષ્ટિથી વિચાર કરીએ તો અરેખર પુણ્યના બંધમાં પણ બીજાની સહાય છે. પરમાત્માએ પુણ્ય સાધનો ન બતાવ્યા હોત તો આપણે પુણ્ય બાંધી શકત અરા?

યાદ રાખો! તમારી સદ્ગતિનો આધાર દુનિયાની સલામ ઉપર, સત્તા કે ધન ઉપર અથવા તમારા મરણ બાદ થનારી સંખ્યાબંધ શોક સભા ઉપર, અગર તો સ્મશાનયાત્રામાં

આવેલી જનતાની વિશાલ સંખ્યા ઉપર નથી. પરંતુ તમોએ જીવનમાં પાલન કરેલ (ધર્મ–આરાધના) સુંદર સદાચાર ઉપર છે.

યાદ રાખો ! ન્યાયનિષ્ઠ શ્રીમદ્ રામચંદ્રજીને જે કર્મ સત્તાએ ૧૪ વર્ષ સુધી વનવાસમાં ધકેલી દીધાં. તે કર્મ-સત્તા કોઈને છોડશે નહિ. માટે જ અશુભ કર્મ કરતાં વિચાર કરો.

એક કવિએ કહયું છે કેઃ–

'જિંદગી જબ તક રહેગી, કુરસદ ન હોગી કામસે;
કુછ સમય ઐસા નિકાલો, પ્યાર કરો પ્રભુ નામસે.'

ધર્મ કરવા માટે વાયદો ન હોયઃ–

'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબઃ
અવસર બીત જાયેગા, ફીર કરેગા કબ ?
સંપત ગઈ તે સાંપડે, ગયા વળે છે વહાણુઃ
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણુ.

જીવનમાં ઉન્નતિ બે જાતની હોય છે, ભૌતિક અને આધ્યાત્મિક, ભગવાન અરિહંતદેવનું પ્રવચન કઈ ઉન્નતિ આત્મઘાતક અને કઈ ઉન્નતિ આત્મસાધક એ બતાવી રહ્યું છે. પૈસા બહુ મળ્યા, માનપાન સારા મળ્યા. અને પ્રતિષ્ઠા વધતી ચાલી, પણ તેથી આ અનંતકાળના પ્રવાસી આત્માની શી આબાદી વધી ? કુડા કલિયુગમાં, ધર્મના કામમાં ગાડરિયો પ્રવાહ ઘણો ચાલ્યો છે. દુનિયાને રાજી

રાખવા, તેની પ્રશંસા મેળવવા, પરમાત્માની આજ્ઞાની વિરુદ્ધ વર્તીને ધર્મ કરું છું એમ માનનારા ઘણા થઇ ગયા છે. પણ કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે વીતરાગ સ્તોત્રમાં લખ્યું છે કે–વીતરાગ ! તમારી પૂજા કરતાં પણ આજ્ઞાનું પાલન વધારે મહત્વનું છે. કારણ કે, આજ્ઞાનું આરાધન મુક્તિ અપાવે છે. જ્યારે તેનું વિરાધન સંસાર ચક્રમાં રખડાવે છે. એટલે ધર્મ આજ્ઞામાં....જેમ છોકરો માતા–પિતાની સેવા–ચાકરી–પોષણ કરતો હોય પણ જો તેમની આજ્ઞા નહીં માનતો હોય (એટલે આજ્ઞાને હોકર મારતો હોય) જેથી માતા–પિતાના મનને દુઃખ થતું હોય તો એવાનું ફળ (બદલો) જોઇએ તેવો મલતો નથી. (દુંગર ખોદીને ઊંદર કાઢવા જેવો) મહેનત કેટલી અને ફળ શું ?

અનાદિ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં મહાન પુણ્યોદયે મનુષ્યભવમાં આર્યક્ષેત્રાદિ, ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થઇ છે, તે સામગ્રીનો સદુપયોગ સંસાર ઘટાડે છે. તો સામગ્રીનો દુરુપયોગ સંસાર વધારે છે. જ્ઞાની ભગવંતોને સંસારને દુઃખમય જ કહ્યો છે. દેવાદિના સુખો પરિણામે દુઃખ આપનારા હોવાથી તે સુખો પણ દુઃખ રૂપ છે. વધુ દુઃખને લાવનારા છે. માટે સંસારનો અંત લાવવા પ્રયત્ન કરવો જોઇએ, સંસારનો અંત મનુષ્યભવદ્વારા જ કરી શકાય છે. એટલે મનુષ્યભવ ઉત્તમ છે.

મહાપુરૂષો એટલે સુધી કહે છે કે–તમો ધર્મ આરાધના, તપ વગેરે ઓછું કરશો તો હજી ચાલશે પરંતુ તેમાં શ્રદ્ધા અને ભક્તિનો રંગ તો હોવો જોઈએ.

એક કવિએ કહ્યું છે કેઃ—

'ભક્તિ ભક્તિ સબ કોઈ કરે, ભક્તિ ભક્તિ મેં ફેર;
એક ભક્તિ તો અજબ હૈય, એક ભક્તિ હૈ દમડી શેર.

જેમ મહાપુરૂષોએ જે રાહને આચાર્યો એ જ રાહને અનુસરવું એ આપણા સૌનું પરમ કર્તવ્ય છે, પૂર્વ પુરૂષોને પંથે ચાલી અમૂલ્ય સંસ્કારોનો બ્બજનો આપણા માટે મુકી ગયા છે. એ બ્બજનાને, એ બ્બજનાના રહસ્યને જાણવાની, સમજવાની અને આચરવાની શું આપણી ફરજ નથી? પૂર્વના પરમ પુણ્યના ઉદયે આપણને આર્યદેશ–આર્યકુળ તેમાંય વળી મહાદુર્લભ મનુષ્યભવ અને એથીય વિશેષ દુર્લભ જૈનધર્મની પ્રાપ્તિ પણ થઇ પરંતુ એ ધર્મની ઓળખાણ-પિછાણ થઈ છે બ્બરી?

જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે આ શાસનના એકાદ માર્ગને પણ આરાધી શાશ્વત સુખ મેળવી શકાય છે, આ ક્યારે બ્બને? જ્યારે આપણે આને ઓળખીયે ત્યારે ને?

(સંસારનું) જગતનું કોઈએ સર્જન કર્યું નથી. અજ્ઞાનીમાં (જગત) સર્જવાની તાકાત નથી. અને જ્ઞાની આવો સંસાર બનાવે જ નહી? સંસાર (જગત) અનાદિ કાળથી છે અને દરેક (આત્મા) જીવો કર્મ અનુસારે જીવે છે. અને મરે છે. સુખ–દુઃખ ભોગવે છે. બધો કર્મ રાજાનો પ્રભાવ છે. ભગવાને તો જન્મ–મરણના ફેરા ટાળવા મોક્ષનું સુખ કહ્યું છે. જ્યાં પોતે ગયાં—

કર્મ હરે એ હરિ ! દુઃખ હરે એ હરિ નહિ.

દુઃખ હરવાની વાત સ્વાર્થમાંથી જન્મી છે. કર્મ હરવાની વાત પરમાર્થમાંથી જન્મી છે. આવો અર્થ જૈનેતરને સમજાવો. એ યોગ્ય આત્મા હોય તો સમજી જાય.

-: ચતુર નર તું ચેત લે :-

ચતુર નર તું ચેત લે, બાજી છે હજી હાથમાં;
પુણ્ય કેરા પુંજ રૂપ, ભાથું ગ્રહી લે સાથમાં.
અસાર આ સંસારમાં, રમતો બધાયે સ્વાર્થમાં;
આ દિવ્ય જીવન મેળવી તું, ગાળજે પરમાર્થમાં.
અંતર વિષે રત્નો ભર્યા, તેને નહિ તું ઢુંઢતો;
દુઃખ કાજ બાહિર તું ભમે, પામર બની મૂઢતો.
શું માહરૂં શું પારકું, વિવેક એ ભૂલી ગયો;
પુદ્ગલાનંદી બનીને, આડો અવળો આથડયો.
જે જે દીસે છે નયન સામે, ક્ષણમાં બધુંય ક્ષય થશે;
આંખો મીચાંતા આખરે એ, માટી માંહી મળી જશે.
જાવું જરૂર છે એકલા, પરલોકની વાટે તુજે;
તોયે પામર પ્રાણીને, ધર્મકરણી નહિ સુઝે.
નવમાસ ગર્ભવાસનાં, દુઃખો અસહ્ય તેં સહ્યાં;
વળી નરક ને નિગોદમાં, દુઃખો અનંતા તે લહ્યાં.
વહાણાં અનંતકાળનાં, વાયા છતાં જાગ્યો નહીં;
બની મોહમાં મસ્તાન ચેતન ! ધર્મમાં લાગ્યો નહીં.
કદી સ્ત્રી કદી પુરુષ બન્યો, કદી દેવ ને નારક થયો;
કદી રાય કે રંક ને, કુંજર કદી કીડી થયો.

નિર્બળ કદી, કદી સબળ થઈ, તેં હચમચાવ્યાં પર્વતો;
સંસારની રંગભૂમિ પર, નાટક અનેરાં ભજવતો.
પરભાવમાં તું રત રહ્યો, સ્વભાવને ભૂલી ગયો;
મોંઘેરો માનવ દેહ પામી, પાપમાં ઝુલી રહ્યો.
મમતા તજી સમતા મહીં, રમતાં રહે જે આતમા;
આ ક્ષણુ વિનશ્વર દેહ જોડી, તે બને પરમાતમા.
પ્રભુ વીરનો એ જ્ઞાનદીપ, અંતર વિષે જો ઝળહળે;
એ દિવ્ય નયનો ઉઘડતાં, અજ્ઞાનતા દૂરે ટળે.
બુદ્ધિ અનંતી આત્મમાં, ફેરવ હવે પુરુષાર્થને;
પ્રભુનો શિષ્ય કંકણ કહે, તું સાધજે પરમાર્થને.

પ્રગતિવાદના આ યુગમાં આપણી પ્રગતિ થઇ રહી છે કે અવગતિ ? તે તો અત્યંત વિચારણીય વાત છે. બધી વાતે બુદ્ધિ કેવળ ધર્મ–ભાવના અને આત્માના ઉદ્ધાર માટે જ આટલી બધી હિનતા....જેમને ધર્મ પ્રત્યે અંતરનું બહુમાન હશે, એ તો ધર્મને નહીં ભૂલે, પણ જેમને ધર્મ કર્મનો ખ્યાલ જ નથી તેવા જીવો માટે આવા પુસ્તકનું વાંચન ચેતના રૂપ કેવું થશે ?

ચાર ગતિ સંસારમાં, ભટક્યો કાળ અનંત;
પુણ્ય–પાપ સમજણ વિના, આવ્યો નહિ દુઃખ
અંત...(૧)
જિનવરને જાણ્યા નહીં, ન મળ્યા ગુરૂ નિર્ગ્રન્થ;
મિથ્યા પરવશ જીવડે, સેવ્યા અવળા પંથ...(૨)

કુદેવ-કુગુરૂ-કુધર્મમાં, મમતા પરવશ જીવ;
નિજ કલ્યાણ વિચારીને, સેવ્યાં પાપ અતીવ...(૩)

અર્થ:- અજ્ઞાની આત્મા ચારગતિ સંસારમાં અનંતા કાળથી, અર્થાત્ અનંતાભવ પુદ્ગલ પરાવર્તો વીતી ગયાં ત્યારનો સંસારમાં રખડે છે. અને જિનવરને જાણ્યા નહિ, નિર્ગ્રન્થ મુનિરાજ મલ્યા નહી. મલ્યા તો ઓળખ્યા નહીં પરંતુ મિથ્યાત્વ પરવશ બનીને અવળા માર્ગો સેવ્યા અને અનંતાકાળથી રૂઢ બનેલા; અને સંસારી જીવોનું સત્યાનાશ વાળવા, અજ્ઞાની ગુરૂએ ગોઠવેલા કુદેવ-કુગુરૂ -કુધર્મ પ્રત્યે મારાપણું માનીને અને, આમાંજ મારૂં કલ્યાણ થવાનું છે એમ વિચારીને અવળા માર્ગો સેવ્યા; અને મહાપાપો બાંધ્યા.

'જીવ અજીવ નવ ઓળખ્યા, ન કર્યો ધર્મ વિચાર;
સાચી સમજ વિના, લાગ્યા પાપ અપાર.'

અર્થ:- શ્રી જિનેશ્વર દેવોએ પ્રકાશેલા જીવ, અજીવ, પુણ્ય, પાપ સમજવા ઇચ્છા થાય નહીં તેવા આત્માઓના ધર્મના પ્રયાસ સફળ થતાં નથી. મૂળ તો મિથ્યાત્વ એવું પાપ છે. એ પાપ જ્યાં સુધી આત્માની સાથે ચોંટેલ હોય ત્યાં સુધી બીજા સત્તર પાપોનો ઉદયકાળ ચાલુ હોય, પણ જ્યારે આ અઢારમું પાપ મિથ્યાત્વ જાય તો સત્તર પાપો પોતાની મેળે ભાગી જાય.

આ સંસાર સમુદ્રમાં પરિભ્રમણ કરતાં જીવોએ મનુષ્ય જન્મ પામીને અનંતીવાર દ્રવ્ય વેશ લીધા અને

મુકયા છે. પરંતુ કશો જ લાભ થયો નથી.

પ્રશ્નઃ– તો પછી વેશની શી જરૂર ?

ઉત્તરઃ– શ્રી જિનરાજની વાણીનો મર્મ સમજવાથી પ્રશ્ન ઉકેલાઈ જશે, જેમ વહાણમાં બેસનાર સમુદ્રનો પાર પામે છે. પરંતુ બેસનાર જો વહાણમાં છિદ્ર પાડે તો પોતે અને વહાણ બન્ને નાશ પામે એટલે વહાણનો નાશ કરવાથી વહાણ ડુબે છે અને પોતે પણ દરિયાને તળીયે જાય છે એમાં વહાણનો શો વાંક ? તેમ વેશને પામીને વેશને વફાદાર ન રહે, વેશ પહેરીને ત્રૈગ્ય વર્તન ન રાખે તો વેશ શી રીતે મોક્ષમાં લઈ જાય ? વેશ તો વહાણના જેવો છે. વેશ પહેરીને વિનય રતન સાધુ જેવી અધમતા આચરે તો, સંસાર સમુદ્રમાં ડુબી જાય તેમાં વેશનો શો ગુનો ? ગમે તેવી રામબાણ દવા હોય, પરંતુ દરદી જો અપથ્યનું સેવન છોડે જ નહિ, તો દવા બિચારી શું કરી શકે ? કહ્યું છે કે :—

"ધર્મ નિયમ પાળ્યા વિના, પ્રભુ ભજવા તે વ્યર્થ;
ઓસડ સેવે શું થશે, પળાય નહી જો પથ્ય."

દરેક નિમિત્તને આધીન છે. નિમિત્ત મળતાં આત્મા પડતો બચી જાય છે. આમ તો જેવી જીવની ભવ્યતા. ભવ્યતા જો સારી હોય તો નિમિત્ત મલી જાય.

મુનિવેશે જીવને પડતો બચાવી લીધોઃ—

પ્રસન્નચંદ્ર રાજર્ષિ જેવા મહાપુરુષને રૌદ્રધ્યાન આવી જતાં સાતમી નરકની મજબુત તૈયારી થઈ જવા

છતાં દ્રવ્ય મુનિ વેશે બચાવી લીધા. બન્યું એવું કે, બાળે પુત્રના મોહથી શત્રુ રાજાઓ સાથે મનમાં લડાઇ શરૂ કરી. એ મનમાં ચાલી રહેલી લડાઇમાં બધા હથિયારો ખુટી જવા પછી પોતાના મસ્તક પરનો મુગટ મારીને શત્રુને હરાવવાનો વિચાર થયો. અને તેથી હાથ મસ્તક ઉપર ગયો. મસ્તકે લોચ કરેલો હોવાથી, હાથ બાલી પાછો ફર્યો. અને પોતાનું મુનિપણું યાદ આવ્યું. સાધુદશાનું ભાન થયું. અને શુકલ ધ્યાનમાં આવી ગયાં. જેથી ચાલુ અને આગળનાં કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન મેળવ્યું.

મુનિવેશે રંકને રાજા બનાવ્યો :—

મહારંક ભીખારીને શ્રીઆર્યસુહસ્તિસૂરિ મહારાજ પાસેથી સાંપડેલા મુનિવેશે, તેને મહારાજાધિરાજ બનાવ્યો, અવિચારક મનુષ્યોની દૃષ્ટિએ તે વેશ હાંસીપાત્ર જ હતો. ફક્ત તેણે બાવા માટે જ પ્રાર્થના કરેલી. બાવા માટે મુનિ વેશ લીધો. બોરાક વધુ બાવાથી મરણ પથારીએ પડયો. તે વખતે મુનિરાજોનો દિલાસો, અતિ પ્રમાણ સેવા, શ્રાવક–શ્રાવિકા વર્ગથી થતી દવાઓ અને પગચંપી વિગેરે સેવાઓ જોઇને, ભિખારી (સાધુવેશ આત્મા) આભોજ બની ગયો. અને વિચારવા લાગ્યો કે આ વેશને હજારો ધન્યવાદ છે. હું તો તેનો તે જ છું. મારામાં કોઇ પણ ગુણ આવ્યાં નથી, છતાં મારો આટલો બધો સત્કાર થઈ રહેલ છે. આ ગુરૂદેવ, આ મુનિરાજો અને આ શ્રાવક–શ્રાવિકાઓ પણ મારા બરોબરાં ઉપકારી આત્માઓ છે. ક્ષણવાર પહેલાં મને પોતાના

બારણે ઉભો રહેવાની ના કહેતા હતા, તેજ ધનવાન મનુષ્યો, આ વેશના પ્રતાપે, મારા પગ દાબે છે. ધન્યવાદ છે આ વેશને! આ પ્રમાણે વેશની અનુમોદના કરતો, ભવાંતર ભવમાં રાજાધિરાજ સંપ્રતિરાજ થયો.

(ઉપરના દૃષ્ટાંતો દ્રવ્ય મુનિવેશે જીવને પડતો બચાવી લીધો તે સમજવા માટે ટુંકમાં છે.)

જીવની ભવ્યતા સારી હોય તો યોગ સારો મળી જાય જેમ તિર્યંચ આત્મા ઉંદરને કેવલી ભગવાનનો યોગ મળી ગયો.

ધર્મનાથ ભગવાનના સમવસરણમાં એક ઉંદર ઊંચો થઇ થઇને પરમાત્માની વાણી સાંભળે છે. આ જોઇને ઇન્દ્ર મહારાજ ભગવાનને પુછે છે "પ્રભુ! શું આ જીવની બહુ યોગ્યતા છે કે આમ નાચે છે?" પ્રભુ કહે છે: "ઇન્દ્ર! આ જીવ યોગ્ય તે કેવો, કે મારા ને તારા પહેલાં મોક્ષે જવાનો છે."

'અહં' અને 'મમ'

'અહં' એટલે હું અને 'મમ' એટલે મારૂં. આ મંત્ર મોહરાજાનો છે. અને એ મન્ત્ર દ્વારા મોહે જગતને આંધળું બનાવેલું છે.

મોહરાજા ધર્મરાજાને પડકાર કેંકે છે કે આપ જગતને દેખતા બનાવવાની મહેનત કરો છો, હું જગતને આંધળું બનાવવાની મહેનત કરૂં છું પણ લખી રાખજો કે, આપની

મહેનતથી દેખતાં બનનારા બહુ ઓછા નિકળશે પણ મારી મહેનતથી આંધળા બનનારા ઘણા મલશે. એટલે તો જીવો સંસારના નાશવંત સુખના પ્રેમી છે,

કેટલાક લોકો વૈભવશાળી જીવનને ઉચ્ચ જીવન કહે છે પણ એ (અજ્ઞાન) મિથ્યાત્વની માન્યતા છે. પહેલાં ત્રણને ઓળખો જીવ, જગત અને જગત્પતિ (હું, તું અને તે)

હું એટલે આત્મા.
તું એટલે જગતના જીવો.
તે એટલે પરમાત્મા.

જ્યાંસુધી આ સમજણ આવતી નથી ત્યાંસુધી સાચી સાધનાની શરૂઆત જ થતી નથી. જે કૃત્રિમ સાધના છે તે તેના દુષ્પ્રત્યાઘાતો બતાવે છે. આર્ય સંસ્કૃતિને દેશવટો આપવાથી અનાર્યસંસ્કૃતિનો (ભારતમાં) આર્યદેશમાં ઉદય થયો એટલે તમામ ઉંડી સુઝ-શક્તિ ઓછી થતી જાય છે.

"હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? શું સ્વરૂપ છે ? મારે અરૂ કોના સંબંધે. આ વર્ગણા રાખું કે પરિહરૂં ?" એ વિચાર ક્યારે આવે કે જ્યારે જીવ, જગત અને જગત્પતિને ઓળખે ત્યારે સંસારનું સુખ (વૈભવશાળી જીવન) ઊંચ ન લાગે અને જેને પાપકર્મ કહેવાય છે તેવા અતિચારો-અનાચારોને લાગવા ન દે.

આપણા પોતાના આત્માને ચાલુ જન્મમાં અને ઉપલક્ષણથી આવા સંસારમાં અતિચારો લાગ્યા હોય અથવા અનાચાર સેવાયા હોય તેની આલોચના કરવી.

પ્રશ્નઃ– અતિચાર અને અનાચાર એટલે શું ?

ઉત્તરઃ– વ્રતખંડન થઇ જાય તેની પૂર્વ ભૂમિકાને અતિચાર અને વ્રતનો નાશ તે અનાચાર. જેમકે રાત્રિભોજનના નિષેધના પચ્ચખ્ખાણવાળો માણસ ખાવા–પીવાનો વિચાર કરે, ખાવા–પીવાની તૈયારી કરે ત્યાં સુધી અતિચાર લાગે અને રાત્રિમાં ખાય, પાણી પીવે તો વ્રત નાશ પામ્યું માટે અનાચાર જાણવો.

અરિહંતનું શરણ :—

“ શરણ કરો અરિહંતનું, ધ્યાન ધરો અરિહંત;
સેવા કરો અરિહંતની, જો ઇચ્છો દુઃખનો અંત. (૧)
ત્રણે કાળ ત્રણ યોગથી, એવા કરો ઉપાય;
અરિહંત દેવથી આપણે, અળગા નજ રહેવાય. (૨)
“જિનવરજી સાથે રહે, કદિ પાપ નવ થાય;
પહેલાંના પાપો બધા, ભયથી નાસી જાય. (૩)
“લાખો કોડો સર્પનાં, યુથો જ્યાં ઉભરાય;
આગમન એક મયુરનું, સર્પો સર્વ પલાય...(૪)
અંધકાર અતિ બલવડે, જગત અંધ થઈ જાય;
ઉગે દિનકર દેવ તો, અંધકાર ક્ષય થાય...(૫)

આપણે વીતરાગ શાસન પામ્યાં છીએ, માટે સૂઇ જવા પહેલાં અનશન કરવાની ટેવ પાડવી. હું સૂઇ જઉં છું. વખતે આ રાત્રિમાં જ, નિદ્રામાં જ અસાવધાનપણે મરણ થઇ જાય તો તે માટે રાત્રિના સૂતી વખતે નીચે મુજબ પચ્ચખ્ખાણ લેવું.

'આહાર, શરીર ને ઉપધિ, પચ્ચખ્યા પાપ અઢાર;
મરણ થાય તો વાસિરે, જીવું તો આગાર.

અર્થ:– એટલે જો મરણ થઈ જાય તો વોસરાવવાના કારણે પાપથી બચી જવાય અને જીવતા રહેવાથી છૂટા રહેવાય છે.

અનંત રાય ને રાણા, અનેકના નાથ કહેવાયા;
ગયાં રોગનાં ગાણાં, આવીયા મરણના ટાણાં.૧
હજારો ગામના સ્વામી, અને બહુ ભોગના કામી;
અન્તે મહારોગને પામી, થયા તે નરકના ધામી. (૨)
હજારો યુદ્ધને ખેલ્યા, યમ દ્વાર કેંક ને મેલ્યા;
રૂપાળી કેંક રંડાણી, ઉડાવી ખૂબ ઉજાણી. (૩)
મૂછોના આંકડા વાંકા, ચાલતાં લાગતાં બંકા;
વાગ્યા જબ મરણના ડંકા,મહાન પણ ભાસતાં રંકા.(૪)

એટલે મરવાનું તો જરૂર છે. મર્યા પહેલાં મરવા માટે તૈયાર રહેવું જોઈએ.

સુખ અને દુઃખ તો કર્મના ખેલ છે:—

દૃષ્ટાંત:– એક સમયે એક રાજા જંગલમાં ભૂલા પડ્યા. જંગલમાં ફરતાં ફરતાં એક સંતને ઝાડ નીચે બેઠેલાં જોયાં, રાજા તેની પાસે જઈને બેઠા. સંતે તો રાજાને ધર્મનો ઉપદેશ આપ્યો. સંત પાસે શું હોય ? ધર્મ કે નહિ. (વર્તમાન કાળમાં જૈન સાધુ પાસે કેટલાક શ્રાવકો ધન માટે વાસક્ષેપ નખાવતાં હશે.)

રાજાએ સંતને કહ્યું 'હે મહાત્મન્ ! તમે મને એવો કોઇ મંત્ર આપો કે, જ્યારે મને દુઃખ (કષ્ટ) આવે ત્યારે ઉપયોગી થાય.

સંતે કહ્યું: 'હે રાજન્ ! દુઃખ અને સુખ કોઈના આપ્યા આવતા નથી અને કોઈના ભગાડયા ભાગતા નથી. એ તો પોતાના કર્મનો હિસાબ લેવા-દેવા આવે છે. દુઃખ એ લેણદાર છે અને સુખ એ દેણદાર છે. બાકી મારી પાસે એવો કોઇ મંત્ર નથી કે જે તને આપું. તોપણ રાજાએ હઠ પકડી કે ગમે તેમ કરીને મને તો મંત્ર આપવો જ પડશે. સાધુ પાસે તો ઘણા મંત્રો હોય છે પણ કોઈને આપતાં નથી એવું મેં સાંભળ્યું છે.

સંતે ઘણે સમજાવ્યો છતાં રાજા પોતાની જીદ છોડતો નથી. એટલે સંતે કહ્યું કે 'હે રાજન્ ! તને જ્યારે દુઃખ આવે ત્યારે તું **"એ ભી ચલ જાયેગા"**—એ મંત્રનું રટણ કરજે.

રાજા સમજ્યો કે આ મને મંત્ર મળી ગયો, એટલે ખૂબજ ખુશ થયો અને સંતને ચરણે પડીને રજા માગી કે હું હવે જાઉં છું. સંતે કહ્યું કે રાજા કયારે પણ ધર્મને ભુલીશ નહિ. એ પછી રાજા નગરીમાં આવ્યો.

સમય સમયનું કામ કરે છે એ રીતે જોગાનુજોગ કુદરતી રાજા ઉપર આરોપ આવ્યો. જેના કારણે રાજાને કેદમાં જવું પડયું. ત્યારે રાજાને સંત પાસેથી મળેલો મંત્ર

યાદ આવ્યેા. તેનું રટણ કર્યું–**'એ ભી ચલ જાયેગા'** રટણ કરતાં કરતાં એને સમજાવ્યું કે સંતે જે મંત્ર આપ્યેા છે તે મંત્ર નથી પણ સમજવાનું જ્ઞાન છે. એનેા ભાવાર્થ એ થાય છે કે જેમ સુખ ચાલ્યું ગયું તેમ દુઃખ પણ ચાલ્યું જશે. એ રાજાને સમજાયું અને કુદરતે રાજાને જે ખેાટા આરેાપ માટે સજા થઈ હતી તે માફ થઈ.

સંસારમાં શું ના બને ? આમાં આશ્ચર્ય પામવા જેવું નથી આ તેા સંસાર છે. સંસારમાં છે કેાઈનેા ય વિશ્વાસ કરવા જેવેા ? સંસારમાં તેા આપણું પુણ્ય સહાયક હેાય તેાજ આપણેા વિશ્વાસ લેખે લાગે. જ્યાં પાપેાદય આવ્યેા એટલે ગમે તેવેા વિશ્વાસ પણ નિરર્થક નીવડે. એટલે તેા જ્ઞાની ભગવંતેાએ મનુષ્યભવમાં જે થઇ શકે તે ધર્મ કરી લેવાનું કહ્યું છે. કારણ ધર્મથી જ પુણ્ય ઉપાર્જન થાય છે. અને પુણ્યથી જ સુખ મલે છે.

હવે તેા રાજાને ભાન થયું કે સુખ–દુઃખ એ કર્મના ખેલ છે. એ વાત સત્ય છે. અને કર્મને કરનાર પેાતાનેા આત્મા જ છે. એટલે રાજા સંસારને છેાડી ફકીર બની ગયેા.

ફકીર કેાને કહેવાય ?

મનકી મમતા મીટ ગઇ, તનકી મીટ ગઈ પીડ;
ફિકરકા ફાકા કીયા, ઉસકા નામ ફકીર.....(૧)
ખાવાને રેાટી મલે, અંગ ઢાંકવા ચીર;
ફિકરની ફાકી કરે, તેનું નામ ફકીર..... (૨)

—: સાચો સાધક :—

૦ જીવનની આશ અને મરણનો ભય એ બન્નેથી સર્વથા મુક્ત હોય છે.

૦ અધર્મ કરનારા આત્માઓ સૂઈ રહે એ સારૂં છે અને ધર્મ પરાયણ આત્મા જાગતા રહે એ સારૂં છે.

૦ ધર્માનુરાગી આત્માઓનું બળવાન થવું અને ધર્મ વિમુખ આત્માઓનું નિર્બળ થવું સારૂં છે.

—ભગવતી સૂત્ર—

ધર્મની વ્યાખ્યા :—

પંડિતોએ જે લખી છે, પુસ્તકોના પાનામાં;
અન્યને ઉપકાર કરવો, પુણ્ય એનું નામ છે.
અન્યને પીડા કરવી, પાપ કેરૂં કામ છે.
પવન સાથે મિત્રતાથી, ધૂળ પણ ઊંચે ચડે;
પાણી સાથે મિત્રતાથી, કાદવ પણ ધોવાઈ જાય.
પાપી તણા સહવાસથી, જન પાપના પંથે પડે;
સાધુ તણા સહવાસથી, જન પુણ્યના પંથે ચડે,

આપણી ગાડી ઊંધા પાટે ચડી ગઈ હોય તેને સીધા પાટે લાવવાની જરૂરીઆત માટે આવા વાંચનોની જરૂર છે.

(આપણે એટલે જૈન કુળમાં જન્મેલા આત્મા)

૦ સંસારએ કેદખાનું છે,

૦ કુટુંબીઓ એ મુસાફરખાનું છે.

૦ શરીર એ પાયખાનું છે.
૦ કર્મ એ કારખાનું છે.
૦ રાગાદ્વિ ભાવો એ કતલખાનું છે.

—પૂ.-મુ. ચંદ્રશેખર વિજયજી—

અંતરની અમીરાત :-

ઘરની અંદર અનેક પ્રકારની આધુનિક સાધન સામગ્રી કે હીરા, માણેક, મોતીના દાગીનાના સેટ વસાવ્યા હોય તેટલા માત્રથી માનવ અમીર ગણાતો નથી. આ બેલ ફક્ત આ જન્મ પૂરતો હોય છે. માનવ પાસે ભૌતિક ધન સંપત્તિ ઓછી હશે, પણ અંતર સદ્‌ગુણો કે સુસંસ્કારની સુવાસથી સભર હશે તો જ અમીરાત પ્રગટશે, જો મનુષ્ય બાહ્ય સાધન સામગ્રીમાં ફસાયો તો મરાયો, કારણ કે એ બધો માલ પરાયો છે. પરાયુ કોઈ પણ કાલે પોતાનું નથી થતું, એ આપણી નજર સમક્ષ સચોટ છે.

" ભીડી મૂઠી લઇ જન્મીયો, મરતા ખાલી હાથ;
ચેતન જોને તું જગમાં, નહિ કોઈ આવે સાથ."

જીવ જન્મ્યો ત્યારે બાંધી મૂઠી હતી અને મરણ વખતે ઉઘાડી મૂઠી હશે. સાથે લઈ જવા જેવું તો પુણ્ય ને પાપ જ હશે. અંતરમાંથી "અહં" જાય તો જીવ અરિહંત બને ને "મમ" જાય તો મોક્ષ મલે જેથી સંસાર ટળે.

સવ્વે જીવા કમ્મવસ :—સર્વ જીવો બિચારા કર્મને પરાધીન છે. અને આપત્તિ આવતાં સમજવું કે **'સવ્વં**

પુવ્વ કમ્માણું ફલં ? બધું પૂર્વ કર્મનું ફળ છે. ફક્ત ભારે કર્મી જીવને ધર્મનો ઉપદેશ કયાંથી રૂચે ?

જેને હૈયે 'શ્રી નવકાર,' તેને કરશે શું સંસાર: જ્યારે જીવની ભવ સ્થિતિ પરિપાક થાય ત્યારે જ સંસાર ઉપરનો મોહ ઘટે. સારી ભવ્યતાવાલા જીવો સંસારમાંથી છુટીને મોક્ષે ગયા તેમાં મરૂદેવામાતાના જીવની ભવ્યતા ઘણી જ ઉત્તમ કહેવાય.

દૃષ્ટાંતઃ– ભગવતી મરૂદેવીનો આત્મા છેલ્લા ભવના આગલના આગલા ત્રીજા ભવમાં નિગોદમાં હતો. (નિગોદમાંથી નિકળેલો આત્મા પાંચ ઇન્દ્રિયવાલા આત્મા જેટલો કર્મથી ભારે હોતો નથી) તે નિગોદમાંથી નીકળીને વનસ્પતિ કાયમાં કેળનું ઝાડ થયો. તેની લગોલગ (બાજુમાં) કંથેરીનું (ખોરડીનું) ઝાડ ઉગેલું હતું, પવનના ઝાપટાથી કંથેરી ઝાડના કાંટા વારંવાર કેળના ઝાડને લાગતા હતા તો પણ ભાવિભદ્ર આત્મા કેળના જીવે ક્ષમા રાખી સહન કર્યું એથી જોરદાર અકામ નિર્જરાએ પુણ્ય બંધાયું અને જીનેશ્વર દેવની માતા થવાનું સદ્‌ભાગ્ય મળ્યું. આ આત્મા તદ્‌ભવ મોક્ષગામી હોવાના કારણે આ જ ભવે મોક્ષે ગયાં. આ દૃષ્ટાંત જીવની ભવ્યતાને સમજવા પુરતું છે. જો જીવની ભવ્યતા સારી હોય તેને યોગ પણ સારો મળતો જાય છે. જેવું થવાનું હોય છે તેવીજ બુદ્ધિ આવે છે. તેવુંજ કામ કરવાનું સુઝે છે. અને મદદગારો પણ તેવા જ મળે છે સંસ્કૃત સુભાષિત પણ કર્મને નહિ માનનારા આત્માઓને

સમજાવવા માટે તેમના પુણ્યોદય વિના કોઇ જ ઉપાય નથી; કારણ કે તેઓ નાસ્તિકતા સાથે દુરાગ્રહના અખંડ પૂજારીઓ છે. જગત વર્તમાન કાળના યુગની આગમાંથી બચી જાય તો જ આર્ય સંસ્કૃતિના વિચારો આવે ત્યારે અનાર્ય સંસ્કૃતિનો દેશવટો મલે.

સ્ત્રી સ્વાતંત્ર્યઃ-

ભારત દેશના આર્ય સંસ્કૃતિવાળા રાજકારણના સુકાનીઓને અનાર્ય દેશના (જર્મની રાજકરણનાં સુકાનીનો) (હીટલરનો) દાખલો સમજવા જેવો છે. તેમાં પણ જૈન કુળવાળા આત્માઓને સમજવા જેવું આ દૃષ્ટાંત છે કે, નહિ ?

હવે વાંચો આ દૃષ્ટાંતઃ-

નારી તો મુખ્યત્વે રક્ષ્યા હતી ! ભોગ્યા તો ગૌણરૂપે ગણાતી. એનું જીવન-મહાસતી-સાધ્વીનું કે સતી એવી સ્ત્રી તરીકે જ રહેતું, સ્વચ્છંદી જીવન જીવવાનું એને સ્વાતંત્ર્ય બેશક ન જ હતું પરંતુ ઘરની તો એ રાણી હતીઃ ઘરની-પતિની સંપત્તિનો વહીવટ એ કરતી. બાળ ઉછેરણથી એ મસ્ત રહેતી. એને માથે જગતની કોઇ જવાબદારી ન હતી. અફસોસ" એના જીવનના વિકાસના નામે એના મસ્ત પવિત્ર જીવનનો વિનાશ કરાવાયો; પોતાની જીવાદોરી-સમું "નારી-શીલ" ખોઇ નાખ્યું એથી પ્રજા નિર્માલ્ય પાકે કે નહિ ? અનાચાર, અનાચાર અને માંસાહારનું સેવન કરતી થઇ. જેનું બીજ બગડ્યું....એનું બધું જ બગડ્યું.

જર્મનમાં હિટલર સત્તા ઉપર આવ્યો ત્યારે એણે આ કામ કર્યું–સરકારી નોકરીમાં જેટલી યુવાન સ્ત્રીઓ લાગી ગઈ હતી એ બધાને રાજીનામા અપાવી ઘેર બેસાડી દીધી, પરંતુ એમના દિલમાં આ ગૌરવ જગાડીને કે, તમે તો લોખંડી જર્મન પ્રજા પકવનારી છો. દુનિયામાં જે પ્રજાનો જોટો ન મળે એવી શુરવીર જર્મન પ્રજાની તમે માતા થનારી તમારે આ નોકરી કરવાની હોય ? નોકરી કરો તો લોખંડી નહિ પણ નમાલી પ્રજા પકવશો. કેમકે અહિં ઓફીસમાં બેઠેલા તમને જોઈ જોઈને પુરૂષો નિઃસત્વ થઈ જવાના. તમારા મીઠા લાગતા દર્શન કરી–કરીને એમના વીર્ય–નિઃસત્વ વીર્યથી તમે પ્રજા કેવી પકવશો ? નમાલી અને નિઃસત્વ જ ને ? માટે જાઓ લોખંડી જર્મન પ્રજા પકવી એની ગૌરવ-શાલી માતા થવા નોકરીમાંથી રાજીનામાં મૂકી દો. બસ. આ ગૌરવ બેનોના હૈયે વસાવી દઈને એમને નોકરીમાંથી છૂટી કરી દીધી. આમાંથી મહાવીર પ્રભુની શ્રાવિકા બેનોને સમજવા જેવું છે કે નહિ ? હું મહાવીર ભગવાનની શ્રાવિકા ને જાતે જૈન કુળના સંસ્કાર લઈને પોતે; પતિને તથા પુત્રોને શીલવંતા બનાવું જેથી બધાનો જન્મારો સુધરી જાય. હિટલરે આ તત્ત્વ જોયું હતું માટે પરસ્ત્રીદર્શન ખોટું માની સ્ત્રીઓને નોકરીમાંથી ઘરે બેસાડી દીધેલી, હું તો ભગવાનની શ્રાવિકા છું લેભાગુની ભક્તા નહિ.

સ્ત્રી એટલે પુરૂષ માટે વિજાતીય કહેવાય, તેથી એનું દર્શન ખોટું, માટે જ માબાપે સંતાનને ખોટું આલંબન ન બનવા સાવધાન રહી ગુણ સુવાસિત જીવન જીવવાનું છે.

તેવા સંસ્કારો આપવા અને સંતાનને થાય કે હું આવા સારા મા–બાપનું સંતાન, મારાથી દુર્ગુણ ન સેવાય, અપકૃત્ય ન કરાય, મારા ભગવાન કેવા સર્વોચ્ચ ! કેવા ભગવાનનો હું સેવક ?

મુળ તો આ સુસંસ્કાર કુમળીવયના બાળકોને અપાય તો એના ફળ રૂપે સંતાનનો જીવનબાગ સુધરી જાય. સો શિક્ષકોની ગરજ એક માતા સારે છે. એ ન્યાયે શિક્ષણ ભલે બહારનું મલતું હોય પણ સંસ્કાર તો ઘરમાંથી મલવા જોઈએ. એ માટે માતાપિતાની જવાબદારી છે કે નહિ ! ખોટા કુસંસ્કારના કારણે વર્તમાનકાળના માબાપો કહે છે કે સંતાનો અમારું કહ્યું માનતા નથી. તે હવે બોલ્યાથી શું ફાયદો ? આમાં અપવાદ તો છે. વર્તમાનકાળે પણ કેટલાક સુસંતાનો માબાપની આજ્ઞામાં રહીને જીવન જીવે છે એવા સુસંતાનો ધન્યવાદને પાત્ર છે.

દિવ્ય દર્શનમાંથી સાભારઃ–

વર્તમાન કાળે વિકાસને નામે નારીને શિક્ષણ–સહશિક્ષણ –પુરૂષ સાથેનો મુકત સહચાર–છુટા છેડાની સગવડ–ગર્ભપાતની અનુકુળતા–આંતર જ્ઞાતીય–આંતર ખંડીય–લગ્નોની સ્વતંત્રતા–ઘોડિયા ઘરમાં આયાઓથી બાળકોનો વિકાસ–પતિથી સંપૂર્ણ રીતે મુકત જીવન–નોકરી કરીને પગભર થવાની ઝુંબેશ–આજીવન કૌમાર્યની ભલામણ–પુરૂષ સમોવડી પણું વિગેરે અનેક આકર્ષણો આપી દીધા. આ બધાથી નારીના જીવનનો

વિકાસ થયો પરંતુ હકીકતમાં તો; અફસોસ' એના જીવનના વિકાસના નામે એના મસ્ત પવિત્ર જીવનનો વિનાશ કરાયો.

પૂ. મુનિ ચંદ્રશેખરવિજયજીના વાંચનમાંથી સાભાર.

આમાં પણ અપવાદ તો છે જ. વર્તમાનકાળે પણ પોતાની આજીવિકા માટે નોકરી કરનાર બહેનો પોતાનું પવિત્ર જીવન જીવી જાણે છે.

આત્મદૃષ્ટિનો ઉઘાડઃ-

માનવ જીવન અમૂલ્ય છે. માનવી સંસાર સાગરમાં અનેક પ્રલોભનો ને લાલચો વચ્ચે રહીને જીવતો હોય છે. ભૌતિક ચીજ વસ્તુઓના બંધનમાં બંધાતા માનવને સાચી આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત થતી નથી. આથી આવો અમૂલ્ય ભવ પણ અશાંતિ, દગા, પ્રપંચ, મોહ, માયાના આવરણમાં લપટાઈ જાય છે અને માનવને મુક્તિના માર્ગનો સત્ય પ્રકાશ મળતો નથી આથી માનવભવની સફળતા માટે આત્મ દૃષ્ટિ ખીલવવાની-પ્રગટાવવાની જરૂર છે.

શ્રાવકકુળ એટલે સંસારતી સાગર તરવાની નાવડી. ગમે તેવા કાળમાં ધર્મને સાચવીને જીવવું તેનું ડહાપણ.

વર્તમાન કાળમાં જેને શીલની કશી કિંમત નથી તેવાઓની ઇન્દ્રિયો કાબુમાં નથી અને તેમાં કુતર્કોથી સ્વચ્છંદ રીતે વાતો કરનારા બિચારા અજ્ઞાનીઓ દોર્યા દોરવાય છે, અને પોતાની જાતનું અહિત કરી રહ્યા છે.

વિધવા વિવાહનો પ્રશ્નઃ-

એ એક પ્રકારના વ્યભિચાર રૂપ હોવાથી જ એવી

વાતો કરનારાઓની વિધવા માતાઓ અને બહેનો પણ શરમાય છે; કારણ કે આ તો પાપાત્માઓ છે. પણ તેમની માતાઓ અને ભગિનીઓ કંઈ ધર્મહીન નથી કારણ કે જેઓમાં જૈન કુળના સંસ્કાર ટકેલા હોય, સુસાધ્વીના પરિચયમાં નિરંતર રહેવાનું હોય અને નિત્ય જિન પૂજન, સામાયિકાદિ ક્રિયાઓનું સેવન તથા નિત્ય પરમત્યાગીઓના વ્યાખ્યાનોનું શ્રવણ કરતાં હોય તેઓને આવા વિચારો ઘટકે જ, પણ પાપ વિચારો જો કાયમી રીતે ફેલાયા કરે, તો પરિણામ એ જ આવે કે અસતીપણાની સુગ ઉડી જાય ! ઉચ્ચ કુળોની મર્યાદા એ છે કે પર-પુરૂષનો હસ્તસ્પર્શ પણ ન કરાય, ત્યારે આજ તો શેકહેન્ડનો શોખ જન્મ્યો એ અરેબર ભયંકર નાશની નિશાની છે.

'સ્ત્રી સ્વાતંત્ર્ય' અને વિધવા વિવાહ'ની જ વાતો કરે છે. તેઓ પોતે જ આર્યદેશમાં વગર કારણે અનાચારોનો ભયંકર પાપપ્રચાર કાર્ય કરી રહ્યા છે. શાણા સજ્જન અને ધર્મ રસિક આત્માઓએ તો આવા પાપાત્માઓની છાયાથી પણ અલગ રહેવા જેવું છે.

(નવપદ દર્શન પુસ્તકમાંથી સાભાર)

ધર્મથી પરાઙ્મુખ આત્મા કરતાં પણ ધર્મની આશાતના કરનારો સ્વપરને માટે વધારે ભયંકર છે.

આજે ધર્મના નામે કોઈક ઠેકાણે ધર્મની આશાતના થઇ રહી છે. ધર્મના દ્રોહિઓ કહે છે કે અમે જ સાચો

ધર્મ કરી રહ્યા છીએ, અમે જે કરીએ છીએ. તેમાં જ સમાજનો અને દેશનો ઉદ્ધાર છે. આજે એવાઓની સંખ્યા જૈનોમાં પણ ઓછી નથી.

ધર્મ શામાં ? અનંતજ્ઞાનની આજ્ઞામાં કે આપણી ઇચ્છામાં ?

ધર્મ કયાં રહે ? અનંતજ્ઞાનની આજ્ઞામાં કે આપણી ઇચ્છામાં ? કહેવું જ પડશે કે, અનંતજ્ઞાનની આજ્ઞામાં.

સંસારના સુખો માટે ખોટા કર્મ શું કરવા બાંધી લેવા ? અનંત જ્ઞાનીઓએ કહ્યું છે કે સંસારમાં કોઈ કોઇનું નથી. સંસારમાં તો આપણે પૂર્વના સંબોધો ને સંયોગે ભેગા થઈએ છીએ, અને એ સંબંધ પુરો થતાં છુટા પડીએ છીએ તેમાં જે ગતભવનું લેણા સંબંધ હોય તે મુજબ સંસારમાં પ્રેમ કે વેર-ઝેરનું જીવન સાથે રહીને જીવાય છે.

કોના છોરૂં ને કોના વાછરૂં, કોના માઇને બાપ;
અંત કાલે જીવ જાશે એકલો, સાથે પુણ્ય ને પાપ.

પુણ્ય અને પાપ સિવાય કોઇ સાથે આવવાનું નથી એ સત્ય સમજાય ત્યારે જ ખોટા કર્મથી (પાપથી) બચી શકીએ. ત્યારે જ **વીણ બાંધા વીણ ભોગવ્યા; ફોગટ કર્મ ન બંધાય** એટલે જ જ્ઞાનીઓ કહી ગયા કે બચાય એટલું પાપથી બચો. આટલી વાતો તો સ્વીકારી જ લેવાની રહેશે કે (૧) પરમકૃપાળુ પરમાત્મા આ જગતનો સ્રષ્ટા

નથી. (૨) આત્મા જેવું એક સ્વતન્ત્ર સદાનું કદી ઉત્પન્ન નહિ થયેલું, કદી નાશ ન પામનારૂં ચેતન તત્ત્વ છે.

આ દેખાતું શરીર એ આત્મા નથી એની અંદર આત્મા છે મૃત્યુ શરીરનું થાય છે આત્મા કદી મરતો નથી શરીરનું શરીરનું મૃત્યું થતાં જ આત્મા અન્યત્ર ચાલ્યો જાય છે. નવું શરીર બનાવે છે. એમ કરતાં કરતાં કેટલાક આત્મા પરમકૃપાળુ પરમાત્મા બને છે. ટુંકમાં આ જગત નિત્ય છે. આત્મા નિત્ય છે. અહિં એ વાત સિદ્ધ થઈ જાય છે કે જીવની ઉત્પત્તિ કદાપિ કોઇએ કરી નથી. જીવ તો અનાદિ નિત્ય છે. આની સાથે સાથે બીજી એ વાત પણ સિદ્ધ થઇ જાય છે કે જન્મ, જીવન અને મરણની પરંપરા જીવાત્માઓ જ્યાં જન્મ્યા કરે છે તે જગત પણ કદી ઉત્પન્ન થયું નથી. પરંતુ એ પણ અનાદિ નિત્ય છે.

જો જગત ઉત્પન્ન થયું હોય તો તેની ઉત્પત્તિ પૂર્વે જીવાત્માઓ જન્મ મરણ કયાં પામતાં હતાં એ પ્રશ્ન થાય છે.

ટુંકમાં જીવ, જગત અને કર્મ ત્રણેય અનાદિ નિત્ય સાબિત થાય છે. બેશક, કર્મ અને જગત સતત પરિવર્તન પામે છે. પરંતુ એક જાય તો બીજું અવશ્ય ત્યાં આવે જ. આમ પ્રવાહની ધારા તો સતત ચાલુ રહે છે.

આત્માની ત્રણ દશા છે :-

(૧) બહિરાત્મભાવ; (૨) અનંતરાત્મ દશા અને ત્રીજી પરમાત્મદશા.

ભાવાર્થ:- ઘરબાર, ધન, દોલત, સ્ત્રી પુત્રાદિને પોતાના માનવા અને તેને માટે તનતોડ મહેનત કરવી તે બહિરાત્મદશા.

(૨) મનોવિકારો પર વિજય મેળવી આત્મદશાની વિચારણામાં ઉંડા ઉતરવું અને વ્યવહારનાં કાર્યોમાં અથવા શરીરના સંબંધમાં માત્ર સાક્ષી ભાવ રાખવો તે અંતરાત્મદશા.

(૩) બાહ્ય ઉપાધિનો ત્યાગ કરી જ્ઞાનાનંદમાં મસ્ત રહેવું અને વિષય-કષાયની ઉપર થઈ જવું તે પરમાત્મદશા.

આમાં પણ **'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે'** સઘળાંય શ્રી અરિહંત પરમાત્માઓએ સારાય જગતને એકજ ઉપદેશ આપ્યો છે કે મહાપુણ્યના યોગે દુનિયાની ગમે તેટલી સુખ-સાહેબી રિદ્ધિ, સિદ્ધિ મલી હોય તો પણ આ દુર્લભ મનુષ્ય ભવ પામીને **જેનામાં શક્તિ હોય** તેણે એ સઘળી રિદ્ધિ, સિદ્ધિ આદિનો સાપ જેમ કાંચળી મૂકીને ચાલ્યો જાય તેમ ત્યાગ કરીને અણગારપણું જ સ્વીકારવું જોઈએ. ભવ્ય જીવોને મુક્તિપદ મેળવવાનો આ જ રાજમાર્ગ છે. જે જીવો સર્વવિરતિને પામ્યા (સાધુ થયા) પછી પણ આ દુનિયાના સુખોમાં રંગાઈ જાય અને દુઃખથી ગભરાયા કરે તો કર્મો તેની છાતીપર ચઢી બેસી તેને સંસારમાં રખડાવે છે.

આમ તો આપણો આત્મા પણ જિનેશ્વર ભગવાન જેવો છે (આત્મા સો પરમાત્મા) પણ આપણા આત્મા ઉપર કર્મના લેપના થર જામી જવાના કારણે પરમાત્મા બની શકતો

નથી. ભગવાનના આત્માએ પોતાના પુરૂષાર્થથી કર્મનો લેપ કાઢી કર્મને હટાવી (આત્માથી છુટા પાડી) પરમાત્મા બન્યા છે. પહેલાં તો જિનેશ્વરનો આત્મા પણ આપણી જેમ સંસારમાં રખડતો હતો, જ્યારે સમ્યક્ત્વને પામ્યાં ત્યારથી એના ભવોની ગણતરી થાય છે. અને જિનેશ્વર દેવના આત્માએ સંસારના કિચ્ચડમાંથી કેવી રીતે બહાર નીકલી આવ્યા છે. તે તેના ચરિત્રોમાંથી આપણને જાણવા મલે છે.

જન્મે છે, તે જ મરે છે. એટલે જન્મ થાય તો જ મરણ થાય છે. તો મરણથી શું કરવા ભય રાખવો ? જન્મથી ભય રાખો અને જન્મ ન થાય તો મરણ નહિ થાય ને યાદ રાખજો કે ગમે તેવો નીચ ગતિવાળો માણસ (ધર્મ) સદાચરણો કરીને ઉચ્ચગતિને પામે છે. અને ઉચ્ચગતિનો માણસ અધર્માચરણો વડે કરીને નીચપણાને પામે છે. માટે ધર્મ મુજબ સદાચરણથી ચાલવું એજ ઉત્તમ છે. ચોરાશી લાખ જીવ યોનીમાં પરિભ્રમણ કરતાં મળેલા આ માનવ ભવને સાર્થક કરવાની ઇચ્છા થાય તો જિનેશ્વર ભગવાને કહેલા ધર્મને આરાધો.

યુગ યુગથી ચૌરાશીના ચક્કર ફરતો માનવ સુખની ભ્રાંતિને લીધે ભટક્યા કરે છે. અંતે દુઃખ અને બંધન રૂપ થનારા ઇન્દ્રિયોના સુખને તેઓ સાચું સુખ માની લે છે, અને પછી વારંવાર પસ્તાય છે. જીભને અવનવા સ્વાદ ગમે, આંખને સુંદર રૂપ ગમે, કાનને મધુર રાગિણી ગમે, નાકને

મીઠી મા૬ક સુંગધ ગમે, અને ત્વચાને મુલાયમ સ્પર્શ ગમે. એમ પાંચે ઇન્દ્રિયો પાછળ આખી દુનિયા ગાંડી બની છે પરંતુ વીતરાગ ભગવાન કહે છે કે તે બધા સુખાભાસ છે, વાસ્તવિક સુખ નથી.

આત્મા અનંત સુખનો સાગર છે, છતાં આપણને તે સુખ જણાતું નથી? કારણ કે આત્મા તરફ આપણે દૃષ્ટિ કરી નથી. આ જગતના અનેક પદાર્થો પર ભમતી આંખને આપણે જાત તરફ વાળી નથી. આપણા પોતાના સ્વરૂપને જ આપણે જોયું નથી, પિછાણ્યું નથી, ત્યાર્યું નથી. આ દુનિયામાં અનેકનો પરિચય કરતાં પહેલાં જેનો પરિચય પ્રથમ જ કરવો જોઇએ, એ આત્મપરિચય જ આપણે પામ્યા નથી. પછી આત્માની મહત્તા ક્યાંથી પ્રગટે? આપણી ગાડી જ ઊંધે પાટે ચડી ગઇ છે. ક્ષણિક સુખના ભગ્નપુલ ઉપરથી આપણે પસાર થવા પુરપાટ જઇએ છીએ. પછી શાંતિનું સ્ટેશન આવે શી રીતે? ઊંડી ખાઇમાં જ પડવાનું આવેને? એકજ સાચી સમજણથી–સાચી તત્ત્વ જિજ્ઞાસાથી–સાચા સમકિતથી આત્મ સુખના બારણા ઉઘડી જાય, સમ્યક્‌ત્વ સાથે વિરતિધર્મ પ્રાપ્ત કરનાર જરૂર મોક્ષ મેળવે? મારો આત્મા સુખ સાગર છે, પરમાં મને સુખ નથી–આ સત્યનું રટણ કરે તો સંસારનો અને દુઃખનો અંત આવે.

બીજી વાત, તું સત્ છો, તું જ્ઞાનમય છો, તારી અંદર ખજાનો ભર્યો છે. જેમ આવરણો ઉઘડતાં જાય તેમ–તેમ અંદરનો પ્રકાશ આવતો જાય.

આત્માની આવી સમજણ પામવાની અને કર્મને ઓળખીને તેનાથી પાછા હટવાની જિજ્ઞાસા જાગે, એ પણ પુણ્યનો ઉદય સમજવો.

મનુષ્ય જન્મની સાર્થકતા શું છે ? અજન્મા થવાની એટલે જન્મ-મરણના ફેરામાંથી છૂટી જવામાં જ સાર્થકતા છે. જન્મ થયા પછી મરણ તો જરૂર થશે જ પરંતુ મરણ બાદ જન્મને અટકાવી દેવો એ તો આપણા હાથની વાત છે. અને મરણ કયારે બાજ પક્ષીની જેમ તૂટી પડશે, તે જ્ઞાની સિવાય કોઈ કહી શકતું નથી.

ક્ષણ ભંગુર છે દેહ, વૈભવો નથી સર્વદા;
માથે મોત ખડું નિત્યે, તે જાણી ધર્મ આચરો.'

શરીર કાયમ સાથે રહી શકતું નથી કારણ કે તે પર છે.

વોરંટ આવશે વનવગડે, અણચિંતવ્યું યમરાજનું;
છે કાયદો કર્મ રાજાનો, નથી રાજ પોપાબાઈનું.

મદોન્મત્ત એવો રાવણ પણ (મરણને) ભવિતવ્યતાને મિથ્યા ન કરી શકયો, એક વખત રાવણના દરબારમાં એક નૈમિત્તિક આવ્યો. વાતચીતમાં તેણે કહ્યું. દરેક પ્રાણીનું મરણ નિશ્ચિત છે. જે જન્મે છે તે અવશ્ય મૃત્યુને પામે છે. રાવણે તેનો પ્રતિવાદ કરતાં કહ્યું કે બધા પ્રાણીઓમાં હું અપવાદ છું. યમ મારો સેવક છે. આથી મારું મૃત્યુ થવાનું નથી. ત્યારે નૈમિત્તિકે આગાહી કરી કે લંકેશપતિ !

આવું અભિમાન રાખવું યોગ્ય નથી. આપનું પણ મરણ નિશ્ચય છે. મૃત્યુમાં કોઈ અપવાદ હોતો નથી. તમારૂં મરણ દશરથ રાજાના પુત્ર રામના હાથે થશે. મંત્રીઓએ પણ આ વાતનું સમર્થન કરતાં કહ્યું હે રાજન્ ? મૃત્યુ અનિવાર્ય છે. આ બિલકુલ સત્ય કહે છે. ભાવિ મિથ્યા નથી થતું. રાવણે અટ્ટહાસ્ય કરતાં કહ્યું ભવિતવ્યતા મારી આગળ રાંક છે. તે મારૂં કશું જ બગાડી શકે તેમ નથી. કારણ કે ઉત્તમ પુરૂષોને તો પુરૂષાર્થ પ્રમાણ છે. રાવણનું પણ મૃત્યુ પાસે કાંઈ ચાલ્યું નથી. મૃત્યુ એને પણ ઉપાડી ગયું છે.

જૈન રામાયણમાં આવે છે :-

એક વખત રાવણે જ્ઞાની મુનિને પૂછ્યું કે મારૂં મોત કયારે થશે ? ત્યારે જ્ઞાની મુનિએ કીધું કે તારૂં મોત સીતાજી નિમિત્તે દશરથ રાજાના પુત્ર રામથી થશે. તે વખતે રાવણનો ભાઈ વિભીષણ હાજર હતો તેને પોતાના ભાઈ ઉપર બહુજ પ્રેમ હતો એટલે કીધું કે, હું જઈને દશરથ અને જનક રાજાને મારી નાખીશ, તો પછી રામને સીતાનો જન્મ જ નહિ થાય. પછી રામના હાથે મોત થવાનું કારણ જ રહેતું નથી. વિભીષણ અયોધ્યામાં દશરથને મારવા રવાના થયો પણ ભવ્યતા સારી હોવાના કારણે દશરથને પણ ખબર પડી ગઈ છે. અને જનકને પણ ખબર પડી ગઈ છે. એમને ખબર પડી ગઈ પણ બન્નેય સમજે છે કે 'વિભીષણની સામે ઉભા રવાની આપણામાંના કોઈની તાકાત નથી. આથી તેઓ પોતાના મંત્રી મંડળની સાથે શું કરવું ? એની વિચારણા

કરીને ગુપ્ત પણે અન્યત્ર ચાલ્યા ગયા છે. એમનું મંત્રી મંડળ એવું કુશળ છે કે કોઇને પણ એ વાતની ગંધ સરખી ય આવવા દીધી નથી અને એ બન્નેના આબેહુબ પુતળાં બનાવીને તેમના સ્થાને રાખી મૂકયાં છે. શ્રીવિભીષણે આવીને દશરથના પુતળાનો સંહાર કરી નાખ્યો. પણ એ મનમાં એમજ સમજે છે કે 'મેં દશરથને મારી નાખ્યા !' એ વખતે આખા નગરમાં ભારે કોલાહલ થયો અને અન્તઃપુરમાં પણ મોટો આક્રન્દ ધ્વનિ થયો. એટલે શ્રીવિભીષણે સ્વાભાવિક રીતિએ જ માની લીધું કે દશરથ મરાયા. તેમને કશી શંકાજ પડી નહિ. શ્રી દશરથનો સંહાર કર્યાનું માની લીધા બાદ શ્રીવિભીષણે શ્રીજનકનો સંહાર કરી નાખવાના વિચારને માંડી વાળ્યો. કારણ કે હવે એકલા જનક રાજાથી કાંઇ થઈ શકવાનું નથી. એવી રીતે શ્રીવિભીષણે કલ્પના કરી લીધી. પુણ્ય હોય તો આ રીતે બચી જવાય તેમાં આયુષ્યકર્મ બળવાન હોય તેને આંચ આવતી પણ નથી એટલે શ્રી દશરથનો અને શ્રી જનકનો બચાવ થઈ જવા પામ્યો અને એથી જ શ્રીદશરથને ત્યાં શ્રીરામ આદિનો તથા શ્રીજનકને ત્યાં શ્રીમતી સીતાદેવીનો જન્મ થયો. પણ રાવણ પ્રતિ વાસુદેવ હતો અને લક્ષ્મણ વાસુદેવ હતાં એટલે વાસુદેવના હાથે પ્રતિવાસુદેવનું મૃત્યુ થાય જ અને બન્ને નરકમાં જાય એવો અટલ નિયમ છે. તેમાં ફેરફાર કરી શકાતો નથી. રાવણના મૃત્યુમાં સીતાજી તો નિમિત્ત હતાં તે પણ પૂર્વ કર્મનું કારણ હતું. કર્મ કોઇને છોડતાં નથી.

પ્રતિવાસુદેવના ત્રણ ખંડનો માલિક વાસુદેવ થાય છે. (બેદે ઉંદર અને ભોગવે ભોરીંગ) અને વાસુદેવ એ ત્રણ ખંડના રાજ્યને ભોગવે છે. રાવણ રાક્ષસ ન હતો પણ રાક્ષસ દ્વીપનો રાજા હતો. હનુમાન વાનર ન હતાં પણ વાનર દ્વીપના રાજા હતાં, તેથી વાનર કહેવાયા. પણ એ મનુષ્યો હતા. જેમ કચ્છમાં રહેનાર કચ્છી, સીંધમાં રહેનાર સીંધી; પંજાબના રહેનાર પંજાબી. એ રીતે ઓળખાય છે તેમ-રાવણ ને હનુમાન, રાક્ષસ અને વાનર તરીકે ઓળખાયાં. જૈન રામાયણ વાંચવાથી બધી હકીકત સમજાય તેમ છે. હનુમાન કુંવારા નથી પરણેલા હતાં. તેને સંતાન હતાં. અને હનુમાન મોક્ષે ગયા છે. તેના ઉપર જૈનોથી તેલ અને આકડાના પાનની માળા ચડાવાય નહિ પછી તો જેને જેમ સમજવું હોય તેમ સમજે.

રાવણે સતી સીતાનું હરણ કર્યું પણ એનું શીલ લુંટયું નથી. જ્ઞાનીઓ કહે છે આ પૂર્વ કર્મના કારણે રાવણે સીતાજીનું હરણ કર્યું હતું. પણ આ કાળે દશેરાના દિવસે રાવણના પુતળાને બાળવાના કાર્યક્રમ ઉજવાય છે એ લોકોની માન્યતા છે કે રાવણ એ અધમ હતો એટલે અધમતાને બાળવી જ જોઈએ. ભલે.... એમના અભિપ્રાયને આપણે અનુકુળ બનીને એ વિચારવું જોઈએ કે એ લોકો પોતે રાવણ કરતાં સારા હશે. એમનામાંથી કોઈ એ પણ પર સ્ત્રીની સામે નજર પણ કરી ન હશે ?

રાવણના પુતળાને બાળવા વખતે જે લોકો હાજર હોય છે તે વખતના કર્મને સામુહિક કર્મ કહેવાય છે. કરણ-કરાવણ અને અનુમોદન સરખું ફળ કહ્યું છે.

–: દુહો :–

લાખો અહીં ચાલ્યા ગયા, લાખો બીજા ચાલ્યા જશે;
માટીતણી આ જીદંગી, માટી માંહી મળી જશે.
મારી બીજાને માનવી, મનમાં ફુલાતો કાં ફરે;
કાળ કોઇનું તું થયો, તો કાળ તારો કોઇ થશે.

હિન્દુસ્તાનની પ્રજાનો મૂળ ગુણ આજે ખોવાઈ ગયો છે. પાપ કરવાનો ભય ચાલ્યો ગયો છે. પાપનો ભય એ આર્ય સ્વભાવ છે. પાપ સામે ધસવું એ અનાર્ય સ્વભાવ છે.

–: દુહો :–

આંખમે અપ જાના જીવડા, માટીસે મિલા જાના;
મત કરના અભિમાન એકદિન નીકલ જાયગા પ્રાણ.

પાપથી ડરે તે પાપ ભીરૂ અને ભવથી ડરે તે ભવ ભીરૂ ! એ ઉત્તમ આત્મા કહેવાય.

—: દુહો :—

હું કરૂં આ મેં કર્યું, એમ માનવી મલકાય છે;
મનમાં મરકાઇને તું, મુરખ શીદ મલકાય છે.
પ્રબળ સત્તા દૈવની ત્યાં ધાર્યું કોનું થાય છે ?
(ભવ્યતાને કોઇજ મિથ્યા કરી શકતું નથી.)

રાવણનું દૃષ્ટાંત :—

જૈન રામાયણમાં રાવણનો એક દાખલો છે, તમે રાવણને કેવો માનો છો ? એ સારો હતો કે ખરાબ હતો ? એ પોતે ખરાબ ન હતો તેનો કર્મોદય ખરાબ હતો પણ તે વખતે તેનામાં ઘણી લાયકાત પ્રગટેલી હતી. રાવણ એક વખત

નિત્ય લોકપુરમાં એક કન્યાને પરણવા માટે જઇ રહ્યાં હતાં. પોતે વિદ્યાધર હતો. એટલે વિમાનમાં બેસીને જાય છે. તે વખતે તેમનું વિમાન અષ્ટાપદગિરિ ઉપર થઈને પસાર થાય છે તે પર્વત ઉપર તે વખતે વાલી મુનીશ્વર કાયોત્સર્ગ ધ્યાનમાં હતાં. રાવણનું વિમાન અટકી ગયું, રાવણે વિમાનને ચલાવવાની ઘણી મહેનત કરી પણ વિમાન ચાલે નહિ. રાવણ કહે છે મારા વિમાનને કોણ અટકાવી રહ્યું છે ? નીચે ઉતરીને જોયું તો સાધુને જોયા. સાધુને જોઈને આનંદ આવવો જોઈએ તેના બદલે રાવણને ક્રોધ ચઢયો. કહે છે મારે પરણવા જવું છે મારી પરણવાની ઘડી જાય છે. મુહૂર્ત જાય છે ને આ સાધુડો મારા વિમાનને થંભાવી રહ્યો છે, મુનિની સામુ જોયું. મુનિને ઓળખ્યા ને રાવણને તેમના ઉપર ક્રોધ આવી ગયો, કારણકે આ મુનીશ્વર રાજા હતા ત્યારે રાવણને તેમની સાથે લડાઈ નો પ્રસંગ આવેલ. તે વખતે રાવણને વાસુદેવની પદવી પ્રાપ્ત થઇ ન હતી. એટલે આ મુનિએ તે વખતે રાવણને હરાવેલો. અત્યારે પણ તેનું વિમાન સ્થંભી ગયું એટલે રાવણ ક્રોધે ભરાઈ ને કહે છે કે તેં મને પહેલાં પરાજિત કર્યો હતો અને અત્યારે પણ તું મારૂં વિમાન અટકાવીને તેં મારો બીજી વખત પરાજય કર્યો– હે સાધુડા ! હવે દેખ તને બતાવી દઉં. ક્રોધના આવેશના અંધાપામાં રાવણે નિર્ણય કર્યો કે આ પર્વત સહિત આ વાલી મુનિને ઉંચકીને લવણ સમુદ્રમાં ફેંકી દઉં. આવેશે ભાન ભૂલાવ્યું છે. એટલે તેને બીજો કોઈ વિચાર જ નથી આવતો, રાવણ તો અષ્ટાપદગિરિ પર્વતની નીચે પેસી ગયો

ને આખો પર્વત હચમચાવી મૂકયો. આખો પર્વત ધ્રુજી ઊઠયો. મુનિ તો ધ્યાન અવસ્થામાં હતા. એટલે ખબર ન હતી કે રાવણ આવ્યો છે ને તેણે આ ઉપદ્રવ કર્યો છે; એનું ધ્યાન આપણા જેવું ન હતું. પર્વતને રાવણે ડોલાવ્યો. મુનિ ધ્યાન મુક્ત બન્યા. અવધિજ્ઞાન મૂકીને જોયું. રાવણ મને કચરી નાખવા માટે આ કરી રહ્યો છે. હું કચરાઈ જઈશ તેનો મુનિને અફસોસ નથી. મરણનો ભય નથી. મુનિ વિચાર કરે છે મારો વેશ કોણ છે? હું કોનો પુત્ર છું? મેં ભગવાન મહાવીરનો વેશ પહેર્યો છે. ને રાવણ મને આ રીતે રોળી નાખે ને કાલે તે બહાર બોલે કે મેં જૈનના મુનિને આ રીતે કચડી નાખ્યા તો મારો ધર્મ નિંદાય. જેની પાસે બ્રહ્મચર્ય અને ચારિત્રના તેજ છે; તપનું બળ છે; જેમણે તપ કરીને શરીર સુક્ક ભૂક્કે કરી નાખ્યું છે. જોતાં લાગે કે હમણાં ગબડી પડશે. એનું શરીર સુકાઈ ગયું છે, પણ આત્માની શક્તિ સુકાઈ નથી, મુનિએ વિચાર કર્યો કે અત્યારે હું સહન કરી લઈશ તો મારો જૈનધર્મ નિંદાશે તેથી મુનિએ માત્ર પગનો અંગુઠો જ દબાવ્યો એટલે રાવણ પર્વતની નીચે એવો દબાઈ ગયો કે તેનાથી કારમી ચીસ પડાઈ ગઈ. મહાબળવાન હતો. છતાં રાડારાડ પોકારવા લાગ્યો. (ત્યારથી રાવણ નામ પડયું) બચાવો, બચાવો, હું મરી જાઉં છું. મુનિએ રાવણની ચીસ સાંભળી. મુનિ વિચાર કરે છે હવે રાવણને તેની ભૂલનું ફળ મલી ગયું છે એટલે કરૂણાસાગર એવા મુનિએ પોતાનો અંગુઠો હતો તેમ કરી લીધો. રાવણને પણ ભૂલનો ખ્યાલ આવી ગયો. રાવણ વિચાર

કરે છે. આ–હા–! હું માનતો હતો કે મારા જેવો દુનિયામાં કોઈ બળવાન નથી. તે મુનિ પાસે આવ્યો. આવીને પગમાં પડ્યો ને પોતાની ભૂલની ક્ષમા માગી. અહો! હે મુનિ મેં તમને ઓળખ્યા નહિ. મેં આપને કષ્ટ આપ્યું છે. તે મારી મોટી ભૂલ થઈ ગઇ છે. શું આપનું તેજ છે. શું આપનું સૌંદર્ય છે; આપ તો કીડી જેવા પામર પ્રાણીને પણ બચાવનારા છો. મેં આપને મારી નાખવાનો ઉપાય કર્યો છતાં આપે મારા જેવા ક્રૂર પ્રાણી ઉપર દયા કરી. આપ મહા ક્ષમાવાન છો, પવિત્ર છો. આ રીતે રાવણે મુનિની ઘણી જ સ્તુતિ કરી.

રાવણનું નામ સાંભળીને આપણને તેના ઉપર તિરસ્કાર આવે છે. બરી બરી રીતે રાવણ તેવો ન હતો. ભલે ભૂલ્યો ને સીતાજીને લઇ ગયો. પણ તેનામાં લાયકાત હતી. તેને બ્રહ્મચર્યની નવવાડમાં એકની છુટ હતી કે મને સ્વીકારે તે સ્ત્રી સાથે મારે ભોગ કરવો. એટલે સીતાજીને ઘણી રીતે સમજાવી અને ધમકીઓ આપી પણ સીતાજી પોતાના શીયલવ્રતમાં અચળ રહ્યાં. બાકી આ બધું ગત ભવોના કારણે બનતું આવ્યું છે. તે દરેકના ગત ભવોના સંબંધો જ્ઞાની કહે છે. તે ઉપરથી સમજાય છે. સંસારમાં દરેક સાથે જુદી જુદી રીતે સંબંધો થતાં આવ્યાં છે. રાવણ પ્રતિવાસુદેવ હતો. લક્ષ્મણજી વાસુદેવ હતા. નિયમા કાયદો છે કે વાસુદેવના હાથે પ્રતિવાસુદેવનું મોત થાય અને નિયમા બન્ને નરકમાં જાય. બાકી રાવણ પ્રભુની ભક્તિ કરવામાં બહુ જ તલ્લીન રહેતો. એક વખતે અષ્ટાપદ ડુંગરે પ્રભુના

દરબારમાં મંદોદરી નાચ કરતી હતી. રાવણ વીણા વગાડતો હતો. કુદરતે વીણાની એક તાર તૂટી ગઈ. તરત જ રાવણે પોતાના શરીરમાંથી પોતાની નસ ખેંચીને વીણામાં તારને ઠેકાણે બેસાડી દીધી. ત્યારે ધરણેન્દ્ર કુદરતી પ્રભુના દર્શને આવેલ હતો. તેણે આ જોયું અને રાવણ ઉપર બહુ તુષ્ટમાન થયો. નાચ પુરો થયો ત્યારે ધરણેન્દ્રે રાવણને કહ્યું કે તારી ભક્તિથી હું બહુ જ તારા ઉપર રાજી થયો છું. માટે તું મારી પાસે કાંઇક માંગ, ત્યારે રાવણે કીધું કે મેં જે પ્રભુની ભક્તિ કરી છે તેનું જે ફળ હોય તે મને આપો. ત્યારે ધરણેન્દ્ર કહ્યું કે આ ભક્તિનું ફળ તો મોક્ષ છે. તે તો મારી પાસે નથી ત્યારે રાવણે કહ્યું કે તો મને બીજું કશું જોઈતું નથી. મને કોઈ પણ વસ્તુની જરૂર પણ નથી. છતાં ધરણેન્દ્ર (પરાણે) બળજબરીથી રાવણને હાર આપી ગયો કારણ કે દેવનું દર્શન ફોગટ જતું નથી.

એક વખત રાવણે પ્રસંગ પામીને શ્રીનારદને એવો પ્રશ્ન પૂછયો કે આ પશુવધાત્મક યજ્ઞો કયારથી શરૂ થયા ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં નારદજીએ જે હકીકત રજુ કરી તેમાંથી અહીં ઉદ્ધરણ તરીકે રજુ થયેલ કથા વૃત્તાંત આવે છે.

'શક્તિમતી' નામની નગરી હતી. 'ચેદી' નામના દેશમાં તે આવેલી હતી અને એ દેશને માટે એ નગરી અલંકારભૂત હતી. એ નગરીમાં ક્ષીરકદંબક નામનો એક બ્રાહ્મણ પાઠક વસતો હતો. એ પાઠક સ્વભાવથી જ પાપભીરૂ હતો.

સરલ હતો. સ્વચ્છ હૃદયને ધરનારો હતો અને વેદ–વેદાન્તના તત્ત્વોમાં કુશલ હતો. સ્વભાવથી જ પાપની ભીરૂતા અને સરલતા સાથે હૃદયની સ્વચ્છતા એ ઉત્તમ આત્માઓની ઉત્તમતાને પ્રગટ કરનાર છે. પાપથી ડરવાનો સ્વભાવ એ એક એવો ગુણ છે કે જે ગુણ અને ગુણીને પમાડ્યા વિના રહેતો નથી. જેનામાં પાપનો ડર નથી તેનામાં માણસાઈ નથી. એમ કહીએ તોય ચાલી શકે, કારણ કે–પાપથી નહિ ડરનારો આત્મા અવસરે ઘોર પાપકર્મ કરતાં પણ ક્ષોભ પામતો નથી. પાપથી નહિ ડરનારનો વિશ્વાસ રાખનારાઓને વિશ્વાસઘાતનો અનુભવ ન થાય તો તે તેમનું ભાગ્ય જ ગણાય. સ્વભાવથી પાપભીરૂ અને સરલ તથા સ્વચ્છ હૃદયને ધરનારા તેમ જ વેદ અને વેદાન્તનાં તત્ત્વોમાં કુશળ એવા ક્ષીર કદંબક નામના તે બ્રાહ્મણ પાઠકની પાસે અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતાં. જેમા પર્વત, નારદ, અને વસુ એ ત્રણ મુખ્ય હતાં. પર્વત તે ક્ષીરકદંબક પાઠકનો પોતાનો જ પુત્ર હતો, જ્યારે નારદ સ્થાનાન્તરથી આવેલ હતો. સ્થાનાન્તરથી આવેલ નારદને તે પાઠક પોતાના ધર્મપુત્ર રૂપે માનતાં હતાં. ત્રીજો જે વસુ તે તો રાજપુત્ર હતો, ક્ષીર કદંબક નામના તે પાઠકની પાસે ભણતા અનેક વિદ્યાર્થીઓમાં આ પર્વત, નારદ અને વસુ મહામતિવાલા ગણાતાં હતાં હવે કોઇ એક દિવસે પાઠકને ઘેર ગોચરીને માટે ફરતાં બે સાધુઓ આવી પહોંચ્યા. આ બે સાધુઓમાં એક સાધુ તો સાતિશય હતાં. અહીં તો ગોચરી માટે ફરતું તે મુનિ–યુગલ ક્ષીરકદંબક નામના પાઠકના ઘરમાં પેઠું. એ વખતે પાઠક પુત્ર

પર્વતક, નારદ અને રાજપુત્ર વસુ એ ત્રણેયને જોઈને ગોચરી માટે આવેલા તે મુનિવરોમાંનાં એક મુનિવર કે જે અતિશય સંપન્ન હતાં તેમણે પોતાની સાથેના મુનિવરને કહ્યું કે "આ ત્રણ છોકરાઓ પૈકીના બે છોકરાઓ અધોગામી થશે અને એક છોકરો ઉર્ધ્વગામી થશે." સાતિશય જ્ઞાની મુનિવરે ઉચ્ચારેલી આ વાત ક્ષીરકદંબક નામના તે પાઠકના સાંભળવામાં આવી. ક્ષીરકદંબકે એ વાતને સાંભળી અને એ વાતને સાંભળતાં તેમને ખૂબ જ ક્ષોભ થયો. તેને વિચાર થયો કે આ મહાભાગ મુનિઓ શ્રી વીતરાગ માર્ગના અનુગામી છે; અને વીતરાગ માર્ગના અનુગામી મુનિઓ અન્યથા બોલનાર હોતા નથી. વિચાર કરો કે શ્રી વીતરાગ માર્ગના અનુગામી મુનિઓની આ નામના કેવી સુંદર છે ?

બીજે એક ઠેકાણે વાંચેલ કે સાંભળેલ છે કે રાતના અગાશી ઉપર ક્ષીરકદંબક પાઠક અને ત્રણે વિદ્યાર્થી સૂતાં હતાં તે વખતે બે ચારણ મુનિઓ ઉપરથી પસાર થયા ત્યારે એક ચારણ મુનિએ કહ્યું કે આ ત્રણ વિદ્યાર્થી-માંથી બે નરકગામી છે અને એક સ્વર્ગવાસી છે. એ વાત ક્ષીરકદંબક પાઠકે સાંભળી. શ્રી વીતરાગ માર્ગના અનુગામી મહાભાગ મુનિઓ અસત્યવાદી નથી હોતાં. આટલો વિચાર કરીને તે ક્ષીરકદમ્બક પાઠક નથી અટકયાં. તે વિચાર કરે છે કે– જ્યારે મુનિઓનું કથન સત્ય જ છે તો પછી એ નક્કી કરવું જોઈએ કે આ ત્રણમાં અધોગામી કોણ છે ? ઉર્ધ્વ-ગામી કોણ છે ?

આ પ્રમાણે વિચાર કરતાં તે ક્ષીરકદંબક વળી વિચારે છે કે રાજકુમારનું તો અધોગતિપણું સંભવે છે. પણ આ ત્રણમાં કોણ અધોગામી હશે ? એ જાણવાને માટે એ બેઉની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. તે પાઠકે એક કૃત્રિમ બકરો બનાવ્યો. (કોઈ જગ્યાએ ફકરો લખેલ છે.) એ કૃત્રિમ બકરો તે પાઠકે કૃષ્ણ ચતુર્દશીની રાત્રિએ નારદ, પર્વતક અને વસુ એ ત્રણેને આપીને કહ્યું કે મેં આ બકરાને મંત્રોદ્વારા મૂઢ ચેતનાવાળો કર્યો છે. આમ છતાં પણ જ્યાં કોઈ ન જુએ ત્યાં જઈને આને (હલ) મારી નાખવો અને કોઈને પણ આ વાત કહેવી નહિ. કારણ કે આમાં એવો કલ્પ છે. શ્રી નારદ, પર્વતક અને વસુરાજાએ તરત જ ગુરૂની આજ્ઞાને માથે ચઢાવી અને જેનું વચન બંધન કરવા લાયક ન હોય એવા ગુરૂ છે. એટલે ત્રણે જણા અલગ અલગ દિશાએ ગયાં. નારદજીએ એક જગ્યાએ જઈને આજુબાજુ જોવા માંડ્યું. એ પ્રમાણે આજુબાજુ અને ઊપર નીચે જોતાં તેમણે તારામંડળને જોયું. તારામંડળને જોતાની સાથે જ અરે ! અહીં તો હું દેખાઉ છું. આ પ્રમાણે સંભ્રાન્ત થયેલા શ્રી નારદજી ત્યાંથી ચાલ્યાં અને યક્ષના મંદિરમાં પેઠા. યક્ષના મંદિરમાં શ્રી નારદજીને એ જ વિચાર આવ્યો કે અહીં પણ આ યક્ષ મને દેખે છે આથી તેઓ ત્યાંથી પણ પાછા નીકળ્યા અને એક શૂન્ય ઘરમાં ગયા. શૂન્ય ઘરમાં ગયા બાદ પણ શ્રી નારદજી એ જોવાને અને વિચારવાને થોભ્યા કે અહીં પણ મને કોઈ જુએ છે કે નહિ ? આ પ્રમાણે જોતાં અને વિચાર કરતાં શ્રી નારદજીને એવો વિચાર આવ્યો કે અહીં

પણ પાંચ લોકપાળો અને દિવ્ય જ્ઞાનીઓ તો મને જુએ છે. કારણ કે તેઓ કોઈપણ સ્થળે ન જુએ એવું નથી. આનું નામ સૂક્ષ્મબુદ્ધિ. આવી જાતની વિચારણા તુચ્છ બુદ્ધિના ધણીઓને આવતી જ નથી. તુચ્છ બુદ્ધિના ધણીઓ દિવ્ય જ્ઞાનીઓને માને એ વાત શક્ય જ નથી. શ્રી નારદજી તો શ્રદ્ધાળુ હોવા સાથે સમજદાર પણ હતાં આથી એમણે માન્યું કે તેઓ ન દેખે એવું કોઈ સ્થાન જ નથી. આ જાતની સમજણથી શ્રીનારદજી વિચારે છે કે જે કારણોથી અતિશય-જ્ઞાનીઓ આદિ ન જોઈ શકે એવું કોઈપણ સ્થાન નથી. તે કારણથી એ વાત નિશ્ચિત છે કે મારે આ બકરો હણવા યોગ્ય નથી.

આવો નિર્ણય કરવાં છતાં પણ તેમને અંતરમાં એવો પ્રશ્ન ઉદ્ભવે છે કે જો આમ જ છે તો પછી ગુરૂનો એવો આદેશ શા માટે ?' આ પ્રશ્નનું સમાધાન કરતાં પણ તે વિચારે છે કે જરૂર આવા પ્રકારનો ગુરૂનો આદેશ કોઈ કારણસર હોવો જોઈએ કારણ કે ગુરૂ આવું કરે નહિ એટલે કે ગુરૂનો એવો બકરાને મારવાનો આદેશ હોય નહિ. એવો નિશ્ચય કરીને શ્રી નારદજી ખૂબ જ હર્ષને પામ્યા. પ્રકૃષ્ટ હર્ષના યોગે વિકસિત બનેલા શ્રી નારદજી ગુરૂની સમીપે આવી પહોંચ્યાં અને પોતે જે જે આચર્યું હતું તે પોતાનું ચરિત્ર તેમણે ગુરૂની આગળ નિવેદિત કર્યું.

શ્રી નારદજીના ચરિત્રને સાંભળીને ઉપાધ્યાય શ્રી ક્ષીરકદંબકે વિચાર્યું કે આ નારદ તો દુર્ગતિમાં જાય તેવો

નથી. નારદની જેમ પર્વતક ત્યાંથી નીકળ્યો અને એક શૂન્ય શેરીમાં આવી પહોંચ્યો. એણે પણ ત્યાં જોયું અને વિચાર્યું કે અહિં કોઇ મને જુએ છે કે નહિ ? પરન્તુ તે ક્ષુદ્ર બુદ્ધિવાળો હોવાના કારણે તેણે નિશ્ચય કર્યો કે અહીં કોઈ મને દેખતું નથી. એવો નિશ્ચય કરીને તેણે બકરાનો ત્યાં જ વધ કર્યો. બકરાનું વ્યાપાદન કરીને તે ઘેર આવ્યો અને હાથ-પગના શૌચ માટે માતા પાસે પાણી માંગ્યું. આથી ઉપાધ્યાયે પૂછ્યું કે રે ! આ શું ? આ પ્રશ્નના ઉત્તરમાં પર્વતકે કહ્યું કે તે બકરાને મેં હણી નાંખ્યો છતાં જાણે વધુ પરીક્ષા કરતા હોય તેમ તેમણે પર્વતકને પ્રશ્ન કર્યો કે તેં એ બકરાને કયાં વ્યાપાદિત કર્યો અને કેવી રીતે અને કોઇથી પણ તું ન દેખાયો ? આ પ્રશ્નના ઉત્તરમાં તે પર્વતકે કહ્યું કે એક શૂન્ય શેરી કે જે અંધકારથી વ્યાપ્ત હતી તેમજ લોકોના સંચારથી રહિત હતી ત્યાં જઈને મેં બકરાને માર્યો છે. અને એ કારણથી કોઇના દ્વારા હું દેખાયો નથી. તેના આવા ઉત્તરથી ફરી ઉપાધ્યાયે તેને પૂછ્યું કે ઉપર રહેલાં નક્ષત્રો દ્વારા તું કેવી રીતિએ ન દેખાયો ? પાંચ લોકપાળો દ્વારા-દિવ્યજ્ઞાનીઓ દ્વારા અને પોતાની પાંચ ઇંદ્રિયો દ્વારા પણ તું કેવી રીતિએ ન દેખાયો ? (એટલે તું પોતે જોતો હતો કે નહિ) પર્વતકના આવા અવિચારી અને ઉદ્ધત કામથી ઉપાધ્યાયે વિચાર્યું કે અહો ! અનુકમ્પા વિનાનો આ પર્વતક પાપકર્મમાં પ્રવર્તમાન થતાં શંકા પામે એવો નથી એટલે એ વાત નિશ્ચિત જ છે. કે—આ પર્વતક નરકગામી થશે. તેવી રીતે વસુરાજાએ બકરાને હણી નાખ્યો

એટલે એ પણ નરકગામી હતો. હવે ઉપાધ્યાયને તો પોતાની ચિંતા પીડવા લાગી કે મારા શિષ્ય થઈને નરકે જાય તો પાપના ઉપલેપથી હું કેવી રીતે મૂકાઈશ, એવી ચિન્તામાં તત્પર બનેલા ઉપાધ્યાએ ઘણા જ કષ્ટે કરીને જેમ તેમ રાત્રિને પુરી કરી, પ્રભાત સમયે તે જ મુનિઓની ગવેષણા કરતાં તે ઉપાધ્યાય ઉદ્યાને પહોંચ્યા. ત્યાં મુનિઓને જોઈને તે ઉપાધ્યાયે વંદન કર્યું. આપણે જોઈ ગયા છીએ કે આ ઉપાધ્યાય ક્ષીરકદમ્બક સ્વભાવથી જ પાપભીરૂ હતા, તેમજ સરલ અને સ્વચ્છ હૃદય ધરનાર હતાં. હવે મુનિવરોને વંદન કરી ચૂકેલા તે ક્ષીરકદમ્બક પાઠક મુનિરાજને સર્વ હકીકત કહીને પૂછે છે કે મને પાપથી બચવાનો ઉપાય શું ? આ પ્રશ્નના ઉત્તરમાં મુનિએ કહ્યું કે સંસારનો ત્યાગ. આ પ્રમાણે સાંભળીને સંવેગથી ભાવિત થયેલા તે ક્ષીરકદમ્બક પાઠક તેજ મુનિઓની પાસે પ્રવ્રજિત થયા અને મુક્તિના સાધક બન્યા. આ રીતે એ પાઠકે દીક્ષા લેવાથી એમની લેખશાળા ભાંગી પડી અને શ્રી નારદજી પોતાના સ્થાને ચાલી ગયા. આ પછી અવસરને પામીને પર્વતકે ઉપાધ્યાયપદ ગ્રહણ કર્યું અને વસુ રાજપદને પામ્યો. પરંતુ તે શિકારમાં લંપટ હતો. એ કારણથી એ રોજ રોજ શિકાર કરે છે. આ શિકાર એટલે મનની મોજ માટે નિરપરાધી પ્રાણીઓનો વિનાશ. આવી અકારણે કરાતી પણ નિરપરાધી પ્રાણીઓની હિંસા એ તો રાજાઓનો ધર્મ છે. એવું કહેનારાઓ પણ મિથ્યામતિઓમાં મહર્ષિઓ તરીકે પૂજાય છે. કોઈ એક દિવસે શિકાર કરવાને માટે ગએલા

તે વસુરાજાએ એક સારી રીતિએ વિશ્વાસપૂર્વક બેઠેલા મૃગના ટોળાને જોયું. હિંસાના શોખીન આત્માઓની દશા જ ભયંકર હોય છે. આવી નિર્ભય દશામાં રહેલા નિરપરાધી જીવોનો સંહાર કરવો એ તો એવાઓને મન એક આનંદનો વિષય થઇ પડે છે. પેલા મૃગના ટોળાને જોઈને રાજાએ વિચાર્યું કે આવા સમયે તો મારે એકલાએ જ જવું જોઈએ. અને તે પણ પગનો ય અવાજ ન થાય એ રીતિએ. આવીજ જાતના વિચારના યોગે વસુરાજા એકાકી એ તરફ ગયો અને ધીમા પગના સંચારથી આગળ વધ્યો. આગળ વધીને તેણે વિશ્વાસી બનેલા તે મૃગના ટોળા ઉપર તીર છોડયું પણ તે તીર રાજાની ધારણા મુજબ મૃગના ટોળા સુધી પહોંચ્યું નહિ. તે તીર વચમાં કોઇપણ સ્થાને અફળાયું અને એથી બાંધો ખંડ તૂટી ગયું. આ રીતિએ પોતાના બાણની વચ્ચે કોઈ પણ વસ્તુ નહિ દેખાવા છતાં પણ ટુકડે ટુકડા થઇ ગયેલા જોવાથી વિસ્મય પામેલા વસુ રાજાએ જોવા માંડયું કે કયી વસ્તુની સાથે મારું બાણ અથડાયું અને ટુકડે ટુકડા થઇ ગયું ? હાથના સ્પર્શથી તપાસ કરતાં તેનાં જોવામાં આવ્યું કે તે એક સ્ફટિક રત્નની શિલા છે. અને આકાશતળની સમાન વર્ણવાળી તે સ્ફટિક શિલાને જોઈને વસુરાજાનું મન લલચાયું. આવી શિલાનો તો ઘણોજ સરસ ઉપયોગ કરી શકાશે, એમ તેને લાગ્યું. આથી તે વખતે તો વસુરાજા પોતે પાછો ફર્યો. પરન્તુ પાછળથી તેણે રાત્રિના સમયે બિલકુલ ગુપ્તપણે એ શિલાને મંગાવી લીધી. ગુપ્તપણે રાત્રિએ તે શિલાને મંગાવી લઈને તેણે તે શિલા

પોતાનાં સભામંડપમાં સ્થાપન કરી અને તેના ઉપર પોતાને બેસવાનું જે સિંહાસન હતું તે સિંહાસન સ્થાપિત કર્યું. આ જાતની વ્યવસ્થાથી લોકમાં એવી જાતિનો પ્રવાહ થયો કે રાજાના સત્યવાદિપણાથી રાજાનું સિંહાસન (અદ્ધર) આકાશમાં રહે છે. (બીજે એક ઠેકાણે લખ્યું છે કે કોઇ શિકારીએ સ્ફટિક રત્નની શિલા લાવીને રાજાને ભેટ આપી હતી અને એ શિલામાં સિંહાસન નીચે રાખવા માટે શીલ્પીઓ પાસે કોતરણી કરાવી હતી. અને એ શિલ્પીઓ કોઇને આ વાતનો ભેદ ન બોલે એટલે એને વસુરાજાએ યમદ્વારે પહોંચાડી દીધેલા જેથી પ્રજાને એ શિલાના ભેદની સમજ ન પડે. એ રીતે લખેલ પણ વાંચ્યું હતું. હવે જે હોય તે જ્ઞાની જાણે.) વસુરાજાની સત્યવાદિપણાની પ્રખ્યાતી દેશ વિદેશમાં ગવાવા લાગી કે સત્યવાદિપણાથી સિંહાસન આકાશમાં રહે છે. કોઇ એક વખત શ્રી નારદજી પર્વતકના ઘરે આવ્યા ત્યારે પર્વતકે અને પર્વતકની માતા એટલે ક્ષીરકદમ્બક પાઠકની પત્નીએ સન્માન કર્યું અને શ્રી નારદજીને રોકાવાનો આગ્રહ કર્યો. સ્નેહને વશ થઇને શ્રી નારદજી પણ ત્યાંજ સુખ-પૂર્વક રહેવા લાગ્યાં. એક દિવસે પર્વતક "अजैर्यष्टव्यम्" આ પ્રકારનાં વેદ વાક્યની વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યા કરી રહેલ છે. તે વખતે ત્યાં શ્રી નારદજી હાજર છે. વેદવાક્યની વ્યાખ્યા કરતાં પર્વતકે કહ્યું કે અજો દ્વારા એટલે બકરાઓ દ્વારા યષ્ટવ્યમ્ એટલે યાગની ક્રિયા કરવા યોગ્ય છે. પર્વતકે કરેલી આ વ્યાખ્યા ખોટી હતી ત્યારે ત્યાંને ત્યાં જ શ્રી નારદ-જીએ કહ્યું કે હે ભાઇ! એ વાક્યની આ પ્રમાણે વ્યાખ્યા ન

કરાય કારણ કે ધર્મને માટે કરાતી યાગક્રિયા બકરાઓ દ્વારા કરવી એ ઉચિત નથી. શ્રી નારદજીના આ પ્રકારના કથનને સાંભળતાની સાથે જ પર્વતક ગુસ્સામાં આવી ગયા. શ્રી નારદજીના સાચા કથનથી ઉકળી ઉઠેલો પર્વતક કહે છે કે જો આ પ્રમાણે વ્યાખ્યા ન કરાય તો તું કહે કે– કેવી રીતિએ વ્યાખ્યા કરાય ? આ પ્રકારે તોછડી રીતિએ વાત કરતાં એવા પણ પર્વતકને ઉદ્દેશીને શ્રી નારદજીએ પોતાના સુંદર સ્વભાવ પ્રમાણે શાંતિથી તેનો ઉત્તર શ્રી ઉપાધ્યાયના નામે જ આપતાં કહ્યું કે આપણા પૂજ્ય ઉપાધ્યાયે 'અજા'ની વ્યાખ્યા કરતાં સાત વર્ષની જુની ડાંગર એવો અર્થ અહીં ફરમાવ્યો હતો. કારણ કે તે વાવવા છતાં ઉગતી નથી. આપણા પૂજ્ય ઉપાધ્યાયે આ પ્રમાણે વ્યાખ્યા કરેલી હોવાથી તે જ આપણને પ્રમાણરૂપ ગણાય, આ પ્રકારે શ્રી નારદજીએ ગુરૂના નામે કહેલી વાતને પણ ઉત્તાનમતિપણાથી પર્વતક સાંભળતો નથી. એના હૈયામાં તો એજ વિચાર ઘોળાયા કરે છે કે– વિદ્યાર્થીઓની મધ્યમાં હું લઘુ થઈશ એવા વિચારથી મહા અભિમાન પૂર્વક એ પર્વતકે શ્રી નારદજી પ્રતિ કહ્યું કે અરે ! મારાથી પણ તું પંડિત છે ! ઉપાધ્યાયે શું તને જ તત્ત્વ કહ્યું છે ! આ વાતમાં જો તું હા કહેવાની ધૃષ્ટતા કરતો હો તો હું **પણ** કરવાને તૈયાર છું કે આપણા બેમાં આ વિષયની અંદર જે અસત્યવાદી ઠરે તેનો દંડ જીભ છેદવાનો હો અને આ વિષયમાં પ્રમાણ તરીકે આપણે સત્યવાદી એવા વસુરાજાને નીમીએ. પર્વતકની સ્પષ્ટ દેખાતી ભુલને શ્રી નારદજીએ મધુર શબ્દોમાં પણ કહી એ જ તેમનો ગુનો !

એનાથી એ તપ્યો ત્યારે તેને શાંત કરવાને માટે શ્રી નારદજીએ ઉપાધ્યાયના કથનનું પ્રમાણ રજુ કર્યું. પોતાના પૂજ્ય પિતા અને પાઠકે કરેલી વ્યાખ્યા શ્રી નારદજીએ જણાવી તે છતાં પણ પર્વતક શમ્યો નહિ, શમ્યો નહિ એટલું જ નહિ પણ ઉલટો અકળાઈને જીભના છેદ સંબંધી પણ કરવા સુધીની હદે પહોંચ્યો. આવા વિગ્રહમાં પડવાની ઇચ્છા ન હોવા છતાં પણ હવે શ્રી નારદજીએ એમાં પડયા વિના ચાલે તેમ ન હતું. એ કારણે શ્રી નારદજીએ પણ એના લાંબા કથન સામે માત્ર એટલું જ કહ્યું કે એ પ્રમાણે હો. શ્રી નારદજીની સાથે પોતાના પુત્ર પર્વતકે જીહ્વા છેદનું પણ કર્યું છે. આ વૃત્તાન્તથી સારી રીતિએ જાણ બનેલી તેણીએ પર્વતકને કહ્યું કે પુત્ર સ્નેહના વશથી નારદ તારી પાસે આવેલો છે. તેથી તેની સાથે કલહ કરવો ઉચિત નથી. પોતાની માતાની આ વાતને સાંભળીને તે પર્વતક કહે છે કે માતા! હું નારદ સાથે કલહ કરતો નથી. કિંતુ આ નારદ છાત્રોની મંડલીની મધ્યમાં મારા વર્ણિત અર્થને દુષિત કરે છે. પોતાના પુત્રના કથનને સાંભળી માતાએ પૂછયું કે કેવી રીતિએ નારદ તારા કથનને દુષિત કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પર્વતકે બનેલો સંઘળોય બનાવ પોતાની માતા આગળ વર્ણવ્યો. પોતાના પુત્ર પર્વતકે કરેલી એ વાતને સાંભળી લીધા બાદ પર્વતકને તેની માતાએ કહ્યું કે વત્સ! તારા પિતાએ મારી સમક્ષ પણ નારદ કહે છે એ જ પ્રમાણે વ્યાખ્યાન કરેલ છે. એટલે નારદે જે વાત કરી એમાં નારદનો દોષ કયો? પોતાની માતાના મુખથી આ વાતને સાંભળતા પર્વતકને આઘાત

જરૂર પહોંચ્યો. પણ એ આઘાત પોતાની ભુલ થઇ એ માટેનો ન હતો. એ આઘાત તો પોતાની જીભ છેદવાના ભયથી ઉત્પન્ન થએલો હતો, એથી જ તેણે પોતાની માતાને કહ્યું કે હે માતા! જો એ પ્રમાણે વાત છે. એટલે કે નારદે કરેલો અર્થ જ સાચો છે તો મારી જીભ ગઇ એમ જ તારે સમજવાનું છે; કારણ કે રાજા વસુ પણ સત્યવાદી છે એટલે એ પણ પિતાજીના કહ્યા મુજબ કહેશે. પોતાના પુત્રના આવા કથનને સાંભળવાથી મોહમગ્ન માતા પણ મુંઝાણી, મોહમગ્ન માતાને પુત્ર સ્નેહે મુંઝવી, પુત્રના સ્નેહથી મોહિત થએલી માતા પોતાના પુત્રને જીહ્વા છેદની–આપત્તિમાંથી કેમ ઉગારવો એનો વિચાર કરવા લાગી. પોતાના પુત્રે કરેલા ખોટા અર્થને સાચો કેમ ઠરાવવો–એની ચિંતામાં પડેલી તેણીને એક ઉપાય જડ્યો. પૂર્વે રાજાએ તેણીને એક વચન આપ્યું હતું અને તેણીએ રાજાનું તે વચન રાજાની પાસે જ અનામત રાખી મૂકયું હતું, અત્યારે તેણીને એ વચન યાદ આવ્યું અગર તો કે તેણીએ તે વચનને યાદ કર્યું. રાજાના એ વચનને સ્મૃતિમાં લાવીને તેણીએ રાજાની પાસે પણ ખોટો અર્થ કહેવડાવવાનો નિર્ણય કર્યો, એવા નિર્ણયથી તેણી પૂર્વદત્ત પ્રશ્નવરને પ્રાર્થવાને માટે રાજા વસુની પાસે જવાને તૈયાર થઈ. પર્વતકની માતા વિવશ ન બની હોત તો વસુ અને પર્વતકનો જે ઈતિહાસ લખાયો છે તેના કરતાં કોઇ જુદો જ ઈતિહાસ લખાયો હોત પણ એ ઉભયની ભવિતવ્યતા જ વિષમ હતી એથી સામગ્રી પણ એવી જ મળી છે. અન્યથા સમજદાર

આત્મા હિતકર માર્ગોને અખત્યાર કરવાને બદલે આવા ભયંકર માર્ગોને અખત્યાર કરે એ કેમ જ બને ? જ્યારે દુષ્ટ ઈરાદાથી પર્વતકની માતા વસુ રાજા પાસે પહોંચી ત્યારે વસુ રાજાને ખબર ન હતી કે માતા મારી પાસે અસત્ય ભાષણ કરાવવા આવેલ છે. આથી પાઠકને પિતા તુલ્ય માનનારા તે વસુ રાજાએ પોતાને આંગણે આવેલ માતાનું અભ્યુત્થાન કરવા દ્વારા સન્માન કર્યું પછી ઉભે ઉભે જ પ્રણામપૂર્વક વસુ રાજાએ માતાને આવવાનું કારણ પૂછ્યું. તેણીએ પણ આવી રીતિએ એકાંતમાં આવવાનું પ્રયોજન પ્રદર્શિત કરતા કહ્યું કે હે પુત્ર જો પૂર્વદત્ત પ્રશ્ન-વર તારા સ્મરણમાં હોય તો હું એ વરને માગું છું ! આ પ્રશ્નના ઉત્તરમાં ભક્ત હૃદયવાલા રાજાએ કહ્યું કે માતા ! મેં આપેલા વરને હું સારી રીતે યાદ કરૂ છું. હે માતા ! આપ મને એ વરના ઋણથી મુક્ત કરો. અને આપને જે રૂચે તે માગો. આ પ્રમાણે રાજાએ કહે છતે માતાએ સઘળોય વ્યતિકર જણાવ્યો. સઘળાય વ્યતિકરને જણાવ્યા બાદ તેણીએ કહ્યું કે સર્વ પ્રકારે તારા ભાઈની જીભને તું બચાવ. માતાની એ પ્રકારની માગણીનો રાજા વસુ એકદમ સ્વીકાર કરે એ શક્ય નથી પણ તેનીય સ્થિતિ કફોડી છે. પોતે વરદાન દ્વારા બંધાએલો છે. માંગણી કરનાર માતા તુલ્ય ગુરૂપત્ની છે અને માંગણી પણ પોતાના સહાધ્યાયી જ નહિ પણ ગુરૂ પુત્રની જીભ છેદાતી અટકે એ માટેની છે. વળી માગણી કરનાર ધાર્યું કરાવવાને માટે ગમે તેમ બોલીને પણ ક્ષોભ પમાડે એવી છે. આમ છતાં પણ રાજા જો ધારત તો બચી

શકત પણ ભુંડી ભવિતવ્યતાએ તેને ભુલાવ્યો. પરિણામે રાજાએ એ પ્રમાણે હા કહીને ગુરૂપત્ની રૂપ માતાની માંગણીનો સ્વીકાર કર્યો અને રાજાએ એ પ્રમાણે સ્વીકાર કર્યે છતે જ પર્વતકની માતા પોતાને સ્થાને ગઈ. પોતાના સ્થાને જઈને તેણીએ પોતાના પુત્ર પર્વતકને ધીરજ આપી. આ જાતની વ્યવસ્થિત યોજનાથી પર્વતક નિશ્ચિન્ત હતો અને શ્રી નારદજી પણ પોતાના સત્યના પ્રતાપે સુનિશ્ચિત હતાં. આ પછીથી બીજે દિવસે વસુરાજાએ રાજસભા ભરી. એ રાજસભામાં ચારે વર્ણના પ્રધાન પુરૂષોએ હાજરી આપી હતી, ચારે વર્ણના પ્રધાન પુરૂષોથી પરિવૃત્ત બનેલી રાજસભામાં હર્ષપૂર્વક પર્વતક અને નારદ બન્ને પહોંચ્યા અને બન્ને જણાએ પોતાનો વ્યકિતકર સભા સમક્ષ રાજાને કહી સંભળાવ્યો. આ પ્રમાણે જણાવીને ન્યાયની આશા રાખતા બન્ને ઉભા. વ્યવહારમાં જેય ન્યાય માંગનારા કહેવાય છે. પણ હંમેશા ખોટો તો અન્યાયની આશામાં જ રમતો હોય છે. પર્વતક પણ અન્યાયની આશામાં હતો જ્યારે શ્રી નારદજી તો સત્ય ન્યાયની જ આશામાં હતા. આ સ્થાને બન્ને ય આનંદમાં હતાં. કારણ કે શ્રીનારદજી એમ માનતા હતા કે હું સાચો છું અને રાજા સત્યવાદી છે. જ્યારે પર્વતક માનતો હતો કે ભલે હું ખોટો હોઉં પણ રાજા પાસે પૂરતી લાગવગ પહોંચી ગઈ છે એટલે મને હરકત આવવાની જ નથી. આ કામ ઘણું જ વિકટ છે. એમ સભામાં હાજર રહેલા પ્રધાન લોકોને પણ લાગ્યું છે. અને એથી તેઓએ પણ રાજાને ઉદ્દેશીને કહ્યું કે હે દેવ! આપ છઠ્ઠા લોકપાલ છો. સત્યવાદિપણાના ગુણથી

આપ ગગનના આંગણામાં ગયા થકાં રહો છો એટલે કે અદ્ધર રહો છો અને વળી આ બન્નેયના આપ ગુરૂભાઇ છો તે કારણથી સાથે ઉત્પન્ન થયેલા યમલ અગ્નિમાં જેમ સમચિત્ત રહે તેમ સમચિત્તવાળા બન્યા થકા આ પદને યથાસ્થિતપણે પ્રતિપાદન કરો, વળી સત્યવાદી અગ્નિનું સ્તમ્ભન કરે છે. ત્રાજવામાં તુલિત થાય છે. અગ્નિના પાનમાં શુદ્ધિને પામે છે. રાક્ષસ, સિંહ, અહિ, ભૂત અને પ્રબળ શત્રુએ કરેલા ભયને સારી રીતિએ નિરૂદ્ધ કરી શકે છે. સર્વલોકમાં માન્ય થાય છે. પરલોકમાં સુગતિને ભજવાવાલો થાય છે. અને સૌભાગ્ય-યુકત થાય છે. સત્યવાદી કયું કલ્યાણ નથી પામતો ! અર્થાત્ સત્યવાદી સઘળાં જ કલ્યાણોને પામે છે તે કારણથી હે વિભો ! આપ સત્ય બોલો." આ પ્રકારે પ્રધાન લોકોએ કહેવા છતાં પણ ભવિતવ્યતા ભૂંડી હોવાના કારણે રાજાએ પણ ભવિતવ્યતાના વશે કરીને કહ્યું કે ઉપાધ્યાયના પુત્ર પર્વતક જે કહે છે તે જ સાચું છે. આ કારમા અસત્યને કહેતાંની સાથે જ અર્થાત્ રાજા એવું અસત્યને બોલ્યા તે પછી તરત જ કુપિત થયેલી ભુવન દેવતાએ રાજાને અધો-મુખ કરી દીધો. અધોમુખ કરીને શિલા અને સિંહાસન સાથે તેને જમીન પર પટકયો. એ રીતિએ પટકાયેલો રાજા વસુ મરીને નરક પૃથ્વીમાં ગયો. આવા પ્રત્યક્ષ પરિણામના દર્શનથી લોકો પણ સમજી ગયા કે આ પર્વતકે જ રાજા પાસે ખોટી સાક્ષી ભરાવી. આ પ્રમાણે જાણી ગયેલા લોકોએ પર્વતકને ખુબજ નિંદ્યો અને નગરીમાંથી કાઢી મૂકયો. લોકોએ પર્વતકની જ્યારે એવી દશા કરી ત્યારે શ્રી નારદજીને સત્યવાદી માનીને

પૂજ્યાં. આ રીતિએ અસત્યવાદી બૂરી હાલતે મૂઓ અને નરકે ગયો. પર્વતક ભયંકર તિરસ્કારને પામીને નગરીથી બહિષ્કૃત થયો અને સત્યવાદી શ્રી નારદજી પૂજિત બનીને પોતાના સ્થાને ગયા.

પાપથી કોણ ગભરાતો નથી! જેને ઈશ્વરનો પણ ડર નથી તે. પણ જેને ઈશ્વરનો ભય છે તે તો સમજે કે હું જે (કાંઇ ખોટું અહિં કરીશ) પાપ કરીશ તે બીજાને જોવામાં કે જાણવામાં ભલે ન આવે પણ ઈશ્વર તો સર્વજ્ઞ છે; તે બધું જુએ છે. અને જાણે છે એવી પાકી સમજ જેને હૃદયમાં છે તે તો (પાપ કરતાં) ખોટું કરતાં જરૂર ગભરાશે. અને પાપથી બચી જશે. પણ જેને ધર્મ-કર્મનો ભય નથી એ ઈશ્વરથી પણ ગભરાતો નથી. યજ્ઞમાં જીવતાં પ્રાણીઓ હોમે છે તે હિંસાથી ધર્મ ન થાય. કદાચ જળમાં અગ્નિ પ્રગટે, ગાયના શીંગડામાંથી દૂધ નીકળે, વિષ્ટામાંથી અમૃત રસ સંભવે, પરંતુ હિંસાથી ધર્મ ન થાય. અજ્ઞાન બાલ જીવો ખોટું સમજવાથી દેવતાની માનતા કરી યજ્ઞમાં સેંકડો જીવોનો ઘાત કરે છે, તેઓ બિચારા નરકનાં દુઃખો પ્રાપ્ત કરે છે.

હિંસા જેવું કોઈ મહાન પાપ નથી.

હિંસાથી શાંતિ પ્રાપ્ત થતી નથી, હિંસાથી સુખ મળે નહિ. બીજા જીવોની હિંસા કરવામાં મનુષ્ય માટે કેટકેટલું લાંછન ભર્યું છે.

—: દૃષ્ટાંત :—

કુમારપાળ રાજા થયાં તે વખતે પરંપરાથી ચાલી આવતી ખોટી માન્યતાનો દિવસ આવી ગયો. કંટકેશ્વરી નામની દેવી હતી. તે દેવીને નવરાત્રિના દિવસમાં સાતમે (૭૦૦) આઠમે(૮૦૦) નોમે (૯૦૦) પાડાઓનો ભોગ દેવાતો હતો. આ પ્રકારે દેવી-પૂજન કરવાનું મહારાજ સિદ્ધરાજની ગાદીમાં પરંપરાથી ચાલ્યું આવતું હતું. કુમારપાળ હેમચંદ્રસૂરિના સુયોગને પામ્યાં ત્યારથી તે જિન ધર્મના આરાધક બન્યા અને રાજ્યમાં અહિંસાનું યથાશક્ય પ્રવર્તન કરાવવા માંડ્યું. આમ કરતાં નવરાત્રિના દિવસો આવી ગયા અને પૂજારીઓએ કુમારપાળ પાસે પાડાવધ કરવાની માંગણી કરી. પૂજારીઓએ સાથે સાથે ધમકી પણ આપી કે જો તમે આ કામ નહિ કરો તો કુળદેવતાઓ તમને બરબાદ કરી નાખશે. કુમારપાળને ખોટી હિંસા પરંપરા ચલાવવી બિલકુલ ગમતી ન હતી, આથી તેણે એક સુંદર જવાબ આપ્યો. હે પૂજારીઓ ! દેવતાઓ માંસ ખાતા નથી પણ દુષ્ટ દેવતાઓ નિર્દોષ જીવોનો સંહાર થતો જોઈ કૌતકથી આનંદ અનુભવે છે. છતાં તમારી વાતને હું માન્ય કરૂ છું. પણ એ શરતે કે હું જે રીતે કહું તે રીતે તમો કરો. જાવ. તમે પાડા લઈ જાઓ. અને તેને દેવીના વિશાલ મંદિરમાં પૂરી દો. મંદિરના દ્વાર બંધ કરી દો. પછી દેવીને ભોગ લેવો હોય તો લે. પણ આપણે આપવો નથી. આ પ્રમાણે કુમારપાળના કહેવાથી પૂજારીઓને નહિ ગમવા

છતાં કરવું પડયું. બીજે દિવસે મંદિર ઉઘાડીને જોયું તો એક પણ પાડો મરેલો નહિ. કુમારપાળે દેવીના પૂજારીઓને કહ્યું કે દેવી માંસલોલુપ નથી પણ તમે જ માંસલોલુપ લાગો છો. હિંસા કરવી એ મહાપાપ છે. જેઓ માંસ ભક્ષણ કરે છે તેઓ પોતાના પેટમાં મરેલા જાનવરોની કબર બનાવે છે. જીવવું તો સૌને ગમે છે. મરવાનું કોઈને વહાલું નથી લાગતું. વિષ્ટામાં રહેલા કીડાને અને સ્વર્ગમાં રહેલા દેવ અને ઇન્દ્રને જીવન સરખું જ પ્રિય છે. અને મૃત્યુનો ભય પણ બન્નેને સમાન જ છે. બરાબ યોનીમાં જન્મેલો ક્ષુદ્ર જીવ પણ મરવાને નથી ઇચ્છતો કારણ બરાબ પૃથ્વીમાં પણ પ્રાણીઓને પોતપોતાનો આહાર સ્વાદવાળો જ લાગે છે. આથી સુજ્ઞ અને વિવેકી જનોએ કોઈપણ જીવનો કોઈપણ નિમિત્તે વધ ન કરવો જોઈએ. હિંસક વ્યક્તિ દુઃખી થાય છે અને અનંતો સંસાર કરે છે. પૂજારીઓને કુમારપાળે કહ્યું. તમે અમારા કુળમાં ખોટી માન્યતા પેસાડી દીધી છે. તમારા કહેવાથી કુળદેવીના નામે ભયંકર હિંસાઓ આજ સુધી થતી આવે છે એથી મને ઘણો શોક થાય છે. મને ગુરૂ હેમચંદ્રાચાર્ય ન મળ્યા હોત તો મારી શી દશા થાત ? બરેબર ! ગુરૂ વિના આવા પાપથી કોણ ઉગારે ! આમ કહીને કુમારપાળે સદ્‌તર પાડાનો વધ બંધ કરાવ્યો. અહિંઆ પાડાનો વધ તો બંધ થઈ ગયો પણ બન્યું શું ? કે જે મંદિરમાં પાડાને પૂર્યા હતાં તે પાડાઓએ દેવીની મૂર્તિને પેશાબ છાણના છાંટાથી તદ્દન બરાબ કરી દીધી આથી લોકો બોલવા લાગ્યા શું ? દેવીમાં આટલું

પણ દૈવત ન હતું કે પોતાનું શરીર પણ સાચવી ન શકી ? મૂર્તિ તો જડ છે પણ તે જ નામવાળી સાક્ષાત્ દેવી તે કોપાયમાન બની અને જ્યાં કુમારપાળ સૂતા હતાં ત્યાં આવી એકદમ ક્રોધમાં બોલી તેં મારૂં ઘોર અપમાન કર્યું છે. કુમારપાળે દેવીને કહ્યું કે હે દેવી ! તમે તો માતા કહેવાઓ ! માતા કોઈ સંતાનનો ભોગ ઇચ્છે ખરી ! મારા પૂર્વજો ધર્મ તત્ત્વને જાણતાં ન હતા પણ હું ધર્મ તત્ત્વને જાણું છું. મારા પૂર્વજોએ જે હિંસા કરી છે તે પણ મને કોરી ખાય છે. હવે હું એ હિંસા શી રીતે કરવાનો ! મારા પ્રાણના બલિદાનથી પણ હું કોઇ દિવસ તે પાપ કરવાનો નથી. કુમારપાળના વચનો સાંભળી કુળદેવી વધુ કોપાયમાન થઈ. કુમારપાળ દેવીથી સ્હેજ પણ ગભરાયા નહિ. છેવટે દેવીએ કુમારપાળનું આખું શરીર કોઢથી ઘેરાવી દીધું. છતાં પણ ગભરાયા નહી. (જુઓ સાચા ધર્મ ઉપર કેટલી શ્રદ્ધા કહેવાય!) અને વિચાર કર્યો કે મને રોગ આવ્યો છે તે મારા પૂર્વકૃત કર્મોનું ફળ છે. પ્રાણીમાત્રને પોતપોતાના કર્મ અવશ્ય ભોગવવા પડે છે. દેવી તો ફક્ત નિમિત્ત માત્ર છે. એ બિચારી મારૂં શું કરી શકવાની છે ? જો તેનામાં સામર્થ્ય હોત તો મંદિરમાં પૂરાયેલા પાડાને કેમ કાંઇ કરી શકી નહિ ? માટે મને જે રોગ થયો છે તે મારા કર્મનું જ ફળ છે. આવો વિચાર થતાં કુમારપાળને બીજો વિચાર થઈ આવ્યો કે મારા કર્મોદય નિમિત્તો શ્રી જિનધર્મ નિંદાવા પામે નહિ એ માટે ખાસ ધ્યાન કરવું જોઈ એ, તેથી તેમણે પોતાના વિશ્વાસુ અને જિનધર્મના રાગી શ્રી ઉદાયન મંત્રીને પોતાની

પાસે બોલાવ્યાં. ઉદાય આવીને કુમારપાળને નમસ્કાર કરે છે અને કહે છે. બાપુ ! આજ્ઞા ફરમાવો. આ સમયે કુમારપાળ પોતાનું ઢાંકેલું શરીર ખુલ્લુ કરીને ઉદાયન મંત્રીને બતાવે છે. આ જોઈને ઉદયન ગભરાઈ જાય છે. રાજા બોલ્યા. હે મંત્રીશ્વર આમાં ગભરાઓ છો શું ? મને જે કોઢ થયો છે તેનું મને સહેજ દુઃખ નથી. ફક્ત મારા નિમિત્તે મારો ધર્મ નિંદાવો ન જોઈએ. મારા કર્મોદયથી દ્વેષી લોકો આ તકનો લાભ લઈ જિનધર્મની નિંદા કર્યા વિના રહેશે નહિ. તેથી મને દુઃખ થાય છે (જુઓ કુમારપાળને સ્વધર્મની કેટલી કિંમત હતી) માટે એક લાકડાની ચિતા બડકીને મારા શરીરને જલાવી દો તો કોઇ પણ આ રોગ જાણી શકશે નહિ. ત્યારે ઉદાયન મંત્રીએ કહ્યું કે રાજા ઉતાવળ કરો નહિ. હું પહેલા આપણા ગુરૂ હેમચંદ્રાચાર્ય પાસે જઇ આવું. મંત્રીએ ગુરૂ પાસે આવીને વાત કરી ત્યારે હેમચંદ્રાચાર્ય સૂરિજીએ કીધું કે આ વાસક્ષેપ અને પાણી લઇ જાઓ અને રાજાને છાંટો, મંત્રીએ રાજા પાસે આવીને ગુરૂએ આપેલ પાણી અને વાસક્ષેપ છાંટયો ! તો જોત–જોતામાં કુમારપાળનું શરીર નિરોગી બની ગયું એટલું જ નહિ પણ દેદીપ્યમાન કાંતિવાળુ બની ગયું. એટલે આ જૈન શાસનનો અપૂર્વ મહિમા છે. તેમ તેને શ્રદ્ધા થઇ. આ ધર્મની કસોટી હતી તેમાં પાર ઉતર્યા. આવા આત્માનું જ જૈન શાસનના અધિષ્ઠાયક દેવો રક્ષણ કરે છે. કુમારપાળ ગુરૂદર્શન કરવા જઈ રહ્યા છે. ઉપાશ્રયમાં પેસતાં કરૂણ સ્વરે

રૂદન કરતી સ્ત્રીનો અવાજ સંભળાયો, કુમારપાળ તેની પાસે ગયાં, તરત જ રડનાર બાઈ–બોલી હું પોતે કંટકેશ્વરી દેવી છું. મને તારા ગુરૂએ મંત્રથી બાંધી છે. તેમાંથી મને છોડાવ. હું તને જીવ રક્ષાના કામમાં સદાય સહાય કરીશ. હવેથી હું પરંપરાથી ચાલી આવતી આ ખોટી માન્યતા છોડી દઈશ અને જગતમાં પ્રસિદ્ધ કરીશ કે અહિંસા જેવો કોઈ ધર્મ નથી. આ કબુલાત કરી ત્યારે કુમારપાળ રાજાએ ગુરૂ હેમચંદ્રસૂરિને વિનંતિ કરી કે હવે દેવીને બંધન મુક્ત કરો. હવે જીવહિંસા નહિ કરે અને મને અહિંસાના કાર્યમાં મદદરૂપ થશે એટલે ગુરૂએ દેવીને છોડી મૂકી. પછી કુમારપાળ રાજાએ ગુરૂના આદેશથી અઢાર દેશમાં અમારિપડહ વગડાવ્યો. તેમાં દેવીએ રોકેલ દેવોમાંથી કોઈ પણ દેવ ગુપ્ત હિંસા કરે તેને પકડીને કુમારપાળને સુપ્રત કરતી. એક વખતે એક માણસે માથામાંથી જુ કાઢીને હાથથી મસળી નાખી. તેને એમ થયું કે કોણ જુએ છે. પણ દેવીએ તરત જ પકડીને તેને કુમારપાળને હવાલે કર્યો. આ રીતે કુમારપાળ રાજાએ અહિંસા ધર્મનો અઢાર દેશમાં ધ્વજ ફરકાવ્યો અને સાચા જૈન ધર્મની ખ્યાતી વધારી. આ દૃષ્ટાંત તો ટુંકમાં લખાય છે. પુરૂં તો દરેકના ચરિત્ર વાંચવાથી સમજાય. કુમારપાળ રાજા થયા તેથી આગળ એમને ઘણું દુઃખ સહન કરવું પડયું છે. સિદ્ધરાજે એમના માટે મારા રોકેલા હતાં. તે ચારે દિશામાં એમને મારવા માટે ફરતાં પણ જેનું આયુષ્ય કર્મ બળવાન હોય તેને આંચ આવતી નથી પણ પૂર્વ કર્મ કોઈને છોડતાં નથી. કુમારપાળ જયતાકના ભવ વખતે સિદ્ધરાજ

જીવ ધનદત્ત સાર્થવાહ હતો. તે વખતનું વેર આ ભવે પુરૂ થયું. કુમારપાળ રાજાના દુશ્મને તેમના ઉપર વિષનો પ્રયોગ કર્યો એની જાણ થતાં કુમારપાળે તિજોરીમાં રાખેલી જડીબુટ્ટી લાવવાનો નોકરને હુકમ કર્યો પરંતુ વિષ પ્રયોગ કરનારે પહેલેથી જ જડીબુટ્ટીને ચોરી લીધી હતી. જડીબુટ્ટી ન મલવાથી નિરાશ થઈ નોકર કુમારપાળ રાજા પાસે આવ્યો ને કહ્યું કે જડીબુટ્ટી ત્યાં નથી. કુમારપાળ રાજા સમજી ગયાં કે દગો થયો છે અને હવે મરણ ચોક્કસ થવાનું છે એટલે તે કહે છે કે હે ચેતન ! તારો કોઈ મિત્ર નથી. તારો કોઈ દુશ્મન નથી. જે ભોગવવાનું છે તે તારે જ ભોગવવાનું છે. મૃત્યુ તેનું કર્તવ્ય કરી રહેલ છે. હું મારૂં કર્તવ્ય કરી લઉં. આમ વિચારી કુમારપાળ દેવ-ગુરૂ અને ધર્મને યાદ કરીને જગતને ભૂલીને આત્મ સાધનામાં મસ્ત બની ગયાં અને સમાધિ પૂર્વક કાળ ધર્મને પામ્યા. આ કયારે બને જે આત્માને, સમાધિ મરણનો અભ્યાસ હોય ત્યારે જ. અંત સમયે આવા વિચારો આવે અને સુખ પૂર્વક જીવને સદ્‌ગતિ મળે.

અંત સમયે મહામંત્રી ઉદયનને થયેલી શુભ ઇચ્છા.

તે ઉપર દૃષ્ટાંત :—

ઐસી દશા હો ભગવાન-જબ પ્રાણ તનસે નીકલે;
ગુરૂરાજ હો નીકટ મેં, ધર્મ હો મેરે ઘટમેં.

આવા શુભ વિચારો કયારે સુઝે ? જ્યારે જીવન

ધર્મમય અને પવિત્ર હોય તો જ. એ સમયે ગુરૂ અને ધર્મ યાદ આવે.

મહામંત્રી ઉદાયનને અંત સમયે ગુરૂદર્શનની જીજ્ઞાસા જાગી. જેણે સમગ્ર જીવનમાં દેવ–ગુરૂ અને ધર્મની ઉપાસના કરી છે તેને કેમ વિસરી શકે ? મહાન યોદ્ધા ઉદાયન મંત્રી યુદ્ધની સમરાંગણ ભૂમિમાં ગયેલા. તેમણે વિજય મેળવ્યો. પણ દેહ શસ્ત્રના ઘાથી જર્જરિત થઇ ગયું. તે સમયે પાસે હાજર રહેલા સૈનિકોએ પૂછયું કે હે મંત્રીશ્વર ! આપનો જીવ કેમ મુંઝાય છે ? આપ તો ધર્મને પામેલા છો. ત્યારે મંત્રીએ કીધું કે મને એક જ ઇચ્છા છે કે, સાધુ મહાત્માની હાજરીમાં મારો દેહ છોડું. રણસંગ્રામની ભૂમિમાં સાધુને લાવવાં કયાંથી ? પણ રણમેદાનમાં એક તરગાળો હતો તેણે સાધુ વેશ પહેરવાની હા પાડી. તેને સાધુવેશ પહેરાવીને જૈન ધર્મની થોડીક વિગત સમજાવીને મહામંત્રી ઉદાયન પાસે લાવવામાં આવ્યો.

મંત્રી તો સાધુને જોતાં જ પથારીમાંથી અડધા ઉઠી ગયાં. તેમને થયું કે હું હજી પુણ્યવાન છું કે મારા અંત સમયે પણ આવા ત્યાગી મહાત્માના દર્શન થયાં.

અહો પ્રભુ હું ધન્ય બન્યો. એમ કહીને સંતને નમસ્કાર કરતાં **નમો અરિહંતાણં** બોલતાં દેવલોક સિધાવી ગયા.

તે પછી રાજ્ય તરફથી તરગાળાને સારૂ ઇનામ

આપવામાં આવ્યું. ત્યારે તેણે તેનો અસ્વીકાર કરતાં કહ્યું. આ દ્રવ્ય મારે ન જોઈએ. ક્યાં હું તરગાળો અને ક્યાં મહામંત્રી ઉદાયન. ખાલી મેં વેશ પહેર્યો છે ત્યાં મને ઉદાયન મંત્રી જેવા નમસ્કાર કરે છે. ધન્ય છે આ વેશને. નિર્ગુણી એવો હું મંત્રી પાસે આવો પાવનકારી વેશ પહેરીને આવ્યો. હવે એ મારાથી છોડાય જ કેમ? હું છોડું તો મારા જેવો નિર્ભાગી કોણ? મને ત્યાગના માર્ગે જવા દો. હું મારા જીવનને ધન્ય બનાવીશ. હું અરિહંતનું શરણું સ્વીકારીશ. આનુ નામ વેશ પહેર્યો કહેવાય. સાધુનો સ્વાંગ સજતાં સાચો સાધુ બની ગયો. આ કોઈ લાયકાતવાળો જીવ હશે એટલે મહામંત્રી ઉદાયનના નિમિત્તે જૈન ધર્મ પામી ગયો.

વોરંટ આવશે વન વગડે, અણ ચિંતવ્યું યમરાજનું;
છે કાયદો કર્મરાજનો, નથી રાજ પોપાબાઇનું.

યાદ રાખજો મૃત્યુ તો ગમે ત્યાંથી ઉપાડી જશે ત્યારે આપણું કાંઈ ચાલવાનું નથી. એટલે જ સાવચેતીપૂર્વક ધર્મમય જીવન જીવનારને મૃત્યુનો ભય રહેતો નથી.

મરના મરના ક્યા કરે, મરના હોય જરૂર;
મરના ઐસા કીજીએ, ફેર મરના ના હોય.
નારાયણ દો બાતકો, ભૂલ મત જો ચાહતા કલ્યાણ;
નારાયણ એક મોતકો, દુજો શ્રી ભગવાન.

જે આત્માને મોત યાદ આવતું હોય તે આત્મા

ભગવાનને ભૂલતા નથી. અને પાપ કરતાં બહુ જ સાવચેત રહે છે. અને ધર્મને ભુલતા નથી.

સંપત ગઈ તે સાંપડે, ગયા વળે છે વહાણ;
પણ ગયા અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

ગયેલો ટાઈમ પાછો આવતો નથી તેમ પ્રાણ પણ પાછા આવતાં નથી એટલે તો ભગવાને કહ્યું છે કે, થાય તે ધર્મ કરી લ્યો, નહિ તો દેવદુર્લભ મનુષ્ય ભવ ચાલ્યો જશે એટલે પાછળથી પસ્તાવો કરવાથી કાંઇ વળશે નહિ.

રાત ગુમાઈ સોવતે, દિવસ ગુમાવ્યા ખાય;
હીરા જેસો મનુષ્યભવ, કવડી બદલે જાય.

આ હીરા જેવા માનવ ભવ તેને ધર્મ વગરનો કરી દેશો તો કવડીના મૂલ્યે ફોકટમાં જશે.

કર્મ કરે એ કોઈ ન કરે, મૂર્ખ તજ અભિમાન;
ઉત્તમ ભવ ચાલ્યો જશે, ધર અરિહંતનું ધ્યાન. (૧)
ઉત્તમ તીરથ માતાપિતા, શેત્રુંજય ગીરનાર;
ત્રણ તીરથ મોટાં કહ્યા, સેવો નર ને નાર. (૨)
પહાડ જંગલ કે શહેરમાં, મૃત્યુ નહિ છોડનાર;
કર્મ જેવા કીધા હશે, તેવા ફળ ભોગવનાર. (૩)
ઉત્તમ તેને કહેવો, સત્જન સંબંધી મિત્ર;
આત્મ કલ્યાણનો ખરો, બતાવે માર્ગ પવિત્ર. (૪)
ઉત્તમ વૈભવ ધન તણો, ગર્વ ન કર મનમાંય;
રખડયા રામ જેવા રાજવી, કર્મે છોડયા નહિ. (૫)
રોપી વિષ વેલડી વૃક્ષ, અમૃત ફળને ચાહે;
હરિ હરાદિક સેવતાં, ઉત્તમ સુખ ન લહે. (૬)

–: દુહો :–

રાજા ગયાં મહારાજા ગયાં, ગયાં ઈન્દ્ર મોરારી;
અચાનક એક દિવસ ઉપડવું પડશે, આવશે તારી વારી.
ભવિક તુમે કરી લેજો ધર્મ હિતકારી.....

જે સાથે આવનાર ધર્મને કરી લેવા માટે ભગવાને બધા જીવોને ઉપદેશ આપ્યો છે.

સુખ–દુઃખ તો કર્મના ખેલ છે.

અશુભ કર્મ જ્યારે પોતાનું ફળ આપે છે, ત્યારે કોઈનું કંઈ પણ ચાલતું નથી. વિચારો કે શ્રી દશરથ જેવા શ્વસુર, જનક જેવા પિતા, ભામંડળ જેવા ભાઈ શ્રી લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન જેવા દેવરો અને વસિષ્ઠ જેવા જોષી છતાં, શુભ લગ્ને અને શુભ મુહૂર્તે સીતાના લગ્ન થયા. છતાં પરણ્યા પછી સીતાજીને વનવાસ વેઠવો પડ્યો. બધા ક્યાં ગયા ? અશુભોદય પાસે કોઈનું ચાલતું નથી. વનવાસના દુઃખો ભોગવ્યા પછી શુભ કર્મના ઉદયે સીતાજીના અયોધ્યામાં સુખશાંતિના દિવસો જતા હતા. પણ ફરીથી અશુભ કર્મના ઉદયે રામે ગર્ભવતી સીતાને એકલી અટુલી વનમાં તજી દીધી પણ આ અશુભ કર્મ વધારે ટાઈમ ન ચાલ્યું. અને સીતાજીને વનમાંથી પુંડરીકપુરનગરના વજ્રજંઘ રાજા પોતાની નગરીમાં પોતાના મહેલમાં લાવ્યા. પછી લવ અને કુશનો જન્મ થયો. મૂળ તો આ ટુકું દૃષ્ટાંત, કર્મ શું કરે છે તે જાણવા પૂરતું છે. કર્મે તો ભલભલાને પછાડી નાખ્યા છે.

એટલે જ જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે કર્મ કરતી વખતે ચેતતા રહો. નહિ તો હસતાં બાંધ્યા, રોતાં નહિ છુટે એટલે જ કર્મથી બચવા સ્વઆત્માને ઓળખીને જીવન જીવવું જોઈએ.

વર્તમાન કાળના આધુનિક શિક્ષણવાળાને આવા વાંચન વાંચતા એક થતું હોય કે આવા ઉપદેશોની વાતો કેટલા વર્ષની છે? ઘણા વર્ષોની વાત. અરેઅર પ્રભુ શાસનની હયાતીનો દરેક સમય ધર્મની આરાધના માટે ધર્મીને અનુકુળ જ હોય છે; એ જ વાત સ્પષ્ટ કરતાં શ્રી વીતરાગ સ્તોત્રના નવમા પ્રકાશમાં કાલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે, "જે કાળમાં થોડા જ કાળે કરીને તારી ભક્તિનું ફળ પમાય છે તે એક કલિકાલ જ હો અને કૃતયુગાદિથી મારે સર્યું? વાત પણ ખરી છે કે પ્રભુ શાસનની પ્રાપ્તિ વિનાનો ચોથો આરો પણ શું કામનો? અને પ્રભુ શાસનની પ્રાપ્તિથી સુંદર બનેલો પાંચમો આરો એ પણ ચોથા આરાથી ય સુંદર છે; કારણ કે આત્મ કલ્યાણની પ્રાપ્તિ માટે તે સાધન રૂપે અરેઅર પ્રભુ શાસનને પામેલા આત્મા માટે દરેક દ્રવ્ય, દરેક કાળ અને દરેક ભાવ ઉત્તમ છે. તે આત્માને મન તો જે કાળમાં જિનાજ્ઞાનું પાલન થાય તે સુકાળ અને આજ્ઞાનું પાલન જે કાળમાં ન થાય તે દુષ્કાળ. જો કાળ વિગેરે વસ્તુની કિંમત હોય તો આ બધાની પરવા ન કરો. ભસવું અને લોટ ફાકવો એ બે વાત કોઈ કાળે નહિ બને. દુનિયાની સાહ્યબીમાં

રાચવું અને પ્રભુના શાસનને આરાધવું એ બે વાત શી રીતિએ બને, પણ આથી પ્રભુના શાસનને પામવા સારૂ ન ખાય, ન પીએ. એમ કહેવાનો આશય નથી. જો પ્રભુ શાસનને પામેલો રોજ આંયબિલ કરે તો (?) મહા પુણ્ય શાળી એ દૂધ, ઘી ખાવા જ એવો કાયદો નથી. હા. ન અવાય તો સારૂ. એ કાળમાં મુક્તિ હતી અને આજે નથી એ કમનસીબી ખરી પણ એ કાળમાં આરાધના બને અને આજે ન બને એવું ન કહો.

આજનો યુગ નાદ ૦–૦–૦–૦ પૈસો ! પૈસો ! પૈસો ! આજના યંત્રયુગ જમાનામાં માનવીનું ધ્યેય એક જ રહ્યું છે ! અને એ પૈસો ! માનવી જાણે દિવસ–રાત એક જ જાપ જપ્યા કરતો હોય છે; પૈસો ! પૈસો ! પૈસો ! આજના યુગને જેટલો પ્રેમ પરમાત્મા ઉપર છે એથી કંઈ ગણો વધારે પ્રેમ પૈસા પર છે એની વૃત્તિ–પ્રવૃત્તિમાંથી જાણે એક ધ્વનિ ઉઠી રહ્યો છે. પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ ! પરમેશ્વર પર માણસને પ્રેમ નથી એમ તો ન જ કહેવાય પણ જ્યારે પરમેશ્વર અને પૈસા આ બેમાંથી એક પર પ્રેમ કરવાની વાત આવે ત્યારે મોટો ભાગ પૈસા પર જ પ્રેમનો અભિષેક કરવાનો, આ એક સત્ય છે. પૈસાને પ્રાપ્ત કરવાની વૃત્તિ માનવીમાં આજે નવી નથી જાગી ! પ્રાચીન કાળમાંય લોકો પૈસા મેળવતા હતા, પણ પ્રાચીન કાળમાં પૈસાનો લોભ એવો જોરદાર ન હતો કે જેથી નેકી–નીતિ–ધર્મ ભૂલી જવાય અને પૈસો જ મુખ્ય બને ! જ્યારે આજે તો પૈસો

જ પ્રાણ બન્યો છે. અને પ્રાણ તરીકે પ્રતિષ્ઠિત થયેલા પૈસાએ સમાજમાંથી લગભગ ન્યાય-નેકી અને ધર્મ જેવા ગુણોની હકાલ પટ્ટી કરી નાખી છે. જાણે ધન અને ધર્મ વચ્ચે વેર હોય એવી હવા ઉભી થઇ છે. ન્યાય-નીતિ સંભાળીને ધનવાન ન જ થઇ શકાય આવી માન્યતા ઘણાના મનમાં ઉંડે ઉંડે ઘર ઘાલી ગઈ છે. આ માન્યતાએ વેપારી સમાજની પ્રતિષ્ઠાને કંઈ ઓછી વગોવી નથી ! વેપારી-ગ્રાહક વચ્ચેના વિશ્વાસભર્યા મનમેળનો એ યુગ ક્યાં ? અને આ યુગ ક્યાં ? આ બે યુગ વચ્ચેના સમયનો ગાળો કંઇ બહુ લાંબો નથી પણ આજના સમાજના સિંહાસને પ્રતિષ્ઠિત થયેલા પૈસા જાણે એ યુગની સ્મૃતિઓને ય ભૂંસી નાખવા મેદાને પડ્યો હોય એમ લાગે છે. અને એથી જ ધર્મ અને ધંધો સાવ અલગ ચીજો હોય એવું જણાય છે.

ધંધામાંથી ધર્મ ભૂંસાતો રહ્યો છે. અને ધર્મમાંય ધંધો પગ પેસારો કરી રહ્યો છે. પૈસાએ માનવીના હૈયામાં એવો પગદંડો જમાવ્યો છે કે એ કોઈ સાચો પ્રેમ કરી શકતો નથી. જ્યાં સ્વાર્થ જણાય ત્યાં જ પ્રેમ કરવાની ઇચ્છા થાય છે. પૈસાની જેવી આંધળી બોલબાલા આજે છે. એવી તો હજારો વર્ષના ભૂત કાળમાં કયારે નહિ હોય એમ લાગે છે. પૈસા પુણ્યથી મલે છે. એ માણસ જાણે છે છતાં માણસ પુણ્ય કરવાનું ભુલી જાય છે. અને પાપમાં જ રચ્યો પચ્યો રહે છે. આમ આજે ચોતરફ પૈસાની જ બોલબાલા છે. વર્તમાન કાળે પૈસાના લોભે આદર્શ જીવન જીવવાનું ભૂલાઈ

જવાય છે. અને આદર્શ વગરનું જીવન નાવિક વિનાની નૌકા જેવું છે. હૃદયમાં ધર્મ હશે તો નીતિ રહેશે અને નીતિ એ જ ધર્મ છે. જ્યાં ધર્મ છે. ત્યાં જ નીતિ છે. વેપારી, બાળકો અને રાજકરણ જેની પાસે નીતિ છે. પાપના ભયથી ખોટું કરતો નથી–વેપારી કોઈને છેતરતો નથી–બાળકો માબાપ અને વડીલોનો ઉપકાર ભૂલતાં નથી અને રાજ્યના સુકાનીઓથી પ્રજાની બરબાદી થતી નથી. મૂળ વાત તો ધર્મ ઉપર છે જેના હૃદયમાં ધર્મ વસેલો છે તેને વિચારો પણ સારા આવતા રહેશે. સારા વિચારો હૃદયમાં હશે તો કર્તવ્ય (કામ) પણ સારૂં થતું રહેશે. કોઇપણ કામનું માપ તે 'કેટલું થયું' એ ઉપરથી નહિ પણ 'કેવું થયું' એ પરથી કાઢવું જોઈએ. તે દુનિયાની–વાહ–વાહ ખાતર કે મોટાઇ ખાતર ગમે તેવું કામ કરતાં રહેવું એ ધર્મ નથી,

–: સુસંસ્કાર અને કુસંસ્કાર :–

સુસંસ્કાર એટલે સબળી મતિ (સદ્બુદ્ધિ) અને કુસંસ્કાર એટલે કપટી મતિ. (કુબુદ્ધિ) કાર્ય એક હોય પણ ઇચ્છા જુદી જ હશે. દાખલા તરીકે સુસંસ્કારવાળાને વિચાર આવશે કે દુશ્મનગીરી અને વિરોધપણું નાશ થયું, જ્યારે કુસંસ્કાર-વાળાને વિચાર આવશે કે દુશ્મનગીરી અને વિરોધીઓનો નાશ થઇ જાય, કાર્ય એક પણ ઇચ્છામાં ફેર કેટલો ? જમીન આસમાન જેટલો કે નહિ ? એકના વિચાર ઉંચે ચડાવે છે. જ્યારે બીજાના વિચાર નીચે પટકાવે તેવા છે. ગરજ તો બધામાં પડે છે. પણ પ્રેમથી, કોઇના ખોટા દબાણથી એ

ગમે તેમ કહેતો હોય કે ગમે તેમ કરતો હોય તે માન્ય કરી લેવું એમ ધર્મ કહેતો નથી. કોઇનું બુરૂ કરવું નહિ અને કોઇનું બરાબ ઇચ્છવું નહિ. એ ધર્મનો ઉદ્દેશ છે. આમ તો જનાવર પાછળ પડે તેનાથી બચવા આડા અવળા થઈ જઓ તો બચી શકાય પણ કાળા માથાનો માનવી પાછળ પડી ગયો તો તેનાથી બચવા મુશ્કેલ થઈ પડશે.

'કાળા માથાનો માનવી શું ન કરે ? એ કહેવતનો ઉપયોગ પૈસા કમાવા કે અવળા માર્ગે ન કરતાં આત્માની દબાઈ ગયેલી અનંત શક્તિઓને પ્રગટ કરવા માટે કરવો એ જ ઇષ્ટ છે. ધર્મ એ કોઈ રસ્તે પડેલી ચીજ નથી, જીવનમાં ધર્મ એજ સારભૂત છે. છતાં આજ તો પોતાની જાતને ધર્મથી પણ વધારે માનનારા પોતાની વાહ-વાહ ખાતર કાંઈ કરવાની ભાવના વધતી જ જાય છે. આ વર્તમાન કાળના વિચારોને આભારી છે. સાચું શિક્ષણ તેજ જીવનનું દર્શન કરાવે. ખાનપાન માટે જીંદગી નથી. જીંદગીને ટકાવવા માટે ખાનપાન છે. આ દેહ તો લીવ એન્ડ લાયસન્સ વાળું મકાન છે. જતી વખતે સાથે કંઈજ લઈ જવાના નથી. તો વિચાર કરજો કે હું જીવી રહ્યો છું તે કોના માટે ? આત્મા માટે ? જો આત્મા માટે જીંદગી હોય તો પછી આત્માને ભવાંતરમાં સારૂં મલે તેવું કંઈ કરી લેવાની ઇચ્છા થાય છે ખરી કે નહિ ? રાત્રે જકાત ચોકીને ટાળવા માટે આડે રસ્તે અથડાયેલો ગાડીવાળો સવારે ચોકીની સામે આવી રહે છે. એવી જ રીતે દુઃખને નિવારવા માટે કરવામાં આવેલા આંધળા પ્રયાસો ક્રમનશીબે ઘણીવાર નિષ્ફળ નીવડે છે.

પહેલાં દૃષ્ટિ પલટો : પછી જીવન પલટો :-

ધર્મ સાંભળવો ય મુશ્કેલ છે; પુણ્યાઈ વિના એ સાંભળવા ય મલતો નથી.

ધર્મ સમજવો એ તો વળી વધુ મુશ્કેલ છે; પુરૂષાર્થ વિના એ સમજાતો નથી.

ધર્મ જીવનમાં પામવો એ તો વળી એથી ય વધુ મુશ્કેલ છે; ધર્મ પામવા માટે; ધર્મ સમજવો પડશે. અને ધર્મ વારંવાર સાંભળવો પડશે.

જેને પાપમાં મજા નહિ; તેને પાપની સજા નહિ....

-: પતન તેનું ઉત્થાન :-

ચાર કષાયોની ચંડાળ ચોકડીમાં ક્રોધ કષાય બહુ જ (બળવાન) ખતરનાક છે. ક્રોધ કષાય ઘણા વરસના તપના ફળને નાશ કરી દે છે.

"સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ્ય;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશિઓ નાગ."

ચંડકોશિક સર્પનો પૂર્વભવ :—

કૌશિક નામના સન્નિવેશમાં ગોભદ્ર નામનો બ્રાહ્મણ હતો. તે ફરેક શાસ્ત્રમાં કુશળ (વિદ્વાન્) હોશિયાર હતો. તેને ધન સિવાય કોઈ પણ વસ્તુની ઉણપ ન હતી. એક લક્ષ્મી દેવીથી અંતરાય હતો. ગોભદ્રની પત્નીનું નામ શિવભદ્રા હતું. એ જ્યારે સગર્ભા બની ત્યારે પોતાના પતિને કીધું કે હવે તો પૈસાની જરૂર પડશે એટલે કાંઈક ઉદ્યમ કરીને પૈસા મેળવો. એટલે એની જે શાન્તિ હતી તેમા વિક્ષેપ ઉભો

થયો. પણ જાતે બ્રાહ્મણ હતો અને બ્રાહ્મણની જાત (માંગણ) કહેવાય. પણ એને માંગવું તે મરવું બરોબર મગજમાં બેઠેલું હતું એટલે કોઈની પાસે યાચના કરીને માંગવું નહિ. એ વિચારતો હતો. વગર માગે ક્યાંયથી મળી જાય તો વાત જુદી છે. એટલે ગોભદ્રે પોતાની પત્નીને કીધું કે માગવા સિવાય બીજી રીતે ધન મલે તે રસ્તો મને બતાવ. એટલે તેની પત્નીએ કહ્યું કે "હે આર્યપુત્ર! પૂર્વ દિશામાં અસંખ્ય દેવકુલોની શ્રેણીથી અલંકૃત થયેલી વારાણસી નામની નગરી છે. એ વારાણસી નગરીની સમીપે ગંગા નામની એક મહા નદી વહી રહી છે. એ ગંગા નદીમાં (નાહવા) પાપ ધોવા માટે દૂરના દેશોથી રાજાઓ, યુવરાજો, શેઠિયાઓ, સેનાપતિઓ અને દંડનાયકો વગેરે મોટી સંખ્યામાં આવે છે."

દૂર દેશાન્તરોથી આવેલા એ માણસોમાં કેટલાક પરલોકના અર્થીઓ હોય છે. કેટલાક કીર્તિ તથા યશના અર્થીઓ હોય છે. કેટલાક અનર્થોના પ્રતિકાર કરવાના એટલે કે પાપનો નાશ કરવાના અર્થીઓ હોય છે. અને કેટલાકો પિતૃર્પણ કરવાના અર્થીઓ હોય છે. આ અર્થિપણાને કારણે એ લોકો નિરંતર, મહા હોમ હવનો અને પિંડદાન કરાવે છે. સુવર્ણનું દાન દે છે. જેમના ચરણો ઉપર ધૂળ ચઢી ગઈ છે એવા બ્રાહ્મણોનો સત્કાર કરે છે. આપ જો ત્યાં જશો તો ત્યાં જવા માત્રથી જ આપ પ્રાર્થના કર્યા વિના પણ સોનાની દક્ષિણાને પ્રાપ્ત કરી શકશો અને અલ્પ માત્ર કાળમાં તો

આપ પાછા પણ આવી શકશો એટલે ગોભદ્રે પત્નીને કહ્યું કે તું ભાતું તૈયાર કર એટલે હું જઉં. તે વારે શિવભદ્રાએ પણ તરત જ ભાતું તૈયાર કર્યું. એટલે ગોભદ્રે પણ વારાણસીની દિશાએ ચાલવા માંડયું ! ગોભદ્ર વારાણસીના માર્ગે ચાલી રહ્યો છે ત્યારે એક સિદ્ધપુરૂષને જોયો ત્યાં તો એ સિદ્ધપુરૂષે પોતે જ કહ્યું કે હે ગોભદ્ર ! યુગરૂપ આવી પહોંચ્યો. અત્યારે તો તું વારાણસી નગરીએ જ જવાની ઇચ્છામાં છે ને ? સિદ્ધપુરૂષે જે કહ્યું એ સાંભળીને ગોભદ્ર વિસ્મયપૂર્વક વિચારવા લાગ્યો કે–અહો આણે મને શી રીતિએ ઓળખી કાઢયો ? આ પહેલાં આણે મને કદી પણ જોયો નથી. અત્યારે હું જે વારાણસી તરફ જઈ રહ્યો છું તે વાત તો માત્ર મારી ગૃહિણીની સાથે એકાન્તમાં જ થયેલી છે છતાં ય એ વાતને આ કેમ કરીને જાણે છે ? એટલે સર્વથા આ કોઈ સામાન્ય માણસ તો નથી જ માટે આનોજ હું દેવની જેમ સત્કાર કરૂં કે જેથી આનાથી જ મારા કાર્યની સિદ્ધિ થઇ જવા પામે ! આવો નિર્ણય કરીને પોતાના કાર્યની સિદ્ધિની આશાને સેવતા ગોભદ્રે પોતાના બન્નેય હાથ જોડીને સિદ્ધપુરૂષને કહ્યું કે આર્ય ! આપે જે કહ્યું તે બરાબર છે. આપે સાચું જ જાણ્યું છે. આપે કહ્યું તે મુજબ હું વારાણસી નગરીએ જવાને ઇચ્છુ છું. સિદ્ધપુરૂષે પણ કહ્યું કે–ભદ્ર ! મારી સાથે આવ એટલે આપણે ત્યાં જ જઈએ ! સિદ્ધપુરૂષના વચનને ગોભદ્રે તરત જ સ્વીકારી લીધું. બન્ને સાથે થઈ ગયા અને સાથે જ ચાલવા માંડયાં. એવામાં ભોજનનો સમય થયો અને

નજદિકમાં કોઈ ગામ જણાયું એટલે ગોભદ્રે સિદ્ધપુરૂષને કહ્યું આર્ય ! ગામમાં પધારો. હું ભોજનની સામગ્રી તૈયાર કરૂં. ભોજનનો સમય થઇ ગયો છે. ત્યારે સિદ્ધપુરૂષે કહ્યું કે સામા ગામમાં પેસીને કરવું છે શું ? આટલી વાત કરીને બન્નેએ ચાલવા માંડ્યું. સૂર્ય બરાબર માથા ઉપર આવ્યો ત્યારે બન્ને એક ઉદ્યાનમાં આવી પહોંચ્યા. ત્યાં સ્નાન, મુખશુદ્ધિ કરી લીધાં બાદ ગોભદ્રે દેવતાનું અનુસ્મરણ કરવા માંડ્યું અને સિદ્ધપુરૂષ સમાધિમાં બેસીને મંત્ર જાપ કરી રહ્યો છે એટલામાં મંત્રના પ્રભાવથી આકાશમાંથી રસોઈ ઉતરી આવી. રસોઈ પણ કેવી ઊંચી ? ગોભદ્રે આ જોયું અને પોતાની આંખ સામે બનેલા આવા પરમ અદ્‌ભૂત વ્યતિકરને જોઇને એ તો વિસ્મિત થઈ ગયો. આ સિદ્ધપુરૂષ બહુ શક્તિ સમ્પન્ન છે આમ વિસ્મિત બનીને ગોભદ્ર જોઈ રહ્યો છે ત્યાં તો સિદ્ધપુરૂષે ગોભદ્રને કહ્યું કે ગોભદ્ર તૈયાર થઈ જા. ભોજન કરી લે. ગોભદ્ર પણ જેવી આપની આજ્ઞા એમ કહીને ભોજન કરવા બેસી ગયો. ગોભદ્ર ભોજન કરવાને બેઠો અને સિદ્ધપુરૂષે પીરસવા માંડ્યુ. ભોજન કરી લઈ ને ગોભદ્ર પરવાર્યા એટલે વિદ્યાસિદ્ધ પોતે પણ ભોજન કરવાને માટે બેઠો અને એ વખતે ગોભદ્ર પણ પીરસવા વિનયો પ્રયાસ કર્યો. આ રીતે બન્નેએ ભોજન કરી લીધું. તે પછી વિદ્યાસિદ્ધે હુંકાર કરતાંની સાથે જ જે થાળ વિગેરે સહિત રસોઈ આકાશમાંથી આવી હતી તે થાળ સહિત બાકીની રસોઈ અલોપ થઈ ગઈ. ત્યારબાદ થોડીકવાર વિશ્રાન્તિ કરીને બન્નેએ ચાલવા માંડ્યું. ચાલતે

ચાલતે રાત્રિનો સમય થઇ ગયો. રાત્રિનો પ્રહર વ્યતિત થયો ત્યારે એક પ્રદેશમાં પહોંચીને તેઓએ સ્થિરતા કરી. પછી તરત જ એ વિદ્યાસિદ્ધ પુરૂષ પદ્માસન લગાવીને બેસી ગયો અને ધ્યાન લગાવી દીધું. એટલામાં આકાશમાંથી શ્રેષ્ઠ કોટિનું એક વિમાન ત્યાં ઊતરી આવ્યું. એમાંથી બે સ્ત્રીઓ નીકળીને વિદ્યાસિદ્ધ પુરૂષ પાસે આવી. આમાં એક મોટી અને એક નાની છે. બન્નેય વનિતાઓ વિદ્યાસિદ્ધ પુરૂષની પાસે આવીને પોતાના હાથ જોડીને ઉભી રહી. પછી મોટીએ વિનંતિ કરતાં કહ્યું કે હે મહાશય ! હવે આપ મંત્રસ્મરણ બંધ કરો અને આ વિમાનને આપ અલંકૃત કરો. વિલાસિનીની આવી વિનંતિને સાંભળીને વિદ્યાસિદ્ધ ઊભો થયો. વિમાનમાં પેઠો અને શય્યા પર જઈને બેઠો અને ગોભદ્રને વિમાનમાં બોલાવ્યો. ગોભદ્ર પણ એજ વિમાનમાં થોડે દૂર જઈને વિદ્યાસિદ્ધ પુરૂષના માહાત્મ્યથી વિસ્મિત બન્યો થકો સૂઇ ગયો અને ઊંઘી ગયો. પછી નાની યુવતીને વિદ્યાસિદ્ધે કહ્યું કે ભદ્રે ગોભદ્ર નામના આ બ્રાહ્મણની પાસે ભાર્યા ભાવને દેખાડીને તું આત્માને પવિત્ર કર. એ યુવતીએ જવાબ દીધો કે હું એમ કરૂ છું અને એમ કહીને એ યુવતીએ ગોભદ્ર પાસે જવા ચાલવા માંડયું. એટલે મોટી વિલાસિનીની સાથે વિદ્યાસિદ્ધે ભોગ ભોગવવાની શરૂઆત કરી દીધી. જે યુવતી ગોભદ્રની પાસે આવી છે તેણે ગોભદ્રને જગાડયો અને પોતાના મોંઢે જ પોતે શું કામ આવી છે તે કહ્યું. તે સાંભળીને ગોભદ્ર યુવતીને કહે છે કે મૃગાક્ષી ! તું મારી ભગિની થાય છે માટે તારે વિદ્યાસિદ્ધે કીધું તે કરવાની કશી જરૂર

નથી. ગોભદ્રે તેની પાસે આવેલી યુવતીને છેલ્લે છેલ્લે જે એમ કહ્યું કે ઉન્માર્ગે જતાં મારા જીવિતને જો હું ન રૂંધું તો બીજા અનાચાર ચારિત્રોને હું કેમ અટકાવી શકું ? આ રમણી એ કાંઈ સામાન્ય રમણી નથી એ જોગિણી છે અને ગોભદ્રની ગુણ સમ્પન્નતાને જોઈને મુગ્ધ બની ગઈ છે. તેમ પોતાના ઉપર ગોભદ્રે મોટો ઉપકાર કરી દીધો હોય ? એવા પ્રકારની અસર હૈયા ઉપર થવા પામી છે. આથી જ ક્ષણભર મૌન ધારણ કર્યા બાદ આ જોગિણી ગોભદ્રને કહે છે. મહાશય તમે મારા સગાભાઈથી જુદા નથી. એમ માનીને હું તમને કહું તે સાંભળો. જલંધર નામનું શ્રેષ્ઠ નગર છે. એ નગરમાં જોગિણીઓ વસે છે. તેમાં હું ચંદ્રલેખા નામની જોગિણી છું અને વિદ્યાસિદ્ધ સમીપ હાલમાં જે રમણી છે તે મારી મોટી બેન ચંદ્રકાન્તા છે. ચંદ્રલેખા જોગિણી પોતાની વાત આગળ ચલાવે તે પહેલાં જ વચ્ચે ગોભદ્ર બોલી ઊઠે છે કે બેન આ વિદ્યાસિદ્ધ કોણ છે ? અને એમનું નામ શું છે ? તેમનો આટલો બધો પ્રભાવ શાથી છે ? અને તારી મોટી બેન કેમ એના કહ્યા મુજબ આમ કર્યા કરે છે. એ તું મને કહે. કારણ કે એને જાણવાના કુતુહલથી મારું હૃદય ઘણું જ આકુલ બની ગયું છે. હવે ચંદ્રલેખા ગોભદ્રને કહે છે કે આ સિદ્ધપુરૂષનું નામ ઈશાનચંદ્ર છે. કામરૂપા નામની જે જોગિણી તેનાથી પરિવેષ્ટિત એવો જે નરસિંહ નામનો એક પુરૂષ તેનો આ પુત્ર છે આ ઈશાનચંદ્રે પહેલા તો અનેક પ્રકારની વિદ્યાઓને સાધી. અનેક પ્રકારની વિદ્યાઓને સાધવા છતાં પણ આને સંતોષ થયો નહિ. પોતાના સઘળાંય ઈચ્છિતો સિદ્ધ થયા વિના

રહે નહિ અને એમાં કયાંય કશી પણ સ્ખલના થવા પામે નહિ એવી સિદ્ધિને મેળવવાનો આણે પ્રયત્ન આદર્યો, અને એ માટે એણે ભગવતી કાત્યાયની દેવીની પાસે એક લાખ ને આઠ બિલ્વોથી હોમ કર્યો જ્યારે આટલું કરવા માત્રથી પણ ભગવતી કાત્યાયની દેવી પરિતુષ્ટ થઈ નહિ ત્યારે આ ઈશાનચંદ્રે છરી કાઢીને પોતાના ગળાને કાપી નાખવા માંડયું. તેટલામાં તો દેવી કાત્યાયની કયાંકથી પણ એકદમ ત્યાં આવી પહોંચી. કાત્યાયની દેવીએ આવીને આ ઈશાનચંદ્રને કહ્યું કે અરે પુત્ર ! આ કેમ આદર્યું છે અને આમ બોલતે એ દેવીએ ઈશાનચંદ્રના હાથમાંથી છરી લઈ લીધી. દેવીએ કહ્યું કે પુત્ર ! હું તારા આ સાહસથી જ તુષ્ટ થઈ ગઈ છું. તું વર માગી લે ! ત્યારે આ ઈશાનચંદ્રે દેવીને કહ્યું કે સ્વામિની ! તું જો ખરેખર જ તુષ્ટ થઈ હો તો તું મને પુત્ર બુદ્ધિએ જોયા કરજે ! ઈશાનચંદ્રે આ પ્રમાણે કહેતાંની સાથે જ દેવી કાત્યાયનીએ સર્વ **અભિહિતોને** સિદ્ધ કરી આપનારૂં જે રક્ષાવલય તે ઈશાનચંદ્રને આપ્યું. એ રક્ષા-વલયને આપીને અને એમ ઈશાનચંદ્રના વચનને સ્વીકારીને દેવી કાત્યાયની અદૃશ્ય થઈ ગઈ. ઈશાનચંદ્રનો આ પુરૂષાર્થ તો ભોગ પ્રધાન છે. સાચા પુરૂષને ઘાતક, એવો આ પુરૂષાર્થ છે. મહા અનર્થનો ઉત્પાદક એવો આ પુરૂષાર્થ છે. એટલે વખાણવા જેવો આ પુરૂષાર્થ નથી. આવાં પણ કેટલાક દેવ દેવીઓ હોય છે કે જે એમની ઉપાસના કરનારના સાહસને જોઈને ઉપાસના કરનારના ઉપર એ તુષ્ટ થઈ જાય છે. આવા દેવીદેવીઓ અનાચારમાં સહાયક બનીને બીજાઓનું બગાડવા

સાથે પોતાનું પણ બગાડે છે. પણ આમાં નવાઈ પામવા જેવું કાંઇ નથી. જ્યારે **શક્તિ ને** સામગ્રી મળી હોય ત્યારે જીવમાં જો અજ્ઞાનનું અને મિથ્યાત્વનું જોર હોય તો એથી કષાયોનું પણ જોર હોય જ અને તો એ શક્તિ અને એ સામગ્રીની ખુમારીમાં જીવો પોતાનું અને સાથે બીજા અનેકોનું પણ અહિત સાધ્યા વિના રહેતા નથી. જ્યારે પુણ્ય બાંધેલું ત્યારે પાપ પણ એવું બાંધેલું કે એ પુણ્યોદયના સમયે જીવ ભયંકરમાં ભયંકર કોટિનાં આચરણોને પણ આચરે અને અંતે દુર્ગતિઓમાં ભમવાને રવાના થઈ જાય એવું પુણ્ય (પાપના બંધવાળું પુણ્ય) દેવી કાત્યાયનીએ આ ઇશાનચંદ્રના વચનને સ્વીકારી લેતાં સર્વ ઈચ્છિત અર્થોને કરનારૂં એક રક્ષાવલય ઇશાનચંદ્રને મલી જવાથી ઇશાનચંદ્ર એમ જ માનવા લાગ્યો કે હવે મને તો ત્રણેય લોકનું રાજ્ય મલી ગયું ? પોતાને ત્રણેય લોકનું રાજ્ય મળી ગયું છે. એમ માનતો અને રક્ષાવલય ધારણ કરતો આ ઇશાનચંદ્ર પછી તો ગર્વપૂર્વક અસ્ખલિત ગમનવાળો બન્યો થકો સર્વત્ર ભમવા માંડ્યો ! આ ઇશાનચંદ્ર અન્તઃપુરોમાં વસે છે અને કુલીન એવી કાન્તાઓને ભોગવે છે. વળી પોતાની શ્રેષ્ઠ મંત્ર શક્તિના બળથી આ ઇશાનચંદ્ર દૂર રહેલી વસ્તુને પણ પોતાની પાસે આકર્ષી આણે છે. આમ જ્યારથી દેવી કાત્યાયનીએ ઇશાનચંદ્રના હાથે રક્ષાવલય બાંધ્યું છે ત્યારથી આ ઇશાનચંદ્ર પોતાના મનોવાંછિતને મેળવે છે. આ જોગિણીઓ ઇશાનચંદ્રની ઇચ્છાને તાબે થાય છે. અને જ્યારે જ્યારે વિદ્યાસિદ્ધ પુરૂષ જે કાંઇ જે પ્રકારે કરવાનું કહે ત્યારે

તે કાંઈ તે પ્રકારે આ જોગિણીઓ કરે છે ખરી; પરન્તુ એમના હૈયામાં તો વિદ્યાસિદ્ધ પુરૂષ પ્રત્યે ભારોભાર રોષ છે. કારણ કે આ જોગિણીઓના હૈયામાં શીલનો પ્રેમ છે. વિદ્યાસિદ્ધ પુરૂષ જ્યાં ત્યાં ભમરો બની ભટકે અને કુલીન કાન્તાઓના શીલને લૂંટે એ આ લોકોને રૂચતું નથી. એટલું જ નહિ પણ પોતાને વિદ્યાસિદ્ધની આજ્ઞાને આધીન રહીને વિષય સેવન કરવું પડે છે. એ ય આ લોકોને રૂચતું નથી. આ રીતિએ સમસ્ત પૃથ્વી તળ ઉપર મન ચાહે ત્યાં ફર્યા કરતો, આ ઈશાનચંદ્ર અન્યથા કોઈ એક સમયે જલંધર નગરમાં આવી પહોંચ્યો, કે જે જલંધર નગર રમાઓથી રમણીય છે. જલંધર નગરમાં આવી પહોંચેલા આ ઈશાનચંદ્રે ચંદ્રકાન્તા નામની મારી મોટી બેનને જોઈ. મારી બેનને જોતાંની સાથે મારી બેનના શ્રેષ્ઠ રૂપને તથા તેણીના યૌવન શરીરને જોઈને આ ઈશાનચંદ્ર રંજિત થઈ ગયો ત્યારથી આરંભીને મારી બેનની સાથે બળાત્કારથી પ્રસંગ કરવા લાગ્યો છે. ચંદ્રકાન્તા પણ પોતાને પોતાના શીલથી ભ્રષ્ટ કરનાર ઈશાનચંદ્રની આજ્ઞાને લોપવાની તાકાત નહોતી. આ વિદ્યાસિદ્ધ પુરૂષ બળાત્કારથી મારી મોટી બેન ચંદ્રકાન્તાની સાથે વિષય પ્રસંગ કરે છે. આ ઈશાનચંદ્ર કેટલાક દિવસો સુધી તો જલંધર નગરમાં રહ્યો અને જલંધર નગરમાં જ્યાં સુધી આ રહ્યો ત્યાં સુધી આણે સ્વચ્છંદપણે વિવિધ દિવ્ય ક્રીડાઓ કર્યા કરી. પણ તે પછીથી અસ્થિર મનનો પ્રસાર જેનો છે એવો આ ઈશાનચંદ્ર અજાણપણેજ જલંધર નગરથી

નીકળી ગયો. ત્યારબાદ આણે આટલા કાળ સુધી કયાંક પણ પરિભ્રમણ કર્યા કર્યું. આ વખતે તો એવું બન્યું છે કે હું અને મારી બેન પણ દિવ્ય વિમાન ઊપર આરૂઢ થઈને શ્રીપર્વત તરફ જવાને માટે જેવી ઘરમાંથી નીકળી કે તરત જ બળ છે ઘણું જેને એવા આ ઇશાનચંદ્રે પોતાની આકૃષ્ટિ શક્તિ વડે કરીને અહીં આકર્ષી આણી, આમ અહિં આવી ગયા પછીથી તો આ જેમ કરવાનું કહે તેમ અમે કરીએ છીએ. સાચી વાત છે કે બળવાન એવા ચોરના બોજને કાંધે વહેવો પડે છે ! ચન્દ્રલેખાના મુખેથી કહેવાએલી આટલી હકીકતને સાંભળીને ગોભદ્ર વિચારવા લાગ્યો કે અહો રાક્ષસોના પણ રાક્ષસો પ્રતિ-શત્રુઓ હોય છે ખરા–વાત એ છે કે ચન્દ્રલેખા તેની મોટી બેન ચંદ્રકાન્તાની સાથે દિવ્ય વિમાનમાં આરૂઢ થઈને શ્રી પર્વત પ્રત્યે જવાને જે નીકળી હતી તેનું કારણ એ હતું કે તેમને સ્વયંપ્રભા નામની મહાવિદ્યાને સાધવી હતી. એ મહા વિદ્યાની સાધનાના વિધિનો પણ તેમણે આરંભ કરી દીધો હતો. તેમાં બ્રહ્મચર્યનું પાલન આવશ્યક હતું અને હવે તો માત્ર સાત રાત્રિઓ સુધી જ બ્રહ્મચર્યનો ભંગ થાય નહિ. તો એ મહાવિદ્યા સધાય તેમ હતું અને એ મહાવિદ્યા સધાયેથી આ લોકોને ચિન્તિત અર્થની પ્રાપ્તિ થઇ જતી હતી. વિદ્યા-સિદ્ધપુરૂષે આજે ચંદ્રકાંતાના બ્રહ્મચર્યનો ભંગ તો કરી દીધો હતો એટલે ચન્દ્રકાન્તાએ આરંભેલી સાધના તો ગઇ જ હતી પરંતુ ગોભદ્રે ચન્દ્રલેખાના બ્રહ્મચર્યનો ભંગ કર્યો નહિ એટલા માત્રથી સ્વયંપ્રભા નામની મહાવિદ્યાને સાધવાનો

ચન્દ્રલેખાનો વિધિ પરિપૂર્ણ રહેવા પામ્યો હતો. ચન્દ્રલેખાએ ગોભદ્રને કહ્યું કે અહો મહાશય ! હવે મારે તમને એટલું જ કહેવાનું છે કે જો વિદ્યાસિદ્ધે આ પ્રસ્તાવમાં મારી બેન બેનને ચંદ્રકાન્તાના બ્રહ્મચર્યનો ભંગ કર્યો હોત નહિ, તો મારી બેનને સ્વયંપ્રભા નામની મહાવિદ્યા સધાઇ જવા પામી હોત ! પરન્તુ તમે મારા શીલનું ખંડન કર્યું નહિ એથી એ મહાવિદ્યાની જે વિધિ તે અદ્યાપિ પરિપૂર્ણ વર્તે છે અને માત્ર સાત રાત્રિઓમાં તો મને મારા વાંછિતાર્થની સુંદર પ્રાપ્તિ થઇ જશે. ચન્દ્રલેખાએ બે હાથ જોડીને ગોભદ્રને પ્રેમપૂર્વક એમ કહ્યું કે આપના પ્રત્યેની ભક્તિથી પરવશ બનેલું મારું મન આપને કાંઈક વિનંતિ કરવાને ઇચ્છી રહ્યું છે ત્યારે તરત જ ગોભદ્રે એના ઉત્તરમાં તેણીને કહ્યું કે ભદ્રે ! શા માટે તું આમ સંક્ષોભને વહી રહી છો ! તારા મનમાં મને જે કાંઈ પણ કહેવાની ઇચ્છા હોય તે તું મને તારા મનમાં કશી જ શંકા રાખ્યા વિના કહે ! હવે તો ગોભદ્ર પણ સમજી ગયેલ છે કે આ કોઇ અનુચિત વિનંતિ કરવાની જ નથી. ચંદ્રલેખાએ ગોભદ્રને વિનંતિ સાથે કહ્યું કે હવે આપ અમારે આંગણે અવશ્ય પધારશો. હવે અત્યારે તો આ બન્ને છૂટા પડવાની તૈયારીમાં છે. હવે રાત્રિના અંત ભાગમાં અરૂણોદય થએલો જોઈને વિદ્યાસિદ્ધે ગોભદ્રને બૂમ મારી અને કહ્યું કે, રાત્રિ ઘણા પ્રભાતવાળી થઈ ગઇ છે માટે તું તૈયાર થઇ જા એટલે આપણે ચાલવા માંડીએ. ગોભદ્રે તરત જ કહ્યું કે આ હું તો તૈયાર જ છું. આટલી વાત થતાં ચન્દ્રલેખા પણ ગોભદ્રની પાસેથી વિદાય માંગીને

પોતાની બેન ચન્દ્રાકાન્તા પાસે ગઈ. ચન્દ્રલેખા ચન્દ્રકાન્તાની પાસે આવી પહોંચી એટલે વિદ્યાસિદ્ધ પુરૂષે પણ બન્નેયને તેમના વિમાન સહિત ત્યાંથી રવાના કરી દીધી અને તે પછીથી વિદ્યાસિદ્ધે પોતે ચાલવા માંડયું. તેની પૂંઠે પૂંઠે ગોભદ્રે ચાલવા માંડયું. રસ્તામાં વિદ્યાસિદ્ધે ગોભદ્રને પૂછયું કે ભદ્ર ! રાત્રિએ મેં તારી સમીપે એક તરૂણીને મોકલી હતી તો તેણીએ તારી કાંઇ સેવા શુશ્રૂષા કરી કે નહિ ! વિદ્યાસિદ્ધના આ પ્રશ્નનો ગોભદ્રે ટુંકામાં જવાબ આપ્યો કે આર્ય ! આપે મોકલેલી તરૂણીએ મારી પાસે આવીને મારી ઘણી જ સેવા શુશ્રૂષા કરી, આવું કહ્યા પછી તરત જ ગોભદ્રે એમ પણ કહ્યું કે મેં કેવલ વારાણસી તીર્થના દર્શનને અર્થે અબ્રહ્મનો નિયમ કરેલો છે; ગોભદ્રના કથનને સાંભળતાની સાથે જ વિદ્યાસિદ્ધે કહ્યું કે ભદ્ર ! મારે પણ એવો નિયમ છે કે વારાણસી તીર્થના દર્શનને પગે કરીને જ જવું પરંતુ બ્રહ્મચર્યનું પાલન કરવા રૂપ નિયમ મારે નથી, તારા અભિપ્રાયને જો હું જાણતો હોત તો હું પણ બ્રહ્મચર્યનું પાલન કરત. કારણ કે, બ્રહ્મચર્યનું પાલન કરવાથી તીર્થનું જે દર્શન તે સફળ થાય છે. કહો કે એટલા બધા અનાચારને સેવનારા એવા પણ વિદ્યાસિદ્ધમાં સરળતા કેટલી બધી છે ? આવા જીવોને જો સુયોગ મળી જાય તો આવા જીવો સાધ્યને પામી શકે. બહુ સહેલાઈથી આમ ચાલતે ચાલતે તે બંને જણ ક્રમે કરીને કેટલાક દિવસોને અંતે વારાણસીએ પહોંચી ગયા. વારાણસીએ પહોંચી જતાની સાથે જ એ બંનેએ મુખશુદ્ધિ કરી લીધી. પોતાના હાથ-પગ ધોઈને

બંનેય જણા સુરમંદિરોએ ગયા. ત્યાં સ્કંદ-મુકુંદ અને રૂદ્ર આદિ દેવતાઓને દીઠા અને એ દેવતાઓની તેમણે પૂજા કરી. આ રીતિએ અત્યાત્ય મંદિરનું અવલોકન કરતે કરતે જ્યાં સન્ધ્યા સમય થવા પામ્યો એટલે વિદ્યાસિદ્ધે ગોભદ્રને કહ્યું કે ભદ્ર ! આપણે ગંગા કિનારે જઈએ અને ત્યાં જઇ ગંગા નદીમાં સ્નાન કરીને આપણે આપણા આત્માને પાપ રહિત બનાવીએ. ગોભદ્રે તરત જ સમ્મતિ દર્શાવી, વિદ્યાસિદ્ધ અને ગોભદ્ર બન્ને જણા ગંગા કિનારે આવી પહોંચ્યાં. ગંગા તટે આવી પહોચ્યાં પછીથી તરત જ વિદ્યાસિદ્ધ પુરૂષે ગંગા નદીના જળમાં પેસવાની તૈયારી કરવા માંડી. એ વખતે આવી પડનારી આફતની કલ્પના કર્યા વિના અને વસ્તુના પરમાર્થનો વિચાર કર્યા વિના જ, વિદ્યાસિદ્ધ પુરૂષે અતિ રભસપણાથી પોતાના હાથે દેવી કાત્યાયનીએ જે રક્ષાવલય બાંધેલું હતું તે દિવ્ય રક્ષાવલયને ઉતારીને ગોભદ્રને સોંપ્યું, અને ગોભદ્રને તેણે કહ્યું કે-હું અહીં ભાગીરથીના જળની મધ્યે એક મુહૂર્ત માત્ર પ્રાણાયામ કરૂ છું. તો હું પ્રાણાયામ કરી લઉં ત્યાં સુધીને માટે તું આ રક્ષાવલયને બરાબર જાળવજે. ગોભદ્રે કહ્યું કે ભલે એમ કરીશ અને એમ કહીને ગોભદ્ર રક્ષાવલયને લઇને બેઠો એટલે વિદ્યાસિદ્ધ પુરૂષ પણ ગંગાના પાણીની મધ્યે પેઠો. ગંગાના પાણીમાં વિદ્યાસિદ્ધ પુરૂષ એટલો ઊંડો પેઠો કે-આ ચર્મચક્ષુઓથી જોનાર કોઇથી પણ એને દેખી શકાય નહિ. આ દિવ્ય રક્ષાવલય એ શું ચીજ છે અને આનો પ્રભાવ કેટલો મોટો છે. એ તો હવે ગોભદ્રથી અજાણ્યું નથી ! આવી

ચીજ હાથમાં આવ્યા પછી ભાગી છુટવું હોય તો કોઇ અટકાવી શકે તેમ નથી. સર્વ સમીહિતોને સાધી આપનારૂં આ રક્ષાવલય છે. એટલે જ્યાં સુધી મારી પાસે આ રક્ષાવલય છે ત્યાં સુધી તો ખૂદ વિદ્યાસિદ્ધ પણ મારી પૂંઠે પડી ને ય મારૂં કયું ભુંડું કરી શકવાનો હતો ? આવો વિચાર આવવાને અવકાશ છે ને ? પણ ગોભદ્રને આવો કોઇ વિચાર આવતો નથી. એમાં ગોભદ્રનો કોઇ ગુણ કારણ રૂપ છે એમ તમને લાગે છે ? આવી તક જો આપણને મળી ગઇ હોય તો આપણું મન કેવું બને ? એ દૃષ્ટિએ તમે આ વાત વિચારી જુઓ ! વિદ્યાસિદ્ધ પુરૂષને ગંગાના પાણીમાં ઉતર્યા ને એક મુહૂર્ત જેટલો વખત થઈ ગયો ત્યાં સુધી તો ગોભદ્ર નિશ્ચિન્ત પણે ત્યાં ને ત્યાં બેસી રહ્યો પરન્તુ એક મુહૂર્ત જેટલો સમય વીતી જવા છતાં પણ જ્યારે વિદ્યાસિદ્ધ પુરૂષ દેખાયો નહિ ત્યારે ગોભદ્રનું મન શંકિત બનવા માંડયું. આથી સંભ્રાન્તભરી આંખે તે અહીં તહીં એમ બધે ય જોવા લાગ્યો. એટલામાં તો સૂર્યનો અસ્ત થવાની તૈયારી થઇ ગઇ. આ જોઈને ગોભદ્રને થયું કે રાત પડી જાય અને અંધકાર પ્રસરી જાય તે પહેલા પહેલા જ મારે આ નદીમાં વિદ્યાસિદ્ધ પુરૂષની શોધ કરાવી લેવી જોઈએ. આથી તરત જ ગોભદ્રે નદીના તરવૈયાઓને વિનંતિ કરતાં કહ્યું કે ભદ્રો ! અત્યન્ત રૂપવાળો એવો એક શ્રેષ્ઠ પુરૂષ આ ગંગા તીર્થમાં પેઠો છે. પછી મગર વગેરે દુષ્ટ સત્ત્વોએ તેને ફાડી ખાધો છે કે પછી વિષમ એવા કાદવમાં તે લપટાઈ ગયો છે. એ જે બન્યું હોય તે ખરૂં. એ શ્રેષ્ઠ પુરૂષના

વિરહથી વ્યાકુલ બની ગયેલા મારા જીવિત ઉપર અનુકંપા કરીને તમે આ નદીમાં પેસો અને તે મહાભાગને બહાર કાઢી લાવો, ગોભદ્ર આ પ્રમાણે કહી રહ્યો એટલે કરૂણાથી પરવશ કરાયેલા હૈયાએ કરીને બધા જ તારકો દોડતા દોડતા જઈ ને ગંગા નદીમાં પેઠા અને સઘળાય જળ પ્રવાહોનું અવગાહન કરવા માંડયું. પોતાના બધા ઉત્સાહથી પોતાની ભુજાઓને બધે પ્રસારીને તેઓએ તે તે સ્થાનોએ છેક તળિયા સુધી પાણીને આળોટી જોયું. પરન્તુ કયાંય પણ તેમને વિદ્યાપુરૂષનો પત્તો લાગ્યો નહિ. એટલે એ તારકો પાણીની બહાર નીકળી આવ્યા અને ગોભદ્રને વિદ્યાસિદ્ધ પુરૂષનો પત્તો નહિ લાગવાની હકીકત જણાવી. આ હકીકત સાંભળતાં ગોભદ્રને જાણે કે કોઈ એ તેને ગાઢ મુદ્ગરથી અભિહત કર્યો હોય એવી પીડા થઈ.

દુસ્સહ એવા શોકના આવેગથી ગોભદ્ર વિહ્વલ શરીરવાળો બની ગયો. શોકને લઈ ને આવા આવા વિચારો કરતાં ગોભદ્રનો શોકનો આવેગ તે વધી જવા પામ્યો. વિદ્યાસિદ્ધનો પત્તો નહિ લાગવાથી ગોભદ્ર એટલો બધો હતાશ થઈ ગયો છે અને શોકાકુળ બની ગયો છે કે એને હવે મરણ એજ શરણ છે એમ લાગે છે. આવા પ્રકારના વિચાર કરીને ગોભદ્ર મુકતકંઠે રડવા લાગ્યો. પોકે પોકે રડતો ગોભદ્ર ઘણો વિલાપ કરતો કરતો બોલી રહ્યો છે. આ વિદ્યાસિદ્ધ પુરૂષના વિરહરૂપી જે અગ્નિ મારા અંતરમાં ભભૂકી રહ્યો છે તેને શાંત કરવાનો એક માત્ર ઉપાય એજ છે કે મારે

પણ આ જ ગંગા નદીમાં પડતું મુકવું. અને ડુબી મરવું. આમ નિર્ણય કરીને ગોભદ્રે પોતાના વસ્ત્રને પોતાના શરીરે મજબૂતપણે બાંધી લીધું. પછી ગંગાનદીની સન્મુખ ઉભા રહીને અને પોતાના બન્નેય હાથોને જોડીને ગોભદ્રે ગંગા નદીને ઉદ્દેશીને પોતાની ધારણાને અનુસરતી વિનંતિ કરવા માંડી, હે દેવી, સુરસરિતે ! મારા પરમ બાન્ધવ વિદ્યાસિદ્ધને તેં જ અપહરી લીધો છે. એ કારણે તેને અનુસરવાની ઇચ્છા-વાળો હું પણ હવે તારા પાણીમાં પડતું મુકું છું; કારણ કે અગ્નિથી દાઝેલાઓને માટે અગ્નિ એ જ ઔષધ છે એવો વૃદ્ધવાદ છે.

ગોભદ્રે તો ગંગા નદીને જે કહેવાનું હતું તે કહી દીધું, અને તે પછી જેવો તે ગંગાના ઊંચા કાંઠા ઉપરથી ઝંપાપાત કરવાને જાય છે. ત્યાં જ નજદીકમાં રહેલા કોઇ એક નાસ્તિકવાદીએ ગોભદ્રને પકડી લીધો. ગોભદ્રને પકડીને પેલો નાસ્તિકવાદી પૂછે છે કે અરે ભોળા ! શું છે ? કે તું અહીં પડતું મૂકે છે. પેલાએ પૂછ્યું એટલે ગોભદ્ર જવાબ દેવાને થોભ્યો. ગોભદ્ર જીવતો રહી જવાનો હતો એટલે અવસરે આવું બની આવ્યું. હવે ગોભદ્ર પોતે પોતાના ગામથી વારાણસી આવવાને નીકળ્યો ત્યાંથી માંડીને જેટલી હકીકત બની હતી તે બધી પેલાને કહી સંભળાવી. બાદ ગોભદ્રે કહ્યું કે એ વિદ્યાસિદ્ધ પુરૂષનું દર્શન કરવાની ઇચ્છાથી જ હું અહીં પડતું મૂકવાને તૈયાર થઇ ગયો છું. આના જવાબમાં પેલા નાસ્તિકવાદીએ જે કહ્યું તેમાં સમજવા જેવું છે. નાસ્તિક-

વાદી જનો ધર્મમાં જ માનતા નથી છતાં પણ નાસ્તિકવાદી ગોભદ્રને પહેલું તો એ કહે છે કે મૂઢ! આ નદીમાં પડવાથી પ્રિયનો સમાગમ થઈ જાય છે. અથવા તો વ્યાધિઓનો વિગમ થઇ જાય છે. અથવા તો પાપનો નાશ થઈ જાય છે આવું વળી તને કોણે કહ્યું? ઘણા મિથ્યાદૃષ્ટિઓ એવું માને છે કે ગંગાનદીમાં સ્નાન કરવાથી પાપી છૂટી જાય છે. ગમે તેવા પાપ કર્યા હોય, પણ ગંગા નદીમાં ન્હાયા એટલે ખલાસ! બધા પાપો ધોવાઇ જાય છે. વળી કેટલાક મિથ્યાદૃષ્ટિઓ એવું માને છે કે ગંગાનદીમાં નાહી લેવાથી વ્યાધિઓ નામૂદ થઇ જાય છે, જ્યારે કેટલાક એવું માને છે કે મૃત્યુ પામેલા આપણા પ્રિયજનને જો આપણે મળવું હોય, તેની પાસે જવું હોય તો આપણે આ ગંગા નદીમાં પડતું મૂકવું. આવી આવી માન્યતાઓને લઈને ગંગાનદીમાં સ્નાન કરવા માટે કોણ આવે! મોટે ભાગે તો પાપી–અથવા રોગી અથવા પ્રિયના વિરહને સહવાને અસમર્થ બનેલો. આપણામાંનો તો કોઈ જ આવી તદ્દન અજ્ઞાનપૂર્ણ માન્યતા નહિ ધરાવતો હોય. એટલે આ વિષયમાં વધુ કાંઈ કહેવાની જરૂર નથી. નાસ્તિકવાદીઓ ગોભદ્રને કહે છે. આ નદીમાં જન્મીને માછલીઓએ કયું ઇચ્છિત પ્રાપ્ત કર્યું? માટે તું વિષાદને મૂકી દે. મરણના અભિલાષને તજી દે અને તારે જે કરણીય છે તે તું કર, તેં જેવો કહ્યો તેવો માણસ તો યમના મોઢામાં પેઠો થકો મરે નહિ. હવે જો કદાચ માણસ મર્યો હોય તો તેનું મુડદું પાણી ઉપર પોતાની મેળે જ આવી જાય! પણ મુડદું પાણી ઉપર આવ્યું નથી એટલે નક્કી થાય છે કે–એ મર્યો તો નથી.

જ ! આથી તું વ્યાકુળપણાને તજી દે અને વિલાપને પણ તજી દે. નાસ્તિકવાદી જ્યાં આટલું કહી રહ્યો એટલામાં તો બન્યું એવું કે ત્યાં ગંધહસ્તિનો હર્ષારવ સંભળાયો. મંગળવાદ્ય વાગતું સાંભળવામાં આવ્યું. આવા પ્રકારનો અવાજ અચાનક સાંભળવામાં આવતાં નાસ્તિકવાદીએ ગોભદ્રને કહ્યું કે આવા પ્રકારના નિમિત્તોથી સુચિત થાય છે કે એ વિદ્યાસિદ્ધ હજી પણ જીવે છે. એના જવાબમાં ગોભદ્રે કહ્યું તારા વચન સામર્થ્યથી એમ થાઓ ! ગોભદ્રે પોતાના મનમાં નક્કી કરી લીધું કે, હવે આમ મરવું તો નહિ જ ! આવો વિચાર કરીને ગંગાનદીના કિનારેથી નીકળીને જલંધર નગર તરફ ચાલવા માંડ્યું. ગોભદ્રને પોતાના ઘરનો વિચાર તો લગભગ વિસારે જ પડી ગયેલો લાગે છે ને ? ગોભદ્રના મનમાં જો પોતાના ઘરનો વિચાર પ્રધાનતા ભોગવતો હોત તો શું કરત ? પોતે એકલો પડી ગયો એટલે વારાણસીમાંથી જે કાંઈ મળી જાત તે લઈને પોતાને ઘરે જ પહોંચી જાત ને ! ગોભદ્રને પોતાનું ઘર વીસરાઈ ગયું અને જલંધર નગર જવાનું મન થયું તેમાં પણ વિદ્યાસિદ્ધની પુણ્યાઈ કહેવાય.

વિદ્યાસિદ્ધ મુશ્કેલીમાં છે તથા ગોભદ્રના જવા પછી રક્ષાવલયના પ્રતાપે મુશ્કેલી નીકળી જશે; ગોભદ્ર, જલંધર નગરની દિશાએ વેગવાળી ગતિએ ચાલી રહ્યો છે. ચાલતે ચાલતે મધ્યાહ્નનો સમય થયો એટલે ભૂખ તો લાગે ને ! ગોભદ્ર વિચારે છે કે મહાપ્રભાવવાળું આ રક્ષાવલય પણ તેનું તે જ છે

અને સમય પણ તેનો તે જ છે પણ એની વિધિ હું જાણતો ન હોવાને કારણે રક્ષાવલય મારી પાસે હોય તો શું અને ન હોય તો શું ? આ રીતિએ ચિત્તમાં વિચાર કરતો કરતો ગોભદ્ર જાલંધર નગર પહોંચી જઈને, ગોભદ્રે ચંદ્રકાન્તાના ઘરની શોધ કરવા માંડી. જાલંધર નગરના રહીશોને પૂછતે પૂછતે ગોભદ્ર ચંદ્રકાન્તાના ઘરે પહોંચી પણ ગયો પરંતુ ચંદ્રકાન્તાના ઘરને ગોભદ્રે શૂન્ય પ્રાય ભાળ્યું આથી ગોભદ્રે ગૃહરક્ષિકાને પૂછયું. અહીં કોઇ કેમ દેખાતું નથી ? ગૃહરક્ષિકા બહેરી હતી. તેણે કાંઈ સાંભળ્યું નહિ, પણ કાને હાથ દીધા એટલે ગોભદ્ર પણ સમજી ગયો કે આ બહેરી છે. આથી ગોભદ્ર મોટા અવાજે બોલ્યો. ગોભદ્ર મોટા અવાજે બોલ્યો એનું પરિણામ એ આવ્યું કે તેના શબ્દને પાસેના ઘરમાં રહેલા ઈશાનચંદ્ર નામના વિદ્યાસિદ્ધે સાંભળ્યો. વિદ્યાસિદ્ધ અહિં આવ્યો નથી પણ અહીં તેને પકડી લાવવામાં આવ્યો છે. આ અવાજ ગોભદ્રનો છે જ એ નક્કી કરીને વિદ્યાસિદ્ધ પુરૂષે સામે અવાજ આપ્યો કે—ગોભદ્ર તું આ તરફ આવ. હું અહીં રહું છું. વિદ્યાસિદ્ધ પુરૂષનું આ વચન કાને પડતાંની સાથે જ ગોભદ્ર એકદમ સંભ્રમમાં પડી ગયો. શંકામાં પડી ગયેલ ગોભદ્ર જે તરફથી વિદ્યાસિદ્ધનો અવાજ આવ્યો તે તરફ થોડું ક ચાલ્યો ત્યાં તો તેણે વિદ્યાસિદ્ધને જોયો. એ વખતે વિદ્યાસિદ્ધ કેવી હાલતમાં હતો ? એના શરીરને અનેક દોરડાથી એટલું બધું કસીને બાંધી દેવામાં આવેલું હતું કે એના પગ પ્રસારવાને પણ એ શક્તિમાન નીવડે નહી. ઈશાનચન્દ્ર વિદ્યાસિદ્ધને બન્ધનગ્રસ્ત જોઈને ગોભદ્ર એવી ભયભરી વિચાર પરાંપરામાં પડી ગયો. અને

મરણના ભયથી તેનું શરીર કંપી રહ્યું હતું. ગોભદ્રની આ ભયપૂર્ણ મનોદશાને વિદ્યાસિદ્ધે પારખી લીધી. અને કહ્યું કે ગોભદ્ર ભદ્ર! તું વિભ્રમ શા માટે કરે છે? તને ભય જેવું કાંઈ જ અહીં નથી. જે રક્ષાવલય મેં તને આપ્યું હતું તે રક્ષાવલય તું મારા બાહુમૂળમાં બાંધી દે. ગોભદ્રે પણ જેવી આપની આજ્ઞા. એમ કહીને પોતાની પાસે રક્ષાવલય હતું તે વિદ્યાસિદ્ધ પુરૂષના બાહુએ બાંધી દીધું. વિદ્યાસિદ્ધના બાહુએ રક્ષાવલય બંધાતાની સાથે જ તેના શરીર ઉપર જ બન્ધનો બંધાએલા હતાં તે સર્વબન્ધનો તડ તડ કરતાં તૂટી ગયા. એથી વિદ્યાસિદ્ધનું શરીર તે પુનઃ પહેલાંની જેમ સ્ફુર્તિવાળું બની ગયું. હવે ગોભદ્ર વિદ્યાસિદ્ધને પૂછે છે કે આર્ય! આ બધુ શું બની જવા પામ્યું? ક્યાં નદીમાં નહાવાને પડવું અને ક્યાં અહીં આવી પહોંચવું! તેના જવાબમાં વિદ્યાસિદ્ધ ગોભદ્રને કહે છે કે આપણે ગંગા નદીને કાંઠે પહોંચ્યા ત્યારે આ રક્ષાવલયને મેં તને સુપ્રત કર્યું! આમ આ રક્ષાવલય હાથેથી કાઢીને હું ગંગાના જળમાં પેઠો તેનું જ ફળ છે. આ રક્ષાવલયના બળે અત્યાર સુધીમાં કુકર્મોને આચરવા દ્વારા પોતે પોતાના કેવા સમર્થ દુશ્મનોને પેદા કર્યા છે. મેં મારી સ્વેચ્છાચારી વૃત્તિને આધીન બનીને મહા સ્વચ્છન્દને આચર્યો. અને સમર્થ દુશ્મન પેદા કર્યા હતાં. ગંગાનદીના જલમાં પ્રવેશ કરીને જેટલામાં હું ત્યાં મુહૂર્ત માત્ર પ્રાણાયામ કરીને રહ્યો એટલામાં અચાનક મારૂં શરીર અત્યંત નિર્બળપણાને પામ્યાનું જાણી લઈને આ ઘરની સ્વામિની કે જે ચન્દ્રલેખા નામની જોગિણી, તેણીએ મારા

પ્રત્યેના પૂર્વના વેરનાં બંધને લઇને મને ઉપાડી લીધો અને મને અહીં લઇ આવીને એ જોગિણીએ મને બેડીઓથી સખ્ત રીતિએ જકડી લીધો. ગોભદ્ર ચન્દ્રલેખાને તો સારી રીતિએ પિછાનતો હતો, ચંદ્રલેખાને માં જણી બેન તરીકે અને ચંદ્રલેખાએ તો માં જણ્યા ભાઇ તરીકે સ્વીકારી લીધો હતો. ગોભદ્રે વિદ્યાસિદ્ધને પૂછ્યું. આર્ય! આ ચંદ્રલેખાની સાથે આપને વળી કયા કારણે વેરનો બંધ થયો છે. ગોભદ્રના આવા પ્રશ્નના જવાબમાં વિદ્યાસિદ્ધ કહે છે કે ચન્દ્રકાન્તા નામની આની જે મોટી બેન છે તે વખતે વિમાનમાં આરૂઢ થઈને આવી હતી ત્યારે તેણીની સાથે મેં બળાત્કારે વિષયભોગ કર્યો હતો. ચંદ્રલેખાના વેરાનુબંધના કારણને ગોભદ્રે જાણી લીધું. એ ઉપરથી ગોભદ્રને લાગ્યું કે હાલ આ વાત લંબાવવા જેવી નથી. બંધનગ્રહમાંથી છુટા થવાનું નિમિત્ત ગોભદ્રા થયો. જો આ વખતે ગોભદ્ર ન આવત તો વિદ્યાસિદ્ધની સ્થિતિ ભયંકર થઇ જવાની હતી. એટલે વિદ્યાસિદ્ધને ગોભદ્ર માટે માન થયું. જેના કારણે તેણે કીધું કે તને જે પ્રિય હોય તે તું મારી પાસેથી માંગી લે! પરન્તુ ગોભદ્રે કાંઇ માંગ્યું નહીં. ગોભદ્રે કાંઇપણ નહીં માંગતાં મિત્ર મળ્યા સંબંધીજ વાત કરી એટલે વિદ્યાસિદ્ધ કહે છે કે આ સંકથાએ કરીને સર્યું. ! તું યથેચ્છ વરને માગી લે. વિદ્યાસિદ્ધે આટલો આગ્રહ કર્યો ત્યારે પણ ગોભદ્ર એજ કહે છે કે આપની મોટી કૃપા. પ્રસંગે હું માગી લઇશ. વિદ્યાસિદ્ધ અને ગોભદ્ર વચ્ચે આવા પ્રકારે વાતચીત ચાલતી હતી એટલામાં તો ચન્દ્રલેખા અને ચન્દ્રકાન્તા ત્યાં

એ મકાનમાં આવી પહોંચી. એ બન્ને આવી તે, અજાણી નથી આવી પણ વાજતે ગાજતે આવી હોય તેમ આવી છે. ડમરૂના ડમડમ એવા અવાજથી ભુવનના અન્તરાળને ભરી દેતી થકી અને પોતાના અંગે ધારણ કરેલા શ્રેષ્ઠ કોટિના આભૂષણોમાંથી પ્રગટ થઈને વિસ્તાર પામતાં કિરણોના પ્રકાશથી ગગનાંગણને પ્રકાશમય કરી દેતી થકી તે બન્નેય એનો દિવ્ય વિમાનમાં આરૂઢ થઇ થકી પોતાને મકાને આવી પહોંચી છે. આથી ગોભદ્રને તેમજ વિદ્યાસિદ્ધને પણ અખર પડી ગઇ કે ચન્દ્રલેખા અને ચન્દ્રકાન્તા આવી પહોંચી. ચન્દ્રલેખા અને ચન્દ્રકાન્તાને આવેલી જાણીને ગોભદ્રે વિદ્યાસિદ્ધને પૂછ્યું કે આપ હવે આમની સાથે કેવા પ્રકારનો વર્તાવ કરશો ? ગોભદ્રે પૂછેલા પ્રશ્નના જવાબમાં વિદ્યાસિદ્ધે એજ વાત કરી કે શત્રુઓની સાથે જેવા પ્રકારનો વર્તાવ કરાય તેવા જ પ્રકારનો વર્તાવ હવે હું એમની સાથે કરીશ. ગોભદ્ર જેવા માણસથી આ અમાપ ? ગોભદ્રને ખ્યાલ તો હતો જ કે વિદ્યાસિદ્ધ તરફથી આવા પ્રકારનો જવાબ મલશે. પરન્તુ ગોભદ્ર વિદ્યાસિદ્ધના મનમાંથી એ ભાવ નીકળી જાય એવું ઇચ્છતો હતો અને એ ભાવને કાઢી નાખવાનું કહેવાને નિમિત્ત તો જોઇએ ને ? વિદ્યાસિદ્ધે આ પ્રકારનો જવાબ દીધો એટલે ગોભદ્રને જોઇતું નિમિત્ત મળી ગયું, એથી ગોભદ્રે તરતજ વિદ્યાસિદ્ધને કહ્યું કે આર્ય ! આપ એવું બોલો નહિ કારણ કે વૈરપરંપરા એ તો વિષની જે વેલડી એના જેવી છે. વિષની વેલડી વધે એથી જેમ કોઇનું કલ્યાણ થતું નથી તેમ વૈરની પરંપરા વધે એથી પણ કોઇનું

કલ્યાણ થતું નથી. ગોભદ્રે આ વાત તો કહી પણ આ વાત વિદ્યાસિદ્ધને તત્કાળ રૂચિકર બની નહી. એ માને છે કે જે જેવો હોય તેની સાથે તેવા થવું જોઇએ. વિદ્યાસિદ્ધે આવા પ્રકારનો જવાબ આપ્યો એટલે ગોભદ્ર સમજી ગયો કે હમણાં વધુ કહેવા જેવું નથી. ગોભદ્ર વિદ્યાસિદ્ધને કહે છે કે બરેબર વ્યવહાર તો જેવો આપે કહ્યો તેવો જ છે. પરંતુ મારા વચનના ઉપરોધે કરીને હાલ તો આપે આ વિષયમાં ઉદાસીનપણાને ધારણ કરીને રહેવું. તે વખતે પણ વિદ્યાસિદ્ધે ગોભદ્રના કથનને માન્ય કરી લીધું અને કહી દીધું કે તું જે જાણે છે તે બરૂં અર્થાત્ તને જે એમ કરવું એ ઠીક લાગે છે તો તારા વચન ખાતર હું એમ કરીશ. વિદ્યાસિદ્ધે ગોભદ્રના વચનને એવી રીતિએ સ્વીકારી લીધું કે ગોભદ્રને પણ એમ થઇ ગયું કે હવે ચિન્તા રાખવા જેવું કાંઇ છે નહિ. તેમ ભવિષ્યમાં પણ આને હું અવશ્ય ઉપશમના અને અનાચાર ત્યાગના માર્ગે સ્થાપી શકીશ, હવે એ સ્થળે જરા પણ સમય ગુમાવવા જેવો ન હોતો એટલે ગોભદ્ર તરત જ ત્યાંથી પાછો ફર્યો અને કોઇના જાણવામાં આવે નહિ એવી કુશળતાથી તે ચન્દ્રલેખાના સદનની બહાર નીકળી ગયો, ગોભદ્ર થોડેક સુધી જઇને ફરી પાછો ચન્દ્રલેખાના સદન તરફ આવવા લાગ્યો. એ વખતે ચન્દ્રલેખાએ ગોભદ્રને પોતાના સદન તરફ આવતો દીઠો અને એથી તેણી આવતા ગોભદ્રને એકદમ ભેટી પડી. તેને સુખાસને બેસાડયો. પછી હર્ષથી ગોભદ્રને પૂછ્યું કે આર્ય ! આપ અહીં કયાંથી આવ્યા ? અને કેમ કરીને આવ્યા ? આથી

ગોભદ્રે પણ પોતાના જલંધર નગરમાંના આગમન સંબંધીનો વૃત્તાન્ત તેણીને સામાન્ય પ્રકારે કહી સંભળાવ્યો. ગોભદ્રના વૃત્તાન્તને સાંભળી લઇને ચન્દ્રલેખાએ આનંદ વ્યક્ત કરતાં ગોભદ્રને કહ્યું કે આપ જે આ પ્રસ્તાવે આવી પહોંચ્યા એ તો આપે બહુજ સારૂ કર્યું. કારણ કે અત્યારે અમારા સઘળા ય મનોરથો પરિપૂર્ણ થઈ ગયા છે. તરતજ ગોભદ્રે ચન્દ્રલેખાને પૂછયું કે એ વળી શી રીતિએ ? તારા બધા મનોરથો પરિપૂર્ણ થઇ ગયા છે. ચન્દ્રલેખા કહે છે કે તે રાત્રિએ આપે મને બ્રહ્મચર્યના ખંડનથી બચાવી લીધી તેથી સાત રાત્રિઓ પર્યન્ત સારી રીતિએ આરાધના કરવાથી ભગવતી સ્વયંપ્રભા નામની વિદ્યા મને સિદ્ધ થઇ તેમજ ઇશાનચન્દ્ર નામનો પેલો દુષ્ટ વિદ્યાસિદ્ધ હતો તે સર્વ કામુકોના કારણરૂપ રક્ષાવલયથી વિહિન બન્યો થકો ગંગાના જળમાં પેઠેલો મને મત્સ્યની જેમ વિવશ બન્યો થકો પ્રાપ્ત થઇ ગયો. ચન્દ્રલેખા માને છે કે વિદ્યાસિદ્ધને પકડી શકાયો એ પ્રતાપ સ્વયંપ્રભા વિદ્યા સિદ્ધ થઈ એનો છે. એ મુખ્યત્વે ગોભદ્રના સદાચરણનેજ આભારી છે. તે રાત્રિએ ગોભદ્રે જો ચન્દ્રલેખાના બ્રહ્મચર્યનું ખંડન કર્યું હોત તો ચન્દ્રલેખા તેને તેમ કરતાં અટકાવી શકવા જોગી સ્થિતિમાં નહિ હતી. કેમ કે વિદ્યાસિદ્ધની આજ્ઞા હતી અને વિદ્યા-સિદ્ધની આજ્ઞાને અનુસર્યા વિના ચાલે તેમ ન હતું. પરંતુ ગોભદ્રે ચન્દ્રલેખાના બ્રહ્મચર્યને ખંડિત કર્યું નહિ. ચન્દ્ર-લેખાએ જ્યાં વિવશ બની ગયેલો વિદ્યાસિદ્ધ પ્રાપ્ત થયો. એવી વાત કહી એટલે તરત જ ગોભદ્રે અજાણ્યા થઇને

ચન્દ્રલેખાને પૂછ્યું કે અત્યારે તેને કેવી રીતિએ રાખ્યો છે ? ચન્દ્રલેખાએ કહ્યું કે દુષ્ટ એવા ગજવરને જેવા પ્રકારે રખાય તેવા પ્રકારે મેં તેને રાખ્યો છે. અર્થાત્ દૃઢ બન્ધનોથી બાંધી રાખ્યો છે. ગોભદ્રને તો ખબર છે કે વિદ્યાસિદ્ધ અત્યારે તો એ દૃઢ બન્ધનોથી પણ સર્વથા મુક્ત બની ગયો છે. પરંતુ એ હજી ચન્દ્રલેખાના ઇરાદાને જાણવાને ઇચ્છે છે આથી તે પૂછે છે કે તેને તેં શા માટે આ પ્રકારે બન્ધનોમાં બાંધીને રાખી મૂકયો છે ? ચન્દ્રલેખા કહે છે કે કાળીચૌદશના દિવસે ચણિકાનું બલિવિધાન કરવાને માટે અર્થાત્ દેવીને ભોગ આ વિદ્યાસિદ્ધથી દેવાનો છે. મિથ્યાત્વ અને અજ્ઞાનના જોરે જીવો ક્રૂર પરિણામવાળા બની જાય છે. વિદ્યાસિદ્ધનો જીવ લેવો છે. અને દેવીને પ્રસન્ન કરવી છે. દુષ્ટ સ્વભાવના દેવદેવીઓ કદાચ આવા ભોગથી તુષ્ટ પણ થાય તો પણ આવી રીતિએ પ્રાણિવધ કરનારની કયી ગતિ થાય ? એ દેવ–દેવીને ય ઘણા કાળ પર્યન્ત દુર્ગતિઓમાં રઝળવું પડે. બીજી વાત એ પણ છે કે દુષ્ટ સ્વભાવના દેવ–દેવીઓ એવી રીતે એ કદાચ રીઝી પણ જાય પરન્તુ કોઈ સામાન્ય અવગણનાદિ કારણે એમને બીજતાં પણ વાર લાગે નહિ અને જ્યારે બીજે ત્યારે એમણે રીઝીને જેટલું સારૂં કર્યું હોય તેના કરતાં કંઈ ગણું વધારે બરાબ બીજાને કરે એવા દેવ–દેવીઓથી આઘા રહેવું. એવાં દેવ–દેવીઓ દ્વારા કદાચ કોઈ કાર્યસિદ્ધિ પ્રાપ્ત પણ થાય તોય તે આપણા પુણ્યોદયના યોગ વિના તો પ્રાપ્ત થાય નહિ. એટલે આપણું પુણ્ય બપી જાય તે મહા પાપનું ફળ ઘણા

કાળ પર્યન્ત ભોગવવું પડે. ચન્દ્રલેખાએ જ્યારે કાલીચૌદશના દિને વિદ્યાસિદ્ધનો ભોગ દેવાની વાત કરી એટલે ગોભદ્ર સમજી ગયો કે આના હૈયામાં બહુ ભારે રોષ છે. ગોભદ્રને આવો વિચાર આવ્યો એટલે ગોભદ્રે ચન્દ્રલેખાને કહ્યું કે કાલીચૌદશે બલિવિધાન માટે તે વિદ્યાસિદ્ધને બાંધી રાખ્યો છે. તો તું મને એ વિદ્યાસિદ્ધને બતાવ. કારણ કે તેની સાથે મારે થોડાક દિવસનો પરિચય છે. તેને લઈને હું તેને કાંઈક પણ કહેવાને ઇચ્છું છું ? ચાલો મારી સાથે હું તમને બતાવું. આમ કહીને ચન્દ્રલેખાએ ચાલવા માંડ્યું અને તેની પાછળ-પાછળ ગોભદ્રે પણ ચાલવા માંડ્યું. તેઓ બન્ને ઘરની અંદરના ભાગમાં થોડેક સુધી ગયાં ત્યાં તો ચન્દ્રલેખાએ સામે વિદ્યાસિદ્ધને જોયો. વિદ્યાસિદ્ધે પણ ચન્દ્રલેખાને પોતાની તરફ આવતી જોઈ. ચન્દ્રલેખાને આવતી જોતાંની સાથે જ વિદ્યાસિદ્ધના અંતરમાં રહેલો રોષ મુખાકૃતિ ઉપર તો આવી જ જાય ને ? ચન્દ્રલેખાએ વિદ્યાસિદ્ધને જોયો એ વખતે એના બાહુએ રક્ષાવલય બાંધેલું હતું. એના દેહ એવાં પણ બન્ધનો તૂટી ગયેલા હતા. મહાકોપને લઈને એના હોઠ ફફડાટ કરી રહ્યા હતાં. જેને જોતાં જોનારને એ ભયંકર ભાસ્યા વિના રહે નહિ. એ જોઈને ચન્દ્રલેખા ભયાક્રાન્ત બની ગઈ. પહેલાં તો ચન્દ્રલેખા એજ પ્રકારની ચિંતામાં પડી ગઇ કે—અહો આ રાક્ષસને વળી પાછું રક્ષાવલય કેમ કરીને મળી ગયું ? હવે આનું કેવું વિષમ પરિણામ આવશે એથી તેણીના હૈયામાં ભય તો પેદા થઈ ગયો પણ એ છે ચકોર. એ સમજી ગઇ કે મનમાં પેદા

થયેલા ભયને મુખ ઉપર આકાર મલે એમાં સાર નથી. બનવાનું બની ગયું છે. અને હવે તો જેવા પડશે. તેવા દેવાશે. આમ ભયભીત બનવા છતાં પણ ચન્દ્રલેખાએ નિર્ભયના જેવો આકાર ધારણ કરી લીધો અને ગોભદ્રને સાથે લઈને તે વિદ્યાસિદ્ધ સમીપે પહોંચી ગઈ. વિદ્યાસિદ્ધે પણ પોતાના કોપના વિકારને ગોપવી લીધો. અને તેણીને બોલાવતાં કહ્યું કે ભદ્રે ! બેસ. વિદ્યાસિદ્ધે આ રીતિએ બેસવાનું કહેતાંની સાથે જ કાંઈ પણ બોલ્યા વિના ચન્દ્રલેખા આસન ઉપર બેસી ગઈ. પછી કપટભાવથી ઊંચે જોઈને ગોભદ્રને ઉદ્દેશી વિદ્યાસિદ્ધે કહ્યું કે અહો પૂર્વપરિચિત એવો ગોભદ્ર અહીં શાથી દેખાય છે ? ભદ્ર ! તું અહીં આવ ! મારી જેમ તું પણ શું ચન્દ્રલેખાના છળમાં આવી ગયો છે ? કે જેથી મેં તને વારાણસીમાં મૂકેલો હતો. તે છતાં પણ તું અહીં દેખાય છે. વિદ્યાસિદ્ધના મુખમાંથી આ વચનો નીકળતાની સાથે ગોભદ્ર સમજી ગયો કે આ ભાઈબંધ હજી તો ભારે રોષમાં જ તણાઈ રહ્યો છે. બન્નેને કહેવા યોગ્ય કહેવાને માટે ગોભદ્રે પહેલાં તો હાથ જોડ્યાં. અંજલિ કરીને કહેવાની શરૂઆત કરતાં કહે છે. ભગિની ચન્દ્રલેખા અને ગુણાગુણથી સમૃદ્ધ વિદ્યાસિદ્ધ આપ બન્નેમાં એવું કુશળપણું છે કે જેથી મારે આપને કાંઈ પણ કહેવા યોગ્ય છે જ નહિ. તેમ છતાં પણ આપની સાથે મારે અસદૃશ એવા પ્રેમના પ્રબંધ રૂપ સંબંધ બંધાયો છે. એ સંબંધને લઈને હું આપને કાંઈક કહું છું. આપ બન્ને વચ્ચે પરસ્પર કોઈપણ કારણે થોડો ઘણો પણ જે રોષ પ્રગટયો છે તે પરમ વૈરિની જેમ દુઃખને દેનારો છે માટે

આપ બન્નેએ એ રોષ તજી દેવો જોઈએ. કારણ કે અગ્નિ જેમ પહેલા પોતાના સ્થાનને બાળે છે તેમ રોષ પણ વધતો થકો પોતાના સ્થાનને જ બાળે છે. આમ હોઈને આ રોષને અવકાશ પણ કેમ કરીને આપવા યોગ્ય હોઈ શકે? આ રીતિએ ગોભદ્ર એ વાત કહી દે છે કે તમારા બન્નેના હૈયા એક બીજા પ્રત્યેના રોષથી ભરેલા છે અને તમારો એ રોષ સૌથી પહેલું નુકશાન તમને પોતાને જ કરવાનો છે. આમ કહીને ગોભદ્ર વિદ્યાસિદ્ધને અને ચન્દ્રલેખાને એવું સમજાવે છે કે–બહેનબ્હેન તમારે જો ક્રોધ કરવો જ હોય તો તે તમારા પોતાના પ્રત્યે ક્રોધ કરોને? હવે ઉપસંહાર કરતાં ગોભદ્ર ચન્દ્રલેખાને અને વિદ્યાસિદ્ધને કહે છે. આટલું મેં તમને કહ્યું તે કાંઈ ઓછું નથી. હવે વધારે કહેવાની જરૂર નથી. તમને જો મારા વચનને વિષે પ્રતિબંધ હોય તો તમે તમારામાં રહેલા પૂર્વના રોષને તજી દો અને પરસ્પર પ્રણય કરો. એટલે પ્રેમ-ભાવને ધરનારા બનો, ગોભદ્રના આવા કથને વિદ્યાસિદ્ધના અંતઃકરણ ઉપર ભારે અસર કરી. આથી ગોભદ્રે વિદ્યાસિદ્ધને ચન્દ્રલેખાના ચરણે પડવાનું કહ્યું. તરત જ વિદ્યાસિદ્ધ ઊભો થઈ ગયો અને સીધો જ ચન્દ્રલેખાના ચરણોમાં પડી ગયો. મેં તારો જે કાંઈ અપરાધ કર્યો છે, તે મારા અપરાધની તું મને ક્ષમા કર! વિદ્યાસિદ્ધની નમ્રતાએ ચન્દ્રલેખાના હૈયા ઊપર કેવી સુંદર અસર નીપજાવી દીધી? અહીં આ બન્યું એટલામાં તરત જ ચંદ્રલેખાની મોટી બેન ચન્દ્રકાંતા નામની જોગિણી પણ કેટલીક દાસીઓથી પરિવરી થકી ત્યાં આવી પહોંચી. એનું હૈયું

વિસ્મયથી ભરાઈ ગયું હતું. જરાય નવાઈ પામવા જેવું શું છે? ચન્દ્રકાન્તાને આવેલી જોતાંની સાથે જ ગોભદ્રે વિદ્યાસિદ્ધને કહ્યું કે આ સુતનુ ચન્દ્રકાન્તા તે છે કે જેને માટે આ વેર પેદા થવા પામ્યું! એટલા માટે રોષ તજી દઈને તમે આની સાથે વિશેષે કરીને ક્ષમાપના કરો. ગોભદ્રે આ પ્રમાણે કહ્યું એટલે તે વિદ્યાસિદ્ધે પણ તરત જ ચન્દ્રકાન્તાની સાથે પણ સાદર ક્ષમાપના કરી. આ રીતિએ એ બેઉના વેરનો અંત આવી ગયો. પરસ્પરનો કોપાનુબંધ નષ્ટ થઈ ગયો અને તેઓમાં તેઓ એક માતાનાં જણ્યા ભાઈબહેન હોય એવા પ્રકારનો દૃઢ પ્રેમભાવ પ્રગટયો. એ પ્રતાપ કોનો? મુખ્યત્વે ગોભદ્રનો જને? આમ વાતો કરતે કરતે મધ્યાહ્ન થયું એટલે જમવા માટે ચન્દ્રલેખાએ ગોભદ્ર અને વિદ્યાસિદ્ધને ભોજન મંડપમાં ભોજન કરાવ્યું. ભોજન કરી લીધા બાદ વિદ્યાસિદ્ધે ગોભદ્રને વિનંતિ કરી કે હવે પૂર્વે સ્વીકારેલું જે વર છે તેને તું ગ્રહણ કરી લે. કારણ કે હવે હું અહીંથી ચાલી જવાને ઇચ્છું છું! આપણે જાણીએ છીએ કે ગોભદ્રને ધનની જરૂર છે છતાં પણ ગોભદ્ર આવા અવસરે ધનની માગણી કરતો નથી. કોઇ જુદી જ માગણી કરે છે. ગોભદ્ર વિદ્યાસિદ્ધને કહે છે કે—મહાભાગ! તમે ખરેખર જો મારા ઉપર તુષ્ટ થયા હો અને મને વર આપવાને તમે ઇચ્છતા જ હો તો તમે મને એજ વર આપો કે તમે સદાને માટે આ ચન્દ્રલેખા અને ચંદ્રકાન્તાની સાથે પ્રેમભાવ રાખશો! જો તમે આમ કરશો તો હું માનીશ કે તમે મારા સઘળા ય વાંછિતને પૂર્ણ કર્યું. ગોભદ્રે આ પ્રમાણે કહેતાની સાથે જ વિદ્યાસિદ્ધ

ઊભો થઈ ગયો. તેણે પોતાના બન્ને હાથ જોડીને સૌને પ્રણામ કર્યા. વિદ્યાસિદ્ધ જતે જતે જ્યાં સુધી આંખોએથી દેખાયો ત્યાં સુધી તો ગોભદ્રે જોયા કર્યું. આ પછીથી ચંદ્રલેખાને ત્યાં ગોભદ્ર કેટલાક દિવસો પધાર કર્યા. ત્યારબાદ કોઈ એક દિવસે ગોભદ્રે ચંદ્રલેખાને કહ્યું કે મને મારે ઘરેથી નીકળ્યે ઘણા દિવસો થઈ ગયા છે. માટે મને જવાની તમે અનુજ્ઞા આપો ! સગર્ભા એવા તમારા ભાભી અત્યારે ત્યાં કેવા પ્રકારે વસતાં હશે તે તો જાણી શકાતું નથી, ગોભદ્રે આ કહ્યું તે સાંભળી લીધું પણ ગોભદ્રને તરત જ જવાની રજા આપી નહિ. તે પછી કોઈ એક સમયે તેણીએ ગોભદ્રને ઘણાં રત્નો આપવા પૂર્વક ગોભદ્રને વિદાય દીધી અને ગોભદ્ર પણ માર્ગ સ્થાનક કરતો થકો પોતાના સ્થાનરૂપ પોતાના ગામે પહોંચી ગયો, ગોભદ્ર પોતાના ગામે પહોંચ્યો એટલે પોતાની પત્ની શિવભદ્રાને જોવાની ઉત્સુકતાથી પોતાના ઘર તરફ સીધો ચાલ્યો. દૂરથી તેણે તેના ઘર તરફ નજર કરી તો પોતાના ઘરનું દ્વાર ભાંગી ગયેલું દેખાયું. તેણે જોયું કે ઘર પડી ગયું છે. પોતાનું ઘર સ્મશાન જેવું ભયાવહ લાગ્યું. પોતાના ઘરની આવી હાલત થઈ ગયેલી જોઈને ગોભદ્રનું હૈયું ક્ષોભ પામી ગયું ? ઘરની આવી હાલત થઈ તો મારી ધર્મપત્ની શિવભદ્રાનું શું ય થઈ ગયું હશે ? શું બન્યું છે તે જાણવાને માટે ગોભદ્ર એની પાડોશણ બાઈની પાસે ગયો અને એ બાઈને ગોભદ્રે હકીકત પૂછી. એ બાઈએ તેને બેસવાને માટે આસન આપ્યું અને બાઈ એ કહ્યું કે હમણાં તમે ભોજન કરી લો ! ગોભદ્રે ફરીથી પૂછયું

ત્યારે પાડોશણ બાઈએ વિચાર કર્યો, જો અનિષ્ટ કહેવાનું હોય તો તે ભોજન કરાવ્યાં પહેલાં કહેવું નહિ પણ ભોજન કરાવ્યા પછી જ કહેવું. એવો લોકવાદ છે. આવો વિચાર કરીને પાડોશણ બાઈ એ ગોભદ્રને કહ્યું કે તમારી પત્ની પીયર ગઈ છે અને બાકીની હકીકત હું તમને પછીથી કહીશ માટે હાલ તમે ભોજન કરી લો ! આ પછીથી પોતાનું હૈયું આકુળ બની ગયેલું હોવા છતાં પણ એ પાડોશણ બાઈના આગ્રહને આધીન બનીને ગોભદ્રે ભોજન કર્યું. ભોજન કરી લીધા બાદ ગોભદ્રને તેની પાડોશણ બાઈએ કહ્યું કે તમારા ગયા બાદ તમારા વિયોગના દુઃખે કરીને સમજો કે તેવા પ્રકારના કોઈ વ્યાધિએ કરીને સમજો પણ શિવભદ્રાનું શરીર ઘણું જ ક્ષીણ થઈ ગયું હતું. તેમાં તેણીના શરીરમાં અચાનક જ શૂલની ગાઢ વેદના ઉત્પન્ન થઈ જવા પામી. ઔષધો કરવા છતાં પણ તેણીના શરીરે કાંઈ જ ફાયદો થયો નહિ અને એક મુહૂર્ત માત્રમાં તો તેનું મૃત્યુ પણ થઈ ગયું. આ હકીકત સાંભળતાં તો ગોભદ્રે મૂર્ચ્છિતની જેમ વ્યતીત કરી. ત્યાદબાદ ગોભદ્રે પોક મુકીને કરૂણ શબ્દોને ઉચ્ચારતે ઉચ્ચારતે રોવા માંડયું. ગોભદ્રને નિકટવર્તી માણસોએ સારી રીતિએ આશ્વાસન આપીને શાન્ત કર્યો. પછીથી ગોભદ્રે શિવભદ્રાના મૃત્યુ સંબંધી જે કાર્યો પોતાને કરવાનાં હતાં તે કર્યા ! આ બનાવ બની ગયા પછીથી જેમ જેમ સમય વીતવા લાગ્યો, તેમ તેમ ગોભદ્રનો શોક ઘટવા લાગ્યો. સમય જતાં ગોભદ્રનો શોક ઘટી ગયો. કોઈ એક વેળાએ લોકોએ ગોભદ્રને કહ્યું કે તમે પુનઃ પરણો, જે મરી ગઈ

તેનો શોક મૂકી દો, લોકોએ ગોભદ્રને આ પ્રમાણે કહ્યું એના જવાબમાં ગોભદ્રે કહ્યું કે, ફરીથી પરણવું એ તો અત્યન્ત અઘટિત છે. ગોભદ્રને ખેદ એ વાતનો પણ હતો કે, લાંબા કાળ સુધી કલેશને વેઠવા દ્વારાએ ધન મળતાં તે જ્યારે પોતાના ઘરે પાછો ફર્યો ત્યારે એની પત્ની મૃત્યુ પામવાના સમાચાર એને મળ્યા અને એની આશાના ભુક્કા થઈ ગયા. માણસે જે ધાર્યું હોય તેનાથી સર્વથા ઊલટું પણ બને ને! ચંદ્રલેખાએ ઘણાં રત્નો અને ધનપૂર્વક ગોભદ્રને વિદાય દીધી હતી. એ રત્નો હાથમાં આવતા ગોભદ્રના મનમાં કેવી આશા જન્મી! ગોભદ્ર જેવા માણસને પણ એમ થઈ ગયું કે, હવે તો હું ઘેર જઈને શિવભદ્રાથી પરિવર્યો થકો પાંચેય પ્રકારના વિષય સુખોને ભોગવીશ અને બીજા સર્વે કાર્યોથી નિરપેક્ષ બની જઈશ. ધન હાથમાં આવવાની સાથે જ ભોગની કેવી ઇચ્છા જન્મે છે; તેનો આ પણ એક નમુનો છે; પણ શિવભદ્રાના મૃત્યુએ ગોભદ્રની વિષય સુખોને ભોગવવાની અભિલાષાને મારી નાખી, ગોભદ્ર તો શિવભદ્રાના મૃત્યુના નિમિત્તને પામીને વિરાગી બની ગયો! આથી જ ગોભદ્રે એવી વાત કરી છે કે, શિવભદ્રા જેમ મરી ગઈ તેમ હું જે નવી સ્ત્રીને પરણું તે પણ મરી જાય તો પરણવાનાં, વિષય સુખોને ભોગવવાનાં સ્વપ્નો નિષ્ફળ જ નિવડે ને! જેઓ વિધુર બને છે તેઓ જો આવા પ્રકારનો વિચાર કરે તો તેમને ફરી પરણવાનું મન થાય ખરું! છેલ્લે છેલ્લે ગોભદ્રે તો કહી દીધું કે, સ્ત્રી સંબંધી વિષયની જે તૃષ્ણા તે ઘણા કલેશના કારણરૂપ છે. એથી મારે સ્ત્રી સંબંધી વિષયની તૃષ્ણામાં

પડવું જ નથી. ગોભદ્રને ફરીથી પરણવાનું કહેવાને આવેલા માણસો ગોભદ્રનો જવાબ સાંભળીને ચૂપ થઇ ગયા. આવા માણસો જે તેઓ બીજું કહે પણ શું ? એટલે તેઓ ચૂપચાપ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. પછીથી ગોભદ્ર પણ પોતાની સમજ મુજબના ધર્મકાર્યોને વિષે ઉદ્યમવંત બની ગયો અને એ રીતિએ પોતાના દિવસો પસાર કરવા લાગ્યો ! આ દરમ્યાનમાં કોઈ એક દિવસ કૌશિક નામના એ સન્નિવેશમાં આચાર્ય ભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરિવર સમવસર્યા. આ આચાર્ય ભગવાન પાંચસો મુનિઓથી પરિવરેલા હતા. આચાર્ય ભગવાનના આચારમાં પણ ધર્મ જ હોય. વિચારમાં પણ ધર્મ જ હોય અને ઉપદેશમાં પણ ધર્મ જ હોય. આચાર્ય ભગવાન પધાર્યા એટલે ઘણા માણસો તેઓને વંદન કરવાને માટે ગયાં. એથી આચાર્ય ભગવાન પધાર્યાની ગોભદ્રને પણ ખબર પડી ગઈ. ગોભદ્ર હવે તો સંસારથી વિરક્ત મનવાળો બની ગયો હતો, એટલે એને આ આચાર્ય ભગવાન જૈનાચાર્ય હોવા છતાં પણ તેઓની પાસે જવાની ઇચ્છા થઈ. મન જ્યારે સંસારથી સાચેસાચ વિરક્ત બને છે ત્યારે ધર્મની શોધ કરવાનું મન થયા વિના રહેતું નથી. અને જ્યાં સુધી ધર્માધર્મ વિષે એ જીવને પાકો નિર્ણય થતો નથી ત્યાં સુધી એ જીવ જ્યાં જ્યાંથી ધર્મ મળવાની સંભાવના લાગે ત્યાં-ત્યાં જવાને માટે ઉત્સાહિત થાય છે, આભિગ્રહિક મિથ્યાત્વના સ્વામિઓની વાત જુદી છે. પરંતુ જે જીવોનું મિથ્યાત્વ મંદ પડી ગયેલું હોય છે તેઓ મોક્ષના આશયથી, મોક્ષ સાધક શુદ્ધ ધર્મની ખોજ કર્યા જ કરતાં

રહે છે. એમાં ભવિતવ્યતા વશ પુણ્યોદયે તેઓને જો સદ્‌ધર્મને પમાડનારી સામગ્રી મળી જાય છે તો મંદ પડી ગયેલું તેમનું મિથ્યાત્વ ક્ષયોપશમાદિને પામી જાય છે અને તેથી તેઓ સમ્યગ્‌દર્શન ગુણના સ્વામી બની જાય છે. ગોભદ્ર માટે પણ એવું જ બન્યું છે. આચાર્ય ભગવાન પધાર્યા છે. એવું સાંભળીને ગોભદ્ર તેઓની સમીપે પહોંચી ગયો. આચાર્ય ભગવાનનું દર્શન કરવા માત્રથી જ ગોભદ્રનું ચિત્ત હર્ષાતિરેકને પામી ગયું. આચાર્ય ભગવાનના પવિત્ર ચરણ કમળોને વિષે તેણે હર્ષિત ચિત્તે પ્રણામ કર્યા. આચાર્ય ભગવાને પણ તેને આશિષ આપી. પછી તે ભૂમિ તળ ઉપર બેઠો, હવે આચાર્ય ભગવાને ધર્મોપદેશ દેવાનો પ્રારંભ કર્યો. ધર્મનું સર્વસ્વ શું છે? એને દર્શાવતા ફરમાવ્યું કે, જીવ-વધનું અને મૃષાવાદનું વર્જન કરવું તેમજ અદત્ત એવા ધન ગ્રહણથી અને મૈથુનથી નિવૃત્ત થવું અને પરિગ્રહનો ત્યાગ કરવો એ ધર્મનું સર્વસ્વ છે. અધર્મી અગર તો ધર્મ વિરોધી મટીને જેણે ધર્મી બનવું હોય તેણે ઉપર મુજબનો ત્યાગ કરવો. આચાર્ય ભગવાનની દીધેલી ધર્મદેશનાનું શ્રવણ કરવાના પ્રતાપે ઘણા પ્રાણીઓ સદ્‌ધર્મના માર્ગે પ્રતિબોધિત થયા એટલે કે સમ્યગ્‌દર્શન ગુણોને પામ્યા. તેમની જે મિથ્યાત્વ-વાસના હતી તે નાશ પામી ગઈ એથી કેટલાકના હૈયામાં સર્વવિરતિનો પરિણામ પેદા થયો અને અન્યોના હૈયામાં દેશવિરતિવાળા બનવાની ભાવના પ્રગટી. હવે ગોભદ્રનું શું થયું તે કહે છે. સંસારની અસારતાને પરિભાવતા ગોભદ્રના

આત્મામાં તત્કાળ તીવ્ર એવો જે વૈરાગ્ય તે વૈરાગ્યને લઈને પ્રવ્રજ્યાને ગ્રહણ કરવાનો પરિણામ ઉત્પન્ન થયો. તરત જ ગોભદ્ર આચાર્ય ભગવાનની સમીપે જઈને ગોભદ્રે આચાર્ય ભગવાનને વિનંતિ કરી કે, ભગવંત આપનું અમૃત વચન મને પરિણમ્યું છે; એથી મારામાં વિવેક સમુલ્લસિત થયો છે. અને મારી ગૃહવાસની વાસના તૂટી જવા પામી છે. આ કારણે આપ નિર્યામક દ્વારા પ્રવ્રજ્યારૂપી યાનપાત્ર ઉપર આરૂઢ થઈને ભવરૂપી સાગરને ઓળંગી જવાની ઇચ્છા છે. ગુરૂમહારાજે પણ એની વિનંતિના જવાબમાં એ જ કહ્યું કે, ભદ્ર ! તમારા જેવાઓને માટે આમ કરવું એ જ યોગ્ય છે, ગોભદ્ર એ વાતની પણ ખાત્રી આપે છે કે હું સંસારસાગરને તરી જવાની એકમાત્ર કામનાથી જ આપની પાસે પ્રવ્રજ્યાને ગ્રહણ કરવાને ઇચ્છું છું અને પ્રવ્રજ્યાને ગ્રહણ કરીને હું કદી પણ સ્વચ્છંદપણે વર્તીશ નહિ. પરંતુ આપ જે રીતિએ ફરમાવશો તે રીતિએ પ્રવ્રજ્યાનું પાલન કરીશ. ગોભદ્રની વિનંતિના શબ્દોમાં ગોભદ્રની પ્રવ્રજ્યા માટેની લાયકાત ઘણુ જ સ્પષ્ટ રૂપમાં જણાઇ આવે છે. પ્રવ્રજ્યાનો સ્વીકાર કરવાને માટે પ્રવ્રજ્યાના અર્થી એવા આત્મામાં આવા પ્રકારનો ભાવ પેદા થવો જોઇએ અને પ્રવ્રજ્યાના અર્થી એવા પણ આત્મામાં આવા પ્રકારનો ભાવ પેદા થવા પામે નહિ ત્યાં સુધી સુગુરૂએ તેને પ્રવ્રજ્યાદાન કરવાની ઉતાવળ નહિ કરવી. પ્રવ્રજ્યા લેવા માત્રથી જ–તરાઇ જવાતું નથી પરંતુ પ્રવ્રજ્યાનું પાલન કરવાથી તરાય છે; હવે આચાર્ય ભગવાનને નમસ્કાર કરીને ગોભદ્ર પોતાને ઘરે ગયો. પોતાને ઘરે જઈને જાલંધર

નગરેથી જે રત્નો લાવ્યો હતો તે બધા જ રત્નોને વેચી નાખ્યા અને તે દ્રવ્યથી તેણે દીન અને અનાથ આદિજનોને મહાદાન દીધું, આમ છુટે હાથે ગરીબોને દાન દઈ દીધા બાદ પ્રશસ્ત તિથિએ અને પ્રશસ્ત મુહૂર્તે ગોભદ્રે આચાર્ય ભગવાનની પાસે જઈને પ્રવ્રજ્યાને ગ્રહણ કરી. પ્રવ્રજ્યાને ગ્રહણ કર્યા બાદ ગોભદ્ર મહા તપસ્વી થયો. વિશુદ્ધ છે મન જેનું એવા તે ગોભદ્ર મુનિના દિવસો શ્રમણ ધર્મનું નિરતિચાર પાલન કરવામાં, પરિષહોને સમ્યક્ પ્રકારે સહુવામાં, અપૂર્વ અપૂર્વ તપોનું આચરણ કરવામાં વ્યતીત થવા લાગ્યાં. ગોભદ્રે દીક્ષા પણ મનઃશુદ્ધિપૂર્વક લીધી છે અને દીક્ષાનું પાલન પણ એવી રીતિએ કરવા માંડયું કે મનઃશુદ્ધિમાં દિન-પ્રતિદિન અભિવૃદ્ધિ થયા કરે. આ પછી આ મુનિવરે આચાર્ય ભગવાનની આજ્ઞાને પ્રાપ્ત કરીને માસખમણને પારણે માસ-ખમણ કર્યે જવાના પરિણામે એ મુનિવરનું શરીર સુકાઈ જવા છતાં પણ પોતાના સામર્થ્યને જરાપણ ગોપવ્યા વિના એ મુનિવર બાળાદિક સાધુઓના કાર્યમાં સર્વત્ર પ્રવર્તતા હતા. ગોભદ્ર મુનિપણાનો સ્વીકાર કરીને ચઢતે પરિણામે મોક્ષમાર્ગની આરાધનામાં આગળ વધી રહ્યા છે. પણ ભવિતવ્યતાવશ એક બનાવ એવો બની ગયો. એના પછી જે નિમિત્તે એ મુનિવર ક્રોધમાં આવી જઈને વિવેકથી પરાઙ્મુખ બની જાય છે અને એ કારણે તેઓ પોતાના સંયમને વિરમી નાખે છે. મહાતપસ્વી એવા એ મુનિરાજ કોઇ એક સમયે એક ક્ષુલ્લક સાધુની સાથે સવારે આહારને માટે ગયા. માર્ગે ચાલતા તેઓ પોતાની દૃષ્ટિને માર્ગ ઉપર

યુગપ્રમાણ સ્થાપિત કરીને ચાલતા હતા છતાં પણ દૈવયોગે તેમના ચરણોની નીચે એક દેડકી આવી ગઈ અને ચગદાવાથી મરી પણ ગઇ. તેમની સાથેના ક્ષુલ્લક સાધુ જે તેની પાછળ પાછળ ચાલ્યે જતા હતા તેમણે એ દેડકીને એ તપસ્વી મુનિરાજના પગ નીચે છુંદાતી અને એથી મરણ પામેલી જોઈ. આથી એ ક્ષુલ્લક સાધુએ એ તપસ્વી મુનિરાજને કહ્યું કે તપસ્વિન્ ! આપે આ દેડકીની વિરાધના કરી માટે આપ બરાબર જુઓ ! વાત તદ્દન સાચી પણ હતી અને હિતકારી પણ હતી પણ આવી વાત એક ક્ષુલ્લક સાધુ મને કહી જાય ? આવો કોઈ ભાવ એ તપસ્વી મુનિના મનમાં પેદા થઈ જવા પામ્યો. આથી તેમના મનમાં થોડોક રોષાવેશ પણ ઉત્પન્ન થઇ ગયો. ઈર્ષાથી બીજા માણસોના પગ નીચે આવી જઇને ચગદાઈને મરણ પામેલી બીજી જે દેડકીઓ ત્યાં પડી હતી તે દેડકીઓને બતાવતે થકે એ ક્ષુલ્લક મુનિને કહ્યું અરે દુષ્ટ શિષ્ય ! શું આ દેડકીને પણ મેં મારી ? જેમ આ બધી દેડકીઓને મેં મારી નથી તેમ જે દેડકીને મેં માર્યાનું તું કહે છે તેને પણ મેં મારી નથી, જેથી હું વિરાધક નથી પણ તું જુઠાબોલો છે. આ શું સૂચવે છે ? માનનું જોર અને માનથી ઉત્પન્ન થયેલા ક્રોધનું જોર ! પોતાના કહેવાથી તપસ્વી મુનિને ગુસ્સામાં આવી ગયેલા જોઈને એ ક્ષુલ્લક સાધુએ ધાર્યું કે હાલ આ વાતથી સર્યું. આ મુનિરાજ પોતે જ સાંજે ગુરૂની સમક્ષ આ વિરાધનાની આલોચના કરી લેશે ! સંધ્યા સમય આવી લાગ્યો. સૌએ આવશ્યક આદર્યું. એ વખતે અન્ય મુનિરા-

જેની જેમ એ તપસ્વી મુનિરાજે પણ ગુરૂની સમક્ષ દૈવસિક આલોચના કરી અને બેસી ગયા. પરંતુ સવારે થયેલી દેડકીની વિરાધનાની આલોચના કરી નહિ. આથી પેલા ક્ષુલ્લક સાધુને એમ થઈ ગયું કે આ તપસ્વી મુનિરાજ દેડકીની વિરાધનાની આલોચના કરવાનું વિસરી જાય છે એ ઠીક નહિ, મારે તેમને એ વિરાધના યાદ કરાવવી જોઈએ. આવો વિચાર કરીને એ ક્ષુલ્લક મુનિએ સવારે થયેલી દેડકીની વિરાધનાનો વૃત્તાંત એ તપસ્વી મુનિને કહ્યો. તપસ્વી મુનિરાજ એ ક્ષુલ્લક સાધુના એ કથનને સહી શકયા નહિ. એમને જાણે એમ થઈ ગયું કે આ ક્ષુલ્લકે મારૂં ઘોર અપમાન કરી નાખ્યું ! ગુરૂ મહારાજની સમક્ષ અને આટલાં બધા મુનિઓની સમક્ષ આ મુનિએ મને હલકો પાડી નાખ્યો. તીવ્ર ક્રોધ ઉત્પન્ન થઈ જવાના કારણે તેમનો જે વિવેક તે નાશ પામી ગયો. એથી તેઓ એ ક્ષુલ્લક સાધુને તાડન કરવાને નિમિત્તે ઘણા વેગથી એકદમ દોડ્યા. આમ દોડતાં વચ્ચે આવતાં એક નિષ્ઠુર સ્તંભની સાથે અથડાયા. અને તેમાં પણ તેમનું માથું એ સ્તંભની સાથે અથડાયું. સ્તંભ પોચો નહિ હતો અને આ પુરા વેગમાં હતા. એ સ્તંભની સાથે જેવું માથું ભટકાયું તેની સાથે જ તેમના મર્મપ્રદેશમાં ઘા પડી ગયો અને એથી એ મુનિરાજ એ જ વખતે ત્યાંને ત્યાં કાળધર્મ પામી ગયા, અને જ્યોતિષ્ક દેવલોકમાં ઉત્પન્ન થયા. આ તે જ ગોભદ્ર છે, કે જેણે વિદ્યાસિદ્ધના અને ચન્દ્રલેખાના રોષાવેશને શમાવી દીધો હતો. પણ પોતાના ક્રોધને શમાવી ન શકયા તે પણ એક ભવ્યતા કહેવાય !

જ્યોતિષ દેવલોકને વિષે જેટલું આયુષ્ય હતું તેટલા આયુષ્યને ભોગવીને ત્યાંથી ચવ્યો થકો કનકખળ નામનું જે આશ્રમસ્થાન હતું તે આશ્રમસ્થાનમાં પાંચસો તાપસોના અધિપતિ જે કુલપતિ હતાં તે કુળપતિની ગૃહિણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. અને ઉચિત સમયે તે જન્મ પામ્યો. તેનું કૌશિક એવું નામ સ્થાપિત કરવામાં આવ્યું. આ કૌશિક સ્વભાવથી જ ઉગ્ર એવા રોષને ધરનારો હતો. જેના કારણે બીજા તાપસકુમારોને થોડા પણ અપરાધમાં કુટી નાખતો હતો. તે તાપસકુમારો પોતપોતાના પિતાની પાસે ફરિયાદ કરતા હતા અને કહેતા કે કૌશિક કૂટે છે. પરંતુ એ આશ્રમમાં કૌશિક નામના તો બીજા પણ ઘણા તાપસકુમારો હતા. એટલે તાડન કરનારો કૌશિક કોણ છે તે ઓળખી શકાય એ માટે તે તાપસોએ તે કૌશિકનું ચણ્ડકૌશિક એવું નામ સ્થાપિત કર્યું. ભવાન્તરના સંસ્કારનું આ પરિણામ છે. હવે કેટલાક સમય પછી ચણ્ડકૌશિક તાપસકુમારના પિતા કુલપતિ તાપસ મૃત્યુને પામ્યાં એટલે બાકી બધા તાપસોએ તે ચણ્ડકૌશિકને કુલપતિના પદે સ્થાપિત કર્યો, કુલપતિ બનેલો ચણ્ડકૌશિક બીજા બધા તાપસજનોને તે ઉપવનમાંથી ફૂલ અને ફળ આદિને ગ્રહણ કરતાં બળાત્કારે પણ અટકાવવા લાગ્યો. આ પ્રકારની ચણ્ડકૌશિકની અટકાયતે તે તાપસજનોને મોટી મુશ્કેલીમાં મૂકી દીધા. બધા તાપસોએ વિચાર કર્યો કે હવે આપણે કરવું શું ! કારણ કે ફૂલ અને ફળ વગેરે, એ તો આ લોકોનું આજીવિકાનું સાધન હતું. એ લોકોને જો ફૂલ-ફળ આદિ મળે નહિ તો તેમને ભૂખ્યાં

મરવું પડે. ચણ્ડકૌશિક એકલો હતો અને શેષ તાપસો ઘણાં હતાં એટલે એ બધાં ધારે તો ચણ્ડકૌશિકને દાબી દેવાની શક્તિ પણ શેષ તાપસોમાં હતી. પરંતુ એ બધા તાપસોને એક વિચાર થઈ પડ્યો કે આપણાથી આ ચણ્ડ-કૌશિકની અવગણના થાય શી રીતિએ? ગુરૂની પ્રત્યે જે પ્રકારનો વર્તાવ રાખવો જોઈએ તે જ પ્રકારનો વર્તાવ ગુરૂ-પુત્રની પ્રત્યે રાખવો જોઈએ. આવા વચનોને યાદ કરીને તે સર્વ તાપસજનો તે ઊપવનને તજી દઈને જુદી-જુદી દિશાએ ચાલ્યા ગયાં. આ રીતિએ ઊપવનને તજીને બધાજ તાપસજનો ચાલ્યાં ગયાં. તેની પણ ચણ્ડકૌશિકના અન્તઃકરણ ઉપર કશી જ અસર થઈ નહિ. એનું કારણ એ કે એ ઊપ-વનમાં બુબ આસક્ત બની ગયો હતો. એ આસક્તિને લઈને એ ઊપવનમાં જો કોઈ ગોવાળિઆ વગેરે ફળાદિ લેવાને માટે આવતાં તો તેમને સખ્ત માર મારીને કાઢી મૂકતો હતો. હવે એવું બન્યું કે એ ઊપવનની તદ્દન નિકટમાં આવેલી શ્વેતાંબી નામની નગરીમાં વસતા રાજકુમારો એ ઊપવનમાં ફળ ગ્રહણ કરવા માટે આવ્યાં, તો ચણ્ડકૌશિકે તે રાજ-કુમારોને ફળ લેવા દીધા નહિ; એથી એ રાજકુમારો કુપિત થઈને ચાલ્યા ગયા. અવસરે આ અપમાનનો બદલો લેવાનો નિર્ણય કરી લીધો. બદલો લેવાની તકની રાહ જોવા લાગ્યાં. આ ચણ્ડકૌશિકનો જીવ ગોભદ્ર તરીકેના ભવના અન્ત ભાગમાં તીવ્ર રોષાવેશવાળો બન્યો હતો. ત્યાંથી ક્રોધના સંસ્કારોને એ લઈ આવ્યો છે. હવે એવું બન્યું કે કોઈ વખતે ચણ્ડકૌશિકને વાડ કરવાને માટે કાંટાની જરૂર પડી.

વાડ કરવા નિમિત્તે જોઈતાં કાંટા લેવાને માટે તે ચણ્ડકૌશિક તીક્ષ્ણ ધારવાળો કુહાડો લઈ ને નીકળ્યો અને વનપ્રદેશના દૂરના ભાગમાં તે પહોંચી ગયો. એ વૃત્તાન્ત શ્વેતામ્બી નગરીમાં વસતા પેલા રાજકુમારોના જાણવામાં આવ્યો. તે રાજકુમારો પૂર્વના રોષે કરીને ચણ્ડકૌશિકના ઉપવનમાં આવી પહોંચ્યાં. તેમણે છોડવા જેવાં જે ઝાડો હતાં તે બધાને ઊખેડી ઊખેડીને ફેંકી દીધા. અને જે ઝાડો સરળ તથા તરૂણ હતાં તે ઝાડોને છેદી નાખ્યા, બાકી રહ્યા જે મોટાં વૃક્ષો તે વૃક્ષો ઉપર જે ફળો હતાં તે ફળોને પાડી નાખ્યા. ચણ્ડકૌશિકના ઉપવનનો આ રીતિએ વિનાશ કરી નાખ્યો. વળી ચણ્ડકૌશિકના નિવાસનું જે ખુંપડા જેવું સ્થાન હતું તેને જમીન દોસ્ત જેવું કરી નાખ્યું. વળી ઘડાઓના ભુક્કા કરી નાખ્યાં. કમંડલોના પણ ટુકડે ટુકડા કરી નાખ્યાં. ત્યાં દ્રાક્ષના જે મંડપો હતા તેને પણ તોડી નાખ્યાં અને જે કેળનાં ગૂહો હતા તેનો વિનાશ કરી નાખ્યો. આ ઉપરાંત પોતાની શક્તિને અનુસારે બીજો પણ જેટલો ઉપદ્રવ થઈ શકયો તેટલો ઉપદ્રવ તે રાજકુમારોએ કર્યો. રાજકુમારોએ આવું કર્યું તે સારૂ કહેવાય ? રાજકુમારોનું આ ભયંકર કોટિનું દુસ્સાહસ જ ગણાય. પોતાના અપમાનનો બદલો લેવાને માટે અને પોતાના ક્રોધને સફળ કરવાને માટે રાજકુમારોએ કેટકેટલા જીવોને ત્રાસ ઉપજાવ્યો ? અને કેટકેટલા જીવોનો ઘાત કરી નાખ્યો ? આપણા આવા કૃત્યથી આ ઉપવનને વિષે અતિ આસક્ત એવા ચણ્ડકૌશિકને કેટલું ભારે દુઃખ થશે અને તેને કેટલો ભારે ક્રોધ ઉપજશે ?

તેનેા કશેા વિચાર એ રાજકુમારેાએ કર્યો નહિ, પેલા રાજકુમારેા ચણ્ડકૌશિકના આશ્રમનેા ભંગ કરવામાં મશગુલ હતાં એવામાં તેમણે ચણ્ડકૌશિકને આવતેા દીઠેા. રાજકુમારેાના આ અપકૃત્યના સમાચાર મળી ગયા હતાં અને એથી તે પેાતાના આશ્રમ તરફ દેાડતેા આવી રહ્યો હતેા. જે પ્રકારે રાજકુમારેા આશ્રમ ભંગ કરી રહ્યા હતાં તે બનાવને જોઈને ગેાવાળિયાઓએ ચણ્ડકૌશિકની પાસે જઈને કહ્યું કે કુમારેા તમારા આશ્રમનેા વિનાશ કરી રહ્યા છે, ચણ્ડકૌશિકે જેવું સાંભળ્યું તેની સાથે જ તે અગ્નિ જેમ ધમધમી ઊઠે તેમ ક્રેાધથી ધમધમી ઉઠ્યેા. તેણે તરત જ પેાતાના કુહાડાને બે હાથથી પકડી ઊંચેા ઊગામ્યેા અને પવનવેગે તે ક્રેાધરૂપી અગ્નિથી ધગધગતેા થકેા પેાતાના આશ્રમ તરફ દેાડ્યેા. આ રીતિએ ચણ્ડકૌશિકને આવતેા જોઈને રાજકુમારેાએ વિચાર્યું કે મુનિ અવધ્ય છે. અને એથી તેઓ પેાતાના નગર ભણી પલાયન કરી ગયા. રાજકુમારેા પેાતાના નગર ભણી દેાડી ગયા એટલે ચણ્ડકૌશિકે પણ તેમની પુંઠ પકડી. તેણે ય તેમની પાછળ પાછળ દેાડવા માંડ્યું. દેાડતે-દેાડતે ચણ્ડકૌશિકે એ રાજકુમારેાને ઉદ્દેશીને બરાડા પાડીને કહ્યું કે, અરે ક્ષત્રિયેામાં અધમેા મારી ગેરહાજરીમાં મારા ઉપવનને છેદી નાખ્યેા. હવે તમે શું તમારી માના પેટમાં પેસી જવાના છેા? તમે જરા ધીમા પડેા અને એક ક્ષણ માટે મારી સામે મેાઢું કરીને તેા આવેા ! કે જેથી આ કુહાડાથી હું તમારા મસ્તકેાને તાલના ફળેાની જેમ છેદી નાખીને નીચે પટકી નાંખું ? આવાં આવાં અસભ્ય અને ગાલિગર્ભિત

વચનોને લવતો-લવતો તે ચણ્ડકૌશિક રાજકુમારોની પાછળ પાછળ જોરથી દોડયે જાય છે. ક્રોધને લીધે તેના નેત્રો પણ વિકળ થઈ ગયાં છતાં પણ જેમ તેમ કરીને તે જોરથી દોડતો જ રહ્યો, એવામાં દોડતો એવો તે કોઈ વૃક્ષના ઠુંઠાની સાથે અથડાયો. એ ઠુંઠાની સાથે અથડાવાથી ચણ્ડકૌશિક પોતાના વેગને લઈને જમીન ઊપર પટકાઈ પડયો. એ એવી રીતિએ પટકાઈ પડયો કે એનો કુહાડો જ વચ્ચે આવ્યો અને એ કુહાડાથી જ એનું મસ્તક છેદાઈ જવા પામ્યું. અપમાનને જોવાથી જાણે બનવા પામ્યું હોય તેમ એ જ વખતે તેનો જીવ નિકળી ગયો, ક્રોધના આવેશથી આ જેવી તેવી વિડમ્બના છે ? તીવ્ર ક્રોધના આવેશથી માણસ ભાનભૂલો બની જાય છે. આ જીવે તો બેય વાર પોતાનો જીવ ખોયો. મુનિપણામાં ક્ષુલ્લક મુનિને તાડન કરવાને દોડયો અને થાંભલા સાથે ભટકાઈ જવાથી એવું વાગ્યું કે તરત જ મૃત્યુ નીપજ્યું. એ વખતે તો અન્ધકાર જેવું હતું, કારણ કે આવશ્યકનો સમય હતો. આ ભવમાં ધોળે દહાડે પણ એ જીવને ઝાડનું ઠુંઠું દેખાયું નહિ અને મર્યો તે પણ પોતાના જ મારવાને ઊગામેલા કુહાડા દ્વારા મર્યો. આટલું તો ક્રોધાવેશનું તત્કાળ આવેલું પરિણામ છે. પણ આ ક્રોધાવેશથી ભવાન્તરમાં કેટલું બધું નુકશાન થયું ? તાપસને ત્યાં જન્મ્યો. તાપસોથી તજાઈ ગયો અને અંતે કમોતે મર્યો. જીંદગી કેવળ કષ્ટોને વેઠવામાં અને પાપોને ઊપાર્જવામાં વીતાવી. એટલે ક્રોધ પહેલું નુકશાન તો જેનામાં ક્રોધ ઉત્પન્ન થાય તેને જ કરે ને ? આ જીવને માટે લગભગ

એવું બન્યું છે. ચણ્ડકૌશિક તાપસ આર્ત્તધ્યાનમાં મૃત્યુ પામ્યો અને આર્ત્તધ્યાનમાં મૃત્યુ પામીને તે જીવ ભયંકર એવા દૃષ્ટિવિષ સર્પ તરીકે એ જ ઉપવનમાં ઉત્પન્ન થયો. એને જીવતાં પણ એ ઉપવન ઉપર મૂર્ચ્છા હતી અને જ્યારે મર્યો ત્યારે પણ એ ઉપવન ઉપરની મૂર્ચ્છાના ભાવમાં જ મર્યો હતો. ચણ્ડકૌશિક તાપસ મરીને એજ ઉપવનમાં ભયંકર દૃષ્ટિવિષ સર્પ તરીકે ઉત્પન્ન થયો ત્યારે બીજી તરફ એવું બન્યું કે જે તાપસો ચણ્ડકૌશિકે ફળફળાદિ નહિ લેવા-દેવાથી એ ઉપવનને તજી ગયાં હતાં. તે તાપસોએ સાંભળ્યું કે ચણ્ડકૌશિક મૃત્યુ પામી ગયો, આથી તે તાપસો ફરી પાછા એજ વનખંડમાં આવ્યા અને એજ વનખંડમાં રહેવા લાગ્યા. ચણ્ડકૌશિક તાપસનો જીવ એ ઉપવનમાં ભયંકર દૃષ્ટિવિષ સર્પ તરીકે ઉત્પન્ન થયા પછીથી પૂર્વના સ્નેહનો જે અનુ-બન્ધ તે સ્નેહના બન્ધને લઈને એ ઉપવનનું રક્ષણ કરવાના તે પરિણામવાળો એ બન્યો. એથી એ ઉપવનમાં આમથી તેમ પરિભ્રમણ કરવા લાગ્યો. આ રીતિએ રક્ષણના પરિણામથી એ સર્પ એ વનખંડમાં સર્વત્ર ઘુમ્યા જ કરતો. એમાં એકવાર એણે પેલા તાપસોને દીઠા. તેની સાથે જ એ સર્પ એ તાપસો પ્રત્યે રોષવાળો બની ગયો. એણે અશેષપણે સૂર્યના બિંબનું અવલોકન કર્યું. સૂર્યના અવલોકન કરતાંની સાથે જ તેની આંખોમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળવા માંડી. ઊંચી જતી એ જ્વાળાઓના સમૂહે કરીને એ સર્પે એની નજર જેટલા તાપસો ઉપર પડી શકે તે સર્વે તાપસોને બાળી મૂક્યા. એ સર્પની નજરે ચઢેલા બધા તાપસો બળી મુઆ. એટલે

જે તાપસો આઘા પાછા હતા અને એથી એ સર્પની નજરે ચઢવા પામ્યા નહોતા, તે તાપસો જુદી જુદી દિશાઓમાં ભાગી ગયા. હવે તો એ સર્પે ત્રણેય કાળ એ આખાય વનખંડમાં પ્રદક્ષિણા દેવા માંડી. શાથી ? એને એવું મમત્વ હતું કે આ વનખંડમાં વસવાનો મારા સિવાય કોઈ બીજાને અધિકાર નથી. બીજો કોઈ જીવ આ વનખંડમાં આવવો જોઈએ નહિ. એ સર્પ રોજ ત્રણેય કાળ એ વનખંડને ત્રણ પ્રદક્ષિણાઓ દેતો અને એમાં માણસ તો શું પણ જો કોઈ પક્ષી પણ એના જોવામાં આવતું તો એ પક્ષીને પણ એ બાળી નાખતો હતો. એ માર્ગે થઈને માત્ર પસાર જ થતાં હોય એવા પણ તાડત–કર્પટિક વગેરે પથિકોને પણ વિશેષ પ્રકારે ઉપદ્રવ કરતો હતો. આનું પરિણામ એ આવ્યું કે સર્પના ભયને કારણે એ માર્ગેથી થતી લોકોની અવરજવર બંધ પડી ગઈ. અને એથી એ માર્ગ, માર્ગ હોવા છતાં પણ એ માર્ગ (શૂન્ય) બની ગયો. આ રીતિએ એ માર્ગ અમાર્ગ બની ગયો હતો અને એથી કોઇ મુસાફર એ માર્ગે જતો નહિ હતો. એવામાં ભગવાન શ્રીવર્ધમાનસ્વામિજી છદ્મસ્થાવસ્થામાં વિહાર કરતે કરતે ઉત્તર સન્નિવેશ તરફ વિહરવા લાગ્યા. ઉત્તર સન્નિવેશે જવાનો બરોબરનો સીધો માર્ગ આજ હતો. એટલે ભગવાને તો એ માર્ગે ચાલવા માંડયું. ભગવાનને એ માર્ગે જતા જોઇને ગોવાળિયાઓએ કહ્યું કે ભગવાન ! આ માર્ગે કનકખલ નામે જે આશ્રમ આવે છે. ત્યાં આગળ દૃષ્ટિવિષ સર્પ છે અને તે દૃષ્ટિવિષ સર્પ જે કોઇ આ માર્ગે જાય તેને ભારે પરાભવ પમાડે છે. આથી આપ આ માર્ગે

પધારો નહિ. ગોવાળિયાઓએ તો આમ કહ્યું પણ ભગવાન કાંઈ થોડા જ અજાણ હતા ? જો કે તે વખતે ભગવાનને કેવળજ્ઞાન પ્રગટેલું નહોતું પરંતુ મતિ-શ્રુત-અવધિ એ ત્રણ નિર્મળ કોટિના જ્ઞાન તો હતાં જ. એ જ્ઞાનના બળે ભગવાનને દૃષ્ટિવિષ સર્પની અને તેના ઉપદ્રવની પણ માહિતી હતી. પરન્તુ ભગવાને પોતાના જ્ઞાનના બળે એ પણ જાણેલું જ હતું કે એ દૃષ્ટિવિષ સર્પ ભવ્યાત્મા એવો તે પ્રતિબોધને પામવાનો છે. આથી જ પર-કાર્યો કરવામાં રસિક એવા ભગવાન શ્રી વર્ધમાનસ્વામિજી ગોવાળિયાઓએ નિવાર્યા છતાં પણ એજ માર્ગે આગળ પધાર્યા. અને કનકખલ નામના તે આશ્રમે પહોંચીને ચણ્ડકૌશિક નામના એ દૃષ્ટિવિષ સર્પને પ્રતિબોધ પમાડવાને માટે યક્ષભવનના મંડપમાં ભગવાન કાયોત્સર્ગે રહ્યા. ચરિત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે–હવે ચણ્ડકૌશિક નામના તે દૃષ્ટિવિષ સર્પે તે ઉપવનમાં પરિભ્રમણ કરતે કરતે ભગવાન શ્રીવર્ધમાનસ્વામિજીને યક્ષમંડપમાં પ્રતિમાએ સ્થિત રહેલા જોયા. ભગવાનને જોવા છતાં પણ સર્પને શાન્તિનો અનુભવ થયો નહિ. કારણ કે ભગવાનને એણે ભગવાન તરીકે જાણ્યા નહિ. ભગવાનને જોતાની સાથે જ તે સર્પના કોપરૂપી અગ્નિએ ભારે ઊછાળો માર્યો. એ સર્પને એમ થઈ ગયું કે અહો મારા સામર્થ્યને આ જાણતો નથી ? અર્થાત્ એમ કે જો મારા સામર્થ્યને એ જાણતો હોત તો આ કદી પણ અહીં આવીને ઊભા રહેવાની હિંમત જ કરત નહિ. આ પ્રદેશને એ સર્પે પોતાના ઉપદ્રવ દ્વારાએ એવો બનાવી દીધો હતો કે અહીં કોઈ આવે અને રહે એ બીના

એ સર્પને ય આશ્ચર્ય ઊપજાવે એવી હતી. આ રીતિએ ભારે કોપને આધીન બની ગયેલા એ સર્પે સૂર્યમંડળનું અવલોકન કર્યું. એણે સૂર્યમંડળનું અવલોકન કરતાની સાથે જ તેની આંખમાંથી હરહંમેશ કરતાં ચાર ગણી બનીને અગ્નિજ્વાળાઓ નીકળવા માંડી, કારણ કે રોષ જોરદાર હતો, ચોમેર ફેલાતી એને દુસ્સહ એવી તે અગ્નિ શિખાઓથી તેની આંખો જાજવલ્યમાન બની ગઈ. આંખોથી વિક્ષોભવાળો બનેલો તે સર્પ ભગવાનને બાળી નાંખવાની ઈચ્છાથી ભગવાનને જોવા લાગ્યો.

જુઓ કે આ કેવો વિચિત્ર યોગ છે ? ભગવાનની ભાવના શી છે ? આ ચણ્ડકૌશિક સર્પને પ્રતિબોધ પમાડવાની. જ્યારે ચણ્ડકૌશિક સર્પની ઈચ્છા શી છે ? ભગવાનને બાળી નાખવાની. મેળ મલે છે કાંઇ ? પણ આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી, આવું પણ આ સંસારમાં ઘણું બને છે. તમે જેનું ભલું ઈચ્છતા હો તેજ તમારૂં ભૂંડું ઈચ્છતો હોય. એમ પણ બને અને જે તમારૂં ભલું ઈચ્છતો હોય તેનું તમે ભૂંડું ઈચ્છતા હો એવું પણ બને. અજ્ઞાન તો એવું છે કે–એને લઈ ને જીવને પોતાને પોતાના વાસ્તવિક કોટિના ભલા ભૂંડાનો પણ ખ્યાલ આવતો નથી. ખરેખર અજ્ઞાનનો વિલાસ ગજબનો છે. આપણે જોયું કે ભગવાન ચણ્ડકૌશિક સર્પને પ્રતિબોધ પમાડવાની ભાવનાથી યક્ષમંડપે આવીને પ્રતિમાએ ઊભા રહ્યા છે, જ્યારે એ ચણ્ડકૌશિક સર્પ ભગવાનને બાળી મૂકવાને ઈચ્છી રહ્યો છે ! ભગવાનને

બાળી મૂકવાને માટે એણે પોતાની જાજવલ્યમાન એવી દૃષ્ટિને મૂકી ખરી–પરન્તુ આ તો ભગવાન છે ને ! આ દૃષ્ટિવિષ સર્પ જેમ કરાળ ક્રોધની મૂર્તિ છે તેમ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પ્રકર્ષવન્તા પ્રશમની મૂર્તિ છે; કરાલ ક્રોધની પ્રક્રિયાની અસર પરમ પ્રશમની મૂર્તિ સમા ભગવાન ઊપર થતી નથી. તેનો અહિં સાક્ષાત્કાર થયો. જગદ્‌ગુરૂ ભગવાનશ્રી વર્ધમાનસ્વામિજીના દેહ ઉપર એ દૃષ્ટિવિષ સર્પની દૃષ્ટિ પ્રતિફલિત થઈ ખરી. પરન્તુ ભગવાનના અમૃતસમા શીતલ દેહ ઉપર પડેલી એ દૃષ્ટિ ભગવાનના પ્રભાવે કરીને એકદમ શાંત થઈ; દૃષ્ટિવિષ સર્પની એ દૃષ્ટિ ભગવાનના દેહના એક લોમ માત્રને બાળવાને માટે પણ સમર્થ નીવડી નહિ. આ રીતિએ પોતાની દૃષ્ટિ સર્વથા નિષ્ફળ નીવડી. એથી દૃષ્ટિવિષ સર્પને એમ થઇ ગયું કે મારી શક્તિ હણાઈ ગઇ. પોતાની દૃષ્ટિની શક્તિ હણાઈ જતાં એ સર્પે ભીંત જેવી પોતાની પ્રચણ્ડ ફણાને ડોલાવવા માંડી. પોતાની પ્રચણ્ડ ફણાને ડોલાવતે–ડોલાવતે તેણે ગરલ નામના વિષના ફણિયાઓના રસથી મિશ્રિત એવો મોટો અને ઊગ્ર ફુંફાડો માર્યો અને તે પછીથી તે ભગવાનને ડસવાની ઇચ્છાથી ભગવાન જ્યાં બિરાજેલા હતા તે તરફ વેગથી દોડયો. ભગવાનની પાસે પહોંચીને એ સર્પે પોતાની તીવ્રવિષથી ઉદ્‌ભટ બનેલી દાઢાઓથી કરીને ભગવાનને ડંશ દીધો.

ભગવાન મહાવીર



વિષ ભરીને વિષધર સૂતો,
ચણ્ડકોશિયા નામે;

મહાભયંકર એ મારગમાં,
વિચરે મહાવીરસ્વામી.

જાણે આ પ્રભુ પંથ વિકટ છે,
ઝેર ભર્યો એક નાગ નિકટ છે;

હાથ જોડીને વિનવે વીરને,
લોક બધા ભય પામી.

(મહાભયંકર)

દુહો

ગંધ આવી જ્યાં માનવ કેરી,
ડંશ દીધો ત્યાં પ્રભુને વેરી.

ગંધ આવી જ્યાં માનવ કેરી, ડંશ દીધો એ પ્રભુને વેરી,
હિંસા અને અહિંસા વચ્ચે, લડાઈ ભિષણ જામી.
દૂધ વહ્યું જ્યાં પ્રભુને ચરણે, ચણ્ડકોશિયો આવ્યો શરણે,
કંઈક સમજ તું, કંઈક સમજ એ કહે કરૂણા આણી.
વેરથી વેર શમે નહિ જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં,
પ્રેમધર્મનો પરિચય પામી, નાગ રહ્યો શીર નામી.

(મહાભયંકર)

અને ભગવાનને ડંશ દઇને એ તરત જ પાછો ફરી ગયો કારણ કે એ સર્પને એવી બીક લાગી કે મારા ઊગ્ર

વિષથી આનું જીવિતવ્ય હમણાંજ હણાઈ જશે અને એથી તે સીધોજ મારા ઉપર પડી જશે. ચણ્ડકૌશિકને પોતાના વિષ ઉપર આટલો બધો વિશ્વાસ હતો. ન હોય વિશ્વાસ ! દૃષ્ટિ માત્રથી બાળી મૂકવાની તાકાત ધરાવનારો સર્પ જ્યારે ડંશે અને તે પણ રોષથી અને રોષને લઈને ભારે તીવ્રતાથી ડંશે ત્યારે એ જેને ડંશે તે જીવતો રહી શકે, એવું તો ભાગ્યે જ બને ને ! આ તો પ્રશમમૂર્તિ ભગવાન હતાં એટલે વાત જુદી છે. ચણ્ડકૌશિક તીવ્ર ડંશ દઈને એકદમ પાછો ફરી ગયો અને તે જોવા લાગ્યો કે– શું થયું ? પણ ચણ્ડકૌશિકે જોયું કે ભગવાન તો પહેલાની માફક જ સર્વથા નિશ્ચલપણે ઊભા છે. એટલે એનો રોષ ઓર વધી ગયો. મારી દૃષ્ટિથી તો આ દાઝ્યો પણ નહિ, પણ મારા ડંશથી ય આ મર્યો પણ નહિ. એમ એને થઈ જાય ને !

એણે જ્યારે જાજ્વલ્યમાન દૃષ્ટિ કરી હતી ત્યારે તો એ દૃષ્ટિમાંથી નીકળતી જ્વાલાઓ જ શાંત થઈ જવા પામી હતી અને એથી એને ફરીથી દૃષ્ટિ કરવાપણું રહ્યું જ ન હોતું. પણ ડંશ દેતા એવું કાંઈ બન્યું નહિ એટલે ચણ્ડકૌશિક સર્પે ભગવાનની પાસે આવીને ફરી પાછો ડંશ દીધો. અને ડંશ દઈ ને તરત જ એ પાછો ફરી ગયો. પાછો ફરીને એણે જોયું. તો આ વખતે પણ એણે ભગવાનને એવાને એવાજ નિશ્ચલપણે ઊભેલા જોયા. હવે ક્રોધની કાંઈ સીમા રહે ? ભગવાનની પાસે આવીને એ ત્રીજીવાર પણ ડંસ્યો.

અને પાછો હઠી ગયો. પાછા હઠી જઇને એ ભગવાનને જોવા લાગ્યો. તો ભગવાન એ વખતે ય પૂર્વવત્ સ્થિર ઊભા રહેલા જણાયા. આથી ભગવાનને તે રોષ ભરી નજરે જોઈ રહ્યો. ઉપરા ઉપરી ત્રણ ત્રણ વાર ડંસવા છતાં પણ મરે નહિ તો રોષ તો ઘણો વધે પણ રોષથી જોવા કર્યા સિવાય બીજુ એ કરે પણ શું ? કારણ કે હવે એની પાસે બીજું કાંઈ સાધન ન હતું, કે જે સાધનને એ ભગવાનને મારી નાખવાને માટે અજમાવી શકે.

આમ એ ક્રોધભરી નજરે ભગવાનને જોઈ રહ્યો છે. એમાંથી જ એના ક્રોધાવેશના વિનાશની શરૂઆત થઈ ગઈ. ઉપરા ઉપરી એને જે નિષ્ફળતા મળી તેણે એની મનોદશામાં પલટો આણવા માંડયો. અત્યાર સુધી તો એણે ભગવાનને ધારીને જોયેલા નહિ, પરન્તુ જ્યારે જાજવલ્યમાન દૃષ્ટિનું જ્વલન શાંત થઈ ગયું અને ત્રણ ત્રણ વાર ડંશવા છતાં ય કાંઈ વળ્યું નહિ એટલે એમ તો થઈ જાયને કે–આ એવો તે કોણ છે કે જે મારી નજરથી સળગી તો ગયો નહિ પણ મારા વારંવારના ડંશથી પણ જે મર્યો નહિ ! પોતે નિષ્ફળ નીવડયો એથી ગુસ્સો તો ઘણોજ વધી ગયો હતો પણ કદી નહિ બનેલું એવું આ બન્યું એટલે એને આ છે કોણ ? એમ તો થાય ને ! આ રીતિએ દૃષ્ટિવિષ સર્પ ભગવાનને જોઇ રહ્યો. સૌમ્યમૂર્તિ સમા ભગવાનનું અવલોકન કરતે-કરતે એ દૃષ્ટિવિષ સર્પનો દુષ્ટ એવો જે દૃષ્ટિવિષનો વિકાર હતો તે ઉપશાન્ત થઇ જવા પામ્યો.

જે અવસર આવવાની ભગવાન રાહ જોઈ રહ્યા હતા તે અવસર હવે આવી પહોંચ્યો. ભગવાન પધાર્યા હતા ચણ્ડકૌશિક સર્પને પ્રતિબોધ પમાડવાને માટે. કેમ કે ભગવાન જાણતાં હતાં કે આ સર્પ ભવ્યાત્મા છે. અને પ્રતિબોધને પામવાનો છે; છતાં પણ ભગવાન અત્યાર સુધી કાયોત્સર્ગમાં જ રહ્યા કેમ? અનઅવસરે સારો પણ ઉપદેશ સારા માટે નિવડે નહિ એ માટે ને? જીવ જ્યારે આવેશના આવેગમાં તણાઈ રહ્યો હોય તેવા અવસરે ઉપદેશ આપવામાં આવે તો તે જીવ ગમે તેવા સારા પણ ઉપદેશની અને ઉત્તમોત્તમ ઉપદેશકની પણ અવગણના કરનારો બને! એ શક્ય છે, એવા વખતે તો કેટલીક વાર સારી વાત કરનાર પ્રત્યે પણ દુર્ભાવ જાગી જાય એ શક્ય છે.

આથી પરોપકાર કરવાની અભિલાષાવાળાએ પરોપકાર કરવાની પોતાની અભિલાષા સફળ નીવડે – એ માટે પણ અવસરને અને અનઅવસરને ઓળખતાં શીખવું જોઈએ, જીવનો આવેશ શમે અને એથી એ વાતને સાંભળવાને માટે લાયક બને એટલા સમય સુધી પોતાની ઉપદેશ દેવાની ઇચ્છાને રોકી રાખવી જોઈએ. જ્યાં સુધી ચણ્ડકૌશિક સર્પમાં ઉપશાન્તભાવ પ્રગટવા જોગી સ્થિતિ આવી નહિ ત્યાં સુધી ભગવાન મૌન રહ્યા. એ વખતે એમ પણ કહ્યું નહિ કે અલ્યા! હું કોણ છું અને શા કાજે હું અહિં આવ્યો છું, તે તું જાણે છે? હું તો થોડાક કાળ બાદ કેવળજ્ઞાનને પામીને જગતારક તીર્થની સ્થાપના કરનારો છું અને

અહીં જે હું આવ્યો છું તે તને પ્રતિબોધ પમાડવાને માટે જ આવ્યો છું. ભગવાને આવું કાંઇ જ એ સર્પને કહ્યું નહિ ને ! ભગવાન તો આવું કહે જ નહિ.

હવે જ્યારે ભગવાને જાણ્યું કે આ ચણ્ડકૌશિક સર્પમાં ઉપશાન્ત ભાવ પેદા થવા માંડયો છે. એટલે તરત જ ભગવાને તેને કરૂણાથી કહેવા માંડયું કે ઉપશાન્ત થા, ઉપશાન્ત થા. મહાનુભાવ ! તેં જાતે જ જે વ્યતિકરનો નામ બનાવનો અનુભવ કર્યો છે તેને તું કેમ યાદ કરતો નથી ? કારણ કે પૂર્વ ભવમાં તું જ્યારે શ્રમણ હતો ત્યારે તેં કોપને આધીન બની જઇને તારા સારા ય શ્રમણપણાની વિરાધના કરી નાખી અને એથી જ ત્યાંથી મરીને તું કુત્સિત એવી જે જ્યોતિષદેવપણાની લક્ષ્મી તેને પામ્યો. તે પછીથી તું પોતે ત્યાંથી ચ્યવીને આ ઉપવનમાં તાપસ પુત્ર તરીકે જન્મ્યો અને તે પછીથી પાછો તું અહીં સર્પપણાને પામ્યો છે ! અને તેમાં ય પાછો તીવ્ર વિષવાળો થયો છે તો હે ભદ્ર આટલેથી પણ તું કોપને તજી દે !

ખરેખર આ કોપ એવો છે કે જે પરમ સુખની જે સંપદાઓ તેની પ્રાપ્તિમાં વિઘ્નભૂત છે. કલ્યાણરૂપી જે વેલડીઓ તે વેલડીઓને ઊખેડી નાંખનારો મલ્લ છે. પ્રખર એવો જે વિવેક તેનો મોટો દુશ્મન છે. કુશળ અનુષ્ઠાનો રૂપી જે ઉપવન તેને બાળી મૂકનારો અગ્નિ છે. અને ભયંકર એવી જે દુર્ગતિ તે દુર્ગતિમાં જે પતન થવું તે પતનનો જનક છે.

એટલા માટે કોપના અનુબન્ધે સર્વથા સર્યું—એટલે કે કોપાનુબંધને તું સર્વપ્રકારે તજી દે. ભગવાનના આ કથનનું શ્રવણ કરીને એ સર્પ પોતાના પૂર્વે અનુભવેલાને સ્મરણવશે કરીને ઉહાપોહ કરવા લાગ્યો, અને તેમાં એ બધું શું બન્યું હશે ને કેમ બન્યું હશે તેની ગવેષણા કરવા લાગ્યો, આ ગવેષણા કરતાં કરતાં એ દૃષ્ટિવિષસર્પને જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થયું એટલે તો એને પૂર્વના ભૂતકાલનો ઘણો સુંદર ખ્યાલ આવી જાય ને? એ સર્પને એ જ્ઞાનના બળે પૂર્વે પોતે જે તપશ્ચર્યા આચરેલ તે પણ જણાઇ અને પોતે શ્રમણપણાનું જે પરિપાલન કરેલું તે પણ જણાયું.

અને એ શ્રમણપણાની વિરાધનાને કારણે જ્યોતિષી દેવ તરીકેની જે ઉત્પત્તિ થયેલી તે પણ જણાઈ. આ વગેરે બધું પોતાનું પૂર્વાનુભૂત જણાયું. એથી એ સર્પમાં વિવેક પ્રગટ્યો. વિવેક પ્રગટવાના પરિણામે એનામાં ધર્મનો જે પરિણામ તે સારી રીતિએ પેદા થવા પામ્યો અને તેની સાથે પાપ પ્રત્યેની દુર્ગંછાનો જે ભાવ તે પણ પેદા થવા પામ્યો. વિવેક પ્રગટે, ધર્મનો સુન્દર પરિણામ પ્રગટે અને પાપ પ્રત્યે દુર્ગંચ્છાનો ભાવ જન્મે પછી જીવ શું કરે? પાપને તજવાનો અને ધર્મને સેવવાનો જ નિર્ણય કરે ને? આ દૃષ્ટિવિષ સર્પે પણ એમ કર્યું. અનશનને આદરવા દ્વારા શક્ય એટલી આરાધના કરી લેવાનો આ સર્પે નિર્ણય કરી લીધો. અનશનને આદરવાનો નિર્ણય કરી લઈને એ સર્પે ત્રણ ભુવનના ગુરૂ એવા ભગવાન શ્રી વર્ધમાનસ્વામીજી-

ને પ્રદક્ષિણા દેવા પૂર્વક પરમ ભક્તિથી વન્દન કર્યું અને તે પછીથી અનશનનો સ્વીકાર કરી લીધો. ભગવાનથી આ પણ અજાણ્યું નથી. ભગવાન જાણે જ છે કે –આ દૃષ્ટિ-વિષ સર્પ પ્રતિબોધ પામી ગયો છે. અને હવે સર્પે અનશનનો સ્વીકાર કર્યો છે; આમ એ સર્પને પ્રતિબોધ પમાડવાનું કાર્ય પરિપૂર્ણ થઈ જવા છતાં પણ એ સર્પ પ્રત્યેની અનુકંપાએ કરીને ભગવાન ત્યાંજ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા અને કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા ભગવાને અનશનને આચરી ચૂકેલા સર્પનું પરિપાલન કર્યું.

ચણ્ડકૌશિક સર્પે પણ શું કર્યું ? મારા રોષ વશે કરીને જે અગ્નિ દ્વારા કોઈ નો પણ પ્રાણનાશ થાઓ નહિ આવો વિચાર કરીને એ સર્પે મસ્તકને બીલમાં નાખી દીધું અને પોતાના શરીરના બાકીના ભાગને પ્રકટ રહેવા દીધો. ચણ્ડકૌશિક સર્પ અનશનને આદરીને અને મસ્તકને બીલમાં નાખીને એક મૃતકની જેમ સુસ્થિરપણે પડી રહ્યો છે. અને ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાને સુસ્થિર ઊભેલા છે એ દરમ્યાનમાં ગોવાળિયાઓ લપાતા છુપાતા નજીદીકમાં આવી પહોંચે છે. ભગવાનને તેમણે આ માર્ગે જવાનો નિષેધ કર્યો હતો છતાં પણ ભગવાન કનકખલ આશ્રમનાં માર્ગે જ આગળ વધ્યા હતા. એટલે હવે શું બને છે તે જાણવાનું એ ગોવાળિયાઓને મન થાય ને ? એ ગોવાળિયાઓને હવે શું બને છે એ જાણવાની ઇચ્છા જરૂર હતી પરન્તુ ભુલે ચુકે પણ ચણ્ડકૌશિક સર્પની નજરે પડી જવાય નહિ એની પણ એ ગોવાળિયાઓને પૂરેપૂરી

કાળજી હતી. આથી તે ગોવાળિયાઓ તરૂવરોના ઓથે પોતાના શરીરને છૂપાવી રાખીને નિહાળી રહ્યા છે. એ ગોવાળિયાઓની સાથે બીજા પણ માણસો હતાં એ બધાય જુએ છે કે ચણ્ડકૌશિક બીલમાં માથું નાંખીને નિશ્ચલપણે પડી રહ્યો છે. અને ભગવાન સમીપમાં જ ઊભેલા છે. ભગવાનને ઊભેલા જોયા એટલે એ દૃષ્ટિવિષ સર્પ ભગવાનને કાંઈ કરી શકયો નથી. એ વાતની ખાત્રી તો એ ગોવાળિયાઓ વગેરેને થઇ ગઈ, પરન્તુ દૃષ્ટિવિષ સર્પ નિશ્ચલપણે પડી રહેલો હોવા છતાં પણ તેમને એના ઉપર વિશ્વાસ આવ્યો નહિ. દૃષ્ટિવિષ સર્પ ઉપર વિશ્વાસ નહિ આવવાથી એ લોકોએ એ સર્પની ચેતનાની પરીક્ષા કરવાને માટે આઘે રહ્યે રહ્યે જ તેના ઉપર પત્થરના ટુકડાઓ ફેંકવા માંડયા. આ રીતિએ એ લોકોએ એ સર્પના દેહ ઊપર પત્થરના ટુકડાઓનો મારો ચલાવ્યો, તેમ છતાં પણ ચણ્ડકૌશિક નામનો એ સર્પ જરા સરખો ય વિચલિત થયો નહિ. એટલે એ લોકો એ સર્પની સમીપમાં આવ્યા અને સમીપમાં આવીને પણ એ લોકોએ એ સર્પને લાકડીથી ઘસી જોયો. લાકડીથી ઘર્ષણ કરવા છતાં પણ જ્યારે એ સર્પ હાલ્યો ચાલ્યો જ નહિ એટલે પછી એ લોકોએ બીજા બધા માણસોને કહેવા માંડયું કે દેવાર્યે દૃષ્ટિવિષ સર્પને ઉપશાન્ત કરી દીધો છે. અને એથી એ હવે કોઇને કરડતો નથી.

સવાલઃ– ભગવાન જ્યારે એ સર્પનું પ્રતિપાલન કરવાને માટે જ અનુકંપાથી રોકાયા હતા તો પછી એ લોકોને

પત્થરોના ટુકડાઓ મારતાં અને લાકડીથી સર્પના દેહને ઘસતાં ભગવાને રોકયા કેમ નહિ ?

જવાબ:– ભગવાન રોકે તોય કયારે રોકે ? ચણ્ડકૌશિકના આત્માનું અહિત થતું લાગે ત્યારે રોકે ને ! ભગવાન તો જાણતા હતાં કે આ ઉપદ્રવથી પણ ચણ્ડકૌશિક ચલચિત્ત થવાનો નથી, ભગવાને જોયું કે આ ઉપદ્રવ પણ તેની આરાધનમાં સહાયક જ બની રહ્યો છે. ઉપદ્રવોને જો સમભાવે સહવામાં આવે તો એથી તો કઠોર એવા પણ કર્મોથી નિર્જરા સુલભ બની જાય છે. પેલા ગોવાળિયા વિગેરે લોકોએ જ્યારે એવી વાત ફેલાવી દીધી કે ભગવાને દૃષ્ટિવિષ સર્પને ઉપશાન્ત કરી દીધો છે. અને એથી તે હવે કોઈને કરડતો નથી એટલે લોકો આવી આવીને ભગવાનને નમસ્કાર કરવા લાગ્યા. ભગવાનને નમસ્કાર કરીને લોકો એ સર્પને પણ નમસ્કાર કરવા લાગ્યા અને તેનો મહિમા કરવા લાગ્યા. એટલે કે તેના વખાણ પણ કરવા લાગ્યા.અને તેની પૂજા પણ કરવા લાગ્યા. એમ થતાં બીજી પણ ગોવાલણો ઘી, દૂધ, દહીં વગેરેને વેચવાને માટે ત્યાં થઈને જતી વેળાએ તે સર્પને ઘી ચોપડવા લાગી. ગોવાલણોએ તો આવું કર્યું એ સર્પ પ્રત્યે જાગૃત થયેલા સદ્ભાવથી.

પરન્તુ એનું પરિણામ એ આવ્યું કે એ ઘી વિગેરે ગંધને કારણે કીડીઓના ટોળે ટોળા ત્યાં ખેંચાઈ આવ્યા. એ કીડીઓએ ઘીને માટે એ સર્પના દેહ ઉપર પોતાના મુખથી તીક્ષ્ણ ડંખો મારવા માંડયા. એને લઈને એ સર્પના

દેહમાં તીવ્ર વેદના ઉત્પન્ન થવા પામી. આ રીતિએ પોતાના દેહે તીવ્ર વેદના થતી હોવા છતાં પણ એ સર્પે એ વેદનાને સમ્યક્ પ્રકારે સહન જ કરી લીધી, એ વેદનાને સમ્યક્ પ્રકારે સહન કરતે કરતે એ સર્પ પંદર દિવસની સંલેખનાથી કાળ કરીને સહસ્રાર નામના દેવલોકમાં અઢાર સાગરોપમના આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન થયો. આ રીતિએ ચણ્ડકૌશિકના વૃત્તાન્તને વર્ણવવો પૂરો કરીને આ ચરિત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે આ પ્રકારે ચણ્ડકૌશિકને સુખની પરંપરામાં પોઢી દીધા બાદ ત્રણ ભુવનના એક દિનકર એવા શ્રી વીરપરમાત્મા ત્યાંથી નીકળીને ઉત્તરવાચાલસન્નિવેશે પધાર્યા અને ચણ્ડકૌશિક સર્પનો જીવ સદ્ગતિને પામ્યા કરવાનો તેમજ અન્તે એ જીવ મોક્ષને પામવાનો.

(ચણ્ડકૌશિક સર્પનો પૂર્વભવ સમાપ્ત)

જૈનદર્શનરૂપ મંદિરમાં પ્રવેશના ચાર દ્વારો છે.

દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ, ચરણકરણાનુયોગ. આ ચાર યોગમાં જૈનદર્શનનું સ્વરૂપ સમજવા માટે તૃતીય નેત્રરૂપ ધર્મકથાનુયોગ છે. કથાઓમાં (સારૂ અને બરાબ) સજ્જન અને દુર્જનની પ્રવૃત્તિઓના બોધ લેવા લાયક દૃષ્ટાંતો હોવાથી માનવ માત્રને ઉપયોગી છે. જ્યારે કથાનુયોગના દૃષ્ટાંતો વાંચે છે અને તે ઉપર મનન કરે છે ત્યારે તેઓ શુદ્ધ પ્રવૃત્તિઓની કોટી જાણી શકે છે. અને પરિણામે હિતકારક પ્રવૃત્તિમાં જોડાય છે. આ રીતે કથાસાહિત્ય બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત સર્વેને ઉપકારી નીવડે છે.

આ વિશ્વમાં અનાદિ કાળથી અનંતાનંત આત્માઓ ચતુર્ગતિમાં પરિભ્રમણ કરી રહ્યા છે. ભવભ્રમણની ભાવઠને ભાંગનાર–માત્ર ધર્મ છે. અને એ ધર્મની આરાધના માનવભવ સિવાય અન્ય કોઈ સ્થળે થઈ શકતી નથી. કારણ કે નારક આત્માઓ નારકીમાં પરમાધામીજન્ય અસહ્ય યાતનાઓના ભોગ બન્યા છે. એક ક્ષણ પણ એ ગતિમાં શાંતિ, સુખ કે, સમાધિ નથી. તિર્યંચો બિચારા અજ્ઞાન વિવેકહીન છે. જ્યારે દેવગતિમાં મોજશોખ, એશ આરામ અને વિષય વિલાસમાં મશગુલ બન્યા છે. માત્ર જ્ઞાન અને વિવેક જો હોય, તો તે મનુષ્યગતિમાં જ છે. માનવ ધારે તો ઊંચે જઈ શકે છે અને નીચે પણ જઈ શકે છે.

પુણ્ય યોગે પ્રાપ્ત થયેલ, દેવ દુર્લભ માનવભવને મેળવી વિવેકને ભૂલી–વિષયોમાં ઝુલી, બરાબ (સોબતો કરી) કર્મો કરી આ અમૂલ્ી તકને ગુમાવી દુર્ગતિનો મહેમાન બની આ આત્મા અનંતકાળથી સંસારમાં રખડે છે. **જન્મ તેનું મરણ છે.** માનવ ભવને પામીને ધર્મ આરાધના કરવી જરૂરી છે. જીવ પોતે જ પોતાના શુભાશુભ કર્મના બળે સુખી–દુઃખી થાય છે. જેથી સુખના અર્થી અને દુઃખના દ્વેષી આત્માઓએ શુભ કર્મનો સંચય કરવો જોઈએ. શુભ કર્મ માટે ધર્મની આરાધનામાં તન્મય બનવું જોઈએ. કયારે કૂના થઈશું. કાળ શિકારી કયારે પોતાના ફંદામાં દુભાવશે, એ કહી શકાય તેમ નથી. અચાનક આવીને ઉપાડી જશે. એ કાળ રાત કે દિવસ, બાળ કે વૃદ્ધ, રંક કે રાય. ન જોતાં ગમે તેવી અવસ્થામાં, ગમે તે સ્થાનમાં

ગમે ત્યારે અચાનક આવીને લઈ જશે. તે સમયે આપણું કોઇ રક્ષણ નહિ કરી શકે. દીનવદને બધું ય પડતું મૂકીને આત્માને એકલા ચાલ્યા જવું પડશે.

જે છ ખંડના સ્વામિ એવા ચક્રવર્તિઓની હજારો દેવો રક્ષા કરતા હતા, લાખો સૈનિકો જેની તહેનાતમાં હાજરા હજુર હતાં, વૈદ્યો, હકીમો, રાત દિવસ સેવામાં અડે પગે તૈયાર હતા, નવનિધાન અને ચૌદ રત્નના ધણી અને ધરતીને ધ્રૂજાવનારા ધરણીધરો પણ જ્યારે આ ધરણીમાં ઢળી પડયા ત્યારે આપણી શી ગણત્રી ? માટે સવેળા જાગવાની જરૂર છે. આંખે અંધાપા આવ્યો નથી, કાનથી હજી સારી રીતે સાંભળી શકીએ છીએ, ઈંદ્રિયો સતેજ છે. શરીર શિથિલ બન્યું નથી તે પહેલાં કંઇક કરી લેવાની જરૂર છે.

મનુષ્યની ચાર અવસ્થા કુદરતે કરી છે બાલ, યુવાન, પ્રૌઢ અને વૃદ્ધાવસ્થા. ધર્મ તો ચારે અવસ્થામાં કરી લેવાની જરૂર છે. કારણ કાળ કયારે કોળીઓ કરી જશે તે જ્ઞાની સિવાય જાણી શકાતું નથી. અને સાથે તો ધર્મ જ આવશે. જે સાથે આવે તેને ગુમાવવો ન જોઈએ. જે માણસે બાળપણામાં વિદ્યા ન મેળવી, યુવાનીમાં ધન-ન મેળવ્યું, પ્રૌઢાવસ્થામાં ધર્માચરણ ન કર્યું, તે વૃદ્ધાવસ્થામાં શું કરી શકશે ?

આ જીવનબાગ કેવો બનાવશો ? માનવ જીવન એ બગીચો છે. ફકત પૈસા માટે જીંદગીને વેડફી નાખવાની નથી. **રત્નો કરોડો આપતાં પણ, ક્ષણ ગયેલી ના મળે,**
ઉપદેશ આ પ્રભુ વીરનો, સાંભળજે તું પળે પળે,

નિદ્રા આળસ પરિહરી, કરજે તત્ત્વ વિચાર;
શુભ ધ્યાને મન રાખજે, શ્રાવક તુજ આચાર,

મહાવીર પ્રભુનો મુખ્ય ઉપદેશ હતો કે જીવો કર્મોથી કેવી રીતે બંધાય છે. અને તેનાથી કેવી રીતે છૂટે છે. જેમ સજ્જનના હાથમાં આવેલ વિદ્યા, ધન અને શક્તિ એ ત્રણેનો શુભ–સારા માર્ગે ઉપયોગ થાય છે. એજ ત્રણ વસ્તુઓ જો દુર્જન પાસે ગઈ હોય તો ઊલટી રીતે એટલે બીજાને દુઃખ ઉપજાવનાર થાય છે. કેવલ અનર્થને પેદા કરે છે. તેજ જ્ઞાનીઓ કહે છે, દેવને દુર્લભ મનુષ્ય ભવ જ્ઞાનીઓ માટે કર્મ છોડવાના ઉપયોગમાં થાય છે, અને અજ્ઞાનીઓને કર્મ બાંધવાના ઉપયોગમાં થાય છે.

" કોટી જન્મના પુણ્યથી, મલ્યો મનુષ્ય અવતાર;
ભાવધરી પ્રભુ પૂજ્યા નહિ, તો ફોગટ જશે અવતાર."

" મનુષ્યપણું, ઊત્તમકુલમાં જન્મ, વૈભવ, લાંબુ આયુષ્ય, રોગરહિતપણું શ્રેષ્ટમિત્ર, સુપુત્ર, સતી સ્ત્રી અને વીતરાગદેવની ભકિત, વિદ્વાનપણું, સૌજન્ય, પાંચ ઈન્દ્રિયોનું જીતવું, સુપાત્રે દાન દેવામાં પ્રીતિ, આ તેર ગુણો પુણ્ય વિના સંસારીઓને મળવા દુર્લભ છે. "

" મુરખ મન મમતા કરે, હું રળુ ને સૌ ખાય;
સૂકા કાષ્ટનો જીવડો, તેને પાણી કોણ પાય. "

હું કરૂં છું અથવા મેં કર્યું એ માનવીનો મોટો ભ્રમ છે. આ જગતમાં શુભાશુભ કર્મના ઉદય પ્રમાણે બધુ

બને છે. આ એક સનાતન સિદ્ધાંત છે. કર્મની સત્તા આગળ કોઈનું ચાલતું નથી. બધી વ્યવસ્થાનું સંચાલન હું જ કરી રહ્યો છું. આવું બોલનાર માણસ મિથ્યાભિમાનના મંચ ઉપર બેઠેલો છે. પણ આ મંચ પરથી કયારે દુર્ગતિના ખાડામાં પડશે તે કહી શકાય નહિ.

જે કાંઈ વિધિના લેખમાં લખાયું છે તેજ પ્રમાણે જગતના સર્વ પ્રાણીઓને પરિણમે છે.–ફળે છે એમ વિચારી ધીર પુરૂષો ગમે તેવા કપરા પ્રસંગમાં અને ગમે તેવી કઠંગી સ્થિતિમાં પણ ગભરાતા નથી, કાયર બનતા નથી, પણ ધૈર્યને ધારણ કરે છે અને ધર્મ કરણીમાં દૃઢ બને છે.

આવ્યો અરે તું એકલો, ને જઈશ પણ તું એકલો;
પરભવે પણ સુખી દુઃખી, થઈશ તું પણ એકલો;
વીતરાગ ભાષિત ધર્મ કેવળ, તે સમયે સાથે હશે;
દુર્ગતિ કેરા કૂપથી, તત્કાળ તેજ બચાવશે.”

એટલે આર્હત્ ધર્મના ઉપાસક જે બની શકે તે ધર્મ આરાધના કરીને દેવદુર્લભ મળેલા માનવભવને સફળ કરતાં જાઓ. આ ઉપદેશ મહાવીર પ્રભુનો હૃદયમાં કોતરી રાખો કે ધર્મ માનવ ભવ સિવાય અન્ય કોઈ ભવમાં કરવાનો ચાન્સ નથી.

આજે જેટલે અંશે સદાચારની જરૂર છે તેટલે જ અંશે અરે ! તેથી અધિક અંશે સદ્‌વિચાર અને સમ્યગ્ જ્ઞાનની અતિશય આવશ્યકતા છે. સદ્‌વિચાર રૂપી જલથી સિંચાયેલ સદાચાર બીજ ફૂલે છે. સમ્યગ્ જ્ઞાનના પ્રકાશવાળો

દીપક આત્માને સર્વ પદાર્થોના યથાર્થ સ્વરૂપની ઓળખ આપે છે– માનવ જીવનને ઉન્નત–ઊર્ધ્વગામી તથા મંગળમય બનાવનાર સમ્યગ્‌જ્ઞાન છે એ નિર્વિવાદ સત્ય છે. આત્માને સંસ્કારસરિત કરી ઊજ્જ્વળ બનાવે છે. ધર્મના સંસ્કારથી સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે એ માટે હંમેશા ધર્મના–પુસ્તકો વાંચવાની ઇચ્છા રાખો. ૐ શાંતિ

(પ્રથમ ખંડ સમાપ્ત)

આ પછી બીજા ખંડના વાંચનમાંથી જે કંઈ સાર ગ્રહણ કરવા યોગ્ય લાગે તે ગ્રહણ કરીને વાંચનને સફળ બનાવવા વિનંતિ– [**સંપાદક**]

વાચકોને વિનંતિ :

સુજ્ઞ વાચકો અને અધ્યાત્મપ્રેમી વાંચકો, કવિ કે લેખકની કલમને વ્યાકરણ દૃષ્ટિથી નથી જોતા પણ તેના ભાવને–કથનને જુએ છે. એ જ તેમનું લક્ષ હોય છે. તેથી પ્રસ્તુત પુસ્તકની વાકયરચના ન જોતાં લેખકના હૃદયના ભાવ વાંચવા અને મેં પણ તે દૃષ્ટિ લક્ષમાં રાખી સંશોધન કર્યું છે, કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા **માણું છું.**

સંશોધક — પી. જે. ઔવા.

શિવમસ્તુ !

માનવ મૂલ્ય

[હરિ ગીત]

વિદ્યા ભણી શા કામની, બીજાના ઉપયોગમાં થાય ના
સત્તા મલી શા કામની, પરોપકારે કરાય ના
લક્ષ્મી મળી શા કામની, સુપાત્રે વપરાય ના
જિંદગી મલી શા કામની, પ્રભુ નામ લેવાય ના
માનવ ભવ મલ્યો શા કામનો, ધર્મમાં રહેવાય ના

કયાં ધર્મમાં ? સમ્યક્ત્વ...

જ્ઞાની ભગવંતો કહે છે હે મહાનભાવો ! માનવ ભવ મહા દુર્લભ છે. આ જીવ પશુ, પંખી, દેવ, નારક વગેરે ઘણીએ યોનિમાં અનંતીવારથી રખડયા કરે છે. માનવ ભવમાં જીવ જે પ્રગતિવિકાસ કરી શકે તે બીજે ન કરી શકે. એટલે જ માનવભવ દેવદુર્લભ છે. માનવભવને પામીને આત્માના કલ્યાણાર્થે સદ્ધર્મની આરાધના થઈ શકે તે કરી લેવામાંજ ડહાપણ છે.

શિવમસ્તુ સર્વ જગતઃ

"ॐ अर्हं नमः"

"ॐ श्री आदिनाथाय नमः"

सद्बोध याने धर्मनुं स्वरूप

[खंड : २]

मंगलम् भगवान वीरो, मंगलम् गौतमः प्रभुः
मंगलम् स्थुलिभद्राद्या, जैनो धर्मोऽस्तु मंगलम् ॥

जैन धर्मने मंगलमां मंगल केम कहे छे ?

महानुभावो ! शास्त्रकार भगवंतोओ कह्युं छे के अनंता पुण्यनी राशि एकत्रित करी होय तो ते जीवात्माने जैन धर्मनी प्राप्ति थाय छे !

शास्त्रकारोओ आवुं शा माटे कह्युं हशे ? जैन धर्ममां एवुं शुं छे के जेना माटे थोडा नहि पण अनंता पुण्यनी जरूर पडे ? जगतमां धर्मो तो घणा छे. बधा धर्मो एक ज वात कहे छे : निर्मळ जीवन जीवो. पाप रहित जिंदगी गुजारो. कोईने पण दुःख आपो नहीं. पाप अने प्रभुनो डर राखीने तमारा जीवन कर्मो करो.

કોઇ જ ધર્મ અનીતિ આચરવાનું ફરમાવતો નથી. પાપનો પક્ષ કોઈ જ ધર્મ લેતો નથી. આમ જો બધા જ ધર્મો આવું કહેતા હોય તો પછી જૈન ધર્મની આટલી બધી મહત્તા શા માટે દર્શાવવામાં આવે છે ?

દેવાનુપ્રિયો ! જૈન ધર્મની મહત્તા તેના મુક્તિના ધ્યેયમાં રહેલી છે. જૈન ધર્મે મુક્તિ ઉપર જેટલો ને જેવો ભાર મૂકયો છે તેટલો ભાર મુક્તિ ઉપર બીજા કોઈ ધર્મે મૂકયો નથી. જૈન ધર્મ સર્વાંશે ને સર્વથા મુક્તિની વાત કરે છે. દરેક જીવાત્મા પોતે અખંડ ને અવિરત પ્રયત્ન કરે તો એ પરમાત્મા બની શકે છે. આવું માત્ર જૈન ધર્મ જ કહે છે. ઉપરાંત મુક્તિ પ્રાપ્ત કરવા માટે જ્ઞાની ભગવંતોએ એટલા બધા આદેશો ફરમાવ્યાં છે કે તેમાંના એક જ આદેશનું યથાર્થ પાલન કરવામાં આવે તો જરૂર સંસાર સાગર પાર કરીને મુક્તિના કિનારે પહોંચી શકે છે. અને એ માટે મનુષ્ય ભવજ શ્રેષ્ઠ છે કારણ કે મનુષ્ય ભવમાંથી જ મુક્તિમાં જઇ શકાય છે. આ માટે જ અધ્યાત્મયોગી પૂજ્યશ્રી આનંદઘનજી મહારાજનું પદ :

યા પુદ્‌ગલકા કયા વિસવાસા ?
હૈ સુપનેકા વાસા રે, યા પુદ્‌ગલકા...
ચમત્કાર વિજલી હૈ જૈસા,
પાની બિચ પતાસાં;
યા દેહકા ગર્વ ન કરના,
જંગલ હોયગા વાસા...યા પુદ્‌ગલકા,...

પૂજ્યશ્રી આનંદઘનજી મહારાજ આત્માને કહે છે કે હે આત્મા ! જે પુદ્ગલ ઉપર તું મમતા રાખી રહ્યો છે, તે પુદ્ગલ શરીરનો શો ભરોશો ? ક્યારે એ રોગોથી ભરાઈ જશે અથવા તો ક્યારે ગમે તે પળે એનો નાશ થશે. જેમ સ્વપ્નમાં રાજ્ય મળ્યું, શેઠાઇ કરી, આંખ ઉઘડી અને ખેલ ખલાસ. તેમ આ શરીર સ્વપ્ન જેવું છે.

અંધારામાં એક ક્ષણ વિજળી ચમકીને ઝગમગાટ થયેા. ઝગમગાટ થયાની બીજી ક્ષણે અંધારૂં, તેવી દશા આ તારા પુદ્ગલની છે. પાણીની અંદર પતાસું મુકયું હોય તો તે ધીમે ધીમે ઓગળી જવાનું છે. તેમ હે આત્મન્ ! આ તારૂં શરીર ધીમે ધીમે જીર્ણ થતું જશે, બળ ઘટતું જશે, કાંતિ અને રૂપ મલિન થતાં જશે, ગાત્ર ગળતાં જશે, નેત્રનું તેજ ઘટતું જશે, સાંભળવાની શક્તિ હીન થતી જશે. હાથ પગ કામ કરવા અસમર્થ બનતા જશે, ચાલવાની શકિત ઘટતી જશે, ચાલતાં, બેસતાં, ઉઠતાં શ્વાસ ચઢી જશે તો પછી એ પુદ્ગલ પર આટલી બધી મમતા શા માટે ? દેહ અથવા શરીરનો આટલો મોહ શા માટે ? હે આત્મન્ ! દેહ તું નથી. તારાથી એ અત્યંત ભિન્ન છે, એ તો હાડ, માંસ, રૂધિર, ચરબી અને મલ-મૂત્ર આદિ દુર્ગંધી પદાર્થોથી ભરપૂર છે. પૂર્વકર્મના સંજોગથી તું એની સાથે એકાકાર થઇને રહ્યો છે. પરંતુ જે દેહ તારાથી ભિન્ન છે, અને નાશવંત છે. એનાથી તારે અલગ થયે જ છુટકો છે. તો પછી એનો ગર્વ શો ? એક દિવસ એ તારા પુદ્ગલનો જંગલમાં-સ્મશાનમાં વાસ થવાનો છે.

જુઠે તન ધન જુઠે જોબન,
જુઠે હૈ ઘર વાસા;
આનંદઘન કહે સબ હી જુઠે,
સાચા શિવ પૂર વાસા...યા પુદ્‌ગલ

આ દેહ જુઠો છે. દુઃખમય, અસ્થિર અને વિનાશી દેહમાં મમત્વ કરવાથી અનંતકાળ જન્મ-મરણનાં દુઃખો ભોગવવાં પડે છે. લક્ષ્મી ચલિત છે. જુવાની (જવાની), તો ચાલી જવાની છે. ઘરવાસા એટલે સંસારમાં રહેવું તે પણ આત્માને માટે દુઃખમય છે. જેનાથી જન્મ-મરણના ફેરા ચાલુ જ રહે છે.

માટે પૂજ્યશ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે તન-ધન, જોબન અને ઘરવાસ એ બધું જ જોટું છે. જગતમાં એક જ વસ્તુ અચલ છે અને તે ફક્ત શિવપુર-મોક્ષનો વાસ.

ઉપસંહાર :— શરીર મમતાનો ત્યાગ કરી સાવધનતા પૂર્વક ધર્મ-ધ્યાન, સહિત વીતરાગના જ્ઞાનપૂર્વક જો સમાધિ મૃત્યુ થાય તો ફરી વાર આત્મા દેહ ધારણ કરે નહિ અને શિવપુરમાં વાસ થાય. હે આત્મન્ ! મહા મુશ્કેલીએ મળેલો અતિ દુર્લભ માનવ ભવ સફળ કર.

હે આત્મન્ ! તારા દેહને ભોગ-ઉપભોગથી ગંદો ન બનાવ. દેહ તો એક મંદિર છે મંદિર. તેમાં અજર-અમર, નિરંજન-નિરાકારી અરૂપી આત્માનો વાસ છે. ચૈતન્યની

લાખ જીવા-યોનિમાં પરિભ્રમણ કરતાં મળેલા મનુષ્ય ભવને સાર્થક કરવાની ઇચ્છા થાય તો જિનેશ્વર ભગવાને કહેલા(જિનભાષિત) જૈનધર્મને આરાધો.

ભવ્યો ! અનંતકાળથી આપણો જીવાત્મા અનેક પ્રકારના દેહ ધારણ કરતો કરતો આવ્યો છે. ચોર્યાસી લાખ યોનીમા આપણો જીવાત્મા ભટકયો છે. ત્રસ, સ્થાવર, સુક્ષ્મ, બાદર, સંમુર્ચ્છન, નારક, તિર્યંચ, દેવ અને મનુષ્ય વગેરેના અનેક દેહો આપણે ધારણ કર્યા છે. આપણને આપણા પૂર્વ ભવોની ખબર પડતી નથી. નહિ તો જો તેની જાણ થાય તો, કાયી પણ આપણો આ દેહનો મોહ છુટી જાય.

નીચેથી ઉપર જવું હોય, અંધારામાંથી પ્રકાશ તરફ જવું હોય, સંસારમાંથી મુક્તિ મેળવવી હોય તો ધર્મ ગુરૂઓનો સંગ કરો. (ગુરૂ દીવો છે)

અંધારામાં વાળેલી ગાંઠ પ્રકાશમાં છોડી શકાય છે તેમ અજ્ઞાનથી કરેલા કર્મ જ્ઞાનથી નાશ કરી શકાય છે. દેવ-ગુરૂ-ધર્મ ઉપર સાચી શ્રદ્ધા રાખો.

શ્રદ્ધા ભરી એ જિંદગી, તે તો કદી ફરતી નથી;
શ્રદ્ધા વિનાની જિંદગી, એ તો કદી ફલતી નથી.

વણસેલા આજના દેશ-કાળમાં પરમ-તારક પરમાત્માના નામ કરતાં આપણને જો આપણું નામ વધુ વહાલું લાગતું હોય તો એ કહેવું પડશે કે હજી આપણે સાચા ધર્મને પામ્યાં નથી.

મોંઘા ઘરમના મૂલ છે, સાચા ઝવેરી પારખે,
ખોટા હીરા છે સેંકડો, પણ કોહીનુર તો એક બે;
કકો ન જાણે ધર્મનો, દાવો છતાં તેનો કરે,
એવા ભારત દેશમાં, આજે જુઓ ઘણા ફરે.

કેટલાક ઠેકાણે શાસ્ત્રનો (શ) પણ જાણતા ન હોવા છતાં (સત્તા ને માનના ભુખ્યા) સંઘના સુકાની બની ક્ષેત્ર–કાળના નામે સંઘનું સંચાલન કરનારા ભાગ્યશાળીઓને સમજવા જેવું છે કે મૌન રહેવું હજાર દરજ્જે સારૂં પણ શાસ્ત્ર વિરુદ્ધ એક અક્ષર પણ બોલવો તે ખતરનાક છે.

જૈન શાસ્ત્રકારો સંસારના કીચડના કોઈ 'બદબદતા કીડાઓ ન હતાં પણ મહાન્ ત્યાગીપુરૂષો હતાં. સ્વાર્થી ન હતાં, લોભી ન હતાં પણ નિસ્પૃહ હતાં. પક્ષપાતી ન હોતાં પણ યથાર્થવાદી હતાં અને ભવાભિનંદી ન હતાં પણ આત્માનંદી હોઈ પાપભીરૂ હતાં. તેમના માટે કોઇ શંકા કરાય જ કેમ ? કરવી એ મહા પાપ છે આજ્ઞામાં ધર્મ છે. પ્રભુની આજ્ઞાનો ભંગ એ બધાને માટે હાનિકારક છે.

પૂજ્ય આનંદઘનજી મહારાજ તો એકદમ સાચા અધ્યાત્મ યોગી હતા. તે કોઈ સામાન્ય પુરૂષ ન હતાં. તેમના એક એક શબ્દ ગ્રહણ કરવાથી આપણું અજ્ઞાનપણું (મિથ્યાત્વ) નીકળી જાય તેમ છે. પૂ. યોગીશ્વર આનંદઘનજી મહારાજે કહ્યું છે કે—

પાપ નહિ કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહિ કોઈ જિન સૂત્ર સરીખો.

ભાવાર્થ:— જિનેશ્વર ભગવાનના સૂત્ર વિરોધી ઉત્સૂત્ર બોલવા જેવું કોઈ પાપ નથી. અને ધર્મ જિનેશ્વરની આજ્ઞામાં છે. તે માટે કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે વીતરાગ સ્તોત્રમાં ફરમાવ્યું છે કે હે વીતરાગ ! તમારી પૂજા કરતાં આજ્ઞાનું આરાધન મુક્તિ અપાવે છે, ત્યારે તેનું વિરાધન સંસાર ચક્રમાં રખડાવે છે. પણ મદિરાના નશામાં ચકચૂર મનુષ્ય જેવી રીતે હિતાહિતને નથી જાણતો તેવી રીતે મિથ્યાત્વથી મોહિત જીવ ધર્મ–અધર્મને સમજતો નથી. વિવેક કરી શકતો નથી.

આજના વિજ્ઞાનના જમાનાની અસર જૈનોને પણ લાગી ગઇ છે.

વિજ્ઞાન યુગે અધર્મ શ્રવણની અનેક સામગ્રી સુલભ બનાવી છે. હાલમાં આનંદ–પ્રમોદના સાધનો તો ઘણા જ વધી રહ્યાં છે. ટી. વી, સિનેમા, રમત–ગમત અને બીજા અનેક કાર્યક્રમ ઉજવવા વિગેરેના આકર્ષણ તો ચાલુ જ હોય છે. રેડિયો દ્વારા અનેક કર્ણપ્રિય ગીતો રોજ સાંભળવા મલે છે. દૂર–દેશના રોજ–રોજના બનાવો ઘર બેઠે સાંભળી શકાય છે. પણ ધર્મનું શ્રવણ તો દુર્લભ છે. સાચાં ત્યાગી પાસેથી જ ધર્મનું શ્રવણ શકય છે. આજે જેને વિજ્ઞાન કહેવામાં આવે છે, તે વિજ્ઞાન ભૌતિક છે. એટલે પદાર્થોનું પ્રયોગ વિજ્ઞાન છે. તેમાં ફેરફારને પણ અવકાશ રહે છે. પરંતુ હજારો વર્ષો પહેલા વીતરાગ પરમાત્મા-

એઓએ પોતાની આધ્યાત્મિક સાધના દ્વારા યોગ વિજ્ઞાન શોધી કાઢયું તે અજેય, અક્ષીણ અને અપરિવર્તનીય છે.

આધ્યાત્મિક વિજ્ઞાન એ કેવલી ભગવંતોએ આપણા ઉપકાર માટે આપેલી મહાગુણી દેનગી છે. એનો ઉપયોગ જાગૃત બુદ્ધિથી કરતા રહીએ તો માનવભવની સફળતા સિદ્ધ થતાં વાર ન લાગે. જ્ઞાન ગમે તેટલું મેળવીએ પણ સાચા જ્ઞાન માટે શ્રદ્ધા ન જન્મે તો એ જ્ઞાન કોઈ ઉપયોગમાં આવતું નથી.

ખોટા વિચારો બદલવામાં નાનપ નથી, ખોટા વિચારો કોણ ન બદલે. કાં તો એ અજ્ઞાન(મૂર્ખ)હોય અથવા પાગલ હોય.

કદાગ્રહ (ખોટા વિચારો) ન છોડવા ઉપર દૃષ્ટાંતઃ-

ચાર મિત્રો કમાવા માટે પોતાના ગામથી પરદેશ જઇ રહ્યાં હતાં, તે વખતે પગે ચાલીને લાંબે જવાનું રહેતું. ચાલતાં-ચાલતાં રસ્તામાં લોખંડની ખાણ નજરે પડી, એટલે ચારે મિત્રોએ લોખંડ લઈને ચાલવા માંડયું. આગળ જતાં તાંબાની ખાણ જોવા મલી, એટલે થયું કે લોખંડ મૂકીને તાંબાને લઇ લઇએ, એના પૈસા વધુ મલશે. ૩ મિત્રોએ લોખંડને મૂકી તાંબાને લઈ લીધું પણ ચોથા મિત્રે કીધું કે પહેલું મળ્યું તે સોનું. તેને હું નહિ મુકું. આગળ જતાં રૂપાની ખાણ જોવા મલી ત્યારે પણ ત્રણ મિત્રોએ તાંબુ નાખીને રૂપું લઈ લીધું પણ ચોથા કદાગ્રહી મિત્રે લોખંડ મુકયું નહિ. આગળ જતા સોનાની ખાણ

જોવા મળી ત્યારે પણ ત્રણે મિત્રોએ ચોથા કદાગ્રહી મિત્રને કીધું કે જલ્દી માણસ હુચે તો લોખંડને મૂકીને સોનું લઇ લે, તેના પૈસા વધુ મલશે, પણ (કદાગ્રહી) ખોટા વિચારો નહિ છોડનારે લોખંડને મુકયું નહિ. હવે ત્રણે મિત્રોને કમાવા આગળ જવાની જરૂર હતી નહિ, એટલે પાછા વળીને ત્રણે મિત્રો સોનું વેચીને પૈસાદાર થયા. જ્યારે ચોથા મિત્ર લોખંડને મુકયું નહિ તેથી પોક મૂકીને રડવા બેઠો. પછી રડવાથી શું ફાયદો ? તેવી રીતે સોનાતુલ્ય સાચા ધર્મને માટે લોખંડ જેવા (મિથ્યાત્વ ધર્મ) ધર્મને નહિ મુકનારને શું કહેવું ? પાગલ કે મૂર્ખ. આ રૂપક કથા વાંચીને વિચાર કરજો. મિથ્યાત્વ એવો પ્રદેશી રાજા પણ કેશી ગણધરના ઉપદેશથી (સત્યધર્મ) સમ્યકૂત્વને પામીને સદ્‌ગતિએ ગયો કે નહિ ? તેણે જ્યારે કદાગ્રહને છોડયો ત્યારે જ સાચા ધર્મને પામ્યો ને ?

ગતિ સે પહેલે ધ્યેય બનાના જરૂરી હૈય;
યાત્રાસે પહેલે પાથેય બનાના જરૂર હૈય.
જીવન વિકાસ કે શ્રેષ્ટ સોપાન કે લિયે;
પરમાત્માકો આધેય બનાના જરૂર હૈ.

-:પ્રભુને પ્રાર્થના:-

અસત્યોમાંથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઉંડા અંધારેથી પરમ તેજે તું લઇ જા; (૧)
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ તું લઈ જા,
તું હીણો હું છું, તુજ દર્શનના દાન દઈ જા. (૨)

આ સ્તુતિ સાચા હૃદયથી પ્રભુની સામે કહેવાથી અંતરમાં પ્રભુ ઉપર સાચી શ્રદ્ધા થાય છે. આચાર્ય ભગવાન શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે કલ્યાણમંદિરની ૩૮ મી ગાથામાં ભગવાનની સ્તવના કરતાં કહ્યું છે કે—

હે પ્રભુ! મેં ભૂતકાળમાં તારી વાણી તારા મુખેથી સાંભળી છે. ભગવન્! તારી પૂજા પણ મેં કરી છે. તને મેં જોએલ છે. પણ હે નાથ ખરેખર ભક્તિપૂર્વક હૃદયમાં મેં તને જે રીતે ધારણ કરવા જોઈએ તે રીતે ભાવપૂર્વક હૃદયમાં મેં તને ધારણ કરેલ નથી તેથી જ હે દેવ! હું અત્યાર સુધી સંસારમાં ચારે પ્રકારની ગતિઓમાં પરિભ્રમણ કરીને દુઃખનું ભાજન બનેલ છું, કારણ કે ભાવ રહિત ક્રિયા જોઈએ તેવું વાસ્તવિક ફળ આપતી નથી.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન;
ભાવે જિનવર પૂજીએ ભાવે કેવલ જ્ઞાન,

જે ભાવથી ભક્તિ થાય તેનું ફળ સારૂં મલશે. ધર્મથી બધું મળે પણ મહાન કિંમતી વસ્તુનો ઉપયોગ તુચ્છ હલકી વસ્તુ (સંસારના સુખો માટે) લેવા માટે કરવો એટલે મહાન વસ્તુની લઘુતા કરવા બરાબર છે.

મોક્ષદાયક ધર્મનો ઉપયોગ હલકી વસ્તુ સંસારના સુખો માટે કરવાથી ચિંતામણી રત્ન વેચીને બોર ખરીદવા જેવું છે. ચિંતામણી રત્ન મળ્યા પછી માણસને પૂર્વના સોના, ચાંદીના વૈભવો તુચ્છ કિંમત જેવા લાગે છે. જેમ

ચિંતામણી રત્નની ઉપાસના કરનાર કદી દરિદ્ર ન હોય તેમ રત્ન ચિંતામણીથી અધિક વીતરાગ પરમાત્માની ઉપાસના કરનારો ગુણથી કદી દરિદ્ર હોય ખરો ?

–:ધર્મનો સાચો અર્થ શુ ?:–

ધર્મ શબ્દ ધૃ ધાતુ પરથી બનેલો છે. ધૃ–ધર એટલે ધારણ કરવું. શું ધારણ કરવું? ધારણ કરવાના અર્થમાં ગોટાળો, ગેરસમજ કે કોઈ ગંદો વિચાર ન આવે તેટલા માટે ધારણ શબ્દને મધ્યમાં રાખીને આપણા શાસ્ત્રકાર ભગવંતોએ ધર્મની વ્યાખ્યા બાંધી છે કે :–' જે પ્રાણીઓને દુર્ગતિમાં પડતો ધારી રાખે તેને ધર્મ કહેવાય ! '

આ ધર્મ જીવને દુર્ગતિમાં જતો અટકાવે છે, એટલું જ નહિ પરંતુ તે જીવને સદ્ગતિમાં પણ લઈ જાય છે, ધર્મ એક સાથે બે જાતનું કામ કરે છે. જીવને દુર્ગતિમાં જતો બચાવે છે. અને સદ્ગતિમાં લઈ જાય છે.

કહ્યું છે કે :—

' દુર્ગતિમાં–દુર્ગતિ તરફ જઈ રહેલા જીવોનો ઉદ્ધાર કરીને તેમને ફરીથી શુભ સ્થાને સ્થાપે છે. તેથી તે ધર્મ સાચો ધર્મ કહેવાય છે.

એક વખતના હત્યારા દૃઢપ્રહારી મહાત્માને ધર્મે સદ્ગતિમાં મોકલ્યો તેનું દૃષ્ટાંત આગળ આ પુસ્તકમાં વાંચવા મળશે. ધર્મથી બધું મળે છે. તે છતાં ય ધર્મથી ધૂળ જેવી સંસારની વસ્તુઓને માંગવી એ તો બેવકૂફી છે.

ધર્મ પાસે માંગણી કરવાની જરૂર જ નથી. આપણે તો એક જ ધ્યાન રાખીને ધર્મનું યથાવિધિ આરાધન કરવાનું છે. ધર્મનું આરાધન કરનારો આત્મા આ લોકમાં પરમ શાન્તિને પામી શકે છે. કારણ કે તે તેના અશુભ વિચારો આદિથી પર બની જાય છે. અને પરલોક તેનો સુંદર જ બને છે. સદ્‌ધર્મની આરાધનાના યોગે મુક્તિ સુખની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પૌદ્‌ગલિક ભોગસામગ્રી પણ ઉત્તમ પ્રકારની પ્રાપ્ત થાય છે. અને તે સામગ્રીનો ભોગવટો પણ આત્માને ઇતર ધર્મની જેમ ભોગરસિક બનાવતો નથી.

(જુઓ એવા આત્મા ધન્ના, શાલિભદ્ર, જંબૂકુમાર)

તમે તમારી ફરજ બજાવશો તો ધર્મ પોતાની ફરજ બજાવ્યા વિના રહેશે જ નહિ. ધર્મ એ એક એવો **સ્વામી** છે કે તેના આરાધકને વગર માગ્યે પણ સુન્દરમાં સુન્દર બદલો પ્રાપ્ત કરવાને લાયક બને એવી જોગવાઈ કરી આપે છે અને આરાધનાના બળે તે અલ્પ કાળમાં જ મુક્તિ સુખનો ભોક્તા બની જાય છે.

ધમ્મો મંગલ મુક્કિટ્ઠં અહિંસા સંજમો તવો;
દેવાવિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો. ૧

મુમુક્ષુ, પુછે છે મહર્ષિને "ભગવન્! જગતમાં ઉત્કૃષ્ટ મંગલ કયું છે?"

મહર્ષિ પ્રત્યુત્તર આપતાં જણાવે છે ભાગ્યવાન્! આ વિશ્વમાં (જગતમાં) ધર્મ જ એક ઉત્કૃષ્ટ મંગલ છે. મંગલ

એટલે જે આપણા અશુભનો (પાપનો) નાશ કરે. આવું ઉચ્ચ માંગલ્ય ધર્મમાં જ વસેલું છે

જિજ્ઞાસુ મુમુક્ષુ પુનઃ પ્રશ્ન કરે છે કે હે ભગવન્ ! કયો ધર્મ એવો છે કે જેને આપ ઉત્કૃષ્ટ મંગલરૂપ કહો છો ?

મહર્ષિ કહે છે, ભાગ્યવાન્ ! જેના મૂળમાં જીવોની જતના (અહિંસા) પડેલી છે જેના મૂળમાં સંયમ અને તપ છે, એ ધર્મ આ જગતનું સર્વોત્કૃષ્ટ મંગલ છે, અને આવા ધર્મના સાચા આરાધકના ચરણે દેવલોકના દેવો ય ભાવભર્યા નમસ્કાર કરે છે. ભવીજીવને શ્રીજિનેશ્વર દેવોનો પ્રકાશેલ ધર્મ આરાધવો ગમે છે.

સંસાર અનાદિથી છે. (જીવ) આત્મા અનાદિથી છે. આત્મા સાથે કર્મનો સંબંધ પણ અનાદિથી છે, તેમ નમસ્કાર મહામંત્ર પણ અનાદિથી છે.

"નવકાર તણી કોઈ આદિ ન જાણે,
એમ ભાખે અરિહંત"

જિનેશ્વર દેવો તરણતારણ કેમ કહેવાયા ? :-

અર્થ:- પોતે તર્યા અને અન્યને તારવાની ભાવનાવાળા દેવાધિદેવ પ્રભુ પરમાત્માનું દર્શન કર્યા પછી સંસારના કોઈ પણ ભાવમાં એક ક્ષણ પણ સ્થિર રહી શકવાનું ખુબ જ મુશ્કેલ બની જાય છે. (એ દર્શન સાચું દર્શન છે.)

પરમાત્માના દર્શન કરતી વખતે ભલે બીજું કાંઈ પણ ન આવડતું હોય તો વાંધો નથી. ફક્ત સાચા હૃદયથી

(સાચા દીલથી) શુદ્ધ અંતઃકરણથી અને સાચા ભાવથી કહેજો કે હે ભગવન્! " આપની ભક્તિથી આપ સમાન બનાવો અને મારો સ્વીકાર કરી લ્યો. " બસ એથી વધુ મને કાંઈ પણ કહેતાં આવડતું નથી આ પ્રાર્થના આત્માને પવિત્ર બનાવી દેશે.

પરમાત્માને હૃદયમાં સ્થાપન કરવા માટે પહેલાં તો મન સ્વસ્થ જોઈશે. મન જ્યાં સુધી સંપૂર્ણ સ્વચ્છ ન હોય ત્યાં સુધી આત્માને પરમાત્માના સાક્ષાત્કાર થવાને બદલે ભ્રમણાઓનો ભોગ બનવાનો સંભવ રહે છે. પાષાણની મૂર્તિમાં કોઈને ભગવાન દેખાય છે જ્યારે એજ મૂર્તિ કોઈને પત્થર દેખાય છે. આ મનનું કારણ છે.

ધ્યય-પત્થરકા દેવળા ને, ધ્યય ધ્યત્થરકા દેવ;
તેમાં ઘડીએ ઘડીએ જીવ જી....

જે આરસના પત્થરમાંથી ભગવાનની મૂર્તિ બને છે એ આરસના પત્થર દેરાસરમાં આંધકામમાં વપરાય છે. ભગવાનની મૂર્તિને જ્યાં સુધી એની પ્રાણપ્રતિષ્ઠા (અંજનશલાકા) ન થઇ હોય ત્યાં સુધી એ ભલે ન પૂજાય. પણ જ્યારે એની પ્રાણપ્રતિષ્ઠા (અંજનશલાકા) થઈ જાય છે ત્યારે એમાં પ્રાણ પુરાતાં એ જીવંત બની જાય છે. પછી મૂર્તિ નહીં પણ સાક્ષાત્ ભગવાન્ બની જાય છે.

સૂત્ર સિદ્ધાંતે રે કે, જિન પ્રતિમા જિન કહી.

પ્રભુ દર્શનનો ઉદ્દેશ જીવનશુદ્ધિ અને આત્મશુદ્ધિ

કરવા માટે છે. વીતરાગ પ્રભુની શાંત મુદ્રાનું દર્શન તેના શાસન પંથે ચાલવા ઉત્સાહ પ્રગટાવે છે. અને અંતઃકરણમાં એક મહાન આનંદ રેડે છે. પ્રભુની શાંત મુદ્રા જોતાં આપણને અનેકાનેક ઉચ્ચ ભાવનાઓ સ્ફૂરી આવે છે. આપણા અધઃપતિત જીવન માટે આપણા હૃદયમાં ખેદ ઉત્પન્ન થાય તો સાચું દર્શન થયું કહેવાય.

નમો અરિહંતાણં થી જ સિદ્ધત્વની પ્રાપ્તિ હોવાથી અરિહંતનું સ્મરણ મનમાં ચાલુ રાખવાની જરૂર છે.

અરિહંત, અરિહંત, સમરતાં, લાધે મુકિતનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેના સરશે કામ...૧

સુતાં બેસતાં જાગતાં, જે સમરે અરિહંત;
દુઃખીયાના દુઃખ કાપશે, હોશે સુખ અનંત...૨

આશ કરો અરિહંતની, બીજી આશ નિરાશ;
જે જગમાં સુખીયા થયા, પામ્યા લીલ વિલાસ...૩

ચેતન તેં ઐસી કરી, જેસી ન કરે કોય;
વિષયા રસને કારણે, સર્વસ્વ બેઠો ખોય...૪

જો ચેતાય તો ચેતજે, જો બુઝાય તો બુઝ;
આનારા સર્વે આઇ જશે, માથે પડશે તુજ...૫

રાત્રી ગુમાવી સુઇને, દિવસ ગુમાવ્યો આય;
હીરા જેવો મનુષ્ય ભવ, કોડી બદલે જાય...૬

જિન પૂજા જસ ઘર નહીં, નહીં સુપાત્રે દાન;
તે કેમ પામે બાપડા, મુક્તિ સુખ નિધાન...૭

સ્વામીના સગપણ સમું, અવર ન સગપણ કોય;
ભક્તિ કરો સાધર્મિની, સમકિત નિર્મળ હોય...૮
સાધુ તો સુખીયા ભલા, દુઃખીયા નહીં લવલેશ;
અષ્ટ કર્મને જીતવા, પહેર્યો સાધુ વેષ...૯
મુનિવર ચૌદ હજારમાં, શ્રેણીક સમા મોજાર;
વીર જિણંદે વખાણીઓ, ધન્ય ધન્નો અણગાર...૧૦

અરિહંતનું શરણું, સિદ્ધ ભગવંતનું શરણું, સાહુનું શરણું અને કેવલી ભાષિત ધર્મનું શરણું. આ ચાર શરણા આ ભવ, પરભવ અને ભવોભવ એટલે જ્યાં સુધી મારા આત્માની મુક્તિ ન થાય ત્યાં સુધી હોજો.

-: કલ્યાણકર જિનશાસન :-

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે વીતરાગ સ્તોત્રમાં તીર્થંકર પરમાત્માનું, સિદ્ધ ભગવંતોનું તો શરણું સ્વીકાર્યું પરંતુ તીર્થંકરદેવે સ્થાપેલા શાસનનું પણ શરણું સ્વીકાર્યું.

જેટલાં શરણ્ય તીર્થંકર દેવ એટલું જ શરણ્ય એમનું શાસન. તીર્થંકર દેવો પણ આ શાસનને (તીર્થને) નમસ્કાર કરીને જ સમવસરણમાં દેશના આપે છે. કેમકે એમની ઉપર પણ ધર્મ શાસનનો ઉપકાર થયો છે.

જો આ 'શાસન' અમને ન મળ્યું હોત તો ?" તો.... અમે અનાથ બનીને વિષય કષાયના અંધકારમાં જ્યાં ને ત્યાં અથડાતાં હોત, દુર્ગતિમાં જ આંટા ફેરા મારતા હોત"

એમ સૂરિપુરંદર આચાર્ય ભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે.

કયાં કયાં ઉપકાર નથી પહોંચ્યો સર્વકલ્યાણકર જિનશાસનનો ?

હરિબલ જેવા માછીમારને ય પહેલી પકડાયેલી માછલી છોડી મૂકવાની પ્રતિજ્ઞા આપીને એનું કલ્યાણ કર્યું.

ઘોરપાપી અર્જુનમાલીનો એણે ઉદ્ધાર કર્યો. રોહિણેય ચોરને એણે બચાવ્યો, રાકુ દૃઢપ્રહારીને તેજ ભવે મોક્ષ એણે આપાવ્યો, નર્તકીના મોહ પાશમાં ફસાયેલા શ્રેષ્ઠિ પણ ઈલાચીકુમારને એણે, બચાવી લઈને, વાંસ ઉપર જ કૈવલ્ય-દશાની ભેટ ધરી દીધી. સુસીમાના ખૂની ચિલાતીપુત્રને ઘોર પશ્ચાત્તાપ કરાવીને મુક્તિ પથનો સંત એણે જ બનાવ્યો. દુર્વાસાના અવતાર જેવા અતિ ક્રોધી ચંડરુદ્રાચાર્યને વીતરાગ દશા એણે બક્ષી. રૂપકોષા ગણિકાના તન બદનમાં જ પોતાના સ્વર્ગ અને મોક્ષને જોતા કામાંધ સ્થૂલીભદ્રને અકામ અણગાર એણેજ બનાવ્યા. ગર્વથી ધમધમી ઉઠેલા બાહુબલીની મુઠી ભરત ઊપરથી ફેરવાવી લઈને પોતાના જ માથે મુકાવનાર એજ શાસન લોચ કરાવીને સમરાંગણને સમતાંગણ બનાવનાર એજ શાસન. અણગાર મટાડીને અણગાર બનાવી દેનાર પણ એજ શાસન. ગોશાલક જેવા મહાપાપીને માટે મુક્તિની મંગલમાળા નક્કી કરી આપનાર એજ ધર્મશાસન છે ઈન્દ્રભૂતિના અરમાન એણે ઊતાર્યા. સિદ્ધસેનના જ્ઞાનમદને એણે ઓગાળી નાખ્યો.

કયાં કયાં નથી પહોંચ્યું એ ધર્મશાસન ? લગ્નની પહેલી જ રાત્રિથી સંયોગવશાત્ આજીવન બ્રહ્મચારી બની જતાં દંપતી વિજય અને વિજયાને અખૂટ બ્રહ્મબળ પુરૂ પાડ્યું આ જ જિનશાસને. પિતાએ એના નસીબમાં કોઢીઓ પતિ ફટકાર્યો તો પણ હસ્તે મુખે એનો હાથ પકડી લેવા સજ્જ બની ગયેલી મયણાની ખુમારી આ જ શાસનની દેણગી હતી.

કામાંધ જેઠ દ્વારા મરણ તોલ રીતે ઘાયલ થયેલ પતિને કઠણ હૈયું કરીને ધર્મ આરાધના કરાવીને સદ્‌ગતિમાં મોકલાવનાર મહાસતી મદનરેખા આ જ જિનશાસનનું ફરજંદ હતી, મહાન પુન્યબળે મેળવેલા દેવકુમાર જેવા બત્રીશ પુત્રોને યુદ્ધમાં એકી સાથે ખોઈ નાખવા છતાં માતા સુલસાના અંતરે અકીનતાનો ધ્વજ ફરકાવતું આ જ શાસન હતું.

રામચંદ્રજી દ્વારા સતીશિરોમણી સીતાજીને એકાકિની વનમાં મુકાવી દેવા છતાં ધર્મનું શરણ સ્વીકારીને માત્ર પોતાનાં જ દુષ્કર્મોને દોષ દેવાની અનોખી કળા આ શાસને જ એને શીખવી હતી. ૨૨–૨૨ વર્ષ સુધી ત્યક્તાની સ્થિતિમાં રહેલી અંજનાસુંદરીને આર્ત્તધ્યાનની ભયંકર આંધીમાંથી ઉગારી લઈ ને કલ્યાણપંથે ચડાવી દેનાર પણ આ જ શાસન.

રે. દુષ્ટોને એણે ઉગાર્યા, અબળાને એણે સાચા અર્થમાં સબળા બનાવી. એ તો ઠીક પણ પશુઓને ય આ શાસને તારકપંથની વાટ ચીંધી.

મગધરાજ શ્રેણિકના પગ તળે કચડાયેલા દેડકાને એણે દેવ બનાવ્યો. તીર્થંકરદેવ ભગવાન મુનિસુવ્રતસ્વામીજીને નિમિત્ત બનાવીને ઘોડાને એણે તાર્યો, ચંડકોશીઆ નાગનું કલ્યાણ એણે કર્યું. ગરૂડરાજ (જટાયુ)ને દેશવિરતિધર્મ પણ એણે આપ્યો.

રે, ઉદેપુરનાં મહારાજાના પ્રાણપ્યારા સિંહને પંદર દિવસમાં જ માંસ છોડાવીને દુધપાક પીતો એણે કરી દીધો. અહો, સૌથી નોખું અને સાવ અનોખું કેવું અદ્‌ભુત છે તીર્થંકર દેવોનું ધર્મશાસન.

કંદમૂળમાં રહેલા અનંત જીવોની રક્ષા કરવાનું પણ એ કરે.

માનવ–માનવને જ ચાહવાની સ્વાર્થભરી વાતો એ કદી ન કરે. એ તો જીવમાત્રના હિતની જ વાત કરે, પોતાના અને પરાયાના ભેદ એ ભુલાવે. જીવો અને જીવવા દો ના બૌદ્ધિક સૂત્રથી પણ આગળ વધીને "મરીને પણ જીવવા દો." નાં અલૌકિક પાઠ એ ભણાવે. કોઈની મનથી પણ હિંસા કર્યા વિના જીવન જીવવાની કળા સર્વવિરતિ ધર્મનો પંથ બતાવીને એજ શીખવે.

આલોક, પરલોકનાં પૌદ્‌ગલિક સુખોની જીવલેણ ભુરકી-માંથી ઉગારી લઈને પરમલોકનાં અનંતસુખનાં ગીત સુણાવીને જીવનની બધી ગતિ–વિધિઓને એ જ પલટી શકે. આથી જ કેટલાય બાળને એણે અબાળ બનાવી દીધાં. કેટલીક

કુમારિકાને મોહરાજનાં સંગ્રામની શૂરવીર રજપૂતાણી બનાવી દીધી. ભોગપંથે પગ માંડતી કેટલીએ નમણી નવોઢાઓને સંસારનો ભોગરસ ઓકાવી દઈને વિરતિ ધર્મની યોગિની બનાવી દીધી એ જ શાસને.

એણે સહુને તાર્યા....ગરીબોને અને અમીરોને! વાંઢાઓને અને કેઈ કામિનીના કંથોને? વિધવાઓને અને વિધુરોને; કામીઓને અને ક્રોધિઓને; માનવોને અને દાનવોને; દેવોને અને દેવેન્દ્રોને; પાપીઓને અને ઘાતકીઓને, અનંત કાળથી એકધારી રીતે એક યા બીજા ક્ષેત્રમાં આ ધર્મશાસને એકધારી પરંપરા ચલાવી છે. એથી જ એ સદા જયવંતુ બની રહ્યું છે. એની સ્વયંભૂ વિરાટ શકિતથી એ આજે ય મેરૂની જેમ અપ્રકમ્પ બનીને ઉભું છે..

સચરાચર સૃષ્ટિનાં ધારક, તારક, એ ધર્મશાસનને લાખ લાખ વંદન. જીવમાત્રનાં યોગ અને ક્ષેમનાં કારક એ જિનશાસન અમારા સહુનું કલ્યાણ કરો, દુઃખીતો અને પાપીઓનું પણ ઉદ્ધારક એ યોગશાસન સર્વત્ર જયવંતુ વર્તો.

આજે અનેકોના હોઠે જ શાસન છે. હૈયે તો પક્ષ જ છે. એટલે શાસન રક્ષાની વર્તમાન સ્થિતિ અત્યંત નાજુક છે.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરિ મહારાજા ભગવાન શ્રી જિનેશ્વર દેવની સ્તુતિ કરતાં કરતાં કહે છે કે હે વિભો! દુર્વાસનાનાં બંધનોનો નાશ કરનાર તારા શાસનને નમસ્કાર થાઓ. ભગવાનનું શાસન એટલે અરમાન-

નાં બંધનમાંથી મુક્ત કરનાર ભગવાનનું શાસન. એટલે અવિદ્યાનાં બંધનમાંથી મુક્ત કરનાર ભગવાનનું શાસન એટલે ભયંકર એવા રાગાદિના બંધનમાંથી મુક્ત કરનાર એ જ ભગવાનનું શાસન, એટલે સમગ્ર સંસારનાં બંધનોનો વિચ્છેદ કરીને પરમપદની યથાર્થ સ્વતંત્રતાને અર્પનાર.

પરંતુ આવું પણ અનુપમ શાસન આ બધાં બંધનોમાંથી મુક્ત કરી શકે કોને? જેને બંધનો ગમે તેને કે જેને બંધનો ન ગમે તેને? કહેવું જ પડશે કે જેને બંધનો ન ગમે તેને....તો આ બંધનો કોને ન ગમે? જેને બંધન બંધન લાગે, બંધન છોડવાનું મન થાય, બંધન છોડવાનો પ્રયત્ન કરે, અને એ બંધનોને છોડાવનાર પ્રભુ શાસન સિવાય જગતમાં બીજી કોઈ ચીજ નથી એવી જે અપૂર્વ શ્રદ્ધા ધાય અને એ માટે જ જે એનો આશ્રય લે એજ આત્માને આ બંધનોથી મુક્ત કરવા આ પ્રભુશાસન સમર્થ બની શકે. બાકી તો આ પ્રભુના શાસનમાં જન્મ પામીને એ શાસનમાં સહયોગમાં આવીને એના સિદ્ધાંતોનું જ્ઞાન મેળવીને પણ ઘણા એવા આત્માઓ થઈ ગયા કે જે આ સંસારમાં રખડી પડયા, કારણ! શાસનનાં સિદ્ધાંતોમાં શંકા પેદા કરવાને કારણે આવા આત્માઓની વાસનાના બંધન પ્રભુનું શાસન કેવી રીતે કાપી ય શકે?

યોગીશ્વર આનંદઘનજી મહારાજશ્રીએ એક જ ગાથામાં ધર્મની મહત્તા ગુંથી છે.

ધરમ ધરમ કરતો જાગ સહુ ફિરે,
ધર્મનો જાણે ન મર્મ જિનેશ્વર.
ધરમજિનેશ્વર ચરણ ગ્રહ્યા પછે,
કોઇ ન બાંધે કર્મ; હો.

મહાયોગી આનંદઘનજી મહારાજ કહે છે કે, ધર્મ જિનેશ્વર પ્રભુના ચરણ પકડયા પછી, તેમને શરણે ગયા પછી પરમાત્માની સાથે અભેદરૂપ થયા પછી, આ આત્મા પોતાને પરમાત્મ સ્વરૂપ ભાસ્યા પછી કોઈ કર્મ બાંધી શકે નહિ. કર્મ બાંધતા અટકે, એજ ધર્મપ્રાપ્તિનું ફળ છે. ભગવાનનો ઉપદેશ એક જ હોય છે. અનંત જન્મોથી ભવબંધનમાં જકડાયેલા માનવી મુક્ત બનીને શિવપદના સ્વામિ થાય.

ડગલે અને પગલે આપણી સામે એક જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. "આપણે દુઃખમાંથી મુક્તિ મેળવી જલ્દી સુખી કેમ થઈએ ?"

સાધનસંપન્ન ધનિકથી માંડી સાધનહીન ગરીબ, તથા નાનાથી કરી મોટાને કોઈને કોઈ પ્રકારનું દુઃખ સતાવી જ રહ્યું છે. પરંતુ એ દુઃખ આવ્યું કયાંથી અને એમાંથી મુક્ત થવાય કેમ ? એની જીવને ખબર નથી જેથી પોતે જ કલ્પેલી સુખ પ્રાપ્તિનાં માર્ગે દોડીને અંતે પરિણામમાં "નિરાશા" જ મેળવે છે. કારણ....માર્ગ ખોટો છે. શ્રી વીતરાગ પરમાત્માએ પોતાના કરૂણા ભરપૂર હૃદયમાંથી અમૃત જેવી મધુરી વાણી વડે સ્પષ્ટ રીતે જ શાશ્વત સુખનો માર્ગ બતાવેલ છે. એમણે ઉપદેશેલા નવતત્ત્વોનાં અધ્યયન–મનન વડે સારા

સુખનો રાજમાર્ગ મળી જાય છે. માટે ખૂબ જ ઉત્સાહપૂર્વક આ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી અને ક્રિયામાં મુકવા તૈયાર થઈ જાઓ એટલે બેડો પાર, અનંત ઉપકારી શ્રી વીતરાગ પરમાત્માએ મોક્ષ માર્ગની આપણી યાત્રા સફળ બને એ કલ્યાણકર હેતુપૂર્વક નવતત્ત્વોના ઉપદેશદ્વારા દિવ્યપ્રકાશ પાથર્યો છે.

આત્માની સાચી મૂડી જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. કુટિલ કર્મોએ એનાં ઉપર કબજો જમાવી આપણને ભિક્ષુક જેવી દયાપાત્ર દશામાં ચાર ગતિરૂપ સંસારમાં રખડતા કરી મૂકયા છે. આ દુનિયામાં મોટા ભાગના માનવો એમ માને છે કે અમુક રકમ આપણા હાથમાં આવી જાય તો સુખી થઈ જવાય. સુખી થવા માટે કેટલાક વકીલ, ડોકટર, અને ઇન્જીનીઅર બને છે, તો કેટલાક મોટા મોટા સરકારી હોદ્દા મેળવવા માટે દિનરાત પ્રયત્ન કરે છે. એરકંડીશન બંગલા અને દેખાવડી મોટરોમાં મહાલીને કેટલાક સુખ પ્રાપ્ત કરવાનાં પ્રયત્ન કરે છે. તેમ છતાં સાચા સુખનો અંશપણ અનુભવ કોઈને થતો નથી. તેની સચોટ સાક્ષી આજની દુનિયાની હવા પુરી પાડે છે. સુખની મિથ્યા શોધને અંતે દુઃખ, હાયવોય, થકાવટ, અને વૃદ્ધાવસ્થા બાદ લાચારીથી મૃત્યુને આધીન થવું પડે છે. તૃષ્ણા જલથી છીપે, મૃગજળથી નહીં. સાચું સુખરત્ન મનની ભાવપૂર્વકની આરાધનાથી મળે. વિરાધનાથી નહિં. સુખની ખેવનામાં ખોવાઇ જઈને સુખ આપવાની શકિત જેનામાં છે નહિં. તે પદાર્થોની પૂજા કરવી, પ્રશંસા કરવી તે બધી મિથ્યા છે.

સંસારમાં રહીને ધર્મ કયાં નથી થતો ? એવું કહેનાર ઘણા મલે છે પણ જે મોક્ષને માને છે અને જેને મોક્ષ મેળવવાનો છે એને માટે જોઈતી સાધના સંસારમાં રહીને થઈ શકતી જ નથી. સંસારમાં તો હમણા ધર્મ સાથે આડંબર વધારે દેખાય છે. ધર્મક્રિયા જે પૂજનમાં પણ ફોટાનો પણ ચેપ લાગી ગયો છે. ધર્મ તો આત્મ કલ્યાણ અર્થે કરવાનું કહ્યું છે. મોટા પૂજનો જેવા કે સિદ્ધચક્ર કે બીજા મોટા પૂજન વખતે જ્યારે જાપ ચાલે છે ત્યારે માળા હાથમાં લઈને એક બાજુ જાપ કરતાં હોય ત્યારે સામે ફોટા વાળો ફોટા લેતો હોય છે. તે વખતે ધ્યાન કયાં હોય છે ? જાપમાં કે ફોટામાં ? અને ફોટાની સામગ્રી પરદેશથી આવે છે તેના માટે હુંડીઆમણની જરૂર છે, તે માટે હિંસાની સામગ્રી પરદેશ જાય છે કે નહિં ? એ પાપ છે કે નહિં ? જગતમાં બીજા સર્વ જીવોની અપેક્ષાએ મનુષ્યમાં વિશેષ સમજ હોય છે. સમ્યગ્ વિચાર કરવાની શક્તિ છે. પોતે નક્કી કરેલા વિચારને આચારમાં મુકવાનું બળ છે. અનાદિ કાળથી અન્ય પશુ-પક્ષીઓ જે રીતે જીવે છે તે રીતે આજે પણ જીવે છે. મનુષ્ય પોતાની જીવનકરણીમાં ફેરફાર કરી શકે છે, મનુષ્યની બુદ્ધિનો સદુપયોગ ઉચ્ચજીવન જીવવામાં છે. ઉચ્ચજીવન એટલે માત્ર વિશેષ સાધનસામગ્રી નહીં પણ ધર્મમય જીવન જીવવામાં છે.

ભગવાન પણ પાખંડીઓને સાચો માર્ગ સમજાવી ન શકયા તો ય છતાં સાચો માર્ગ ભગવાને મૂકયો નથી. કેટલાંક

ભગવાનને સુખ-દુઃખનો કર્તા માને છે, અજ્ઞાનીઓ (મિથ્યાત્વી ધર્મવાલા) સુખ-દુઃખ જન્મ-મરણ ભગવાન કરે છે. એમ કહે છે.

સુખ-દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીયા;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીયા...

એટલે સુખ-દુઃખ આપણા રઘુનાથ એટલે ઈશ્વરે (ભગવાને) ઘડ્યા એમ થાય છે. એટલે ઈશ્વર સુખ-દુઃખ આપે છે. અને ઈશ્વર મરણને આપે છે. પણ ઈશ્વરને એ કરવાની જરૂર શું પડી ? ભુલ ન કરે તે ભગવાન કહેવાય એટલે ભગવાન તો પોતાની સુખ-સાહેબી-રિદ્ધિ સિદ્ધિને લાત મારીને સંયમ લઈને મોક્ષે ગયા, તો બીજાને સંસારનાં સુખ-દુઃખ શું કરવા આપે ? અને જન્મને પણ શું કરવા આપે. ? પોતે જન્મ ન થાય તેવા સ્થાને મોક્ષમાં જવા માટેનો ઉપદેશ આપે છે. જન્મ ન થાય તો પછી મરણ પણ ન થાય.

અંધારામાંથી પ્રકાશમાં જવું હોય તો સદ્‌ગુરૂનો સમાગમ કરવાની જરૂર છે. જેમ બિમાર માણસને સાજા થવા માટે વૈદ કે ડોકટર પાસે જવું પડે છે. જેને ઘર બાંધવું હોય તેને ઘર બાંધનાર – સલાટ – સુથારની જરૂર પડે છે. કાયદા સંબંધી સલાહ લેવા વકીલની જરૂર પડે છે. જે વિષયમાં જે જાણકાર હોય તે વિષયનું તે માર્ગદર્શન આપી શકે. તમારે જીવનને સાર્થક બનાવવું

છે ? માનવજીવન પ્રાપ્ત થયું છે તેનો સદુપયોગ કરવો છે? મંગલ અને કલ્યાણ જીવનમાં પ્રગટાવવું છે ? તો તમારે સાધુ પુરૂષો સાથે સત્સંગ કરવો પડશે. જીવનની સાર્થકતા કઈ રીતે થાય તેનો માર્ગ સાધુપુરૂષ બતાવશે. એક ક્ષણ પણ જો સજ્જનનો (સદ્‌ગુરૂનો) સમાગમ થઈ જાય તો ભવસાગર પાર કરવાની નૌકા મલી સમજો. જીવનમાં જો સદ્‌ગુણ પ્રગટાવવા હોય તો સાધુપુરૂષોનો સંગ કરો. અને જીવનને નિરર્થક બનાવવું હોય તો દુર્જનોનો સંગ કરો. તમે જે માર્ગે પર જશો તેવા મુકામ પર પહોંચશો. સત્સંગ દુર્લભ છે, તે પ્રાપ્ત કરવા માટે પરિશ્રમ કરવો પડશે, મનુષ્ય ભવ દુર્લભ છે, અને તેમાંય સત્સંગ ક્ષણવાર માટે પણ થાય તો હિતનું કારણ બને છે. થોડીક ક્ષણોના સત્સંગથી અનેક પાપકર્મોનો ક્ષય થાય છે. સદ્‌ગુરૂઓ મંગલતીર્થસ્વરૂપ **ગણાય છે.**

ઉપકાર ગમે તેનો થાય પણ સોબત ગમે તેની ન થાય. સોબત તેવી અસર. સોબત સારાની થાય. જેમ અરિસો મોઢા પરનો ખરાબો બતાવે છે પણ એને દૂર કરતો નથી તેને કાઢવા માટે પોતે પ્રયત્ન કરવો પડે છે. તેમ ધર્મરૂપી અરિસો (ધર્મગુરૂઓ) તીર્થંકર ભગવંતો સંસારનો ખરાબો બતાવે છે. પણ કાઢવા માટે પોતાને જ પુરૂષાર્થ કરવો પડે છે, પત્થરની મૂર્તિમાં પણ પ્રભુના દર્શન છે પણ કયારે થઈ શકે છે કે જ્યારે ખરા અંતઃકરણ પૂર્વક એકજ ધ્યાને પ્રભુને હૃદયમાં સ્થાપન થાય ત્યારે આંખ

મીચતાં ભગવાન દેખાય. પણ જ્યાં સુધી સ્વાર્થવૃત્તિઓ રહેલી હોય ત્યારે મંદિરમાં પણ મૂર્તિની સામે પ્રાર્થના કરનાર માનવ દેહનાં ભૌતિક સુખ માટે કરે છે. પરંતુ માનવી ! તું તારા આધ્યાત્મિક સુખ માટે પ્રાર્થના નથી કરતો. કારણ કે વૃત્તિઓથી ઘેરાએલો છે, એટલે આંતરની સ્વાર્થવૃત્તિઓ વડે ઘેરાએલો છે. જેથી ચેતન વસ્તુને ચેતન સ્વરૂપમાં જોઈ શકતો નથી. પણ તું અચેતન વસ્તુઓને ચેતન સ્વરૂપમાં જોઈ શકે છે. ભગવાનની મૂર્તિ ભલે પત્થરની બનેલી છે. અને એ ચેતન સ્વરૂપે ઉભેલી છે. પણ આપણા આત્મા-માંજ બિરાજમાન હોવા છતાં એનાં દર્શન થઈ શકતાં નથી, જેવી રીતે ચહેરાને પ્રત્યક્ષ રીતે નિહાળવા માટે કાચનાં અરિસાની જરૂર પડે છે. કાચના અરિસા વિના ચહેરાને નિહાળી શકાતો નથી. અરિસો પણ અચેતન છે. છતાં ચહેરો બતાવી શકે છે, તેવી રીતે પત્થરની મૂર્તિ એક દર્પણ જેવી જ છે. પરંતુ જ્યારે એક ધ્યાન થઈ પ્રભુની મૂર્તિ સમક્ષ ઉભા રહેશો ત્યારે જ પ્રભુના પ્રત્યક્ષ દર્શન મૂર્તિમાં થઈ શકશે. જ્યારે હૃદયમાં ભાવના પ્રગટે અને ભગવાનનું શરણ સ્વીકારી લીધા પછી પાપ કરવાનું રહેજ નહી.

પૂર્વ ભવમાં પ્રાણીએ જે (શુભ અથવા અશુભ) કર્મ બાંધ્યા હોય તેનાં પરિણામને રોકવા દેવો પણ સમર્થ થતાં નથી. શ્રીકૃષ્ણ-વાસુદેવ અપૂર્વ રિદ્ધિ-સિદ્ધિનાં સ્વામી હતાં. અને ગમે તેવા કઠીન કાર્યને સિદ્ધ કરવાની અટલ શક્તિ ધરાવતાં હતાં. ધાતકી ખંડની અપરકંકાનગરીમાં

દ્રૌપદીને પાછી લાવતી વખતે તેઓ (૬૨½) યોજનની પટવાળી ગંગા નદીને ભુજાઓથી તરી ગયા. પરંતુ આફતના સમયે દ્વારિકામાં દાહ લાગ્યો, પોતાનો સર્વપરિવાર અને સગા સંબંધી તેમાં નાશ પામ્યા. માતાપિતાને આ સર્વ નાશમાંથી ઉગારી લેવાનો તેમનો ભગીરથ પ્રયત્ન છતાં તેમાં સફળ થયા નહિ. વાસુદેવ તથા દેવકીજી દરવાજાની શીલા તૂટી પડતાં મરણ પામ્યા, માત્ર મોટાભાઈ બલભદ્ર અને તેઓ જ બચી શકયા. ત્યાંથી જંગલમાં જતાં પાણીની ખુબ તરસ લાગી. બલભદ્ર પાણી લેવા ગયા અને આ બાજુ જરાકુમારના બાણથી તેમના પ્રાણ ચાલ્યા ગયાં. (આનું નામ કર્મ) જે જરાસંધ–કૃષ્ણનું પોતાનાં હાથથી મરણ ન થાય તે માટે જંગલમાં ચાલી ગયા હતા, પણ જે બનવાનું હોય તે બન્યા જ કરે છે. કર્મ સત્તાને આભારી ગણાય, તે સંબંધમાં એક દુહો કહેવાય છે.

દાઝી નગરી દ્વારિકા, નાઠા બંધવ દોય;
તરસ્યો ત્રિકમ વન મૂઓ, ગર્વ ન કરશો કોય.

નિકાચિત કર્મને ભોગવ્યા વિના છુટકો જ નથી. પણ ધર્મમાં મનને જોડવાથી ભોગાવલી કર્મ શાન્તિથી ભોગવી શકાય છે. તે અકામનિર્જરા છે. જેથી નવા કર્મ બંધાતાં નથી, ધર્મને શરણે ગયેલાઓને દુઃખ, દર્દ કે વિપત્તિ કદી પણ અકળાવતાં નથી.....કારણ કે ધર્મ પોતે જ એનું રક્ષણ કરે છે. દર્દમાં આનંદ, સુખ કોને કહેવું અને દુઃખ કોને કહેવું એ એક ભારે વિવાદાસ્પદ જટિલ અને વિચિત્ર

એવો સનાતન પ્રશ્ન છે. ભારતનાં તત્ત્વજ્ઞ પુરૂષોએ સુખની વ્યાખ્યા ઘણી જ ભવ્ય અને સચોટ કરી છે. જે સુખ શાશ્વત રહી શકે....પરિવર્તન ન પામે અને દુઃખની કલ્પનાને પણ પાસે ન આવવા દે, એવું સ્થાઈ અને દૃઢ રહે તે જ સાચું સુખ છે, એ સિવાયનો સઘળો માત્ર સુખનો ભાસ જ છે. એજ રીતે દુઃખનું સમજવું જોઈએ. જેને દુઃખનો અનુભવ હોય છતાં એ પોતાને દુઃખી ન માનતો હોય તે ખરેખર દુઃખી નથી. લોકો એની રહેણી કરણી કે પરિસ્થિતિ જોઈને ગમે તેટલા લાગણીશીલ બની જતાં હોય.... પરંતુ જે માણસો દૃઢ મને પોતાનાજ કોઈ કર્મનું ફળ માને છે તે માણસો કોઈપણ સંયોગોમાં દુઃખી હોતાં નથી, પાપકર્મનો ઉદયકાળ ચાલતો હોય ત્યારે જ માનવી ધૈર્ય રાખી શકતો નથી. તે ભાંગી પડે છે....અને ધૈર્ય રાખીને ધર્મનો સહારો છોડતો નથી તે ગમે તેવી વિપત્તિઓ સામે અણનમ ઉભો રહી શકે છે.

પૂર્વ કર્મના યોગે જ્યારે પડતી આવે છે ત્યારે સગા ભાઈઓ પણ આડી નજરે ચાલતાં હોય છે....અરે પત્ની, પુત્ર, પરિવાર પણ અકળાતો હોય છે. આમાં કોઇનો દોષ કાઢવા જેવું કે આશ્ચર્ય પામવા જેવું કશું નથી, પાપ કર્મનો ઉદયકાળ ચાલતો હોય ત્યારે માનવીને બેસવાનો ઓટલો પણ મળતો નથી, ધર્મ એજ અમૃત છે....એ અમૃત જેને પ્રાપ્ત થાય છે તેને પૂર્વ કર્મનાં યોગે ગમે તેવા સંકટો પડ્યા હોય છતાં તેઓ હસતાં હસતાં સંકટોને પી જાય છે.

-:ધર્મદેશના:-

મહાનુભાવો:-આ દુનિયામાં રહેલાં જીવો આ ભવ-ચક્રમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતાં અનેક પ્રકારનાં અસહ્ય દુઃખોનો અનુભવ કરે છે, અનેક યોનીમાં, જાતિ અથવા ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે, અને વિલય થાય છે. અંત નહિ આવવાનું કારણ જીવો પોતે પોતાને ઓળખી કે જાણી શકતાં નથી અને તેથી આ દુનિયામાં ક્ષણિક, તુચ્છ, વિનશ્વર અને વિરસ પરિણામવાળા સુખ મેળવવા માટે અનેક પ્રકારનાં પાપો કર્યા કરે છે. પણ તેને સુખ મળતું નથી. જે મળે છે તે થોડો વખત રહી વિલય પામી જાય છે, ચાલ્યું જાય છે, કે નાશ પામે છે અને છેવટે નિરાશા જ મળે છે. જે સુખ આવીને ચાલ્યું જાય તે શાશ્વત્ ન જ કહેવાય. શાશ્વત્ સુખ તો તેજ કહેવાય કે જેનો કોઇપણ વખત નાશ જ ન થાય અને કાયમ બન્યું રહે. આવું શાશ્વત્ સુખ આ દુનિયાનાં પાંચ ઈંદ્રિય સંબંધી વિષયોમાંથી કોઇપણ વખત મળી શકવાનું જ નથી, છતાં તેને માટે અહર્નિશ તેમાં જ પ્રયત્ન કરવો તે ખરેખર અજ્ઞાનતા કે મુર્ખતા જ છે.

ખરૂં સુખ પોતાના આત્મા સિવાય કોઇપણ સ્થળે છે જ નહિ. તે સુખ માટે બહાર પ્રયત્ન નહિં કરતાં પોતાના સ્વભાવમાં આવવું જોઈએ. અને અંતરમાં ઉછળતાં વિષય-લોભ, તૃષ્ણા વિગેરેનાં કલ્લોલોને શાંત કરવા જોઇએ. તે શાંત થયા સિવાય આત્મશોધનનો, આત્મવિશુદ્ધિનો પ્રયાસ કરવો નિરર્થક છે, ધારો કે એક પાણીનો ભરેલો

વિશાળ કુંડ છે. અને તેને તળીયે એક અમૂલ્ય રત્ન પડયું છે, અને પાણી ઘણું ઉંહોળું છે. અને પવનની લહરીઓ, મોજાંઓ વારંવાર તે પાણીને હલાવી રહ્યા છે, આવી પાણીની મલીન અને હલનચલનવાળી સ્થિતિમાં તે પાણીને તળીયે પડેલ રત્નને તમે જોઇ શકશો ? નહિ. બીલકુલ નહિ દેખાય, આ જ દૃષ્ટાંતે શુદ્ધ આત્મરત્ન મનરૂપ પાણીની નીચે મનથી પણ પર રહેલું છે તે મનરૂપ પાણી વિષય-કષાયની ડોળાશથી મલીન થયેલું છે અને અનેક પ્રકારના વિચાર તરંગોથી હાલી-ચાલી રહ્યું છે. માટે વિષય-કષાયનો અભાવ અને અનેક વિતર્કોની શાન્તિ જ્યાં સુધી નહીં થાય ત્યાં સુધી શુદ્ધ આત્મરત્ન જોવાની કે પ્રાપ્ત કરવાની આશા રાખવી તે વ્યર્થ છે. આ જ કારણથી આત્મવિશુદ્ધિ માટે બાહ્ય અને અંતરંગ ઉપાધિઓનો ત્યાગ કરવો જોઇએ. તો જ નિત્ય, અવિનાશી આત્મિકસુખ પ્રગટ થાય છે અને નિરંતર સુખી થવાય છે.

દેહનો નાશ અવશ્ય છે જ. માનવજન્મ ફરી ફરી મલવો મુશ્કેલ છે. આ ક્ષણભંગુર દેહથી પણ ઉત્તમ આત્મધર્મ પ્રગટ થતો હોય તો કયો સમજુ માણસ પ્રમાદ કરે ? સંસારમાં ઉદય અને અસ્તનું ભયંકર ચક્ર વેગથી ફરી રહ્યું છે. જરા સુક્ષ્મદૃષ્ટિ કરતાં જણાશે કે પ્રેમાળ સ્ત્રી હોવા છતાં પુરૂષ વિધુર થઈ જાય છે. અખૂટ ધન હોવા છતાં નિર્ધન બની જાય છે. મહાપરાક્રમી હોવા છતાં તેજહીન બની જાય છે. વિશાળ કુટુંબ પરિવારથી વિંટળા-

ચેલો એકલો બની જાય છે. મોટરમાં ફરનારો ભીખ માંગતો બની જાય છે. તેમ આથી ઉલટા પ્રસંગો પણ બને છે, આ બધી સ્થિતિ કર્માધિન છે તેથી કર્મ એ જ આપણો વાસ્તવ શંભુ છે, જીવનમાં સેવાતા અઢાર પ્રકારનાં પાપ સ્થાનો–દોષો કર્મબંધન કરાવી દુર્ગતિએ ધકેલે છે, એક વિચારશીલ વિદ્વાનને કોઈએ પૂછ્યું. સંસારમાં ભાગ્યશાળી કોણ ? વિદ્વાને જવાબ આપ્યો. **" જિસને ખાયા ઔર ખોયા "** જેણે પોતાના માટે ધન વાપર્યું અને પરલોક માટે સુકર્મોમાં વ્યય કર્યું તે ભાગ્યશાલી.

દરિદ્ર કોણ છે :–" મર ગયા ઔર છોડ ગયા. "

જેણે પોતાના માટે પણ ન વાપર્યું અને બીજાના પરોપકાર માટે પણ ન વાપર્યું. તે બદનશીબ છે. કહેવાય છે કે ઈરાનમાં એક સમ્રાટ થઈ ગયો. કારુ તેનું નામ હતું. તેની પાસે અપાર સંપત્તિ હતી. તેના ભંડારોની તો ગણના જ ન હતી. એક વાર હજરત વૈજીસાએ ઉપદેશ આપ્યો, જેવી રીતે અલ્લાહે તારી ઉપર મહેરબાની કરી છે એવી રીતે તું પણ લોકો પર મહેરબાની કર. બાદશાહે આ ઉપદેશ પર તાલી બજાવી મશ્કરી કરી. જ્યારે કારૂ મરવા પડ્યો ત્યારે આદેશ કર્યો કે બધો ય બજનો મારી છાતી ઉપર રાખો. જેવો બજનો છાતી ઉપર રાખ્યો કે તે ભૂમિમાં દટાઈ ભૂંસો. રે ધન.... તારી દશા....

–:કર્મનું ફળ:–

આ જગતમાં જ્યાં તમે નજર કરશો ત્યાં તમને

વિચિત્રતાનાં દર્શન થશે. અને વિવિધતાનો ખ્યાલ આવશે. એક ગોરો, એક કાળો, એક મુર્ખ, એક બુદ્ધિશાળી, એક રંક, એક રાય, એક જાડો, એક પાતળો, એક ઊંચો, એક નીચો, એક રૂપવાન, એક કદરૂપો તેમજ આંધળા, લુલા, લંગડા, બિમાર, આ બધી વિચિત્રતા અને વિવિધતાનું કારણ શું હશે ? આ કારણનું નામ જ કર્મ છે. કર્મ વગર આ બધી વિચિત્રતા કે વિવિધતા સંભવી શકતી નથી.

આ જન્મમાં કે પૂર્વજન્મમાં આત્માએ જેવાં જેવાં કર્મો કર્યા છે તેવાં તેવાં ફળ તેને ભોગવવા પડે છે. જૈન દર્શનમાં કર્મ-વિજ્ઞાનની અત્યંત સૂક્ષ્મ રીતે સુંદર છણાવટ કરવામાં આવી છે.

કર્મ એ પુદ્ગલનાં સ્કંધો છે. તેને કાર્મણવર્ગણા કહે છે, જીવ જ્યારે આ સ્કંધોને ગ્રહણ કરે છે ત્યારે તેને કર્મ તરીકે સંબોધવામાં આવે છે. શુભ કર્મને પુણ્ય કહેવામાં આવે છે અને અશુભ કર્મને પાપ કહેવામાં આવે છે. કર્મ બાંધ્યા પછી અમુક સમય પછી તેનું ફળ મળે છે. (જ્યારે કર્મનું પરિપક્વ થાય છે)

-:કર્મબંધનના ચાર કારણો:-

(૧) મિથ્યાત્વ:-એટલે ઊંધી માન્યતા. સાચાને જુઠું માનવું અને જુઠાને સાચું માનવું તેનું નામ મિથ્યાત્વ છે.

(૨) અવિરતિ:-એટલે પાપની છૂટ, પાપનો ત્યાગ ન હોવો તો અવિરતિ છે.

(૩) કષાયઃ—એટલે ક્રોધ, માન, માયા અને લોભ.

(૪) યોગઃ—એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિથી પણ આત્મા કર્મ બાંધે છે.

વધારામાં પ્રમાદ એટલે આળસ, નિંદા, વિષયભોગ, વિકથા, અને મદ્યપાન, સાત વ્યસનો આ બધાં કારણોએ પણ આત્મા કર્મબંધ કરે છે. પાપકર્મનો વિપાક તો ભોગવવામાં આવે ત્યારે દારૂણ—હોય છે. શાસ્ત્રમાં તે માટે એક અસરકારક દૃષ્ટાંત છે.

પાપ કર્મનો વિપાક ભોગવવા વખતે દારૂણ હોય છે. શાસ્ત્રોમાં તે માટે અનેક અસરકારક દૃષ્ટાંતો છે તેમાં **શ્રી મૃગાપુત્રનું** દૃષ્ટાંત :— એક વાર પરોપકારી શ્રમણ ભગવંત શ્રીમહાવીર સ્વામી પૃથ્વીતલને પાવન કરતાં મૃગ નામનાં ગામમાં સમવસર્યાં. પરમાત્માની આજ્ઞા શિરસાવંદ્ય કરી શ્રીગૌતમ સ્વામી ભગવાન ગોચરી માટે નગરમાં પધાર્યા.

શ્રી ગૌતમસ્વામીઃ— પ્રથમ ગણધર એટલે ભગવંતના મુખ્ય શિષ્ય હતાં. ચૌદ પૂર્વધર હતાં. અનેક વિદ્યાઓમાં પારંગત હતા. દીક્ષા લીધી ત્યારથી બે ઉપવાસનાં પારણે બે ઉપવાસનાં પચ્ચક્ખાણ કરતાં. ભગવંત ઉપર તેમને ઘણી જ ભક્તિ હતી. શ્રીગૌતમસ્વામીને આજે બે ઉપવાસનું પારણું હતું. તેથી તેઓ જાતે જ નિર્દોષ ગોચરી લેવા માટે સાડા ત્રણ હાથ જમીન જોઈ ને ઇર્યાસમિતિપૂર્વક ચાલતાં હતાં. જેથી નાનાં—મોટાં કોઇપણ જીવની ભૂલેચૂકે હિંસા ન થઇ જાય.

ગોચરી લઈ જ્યારે તેઓ પાછા ફરતા હતા. ત્યારે તેમની નજર એક મહાન દુઃખી વૃદ્ધપુરુષ ઉપર પડી. તે વૃદ્ધ પુરુષની હાલત હૃદયમાં કંપારી પેદા કરે તેવી હતી. તે આંખે આંધળો હતો, શરીરે કોઢીઓ હતો. તેનાં મુખ ઉપર માંખીઓ બણ બણ કરી રહી હતી. તે ગાઢ વેદના ભોગવી રહ્યો હતો. આ દુઃખમય, કરુણાજનક દૃશ્ય નિહાળી ભગવાન ગૌતમસ્વામી મહારાજ વિચારમાં તન્મય બની ગયાં. અરે આ બિચારો કેવો દુઃખી છે, આવો દુઃખી માણસ આજ સુધી મારા જોવામાં આવ્યો નથી. વસતિમાં પધાર્યા પછી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા આપી વંદના કરી વિનય પૂર્વક બે હાથ જોડી નતમસ્તકે તેમણે પૂછ્યું. પ્રભો ! આજે મેં એક એવો દુઃખી વૃદ્ધપુરુષ જોયો કે તેના જેવો દુઃખી પુરુષ બીજો ભાગ્યે જ હશે. ગણધર ભગવંત ગૌતમસ્વામીની વાત સાંભળી ભગવાન મહાવીરદેવે જણાવ્યું. ગૌતમ ! તેં જે દુઃખી પુરુષને જોયો તેથી પણ અધિક દુઃખી, મહાદુઃખી આ નગરનાં રાજા વિજય અને રાણી મૃગાવતીનો પ્રથમ જન્મેલો મૃગાલોઢિયા નામનો પુત્ર છે. આ મૃગાલોઢિયાને જન્મથી જ નથી આંખ, નથી કાન, નથી નાક પણ તે તે સ્થળે કાણાં જ છે. તેને નથી હાથ, નથી પગ, ફક્ત માંસનો એક પિંડ જ જોઈ લો, એના શરીરમાંથી સર્વત્ર દુર્ગંધ પ્રસરે છે. લોહી અને પરૂ સતત વહી રહ્યું છે. તેને મુખ વગેરે ન હોવાથી તેની માતા રાણી મૃગાવતી રાબ વગેરે કરીને તેનાં શરીર ઉપર રેડે છે. તે આહાર છિદ્રો દ્વારા અંદર પ્રવેશે છે અને થોડી વારમાં લોહી તથા પરૂ

થઈ પાછો બહાર નીકળે છે. તેની બિભત્સ ઘૃણાજનક આકૃતિ લોકોને કમકમાટી પેદા કરે તેવી છે. અનેક રોગોથી ઘેરાયેલી કાયાદ્વારા એ ભયંકર યાતના, તીવ્ર વેદના અને મહાદુઃખ ભોગવી રહ્યો છે. જ્યારથી એ જન્મ્યો છે ત્યારથી તેને ભોંયરામાં રાખવામાં આવ્યો છે.

ભગવાન મહાવીર દેવનાં મુખકમલથી આ બધી હકીકત શ્રવણ કરી શ્રી ગૌતમસ્વામી તે જ વખતે ભગવંતની આજ્ઞા લઈ મૃગાલોઢીયાને જોવા માટે વિજય રાજાનાં રાજમહેલમાં પધાર્યા.

-:કર્મવિપાકઃ-

શ્રી ગણધર ભગવંત જેવાં પુણ્યપુરૂષનાં પનોતાં પગલાં પોતાને ત્યાં થતાં કોને આનંદ ન થાય? શ્રી ગૌતમસ્વામીને નિહાળતાં જ સર્વનાં હૈયાં હર્ષથી હિલોળે ચડ્યાં. રાજાએ કહ્યું. આજ અમારા ધનભાગ્ય કે કલ્પવૃક્ષ, કામધેનુ, અને ચિંતામણીરત્ન કરતાં પણ અધિક એવાં પૂજ્યનાં પવિત્ર પાદકમલથી અમારૂં આંગણું પાવન બન્યું. રાજા વિજય, રાણી મૃગાવતી તથા સર્વેએ ગુરૂદેવને ભાવ-ભર્યા પ્રણામ કર્યા. હર્ષથી પુલકિત બનેલી રાણી મૃગાવતીએ બે હાથ જોડી અંજલિ પૂર્વક ગણધર ભગવંતને વિનવણી કરી. પ્રભો! ફરમાવો આપની શી આજ્ઞા છે? શ્રીગૌતમ-સ્વામી ભગવાને જણાવ્યું કે મૃગાવતી હું આજે તમારા પુત્રને જોવા માટે અહીં આવ્યો છું. શ્રીગૌતમસ્વામી

ભગવાનની વાત્ કર્ણગોચર થતાં રાણી મૃગાવતી સહેજે આશ્ચર્યમાં ડુબી ગયાં. તરત જ રાણી મૃગાવતીએ પોતાનાં પુત્રોને વસ્ત્રાલંકારથી સજાવી હાજર કર્યા. શ્રીગણધર ભગવાન બોલ્યા હું તમારા આ પુત્રોને જોવા નથી આવ્યો, પણ જેને તમે ભૂમિગૃહમાં રાખ્યો છે તેને જોવા માટે હું અહીં આવ્યો છું.

આ શબ્દો સાંભળતાં જ રાજા-રાણીના આશ્ચર્યનો પાર ન રહ્યો. કારણ કે આ પુત્રની વાત કોઈ જાણતું નથી. અત્યંત ગુપ્ત રાખવામાં આવી છે. મૃગાવતી રાણીને ભારે અચંબો થયો, ત્યારે ભગવાન શ્રીગૌતમસ્વામીએ ખુલાસો કર્યો કે મહારાણી આમાં આશ્ચર્યનું કંઈ કારણ નથી. દેવાધિદેવ સર્વજ્ઞ ભગવંત મહાવીરસ્વામી સાક્ષાત્ બિરાજતાં હોય એમનાં અલૌકિક જ્ઞાન આગળ શું છુપું રહી શકે ? તરત મૃગાવતી રાણીએ ગણધર ભગવંતને વિનંતિ કરી કે આપ વસ્ત્રથી મુખ બાંધી લો. કારણ કે ભોંયરામાં રહેલાં મારા એ પુત્રનાં શરીરમાંથી અસહ્ય દુર્ગંધ પ્રસરે છે.

એક નાની હાથગાડીમાં ભોજન સામગ્રી લઈ રાણી મૃગાવતીએ ભોંયરાનું ગુપ્ત દ્વાર ઉઘાડી તેમાં પ્રવેશ કર્યો. મૃગાલોઢીયાની મહાદુઃખી પરિસ્થિતિ નિહાળતાં શ્રી ગૌતમસ્વામી ભગવાન કર્મવિપાકને વિચારવા લાગ્યા. મૃગાપુત્ર જન્મથી જ નપુંસક હતો, બહેરો હતો અને મુંગો હતો, આંધળો અને કોઢિયો હતો, શરીરમાંથી સતત

લોહી અને પરૂ વહી રહ્યું હતું. દુઃસહ વેદના ભોગવી રહ્યો હતો. જાણે સાક્ષાત્ દુઃખમૂર્તિ જોઈ લો., રાણી મૃગાવતીએ વિનયપૂર્વક બે હાથ જોડી શ્રી ગૌતમ સ્વામી ભગવંતને પૂછયું, "ભંતે" કયા કર્મનાં ઉદયથી અહીં આ જીવ નારકીનાં જેવી વેદના ભોગવી રહ્યો છે?

–: પૂર્વભવનાં પાપકર્મો :–

ચાર જ્ઞાનનાંધારક શ્રી ગૌતમસ્વામી ભગવાન જ્ઞાનથી જાણીને એનાં પૂર્વભવનું વર્ણન કરતાં રાણી મૃગાવતીને જણાવે છે કે મૃગાવતી ! પૂર્વ જન્મમાં આ જીવ શતદ્વાર નામનાં નગરમાં ધનપતિ નામનાં રાજાનો અકૃણાઈ રાહોડ નામનો એક માંડલિક હતો. તે રાહોરનો જીવ અત્યારે તમારા પુત્રરૂપે છે, આ અકૃણાઈ રાહોડ, ૫૦૦, ગામનો અધિપતિ હતો. સાતે વ્યસન, (દારૂ, માંસ, શિકાર, પરસ્ત્રીગમન, વેશ્યાસેવન, અને જુગાર)માં એ મશગુલ હતો. પોતાની પ્રજાને રંજાડવામાં કંઈ બાકી નહોતું રાખ્યું, આકરા કરવેરા નાંખી પ્રજાને એ પીડી રહ્યો હતો. લોકોના નાક, કાન, હાથ, પગ, વગેરે અંગોપાંગ કાપી નાખી તેમને અપાર વેદના આપતો. આવા ઘોર પાપકર્મનું પરિણામ તેજ ભવમાં જાણે ઉદયમાં આવ્યું હોય તેમ તે અકૃણાઈ રાહોડનાં શરીરમાં સોળ ભયંકર વ્યાધિરોગો ઉત્પન્ન થયા., જવર–દાહ, ખાંસી, ઉદર શૂળ, ભગંદર, અર્શ, અજીર્ણ, તેમ ભમ્ મુળ શોષ, અન્નદ્વેષ, નેત્રપીડા, કર્ણપીડા, ખૂજલી, જલોદર, અને કોઢ, આવા પ્રાણઘાતક અનેક રોગોથી એની કાયા ઘેરાઈ ગઈ.

હે મૃગાવતી! આ અકૂણાઈ રાઠોડે ક્રોધ, માન, માયા અને લોભમાં મશગુલ બની વિષય-વિકારમાં પાગલ બની અનેક અધમકૃત્યો આચર્યા હતાં. અને જીવનભર તેણે ઘોર પાપકર્મો કર્યા હતાં.

રોગોથી પીડાઈ ને આયુષ્ય પૂર્ણ થયે તે ત્યાંથી મૃત્યુ પામી પ્રથમ નારકીમાં ઉત્પન્ન થયો. ત્યાં અત્યંત દુઃખ ભોગવી એ અકૂણાઈ રાઠોડ તમારી કુક્ષિએ ઉત્પન્ન થયો છે. બત્રીસ (૩૨) વર્ષ સુધી આવી વેદનાં ભોગવી અહીંથી મૃત્યુ પામી સિંહનો જન્મ લેશે. ત્યાંથી નોળિયા તરીકે જન્મશે. ત્યાંથી બીજી નારકીમાં પેદા થશે. વચ્ચે વચ્ચે એક પશુનો જન્મ લેશે. અને ૨-૩-૪-૫-૬. અને સાતમી નારકીમાં ઉત્પન્ન થશે. નારકીની વેદના એકક્ષણ માત્ર પણ ભયંકર દુઃખ આપનારી હોય છે ત્યાંથી જુદી જુદી યોનિઓમાં તેને પરિભ્રમણ કરવું પડશે.

અસંખ્યાત કાળ પછી અકામનિર્જરા વડે કર્મથી કંઇક હળવો થઇ પ્રતિષ્ઠાનપુર નામના નગરમાં એક ધનાઢયને ત્યા પુત્રપણે ઉત્પન્ન થશે, ત્યાં તેને સાધુ મહાત્માનો સમાગમ થશે અને સત્સંગ વડે પાછો મનુષ્યભવ મેળવીને મોક્ષમાં જશે.

શ્રી ગૌતમસ્વામી ભગવાનનાં મુખમાંથી પોતાના પુત્ર મૃગાલોઢિયાની પૂર્વજન્મની વિતકકથા સાંભળી રાણી મૃગાવતી સ્તંભ થઇ ગયાં અને કર્મવિપાકનો વિચાર કરવા લાગ્યા, ગણધર ભગવંત ત્યાંથી પાછા ફર્યા.

" બંધ સમય ચિત્ત ચેતીયે રે, ઉદયે શો સંતાપ "

જ્ઞાનીઓ કહે છે કે **હસતાં બાંધ્યા કર્મ જે રોતાં પણ નવિ છુટે રે.** હસી-હસીને બાંધેલા કર્મો વર્ષો સુધી રડી રડીને ભોગવતાં પણ નહિ છુટે, અધમ પ્રવૃત્તિ કરનારા મનુષ્યને તે જ ભવમાં કે બીજા ભવોમાં માઠાં ફળ અવશ્ય ભોગવવા પડે છે.

કેટલાક મનુષ્યો ઘોર પાપકર્મો કરતાં અચકાતા નથી. પરંતુ કર્મનો નિયમ અટલ છે. પોતે કરેલ પાપકર્મનાં ફળ અવશ્ય પોતાનેજ ભોગવવા પડે છે, કુકર્મનાં કડવા ફળ જ્યારે ભોગવવાનાં આવે છે ત્યારે જીવથી તેનું દુઃખ સહન થતું નથી માટે જ્ઞાનીપુરુષો કહે છે કે જો મનુષ્ય પાપકર્મ કરતાં જ અચકાય, જાગૃત થાય, ચેતી જાય તો કર્મનું ફળ ભોગવવાનો અવસર જ ન આવે. જે જીવ સમજુ હોય, વિચારવાન્ હોય તેને કર્મબંધનનાં કારણરૂપ આશ્રવોને તજવા જોઇએ. કર્મ જીવને વ્યાકુળ કરે છે. તથા કર્મનાં ફળો ભોગવવાનાં આકરા છે. માટે જીવે અત્યંત-સાવધ રહેવું.

નિકાચિતકર્મ ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. મેરૂપર્વત જો ચલાયમાન થાય, કદાપિ ધ્રુવનો તારો પણ ચલાયમાન થાય, કદાપિ સાગર પણ પોતાની મર્યાદા મૂકે અને પશ્ચિમમાં સૂર્ય ઉગે તો પણ કરેલાં-બાંધેલા નિકાચિતકર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. કર્મની એવી વિચિત્ર ગતિ છે, કર્મ એજ શયતાન છે. દુનિયાનાં સર્વજીવોને કર્મ મદારીની પેઠે નચાવી રહ્યું છે.

પલકમાં કર્મ દુનિયામાં ઘણો ફેરફાર કરી શકે છે. સાગરને ઠેકાણે પૃથ્વી કરે છે અને પૃથ્વીને ઠેકાણે સાગર કરે છે. જગતમાં જેટલા પણ ફેરફારો થયા કરે છે તે કર્મના નિમિત્તે થાય છે. આવા પ્રબળ કર્મના પંજામાંથી છૂટવાનો ઉપાય શ્રી તીર્થંકરભગવાને બતાવ્યો છે કે, મન, વચન ને કાયાથી જૈન ધર્મની આરાધના કરવાથી સર્વ કર્મનો ક્ષય થાય છે અને આત્મા સ્વયં પરમાત્મા બને છે.

મારા માથે નાથ, ઝાલ્યો તેનો મેં હાથ;
હવે નહિં છોડુ સાથ, ઝટ જાય મારા પાપ...

એટલે જીનેશ્વરભગવાનનું શરણું સ્વીકાર્યા પછી પાપને ભાગવું જ પડે છે,

નિકાચિત કર્મનો ઉદય આવે છે ત્યારે તેની સામે ઉભા રહીને મોટા મોટા તપસ્વીઓ પાછા પડી જાય છે, ત્યાં જીવ કરતાં કર્મ બળવાન હોય છે. તેથી.

"શકિત મરોડે જીવકી, ઉદય કર્મ ને બળવાન."

એ ન્યાય ઘટે છે ત્યાં જીવનો દોષ અલ્પ હોય છે. કર્મને શરમ નથી પણ જ્ઞાની કર્મનો ઉદય ટાળતાં પાછો શૂરવીર બનીને કર્મને જીતે છે. તેથી તે છેવટે કર્મનો ક્ષય કરે છે, જીવની યોગ્યતા સારી હોય તો વિચારો પણ સારા આવે અને કર્મ કરતાં બચી જાય તે ઉપર દૃષ્ટાંતઃ–

આવા કાળમાં પણ પાશ્ચાત્ય દેશમાં જન્મવા છતાં સંસ્કારોથી ભારતીય સંસ્કૃતિને પૂર્ણ નિશ્ચયથી વરી ચૂકેલા

બર્નાડશોનો પ્રસંગ બરોબર ગૌરવવંતો છે. તેમજ ભારતીય પ્રજાને પૂર્ણ પ્રેરણાદાયી છે તેમની ગંભીર બિમારી છતાં માંસ ખાવાની ડોકટરની સલાહ છતાં તેમણે તે નહિ ગ્રહણ કરતા જીવનભર જેમણે માંસાહાર કર્યો નથી તે લંડનનાં ડેલી ક્રોનીકલમાં એક મુલાકાતમાં આવતાં જે વિચારો વ્યકત કરે છે તે કેટકેટલા વેધક ને માનવ સમાજને દરેક રીતે પ્રેરણા દાયી અને ઉપયોગી છે. "તેઓ જણાવે છે કે મારી સ્થિતિ ઘણી ગંભીર છે. મને એકજ શરતે જીવિતદાન મળે તેમ છે. હું જો ગાય અથવા વાછરડાનું માંસ ખાઉં. પરંતુ મને શ્રદ્ધા છે કે પ્રાણીનું માંસ ખાવા કરતાં મૃત્યુ હજાર દરજ્જે સારૂં. મારા જીવનની અંતિમ આકાંક્ષા છે કે મારા મૃત્યુ બાદ એવા ઉત્સવ ઉજવે કે જેણે જીવજંતુઓનું માંસ ખાવા કરતાં મૃત્યુને વધારે સારૂં માન્યું હતું.

યુરોપનાં મહાન લેખક ને સાહિત્યકારનાં આ શબ્દો તેની પાછળ રહેલી તેમનાં હૃદયની કરૂણા ભારતવાસીઓને બોધપાઠ આપી જાય છે કે ઓ ભારતમાતાનાં સંતાનો ! તમારી આદર્શ સંસ્કૃતિ તમારા પૂર્વજોનાં વારસામાં મળેલી નૈતિક ને આધ્યાત્મિક સંપત્તિને માનવ તરીકે તમારી મહત્તા, બધું યાદ કરીને મોજશોખ કે આસ્વાદ અન્ય કોઈ કારણસર સ્વાર્થ વશ બની જીવહિંસાના ક્રૂરભાવ મનમાં સંઘરતા નહિ. તે હિંસાના પાપથી તેમજ હિંસક ભાવનાં મહાપાપથી જીવને બચાવીને જીવનને જીવી જાણજો, જૈન કુળમાં જન્મ લઈને જૈન શાસનને પામેલા ભાગ્યશાલી આત્માને વિચારવા

જેવું છે-કે નહિ ? કે જે અત્યારે આપણે સમજ્યા વગર બહારની દેખા દેખી કરીએ છીએ તેમાં કર્મબંધન કરીએ છીએ. તે આપણને જ ભોગવવા પડશે :- સંવત ૧૯૭૩ જુન માસનાં જૈન જગત અંકમાં પાના ૧૨૯માં લખ્યું છે કે સાડાચાર ક્રોડનાં ખર્ચે બંધાયેલું દેવનારનું (સ્લાટર હાઉસ) ૧૬. ઓગસ્ટ ૧૯૭૧થી શરૂ થયું.

બળદ કે ભેંસના અંદરના કેટલાક ભાગોમાંથી જે ચરબી નીકળે છે તે ચરબી મુંબઈમાં બટાટાની વેફર તળવામાં અને બારી બિસ્કિટ અને કાજુ તળવામાં પણ વપરાય છે. પશુનાં હાડકામાંથી બનતું જીલેટીન ઘણા આઈસ્ક્રીમ બનાવનાર આઈસ્ક્રીમમાં પણ વાપરે છે. આનાથી આઈસ્ક્રીમ ઘટ્ટ બને છે. એ આઈસ્ક્રીમ આપણે જૈનો પણ લગ્નમાં વાપરીએ છીએ, કોઈને એમ થાય કે આપણે કયાં જીવોને મારીએ છીએ, પણ હે ભાગ્યશાલીઓ ! કરણ, કરાવણ અને અનુમોદનનું સરખું ફળ કહ્યું છે. એટલે કસાઈ ખાનામાં જીવોને મારીને તેમાંથી જે વસ્તુ બનતી હોય તે ખાવાથી પાપ છે. એટલે પશુનાં હાડકાંમાંથી બનતું જીલેટીન આઈસ્ક્રીમમાં નાંખે છે તેનો જૈનો ઉપયોગ કરે છે તે પાપ નથી ? એવી રીતે ઘણી ચીજોમાં હિંસાનું કાંઈ ને કાંઈ વપરાય છે. જૈન ધર્મ અહિંસા પરમો ધર્મ છે કે નહિ ?

-:હિંસા જેવું કોઇ મહાપાપ નથી:-

હિંસાથી શાન્તિ પ્રાપ્ત થતી નથી. હિંસાથી સુખ મળે નહીં. બીજા જીવોની હિંસા કરવામાં મનુષ્ય માટે કેટ-

કેટલું લાંછન ભર્યું છે. મનુષ્ય જો પોતાનું મનુષ્યપણું સાચવવા ઇચ્છતો હોય તો એણે હિંસાથી બચવું જોઇએ. માનવને જો શાન્તિ તથા સુખનાં સ્વપ્નાં જોઇતા હશે તો તેણે મન, વચન અને કાયાથી અહિંસક બન્યા સિવાય છૂટકો નથી. અરેબર હિંસા એ કાળકૂટ ઝેર છે. હિંસક ભાવ તો ખૂબ જ કાતિલ જીવલેણ વિષ છે. હિંસાનાં પાપ કરતાં પણ હિંસકભાવ મહાન પાપ છે. પાપની અનંત પરંપરાને વધારનાર હિંસકભાવ છે. હિંસા નહિં કરવા છતાં કેવળ હિંસકભાવથી પ્રેરાઇને તંદુલિયો મત્સ્ય સાતમી નરકમાં જાય છે. તે જ રીતે જીવદયાનો-કરૂણાનો ભાવ સર્વે જીવો પ્રત્યેનો આત્મિયભાવ એ જ અમૃત છે. એક અનંત મરણોની યાતના આપે છે અને એક અનંત મરણોની યાતનામાંથી ઉગારી આત્માને અનંત જીવન આપે છે.

હિંસા દુઃખની વેલડી, હિંસા દુઃખની ખાણ;
અનંતા જીવો નરકે ગયા, હિંસા તણા પરિણામ,
દયા સુખની વેલડી, દયા તે સુખની ખાણ;
અનંતા જીવો સ્વર્ગે ગયાં, દયા તણા પરિણામ,

જૈનો કે જૈનેતર ગમે તે આત્મા દયાના કારણે ઘણા કર્મથી બચી શકે છે. એક જૈનેતરનો દાખલોઃ-(દૃષ્ટાંત) પરચુરર્ણ શાસ્ત્રીનો પ્રસંગ ખૂબ જ વેધક તેમજ મર્મ સ્પર્શી રીતે અહીં આલેખ્યો છે. પોતાનાં રક્તપિત્તનાં રોગને માટે સર્પની ભસ્મ વાપરવાને તેનો પ્રયોગ કરવાની જ્યાં તેમને

સલાહ આપવામાં આવે છે ત્યારે તેઓ કરૂણાર્દ્ર હૃદયે જવાબ આપે છે તે બરોબર વેધક ને સચોટ રીતે સર્વ કોઈને માર્ગદર્શક છે. તેઓ કહે છે. બસ કરો, બસ કરો. નાગને બદલે મને જ ભસ્મ કરી દેવામાં આવે તો શો વાંધો છે ? અરે બિચારા નાગે શો અપરાધ કર્યો કે તેને જીવતો જલાવી મુકવામાં આવે ?

આંખમાં આંસુ સાથે પરચુરણશાસ્ત્રી ફરી ગદ્‌ગદ્ સ્વરે બોલ્યા. ગયા જન્મમાં મેં કેવાં પાપ કર્યા હશે. બીજા જીવોને સતાવ્યા હશે તેનું ફળ આજે હું આ રીતે ભોગવી રહ્યો છું અને જો આ જન્મમાં પણ કોઈ નિરપરાધી જીવને હું સતાવું તો આવતાં ભવોમાં મારે કેટલું એ ભોગવવું પડે, કોઇ નિર્દોષ જીવને મારવાને બદલે હું પોતે જ બળીને ખાખ થઈ જાઉ તો ઘણું સારૂં, ભારતીય સંસ્કૃતિમાં પોતે હસતે મુખે પ્રાણોની આહુતિ આપે, પોતાના જીવન ખાતર કોઈ પણ નિર્દોષ અશરણ, કે મુંગા જીવની હત્યા જે કદીયે ન કરે, ન કરવા દે, જ્યારે આજે આપણે શું જોઈ રહ્યા છીએ ? કેવળ મોજશોખ, એશ આરામ ને ક્ષણિક સુખ આસ્વાદની ખાતર ભારતભૂમિમાં લાખો-કરોડો જીવોની ક્રૂરપણે હત્યા થઇ રહી છે. પશુથી માંડીને માનવ જેવા પ્રાણીની પણ ક્રૂરપણે હત્યા થઇ રહી છે.

આજનો ભણેલો ગણેલો તથા પોતાની જાતને સજ્જન તથા સુધરેલો ગણાવતો માનવ શરમાતો નથી તે કેવી શરમ

છે. આજે માનવ ક્યાં જઈ ઊભો છે ? તેમાં આજનો યુવાન ખરેખર દિશા ભૂલ્યો છે. શિક્ષણ, કેળવણી, ને ભણતરનાં નામે આજે તે પોતાના જીવનમાં નિરુદ્દેશ દોટ માંડી રહ્યો છે. ભણીગણી ડીગ્રી મેળવીને વિલાસ, વિકારો, વિષયો, તથા વાસનાઓની ભૂતાવળની પાછળ દોટ મૂકી રહ્યો છે. સંસ્કાર, સંયમ, સત્ય, સહનશીલતા, સાદાઈ તેમજ સાત્વિકતાનાં મંગલતત્ત્વોથી દૂર–સુદૂર ગયેલાને જીવનની મંગલકારી ઉર્ધ્વ-મુખી શક્તિઓને આજે તે ભણેલો શિક્ષિત કહેવાતો વર્ગ વ્યર્થ વેડફી રહ્યો છે, તે વર્ગને ઉદ્દેશીને આજની શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થી તેમજ શિક્ષક વર્ગની તથા મા–બાપ પોતાના સંતાનોનાં સંસ્કારો પ્રત્યેનાં કેવળ દુર્લક્ષ્યને કેળવી રહ્યા છે. વર્તમાન કાળે કેળવણીનું ફક્ત એક જ ધ્યેય રાખવામાં આવ્યું છે. અને તે મોટી ડીગ્રીઓ મેળવી લઈ પેટ ભરવું, ધન એકઠું કરવું. સતલણ વિદ્યાર્જનનું ધ્યેય કેવળ અર્થોર્જન કહ્યું છે. મા–બાપનું ધ્યેય પણ એજ હોય છે કે મારો દીકરો ભણશે–ગણશે ને સારી રીતે ગુજરાન ચલાવી શકશે. વિદ્યાનું લક્ષ્ય આજે ભૂલી જવાયું છે, શિક્ષકો, સંચાલકો પણ ઊચ્ચ ધ્યેયથી દૂર ગયા છે. ત્યાં વળી વિદ્યાર્થી આલમની ક્યાં વાત કરવી ? નથી પડી મા–બાપને, નથી પડી શિક્ષકને, નથી પડી વિદ્યાર્થીને, નથી પડી સંચાલકોને ત્યાં ગોવાળ વગરનાં ગાયોની શી દશા ? સૌની દૃષ્ટિ ટુંકી છે. સૌનું ધ્યેય ટુંકું છે. વર્તમાન શિક્ષિત કહેવાતા વર્ગની, કોલેજમાંથી ભણીને પાર ઉતરેલા વર્ગની જે અવદશા છે તે વિચા-રવા જેવી છે.

પોતાના દુર્ગુણો કેમ છુપાવવા, પોતે એકદમ સારો છે એમ દેખાવ કરવો, વાતોની સફાઇ કરવી અને ભપકાથી બીજાને આંજી નાખવા. આ બધું આજના યુવાનમાં સહેજે જોવા મળે છે.

આજે વિદ્યા–વિદ્યાર્થી અને વિદ્યાગુરૂ આજે ત્રણે એક બીજા ન રહેનારા તત્વો પરસ્પર ટકરાઈ રહ્યા છે. વિદ્યાનો જે અર્થી હોય તે વિદ્યાર્થી કહેવાય. વિદ્યાગુરૂ વિના વિદ્યા મળે નહીં આમ છતાં આજનો વિદ્યાર્થી વિદ્યાગુરૂની અદબ તો શું પણ હાંસી અને મજાક ઉડાવવામાં આનંદ માણી રહ્યો છે. કેવી આ કમનશીબ પરિસ્થિતિ છે? આવી ઉદ્ધતાઈથી ભણેલો વિદ્યાર્થી દેશને માટે કેવો નીવડશે? આશીર્વાદરૂપ કે અભિશાપરૂપ? એ વિદ્યાર્થીએ જ વિચારવાનું છે. આમ છતાં આ કાળમાં વિદ્યાગુરૂ પોતાનો ધર્મ અને કર્તવ્ય ભૂલી ગયા તો નથી ને? એ કાળનું ભારત કેવું મજેનું હતું કે ઉપકારીનો ઉપકાર કદિ જીવનભર ભૂલાતો નહિં. થોડી પણ વિદ્યા આપનાર જીવનભરનો વિદ્યાગુરૂ બની જતો. વિદ્યા લેનાર જીવનભર એની પ્રત્યે ઋણી રહી એની અદબ જાળવતો.

–: સર્વ અનિષ્ટોનું મૂળ :–

આધુનિક શિક્ષણ? આજનું શિક્ષણ બાળકોને કદી પણ સદાચારી પકવી શકશે ખરૂં? નિરોધનાં સાધનો તૈયાર હોય અને શિક્ષકો જ ખુલ્લે આમ જાતીયતાની વાતો કરતાં

હોય તો અપરિપક્વ વયનાં બાળકોને કેવા સંસ્કાર પડે, અને સિનેમા, ડિટેકટીવ નોવેલો જેવા બરાબ સાહિત્યોનું વાંચન એનાથી બાળકો કદી સારા બની શકનાર નથી. કેવા હતા ભારતની આર્યસંસ્કૃતિનાં સંસ્કાર.

–: માતૃભક્ત બાળક :–

એક નાનો છોકરો હંમેશા પોતાની માતાની આજ્ઞા માનતો હતો. માની સેવા કરવી, માતાને સુખ આપવું અને માતાને આનંદિત રાખવી, તેનું કહ્યું માનવું એ જ તેને મન સર્વસ્વ હતું. માની સેવા કરવામાં પોતાને કંઈ કષ્ટ પડે તો તેના જીવનની સાર્થકતા માનતો. રોગચાળાનાં દિવસો ચાલતાં હતાં. રોગથી રોગચાળાનાં પવનમાં તેની મા માંદી પડી. છોકરો તેની માની ચાકરી કરવામાં સંપૂર્ણપણે ધ્યાન રાખતો. એક રાત્રે તેની માએ દીકરાને કહ્યું, બેટા મને તરસ લાગી છે. પાણી લાવ, છોકરો ઝપાટાબંધ પાણીનો પ્યાલો લઈ મા પાસે આવ્યો. પણ ત્યાં સુધીમાં તો એની માને ઉંઘ આવી ગઈ હતી. ઉંઘમાંથી માને જગાડવાનું છોકરાને પોતાનાં કર્તવ્ય પરાયણતાનો ભંગ થતો હોય તેમ લાગ્યું તેથી છોકરો પાણીનો પ્યાલો લઈ છાનોમાનો માના ખાટલા પાસે ઉભો રહ્યો. (કારણ કે તેને એમ થયું કે હું ઉંઘી જાઉં અને મા જાગી જાય તો પાણી આપી શકું નહીં,) તે માની ઉઠવાની રાહ જોતો હતો. પણ તેની માંદી માંને સારી પેઠે ઉંઘ આવી ગઈ હતી. તેથી તે આખી રાત બડે પગે ઉભો રહ્યો. સવાર થતાં જ્યારે તેની મા જાગી ત્યારે તેણે જોયું

કે તેનો દિકરો છાનોમાનો તેની પાસે પાણી લઇને ઉભો છે. તેથી તેની આંખમાં હર્ષનાં આંસુ ઉભરાઈ આવ્યાં. તેણે કહ્યું બેટા ! આખી રાત તું કેમ ઉભો રહ્યો ? દિકરાએ કહ્યું મા મારી ખાતર. તેં કેટલીએ વાર રાતોની રાત જાગી ઉજાગરો વેઠયો છે તેમજ કેટલાંએ કષ્ટો સહ્યા છે. તો તારા માટે હું એક રાત જાગ્યો તેથી શું થયું ? આ હતાં સ્વામી વિવેકાનંદ. આનું નામ આવું શિક્ષણ; સુસંસ્કાર. હમણાનાં આધુનિક વિચારવાળાનું હવે દૃષ્ટાંત ટુંકામાં લખું છું:– એક ગરીબ માતાનો એક જ દિકરો હતો. દિકરો પાંચ વરસનો થયો ત્યારે તેનાં પિતાનું મૃત્યુ થયું. ઘર નિરાધાર બન્યું. કમાનાર કોઇ રહ્યું નહિ. સહાય કરનાર કોઈ રહ્યું નહિ અને માતાના આંસુને લૂછનાર કોઈ રહ્યું નહિ. માતાની આંખોનો તારો ગણો, કે ઘરનો આધાર ગણો, કે હૈયાનો હાર ગણો. જે ગણો તે દિકરો જ હતો. માતાએ હિંમત ન હારતાં વજ્ર જેવું કઠણ હૈયું કર્યું. કોઇનાં ઘરે વાસણ માંજવાનું, કોઇનાં ઘરે વાસીદું વાળવાનું, કોઈનું પાણી ભરવાનું કામ કરીને એ કમાણીમાંથી દિકરાને ભણાવ્યો, તે ડોકટર થયો ત્યાંસુધી ભણાવ્યો. ત્યાં સુધી માતાને કેટલું દુઃખ (કષ્ટ) પડયું હશે ? પણ માતાને આશા હતી કે મારો દિકરો મને સુખ આપશે. હવે એ દિકરો ડોકટર થયા પછી પૈસો વધતો ગયો, માન વધતું ગયું, પ્રમુખસ્થાન જેવી પદવીઓ મલતી ગઈ અને વધારામાં સુધારક કન્યા પરણી ગયો. પછી

માતાની શું દશા થઇ હતી એ લખતાં–વાંચતાં હૃદય દ્રવી જાય. આ છે આજના ભણતરનો ભાર. આ બે દૃષ્ટાંતો વાંચીને વિચારવા જેવું છે કે નહિ? પોતાનો સાચો ધર્મ અને ફરજ ભૂલી જવાને કારણે વિવેકને બોઇ દેવાથી ભગવાન તુલ્ય માતા પિતાની સેવા કરવામાં લાજ રાખે છે. સાચી જનેતા (કુળદેવી) જેણે જન્મ આપી, પાળી, પોષી, મોટો કર્યો તેની સેવા કરવામાં લાજ શેની? પણ આર્ય-સંસ્કૃતિનો નાશ (ભંગાર) થવાનાં કારણે આ બધું થાય છે. પણ એને કોણ સમજાવે કે તું સાચો ધર્મ અને ફરજ ભૂલ્યો છો.

–: દૃષ્ટાંત બીજું :–

પેટે પાટા બાંધીને મજૂરી કરતો પિતા પોતાનાં પુત્ર માટે કાંઇકને કાંઇક બચાવે છે. એમાંથી એકના એક પુત્રને ભણાવે છે, વૃદ્ધત્વે પિતાનું શરીર કોઇ રીતે કામ કરવા માટે શક્તિમાન નથી પણ તે એમ જ ઘરમાં બેસી રહે તો આખા કુટુંબને ભૂખમરો ભરખી જાય તેનું શું? મન મારીને તન તોડે છે. જીવને સમજાવીને ય જાતને ઘસડીને રોજ લાઇ જાય છે મજુરોની દુનિયામાં. આશાનાં એક પાતળા તંતુએ જ એનું જીવન ટિંગાયું છે. કાલે દીકરો કમાતો થઈ જશે. બસ પછી શાન્તિ, શાન્તિ, શાન્તિ. હું અને એની મા....બેય નિરાંતનો દમ બેંચશું. પણ ભણવા જતો દિકરો બોવાય છે. કોઇ શ્રીમંતની દીકરીઓનાં રૂપમાં મુગ્ધ થાય છે. માબાપ ઘેર પૂરું બાવાનુંએ બાતા નથી. અને દિકરો

હોટલમાં પાર્ટીઓ ઉડાવે છે. સહશિક્ષણ, સિનેમા અને નવલકથાઓનું વાંચન એના જીવનને, તનને અને મનને બિયકાંવે છે. માતા–પિતા ગામડિયા લાગે છે. ઉપકારી પેલી છોકરી જ દેખાય છે. સુખ એના સંગ સિવાય કયાંય જોવા મળતું નથી. એક દિવસ આવ્યો, વૃદ્ધ માબાપને એણે ત્યાગ્યા, ચિઠ્ઠી મુકીને ચાલ્યો ગયો. આજ પછી હવે મારૂં મોં તમને જોવા નહિં મળે. હું ખુબ સુખી જીંદગી જીવવા માટે જઈ રહ્યો છું. તમે મને પાળ્યો, પોષ્યો તે બદલ ઉપકાર, ચિઠ્ઠી વાંચતાં જ માતા–પિતા બેભાન થઈ જાય છે. ભાનમાં લાવનાર પૈસા તો અહીં છે જ નહિં. ભાનમાં લાવે ય કોણ ? ગરીબીની વહારે ધાય પણ કોણ, ? ડોકો પવન દોડતો આવે છે. એમને જગાડે છે. જાગીને ય શું કરવાનું ? છાતી ફાટ રૂદન કરે છે. હવે જીવવાનું કોની આશાએ ? કોના આધારે, જીવીને કામ પણ શું છે ? દિકરો તો સુખી થયો. છેલ્લી અંતરની આશિષ આપતાં માતા–પિતા એસીડની બાટલી પી જાય છે. આવાં તો સારાં અને બરાબ દિકરાનાં દૃષ્ટાંતો ઘણાં છે. આ તો સમજવા પુરતું દૃષ્ટાંત છે.

'સુ' અને 'કુ' "સુ" એટલે સત્યુગ (સુસંસ્કાર) "કુ" એટલે કલિયુગ (કુસંસ્કાર). જગતમાં કુ. અને સુ. નું રાજ્ય ચાલે છે, જ્યારે 'સુ' એટલે સત્યુગનું રાજ્ય ચાલતું હોય ત્યારે રાજા ન્યાયી હોય, વેપારી નીતિવાન્ હોય, શ્રીમંત ઉદાર હોય, યુવાનો સદાચારી હોય, સ્ત્રીઓ શીલવંતી હોય, બાળકો વિનયવંતા હોય, સાધુ સ્વશાસ્ત્રે ચુસ્ત હોય. એ રીતે

સાતે વાના સારા હોય અને 'કુ' એટલે કલિયુગ (જેને પડતો કાળ કહેવાય) એનું શાસન ચાલતું હોય ત્યારે 'સુ' થી ઉલટું દેખાય. આ શાસનની ભાવિની આગાહીમાં ખુદ ભગવાન વર્ધમાનસ્વામીએ પોતાની અંતિમ દેશનામાં પુણ્યપાલ મંડલેશને આવેલા આઠ સ્વપ્નનાં ફળ નિર્દેશમાં ફરમાવ્યું છે કે, હે રાજન્ : આગળ જતાં--કાળ એવો આવશે કે સુકુળમાં ઉત્પન્ન થયેલા ધાર્મિક આચાર–વિચારવાળા નહિં હોય, કમલાકરમાં ઉત્પન્ન થયેલા કમળ જેમ સુગંધી હોય, તેમ સુકુળમાં જન્મેલા સંસ્કારી હોવા જોઈએ. પરંતુ આગળ જતાં કાળ એવો આવશે કે સુકુળમાં જન્મેલામાંથી પણ સંસ્કારી ઘણા ઓછા નીકળશે. મોટે ભાગે આજે એજ પરિસ્થિતિ દેખાય છે. જન્મ નબળા કુળમાં થયેલો હોય પણ વિનય, વિવેક, જીવદયા અંગેનાં સંસ્કાર ઉંચા હોય તો તે કુળથી ચંડાલ કહેવાય પણ કર્મથી મહાન્ છે. તેમ જૈન જેવા શ્રેષ્ઠ કુળમાં જન્મ થયો હોય અને કર્મ નબળા કરતાં હોય તો તે કુળથી જૈન કહેવાય પણ કર્મથી અધમી કહેવાય. કયાં આજનાં જૈનો ? જન્મે જૈન છતાં ભોગવિલાસમાં જીવનનાં કેવા કુરચા ઉડી ગયાં છે ?

કુમારપાળ જન્મે અજૈન હતાં. એટલું જ નહિં. પરંતુ અમુક વર્ષની વય સુધીમાં માંસાહારી પણ હતા. પણ જુઓ તો ખરા પરિવર્તન આવે છે ત્યારે કેવું આવે છે. કેટલા વેગથી આવે છે. અને એ આત્મા કયાંનો કયાં પહોંચી જાય છે. પૂર્વ ભવમાં જેમનો જીવ જયતાક નામના

ડાકુનું જીવન જીવતો હતો તે કુમારપાળ રાજા થયો અને (ટુંકા ગાળામાં) થોડાક ભવોમાં જ ગણધર પદવી પામીને મોક્ષમાં પણ ચાલ્યો જશે.

-:કુમારપાળ રાજાનો પૂર્વભવ:-

જ્યાં સુધી ધર્મકળાને જીવનમાં સ્થાન ન અપાયું હોય ત્યાં સુધી પ્રાપ્ત થયેલી બીજી કલાઓ એકડા વિનાનાં મીંડા જેવી છે. ગમે તેટલા મીંડા હોય પણ એની કિંમત શું ? વિજ્ઞાનની વહારે દોડતાં મહાનુભાવો હૃદયમાં વિચારજો કે અમારા હૃદયમાં ધર્મનાં સ્થાન પણ છે ખરાં ? ધર્મનું સાચું સ્વરૂપ જ્યાં સુધી સમજાયું ન હોય ત્યાં સુધી એ ધર્મ હૃદયમાં રૂચે પણ નહિ. કદાચ રૂચે તો એને આદરી ન શકે અને આદરે તો પૂર્ણ રૂપે પાળી શકે નહિં. માટે જ ધર્મ કળાને હૃદયમાં પહેલું સ્થાન આપવું જોઈએ. આ કળા જેના હાથમાં આવી એજ સાચી રીતે જીવન જીવી શકે છે. બીજાને આદર્શ સ્વરૂપ બની શકે છે.

પલ્લીપતિ જયતાક :- મેવાડ દેશમાં ડોબ્રિક ઓંચા પર્વતની શ્રેણી પર પરમાર વંશમાં ઉત્પન્ન થયેલ જયતાક નામનો રાજપુત્ર હતો. તે રાજપુત્ર પણ સંસર્ગના દોષથી ચોરી કરતાં શીખી ગયેા.

સોબત તેવી અસર :- સજ્જન પુરૂષની સોબતથી દોષ-પણ ગુણ રૂપે બની જાય છે. અને દુર્જનનાં સંસર્ગથી સુગુણ પણ દુર્ગુણમાં ફરી જાય છે. આજે વ્યવહારમાં પણ

બોલાય છે કે "સોબત તેવી અસર" જેના વિચારો મજબુત ન હોય, હૃદયનું સિંહાસન ડગમગતું જ હોય. એ તો પછી પાણીની જેમ ફર્યા જ કરે.

પાણીમાં ગમે તે રંગ નાખો, પાણી તન્મય બની જવાનું. આજે એવું ઘણું જ બની રહ્યું છે. સંસાર તરફ દૃષ્ટિપાત કરો ત્યારે ત્યાં તેના જેવા જ અને જ્યારે ઉપાશ્રયમાં કે હેરાન્સરમાં જાઓ ત્યારે થોડીક ક્ષણ માટે ત્યાંનાં જેવાં સંસર્ગની અસર બહુ જ ઉંડી થાય છે. રાજપુત્રમાંથી જયતાક ધીરે ધીરે પલ્લીપતિ બની ગયેા. લુંટફાટ એ જ એનેા ધંધેા. બીજાને હેરાન કરી આનંદ માણવાનું એનું નિત્ય કાર્ય થઈ ગયું.

જયતાકનું જીવન જગતમાં શ્રાપ રૂપ બની રહ્યું છે. લોકો એને ફિટકારી રહ્યા છે. પણ જયતાક તો જગત સામે ઉભો ઉભો અટ્ટહાસ્ય કરી રહ્યો છે. અને મળતી અકળતામાં એ આનંદ માણી રહ્યો છે.

આનંદનું ઉદ્‌ગમસ્થાન :- વિષયનો કીડો વિષયમાં જ આનંદ માને. કદાચ એને તમે પુષ્પમાં મુકો તો શી **દશા** થાય ? મરણ જ નીપજે. આનંદનું ઉદ્‌ગમ સ્થાન જેને **જે માનતો** હોય એના સિવાય અન્ય સાચાં આનંદના સ્થાનોને પણ એ વિષાદમય માને છે. એને કદાચ અખંડ આનંદનું સ્થાન બતાવવામાં આવે તો પણ એ વાતને એ આત્મા ઉપહાસથી ઉડાવી દેશે. કેટલી પ્રાણીઓની વિચિત્ર પ્રવૃત્તિ ?

જયતાકનું જીવન ભયંકર બનતું જાય છે. પરંતુ એ ભયંકરતામાં જ તેને અખંડ આનંદ મળે છે.

એક વખત ધનદત્ત નામનો સાર્થવાહ ત્યાંથી પસાર થઇ રહ્યો છે. જયતાકને ખબર મળી. પોતાની ચોરમંડળી સાથે ત્યાં આવી સાર્થને લૂંટી લીધો. સાર્થવાહ ધૂઆંકૂઆં થઈ ગયો પણ કરે શું ? સમર્થ પલ્લીપતિ આગળ વાણિયો કરે શું ? પણ ધનદત્તે તે જ વખતે નિશ્ચય કર્યો કે આ પલ્લીપતિને જ્યાં સુધી હું પરાજીત કરી મારૂં ધન વ્યાજ સહિત પાછું ન મેળવું ત્યાં સુધી હું વાણિયો નહીં.

ઇર્ષાની આગ:—ઇર્ષાની આગ હૃદયમાં ચંપાયા પછી શાન્તિ ક્યાંથી હોય ? શાન્તિના નામે જ અશાન્તિની આગ ભભૂકવા માંડે. એ ઇર્ષાની આગ હૃદયમાં બળતી હોય ત્યારે પોતે તો બળે જ અને બીજાને પણ બાળીને ખાક કરી નાંખે. ક્ષમતાનો સેતુ એ ઇર્ષાની આગમાં દગ્ધ થઈ જાય એમાં નવાઈ જ નથી.

ધનદત્ત તો પહોંચ્યો માલવાના રાજા પાસે. રાજાને ભેટ ધરી મોટું સૈન્ય માગ્યું. રાજાએ ધનદત્તને સમજાવ્યું ભાઈ ! યુદ્ધ કરવું એ વાણીયાવટ નથી. એમાં ક્ષત્રિય તેજ જોઇએ. તમે શાંતિથી ઘેર જઇ સુઈ જાઓ. તમારૂં ધન થોડા વખતમાં જ પાછું આવશે.

રાજન્ ! મારી દૃઢ પ્રતિજ્ઞા છે. હું જ એ પલ્લીપતિને જીતીશ. એને હરાવી મારૂં ધન ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત

પાછું મેળવીશ ત્યારે જ જંપીશ માટે આપ મને સૈન્ય આપો. હું જ એનું નિકંદન કાઢીશ.'

ધનદત્તના આ શબ્દો શું સુચવે છે? આવી વેર વૃત્તિ જ્યાં સુધી હૃદયમાં બેઠી હોય ત્યાં સુધી ધર્મકળાને સ્થાન કયાંથી હોય ?

મહાન્ અકાર્ય:- માલવરાજે તેને મોટું સૈન્ય આપ્યું. પોતાના સેનાપતિને પણ સાથે મોકલ્યો. ધરતીને ધણધણાવતો ધનદત્ત જયતાકની પલ્લી પાસે આવી ઉભો. જયતાકને જાણ થઈ કે આ મહા સૈન્ય આગળ હું ટકી શકું તેમ નથી; તેથી છુપી રીતે જયતાક ત્યાંથી નાશી છુટયો. તેનું નધણીયાતું સૈન્ય પણ ભાગવા માંડયું.

ધનદત્ત તેની પાછળ પડયો. જયતાકની સગર્ભા પત્ની તેણે જોઈ. એની વેરવૃત્તિ ઉકળી ઉઠી. હાથમાં રહેલી તલવારથી એનું પેટ ચીરી નાખ્યું. સાત-આઠ માસના ગર્ભને પત્થર પર પછાડી મારી નાખ્યો. કેટલું નીચ કૃત્ય ? હત્યારો પણ જે ન કરી શકે એ કાર્ય એક વાણીઆએ કર્યું. સાંભળતા પણ અરેરાટી છૂટે પણ કુકર્ત્તવ્યના સમયે આવું યાદ આવે તો આવું કાર્ય થાય નહી.

વેર-વૃત્તિનો વિપાક :- આજે જો શાંતિથી વિચારવા જઈએ તો લાગશે કે આપણાં અંતરના ખૂણામાં આવી વેરવૃત્તિ બેઠી છે. માટે જ સાચું સુઝતું નથી. અને જ્યાં સુધી અંતરની કલુષિત વૃત્તિ ટળે જ નહીં ત્યાં સુધી જ્ઞાન

મળ્યું હોય પણ ભાન આવે જ નહીં. પછી એ જાણુપણાની કિંમત કશીજ નહીં. જ્ઞાનીઓ તો જણાવે છે કે જેમ ચંદનના ભારને ઉપાડનાર ગધેડો ભારને જ વહન કરે છે. પણ ચંદનની સુગંધ મેળવી શકતો નથી એવી જ રીતે જ્ઞાન હોય પણ આચરણમાં શૂન્ય હોય તો એ જ્ઞાન એનો ઉદ્ધાર કદી કરી ન શકે! ઉદ્ધારની વાતો હવામાં અદ્ધર લટકતી જ રહી જાય. કુકર્ત્તવ્ય કરવા જતાં પ્રાણીને અટકાવે એજ જ્ઞાન સાચું! બાકીનું જાણુપણું બોજા રૂપ છે. આવા જાણુપણાને જ જ્ઞાનીઓએ ગધેડાના ભારની સાથે સરખાવ્યું છે.

—:કર્મ વિચાર :—

પ્રત્યેક વ્યક્તિ પોતાના (કર્મ) કૃત્યો માટે પોતે જ જવાબદાર છે. **'કરે તેવું પામે અને વાવે તેવું લણે'** એવો કર્મવાદનો સનાતન નિયમ છે. માણસે કર્મવાદના જ્ઞાનનો ખરો ઉપયોગ કોઇ પણ કાર્યનો આરંભ કરતી વખતે કરવાનો છે. સારા કામનું ફળ સારૂં અને બુરાનું બુરું એ નિયમ જો ધ્યાનમાં રખાય તો માણસ અશુભ કાર્ય (કર્મ) કરતાં કંપે, અચકાય અને સત્કાર્ય કરવા તરફ જ પ્રોત્સાહિત રહે. પૂર્વે કરેલાં દુષ્કર્મોનાં કટુફળ ભોગવવા વખતે તત્સંબંધી વિચાર કરવા કે રોવા બેસવું એનો કોઈ અર્થ નથી.

સંસારના જે મૂળ રૂપે, તેં કષાયો કેળવ્યાં;
દુઃખના જે ડુંગરો, પાપથી મેં મેળવ્યાં.

ક્રોધ નામનો કષાય ભયંકરમાં ભયંકર પાપ કરાવીને દુઃખમાં ધકેલી દે છે અને સંસારમાં રખડાવે છે. તે ઉપર ચંડકૌશિક સર્પનો પૂર્વભવ વાંચવાથી સમજી શકાશે.

પ્રભુએ કર્મ અને આત્માનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે કે જીવ આઠ કર્મોથી લેપાયેલો છે. કર્મના કારણે તે સંસારમાં વિવિધ ગતિઓમાં વિવિધ સમય માટે પરિભ્રમણ કરતો રહે છે. કર્મનો ક્ષય થાય તો જ આ પરિભ્રમણ અટકે. જીવે (આત્માએ) પુણ્યથી મુક્ત થવાનું છે. આત્મા જ્યારે સ્વ—સ્વરૂપને પામે છે ત્યારે સંસારનો અંત આવે છે.

જીવ જેવો જીવ, અનંતબલી–કર્મના જડનો ગુલામ બને ? જીવત્વનું આના કરતાં મોટું બીજું કયું અપમાન હોઇ શકે ?

જો દુઃખ નથી સારૂં તો તેનું જ કારણ સુખ પણ કેમ સારૂં કહેવાય ? કોઇ આ વાત સમજતું નથી. એનું આ તોફાન છે ને ? આ તો જ્યારે જ્ઞાનચક્ષુ ખુલ્લી જાય ત્યારે બધું સત્ય સમજાય.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ જગતના ભવ્ય જીવો માટે સાચા સુખનો માર્ગ બતાવ્યો છે. આ સંસારનું જે સુખ છે તે અસલ તો દુઃખ માટે જ છે. આ સંસારનું સુખ જેને ફાવી જાય તેના માટે દુર્ગતિ તૈયાર છે; પુણ્યથી સુખ મળે એ સાથે જ કહ્યું છે કે જીવ

જો આ સુખમાં સાવચેત ન રહે તો આ સુખ જ જીવને દુર્ગતિમાં મોકલી આપનાર છે. આ વાત અરિહંત ભગવંત પોતે જાણતાં હતાં. માટે એ તારકોને પુણ્ય યોગે મળેલી સઘળી સુખ સામગ્રી રિદ્ધિ-સિદ્ધિ આદિનો ત્યાગ કરી ઘોર ઉપસર્ગો, પરિષહો વેઠી, મોહને મારી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયાં. (જ્યાંથી ફરી જન્મ લેવો પડતો નથી.)

હવે મૂળ વાત ઉપર આવીએ.

ધનદત્ત હસ્તો રહ્યો છે. વેરનો બદલો લીધાનો એને સંતોષ છે. પલ્લીમાંથી અખૂટ ધન લઈ માલવાધીશ પાસે આવ્યો.

એની પિશાચલીલા સાંભળતાં જ માલવાધીશ ઉગ્ર બની ગયો. 'રે કર્મ ચંડાળ ! સ્ત્રી હત્યા અને બાળ હત્યા કરતાં નિષ્ઠુર હ�ૃદયે જરા પણ આંચકો ન અનુભવ્યો. પાપી ! તારી પિશાચલીલા તને રૌરવ નરક વાસમાં ધકેલશે પણ આજથી તારે મારો દેશ છોડી ચાલ્યા જવું.'

ધનદત્તનું સમગ્ર ધન લઈ દેશ નિકાલની આજ્ઞા ફરમાવી દીધી. ધનદત્તનો વિજયી ઉન્માદ આજે ઓગળી ગયો હતો.

—:પલ્લીપતિનો માનસ પલટો :—

પલ્લીપતિએ જ્યારે એની પત્ની અને બાળહત્યાના સમાચાર સાંભળ્યા ત્યારે એનું કઠોર કાળજું કમકમી ગયું. આંખમાંથી ઊનાં આંસુની ધાર વહી છૂટી; આજ સુધીના

કુકર્તવ્ય પર હવે એને નફરત છૂટી; સમગ્ર સંસાર દુઃખમય ભાસવા લાગ્યો.

પોતાના પર અથવા સ્વજન પર દુઃખનો ભાર આવે, નજીકનું સ્વજન મૃત્યુ પામે ત્યારે દુઃખના ભયથી સંસારની અસારતા સમજી જે વૈરાગ્ય થાય તેને દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. આવો વૈરાગ્ય પણ કેટલીક વખત ધર્મ વિમુખ બનેલા પ્રાણીને ધર્મ સન્મુખ લઈ જાય છે. પલ્લીપતિને પણ એવો વૈરાગ્ય થયો હતો. પશ્ચાત્તાપના ભારથી એ નીચું મુખ રાખી ચાલી રહ્યો હતો એટલામાં જ રસ્તામાં એને યશોભદ્ર સૂરીશ્વરજી મહારાજ મળ્યાં. ત્યાગની મૂર્તિ સમા સૂરીશ્વરને જોઈ મહાપાપમાં જ જેણે જીવન વિતાવ્યું છે. એવો જયતાક ભાવથી નમ્યો.

—: ધર્મ પામવા લાયકાત જોઇએ :—

સંસારના દુઃખથી ઉદ્વિગ્ન બન્યો છે માટે જ એને હૈયે ત્યાગી પ્રત્યે બહુમાન જાગે છે. કર્મના વિપાકને સમજી અથવા તો પોતાના પર દુઃખ આવે ત્યારે સંસારની પરિસ્થિતિ સમજી ગમે તે અવસ્થામાં પણ જો સંસાર પ્રત્યે સહેજ પરાઙ્મુખ ભાવ ન આવે તો તેને ધર્મ સમજાય નહીં. ધર્મ પામવાની યોગ્યતા ત્યારે જ આવે જ્યારે સંસારથી પરાઙ્મુખ ભાવ આવ્યો હોય. મમત્વનો ભાવ દૂર થયો હોય.

પલ્લીપતિની પરિસ્થિતિ બહુ જ ભયાનક છે. પણ સૂરીશ્વરજી એની યોગ્યતાને કળી ગયા. સૂરીશ્વરે મૃદુ

સ્વરે ધર્મલાભ આપતાં જયતાકને સંબોધી કહ્યું 'ભાઈ! તું દુઃખમાં સપડાયેલો હોય તેવું લાગે છે. તારૂં ચિત્ત ચિંતાની ચિતામાં ચેતના વિહીન બની ગયું છે. આનું શું કારણ ?'

જયતાકે પોતાની સઘળી પરિસ્થિતિ જણાવી દીધી. ગુરુના મૃદુ સ્વરની પલ્લીપતિ પર અજબ અસર થઇ હતી.

–: સૂરીશ્વરનો સદુપદેશ :–

જયતાક ! ચોરીના મહા પાપ આ ભવમાં રૌદ્ર દુઃખોનો અનુભવ થાય છે અને પરભવમાં પણ દુઃખોનો રાશિ સામે આવે છે. ઉભય લોકમાં નિંદ્ય ચૌર્ય કર્મનો ત્યાગ કરવાથી જ સુખી થવાશે. માટે આજથી તું પ્રતિજ્ઞા કરી લે કે 'હવેથી હું ચોરી નહીં કરું' ચોરીમાં જ જીવન પસાર કરનારને માટે ચોરીની જ પ્રતિજ્ઞા ? પણ જયતાક પલ્લીપતિને પાપનું પુરૂં જ્ઞાન થયું હતું એના ફળનો આસ્વાદ મળ્યો હતો. માટે જ પોતાના દુષ્કૃત્ય પ્રત્યે તેને નફરત છૂટી હતી. પાપના ફળને ભોગવવા છતાં પાપ કર્મથી દૂર ન રહેવાય તો સમજી લેજો કે અનાદિના ગાઢ પાપ સંસ્કારોની જોહુકમી નીચે અમે દબાયેલા છીએ. અરે ! રાજાની આજ્ઞામાં કદાચ ગેપ મારી જઇએ પણ કર્મની કટુ આજ્ઞામાંથી કોઇ છટકી શકે નહીં. વ્યાખ્યાનમાં બેઠા ત્યાં સુધી બધું જ સાંભળવું, માથું પણ ધુણાવવું, ત્યાંથી ઊભા થયા પછી જે સાંભળ્યું હોય તે બહાર ગયા પછી બધું ખંખેરી નાખવું. હૃદયમાં એ

તત્ત્વો સ્પર્શે નહી. આવા અનુભવો છતાં ય જરા અરેરાટી પણ છૂટે નહી. આ બધું જ શું સુચવે છે? કાળજું કોરૂં ને કોરૂ જ છે. રીઢા ઘડામાં ગમે તેવું ઠંડુ પાણી ભરો પણ એનું પરિણામ શું આવે? ગરમ જ થઈ જાય. આવું સમજવા છતાં, જાણવા છતાં હૃદયના ઊંડાણમાં કર્તવ્યના પાલનમાં કશું જ ન આવે તો જીવન સ્થિતિ સુધરવી ઘણી જ મુશ્કેલ બને. આમ તો સારે ય સંસાર કર્મ નિમિત્ત છે. કર્મોને વશ પડેલા જીવોને (આત્માને) ઇચ્છા નહી હોવા છતાં દુઃખો ભોગવવા પડે છે. તેવી રીતે મહા પુણ્યશાળી આત્માઓને સુખ આપનારા કર્મો પણ ભોગવવાં પડે છે. અનાદિથી આત્મા સાથે વળગેલા કર્મોએ શ્રી અરિહંત પરમાત્માના આત્માને પણ આ સંસારમાં ચાર ગતિમાં ભટકાવ્યાં છે. કર્મ એજ આત્માનો મોટો શત્રુ છે. તે કર્મની આધીનતા જ જીવને સંસારમાં રખડાવે છે. જીવ જ્યાં સુધી સમજદાર ન બને ત્યાં સુધી આત્મા પર કર્મનું સામ્રાજ્ય ચાલે છે.

અરિહંત ભગવાન ફરમાવે છે કે જેવી અનંત શક્તિ કર્મોની છે તેવી અનંત શક્તિ (જીવ) આત્માની છે. આત્મા ચેતન છે. જ્યારે કર્મ જડ છે. ચેતન જો જાગી જાય તો જડને (કર્મને) નાશ કરતાં વાર લાગતી નથી. પાપી પોતે ડુબે છે. જ્યારે તેનો પ્રચારક સ્વયં ડુબી અન્યોને પણ ડુબાવે છે.

જૈન શાસ્ત્રમાં છ વાતો પત્થર ઉપર ટાંકેલા શબ્દો જેવી છે. એમાં ધર્મગુરૂઓ લેશ પણ ફેરફાર કરી શકે નહી. આ રહી તે છ વાતો :–

(૧) આત્મા શરીરથી ભિન્ન (ભિન્ના ભિન્ન) છે.
(૨) તે નિત્ય (પરિણામી નિત્ય) છે.
(૩) તે કર્મનો કર્તા છે.
(૪) તે કર્મનો ભોક્તા છે.
(૫) તેનો કર્મોથી સર્વથા મોક્ષ થઇ શકે છે.
(૬) તેના ઉપાય તરીકે : સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની એકતા છે.

"કેવલજ્ઞાની જ્ઞાનથી, દેખેલું તે થાય;
તે કયારે પલ્ટે નહી, કરતાં સર્વ ઉપાય.
રાજાને લક્ષ્મી ઘરો, પંડિત ને ગુણવાન;
પુણ્ય ઉદયે પૂજાય છે, પુણ્યે વિના હેવાન.
પાપ ઉદય થાવા થકી, મિત્રો શત્રુ થાય;
લક્ષ્મી ને પરિવાર પણ, છોડી ચાલ્યા જાય.
રડવાથી રહેશે નહી, કરગરે કાંઇ ન થાય;
મુદત પાકતાં સર્વના, સુખ-દુઃખ ચાલ્યા જાય.

જયતાકનું ચાલું દૃષ્ટાંતઃ-

જયતાકે પ્રતિજ્ઞા લીધી. સૂરીશ્વર સાથે રહેલા શ્રાવકોએ ત્રણ દિવસના ભૂખ્યા જયતાકને ભાતુ આપ્યું. જયતાક ભૂખને સમાવી ગુરૂના ચરણ કમળનો સ્પર્શ કરી એકશિલા નગરી તરફ ઉપડયો.

આજ સુધીનો ચોર, ડાકુ, હત્યારો હવે આપણી સામે બીજી રીતે ઉપસ્થિત થાય છે. જીવવાની કળા સદ્‌ગુરૂ

પાસેથી એને મળી ગઇ છે. એનું આખું ય જીવન હવે પલટાઈ જાય છે.

—: અજબ અસર :—

એકશિલા નગરીમાં જયતાક ઓઢર નામના એક ગૃહસ્થને ત્યાં રહેવા લાગ્યો. ખાવું, પીવું અને ઘરનું કામ કરવું. માંસ, મદિરા જેવી અભક્ષ્ય ચીજો પણ બંધ કરી દીધી. ક્રૂર મુખ દિવસે દિવસે શાંત બનતું જાય છે. રૌદ્ર સ્વરૂપ સૌમ્ય બનતું જાય છે. એક જ વખત થયેલો સદ્‌ગુરુનો સંયોગ કેટલો જીવન પલ્ટો કરાવી શકે છે? જ્યારે આપણે તો વારંવાર સદ્‌ગુરુઓના સમાગમમાં આવ્યા છીએ છતાં ય પરિવર્તન થાય છે ખરૂં? પલ્લીપતિ પામી જાય અને આપણે, એ તો જરા વિચારણીય ખરૂં જ!

—:કૃતજ્ઞતા મહાગુણ :—

એક વખત યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ એક ગામમાં પધાર્યા છે. જયતાકને જાણ થતાં જ તે તો ગુરૂની પાસે જઇ તેમની સેવા સુશ્રૂષામાં લાગી ગયો.

એક વખત જયતાકને ઓઢર શ્રેષ્ઠીએ પૂછ્યું, "ભાઈ, હમણાં તું આખો દિવસ કયાં વીતાવે છે?" જયતાકે કહ્યું, "મારા ગુરૂ યશોભદ્રસૂરિજી આ નગરમાં પધાર્યા છે. તપ અને ત્યાગની મૂર્તિ સમા એ મારા ગુરૂની સેવામાં હું દિવસ વીતાવું છું"

ગુરૂએ એને શું આપ્યું છે? પણ કૃતજ્ઞતાનો મહા ગુણ જયતાકમાં જાગતો હતો, પોતાને પાપથી નિવૃત્ત કરનાર

પુણ્યના પંથે પ્રયાણ કરાવનાર ગુરૂદેવ મલે ત્યારે તન, મન એમના ચરણે અર્પણ થઈ જાય.

સમકિત દાતા ગુરૂ તણો, પ્રત્યુપકાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતા કોઈ ઉપાય ॥ ૧ ॥

–: નોકરથી શેઠ પામી ગયો :–

ઓઢર જયતાકને સાંભળી રહ્યો. તેને પણ થયું જો આવા મહાત્યાગી ગુરૂ હોય તો એમના દર્શન માટે જવું જોઇએ.

જયતાકની સાથે ઓઢર શ્રેષ્ઠી એ યશોભદ્રસૂરિજી પાસે વંદન કરવા આવ્યો. ગુરૂદેવની શાન્ત–પ્રશાન્ત મુદ્રા જોઇ ઓઢરની મિથ્યાત્વની નિબીડ ગાંઠ ઓગળી ગઈ. ગુરૂદેવની પાસે ધર્મ શ્રવણ કરી તુરત જ તેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. કદી સુસાધુઓનો સંસર્ગ નથી સાંપડયો એવા આત્માઓ અહીં આવીને પામી જાય છે. પલ્લીપતિ પામી ગયો. અને નોકરના સંપર્કથી શેઠ પણ પામી ગયો. આજે તો શેઠના સંસર્ગમાં આવેલો નોકર એનામાં કંઈ પણ શ્રદ્ધા હોય એને ગુમાવી ન જાય તો સારૂં ?

શાસ્ત્રમાં કહ્યું છે કે શ્રદ્ધા બહુ જ દુર્લભ છે. આપણે જાણીએ છીએ કે જૈનધર્મ શ્રેષ્ઠ ધર્મ છે. તેના સિદ્ધાંતો અચલ અને અટલ છે. આ બાબત આપણે જાણતા હોવા છતાં કસોટી કાળે આપણામાં તે સિદ્ધાંતો પ્રત્યેની શ્રદ્ધા દૃઢ રહે છે ખરી ?

મુશ્કેલીના સમયે કે કટોકટીના સમયે જૈનધર્મ અને તેના સિદ્ધાંતોમાં શ્રદ્ધા દૃઢ રાખનાર બહુ જ ઓછા નીકળશે. જેવું કરો તેવું પામો નો કર્મનો સિદ્ધાન્ત આપણે જાણીએ છીએ, તે સ્થિતિ આપણે જે સ્થિતિમાં છીએ તે સ્થિતિ આપણે જાતે ઉભી કરી છે અને આપણે પોતે જ તેમાં પરિવર્તન કરી શકીએ. આપણી પરિસ્થિતિમાં ફેરફાર બીજા કરી આપશે એવી આશા રાખવી નકામી છે. કર્મનો સિદ્ધાન્ત આપણે જાણતા હોવા છતાં મુશ્કેલીના સમયે આપણને કોઈ દેવ અને દેવીની માનતા કરવાનું કહે તો ?

કોઇ ગ્રહ નડતો હોવાનું અને તેની શાંતિ માટે પૂજા ભણાવવાનું કહે તો ? તો તે સમયે કર્મના સિદ્ધાંતમાં આપણી શ્રદ્ધા દૃઢ રહે છે ખરી ? મોટો ભાગ તો કર્મના સિદ્ધાંતને તે સમયે બાજુએ મૂકી દેશે અને દેવ દેવીની માનતા કરવા કે ગ્રહપૂજા કરાવવા પ્રેરાશે. તેથી જ શાસ્ત્રકારો કહે છે, કે શ્રદ્ધા પરમ દુર્લભ છે. કર્મના સિદ્ધાંતની અહિંસા અને સત્યની, આત્માની શાશ્વતતા અને શરીરની અનિત્યતાની વાતો કરવી સહેલી છે, પરંતુ સત્યને બાતર ક્ષણભંગુર શરીરનો ભોગ આપવાનો સમય આવે ત્યારે સત્યને વળગી રહેવું, અને નાશવંત શરીર પરનો મોહ ત્યાગવો એ દુષ્કર છે. વિરલા જ શરીરનો ત્યાગ કરે છે પણ સત્યનો ત્યાગ કરતા નથી.

ઓઢરની શ્રદ્ધા વધી ગઇ–સુદેવ, સુગુરૂ અને સુધર્મની આરાધના એના અંતરને સ્પર્શી ગઇ.

સૂરીશ્વરના ચરણોમાં મસ્તક નમાવી કહ્યું; "ગુરૂદેવ આપે મને ધર્મરૂપી મહામૂલ્યરત્ન આપ્યું છે–જીવન જીવવાની કલા આપે મને બતાવી છે, માટે માયા પર અનુગ્રહ કરી આ રિદ્ધિ–સિદ્ધિમાંથી કંઈક સ્વીકારો :– "

કંચન અને કામિનીના ત્યાગી, ગુરૂદેવ કહે છે, ઓઢર, સાધુ ધર્મને અંગીકાર કરનાર કંચન અને કામિનીને સ્પર્શી શકે નહીં. છકાય જીવની વિરાધનાથી એ સર્વથા વિરતિવાળો હોય છે, છકાય (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસકાય)ની વિરાધના સુસાધુઓ મન, વચન, કાયાથી કરે નહિ, કરાવે નહિ, કરતો હોય તેને અનુમોદે નહીં.

સાધુધર્મ એ સર્વ ત્યાગનો પંથ છે. સાધુધર્મને સ્વીકારનાર સમાજની શોહમાં ફસાઈ પોતાના સાધુત્વનું લીલામ કરે નહિ. કેટલીક વખત સમાજ સાધુને પોતાની પ્રવૃત્તિમાં ફસાવવા મહેનત કરે. અને પ્રતિષ્ઠાના લોલુપી સાધુ જો એમાં ફસાય તો એનું સાધુપણું ટકે નહિ,

"સાધુપના કઠિન હૈ, ચડના પૈડ ખજુર;
ચડે તો ચાખે પ્રેમરસ, પડે તો ચકનાચૂર."

આંધળી પ્રતિષ્ઠામાં જીવનની જવાબદારીને જે ટાઈમે સાધુઓ ભૂલશે એ વખતે અનેક અસદ્ આચરણનો માર્ગ ચાલુ થશે, એનો બોજો એમના જ શિરે રહેશે.

કેટલીક વખત સમર્થ ગણાતા પણ સાધુઓ પ્રતિષ્ઠાની આતર "માઈક" વાપરવા વિગેરેના પાપારંભમાં પ્રવૃત્ત થઈ જાય

છે. તો સમજી લેવું કે સમાજ ત્યાગની પાસે ત્યાગનું છડે ચોક લીલામ કરાવી રહ્યો છે. (કારણ સમાજ એ (સંઘ) પચીસમો તીર્થંકર છે) અને કેટલીક વખત સાધુઓ પણ પોતાની ફરજને ભૂલી જઈ અવળે પંથે વિચરી રહ્યા છે.

—:સાધુજીવન એ સાધક અવસ્થા છે:—

"સાધુ નામે સાધે કાયા, પાસે ન કવડી માયા;
એક લેવે ઓર દોન દેવ, ઈસ્કા નામ સાધુ કહેા."

એટલે એક લેવે તે પોતાના આત્માને પરમાત્મા બનાવવા માટે. પરમાત્માનું જ નામ સ્મરણ કરે અને દોન દેવે એટલે કોઈને શ્રાપ ન આપે, અને કોઈને સંસારના સુખના આશીર્વાદ ન આપે. દિવસે દિવસે અને જ્યાં ત્યાગનું જ વાતાવરણ જગાવવાની જરૂર છે ત્યાં જ ત્યાગને દૂર મુકાતો જાય છે. ત્યાગી સંસ્થા પાસે પણ સમાજ ખૂબ ત્યાગ વિહીન આચરણો કરાવવા પ્રયત્નશીલ બની રહ્યો છે. આવી અવસ્થામાં નક્કી માનજો કે શાસનનું ભાવી ઉજ્જવળ નથી બનાવી રહ્યા પણ શાસનના ભાવીને જોખમમાં મુકી રહ્યાં છે.

મૂળ વાત એ છે કે યશોભદ્રસૂરિજી ત્યાગનું વર્ણન, સાધુત્વનું સ્વરૂપ ઓઢર આગળ વર્ણવી રહ્યાં છે.

—: આવો ઉત્તમ ધર્મ :—

ઓઢર: સાંભળી રહ્યો. જ્યાં કંચનનો સ્પર્શ થાય નહી, મણી અને લોખંડ પર સમબુદ્ધિ હોય, કોઈ પણ કાર્ય નિમિત્તે પણ છક્કાયની જે કદી વિરાધના કરે નહિ, કરાવે

નહિ અને કરતો હોય તેને અનુમોદના પણ આપે નહી કારણ—

"કરણ કરાવણ ને અનુમોદન,સરીખા ફળ નીપજાયે।"

આવો ઉત્તમ સાધુધર્મ ખરેખર ! વંદનીય છે. આવા ઉત્તમ ધર્મને પામી આત્મા અનંત સુખનો ભોક્તા બની શકે છે. ઓઢરની શ્રદ્ધા વધુ મજબુત બની. સાચા ત્યાગીને સૌ કોઇ ભાવથી નમે.

'ગુરૂદેવ ! આપનો ત્યાગ માર્ગ બહુ ઉચ્ચ કોટિનો છે. આપ પણ બહુ જ ઉચ્ચ કોટિએ પહોંચ્યા છો. પણ મારા ઉદ્ધારના માટેનો કોઇક ઉપાય બતાવો.' ઓઢર શ્રાવકે આચાર્યશ્રીને ફરી વિનંતિ કરી.

—: નૂતન ચૈત્ય નિર્માણ :—

આચાર્ય યશોભદ્રસૂરિજીએ જણાવ્યું "મહાનુભાવ ! જો તમને ધર્મ ઉપર શ્રદ્ધા હોય, ચંચળ લક્ષ્મીનો સદુપયોગ કરવાની ભાવના હોય તો એક જિનપ્રસાદ બંધાવવામાં ચંચળ લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઈએ. સંસારના કાર્યો પાછળ ધન વ્યય કરનાર સાચી આત્મશક્તિને મેળવી શકતો નથી. તમારી ભાવના હોય તો આ માર્ગ ઉચ્ચ કોટિનો છે."

પુણ્યશાળી ઓઢરે ગુરૂવચન અંગીકાર કરી નવીન જિનાલય નિર્માણ કરવાનું કામ પ્રારંભી દીધું. અને આચાર્યશ્રીના વરદ હસ્તે એ જિનાલયની પ્રતિષ્ઠા પણ થઈ ગઈ. ઓઢર શ્રાવક ભાવ-ભક્તિથી જિનપૂજા કરી રહ્યો છે.

એક વખત ઉજાણીમાં વાપરવા માટે જયતાકને ઓઢર શેઠે પાંચ કોડી આપી. જયતાક ઉજાણીમાં ગયો પણ એને કશું જ ખરીદવા જેવું લાગ્યું નહીં. ઓઢર શેઠને ત્યાં એને ખાવા પીવાની કોઇ કમી ન હતી. જે ઓઢર શેઠ જમતા એજ જયતાકને પીરસાતું.

જયતાક ઉજાણીમાંથી પાછો આવ્યો. તેણે વિચાર કર્યો આ પાંચ કોડી મારી છે માટે એને સુકૃતના માર્ગે વાપરું.

મળ્યું છે શું ? ફક્ત પાંચ કોડી જ. પણ હૃદય સંતોષી છે.

—: પાંચ કોડીના ફૂલડે :—

જયતાક ઉપડ્યો બગીચામાં. માલણને પૈસા આપી પુષ્પો લીધાં. પોતાના દ્રવ્યનાં પુષ્પો હતાં માટે એને પૂજા કરવામાં ખૂબજ આનંદ આવ્યો.

પોતાનાં દ્રવ્યથી જે પૂજા થાય એમાં અને દેરાસરમા તૈયાર રાખેલ દ્રવ્યથી જે પૂજા થાય એમાં ફરક ખરો ? દહેરાસરમાં સાધારણ તરીકે વપરાતા કેસર અને સુખડનો કેવો સદુપયોગ થાય છે એ આપણે જાતે જોઇએ છીએ.

'મફતકા ગોપીચંદન, ઘસએ લાલીયા' પણ ધ્યાનમાં લેવા જવું છે. આવી રીતની પૂજામાં ભાવ વિશુદ્ધિ આવી શકતી નથી. દહેરાસરમાં તો એટલા માટે જ આ સાધનો તૈયાર રાખવાં પડે છે કે કોઈ અચાનક બહારગામથી શ્રાવક

આવ્યા હોય અથવા સાધારણ સ્થિતિનો કોઈ શ્રાવક પૂજાથી વંચિત રહી જતો હોય તો આ સામગ્રીનો સદુપયોગ કરી શકે. નહિ કે શક્તિશાળી શ્રાવકો પણ જઈને એના પર ટપકી પડે. આજની દશા ખરેખર શોચનીય છે. મનઘડંત આચારો દિવસે દિવસે વધતા જાય છે. માટે જ સન્માર્ગને પામવા માટેની યોગ્યતા પણ હણાતી જાય છે. હમણાં તો કયાં કયાં દેવદ્રવ્યનો પણ શાસ્ત્રવિરુદ્ધ ઉપયોગ થઈ રહ્યો છે. તેનું કારણ સંઘના આગેવાનો શાસ્ત્રોના સિદ્ધાંતોમાં ઢીલા પડી ગયાં છે.

જયતાક નાચી રહ્યો છે. દ્રવ્ય કરતાં પણ ભાવ વધી જાય છે. આપણને તો 'ભગવાન પાસે નાચતાં પણ કદાચ શરમ આવે !

રાવણ અને મંદોદરીનું ભાવભીનું નૃત્ય સાંભળ્યું હશે ? પોતાના દ્રવ્યથી પુષ્પપૂજા કરતાં હર્ષઘેલા બનેલા જયતાકના નયનોમાંથી આનંદાશ્રુનો પ્રવાહ વહી રહ્યો છે. ભાવભીના હૃદયે પ્રાર્થના કરતાં જયતાક બોલ્યો. "ભગવન્ ! તારી પૂજાનું મને કાંઈ પણ ફળ મળતું હોય તો ખૂબ ઉત્સાહથી–આનંદથી ભક્તિભાવ પૂર્વક ભવોભવ તારી પૂજા કરી પવિત્ર થઈ શકું તેવી પૂર્ણ શક્તિ મળો."

સંસારના રસની ખેવના પણ એને નથી રહી. માગી માગીને એણે શું માગ્યું ? ભવોભવ ભગવાનની સેવા જ. કેટલી ભવ્યતા સારી હશે ત્યારે આવા વિચારો આવ્યા છે.

આ પણ ગતભવના કરેલાં સારા કર્મના ઉદયકાળનો પ્રભાવ છે. એની પૂજા એના આત્માને અમરત્વના આરે લઈ જઈ રહી છે.

જયતાક પલ્લીપતિએ પર્યુષણાનો ઉપવાસ કર્યો. પારણે એની તબીયત બગડી, સમાધિપૂર્વક અરિહંતનું શરણું સ્વીકારી જયતાક પલ્લીપતિ મૃત્યુ પામ્યા. અને ત્રિભુવનપાલના પુત્ર કુમારપાળ તરીકે ઉત્પન્ન થયાં. છેલ્લે-છેલ્લે સમાધિપૂર્વક ઓઢરશ્રાવક કાળધર્મ પામી પાટણના મહામંત્રી ઉદાયન થયાં.

યશોભદ્રસૂરીશ્વરજી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય થયાં. માલવરાજે ધનદત્ત સાર્થવાહને દેશનિકાલ કર્યો હતો, તે તાપસી દીક્ષા અંગીકાર કરી તપ તપી સિદ્ધરાજ જયસિંહ થયો.

જે પૂર્વ ભવમાં શેઠ (ઓઢર) હતાં એ આ ભવમાં મંત્રી થયા. અને પલ્લીપતિ જયતાક નોકર હતા તે અઢાર દેશના અધિપતિ કુમારપાળ ભૂપાળ થયા.

આપણે રોજ બોલીયે છીએ કે —

પાંચ કોડિના ફૂલડે, સિધ્યાં જેનાં કાજ.

એમનો કેવો ઉત્તમ ભક્તિભાવ હતો ? માટે જ ક્રૂર કર્મ કરનાર પલ્લીપતિ પણ પામી ગયો. લે ચપટી ચોખા ને છોડ મારો છેડો એવી ભક્તિ ન હતી. એની ભક્તિ સાચી હતી.

જો આપણા મનમાં આવી ઉત્તમ ધર્મ અને ભક્તિ વસી જાય તો એક ક્ષણમાં સંસારની બલા દૂર થઈ જાય. અને શાશ્વત સુખના આપણે ભોક્તા બની જઈએ.

(કુમારપાલ રાજાનો પૂર્વભવ સમાપ્ત)

ઋષભદેવ પ્રભુના સ્તવનમાં કહ્યું છે કે :–

"ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુક્તિ જાવે,
હો પ્રભુજી એલંભડે મત ખીજો."

કલિકાલમાં પણ જે આત્માને જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય તે આત્મા સુખ, સંતોષ અને સમાધિપૂર્વક જીવન યાપન કરી શકે.

અનાદિ કાળથી ધર્મકળા વિહીન જીવન વીત્યું જેથી આત્માનો ઉદ્ધાર થઈ શકયો નહિ. આજે આપણને ધર્મકળા રૂપ જીવનકળા પ્રાપ્ત થઈ છે. તો પ્રમાદ કર્યા વિના જીવનને ધર્મમય એવું બનાવી દો કે જેથી આ ભવ કે પરભવ જ નહીં પણ અનંત ભવ સુધરી જાય. અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓનો આ જગત ઉપર અવર્ણનીય ઉપકાર છે. એ પરમ તારકોના આત્માઓએ જગતને સાચી જ્ઞાનદૃષ્ટિ આપી છે. તેની ખરેખરી સમજ જીવને આવી જાય અને અનંત જ્ઞાનીની આજ્ઞા મુજબ જીવન જીવવાનો નિશ્ચય થઈ જાય તો; તે પોતે પણ પૂજક મટી પૂજ્ય બની જાય.

આ કયારે બને જ્યારે જીવની પરિપક્વતા થાય છે ત્યારે જ જીવને સદ્‌ગુરૂનો સમાગમ થાય છે. અને તેના યોગે આત્મા સમ્યક્‌ત્વને પામીને પૂજ્ય બની શાશ્વતા સુખને પામી જાય.

અરિહંત પરમાત્માના આત્માઓ પણ એક કાળે આપણી જેમ સંસારમાં ભટકતાં હતાં. પરંતુ સદ્‌ગુરૂના યોગે એમનામાં સાચી સમજ પેદા થઈ. અને તે પછી એમનામાં એવી એક ઉત્કૃષ્ટ કોટિની ભાવદયા જન્મી કે 'આ જગતમાં સંપૂર્ણ સુખને આપનારૂં શ્રી વીતરાગ દેવનું શાસન વિદ્યમાન છતાં, જગતના સઘળા જીવો દુઃખી કેમ છે? શા માટે સંસારમાં ભટકે છે? મારામાં જો તાકાત આવે તો એ બધા જીવોમાં સર્વ દુઃખોના કારણરૂપ જે વિષય-કષાયનો રસ ભર્યો છે તે નીચોવી નાંખું અને શાસનનો રસ ભરી દઉં, કે જેના પ્રતાપે તે બિચારા જીવો ભગવાનના માર્ગને પામે, આરાધે અને આત્મગુણોના ભોક્તા બની શાશ્વત સુખને પામે!'

આ ભાવદયાના બળે જે એ પરમ તારકોના આત્માઓ શ્રી તીર્થંકર નામ કર્મની નિકાચતા કરે છે અને પછી શ્રી તીર્થંકર તરીકે જન્મી, યથાયોગ્ય કાળે સઘળી રિદ્ધિ-સિદ્ધિ, સુખ-સાહ્યબી, સંપત્તિ આદિનો ત્યાગ કરી, અણગાર બની, ઘોર ઉપસર્ગો તથા કઠોર પરિષહો સહન કરી, મોહને મારી વીતરાગ થઈ સંપૂર્ણ જ્ઞાન પામી જગતના જીવોના ભલા માટે શ્રી જિનશાસનની સ્થાપના કરે છે.

શ્રી તીર્થંકર પરમાત્માના આત્મા તીર્થંકરના ભવથી આગળના ૩જા ભવમાં,

વીસ સ્થાનક વિધિએ તપ કરી,
એસી ભાવ દયા દીલમાં ધરી.
જો હોવે મુજ શક્તિ ઇસી,
સવિ જીવ કરૂં શાસન રસી.
શુચિરસ ઢલતે તીહાં બાંધતાં,
તીર્થંકર નામ નિકાચતાં.”

અર્થ:—તીર્થંકર ભગવંતે પ્રથમ પૂર્વે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી, અનુક્રમે ચારિત્રને અંગીકાર કરી, વિધિપૂર્વક વીશ-સ્થાનક તપનું આરાધન કરી, આ પ્રમાણે મનમાં ભાવ-દયા ધારણ કરતા હતાં. જો મારામાં શક્તિ હોય, તો સર્વ જીવોને વીતરાગ શાસનના ધર્મમાં જોડી દઉં. આ પ્રમાણે નિરંતર નિર્મળભાવના ભાવતાં તીર્થંકર નામકર્મ નિકા-ચિત કરે છે. અને તીર્થંકર થયા પછી જિનશાસનની સ્થાપના કરે છે.

શ્રી તીર્થંકર દેવોએ સ્થાપેલા શ્રી જિનશાસનનો એકજ સાર છે કે જગતના સઘળા જીવો સુખ અને સુખની સામગ્રી ઉપરના રાગના યોગે અને દુઃખ અને દુઃખની સામગ્રી ઉપરના દ્વેષના યોગે અનાદિ કાળથી સંસારમાં ભટકયા કરે છે. તેઓ જે જાતનું સુખ ઇચ્છે છે; તે આ સંસારમાં છે જ નહિ. સંસારનું જે સુખ છે તે દુઃખથી મિશ્રિત છે; અધૂરૂં છે.

અને થોડો સમય રહેવાવાળું છે. જ્યારે જીવ જે પ્રકારનું સુખ ઇચ્છે છે તે મોક્ષમાં જ છે. કેમકે મોક્ષનું સુખ પરિપૂર્ણ છે. તેમાં દુઃખનો અંશમાત્ર નથી. મોક્ષસુખ એક વખત મેળવ્યા પછી કદી જતું નથી. શ્રી અરિહંત પરમાત્માની આ વાત જેને બરાબર સમજાઇ જાય તેને શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે સાચો ભક્તિભાવ જાગ્યા વિના રહે નહીં. એ ભક્તિ ભાવના યોગે તેને તે પરમ તારકની આજ્ઞા પ્રત્યે પ્રેમ જન્મે અને તાકાત હોય તો તે આજ્ઞા મુજબ જીવન જીવવાનું મન થાય.

દ્રવ્ય અનંતે ક્ષેત્ર એક, ક્ષેત્ર અનંતે કાળ;
કાળ અનંતે ભાવ એક, ભાખે વીર દયાળ. (૧)
સ્વરૂપ પુદ્‌ગલ પરાવર્તનું, સુણતાં કંપે દેહ;
એમ અનંત વીતી ગયા, હજી ન આવ્યો છેહ. (૨)
વિચારી જો તું જીવડા, ઓળખ તું નિજ જાત;
જિનવર વચનો સાંભળી, નિશ્ચય કર એક વાત. (૩)
ઇન્દ્રજાલ સ્વપના સમો, આ સંસાર અસાર;
આત્મગુણો પ્રગટાવવા, જિનવાણી ચિત્ત ધાર...(૪)

વાચકો ! આપણે બધા વિચાર કરીએ તો સમજી શકાય છે, કે આપણી મૂર્ખાઇમાં આપણી પોતાની બેદરકારીથી આત્મા પોતે જ પોતાને નહીં ઓળખતો હોવાથી; અનંતો સંસાર રખડે છે, આ અસાર સંસારમાંથી છુટવા માટે જીવની

યોગ્યતા હોય અને જીવનો ઉદયકાળ સારો આવવાનો હોય ત્યારે જ સદ્‌ગુરુનો યોગ મળી જાય. તેને સાર્થક કરી લેવાની જરૂર છે.

તીર્થંકર ભગવાન પૃથ્વી ઉપર વિહાર કરી ભવ્ય જીવોનો ઉદ્ધાર કરે છેઃ–

—: મુનિસુવ્રત સ્વામી ભગવાન :—

પ્રતિષ્ઠાનપુરથી એક રાત્રિમાં સાઠ યોજન વિહાર કરીને ભરૂચ નગરમાં રહેલો, પૂર્વ ભવનો મિત્ર જે વર્તમાનમાં ઘોડાના ભવમાં રહેલો તેને પ્રતિબોધ કરવા માટે આવ્યાં, અને ઉપદેશ આપી, અનશન કરાવી સહસ્રાર દેવલોકમાં દેવપણે તે ઉત્પન્ન થયો.

દેશનાની આવડત જુદી અને દેશનાની લબ્ધિ જુદી. નંદિષેણ મુનિ પાસે દેશનાની લબ્ધિ હતી. નંદિષેણ મુનિ મુનિવેશ મુકી બન્યા હતા વેશ્યાસંગી ! પરંતુ વેશ્યાના ઘરમાં બેસી રોજ દસ–દસ માણસોને ઉપદેશ આપીને બોધ પમાડતા. પછી જ ભોજન કરતા. બોધ ઉપાશ્રયમાં નહિ, દુરાચારિણી વેશ્યાના ઘરમાં રહીને બોધ. તે ય પણ કોને ? વેશ્યાને ભોગવવા આવનાર દુરાચારીઓને. વ્યાખ્યાન સાંભળવા આવનારને નહી. કેવી હશે એ દેશનાની લબ્ધિ ?

—: દૃષ્ટાંત :—

નંદિષેણ પૂર્વાવસ્થામાં રાજગૃહી નગરીમાં શ્રેણીક મહારાજાના પુત્ર હતા. પાંચશો મહારાણીઓ સાથે તેમને

પરણાવવામાં આવ્યા હતા. પ્રબળ પુણ્યનો ઉદયકાળ વર્તતો હતો. પૌદ્‌ગલિક સુખ ભોગવવા અંગેના બધા સંયોગો તેમને સાનુકુળ હતા. એકલી અંબના કર્યે સંસારિક બધી સાનુકુળતાઓ મળતી નથી. સાનુકુળતાઓ મળી આવવી તેમાં પુણ્યોદય પ્રબળ કારણ રૂપ છે. નંદિષેણ તીવ્ર પુણ્યોદયવાળા હતા.

એકવાર રાજગૃહી નગરીની બહાર ઉદ્યાનમાં વીર ભગવાનને સમવસરેલાં જાણીને નંદિષેણ કુમાર વંદન કરવા ગયાં. ભગવાનની દિવ્ય વાણી સાંભળતાં નંદિષેણ પ્રતિબોધને પામે છે અને પોતાના મનની અમુક શંકાઓનું સમાધાન થઈ જતાં તરત જ ભગવાનની સમીપે દીક્ષા અંગીકાર કરવાની પોતાની ભાવના વ્યક્ત કરે છે. હજી તો ભગવાનનો સમાગમ થયો ત્યાં તો ક્ષણવારમાં આખા સંસાર ઉપરનો મોહ ઉતરી ગયો. ભગવાનની વાણીએ નંદિષેણના આત્મા ઉપર કોઈ એવો જાદુ કર્યો કે પાંચસો અપ્સરા જેવી સ્ત્રીઓ ઉપરની પણ મમતા એક પળવારમાં ઉતરી ગઈ અને દીક્ષા લેવાને તૈયાર થઇ ગયાં.

અને એ ઉત્સાહ–નંદિષેણ ભગવાનને વિનંતિપૂર્વક કહે છે કે 'હે ત્રિલોકના નાથ! પ્રભુ દીક્ષા આપવા વડે કરીને મારા આત્માનો આપ ઉદ્ધાર કરો.'

પ્રભુ કહે, 'વત્સ! તારે ભોગાવલી કર્મ ભોગવવાના બાકી છે. માટે હમણાં તું દીક્ષાનો આગ્રહ ન રાખ.'

એ જ સમયે આકાશવાણી પણ થાય છે કે હે નંદિષેણ! તમારે હજી ભોગ કર્મ ભોગવવાનાં ઘણાં બાકી

છે માટે દીક્ષાની ઉતાવળ ન કરો : એવી આકાશમાંથી દિવ્યવાણી થાય છે. છતાં નંદિષેણ મનને દૃઢ કરીને ભગવાનના વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરે છે. અને ભગવંતે પણ ભાવિ અન્યથા ન થાય એમ જાણીને દીક્ષા આપી. નંદિષેણ એ સમયે એટલા બધા ઉત્સાહમાં હતાં કે ખુદ ભગવાને તેમના ભોગાવલી કર્મ અંગેનો ઉલ્લેખ કર્યો છતાં ભાવનાથી ચલિત થયા નથી.

દીક્ષા આપીને ભગવાન નંદિષેણ મુનિને સ્થવિર ભગવંતોને સોંપે છે. નંદિષેણ મુનિ જ્ઞાન, અને ધ્યાનની સાધનામાં એટલા બધા નિમગ્ન બને છે કે થોડાક જ સમયમાં દસ પૂર્વના અભ્યાસી બની જાય છે. તપમાં પણ ઉત્કૃષ્ટપણે વીર્ય ફોરવે છે. છઠ્ઠ–અઠ્ઠમાદિ અતિ દુષ્કર તપના પ્રભાવે તેઓ અનેક લબ્ધિઓથી સંપન્ન બને છે. તપના પ્રભાવે જ લબ્ધિઓ પ્રગટે છે. તપના પ્રભાવે લબ્ધિઓ પ્રગટે પણ પ્રગટેલી લબ્ધિઓ જીરવાવી જોઈએ. જીવનમાં પચાવવું એ સહેલી વાત નથી. આજે તેવા કોઇ લબ્ધિસંપન્ન દેખાતાં નથી. પણ આ કાળના જીવોમાં જીરવવાની એ કયાં તાકાત છે? પૂર્વકાળના પુરૂષો તો મેરૂ સમ ધીર અને સાગર સમ ગંભીર હતાં. શાસન રક્ષાના કાર્યમાં જ તેઓ શક્તિ ફોરવનારા હતાં.

–: કર્મસત્તા દૃઢ નિરધારને નિરાધાર બનાવી દે :–

આ બાજુ તપના પ્રભાવથી નંદિષેણ મુનિને અનેક લબ્ધિઓ તો પ્રગટ થઈ પણ બીજી બાજુ ભોગાવલી કર્મના

લીધે કામવાસના પણ તેમનામાં તીવ્રપણે વૃદ્ધિને પામતી જાય છે. નંદિષેણ મુનિને એ વાતનો પણ મનમાં પુરેપુરો ખ્યાલ છે કે ભગવાને નિષેધ કર્યો છતાં મેં સંયમ અંગીકાર કર્યો છે. એટલે કામવાસના ઉપર વિજય મેળવવા બનતા બધા જ પ્રયાસો કરે છે. એમણે દૃઢ નિરધાર કર્યો છે કે મેં અંગીકાર કરેલા વ્રતનો ભંગ નહિ થવો જોઈએ; છતાં કર્મોદય વસ્તુ એવી છે કે કેટલીકવાર ભલભલાના દૃઢ નિરધારને પણ નિરાધાર બનાવી દે છે.

નંદિષેણ ઉગ્રપણે તપ તો તપી જ રહ્યા છે. પણ લીધેલા વ્રતનો ભંગ ન થવો જોઈએ તે માટે આત્મઘાત કરવાના પણ તેમણે અનેક પ્રયાસો કર્યા પણ એ બધા પ્રયાસોને શાસનદેવતાએ નિષ્ફળ બનાવી દીધા!

–: આત્મઘાત એ દુઃખ–મુક્તિનો ઉપાય નથી :–

એકવાર તો પર્વત ઉપરથી ઝંપાપાત કરવાનો પ્રયાસ કર્યો. શાસનદેવે તેમને અદ્ધરથી ઝીલી લીધા અને કહ્યું કે હે મુનિ! આ પ્રમાણે આત્મઘાત કરવાથી શું નિકાચિત કર્મોનો ક્ષય થશે? કોઇ કાળે નહિ થાય. માટે આવા વિચારોથી નિવૃત્ત થાઓ. આત્મઘાત એ કર્મ ક્ષયનો ઉપાય નથી. ઉદયમાં આવેલા ભોગાવલી કર્મો તીર્થંકર જેવા મહાપુરૂષોને પણ ભોગવવા પડયા છે. કેટલાક નિકાચિત કર્મો એવા હોય છે કે જેનો ભોગવટો કર્યા વિના તે કર્મોનો ક્ષય થતો નથી. આત્મઘાત કરવાથી તો ઉલટા નવા કર્મો બંધાય છે. આત્મઘાત એ છુટવાનો ઉપાય નથી. આત્મઘાત એ દુઃખ–મુક્તિનો ઉપાય નથી.

દુઃખ મુક્તિનો ખરો ઉપાય જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. આત્મઘાત કરતાં તો ઘણું કરી લે છે પણ પાછળથી મનમાં આર્ત્તધ્યાન એવું થઈ જાય છે કે પરલોક બગડ્યા વિના રહે નહીં. એક ભવ બગડતાં તો ભવોના ભવ બગડી જાય. તે કે નંદિષેણ મુનિનું ધ્યેય તો ચારિત્રની રક્ષા માટેનું હતું. પણ શાસનદેવે તેમને તેમ કરતા અટકાવી દીધા.

–: ધર્મલાભ અને સામેથી અર્થલાભ :–

એકવાર નંદિષેણ મુનિ છઠ્ઠના પારણે ગોચરી નિમિત્તે રાજગૃહી નગરીમાં પરિભ્રમણ કરી રહ્યા છે. ઊંચ કે નીચના ભેદ મનમાં રાખ્યા વિના ઘેર ઘેર ગોચરી નિમિત્તે ભમી રહ્યા હતા. એટલામાં એક ઊંચા ભવ્ય પ્રાસાદમાં ગોચરી માટે દાખલ થાય છે. દાખલ થતાં વેંત મુખમાંથી 'ધર્મલાભ' એવા મહા મંગલકારી વચનો ઉચ્ચારે છે. મુનિ ગૃહસ્થના ઘેર માધુકરી નિમિત્તે જાય. એટલે ધર્મલાભ આપ્યા વિના સીધા દાખલ ન થઈ જાય. ગૃહસ્થો કેવી સ્થિતિમાં બેઠા હોય, ધર્મલાભ આપે એટલે સૌ સજાગ બની જાય. નંદિષેણ મુનિએ જેવો ધર્મલાભ આપ્યો તેવો જ સામેથી 'અર્થલાભ' એવો અવાજ આવ્યો. મુનિ ઘડીભર માટે ચોંકી ગયા અને વિચારમાં પડી ગયા કે આ રીતે સામેથી હજી સુધીમાં ક્યારે પણ અર્થલાભ એવો અવાજ કોઈએ કર્યો નથી. આ હું કોના ઘરમાં દાખલ થયો છું ? ત્યાં તો ખ્યાલ આવી ગયો કે આ ઘર તો વેશ્યાનું છે.

વેશ્યા ઘરમાંથી બહાર આવીને કહે છે કે મુનિ! અહીં કયાં ભુલા પડ્યાં? અહીં તો અર્થનું કામ છે, ધર્મલાભનું અહીં કામ નથી. એ વચન સાંભળતા જ મુનિને પોતાની લબ્ધિ ફોરવવા અંગેનું મનમાં અભિમાન આવી જાય છે અને વેશ્યાના ઘરનું એક તરણું ખેંચી પોતાના તપની લબ્ધિના પ્રભાવે ત્યાંને ત્યાં સાડા બાર ક્રોડ સોનૈયા વરસાવ્યાં.

નંદિષેણ મુનિ વેશ્યાને કહે છે, 'ધર્મલાભનો તારે અર્થ નથી તો આ અર્થલાભ તું ગ્રહણ કર.' એમ કહી મુનિ પાછા વળી જતાં હતાં તેટલામાં ગણિકા તેમની આગળ આવીને ઉભી રહી. અને મુનિને કહેવા લાગી આટલા બધા ધનને હું શું કરું? આ દ્રવ્ય તમે ગાડાં અને ઊંટ ભરીને અહીંથી તમારે સ્થાને લઈ જાઓ. અમે તો પણ્યાંગના કહેવાઈએ. પુરૂષને પ્રસન્ન કરીને તેણે આપેલું દ્રવ્ય ગ્રહણ કરીએ, બાકી કાંઈ લઈએ નહીં.

એક તો સ્ત્રી જાત અને તેમાં વળી વેશ્યા એટલે તેને બધાં ચરિત્ર કરતાં આવડે!

વેશ્યા કહે છે 'આ દ્રવ્યને આપ ગ્રહણ કરો અથવા અહીં મારી સાથે રહીને આ દ્રવ્યનો ભોગવટો કરવા પૂર્વક મારી સાથેનાં ભોગસુખને પણ આપ સ્વેચ્છાપૂર્વક ભોગવો.' ફરી આવો સુયોગ મળવો દુર્લભ છે. મારો પણ યૌવનકાળ છે. આ અવસ્થા યોગ-સાધના માટે નથી. માટે મારી સાથે

વિષય સુખ ભોગવીને યૌવન સફળ કરો. ફરી પાછો આવો અવસર નહી આવે. કયાં આ તમારી સુકોમળ કાયા અને કયાં આ તપનું કષ્ટ ? બન્નેને કયાંય મેળ નથી. આવા યોગને પામ્યા પછી કોણ એવો મુર્ખ મનુષ્ય હોય કે જે તપ વડે પોતાના તનનું નાહક શોષણ કરે ? '

-:ભોગાવલીનો ઉદયકાળ:-

આ પ્રમાણે વેશ્યાના કોમળ વચનો સાંભળીને મુનિનું મન અંતરથી ક્ષોભ પામી જાય છે અને પોતાના ભોગાવલી કર્મનાં ઉદયને જાણીને તેની સાથે ગૃહવાસ માંડીને રહે છે. તેમાં અહર્નિશ દસને પ્રતિબોધ પમાડયા વિના મુખમાં અન્ન તો ઠીક પણ જળ પણ લેતાં નથી—

-:નંદિષેણ દેશના લબ્ધિથી સંપન્ન હતાં:-

તેમની ઉપદેશ શક્તિ એવી હતી કે વાણી સાંભળીને હળુકર્મિ જીવ ધર્મ પામી જાય. વેશ્યાને ત્યાં આવનારા કેવાં હોય ? છતાં નંદિષેણની વચન લબ્ધિથી આવનારા ધર્મ પામી જતાં આ રીતે રોજ દસ-દસને પ્રતિબોધ પમાડીને વીર ભગવાનના વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરાવે છે. તો બાર વર્ષમાં કેટલાને દીક્ષા અપાવી હશે ? બાર વર્ષ પર્યંત વેશ્યાને ત્યાં રહીને નંદિષેણ આ રીતે દસને દરરોજ પ્રતિબોધ પમાડવાના પોતાના નિયમનું સાંગોપાંગ રીતે તેમણે પાલન કર્યું છે. આમાંથી સાર એ નીકળે છે કે નંદિષેણ ચારિત્રથી પડયા હતાં પણ દર્શનથી નહોતા પડયા.

શાસ્ત્રમાં કહ્યું છે કે દર્શનથી જે ભ્રષ્ટ થયો તે જ ખરો ભ્રષ્ટ છે કારણ કે દર્શનથી ભ્રષ્ટ થયેલો જલદી મોક્ષ પામતો નથી. ચારિત્રથી ભ્રષ્ટ થયેલો નિર્વાણને પામે છે.

–:એક જ વચને ભોગાવલીનો અંત:–

નંદિષેણે વેશ્યાને ત્યાં બાર વર્ષ પસાર કર્યા બાદ એક દિવસ એક અનોખી ઘટના બને છે. જે ઘટનાથી નંદિષેણનો સૂતેલો આત્મા ફરી પાછો જાગૃત થઈ જાય છે. ઘટના એવી બને છે કે દસને પ્રતિબોધ પમાડવાનો તેમનો જે નિયમ હતો તેમાંથી નવને પ્રતિબોધ પમાડી શકયા પણ દસમો એક સોની તેમને માથાનો મળ્યો. તે કોઈ રીતે પ્રતિબોધ પામ્યો નહી. નંદિષેણને સામેથી તેણે કીધું કે સંસાર અસાર છે, સંસારનો સુખ–ભોગ અસાર એવો બોધ તમે મને આપો છો તો તમે શા માટે છોડી દેતા નથી. પહેલાં તમે મુકી દો પછી તમારો બોધ બીજાને જરૂર લાગશે. તમારે વેશ્યા જેવી આખા ગામની એઠવાડ સમી સ્ત્રીની સાથે રહીને સુખ ભોગવવા છે; અને બીજાને દીક્ષા અપાવવી છે એ વાત મને કેમે કરી ગળે ઉતરવાની નથી. તેની સાથેની આ રીતની ચર્ચામાં મધ્યાહ્ન કાળનો સમય થઈ જાય છે.

વેશ્યા આવીને કહે છે નાથ ! આ સોની વિષય લંપટ છે. કેમે કરી પ્રતિબોધ નહી પામે. આપ હવે ઉઠો. ભોજનની વેળા વીતવા આવી છે. એથી ત્રણવાર મારે આપના માટે ફરી–ફરીને ગરમ રસોઈ બનાવવી પડી છે. આપ ઉઠતા નથી ને રસોઈ ઠરી જાય છે.

નંદિષેણ કહે છે. 'આ દસમો નહીં ખુટે ત્યાં સુધી મારાથી અહીંથી ઉઠાશે નહી. અને હું ભોજન પણ નહીં લઇ શકું. મારા નિયમનો ભંગ થાય તેવું મારે કરવું નથી.'

વેશ્યા કહે છે 'હે નાથ! હજી મેં પણ ભોજન લીધું નથી માટે આપ હવે ઊભા થાઓ. અને આપના નિયમનું જ પાલન કરવું હોય, તો આ સોનીને તો હું સારી રીતે ઓળખું છું. એ મારો જુનો ગ્રાહક છે. માટે નિયમનું જ આપને અડગપણે પાલન કરવું હોય તો હવે આપ જ દસમા તૈયાર થઈ જાવ.

આ વચન સાંભળતાં જ નંદિષેણના ભોગાવલીનો જાણે અંત આવી જાય છે. અને નંદિષેણ સિંહ કેશરીની જેમ કમર મરડીને બેઠા થઇ જાય છે અને તરત જ ખીંટીએ ટીંગાડેલો યતિવેશ પુનઃ ધારણ કરીને વેશ્યાને ધર્મલાભ આપે છે.

–:રાગ ભર્યા વચનોઃ–

વેશ્યા તો નંદિષેણના મુખથી ધર્મલાભ સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. અને કરગરીને વિનવવા લાગી. નાથ! મેં તો આપને હસતાં હસતાં કહ્યું છે કે આપજ દસમા તૈયાર થઈ જાવ. આવા એક હાસ્ય અને વિનોદના નિર્દોષ પ્રસંગને આપ આવું ઉગ્ર સ્વરૂપ આપી રહ્યા છો. તે કોઈ રીતે વ્યાજબી નથી. આટલા વર્ષો સુધી મારી સાથે રહ્યા બાદ આપ હવે મને નિરાધાર મુકીને ચાલ્યા જાઓ છો એ આપને જરાયે શોભતું નથી. નાથ! પ્રીત બાંધવી

સહેલી છે, નભાવવી કઠીન છે. સ્નેહની ગાંઠથી મારૂં મન આપની સાથે બંધાઈ ગયું છે. હું આપનાથી વિખુટી પડવાને ઇચ્છતી નથી. આપે તો સાધુપણાનો સ્વાંગ વીજળીના ઝબકારાની જેમ એક પળ વારમાં સજી લીધો. અને એક આંખના પલકારે આપે મારા પરની માયા ઉતારી નાંખી. પણ એ વીચારીને બહેર જ કયાં હતી કે જે કર્મે સૂરા હોય તેજ પાછા ધર્મે સૂરા બને છે.

નંદિષેણ વેશ્યાના આ રાગભર્યા વચનોથી ચલિત થતા નથી. વચનો એવા હતા કે ભલ ભલા યોગેન્દ્રનું મન ક્ષોભને પામી જાય. છતાં નંદિષેણ પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા. અને વિદાય લેતાં પહેલાં વેશ્યાને ઘણા જ માર્મિક શબ્દોમાં અંતિમ વિદાય સંદેશ આપે છે અને કહે છે :

મારા ભોગાવલી કર્મનો હવે અંત આવ્યો છે. તેવા કોઈ કર્મોદયને કારણે મારે તારી સાથે રહેવું પડયું છે. કેટલાક નિકાચિત કર્મોનો ભોગ એવો હોય છે કે ભલભલા મહા પુરૂષોને પણ તે ભોગવવા પડે છે. હવે આપણા બન્ને વચ્ચેના સંબંધોનો અંત આવ્યો છે. જેવી લાગણીથી આપણે બન્ને આટલા વર્ષો સુધી સંગાતે રહ્યા તેવી લાગણીથી તારે મને વિદાય આપવાની છે. અને તું પણ પરલોક સામે નજર રાખીને હવેથી જીવન જીવજે. અને તારા જીવનપંથને અજવાળજે.

આટલું કહીને નંદિષેણ ત્યાંથી સીધા વીર ભગવાનની સમીપે આવીને વીર ભગવાનના વરદ હસ્તે ફરીથી દીક્ષા

અંગીકાર કરે છે. પછી તો તપ સંયમથી આત્માને ખૂબ સારી રીતે દમે છે. નિરતિચારપણે ચારિત્રનું પાલન કરે છે. છેલ્લે અનશન અંગીકાર કરવા પૂર્વક નંદિષેણ મુનિ સમાધિપૂર્વક મૃત્યુ પામીને દેવલોકમાં જાય છે.

–:પતન અને ઉત્થાનઃ–

આ રીતે પડેલા આત્માઓ પણ ફરી પાછા માર્ગ ઉપર આવી જાય છે. પતન થયું હોય તેનું ફરી ઉત્થાન ન જ થાય તેવું એકાંતે નથી. આમાંથી એટલું આપણે જરૂર શીખવાનું છે કે નિકાચિત કર્મો પણ કેટલા બળવાન્ હોય છે. આવા મહાન ગજરાજ જેવા પુરુષો પણ ગોથું ખાઈ જાય તો આપણા જેવાનું શું ગજું ? માટે આપણે તો પળે પળે સાવધાન રહેવાની જરૂર છે. સ્વમાં જાગૃત રહી પોતાના આત્મા ઉપર કાબુ ધરાવનારો આત્મા જ આ કાળમાં પોતાનું સાધી શકે છે. આત્મદમનને માર્ગે સૌ મંગળ પ્રસ્થાન કરી સ્વ–આત્માર્થ સાધો એજ અભિલાષા.

દુઃખ એ પાપનું ફળ, અને સુખ એ ધર્મનું ફળ છે. આ વિષયમાં કોઈપણ શાસ્ત્રમાં મતભેદ નથી. આપણને સુખ પ્રિય છે. અને દુઃખ અપ્રિય છે. છતાં દુઃખ આવે છે અથવા તો દુઃખ ટળતું નથી. સુખ ઇચ્છીએ છતાં મળતું નથી. વર્તમાનમાં ભોગવાતાં સુખ અને દુઃખનું કારણ પૂર્વ-માં કરેલા શુભ કે અશુભ કર્મ છે. એથી સુખ અને દુઃખ તો જીવનમાં આવવાનાં જ. દુઃખની ઇચ્છા નહિ હોય તોય દુઃખ આવશે. અને સુખની ઇચ્છા હોવા છતાં સુખ

નહી મલે. આમ ઇચ્છા અને અનિચ્છાને લીધે જ આવેલા સુખ અને દુઃખમાં ક્રમે કરીને માન અને સંતાપ ઉત્પન્ન થવાથી નવા કર્મોનો બંધ થવાનો જ. ઇચ્છાને રોકવી એ ધર્મ છે. (તપ છે) અને ઇચ્છાને પોષવી એ અધર્મ છે (પાપ છે).

તપ એટલે ઇચ્છાનો નિરોધ :– અનાદિકાળથી જીવને ખાવાની લત લાગેલી છે. તપદ્વારા એ ખાવાની લતનો નિરોધ કરવાનો છે. જો તપ કરવાથી આપણી ખાવાની લાલસાઓ ઘટી જતી હોય અને વધારે-વધારે તપ કરવાની ઇચ્છા થતી હોય તોજ તપનું સાચું ફળ પામ્યા એમ કહેવાય. અરિહંત પરમાત્માએ બતાવેલા સમ્યક્‌તપના ફળ રૂપે તો અવશ્ય ખાવાની લાલસાઓ ઘટે જ છે. વર્તમાન કાળે પર્યુષણ પર્વના દિવસોમાં તપ ઘણું જ થાય છે. તેમાં એકંદરે લાભ છે પણ એ તપ સમજણપૂર્વકનું થતું હોય તો બહુ લાભવાળું થશે. પર્યુષણપર્વમાં તપ કરનાર કેટલાક ભાગ્યશાળીઓ તપના પારણા પછી રાત્રિભોજનનો પણ ત્યાગ કરતાં નથી. કે જે રાત્રિભોજન નરકનું પહેલું દ્વાર કહેવાય છે.

રાત્રિભોજનનો નિષેધ છે. કારણ રાત્રે સુક્ષ્મ જીવજંતુ પણ ખાવામાં આવી જાય છે. રાત્રે ભોજન ન કરવું જોઈએ એમ આયુર્વેદ પણ કહે છે કે, શરીરમાં બે કમળ છે એક હૃદયકમળ અને બીજું નાભિકમળ. સૂર્યાસ્ત થઈ ગયાં પછી આ બન્ને કમળો સંકોચાઇ જાય છે. એટલે રાત્રે ભોજનનો નિષેધ છે.

જ્ઞાન વગેરે મોક્ષના સાધન છે. અને જ્ઞાનનું સાધન શરીર છે. તે શરીરનું સાધન આહાર છે. એટલે સાધકને સમયાનુકુલ આહારની આજ્ઞા આપવામાં આવે છે.

રાત્રિભોજનનો નીચે મુજબ નિષેધ કરેલ છે.

(૧) રાત્રે ખાવાની જિનેશ્વર ભગવાનની આજ્ઞા નથી.
(૨) રાત્રે ખાવાથી જીવહિંસા થાય છે.
(૩) વૈદક શાસ્ત્રો પણ સૂર્યાસ્ત પછી ખાવાની ના પાડે જ છે.
(૪) રાત્રે ભોજન કરવું એ મોટું પાપ છે.
(૫) રાત્રે ભોજન ન કરવાની પ્રતિજ્ઞા કરવાથી મહિને પંદર ઉપવાસનું ફળ મલે છે.
(૬) રાત્રિભોજન એ રાક્ષસ ભોજન છે.
(૭) રાત્રિભોજન એ નરકનું પહેલું દ્વાર છે.

–:રાત્રિભોજન ઉપર હંસ અને કેશવનું દૃષ્ટાંત:–

એક ગામની બહાર બે ભાઈઓ ચાલ્યા જતા હતા તેમાં એકનું નામ હંસ એ મોટો અને બીજાનું નામ કેશવ એ નાનો હતો. રસ્તામાં ગુરૂમહારાજ મલ્યાં. તેમણે બન્ને ભાઈઓને ઉપદેશ આપ્યો. તેમાં રાત્રિભોજન એ નરકનો દરવાજો છે. માટે ત્યાગ કરો એમ સમજાવ્યું. તે વખતે બન્ને ભાઈઓએ રાત્રિભોજન ન કરવાની પ્રતિજ્ઞા લીધી. કામથી પરવારી ઘરે પાછા ફર્યા ત્યારે રાત પડી ગઈ હતી. એટલે તેમણે જમવાની ના પાડી દીધી. પિતાએ પૂછયું કે, કેમ જમવું નથી ?

ત્યારે તેમણે પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. પિતાને આ બીલકુલ ગમ્યું નહી. તેમણે ઘરમાં કહી દીધું કે, આવતી કાલથી એમને દિવસના ભાગમાં કાંઈ પણ ખાવાનું આપશો નહી.

સવારે બન્નેને દુકાને લઈ ગયા અને સાંજ સુધી છોડ્યા નહી, રાત્રે પાછા આવ્યા ત્યારે માએ ભોજન આગળ ધર્યું પણ પ્રતિજ્ઞામાં દૃઢ રહીને બન્ને જણાએ જમવાની ના પાડી દીધી. મા-બાપને થયું કે આજે નહિ તો કાલે જમશે. બીજા દિવસે પણ પિતાએ તેમને દુકાને લઈ જઈ સાંજે છોડ્યા. રાત્રે ઘેર આવ્યાં પણ જમ્યા નહી. આમ કરતાં ચાર દિવસ થયાં ત્યારે પિતાએ કહી દીધું કે મારા ઘરમાં રહેવું હોય તો રાત્રે જમવું પડશે, નહિ તો તમને તમારો રસ્તો શોધી લ્યો.

આથી બન્ને ભાઈઓ ચાલતા થયાં. એ વખતે હંસને કાંઇક ઢીલો જોઈ પિતાએ તેનો હાથ પકડી લીધો અને ઘરમાં રાખ્યો.

કેશવ પોતાની પ્રતિજ્ઞામાં અચળ છે, પરંતુ બને છે એવું કે દિવસે કાંઇ ખાવાનું મળતું નથી એટલે તેને કડાકા ઉપર કડાકા થાય છે. આ રીતે તેને સાતમો દિવસ થયો. ત્યારે તે મધ્ય રાત્રિના સમને ભૂંડીઆ યક્ષના મંદિર પાસે આવી પહોંચ્યો.

પુનમની રાત્રિ છે. લોકો ત્યાં યક્ષની પ્રાર્થના કરતાં બેઠા છે. તેમને એવી પ્રતિજ્ઞા છે કે, આ વખતે કોઈ અતિથિ

આવી પહોંચે તો તેને જમાડીને જમવું. તેઓ કેશવને જોતાં હર્ષમાં આવી ગયાં. અને તેને જમાડવાની તૈયારી કરવા લાગ્યા. પરંતુ કેશવે જણાવી દીધું કે "મારે જમવું નથી. માટે કંઈપણ તૈયારી કરશો નહી."

લોકો તેમને વિનવે છે કે ભાઈ આમ શા માટે કરો છો ? અમે બધાં અહીં ભૂખ્યા બેઠા છીએ. તમે જમી લ્યો, એટલે અમે પણ જમી શકીએ. સાત દિવસના કઠાકા છે. લોકોની ખૂબ વિનંતિ છે. પણ કેશવ પોતાની પ્રતિજ્ઞામાંથી ચલતો નથી. તે લોકોને નમ્રતા પૂર્વક કહે છે કે મારે રાત્રે નહી આવાની પ્રતિજ્ઞા છે. માટે તમે સવાર સુધી થોભી જાઓ. પછી હું જમીશ. લોકો કહે છે કે જો તમે અત્યારે નહી જમો, તો તે વાત આવતી કાલ મધ્યરાત્રિ પર જશે. અને ત્યાં સુધીમાં કેટલાક ભૂખના માર્યા મરી જશે. માટે ભલા થઈને અમારું માનો. તમારે રાત્રે ન જમવાની પ્રતિજ્ઞા હોય તો પણ ઘણાંના કલ્યાણની ખાતર રાત્રે જમો. પરંતુ એ વચનો કેશવને તેની પ્રતિજ્ઞામાંથી ચલાવી શકયા નહી.

હવે એ જ વખતે યક્ષ પ્રગટ થયો અને હાથમાં મુદ્ગર લઈ કેશવની સમક્ષ આવ્યો; તે ક્રોધથી ધમધમતો મોટા અવાજે કહેવા લાગ્યો કે આ લોકોનું કહ્યું તું કેમ માનતો નથી ? જો જીવવું હોય તો અત્યારે જ જમી લે, નહિ તો આ મુદ્ગરથી તારું માથું ફોડી નાખીશ.

(કેવી પ્રતિજ્ઞાની કસોટી થઈ રહી છે અને થાય જ)

યાત્રાળુઓ યક્ષને જોઈ હર્ષના પોકારો કરવા લાગ્યા.

કેશવની સ્થિતિ ઘણી કફોડી થઇ પડી. તે વિચાર કરે છે. હવે શું કરવું. ? આ યક્ષ મને જીવતો છોડશે નહીં. તેનું કહ્યું માની લેવું અને જીવ બચાવવો કે પ્રતિજ્ઞા પાળીને પ્રાણનું બલિદાન આપવું ?

જો તેની જગ્યાએ બીજો કાચોપોચો માણસ હોત તો તેણે યક્ષની ધમકી સ્વીકારી લીધી હોત. પણ કેશવે ભારે હિંમત કરીને કહ્યું કે આપને કરવું હોય તે કરો. બાકી મારાથી અત્યારે જમી શકાશે નહિ. (ધન્યવાદ પ્રતિજ્ઞા પાળનારને)

આ વખતે યક્ષ તેને પ્રતિજ્ઞા આપનાર ગુરૂ મહારાજને હાજર કરે છે. અને ગુરૂ મહારાજ કહે છે કે, "હવે બહુ થયું. તું ઘણાના ભલાની ખાતર જમી લે, પણ કેશવ વિચારમાં પડે છે કે જે ગુરૂએ મને રાત્રે ન જમવાની પ્રતિજ્ઞા આપી તે જ મને રાત્રે જમવાનું કેમ કહે ? માટે આમાં કાંઇક દગો લાગે છે. એટલે તે કંઇ પણ બોલ્યા વિના ઉભો રહ્યો."

ત્યારે યક્ષે કહ્યું; જો તું નહિ માને તો તને પ્રતિજ્ઞા આપનાર આ ગુરૂનો નાશ કરીશ. અને તારો પણ નાશ કરીશ. (વિચારો કેવી કસોટી કહેવાય.) એમ કહીને તેણે ગુરૂ ઉપર મુદ્‌ગરનો પ્રહાર કર્યો. ગુરૂ આર્ત્તનાદ કરવા લાગ્યા. પરંતુ હજીયે કેશવને લાગે છે કે 'મારા ગુરૂ તો એવા શક્તિ-શાળી હતા કે તેને આ રીતે કોઇ યક્ષ સતાવી શકે નહીં.'

પણ કરતાં નથી. જો દેવો તુષ્ટમાન હોય તો દેવનું દર્શન ફોગટ જાય નહીં કાંઇકને કાંઇક આપીને જાય. દેવોમાં માનવ કરતાં શક્તિ વિશેષ છે. તેની ના નહિ, પરંતુ આપણા કર્મમાં (ભાગ્યમાં) હોય એટલું જ આપણને મલે. આપણા ઉપર ગમે તેટલો દેવ પ્રસન્ન હોય પરંતુ તેઓ પણ આપણા અશુભ કર્મના ઉદયને નિવારી શકતાં નથી. અને દેવતાઓ સંસારજ આપે મુક્તિ ન આપે. કારણ કે તેઓ આપણી જેમ ચાર ગતિમાંની દેવ ગતિમાં છે તેને પણ ચ્યવીને (જન્મ લઈને) પાછા સંસારની કોઇ પણ ગતિમાં રખડવાનું છે. એટલે તો આ મનુષ્ય ભવને દેવ દુર્લભ કહ્યો છે. મનુષ્ય ભવમાં જ મુક્તિ મલે છે.

હવે મૂળ વાત ઉપર આવીએ. બીજા દિવસે કેશવ એક નગરમાં દાખલ થયો. અને પારણું કર્યું. બે દિવસ ત્યાં પસાર થયા. હવે તે રાત્રે સૂતો છે. ત્યાં ગામનો રાજા અપુત્રીઓ મરણ પામે છે એટલે મંત્રી વગેરે પંચ દિવ્ય કરે છે, તેમાં હાથણીની સૂંઢમાં કળશ આપી નવા રાજાની શોધમાં નીકળે છે. (તે કાળે એ રિવાજ હતો. અત્યારની જેમ બહુમતિનો તમાસો ન હતો) તે હાથણી ચાલતાં ચાલતાં જ્યાં કેશવ સૂતો છે ત્યાં આવે છે. અને તેના માથે કળશ ઢોળે છે. એવી રીતે બીજા પણ ચાર દિવ્યો થાય છે. આથી મંત્રીઓ વગેરે તેનો રાજા તરીકે સ્વીકાર કરી, રાજ મહેલમાં લઇ જાય છે અને તેને ગાદીએ બેસાડી તેનો વિધિસર અભિષેક કરે છે. આ રીતે દેવનું આપેલું

પણ કરતાં નથી. જો દેવો તુષ્ટમાન હોય તો દેવનું દર્શન ફોગટ જાય નહીં કાંઇકને કાંઇક આપીને જાય. દેવોમાં માનવ કરતાં શક્તિ વિશેષ છે. તેની ના નહિ, પરંતુ આપણા કર્મમાં (ભાગ્યમાં) હોય એટલું જ આપણને મલે. આપણા ઉપર ગમે તેટલો દેવ પ્રસન્ન હોય પરંતુ તેઓ પણ આપણા અશુભ કર્મના ઉદયને નિવારી શકતાં નથી. અને દેવતાઓ સંસારજ આપે મુક્તિ ન આપે. કારણ કે તેઓ આપણી જેમ ચાર ગતિમાંની દેવ ગતિમાં છે તેને પણ ચ્યવીને (જન્મ લઈને) પાછા સંસારની કોઇ પણ ગતિમાં રખડવાનું છે. એટલે તો આ મનુષ્ય ભવને દેવ દુર્લભ કહ્યો છે. મનુષ્ય ભવમાં જ મુક્તિ મલે છે.

હવે મૂળ વાત ઉપર આવીએ. બીજા દિવસે કેશવ એક નગરમાં દાખલ થયો. અને પારણું કર્યું. છ દિવસ ત્યાં પસાર થયા. હવે તે રાત્રે સૂતો છે. ત્યાં ગામનો રાજા અપુત્રીઓ મરણ પામે છે એટલે મંત્રી વગેરે પંચ દિવ્ય કરે છે, તેમાં હાથણીની સૂંઢમાં કળશ આપી નવા રાજાની શોધમાં નીકળે છે. (તે કાળે એ રિવાજ હતો. અત્યારની જેમ બહુમતિનો તમાસો ન હતો) તે હાથણી ચાલતાં ચાલતાં જ્યાં કેશવ સૂતો છે ત્યાં આવે છે. અને તેના માથે કળશ ઢોળે છે. એવી રીતે બીજા પણ ચાર દિવ્યો થાય છે. આથી મંત્રીઓ વગેરે તેનો રાજા તરીકે સ્વીકાર કરી, રાજ મહેલમાં લઇ જાય છે અને તેને ગાદીએ બેસાડી તેનો વિધિસર અભિષેક કરે છે. આ રીતે દેવનું આપેલું

પ્રથમ વરદાન પુરૂં થાય છે. (દેવનું વચન મિથ્યા થતું નથી)

થોડા દિવસ બાદ કેશવ શહેરમાં ફરવા નીકળ્યો છે. ત્યાં એક ચીંથરેહાલ ભીખારી જેવા ઘરડા માણસને જુએ છે. તેનું મોઢું જોતાં જ તે સમજી જાય છે કે આ મારા પિતા છે. એટલે દોડીને પગે પડે છે. અને પૂછે છે કે 'પિતાજી ! આ શું ? પિતા પણ તેને ઓળખી લે છે. અને કહે છે કે બેટા કેશવ ! તું અહીં ક્યાંથી ? કેશવ કહે છે. હું અહીંનો રાજા થયો છું. પછી બધી વાત કરે છે. તે વખતે પિતા કહે છે કે ભાઈ તેં બહુ સારૂં કર્યું. જો ટેક ન છોડી તો આવા સારા દિવસો જોવાનો વખત આવ્યો. હું તો તું ગયો તે દિવસથી દુઃખી દુઃખી થઈ ગયો છું. તે દિવસે તારા ભાઈ હંસે રાત્રિભોજન કર્યું. તેમાં કંઈ ઝેરી જંતુની ભાળ આવી ગઈ. આથી તેને ઉલ્ટી અને ઝાડા થવા લાગ્યા. ઘણા ઉપચાર પછી પણ તેના પર કાબુ આવ્યો નહી. તેનું શરીર લીલું કાચ થઈ ગયું. અને આખા શરીરમાં વેદના થવા લાગી. ગમે તેટલા ઉપાયો કરવા છતાં પણ આ વેદના મટી નહીં. આખરે એક અનુભવી વૃદ્ધ વૈદ્યે કહ્યું કે, તમે એક મહિના પહેલાં અમુક ઔષધ લઈ આવો તો તમારો પુત્ર સાજો થઈ શકશે. પછી કોઈ ઉપાય નથી. એટલે હું ઔષધની શોધમાં નીકળ્યો છું અને ગામે ગામ રખડી રહ્યો છું.

(આ છે કર્મની લીલા)

'કર્મ કરે સો કોઈ ન કરે, મુરખ તજી અભિમાન;
ઉત્તમ ભવ ચાલ્યો જશે, ધર અરિહંતનું ધ્યાન.'

કર્મ શું નથી કરતાં ? ઘડીકમાં હસાવે છે. ઘડીકમાં રડાવે છે. (બાકી બધું નિમિત્ત છે.)

નમિ રાજર્ષિને દાહજ્વર થયો ત્યારે કહે છે કે જો આ દાહજ્વર ન થયો હોત તો હું સંસારનો દાહજ્વર કયાંથી છોડત ? આમ તો દરેક આત્માને પોતાના કર્મ અનુસાર નિમિત્ત મલ્યા કરે છે. સારૂં કે બરાબ નિમિત્ત પોતાના કર્મનો હિસાબ છે એટલે પાપથી બચો.

–: કેશવનું દૃષ્ટાંત ચાલુ:–

પિતાની વાત સાંભળી કેશવને ઘણું દુઃખ થયું. પોતાનું અંગ ધોઈને તેનું પાણી પાય તો એનો રોગ જરૂર મટી જાય, પણ એ સેંકડો માઈલ દૂર ત્યાં શું થાય ? એવામાં દેવનું ત્રીજું વરદાન યાદ આવ્યું એટલે પોતાને તથા પિતાને પોતાનાં મૂળ ઘરે મુકી દેવાની ઉત્કટ ઈચ્છા કરી અને દેવે તેમને થોડી જ વારમાં ત્યાં મુકી દીધાં. દેવો નિમિષ માત્રમાં ધાર્યું કાર્ય કરી શકે છે. એ ભૂલવાનું નથી.

કેશવે પોતાનું શરીર ધોઈને પાણી હંસને પાયું, કે હંસનું શરીર મૂળ રંગમાં આવી ગયું. અને તેની વેદના પણ શાન્ત થઇ ગઈ. બધાએ કેશવને બહુ ધન્યવાદ આપ્યા અને હવે પછી રાત્રિભોજન ન કરવાની પ્રતિજ્ઞા લીધી. પછી કેશવ પોતાના બધા કુટુંબીજનોને સાથે લઈને પોતાનાં રાજ્યમાં ગયો. અને ધર્મનું પાલન કરી સુખી થયો.

તાત્પર્ય એ કે ધર્મનું આરાધન કરવું હોય તો દૃઢ સંકલ્પ અને પુરૂષાર્થની જરૂર છે.

–: પુરૂષાર્થની પ્રતિષ્ઠા :–

વ્યવહારમાં પણ પુરૂષાર્થની પ્રતિષ્ઠા ઓછી નથી. એક કામ હાથ ધરી તેની પાછળ સતત મંડ્યા રહેનાર ગમે તેવાં દુર્ઘટ કાર્યો પણ પાર પાડે છે અને યશ–લાભના અધિકારી થાય છે. મહાભારતના મોરચે જય મેળવવો એ જેવું તેવું કામ ન હતું પણ પાંડવોએ પુરૂષાર્થ છોડ્યો નહી અને આખરે યશસ્વી થયાં. શ્રી રામચંદ્રજીએ લંકાના યુદ્ધમાં વિજય શી રીતે મેળવ્યો ? સમુદ્ર પાર કરવાનો હતો અને સામે મહાબળીયો રાવણ હતો. છતાં પુરૂષાર્થને વળગી રહ્યાં તો વિજયની વરમાળા તેમના ગળામાં પડી. એવી રીતે રાજદ્વારી પુરૂષોનાં જીવનમાં પણ એ હકીકતની પુષ્ટિ કરનાર અનેક દાખલાઓ મળી આવશે.

કેટલાક તો કહે છે કે લક્ષ્મી તો ભાગ્યનો ખેલ છે, પણ ભાગ્ય એ પણ પૂર્વભવના પુરૂષાર્થ વિના બીજું શું છે ? પૂર્વભવમાં જે પુણ્યની કમાણી કરી તેનું નામ ભાગ્ય. એટલે આખરે તો બધી વાત પુરૂષાર્થ પર આવીને જ ઉભી રહે છે.

–:પુરૂષાર્થનાં પાંચ પગથિયાં:–

(૧) ઉત્થાનઃ– ઉત્થાન એટલે આળસ મરડીને ઉભા થવું, એ પહેલું પગથિયું છે.

(૨) કર્મઃ– કર્મ એટલે કામે લાગવું.

(૩) બળઃ– બળ એટલે સ્વીકારેલાં કાર્યમાં કાયા, વાણી અને મનનાં બળનો બને તેટલો ઉપયોગ કરવો.

(૪) વીર્યઃ– વીર્ય એટલે સ્વીકારેલાં કામને પાર પાડવાનો ઉલ્લાસ રાખીને ઉદ્યમ કરવો.

(૫) પરાક્રમઃ– પરાક્રમ એટલે ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરીને ધૈર્ય પૂર્વક ઉભા રહેવું. એ પાંચમું પગથિયું છે.

પ્રભુ મહાવીરે સાધના કાળમાં કેવું પરાક્રમ દર્શાવ્યું હતું તે જાણો છો ?

ગોશાળો કહેતો હતો કે 'જગતમાં બધા ભાવો નિયત છે, એટલે ઉત્થાન, કર્મ, વીર્ય, બળ અને પરાક્રમથી કંઈ પણ થવાનું નથી. સુખ–દુઃખ નિયત છે. અને તે પ્રાણીઓને અવશ્ય ભોગવવાં પડે છે. તેના આ નિયતિવાદની નિરર્થકતા પ્રભુ મહાવીરે કેવી રીતે દર્શાવી આપી તેની બોધ શાસ્ત્રમાં થયેલી છે.

–:નિયતિવાદની નિરર્થકતા ઉપર સદ્‌દાલપુત્રનું દૃષ્ટાંત :–

પોલાસપુરમાં સદ્‌દાલપુત્ર નામે એક ગૃહસ્થ રહેતો હતો. તેની પાસે પુષ્કળ ધન હતું. એક કોટિ હિરણ્ય નિધાનમાં હતું. એક કોટિ વ્યાજે ફરતું હતું. અને એક કોટિ પોતાના વ્યવહારધંધાના ઉપયોગમાં હતું. તેની પાસે દસ હજાર

ગાયો હતી. તેની માલીકીનાં પાંચસો હાટ પોલાસપુર નગરીની બહાર આવેલાં હતાં. તેઓ વાસણ તથા બીજી વસ્તુઓ બનાવતા હતા. અને રાજમાર્ગમાં લઇ જઈને વેચતાં હતાં. સદ્દાલપુત્રની પત્નીનું નામ અગ્નિમિત્રા હતું.

સદ્દાલપુત્ર ગોશાળાનો ભક્ત હતો. એટલે નિયતિવાદમાં દૃઢ શ્રદ્ધાવાળો હતો. એકવાર તે પોતાના બગીચામાં બેઠો હતો. ત્યાં આકાશવાણી થઇ કે "આવતી કાલે અહીં એક સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રૈલોકય પૂજિત મહાપુરૂષ પધારશે. તેમને તું વંદન કરજે. અને અશન-પાનાદિનું નિમંત્રણ કરજે."

સદ્દાલપુત્ર સમજ્યો કે આવા મહાપુરૂષ તો મારા ગુરૂ ગોશાલક વિના બીજા કોઈ હોય નહી. પરંતુ બીજા દિવસે શ્રમણ ભગવાન મહાવીર ત્યાં પધાર્યા. આકાશવાણી સાંભળી હતી એટલે સદ્દાલપુત્ર તેમનાં દર્શને ગયો. તે વખતે ભગવાને આકાશવાણીની વાત કહી. આથી સદ્દાલપુત્ર આશ્ચર્ય પામ્યો અને તેમના પ્રત્યે શ્રદ્ધાવાળો થયો. પછી તેણે ભગવાનને પોતાને જોઇતી વસ્તુઓ લેવાનું નિમંત્રણ આપ્યું.

એકવાર સદ્દાલપુત્ર કાચા વાસણોને તડકે સુકવતો હતો, ત્યાં ભગવાન પધાર્યા. અને તેમણે કહ્યું, 'હે સદ્દાલપુત્ર ! આ વાસણ કેવી રીતે બન્યું છે ?'

સદ્દાલપુત્રે કહ્યું, 'ભગવાન્, પહેલાં તો તે માટી રૂપે હતું પછી તેને મસળીને ચાકડે ચડાવવામાં આવ્યું, ત્યારે હવે આ વાસણરૂપે બન્યું છે.'

ભગવાને કહ્યું, 'તેમાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, અને પરાક્રમની જરૂર પડે કે નહિ ?

આ પ્રશ્નથી સદ્‌ાલપુત્ર ચમકયો, પણ તેણે પોતાના આજીવિક સિદ્ધાંત પ્રમાણે જવાબ આપ્યો કે, ભગવાન્ ! ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પરાક્રમ વિનાજ નિયતપણે તે બન્યે જાય છે.'

ભગવાને કહ્યું 'હે સદ્‌ાલપુત્ર ! કોઇ માણસ તારાં આ વાસણો ઉપાડી જાય, ફેંકી દે, કે ફોડી નાખે અથવા તારી આ અગ્નિમિત્રા ભાર્યા સાથે ભોગો ભોગવે તો તું તેને શિક્ષા કરે કે નહી ?

સદ્‌ાલપુત્રે કહ્યું, હે ભગવાન્ ! તો હું જરૂર તે દુષ્ટ પુરૂષને પકડું, બાંધું અને મારૂં.'

ભગવાને કહ્યું, 'જો બધું કોઇના ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પરાક્રમ વિના નિયતપણે બનતું હોય તો કોઇ વાસણ ચોરતું નથી, ફોડતું નથી કે તારી સ્ત્રી સાથે ભોગ ભોગવતું નથી, તો પછી શા માટે એ પુરૂષને પકડે, બાંધે અને મારે ? તારા હિસાબે તો આ બધું નિયત છે અને કોઇના પ્રયત્ન વિના બન્યે જાય છે.

આ શબ્દોએ સદ્‌ાલપુત્રની આંખ ઉઘાડી નાંખી. પછી તેણે ભગવાનનો સિદ્ધાંત સાંભળવાની ઇચ્છા કરી. ભગવાને તેને સિદ્ધાંત સાચી રીતે સમજાવ્યો એટલે તેણે પોતાની સ્ત્રી સહિત ભગવાનના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો અને તેમની પાસે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. આ વ્રતોનું પાલન

તેણે એવી દૃઢતાથી કર્યું કે તે પ્રભુ મહાવીરના સુપ્રસિદ્ધ શ્રાવકોમાં સ્થાન મેળવી શકયો.

સત્ય અને અસત્ય બંને અનાદિના છે. દુર્જન અને સજ્જન, રાગી અને ત્યાગી કોઈ વખત નહોતાં એમ ભાગ્યે જ કહેવાશે. બે ભાઈઓ વચ્ચેનું યુદ્ધ તો હંમેશા ચાલવાનું જ છે. જેનો પક્ષ મજબુતાઇ રાખી શકે એની જીત.

હમણાં તો જૈનોની ખોવાઇ ગયેલી જવાંમર્દીએજ જૈન શાસનના હર્યાભર્યા લીલાછમ ખેતરને (વાડ વિનાનું) ખુલ્લું મેદાન બનાવી મૂકયું છે (બોડી બ્રાહ્મણીનું ખેતર) જેને જેમ ફાવે તેમ બોલે છે, જેઓને શાસ્ત્રકાર પરમમહર્ષિઓના વચનો ઉપર શ્રદ્ધા હોય તેઓએ તો એવા બિચારાઓની વાતોને નહી ગણકારતાં એમની દયા ચિન્તવવી જોઇએ (કે એ બિચારાનું શું થશે ?)

ધર્માનુરાગીને ધર્મની નિંદાથી દુઃખ જરૂર થાય છે. મયણાસુંદરીને એના પિતાજીએ (પ્રજાપાલ રાજાએ) પોતાની સત્તાના મદમાં (કેફમાં) કોઢિયા સાથે પરણાવ્યા છતાં પણ ધૈર્યવતી (કર્મ ઉપર અટલ શ્રદ્ધાવાન) મયણાને જ્યારે સદ્‌ગુરૂનો સમાગમ થયો ત્યારે પોતાની વિતક કથા ગુરૂ મહારાજને સંભળાવી અને અંતમાં અંતર વ્યથા ઠાલવતાં બોલી કે હે પૂજ્ય ભગવંત ! મારી આંખમાં આંસુ મારી આજના દશાના કારણે નથી, પરંતુ મારી દશાને આગળ કરીને અજ્ઞાની લોકો જૈન ધર્મની જે નિંદા કરી રહ્યા છે તેનું દુઃખ મારી આંખમાં

અશ્રુરૂપે ઉભરાઈ આવ્યુ છે (વિચારો પોતાના દુઃખ કરતાં ધર્મની નિંદાનું દુઃખ વધારે લાગ્યું કે નહિ ?)

ગુરૂએ કહ્યું ધર્મની થતી નિંદા તને ખટકે છે તે સારી વાત છે. અમને પ્રભુની આજ્ઞા છે કે કર્મના કારણે પીડાતા આત્માઓને ધર્મનો સર્વ મંગળમય માર્ગ બતાવવો અને એ માર્ગ ઉપર ચઢવાની પ્રેરણા કરવી એટલે આજે હું તને જિનેશ્વર દેવોએ પ્રકાશેલો ધર્મારાધનાનો માર્ગ બતાવું છું. એમ કહીને ગુરૂએ એમને નવપદની આરાધના કરવાનું કહ્યું. જે કરવાથી અશુભ કર્મનો નાશ થઇ ફરીથી સુખ-સાહ્યબીને પામ્યાં. એ શ્રીપાલ ચરિત્ર બધાએ સાંભળ્યું તો હશે ?

-:ધર્મના દ્વેષીઓથી થતી ધર્મની નિંદા:-

ચાર કષાયોમાં ક્રોધ કષાય એવો બળવાન છે કે તેનો ઉદયકાળ આવે ત્યારે આત્માને ક્રોધમાં ધકેલી દે છે. ત્યારે ધર્મ કરનાર કોઈ ક્રોધના આવેશમાં આવીને કાંઇ કહેતો હોય અથવા કરતો હોય તો લોકો કહેશે કે જુઓ ધર્મ. આવા ધર્મ કરનારા કરતાં અમે ધર્મ નહીં કરનારા સારા.

વાહ....શું ધર્મથી આ તોફાન જાગી પડ્યું હતું ? ધર્મ કહી ક્રોધ કરવાનું શીખવે છે ખરો ? એ માણસનો ક્રોધ ગુનેગાર હોવા છતાં ધર્મને કેમ વગોવણીની ફાંસીએ ચડાવી દેવાયો ?

વસ્તુતઃ ધર્મ દ્વેષીઓને ગમે તે બહાનું આગળ કરીને

ધર્મને ધિક્કારવો છે. એટલે તેઓ વિવેકબુદ્ધિથી ભ્રષ્ટ થઈને ગમે તેમ બોલતા હોય છે.

જૈન ધર્મ અને વીતરાગ દેવને માનનારા સાથે ઈતર ધર્મના મિથ્યાત્વી દેવોને માનનારાનો મેળ કદી જામે નહી. તે બેયની હાર્દિક દોસ્તી કદી થાય નહી, વ્યવહાર સાચવી લેવો પડે તે જુદી વાત છે. પણ અંતરના ઉમળકાભર્યો મેળ જામવાનું લગભગ અશકય છે. અને લોક હેરીમાં જ તણાયેલા આત્માઓ ભલે જન્મે જૈન હોય. તો પણ શાસન વિરોધ-કરનારા કર્મે જૈન નથી.

-:સમ્યકત્વને પામેલા સમકિતિઆત્માનું દૃષ્ટાંતઃ-
ધર્મલાભ કોને...?

વીતરાગ ભગવંત મહાવીર સ્વામી વિચરતા વિચરતા ચંપાપુરીમાં પધાર્યા. તે દરમ્યાન અંબડ નામના એક પરિવ્રાજકે ભગવાનને વિનંતિ કરી કે હું કાલે રાજગૃહી તરફ જવાનો છું. કાંઈ સંદેશ હોય તો કહેજો. આ સાંભળીને ભગવંતને સુલસા સહજ યાદ આવી. તેથી ભગવાને અંબડને કહ્યું કે સુલસા શ્રાવિકાને મારા ધર્મપાલ કહેજો. અંબડને વિચાર આવ્યો કે રાજગૃહીમાં પ્રભુના અનેક ભક્તો—જેવા કે મહારાજા શ્રેણીક અને અનેક શ્રેષ્ઠીઓ વગેરે હોવા છતાં કોઈને યાદ ન કરતાં ધર્મલાભ તો ફક્ત એક સુલસા સતીને જ કહેવડાવ્યો.

આ સદ્‌ભાગ્ય સુલસાને સાંપડવાનું મુખ્ય કારણ એ

હતું કે તેનું પવિત્ર અંતઃકરણ અને પ્રભુ પરની અતૂટ શ્રદ્ધા-વિવેક માત્ર વિચારોના ખડકોમાં અટવાઈ ગયો ન હતો. પરંતુ તેના આચરણમાં ઉતરી ચૂકયો હતો.

ભગવંતની વાત સાંભળીને અંબડ સાધુ આશ્ચર્ય પામ્યો. એને સુલસાની પરીક્ષા કરવાનું મન થયું. એટલે પોતાની વિદ્યાબળે સંન્યાસી રૂપ ધારણ કરીને સુલસાના ઘરના દ્વાર પાસે આવીને કહ્યું "સુલસા મને ભિક્ષા આપ. તેમ કરવાથી તું સત્ય ધર્મને પામીશ." સુલસાએ કહ્યું કે તમને ભિક્ષા આપવાથી સાચા ધર્મને પમાય તેવું આપનામાં કોઈ તત્ત્વ દેખાતું નથી. અંબડે સુલસાની ધર્મભાવના બરાબર જાણી લીધી.

ત્યારબાદ પહેલે દિવસે નગરના પહેલા દરવાજે બ્રહ્માનું રૂપ ધારણ કરીને આસન જમાવ્યું. ત્યારે નગરીના લોકો ટોળાનાં ટોળા દર્શન કરવા ગયાં પણ સુલસા ન ગઈ. તે પણ અંબડે જાણી લીધું. બીજે દિવસે બીજે દરવાજે વિષ્ણુનું રૂપ કરીને આસન જમાવ્યું ત્યારે પણ સુલસા ન ગઈ. નગરના લોકો ટોળાનાં ટોળા ગયાં. ત્રીજે દિવસે ત્રીજા દરવાજે (મહેશ) શંકરનું રૂપ ધરીને આસન જમાવ્યું ત્યારે પણ લોકોના ટોળા ગયાં. ત્યારે સુલસાની પડોશણ બાઈઓએ સુલસાને કહ્યું કે હે સુલસા! શંકર ભગવાન સાક્ષાત્ પધાર્યા છે. માટે ચાલ. સુલસાએ ના કહી. હું નહીં આવું. જોયું! કેવી વીતરાગ પરમાત્મા પર સાચી શ્રદ્ધા છે.

અંબડે જાણ્યું કે સુલસા પોતાના ધર્મમાંથી ચલિત થાય તેમ નથી. છેલ્લે ચોથે દિવસે નગરીના ચોથે દરવાજે પચીસમા તીર્થંકરનું રૂપ કરીને સિંહાસન ઉપર બેઠક જમાવી. ત્યારે તો આખીય નગરીના લોકો ભગવાનના દર્શન કરવા ઉમટી પડ્યા. પણ સુલસા ન ગઈ. ત્યારે ઘણી બાઇઓએ સુલસાને કીધું કે, હે સુલસા ! હવે તો તારા ભગવાન પધાર્યા છે. તો કેમ દર્શન કરવા આવતી નથી. સુલસાએ જવાબ આપ્યો કે આ તો કોઈ ઠોંગી છે ઠોંગી. અમારા તીર્થંકર ભગવાન ચોવીસ જ છે. પચીસમો તીર્થંકર સંઘ છે. આ તો કોઇ પાખંડી છે.

અંબડે સુલસાની વાત લોકમુખે સાંભળી એટલે એને પાકી ખાત્રી થઈ ગઈ કે ભગવંતે ધર્મલાભ પાઠવ્યા છે તે યોગ્ય જ છે. તે લાયક છે. સુલસાની આત્મનિષ્ઠા મેરૂ જેવી અચળ છે. તેમાં શંકાને સ્થાન નથી.

–પ્રત્યેક પ્રયત્નોમાં નિષ્ફળ ગયેલ અંબડ:–

સુલસાને ત્યાં (કપાળે ચંદનનું તિલક કરીને સ્વામીભાઈ તરીકે) ગયો. ત્યારે સુલસાએ આદરભાવ આપ્યો. અંબડે ભગવાનનો ધર્મલાભ સંદેશ આપ્યો. તે સાંભળીને સુલસાના રૂંવાડે રૂંવાડે ભગવાનના દર્શન કરવાના કોડ જાગ્યાં.

અંબડે કહ્યું બહેન, સાચે તું ભાગ્યવતી છે. તારી ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ છે. એની મને પણ પ્રતીતિ થઇ છે. એ નિમિત્તે અંબડ પણ જૈન ધર્મને પામી ગયો. એટલે

સમકિતિ બની ગયો. (આ પણ એક નિમિત્ત કહેવાય.) નિમિત્ત મળતાં ઘણાં સાચા ધર્મને પામી ગયાના દૃષ્ટાંતો શાસ્ત્રમાં આવે છે.

–:શ્રાવિકા મહાસતી સુલસાના હૃદયમાં કોરાયેલ ભાવનાનું દર્શન:–

મહાસતી સુલસાના ચારિત્ર તરફ દૃષ્ટિ કરો. એનું સમ્યક્ત્વ કેવું ? સ્વયમ્ ભગવાનશ્રી મહાવીર દેવે પરિવ્રાજક અંબડ દ્વારા ધર્મલાભ કહેવરાવ્યા. આ વાત પ્રસિદ્ધ છે. એના પતિને એક જ ચિંતા હતી અને તે સંતાનના અભાવની, બ્યારે સુલસાને તો રૂંવાડે ય એ માટે કશું ય ન હતું. કેમકે એ પરમ શ્રાવિકા હતી. વસ્તુતત્ત્વની સાચી જ્ઞાતા હતી. છતાં પણ તેણીએ ચિંતાનું કારણ પતિદેવને પૂછ્યું ત્યારે કીધું કે પુત્ર નથી તેની ચિંતા છે. કેટલીક વખત સમજાવ્યા બાદ જોયું કે પતિ આ ચિંતાથી મુક્ત થાય તેમ નથી. ત્યારે કોઈ પણ સંયોગમાં કોઈ પણ સ્ત્રી ન કહે. છતાં બીજી સ્ત્રી પરણવાનું પતિને કહ્યું. ખુલ્લે દિલે એ પરમ પતિવ્રતા દેવીએ જણાવ્યું, સ્વામિન્ ! આપ બીજી સ્ત્રી કરી શકો છો. મને તેથી લેશ પણ અડચણ નથી. (તે સમયે બહુપત્ની કરવાનો રિવાજ હતો.) સુલસાએ અનુજ્ઞા આપી એટલે શું તેના પતિએ તુરત જ બીજી પત્ની કરી લીધી ? ના, તેણે કહ્યું–દેવી ! જરૂર મને સંતાનનો અભાવ સાલે છે. તો પણ તેટલા માટે બીજી સ્ત્રી કરવાની ઇચ્છા તો નથી જ. ભાગ્યને મંજુર હોય તો તને જ કાં સંતાન ન

થાય ? વિચારો પતિ–પત્નીનાં સ્નેહની મર્યાદા ? સુલસા સમકિતી હતી છતાં ગૃહસ્થ હતી. સંસાર સ્થિત હતી. એટલે પતિપરાયણા સતી હતી. પતિના હૃદયની વ્યથા શમાવવા ઈતેજ્જર હતી. એટલે તેણીએ જ્યારે જોયું કે પોતાનો પતિ પોતાના સ્નેહથી એટલો સંતુષ્ટ છે કે હૃદયને તીવ્ર વ્યથા પમાડી રહેલાં સંતાનના અભાવને ટાળવા માટે પણ બીજી સ્ત્રી કરવાનો ઇન્કાર કરે છે. ત્યારે તેણીએ બીજો જ માર્ગ લીધો. અને તે એ કે વિશેષથી ધર્મની આરાધના કરવી, તે પ્રસંગે એક દેવ તુષ્ટમાન થયો. અને પ્રત્યક્ષ થયો. (આવા ધર્મીને દેવો તુષ્ટમાન થાય તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી). પ્રત્યક્ષ થયેલા દેવે પ્રસન્નતાપૂર્વક સુલસાને કહ્યું. મહાસતી ! 'જે માગવું હોય તે માગી લે. પણ સુલસા મૌન રહે છે.'

દેવે બીજીવાર કહ્યું, ત્યારે દેવી જરા હસે છે. દેવ ત્રીજીવાર કહે છે ત્યારે ભગવાન્ મહાવીરની આ પરમ શ્રાવિકા કહે છે, વીરા ! કલ્યાણ થાઓ તારૂં. તું આપવા આવ્યો એ વાત ખરી. અને મને વારંવાર માંગવાનું કહે છે પણ હું તારી પાસે શું માગું ? દેનાર કરતાં માંગનારે બુદ્ધિનો ઉપયોગ કરવો જોઇએ.

સુલસા દેવી કહે છે વીરા ! મારે જે જોઈએ છે તે તારી પાસે છે જ કયાં ? કે જે હું માગું !

દેવ કહે–તું માંગી તો જો હું ય જાણું તો ખરો કે મારી પાસે છે કે નહિ.

સુલસાએ કહ્યું મારે જોઇએ છે મોક્ષ. મોક્ષ જ જોઈ એ છે. એ વિના બીજું કાંઇ જ નહી. વિચારો કે સુલસા એક સ્ત્રી છે પણ તેણીના હૃદયમાં સમ્યક્‌ત્વ કેટલું સ્થિર છે. આજે તો દેવ દેવીઓ આવીને માંગવાનું કહે જ નહી પણ જો દેવ આવીને માંગવાનું કહે તો શું શું માંગી લેવાની ઇચ્છા થાય? તે વિચારવા જેવું જ છે. પણ દેવનું દર્શન ફોગટ જવું ન જોઈએ. એ રીતે દેવે પોતાના જ્ઞાનથી જાણીને સુલસાને સંતાન પ્રાપ્તિ માટે ૩૨ ગોળીઓ આપીને કહ્યું કે હે સતી! આ ગોળી રોજની એક એક ખાવાથી તમને બત્રીશ સંતાન થશે. એમ કહીને દેવ અદૃશ્ય થઇ ગયો.

સુલસાએ તો એક એક ગોળી ખાવાને બદલે બત્રીશ ગોળી એક સાથે ખાવાથી એના ઉદરમાં ૩૨ સંતાનો સાથે ઉત્પન્ન થવાથી એને મહાકષ્ટ પેદા થયું. ત્યારે પણ દેવે આવીને એનું કષ્ટ દૂર કર્યું. અને બત્રીશ સંતાનો સાથે જન્મ્યાં.

પાછળથી શ્રેણીક રાજા ચેલણાને ભૂગર્ભમાંથી ઉપાડી ભાગ્યા તે વખતે એ બત્રીશ સંતાનો લડાઈમાં મરણ પામ્યાં. તે દૃષ્ટાંત મોટું હોવાથી અહીંયા લખતો નથી.

હવે આપણે મિથ્યાત્વી રાજા શ્રેણીક ને ચેલણાને જોઇએ.

ચેડા રાજા પોતાની સાતે પુત્રીઓને પોતાના સાધર્મિક

ભાઈ સાથે પરણાવવાના હતા. પણ (દગલબાજીથી) અભય-કુમારની બુદ્ધિથી ચેલણાને શ્રેણીક રાજા ભૂગર્ભમાંથી ઉપાડી લઇ આવ્યાં.

ચેલણાને અને શ્રેણીકને ધર્મ સિવાય કોઇ પણ વાતનો મતભેદ ન હતો. ફક્ત ધર્મનો મતભેદ હતો. તેમાં ચેલણા સમ્યકૃત્વ વાસિત હતી અને શ્રેણીક મહારાજા મિથ્યાત્વી ધર્મના હતાં. પણ બંને પોતપોતાના ધર્મમાં અડગ હતાં. છતાં શ્રેણીક રાજા પોતાના ધર્મમાં ચેલણાને લેવા વિચાર કરતાં પણ ચેલણા જૈનધર્મમાં અટલ શ્રદ્ધાવાળી હતી. તે પાછી પડે તેમ ન હતી.

એક વખત ચેલણાને જૈન સાધુ કેવા છે? તે બતાવવા માટે એક વેશ્યાને સમજાવીને એક મંદિરમાં પુરી અને ત્યાં બધી ભોગની સામગ્રી મૂકી દીધી. એ નગરીમાં. એક જૈન સાધુ હતાં તેને કપટથી ખોટી રીતે સમજાવીને, જે મંદિરમાં વેશ્યા-ને રાખી હતી તે મંદિરમાં તેડીને, અંદર દાખલ કરીને, દર-વાજે તાળું મારીને ચાવીઓ શ્રેણીકને એના સેવકે સોંપી દીધી. એ જાણીને શ્રેણીક રાજી થયાં. અને પોતાની સ્ત્રી ચેલણાને કહ્યું કે તું તારા ધર્મગુરૂના વખાણ કરે છે પણ હું તને કાલે સવારના બતાવીશ કે તારા ધર્મગુરૂ કેવા સ્ત્રી લંપટ છે. ચેલણાએ કહ્યું કે મહારાજા! મારા ગુરૂ એવા હોય જ નહી. તમારા ગુરૂ હશે. કેવી અટલ શ્રદ્ધા ચેલણાને પોતાના ધર્મગુરૂ ઉપર હતી.

આ બાજુ જૈન સાધુ અંદર જતાં દરવાજા બંધ થઈ ગયા. તેથી દગલબાજીની રમત મારા માટે થઈ છે એમ એ સાધુ સમજી ગયાં. અંદર વેશ્યા હતી. તેણે પણ પોતાની ચેષ્ટાઓ કરવાનું ચાલુ કર્યું. ત્યારે સાધુ મહાત્માએ વેશ્યાને કહી દીધું કે તારે જે કાંઇ કરવું હોય તે મારાથી દૂર રહીને કરજે. મારી આગળ આવીશ તો બળીને ભસ્મ થઇ જઇશ અને તે વખતે તપસ્વી સાધુનો ચહેરો જોઈને વેશ્યાને પણ ધ્રુજારી છૂટી. એટલે એક ખૂણામાં બેસી ગઇ. કેવું હશે એ તપ અને ચારિત્રનું તેજ ? જેનાથી વેશ્યાને પણ ગભરાટ છૂટી ગયો. જૈનધર્મના શાસનદેવો આવા વખતે અંતરીક્ષ મદદ કરતાં હોય છે.

હવે સાધુ મહાત્માએ વિચાર્યું કે હું ભલે ચોખ્ખો છું પણ આ રીતે સવારના અહાર નીકળીશ તો મારા જૈન ધર્મની નિંદા થશે. અને એ નિંદાથી ઘણાએ પાપકર્મને બાંધી લેશે. એટલે ધર્મની નિંદા થતી અટકાવવા પોતાના બધા કપડા ઉતારી ફક્ત એક લંગોટ રાખીને દીવો બળતો હતો તેનાથી ઓઘો એ જૈન ધર્મના પ્રતિકને પણ કપડા સાથે બાળી નાખ્યો. ફક્ત એની લાકડીનો ટુકડો રાખ્યો. અને રાખ આખા શરીરે લગાવી દીધી. આખી રાત કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહીને ધર્મ આરાધનામાં રહ્યાં. સામે ખૂણામાં વેશ્યા તો સાધુ મહાત્માનું તેજ જોઈને ધ્રુજતી ધ્રુજતી આખી રાત પસાર કરી. (આ તેજ હતું સંયમનું)

આ બાજુ શ્રેણીક રાજાએ સવારના નગરીમાં ઢંઢેરો

પીટાવ્યો કે અમુક મંદિર પાસે બધાએ આવી જવું ત્યાં જૈન સાધુ કેવા છે તે જોવા મલશે. અને શ્રેણીક મહારાજે પોતાની સ્ત્રી ચેલણાને કહ્યું કે ચાલ હવે તને તારા સાધુ બતાવું. ત્યારે પણ ચેલણાએ શ્રેણીક રાજાને કીધું કે હે સ્વામિન્! અમારા સાધુ નહિ હશે. પણ તમારા સાધુ હશે. વિચારો! ચેલણાને કેટલી અટલ શ્રદ્ધા હશે પોતાના ધર્મગુરૂ પર. ત્યારે આવાં શબ્દો આત્મામાંથી નીકળતાં હશે.

આ બાજુ તો નગરીમાંથી લોકોના ટોળાના ટોળા મંદિર પાસે ભરાઈ ગયાં. તમાસાને તેડું હોતું નથી.

શ્રેણીક મહારાજાએ આવીને ચાવી સેવકને આપી અને દરવાજો ખોલાવ્યો. ત્યાં તો અંદરથી બ્રહ્મજ્ઞાની કરતાં અલક જગાવતો બાવો નીકળ્યો. તેને જોઇને ચેલણાએ શ્રેણીક રાજાને કીધું કે આ મારા ગુરૂ છે કે તમારા! તે બરાબર જોઈ લ્યો. શ્રેણીક તો આ બાવાને જોઇને ભોંઠો પડી ગયો. ત્યાં તો પાછળ ધ્રુજતી ધ્રુજતી વેશ્યા નીકળી ને ભાગતી ઘેર ગઇ.

પછી શ્રેણીક રાજાએ વેશ્યાને પોતાને ત્યાં બોલાવીને હકીકત પુછી તો વેશ્યાએ કીધું કે રાજા બીજું ગમે તેવું કાર્ય કરવાનું કહેજો પણ જૈન સાધુની છેડતી કરવાનું કોઈ દિવસ મને કહેતા નહી. અને રાતની બનેલી હકીકત રાજાને કહી.

સાધુએ તો ફરીથી ચારિત્ર ગ્રહણ કરી પ્રાયશ્ચિત્ત લેવા તપ કર્યું.

-:શ્રેણીક રાજાને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ:-

રાજગૃહી નગરીની બહાર મંડિતકુક્ષી નામે એક મનોહર ઉદ્યાન હતું. આ ઉદ્યાનમાં સાધુ સંન્યાસીઓ ઉતરતા. અને શ્રીમંત તથા સહેલાણીઓ પણ સહેલ કરવાને આવતાં. પર્વના દિવસે તો આ ઉદ્યાનમાં માનવ મેળો જ જામતો.

મગધરાજ શ્રેણીકને આ ઉદ્યાન ઘણું પ્રિય હતું તેથી તેઓ વારંવાર અહીં આવતા. આજે તેવો જ એક પ્રસંગ હતો. જ્યારે તે પોતાની સાથેના સેવકોને દૂર બેસાડીને પોતે એકલા ઉદ્યાનમાં વિહરી રહ્યા હતાં. ત્યાં વૃક્ષના મૂળની પાસે થોડે દૂર બેઠેલા એક નવયુવાન મુનિ તરફ તેમનું ધ્યાન ખેંચાયું. અંગ પર એક જ વસ્ત્ર હતું. સ્થિર બેઠેલા હતા, નયનો બીડેલાં હતાં, મન પુરેપુરૂં ધ્યાનમાં નિમગ્ન હતું, તેમનો દેહ ગૌર વર્ણો હતો. મુખ પર તેજ વ્યાપેલું હતું અને સૌમ્યતા તથા સજ્જનતા સ્પષ્ટ તરી આવતાં હતાં. મુનિવરના આ વ્યક્તિત્વે મગધરાજ પર ખૂબ ઊંડી અસર પડી. તેમણે આજ સુધી અનેક બ્રાહ્મણો અને શ્રમણો જોયાં હતાં, અનેક પરિવ્રાજકોનો પરિચય કર્યો હતો. પરંતુ તેમાંનાં કોઇએ આ મુનિવર જેવી છાપ તેમના હૃદયમાં અંકિત કરી ન હતી. મગધરાજનું ઉન્નત મસ્તક સ્વાભાવિક રીતે તેમને નમી પડ્યું. તેમણે ત્રણ પ્રદક્ષિણાઓ દઈને એ મુનિરાજ પ્રત્યે પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો. અને બે હાથ જોડીને બહુ દૂર પણ નહી અને બહુ નજીક પણ નહી એવી રીતે તેઓ મુનિવર સમક્ષ ઉભા રહ્યા. (આ નિમિત્ત શ્રેણીક રાજાને મિથ્યાત્વમાંથી નીકળી સમકિતને પામવા માટે નું હતું).

થોડી વારે મુનિવરે ધ્યાન પુરૂં કર્યું. અને કમળ પાંખડી જેવા મનોહર નયનો ખુલ્લા કર્યાં. તે વખતે બે હાથ જોડીને ઉભેલા શ્રેણીક તેમને જોવામાં આવ્યા, એટલે તેમણે સાધુ ધર્મને યોગ્ય 'ધર્મલાભ' ઉચ્ચાર્યો.

એ ધર્મલાભ આપવા બદલ શ્રેણીક રાજાએ પોતાનું મસ્તક નમાવીને કૃતજ્ઞતા પ્રગટ કરી. પછી વિનય પૂર્વક પૂછ્યું : 'હે મુનિવર ! જો આપની સાધનામાં કોઇ રીતે વિઘ્ન આવતું ન હોય તો હું એક પ્રશ્ન પૂછવાની ઇચ્છા રાખુ છું.'

મુનિવરે કહ્યું, 'રાજન્ ! વાત બે પ્રકારની હોય છે. એક સદોષ અને બીજી નિર્દોષ.

ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા અને રાજકથા. એ સદોષ વાત છે. આવી વાતમાં મુનિઓ પડતા નથી. પરંતુ જે વાતથી જ્ઞાનની વૃદ્ધિ થાય, શ્રદ્ધાની પુષ્ટિ થાય, સદાચારનો વિકાસ થાય તેવી વાત નિર્દોષ છે. આવી વાત મુનિઓની સાધનામાં બાધક થતી નથી. આટલું લક્ષમાં રાખીને તમારે જે વાત કરવી હોય તે કરી શકો છો.'

મગધરાજે કહ્યું, 'હે પૂજ્ય ! હું એટલું જાણવા ઇચ્છું છું કે આવી તરૂણ અવસ્થામાં ભોગ ભોગવવાને બદલે આપે સંયમનો માર્ગ શા માટે ગ્રહણ કર્યો ? એવું કયું પ્રબળ પ્રયોજન આપને આ ત્યાગમાર્ગ તરફ દોરી ગયું ?'

મુનિરાજે કહ્યું, 'હે રાજન્ ! હું અનાથ હતો, મારો કોઈ

નાથ ન હતો એટલે મેં આ સંયમમાર્ગ ગ્રહણ કર્યો છે.' આ ઉત્તરથી મગધરાજને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું 'આપ જેવા પ્રભાવશાળી પુરૂષને કોઇ નાથ ન મલે એ તો ભારે અન્યાયથી કહેવાય. જો આપે એટલાજ માટે સંયમમાર્ગ સ્વીકાર્યો હોય તો હું આપનો નાથ થવા તૈયાર છું. તો આપ મારા રાજમહેલમાં પધારો ને ત્યાં સુખેથી દિવસો નિર્ગમન કરો.'

મગધરાજના આ શબ્દો સાંભળી મુનિવરના મુખ પર એક આછું સ્મિત ફરકી ગયું. તેમણે કહ્યું : 'હે રાજન્! પોતાના અધિકારવાળી વસ્તુઓ બીજાને આપી શકાય છે. ચંદ્રમાં જ્યોત્સ્ના છે. તેથી તે બીજાને અપાય છે. નદીઓમાં જલ છે તેથી તે બીજાને આપી શકે છે. અને વૃક્ષો પર ફળ હોય તેથી તે બીજાને કામમાં આવે છે. પણ ચંદ્ર ઉષ્ણતાને આપી શકતો નથી સૂર્ય શિતળતાને આપી શકતો નથી. નદીઓ ફળ આપી શકતી નથી અને વૃક્ષો જળને આપી શકતાં નથી કારણ કે તે વસ્તુઓ તેમની પાસે નથી તેમ 'હે રાજન્! નાથ થવું એ તારા અધિકારમાં નથી તેથી તું મારો નાથ થઇ શકતો નથી. તું પોતે જ અનાથ છે!

આ શબ્દો સાંભળતાં જ મગધરાજ ચમકયા. આવા શબ્દો આજ સુધી તેમને કોઈએ કહ્યા ન હતા. તેમણે પોતાના ઘવાયેલા અભિમાનને ઠીક કરતાં કહ્યું : 'હે આર્ય! આપની વાત પરથી લાગે છે કે આપે મને

ઓળખ્યો નથી. હું અંગ અને મગધ દેશનો મહારાજા શ્રેણીક છું. મારા તાબામાં હજારો કસ્બાઓ અને લાખો ગામડાઓ છે. વળી હું હજારો હાથી, ઘોડા અને અસંખ્ય રથ, સુભટોનો સ્વામી છું. તથા રૂપાળી રમણીયોથી ભરેલું સુંદર અંતઃપુર ધરાવું છું. મારે પાંચસો મંત્રીઓ છે. જેનો વડો મારો પોતાનો પુત્ર અભયકુમાર છે. મારે હજારો મિત્રો છે. જે મારી હરવખતે, હરપળે ખૂબ કાળજી રાખે છે. મારું ઐશ્વર્ય અજોડ છે અને મારી આજ્ઞા અફર છે. આવી ઋદ્ધિ-સિદ્ધિ અને આવો અધિકાર હોવા છતાં હું અનાથ કેવી રીતે ગણાઉં ? 'ભગવન્! આપનું કહેવું કદાચ અસત્ય તો નહી હોય!'

મુનિવરે કહ્યું : 'હે રાજન્! હું જાણું છું કે તું અંગ અને મગધનો અધિપતિ મહારાજા શ્રેણીક છે. હું જાણું છું કે તારી પાસે તારા કહેવા મુજબ બધું છે. છતાં કહું છું કે નાથ થવું તારા અધિકારમાં નથી, તેથી તું મારો નાથ થઈ શકતો નથી. તું પોતે જ અનાથ છે. નિર્ગ્રંથ મુનિઓ કદિ મૃષાવાદનું શ્રવણ કરતા નથી.'

મગધરાજ સમજી ગયા કે આ વચનો મુનિરાજે અણસમજ કે ઉતાવળથી વાપર્યા નથી. તેમણે કહ્યું : 'હે મહાપુરુષ! આપના વચનો કદિ અસત્ય હોય નહીં. પણ બહુ વિચાર કરવા છતાં ય મને એમ નથી લાગતું કે હું પોતે અનાથ છું. અને આપનો નાથ થઈ શકું એમ નથી.'

મુનિવરે કહ્યું : 'હે રાજન્! તું અનાથ અને સનાથના ભાવને સમજ્યો નથી. આ ભાવ સમજવા માટે તારે મારા પૂર્વ જીવનનો કેટલોક ભાગ જાણવો પડશે. એ તને ટુંકામાં કહી સંભળાવું છું :'

તે વખતે મુનિવરે ઈશારો કરવાથી મગધરાજ નીચે બેઠાં અને નિર્ગ્રંથ મુનિના પવિત્ર મુખમાંથી કેવી વાત આવે છે તેની આતુરતાથી રાહ જોવા લાગ્યા.

મુનિવરે કહ્યું : 'હે રાજન્! છઠ્ઠા તીર્થંકરશ્રી પદ્મપ્રભ સ્વામીના પવિત્ર ચરણોથી પાવન થયેલી અને ધન ધાન્યથી અતિ સમૃદ્ધ કૌશાંબી નગરીમાં મારા પિતા રહેતા હતા. તેઓ પ્રભુત ધન સંચયને લીધે બધા ધનપતિઓમાં અગ્રેસર હતા. હું મારા પિતાનો બહુ લાડકવાયો પુત્ર હતો, તેથી તેમણે અનેક જાતના લાડકોડમાં મને ઉછેર્યો હતો. અને મને વિવિધ કળાઓનું શિક્ષણ આપવા માટે પ્રસિદ્ધ કળાચાર્યોને રોકયા હતા. યોગ્ય ઉંમરે એક કુળવંતી સુંદર લલના સાથે લગ્ન થયાં હતાં ને અમારો સંસાર એકંદર સુખી હતો. વ્યવહારનું કાર્ય મોટા ભાગે પિતાજી સંભાળતા. અને વેપારનું કાર્ય વાણોતર, ગુમાસ્તા સંભાળતા હતા. એટલે મારા માથે કોઈ જાતનો ભાર ન હતો. હું મોટા ભાગે મિત્રોથી વિંટળાયેલો રહેતો અને મન ફાવે ત્યાં ફરવા જતો. દુઃખ, મુસીબત કે પીડા શું કહેવાય તેની મને ખબર ન હતી.'

'હે રાજન્! એવામાં મારી એક આંખ દુઃખવા આવી, સુજી ગઇ અને તેમાંથી અતુલ પીડા ઉત્પન્ન થઈ. આ વેદનાને લીધે મને મુદ્દલ ઊંઘ આવતી નહીં. જલ વિના જેમ માછલી તરફડે તેમ આ વેદનાથી હું તરફડવા લાગ્યો.

આ વેદનામાંથી મને દાહજ્વર લાગુ પડયો. મસ્તક ફાટવા લાગ્યું, છાતીમાં દુઃખાવો ઉપડયો અને કમ્મરના કટકા થવા લાગ્યા. એ દુઃખનું વર્ણન હું કરી શકતો નથી. મારી આ સ્થિતિ જોઇને જુદા જુદા પ્રકારના કુશળ વૈદ્યોને બોલાવવામાં આવ્યા. તેમણે ભેગા મળીને રોગનું નિદાન કર્યું. પછી ચાર પ્રકારની ચિકિત્સાઓનો પ્રયોગ કર્યો. અને અનેક પ્રકારના કિંમતિ ઔષધોનો આશ્રય લીધો. તેઓ મને દુઃખમાંથી છોડાવી ન શકયા. હે રાજન્! એજ મારી અનાથતા!

વૈદ્યોને નિષ્ફળ જતાં મારા પિતાએ બીજા પણ અનેક ઉપચારો કરાવી જોયા અને તેમાં ઘણું દ્રવ્ય ખર્ચ્યું. વળી તેમણે એવી જાહેરાત કરી કે 'જે કોઈ મંત્ર-તંત્રવાદી મારા પુત્રને સાજો કરશે, તેને મારી અર્ધી મિલ્કત આપી દઇશ.' તેમ છતાં તેઓ મને દુઃખમાંથી છોડાવી શકયા નહીં. હે રાજન્! એજ મારી અનાથતા!'

મારી માતા મારા પ્રત્યે ભારે વાત્સલ્ય દાખવતી હતી. તે મને આંખની કીકી જેવો માનતી હતી. મારી આ સ્થિતિ જોઇને તે ઓછી ઓછી થઇ જતી હતી. અને

આ દુઃખમાંથી મુક્ત કરવા માટે અનેક જાતની બાધા-આખડીયો રાખતી હતી. આમ છતાં તે મને આ દુઃખમાંથી છોડાવી શકી નહીં. હે રાજન્! એજ મારી અનાથતા!'

એક માતાના ઉદરથી જન્મેલા અને સાથે સ્નેહમાં ઉછરેલા એવા ભાઈઓ પોતાનો કામધંધો છોડી મારી પાસે બેસતા. મારા હાથપગ દબાવતા અને મને દુઃખી જોઈને દુઃખી થતા. છતાં તેઓ મને દુઃખમાંથી છોડાવી શકયા નહીં. હે રાજન્! એજ મારી અનાથતા!'

'બહેનો, પત્ની, મિત્રો વગેરે મારી આ હાલત જોઈ ભારે દુઃખ અનુભવતા અને વિવિધ ઉપાયો કરવાને તત્પર રહેતા, પણ તેમાંનું કોઇ મને દુઃખમાંથી છોડાવી શકયું નહીં. હે રાજન્! એજ મારી અનાથતા!'

આ રીતે જ્યારે મેં ચારે બાજુથી અસહાયતા અનુભવી, ત્યારે મને લાગ્યું કે જેને આજ સુધી હું દુઃખ નિવારણનાં સાધનો માનતો હતો, તે બરોબર! એવા ન હતાં. ધન, માલ, રિદ્ધિ, સિદ્ધિ, કુટુંબ-કબીલો, સ્વજન-મહાજન કોઇપણ મારી મદદે આવી શકયું નહીં. મને દુઃખ મુક્ત કરી શકયું નહીં. એટલે દુઃખ નિવારણના સાધનો અન્ય કોઇ હોવાં જોઈએ, એ વાતની મને પ્રતીતિ થઇ. અને તેજ વખતે નીચેનો શ્લોક યાદ આવ્યો :

'કરોડો યુગ ચાલ્યા જાય તો પણ
કરેલાં કર્મોનો નાશ થતો નથી.'

'પોતે કરેલા શુભ અથવા અશુભ કર્મો જરૂર ભોગવવાં પડે છે.'

એટલે મને થયું કે મારું આ દુઃખ પણ મારા પૂર્વ કર્મોનું ફળ હોવું જોઈએ. અને તે વખતે મને એક શ્રમણે કહેલી ગાથાનું સ્ફુરણ થયું.

-: કર્મના હેતુને છોડ, ક્ષમાથી કીર્તિને મેળવ :-

આમ કરવાથી તું પાર્થિવ શરીર છોડીને ઊંચી દિશામાં જઈશ.'

અને મારું મન કર્મના હેતુને શોધવા લાગ્યું. એ શોધમાં સમજી શક્યો કે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ આદિ પ્રવૃત્તિઓ પાપના પંથે લઈ જનારી છે. અને તેજ કર્મનો હેતુ છે; તેથી કર્મબંધનમાંથી છુટવું હોય તો મારે આ પાપી પ્રવૃત્તિઓનો ત્યાગ કરી ક્ષમા, શાંતિ, શૌચ આદિ ગુણો કેળવવા જોઈએ.

પરંતુ આ બધું ત્યારે જ બની શકે કે જ્યારે મારા પર તૂટી પડેલું વેદનાઓનું વાદળ કંઈક ઓછું થાય. એટલે તેજ વેળાએ મેં મનમાં સંકલ્પ કર્યો, કે જો હું આ રોગમાંથી મુક્ત થઈશ તો ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી થઈશ, અર્થાત્ ક્ષમાદિ દશ ગુણવાળો સંયમ ધર્મ સ્વીકારી સાધુ થઈશ. અને હે રાજન્! એવો સંકલ્પ કરીને જ્યાં મેં સુવાનો પ્રયત્ન કર્યો કે મને તરત જ નિદ્રા આવી ગઈ. (જુઓ સાચા હૃદયનો સંકલ્પ) પછી રાત્રિ જેમ જેમ

વીતતી ગઇ, તેમ તેમ મારી વેદના શાંત થતી ગઈ અને સવાર થતાં તો હું તદ્દન નિરોગી થઈ ગયો.

મને એકાએક સારો થયેલો જોઈને આખું કુટુંબ અતિ હર્ષ પામ્યું. પિતા સમજ્યાં કે મેં ઘણો પૈસો ખરચ્યો તે કામે લાગ્યો, માતા સમજી કે મારી બાધા–આખડીઓ ફળી. ભાઈઓ સમજ્યા કે અમારી સેવા ફળી. અને બહેનો સમજી કે અમારા અંતરની આશિષો ફળી. પત્ની સમજી કે મારી પ્રાર્થના ફળી અને મિત્રો સમજ્યા કે અમારી દોડધામ કામે લાગી. ત્યારે મેં સર્વેને શાંત પાડીને કહ્યું કે 'મને નવું જ જીવન પ્રાપ્ત થયું છે. અને તે ફળ મારા શુદ્ધ સંકલ્પનું છે. ગઈ રાતે હું એવો સંકલ્પ કરીને સૂતો હતો કે જો હું એકજ વાર આ વેદનામાંથી મુક્ત થાઉં તો ક્ષાન્ત, દાન્ત, નિરારંભી બનીશ. માટે આપ બધા મને આજ્ઞા આપો. મારી પ્રતિજ્ઞાનું પાલન મારે બનતી ત્વરાએ કરવું છે.'

આ શબ્દો સાંભળતાં જ બધા અવાક્ બની ગયાં. અને તેમની આંખો અશ્રુભીની બની ગઈ. તેઓ જાત જાતની દલીલો કરવા લાગ્યા અને આ રીતે સંસારનો ત્યાગ ન કરવાનું વિનવવા લાગ્યા. પરંતુ મેં એકજ ઉત્તર આપ્યો કે 'હવે આ મોહમય સંસારમાં રહીને હું જરા પણ આનંદ અનુભવી શકું એમ નથી.' છેવટે સર્વે કુટુંબીઓએ મને ઇષ્ટ માર્ગે જવાની છૂટ આપી, એટલે મેં સંયમ માર્ગનો સ્વીકાર કર્યો.

હે રાજન્! આ આત્મા પોતે જ વૈતરણી નદી અને કૂટ શાલ્મલી વૃક્ષ જેવો દુઃખદાયી છે. અને કામદૂધા ગાય અને નંદનવન સમાન સુખદાયી છે. આત્મા પોતે જ સુખ-દુઃખનો કર્તા છે. અને સુખ-દુઃખનો ભોક્તા છે. જો સુમાર્ગે ચાલે તો એ સુખદાયી છે. કુમાર્ગે ચાલે તો એ શત્રુ તુલ્ય દુઃખદાયી છે. એટલે આત્મા જ આત્માનો દુશ્મન અને મિત્ર છે એટલે આત્માનું દમન કરવું અને તેને સુમાર્ગે વાળવો, એ પરમ સુખ ઇચ્છતા સર્વ મુમુક્ષુઓનું કર્તવ્ય છે.

સાચું શ્રમણપણું પાળનારો અન્ય જીવોનો નાથ (રક્ષક) બને છે. અને પોતાનો પણ નાથ (રક્ષક) બને છે માટે હે રાજન્! હું હવે મારો પોતાનો તથા અન્ય જીવોનો નાથ બની ચૂક્યો છું. અને તારે મારા નાથ બનવાની કોઈ જરૂર રહેતી નથી. આ છે મારૂં સંયમ ગ્રહણ કરવાનું કારણ."

મુનિવરનો—અનાથી મુનિનો આ ઉત્તર સાંભળીને મગધપતિ શ્રેણીક ઘણા પ્રસન્ન થયા, તેમણે બે હાથની અંજલિ જોડીને કહ્યું : 'હે ભગવન્! આપે મને અનાથ અને સનાથનો મર્મ સુંદર રીતે સમજાવ્યો. હે મહર્ષિ! તમને મનુષ્ય અવતાર ભલે મળ્યો. તમે આવી કાંતિ, આવો પ્રભાવ અને આવી સૌમ્યતા ભલે પામ્યા. જિનેશ્વરોએ દર્શાવેલા સત્ય માર્ગમાં વ્યવસ્થિત થયેલા આપ જ ખરેખર સનાથ અને સબાંધવ છો. હે મુનિ! અનાથ જીવોના ખરા નાથ તમેજ છો. હે યોગીશ્વર! મેં મારા મનનું કુતૂહલ

શાંત પાડવા માટે આપની સાધનામાં ભંગ પાડ્યો, તે બદલ ક્ષમા માગું છું.'

અનાથી મુનિએ કહ્યું : 'જિજ્ઞાસુઓને સત્ય વસ્તુની સમજ આપવી એ પણ અમારી સાધનાનો જ એક ભાગ છે. તેથી સાધનાનો ભંગ થતો નથી. અને તારા જેવા તત્ત્વ શોધક આ હકીકતમાંથી યોગ્ય માર્ગદર્શન ન મેળવે એમ હું માનતો નથી. એટલે વ્યતીત કરેલા સમય માટે મને સંતોષ છે.'

મગધપતિએ કહ્યું : 'મહર્ષિ ! આપની મધુર વાણીએ અને સંપૂર્ણ નિખાલસતાએ મારાં દિલને જીતી લીધું છે. આપ જેવા ત્યાગી અને તપસ્વીની કોઈપણ આજ્ઞા માથે ચડાવવાને તત્પર છું.'

અનાથી મુનિએ કહ્યું : 'હે રાજન્ ! જ્યાં સર્વ ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને અભિલાષાઓનો ત્યાગ છે, જ્યાં માયા–મમતાનું વિસર્જન છે, અને જ્યાં કોઇ પૌદ્‌ગલિક લાભ મેળવવાની આસક્તિ નથી, જ્યાં આજ્ઞા કરવાની હોય તો તે સામાના કલ્યાણ માટે જ હોય.'

'હે રાજન્ ! અનાદિ કાળથી સ્વની ઓળખાણ કર્યા વગર પરમાં સ્વ માનીને આ જીવાત્મા પરિભ્રમણ કરી રહ્યો છે. સૌ પ્રથમ લક્ષ એ તરફ કરવું પડશે કે હું કોણ છું ? કયાંથી આવ્યો ? અને કયાં જવાનો ? અને બધી વર્ગણાઓ શા કારણે છે ? તે રાખું કે પરિહરું.'

હે રાજન્! દુનિયામાં એવો પણ એકમત છે કે જે મત શરીરને જ આત્મા માની બેઠો છે. જેને પુણ્ય અને પાપની ખબર નથી. તે પાપને કેવી રીતે છોડશે? અજ્ઞાનીઓ પુણ્યને ધર્મમાં ખપાવી દેશે. જ્ઞાની જાણે છે કે પુણ્ય અને ધર્મ અલગ વસ્તુ છે. ધર્મ આત્માનો શુદ્ધ પર્યાય છે ને સહાયક ગુણ છે. પુણ્ય આત્માનો માત્ર ભોમીયો છે. પુણ્ય માર્ગ બતાવશે પરંતુ આત્માના કલ્યાણ માટે આપણને પોતાનો પુરૂષાર્થ જોઈશે. પુણ્યે મુક્તિપુરીમાં જવા માટે ધર્મ કરવાની સામગ્રી ઉભી કરી આપી હોય, તેનો પુરૂષાર્થ તો પોતાને જ કરવાનો હોય છે. પુણ્ય એ પણ સોનાની સાંકળનું બંધન છે. અંતે એને પણ છોડવાથી મુક્તિપુરી જવાશે.

મગધરાજે કહ્યું : 'ધન્ય પ્રભુ! ધન્ય આપની વાણી! આપનો સમાગમ થવાથી મારૂં જીવન સફળ થયું છે. મારા આનંદની કોઈ સીમા નથી. આપ મારા કલ્યાણ માટે બે શબ્દો કહેવા કૃપા કરો.'

અનાથી મુનિએ કહ્યું : 'રાજન્! શ્રી જિનેશ્વર દેવનું શાસન જયવંતુ છે. તેમના ઉપદેશમાં તું અનન્ય શ્રદ્ધા રાખ. તેમણે પ્રરૂપેલાં તત્ત્વોનો બોધ કર. તથા તેમણે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતોનો જીવનમાં અમલ કરવાની ભાવના રાખ. આજ કલ્યાણનો માર્ગ છે, આજ અભ્યુદયની ચાવી છે.'

આ શબ્દો પરથી મગધરાજ શ્રેણીકે બૌદ્ધ ધર્મનો ત્યાગ કર્યો અને અંતઃપુર, સ્વજન અને કુટુંબ સહિત

જૈનધર્મનો સ્વીકાર કર્યો. તે દિવસે જૈનધર્મ પ્રત્યેની એમની શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી ગઈ અને શ્રી મહાવીર પ્રભુના સમાગમે એને વજ્રલેપ કરી. આજે જૈનશાસનમાં શ્રેણીક રાજાનું સમ્યક્‌ત્વ વખણાય છે. પણ તેની પ્રાપ્તિનો યશ એક નિર્ગ્રંથ અનાથી મુનિને ફાળે જાય છે એટલે સદ્‌ગુરૂનો સંગ કરો.

શ્રી શ્રેણીક મહારાજાના સમકિતની પરીક્ષા કરવા માટે દર્દુરાંક દેવ આવ્યો ત્યારે શ્રીશ્રેણીક રાજાને કેવો કોપ થયો હતો ? જો કે એ દેવ તો ચંદનથી વિલેપન પ્રભુ મહાવીરને કરતો હતો પણ શ્રી શ્રેણીક રાજાની નજરે તો રસીનો લેપ દેખાતો હતો. આ દેખાવ જોયો કે શ્રેણીક રાજાને વિચાર આવ્યો કે આ કયારે બહાર આવે અને હું એને પકડાવીને શિક્ષા કરૂં. જે સમવસરણમાં કષાય શમી જાય ત્યાં પણ આવો કોપ આવે ? આવે જ. પોતાના તારકની આશાતના થાય અને ગુસ્સો ન આવે એ બને ? પેલો દેવ નિકળે છે ત્યારે શ્રીશ્રેણીક રાજા પોતાના સેવકોને એને પકડવા મોકલે છે પણ દેવ તો અદૃશ્ય થઇ જાય છે એથી શ્રી શ્રેણીક રાજા આ બનાવ માટે આશ્ચર્ય પામી ભગવાનને પૂછે છે ત્યારે ભગવાન કહે છે કે એ દેવ હતો. એણે અમારી આશાતના કરી નથી. પણ ભક્તિ કરી છે. એ દેવ તારા સમ્યક્‌ત્વની પરીક્ષા માટે આવ્યો હતો. માટે તેં જે જોયું, તે એની માયાનો પ્રભાવ હતો. શ્રી શ્રેણીક રાજા સમ્યક્‌ત્વ પામ્યા એટલે હવે આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર શ્રી પદ્મનાભ નામે થશે.

-:સમકિત ધારી જીવની ઓળખાણ:-

સમકિત વંતા જીવને, સત્ય સ્વરૂપ સમજાય;
જિનવાણી અભ્યાસથી, લોકા લોક જણાય.

જીવાજીવ ષડ્ દ્રવ્યને, કાલ ભાવ સમજાય;
જિનવાણી પાણી થકી, આત્મા નિર્મળ થાય.

સમકિત વંતા જીવની, સાચી એહ નિશાન;
ત્રણે કાળ જિન વાણીમાં, રહે સદા એકતાન.

જિન વાણી વાંચન ગમે, જિન વચને બહુ પ્યાર;
સર્વકાળ વાંચે સુણે, આગમ તત્ત્વ વિચાર.

સારાસાર વિચારથી, પાપ પુણ્ય થઈ જાય;
મહા વિરાધક માનવી, આરાધક સર્જાય.

સમકિત વિણ જ્ઞાની નહી,નહી જ્ઞાની સંયમી થાય;
સંયમ ધર તપ યોગથી, ભવનો પાર પમાય.

જ્યાં સમકિત ત્યાં જ્ઞાન છે, ચારિત્ર હોય ન હોય;
ચારિત્ર વિણ મુક્તિ લહે,સમકિત વિણ નહી કોય.

સમ્યગ્ દર્શન-જ્ઞાન ને, ચરણ કરણ તપવાન્;
ત્રિકરણ-યોગી જીવનું, અવશ્ય મુક્તિ સ્થાન.

શ્રી વીતરાગનો અનુયાયી અને વૈરાગ્યનો છાંટો ય નહિ એ બને ?

સામાન્ય રીતે સંસારમાં જરૂર કેટલી ? પેટની, કપડાની અને મકાન વિગેરેની ને ? પૌદ્ગલિક પદાર્થોની વધુ

ચિંતા ધર્મથી ગભરાવનાર છે કે નહિ ? વૈરાગ્ય જન્મે તો આત્મામાં ગુણો આવે. પુણ્યના યોગે જૈનશાસન મળ્યું અને એ શાસન હૈયામાં વસી જાય તો બરાબ વાતાવરણમાં ય (પાપથી) અશુભ કર્મથી બચી શકાય. કેવળજ્ઞાની ભગવંતનો તેમજ પૂર્વને ધરનારા અતિશય જ્ઞાની મહાપુરૂષોનો અત્યારે વિરહ છે : આવો પંચમકાળ એ ફણિધર જેવો ભયંકર છે. આવું કહ્યા પછી કહે છે કે, જો કે પંચમકાળ ફણિધર જેવો ભયંકર છે. પણ એના ઝેરનું નિવારણ કરવાનું સાધન અમારી પાસે છે. એ અમારૂં અહોભાગ્ય છે. કયું સાધન ? શ્રી જિન-આગમ અને જિન-મૂર્તિ ! શ્રી જિન-આગમ અને શ્રી જિન-મૂર્તિરૂપ મણીમાં એ તાકાત છે કે—ભયંકર ફણિધર સમાન પંચમ કાળનું ઝેર એનાથી નિવારી શકાય છે. એ માટે આ આગમોનું વાંચન અને જિનેશ્વર ભગવાનનું સ્મરણ (પૂજા) કરવાથી દેવદુર્લભ મળેલો માનવભવ સફળ કરી શકાય છે, મહાપુરૂષોએ એજ કહ્યું છે કે ભગવન્ ! તારૂ શાસન મળ્યું એ અમારા માટે ઘણું છે, શાસનના પ્રતાપે કળીકાળનું ઝેર અસર ન કરે.

-:વૈરાગ્યની સમજ:-

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભુલે નિજ ભાન.

આ વૈરાગ્ય શું છે ? સાદી સમજ તો બધાની એવી છે કે ગૃહસ્થાશ્રમ છોડીને દીક્ષિત બને એટલે તેનામાં વૈરાગ્ય

છે. એ વૈરાગી છે. એવું માને છે. પરંતુ માન્યતામાં પુરેપૂરું સત્ય નથી, અલ્પ સત્ય છે. વૈરાગીનો વેષ પહેરવા માત્રથી જીવનમાં વૈરાગ્ય વણાઇ નથી જતો અને જેઓ સંસાર છોડે છે એ બધા જ વૈરાગ્યથી સાધુ બને છે એ માનવું પૂર્ણ સત્ય નથી. તો સાચો વૈરાગ્ય કોને સમજવો ? સત્ય વૈરાગ્ય કોને કહેવાય ? આ માટે વૈરાગ્યનાં ત્રણ પ્રકાર સમજવા જોઇએ.

વૈરાગ્ય ત્રણ પ્રકારના છે જીવને વૈરાગ્યભાવ ત્રણ કારણને લઇને થાય છે.

સંસાર આધિ–વ્યાધિ ને ઉપાધિથી ભરપુર છે. અનેક કષ્ટો અને દુઃખ વેઠતો જીવ જન્મે છે. જન્મ પામવા પહેલાં માતાના ગર્ભમાં એ ઉંધા માથે નવ નવ માસ સુધી રહે છે. આમ જીવને દુઃખ જન્મતાં અગાઉ જ પડતું હોય છે. અને જન્મ્યા પછી પણ તેને દુઃખનો સામનો કરવો પડે છે. જીવન વ્યવહાર ચલાવવા માટે તેને રાત–દિવસ સખત પરિશ્રમ કરવો પડે છે. ને જો તેમાંય તેના ભાગ્ય ફૂટેલા હોય તો તેના દુઃખનો પાર નથી રહેતો. આ દુઃખોથી કંટાળી એ જીવ વિચારે છે કે બળી આ જિંદગી ને બળ્યો આ સંસાર ! આના કરતાં તો સાધુ થઇ જવું સારૂં. ત્યાં કોઈ જાતની ઉપાધિ તો નહિ ? નિરાંતે બે ટંક જમવાનું તો મળે ખરૂં.

આવા વિચારના દુઃખોથી ત્રાસીને જે દીક્ષા અંગીકાર

કરે છે. તેનો વૈરાગ્ય દુઃખગર્ભિત વૈરાગ્ય છે. દુઃખને લઈને તે સંસાર છોડે છે. સાધુ જીવનમાં રહેલી નિરૂપાધિ જોઇને સાધુ બનવા એ જીવ ખેંચાય છે. આવો જીવ માત્ર ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરે છે. એક જીવનને બદલે બીજું જીવન સ્વીકારે છે. તેનો હેતુ માત્ર દુઃખમાંથી છુટવાનો હોય છે. આમાં ભાગેડુ વૃત્તિ છે. વૈરાગ્ય નથી. આવી રીતે સંસારના દુઃખોથી ભાગીને આવેલા જીવોને વૈરાગ્ય ભલે દુઃખોમાંથી પેદા થયો હોય પણ જ્યારે એ બીજા વૈરાગીઓના પરિચયમાં આવે છે, સાધુ જીવનનો એ નિત્ય અનુભવ કરે છે અને ગુરૂ પાસેથી જ્ઞાન મેળવે છે, ત્યારે તેનો ત્રાસ ઓછો થઇ જાય છે. સંસારના દુઃખો પરનો તેનો કંટાળાનો ભાવ દૂર થઈ જાય છે. અને તપ અનુભવતો ત્યાગ તેમજ જ્ઞાન અને ગુરૂસંગથી એ નિર્મળ બનતો જાય. ધીમે ધીમે તેનામાં આત્મજ્ઞાન પ્રગટે છે કે સંસાર અસાર છે. સંસારના સુખ-દુઃખો ક્ષણિક છે. આમ દુઃખથી થાકીને આવેલો જીવ ક્રાળ-ક્રમે સાચા રંગમાં વૈરાગી બનીને પોતાનું આત્મકલ્યાણ સાધી જાય છે (આમાં કોઇ ભારેકર્મી જીવ આ પવિત્ર સંસ્થાને કલંક પણ લગાડે છે)

સાધુના રાગ અને મોહથી દીક્ષા લેવાય તે મોહ ગર્ભિત વૈરાગ્ય કહેવાય. ગુરૂસંસર્ગથી તેનો ઉદ્ધાર છે. આ બીજા પ્રકારનો વૈરાગ્ય મોહમાંથી જન્મે છે.

કોઇ ગામ કે શહેરમાં સંતોનો ચાતુર્માસ હોય અને ત્યાં કોઈ સંસારીને કોઈ સાધુ સાથે પ્રેમ થાય. એકમેક

ઉપર મમત્વ ભાવ જાગે, તેમાં કોઈકિ વખત સંસારીપણે સગા સંબંધીઓએ દીક્ષા લીધી હોય, તેના ઉપર મોહ-માયાથી એ જીવ દીક્ષા અંગીકાર કરે તો એ મોહગર્ભિત દીક્ષા ગણાય. એવા દીક્ષાર્થીને સંસારનું ખરૂં સ્વરૂપ સમજાયું નથી હોતું. એ તો રાગભાવ લઈને સંસાર છોડતો હોય છે. સાધુ જીવનને પણ તે બરાબર જાણતો નથી હોતો. માત્ર ગુરૂ અથવા સંબંધીઓની દીક્ષાના કારણે મોહને લઈને તે સંયમ ગ્રહણ કરે છે. આમાં કશું ખોટું નથી કારણ જેને ગુરૂ ઉપર પ્રેમ છે, ગુરૂ માટે જેને માન છે એવો જીવ દીક્ષિત બને છે તે પછી ગુરુના પડખા સેવવાથી ગુરૂના આત્મજ્ઞાનનો લાભ મેળવવાથી કાળક્રમે તેનામાં સત્ય વૈરાગ્ય આવે છે. (આમાં પણ કોઈ ભારે કર્મી જીવ દીક્ષાથી પડી પણ જાય તો પણ જો સમ્યક્ત્વને પામી ગયો તો એનો કયારેક પણ ઉદ્ધાર થઈ પણ જાય છે.) શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે ચારિત્રથી પડી જનાર (ખંડિત થનાર) જીવનું ઠેકાણું જલ્દી લાગે તેમ નથી.

'જે બન્યા છે ભવના ભોગી, તે છે ભવોભવના રોગી;
બને જો કર્મ વિયોગી, તો બને સાચા યોગી.'

મુક્તિ તો જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી જ મળે છે. દુઃખ અને મોહથી ભલે વૈરાગ્ય લેવાય પણ એ વૈરાગ્ય લીધા પછી જો તેમાં જ્ઞાન એકરસ ન બની જાય તો એ વૈરાગ્યથી આત્મકલ્યાણ સાધી શકાતું નથી.

જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી જ સકળ કર્મબંધ તૂટે. આત્મા ઉપર લાગેલા અનંતા ભવોના કર્મોના પડને ઉખેડવા માટે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ જોઇએ. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ન હોય તો સાધુના વેશમાં સેંકડો વર્ષ જીવવામાં આવે તો પણ મુક્તિ મળતી નથી.

વેષધારી સાધુઓ પોતાના આત્માને જ્ઞાન, દર્શન, ચારિત્રના આચારને નેવે મુકી ભોળા જીવો અને સ્વાર્થી જીવો અને અજ્ઞાની જીવોને સંસારના સુખ માટે માર્ગદર્શન કરે તો પણ ચારિત્રનું ખંડન કરે છે. કારણ સંસારના સુખ પણ દુઃખ માટે હોય છે. અને જો સંસારના સુખો સારા હોય તો, જિનેશ્વર ભગવાનના આત્માઓ શું કરવા એ સુખને લાત મારીને, સંસાર છોડીને દીક્ષા લે. સંસાર જો દુઃખમય ન હોય તો મહાપુરૂષો એને છોડત નહી.

છ છ ખંડના સ્વામી ચક્રવર્તીઓને ત્યાં કેટલી સાહ્યબી હોય છે. એમની સહાયમાં કેટલા દેવો હોય છે. નવ નિધાન અને ચૌદ ચૌદ રત્નો એમની પાસે હોય છે. એમને ત્યાં કોઈ સુખની કમીના હોતી નથી. આવા ચક્રવર્તીઓને સમજાઈ ગયું કે સંસાર દુઃખમય છે. એ છોડવા જેવો છે. એમ સમજીને સંસારને લાત મારીને ચાલી નીકળે છે. એટલે ચક્રવર્તીઓ જો દીક્ષા લે તો સ્વર્ગ અથવા મોક્ષમાં જાય અને જો દીક્ષા ન લે તો (સંસારમાં રહે તો) નિયમા નરકે જાય.

કદાચ બધું'ય સમજાશે. જ્ઞાન અને વિજ્ઞાન બેય સમજાશે. સુખ અને દુઃખ બેય સમજાશે પણ દુઃખ ક્યારે સંસારનું

મુખ ઘણું ભયાનક છે એ સમજવા માટે ઘણું ઊંડું ઉતરવું પડશે. તે માટે તો અભ્યાસ કરવાની જરૂર પડશે. કર્મ રોગથી પીડાતો આત્મા જો એ રોગને બરાબર રીતે ઓળખી ગયો તો એને જે રીતે કઠાય તે રીતે દવા કરે. અને જ્ઞાનીઓએ કીધું તે મુજબ મોક્ષમાર્ગ જવા માટે પ્રયત્ન કરે તો જરૂર સફળ થઈ જાય.

–: સંસારના સંબંધો કેવા છે ? :–

સંસારના બધાંજ સંબંધોને તેના સત્ય સ્વરૂપમાં ઓળખવામાં આવે કે કોઈ જ મારું નથી, હું કોઈનો નથી, મારા બધાંજ સંબંધો અને સગપણો એ તો એક અકસ્માત્ છે, કાયમ એ બધા ટકવાના નથી, સમય આવે દરેકના વિયોગ થવાનો છે. અરે ! ખુદ મારે પણ એક દિવસ એ બધાયને, મારી ભૌતિક સંપત્તિને તેમજ મારા દેહને છોડીને ચાલ્યા જવાનું છે. હું દેહ નથી પણ આત્મા છું. આત્માનો જ્ઞાન–દર્શન અને ચારિત્રમય સ્વભાવ એજ મારો સાચો અનુભવ છે. દેહ તો જડ છે. જડતામાં શું રાચવું ? એ સમજે તો તેનાં જીવનમાં સાચો વૈરાગ્ય પ્રાપ્ત થયો કહેવાય.

જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા આત્માઓ ચારિત્ર અંગીકાર કરીને પોતાનું કલ્યાણ કરી ગયા છે. એવા આત્માઓના ઘણા દૃષ્ટાંતો જૈનશાસ્ત્રમાં આવે છે.

–: ખરી મા :–

દૃષ્ટાંત :–બેટા ! તું દીક્ષા લેવાની વાત કરે છે પણ એ કાંઇ આવાના ખેલ નથી. અરે ! ખાંડાના ખેલ છે. કયાં તારા

આ સોનેરી વાળ ! અને કયાં તારી આ કંચનવર્ણી કાયા. ઓ મારા લાડકવાયા ! તું એ વાતનો આગ્રહ જ મૂકી દે.” માતા દેવકી પોતાના લાડીલા લાલ ગજસુકુમાળને સમજાવી રહ્યાં હતાં; એની આંખોમાંથી અશ્રુની ધારા ચાલી જતી હતી. પણ જેને સંસાર દુઃખમય દેખાણો, જેણે પાપથી અને દુઃખથી મુક્ત થવાનો સાધનાનો માર્ગ જાણી લીધો; જેણે માનવ જીવનના મુલ્ય માપી લીધા; એ હવે અટકો રહે અરો ? જેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થઈ ગયો એ સોળ વર્ષની વયના ગજસુકુમાળે માતા દેવકીને ખૂબ વિનવ્યાં. જેથી મા ધન્યવાદ આપતાં બોલવા લાગ્યા. “આવા દિકરાની મા બનીને નારી જગતનું સર્વોચ્ચ–નારી પદ મેં પ્રાપ્ત કર્યું છે.” “બેટા ! આવ....મારી નજીક આવ.” માતા દેવકીએ દીકરાને વહાલ કર્યું. “લે ત્યારે તારી મા હવે તને દીક્ષા લેવાની રજા આપે છે, પણ....એક શરતે....”

“મા–જલ્દી કહે, કયી શરત છે ? જરૂર સ્વીકારીશ. દીક્ષા મળતી હોય તો બધું જ ઉચિત કરી છુટવા તૈયાર છું.”

“તો હવે....આ સંસારની અંદર મને છેલ્લી મા બનાવજે. હવે કોઈની કુખે તારે જન્મ લેવા ન જ પડે એવી સાધના કરજે. બસ....જ....માસા લાડકવાયા લાલ ! મારી અંતઃકરણના આશિષ સદા તારી સાથે છે.” અને હર્ષના આંસુથી માતા દેવકીનું મુખ પ્રક્ષાલિત થઈ ગયું. જે આત્માને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થયો હોય, જેનેતાના સાચા

દિલથી આશીર્વાદ મળ્યાં હોય અને તદ્‌ભવ મોક્ષગામી જીવ હોય તેને બીજો ભવ (બીજી મા) કરવાની જરૂર રહેતી નથી.

દીક્ષાની તૈયારી થઈ. ઢોલ, નિશાન ગડગડવા લાગ્યા; વાસુદેવનાં આંગણે દીક્ષાનો પ્રસંગ. કૃષ્ણજી જેવા મહાન વાસુદેવ આજે ખડાપગે છડીદાર બની આગળ ચાલવા લાગ્યા. ગજસુકુમાળ પાલખીમાં બેઠા. બન્ને બાજુ ચામર વીંઝાવા લાગ્યા. વરઘોડો ગામ બહાર ભગવાન નેમિનાથ જ્યાં બીરાજમાન હતાં તેની નજીકમાં જ ઉતર્યો. જેમ સર્પ કાંચળીને ઉતારે તેમ ગજસુકુમાળે વસ્ત્રાલંકાર ઉતાર્યાં. અને ભગવાન નેમિનાથે તેમને દીક્ષા આપી અને હિતશિક્ષા આપી.

આવા એક યુવાન રાજકુમારને સંયમના માર્ગે સંચરતા જોઈ; કૈંક આત્માઓ વૈરાગી બન્યા. કૈંકના હૃદયમાં આ સંસારની અસારતા ભાસી. કૈંક સંયમી બન્યા.

(જે જીવની ભવસ્થિતિ પરિપાક થઈ હોય તે જીવને મુક્તિ થયા વિના રહે નહીં) નહિ તો ગજસુકુમાળને શું દુઃખ હતું? પણ જેને સાચું જ્ઞાન થયું હોય તે જીવ પછી ગમે તેવા સંસારના સુખોને દુઃખો જ સમજે છે. એ તો જાણે છે કે સંસારનું સુખ ભુંડું અને સંસાર ભુંડો.

ગજસુકુમાળે આત્માના કલ્યાણાર્થે-નિજના શ્રેય માટે પ્રભુજી પાસે વિનમ્રવદને બે હાથ જોડી અનુજ્ઞા માગી: 'પ્રભો! આપની આજ્ઞા હોય તો હું સ્મશાનમાં જઈને કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભો રહું!'

ભગવાન તો ત્રિકાળજ્ઞાની હતા. શું થયું, શું થાય છે, શું થવાનું છે તે બધું જાણતા હતાં. તેમણે ગજસુકુમાળનું કલ્યાણ નજીકમાં જ જોઈને અનુમતિ આપી.

ગજસુકુમાળ પ્રભુને વંદન કરી સ્મશાન ભણી સિધાવ્યા. કયાં રાજમહેલની સુખ સગવડ અને કયાં સ્મશાનની ભયંકરતા ? પણ ગજસુકુમાળે પોતાના આત્માનો ઉદ્ધાર કરવા માટે એ જ રાહ પસંદ કર્યો. તેઓ કાઉસ્સગ્ગ ધ્યાનમાં મગ્ન બન્યા. જેમ અગ્નિ પ્રગટે અને કાષ્ટ બળવા લાગે તેમ ગજસુકુમાળના કર્મો બળવા લાગ્યા. પ્રતિપળે તેમની આત્મજ્યોતિનો પ્રકાશ વધવા લાગ્યો. ધૈર્ય જ જેના જીવનનો સદૈવ સાથી હોય તેવા ધર્મી, જ્ઞાનીપુરુષો જીવલેણ પળોને પુણ્ય પ્રસંગ બનાવી મુકે છે.

થોડીવારે સોમીલ બ્રાહ્મણ તે રસ્તેથી પસાર થયો. તેણે ગજસુકુમાળને ધ્યાનમાં ઉભેલા જોયા અને વિમાસણમાં પડયો "આ શું ? હજી તો થોડા સમય પહેલાં જ મારી પુત્રી સાથે વિવાહ કર્યો છે, અને સંસાર છોડી દીધો ? ભલા માણસ ! જો તારે આ રીતે સંસાર છોડીને સાધુ જ થવું હતું તો વિવાહનો સ્વીકાર શા માટે કર્યો ? અને મારી પુત્રીનો ભવ શા માટે બગાડયો ? અરેરે તેં આ દુષ્ટ કાર્ય કર્યું છે. અને મને ભયંકર મુંઝવણમાં મુકી દીધો છે. તો હું પણ તને કાંઈક પરચો બતાવું !"

માણસ જ્યારે ક્રોધાંધ બને છે ત્યારે તે હિતાહિત કે કાર્યાકાર્યનો વિચાર કરતો નથી. સોમીલની પણ એ જ

દશા થઈ. જાણે પૂર્વ ભવનું વેર વાળતો હોય તેમ તેણે ગજસુકુમાળના માથા ઉપર માટીની પાળ બનાવી અને નજીકમાં બળી રહેલા ખેરના લાકડામાંથી કેટલાક અંગારા લાવી તેમાં નાખ્યા. 'હું! હવે તને બબર પડશે કે બીજાને દગો કેમ દેવાય છે! એ દુષ્ટ! તારા જેવાઓની તો આ દશા થવી જોઈએ.' અને સોમીલ ત્યાંથી ચાલતો થયો.

મસ્તક પર ખેરના અંગારા પડે તો ભલભલા માણસ કંપી ઉઠે, ત્રાસી જાય અને યેન કેન પ્રકારે તેને દૂર કરે ત્યારે જ શાંત થાય. પણ ગજસુકુમાળ અણગાર સ્વસ્થ રહ્યા, શાંત રહ્યા. ધ્યાનથી જરાપણ ચલાયમાન થયા નહી. (કેવી એમની આત્મશક્તિ)

તે પોતાના આત્માને કહેવા લાગ્યા : 'હે આત્મન્! તું શરીરથી જુદો છે. ઈંદ્રિયોથી જુદો છે. આવા શરીર તો અનંતા મળ્યા અને અનંતા ગયા. છતાંય તારા ભવ ભ્રમણનો પાર ન આવ્યો. તેં હવે એ ભવ ભ્રમણનો અંત લાવવા નિશ્ચય કર્યો છે. તો એ નિશ્ચયમાં અડગ રહે. અડોલ રહે. હે આત્મન્! તું અનંત શક્તિનો ધણી છે. આ ઉપસર્ગને બરાબર સહી લે. એમાં જ તારૂં કલ્યાણ છે. સામાન્ય સસરાઓ પચાસ-સોની પાઘડી પહેરાવે છે પણ આ સસરો કેવો ઉત્તમ કે તેણે શિવરમણીને વરી શકાય તેવી અમુલ્ય પાઘડી પહેરાવી!' આ રીતે તેઓ આત્માનું અનુશાસન

કરવા લાગ્યા અને અનિત્ય ભાવના ભાવવા લાગ્યા. એ ભાવનાને જોરે તેઓ અનુક્રમે શુકલધ્યાનમાં આરૂઢ થયા.

જેમ ધાણી શેકાય અને ફટફટ કુટે તેમ ગજસુકુમાળની ખોપરી કુટવા લાગી, જતાં તેઓ ધ્યાનમાં સ્થિર રહ્યા. (કોટી કોટી વંદન એ આત્માને) કેવી અનુપમ સમતા ! અજોડ ક્ષમા ! શત્રુ ઉપર પણ સમભાવ ! હત્યા કરનાર ઉપર પણ દયા ! કેવી અમીવૃષ્ટિ ! કેવી સમદૃષ્ટિ ! આત્મા જ્યારે શત્રુમય ઉપર સમભાવ કેળવે છે, સમદૃષ્ટિ બને છે ત્યારે પરમાત્મપદની નજીક પહોંચી જાય છે. એ જ ઉંચી દશાએ શ્રી ગજસુકુમાળ મુનિ પહોંચ્યા. એટલે ચાર ઘાતી કર્મોનો ક્ષય થયો. અને કેવળજ્ઞાન પ્રગટ થયું. પછી અઘાતી ચાર કર્મો પણ બળીને ખાખ થયાં. અને તેઓ અંત-કૃત્ કેવલી બની શાશ્વત ધામે (મોક્ષમાં) સિધાવ્યા. જ્યા નથી કોઈ જાતની પીડા એવા અનંત-અવિનાશી શાશ્વત-ધામમાં સદાને માટે તેમનો વાસ થયો.

બીજા દિવસની સવારે શ્રીકૃષ્ણવાસુદેવ પોતાના પરિવાર સાથે ભગવાન નેમનાથના દર્શને ગયા. ત્યાં સૌ મુનિવરોને ભાવથી વાંદ્યા. પણ ગજસુકુમાળ મુનિ જોવામાં ન આવ્યા, ત્યારે કૃષ્ણજીએ પ્રભુને પૂછયું : ભગવન્ ! ગજ-સુકુમાળ મુનિ કયાં છે ?" ભગવાને જવાબમાં જણાવ્યું. "એ એમનું કાર્ય સાધી ગયા." કૃષ્ણજીએ પૂછયું-કેવી રીતે !' એટલે સઘળીય બીના ભગવાને જણાવી. એ હકીકત સાંભળી કૃષ્ણજી બાપડાને ખૂબ દુઃખ થયું. કૃષ્ણજી રડતા

હૃદયે ઘર તરફ પાછા ફરતા હતા, તેટલામાંજ દૂરથી સોમીલ બ્રાહ્મણે કૃષ્ણજીને જોઈ લીધા અને ગભરાણેા. કૃષ્ણજીના ભયથી ત્યાંને ત્યાં જ પ્રાણ નીકળી ગયા. કૃષ્ણજીએ તેને આખી નગરીમાં બુરી હાલતે ફેરવ્યેા. અને ઉદ્‌ઘોષણા કરી કે–'જે કોઇ ત્યાગી મુનિની આશાતના–અવહીલના કરશે તેના આ હાલ થશે.' ક્ષમાના ભંડાર ગજસુકુમાળ મુનિને આપણા કોડો વંદન હેા....

"કર્તવ્યના સ્વીકારમાં, ભીતિ કદી કરવી નહિ;
પાપી તણા સહવાસમાં, નીતિ કદી તજવી નહી.
નિંદા કરે ખોટા જનો, તેથી કદી ડરવું નહીં;
ધારેલ સત્ય વિચારથી, પાછા કદિ ફરવું નહીં."

મહાપુરૂષોના જીવન ચરિત્રો મૂકભાવે આપણને અપૂર્વ બોધપાઠ આપે છે. હૃદયમાં અનોખો પ્રકાશ પાથરે છે. કર્મે તો તીર્થંકર જેવાને છોડયા નથી. એટલે કર્મ કરતી વખતે આત્મ જાગૃતિની જરૂર છે. નહિ તો હસતાં બાંધ્યા રોતાં નહીં છૂટે.

કર્મ રાજાનો કાયદો અટલ છે. કાદવનો કીડો હોય કે ઈન્દ્ર–ચક્રવર્તિ : બધાનો ન્યાય એક જ ત્રાજવે તોલાય છે. એથી આત્માને પોતાનું જ્ઞાન જરૂર સાચા માર્ગે લઈ જાય છે.

—: જીવનો પશ્ચાત્તાપ:—

"સજીવ અને નિર્જીવ બધા પદાર્થો મેં જાણ્યા અને જોયા. પણ મારું પોતાનું શુદ્ધ સ્વરૂપ કોઈ પણ વખત મેં જાણ્યું કે જોયું નથી." મોહના ઉદયને લઈને મારા શુદ્ધ

આત્માનું ચિંતન મેં કોઇ વખત કર્યું ન હોવાથી તે મને પ્રાપ્ત થયું નથી

અહો ! મેં અનેકવાર જીવન ધારણ કર્યું છે. પણ કોઈ જીવનમાં 'હું શુદ્ધ આત્મ સ્વરૂપ છું. ?' એવું શુદ્ધ આત્માનું ચિંતન મેં કર્યું નથી.

અહો ! દુર્લભ કલ્પવૃક્ષો, નિધાનો, ચિંતામણીરત્નો અને કામધેનુ ઇત્યાદિ પદાર્થો અનેકવાર મેળવ્યા. પણ શુદ્ધ આત્માની સંપત્તિ કોઇ વખત મેળવી નહી. આજ સુધીમાં અનંત પુદ્‌ગલ પરાવર્તન જેવા ગાંઢનકાળનો અનુભવ મેં લીધો, પણ તેવા કોઇ પુદ્‌ગલ પરાવર્તનમાં એકાદ વખત પણ મારા શુદ્ધ સ્વરૂપનો અનુભવ મને ન મળ્યો. ઇંદ્રો અને વિદ્યાધરોના સ્વામિત્વનું પદ અનેકવાર મેં મેળવ્યું. પણ કેવળ મારા પોતાના સ્વરૂપને હું પામી ન શકયો.

અહો ! ચાર ગતિની અંદર અનેકવાર મેં મારા શત્રુઓ ઉપર વિજય મેળવ્યો. પણ મારા સદાના વિરોધી મોહ શત્રુ ઉપર આત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટે વિજય મેળવવા મેં પ્રયત્ન ન કર્યો.

અહો ! મેં અનેક શાસ્ત્રો ભણ્યાં, અને સાંભળ્યા. પણ તેની અંદર મારા શુદ્ધ સ્વરૂપને જાગૃત કરે એવું એકેય શાસ્ત્ર ભણ્યો નહી કે સાંભળ્યું પણ નહી.

અહો ! સચેતન અને અચેતન શુદ્ધ દ્રવ્યોમાં અનેક વાર મેં પ્રીતિ ધારણ કરી પણ પ્રબળ મોહના ઉદયને લીધે જ્ઞાન સ્વરૂપ આત્મામાં મેં પ્રીતિ ન કરી.

અરે ! દુષ્કરમાં દુષ્કર શુભાશુભ અનેક કર્મો મેં અનેક વાર કર્યા પણ શુદ્ધ આત્માનું ચિંતન કરવાનો વખત મને ન મળ્યો. આનું કારણ મોહનીય કર્મની સત્તામાં જ દબાયેલો રહ્યો. આ તો કોઈ પૂર્વ પુણ્યના ઉદયે પ્રભુની કૃપા થાય, મોહનો ઉદય મંદ પડે, સદ્‌ગુરૂનો સમાગમ થાય તો જ આત્મજાગૃતીનો પ્રકાશ પડે. જેથી અજ્ઞાનનો અંધકાર જાય, ત્યારે જ સત્શાસ્ત્રનું શ્રવણ સારૂં (પ્રિય) લાગે, આત્મજાગૃતી કરાવનાર શાસ્ત્રો સારાં લાગે, મન પણ વિવિધ ઇચ્છાથી મુંઝાય નહી. જેથી વિકલ્પો વિનાનું રહે.

—: મોહનો ત્યાગ :—

'મનુષ્યમાં જ્યાં સુધી મોહની પ્રબળતા અને દીર્ઘ સંસારનું પરિભ્રમણ કરવાનું હોય છે ત્યાં સુધી શુદ્ધ આત્મામાં અત્યંત નિશ્ચળ રૂચી થતી નથી.'

મુંઝાવે તે મોહ, આત્મા તરફ પ્રીતિ ન થવા દે તે મોહ, પાંચ ઈન્દ્રિયોના વિષયમાં આસક્તિ કરાવે તે મોહ. તેની પ્રબળતા જ્યાં સુધી જીવમાં હોય ત્યાં સુધી આત્મામાં ખરી પ્રીતિ ન થાય. તેમજ સંસારમાં લાંબા કાળ સુધી ભ્રમણ કરવાનું હોય તેવાને પણ આત્મા તરફ લાગણી જ ન હોય.

અહો ! મોહને લઈને આત્મભાન ભૂલેલા જીવો, કોઈ કીર્તિને માટે વલખા મારે છે. કોઇ બીજાને ખુશી કરવા પ્રયત્ન કરી રહ્યા છે. ભાટ ચારણની માફક હાજી હા

કરી તેના જ રાજીયા ગાયા કરે છે. કોઈ ઇન્દ્રિયોના વિષયો મેળવવા તલપી રહ્યા છે. આવી આવી અનેક પ્રવૃત્તિઓમાં આ વિશ્વના જીવો જોડાઈ ગયા છે. આમાં સુખી થવું, શાંતિ મેળવવી, મોટા થવું એ તેમનો ઉદ્દેશ હોય છે. આ ઉદ્દેશ તેમનો પાર પડતો નથી. કેમકે આ ભુલભુલામણી વાળી મોહ રાજાની બીછાવેલી જાળ છે. તેમાં પક્ષીઓની માફક ઉપર ઉપરની મોહક ચેષ્ટાઓથી ભાન ભૂલી જીવ સપડાય છે. અને છેવટે સાચા સુખને બદલે દુઃખ જ પામે છે. બીજા બુદ્ધિમાનો તો એક જ્ઞાન સ્વરૂપ આત્માને જ સુખ અને શાંતિનું સ્થાન માનીને મોહનો ત્યાગ કરી આત્મામાં પ્રીતિ કરે છે. અનંત જ્ઞાની મહાપુરૂષો જગતના જીવોને ઉપદેશ આપતાં કહે છે કે અનંતકાળથી સંસારમાં જીવને રખડાવનાર હોય તો મોહનીય કર્મ છે. કારણ કે આઠેય કર્મનો તો રાજા છે. આ કર્મને લીધે મિથ્યાત્વમાં દોરાય છે. અને કર્મના નાચ કર્યા કરે છે.

—: કર્મસત્તાને ધર્મસત્તા હટાવે છે :—

માણસ મહાત્મા કયારે બને ? માણસના હૃદયમાં ધર્મના ભાવ જાગે ત્યારે એ આત્મા ઊંચ ગતિએ પહોંચે છે.

દુર્ગતિમાં જઈ રહેલા જીવોને ધર્મ કેવી રીતે પુનઃ સદ્‌ગતિ અપાવે છે. તે માટે મહાત્મા દૃઢપ્રહારીનું જીવન પ્રેરણાદાયી છે.

દૃષ્ટાંત :—આ મહાત્મા દૃઢપ્રહારી તો જન્મથી જ

કંઈ તે મહાત્મા નહોતા બન્યા. જ્યારથી તેમણે ઉગ્ર સાધના કરી, એ ઉગ્ર સાધનામાં તેમણે આત્માને એટલો બધો સ્ફટિક જેવો નિર્મળ ને મીણ જેવો નમ્ર બનાવ્યો હતો કે એ જોઈને લોકોએ તેમને મહાત્માના નામથી બોલાવ્યાં હતાં. તેનનું અરૂં નામ તો દુર્ધર હતું. બ્રાહ્મણકુળમાં જન્મ થયો હતો. પરંતુ કુળ પ્રમાણે તેમનામાં સંસ્કાર ઉતર્યા ન હતાં. બાળપણમાં જ તે એવા બરાબ સોબતીના ભોગ બની ગયા કે આડે રસ્તે ચડી ગયાં.

-: બરાબ સોબતથી બરાબ સંસ્કાર પડે છે :-

બરાબ સોબતથી કેવા બુરા સંસ્કાર પડે છે અને તે પછી તેના કેવા ભયાનક પરિણામ ભોગવવા પડે છે તેનું આ મહાત્મા દૃઢપ્રહારીનું જીવંત દૃષ્ટાંત છે.

-:દુર્ધર જુગાર રમતો : જુગારે ચોરી શીખવી :-

દુર્ધરને રખડુ મિત્રોનો સંગ લાગ્યો. તેના મિત્રોને જુગારની લત હતી. તે લત દુર્ધરને પણ લાગી. માતા-પિતાને જ્યારે આ વાતની બબર પડી ત્યારે તેને ખુબ સમજાવ્યો, અરે માર પણ માર્યો; દુર્ધરને બરાબ સંસ્કારો એટલા બધાં ઊંડાં ઉતરી ગયાં હતાં કે તેણે મારને પણ ગણકાર્યો નહીં. અને જુગાર રમવા લાગ્યો. પણ જુગાર એમ મફતમાં થોડો રમાય છે? પૈસા વિના જુગાર રમાય તો પછી એ જુગાર શેનો કહેવાય? તો પૈસા લાવવા કયાંથી? દુર્ધરના મા-બાપ તો એક કાવડીયું પણ નહોતાં આપતાં. આથી

દુર્ધરે જુગાર રમવા માટે ચોરીઓ કરવા માંડી. અને જુગારના લોભે આ ચોરીઓ પણ વધવા માંડી શરૂમાં નાની-નાની ચોરી કરતાં દુર્ધરે તીજોરીઓ પણ તોડવા માંડી. આમ બ્રાહ્મણનો એ દિકરો ચોર બન્યો, જુગારી તો હતો જ.

-: બરાબ સંસ્કાર માણસને પાપને માર્ગે વાળે છે :-

દુર્ધરની ચોરીઓ વધવા માંડી. એટલે લોકોએ રાજાને ફરિયાદ કરી. રાજાએ તરત જ તેને પકડવા હુકમ કર્યો. અને પકડાઈ જતાં તેને અવળી પૂંઠે ગધેડા પર બેસાડી, માથું મુંડી નાખી, આખા શરીરે કાળી મેશ ચોપડી આખા ગામમાં ફેરવ્યો ને છેવટે દેશનિકાલ કર્યો.

દુર્ધર હવે કયાં જાય? તે જંગલમાં આમતેમ ભટકવા લાગ્યો ને ફળ ખાઈને દિવસો ગુજારવા લાગ્યો. ત્યાં કેટલાક ચોરોની તેના પર નજર પડી. અને તેને ઉપાડીને ચોરોના સરદાર પાસે લઈ આવ્યાં.

-: દુર્ધર ચોર-લુંટારો બન્યો.
દુર્ધર દૃઢ-પ્રહારી બન્યો. :-

સરદારે તેને પુછયું : 'તું શું કરે છે?'
'કશું જ નહીં' દુર્ધરે જવાબ આપ્યો.

'અમારી સાથે કામ કરીશ?' સરદારે ફરી પૂછયું. દુર્ધરે કહ્યું : 'હા કરીશ.'

એ દિવસથી તે ચોરોની પલ્લીમાં રહેવા લાગ્યો. ત્યાં તેને ચોરીની તાલીમ આપવા માંડી. હથિયાર વાપરવાનું શિખવાડવામાં આવ્યું. લુંટફાટ, ધાડ, ખુન વગેરે બધાંનું શિક્ષણ અપાયું. આ બધા સંસ્કાર તો તેનામાં નાનપણથી જ હતા. આથી થોડા સમયમાં તે પાવરધો ચોર બની ગયો. અને હથિયાર વાપરવામાં તો તેણે ચોરોમાં નામના મેળવી. તેનો ઘા અચુક સફળ થતો, તલવારના એક જ ઘાથી તે માણસને મોતને શરણે કરી દેતો. જંગલી જનવરોને પણ તે એક જ ઝાટકે ખતમ કરતો. આથી બધા ચોરોએ તેનું નામ દૃઢપ્રહારી રાખ્યું.

–: અને એને સૌ દૃઢપ્રહારી કહેવા લાગ્યા :–

એક દિવસ તેના સરદારે તેને કુશસ્થળ નગર પર ધાડ પાડવા મોકલ્યો. દૃઢપ્રહારી તેના ચુનંદા સાથીઓને લઈને આ નગર પર તૂટી પડયો. રાજાના સુભટોને તેણે મારી હડાવ્યા. અને બેફામ લૂંટ ચલાવી. આ લૂંટમાં તેના સાથીદારોએ બધાયને અડફેટમાં લઈ લીધા. તેનો એક સાથીદાર એક ગરીબ બ્રાહ્મણના ઘરમાં પેઠો. બ્રાહ્મણ અને તેમાં ગરીબ, તેના ઘરમાં શું હોય ? છતાં લોભને થોભ નથી એમ કહ્યું છે. આથી પેલો ચોર એ બ્રાહ્મણના ઘરમાં દાખલ થયો.

–: બ્રાહ્મણ, ગાય, સ્ત્રી અને બાળકની હત્યા મહા હત્યા ગણાય છે :–

ત્યારે બ્રાહ્મણના નાના બાળકો એક વાસણમાં ખીર જમતા હતા. ચોરને જોઈને તો બાળકો, બ્રાહ્મણ, બ્રાહ્મણી બધાંય ગભરાઈ ગયાં. ચોરે તો પોતાનું કામ શરૂ કરી દીધું. તે આખું ઘર ખૂંદી વળ્યો. પણ લેવા જેવું કાંઈ હાથમાં ન આવ્યું. પોતાની મહેનત માથે પડી, એટલે તે વધુ અકળાયો અને તેની નજર છેવટે ખીરથી ભરેલા વાસણ પર પડી. છેવટે ખીર તો ખીર. એમ માનીને વાસણ તેણે ઉપાડયું.

–: ચોરમાં દયાનો અંશ નથી હોતો :
ચોર એટલે પાપી !:–

બ્રાહ્મણથી એ ન જોવાયું. કયાંથી જોવાય ? માંડ માંડ માંગીને એ દિવસે ખીર બનાવી હતી. ને એ દિવસે બાળકોનાં તે પેટ ભરતો હતો. બબ્બે દિવસના ભૂખ્યા બાળકોનાં મોં નો કોળીયો કોઈ છીનવી જાય એ કયા બાપથી સહન થાય ? એટલે તેણે તરત જ ત્યાં પડેલી ભાગોળ ઉપાડી ચોરને મારવા સામે થયો. અને ચોર–બ્રાહ્મણ બન્ને વચ્ચે કુસ્તી શરૂ થઈ. ત્યાંજ દૃઢપ્રહારી ખુલ્લી તલવાર સાથે પોતાનાં સાથીદારને તેડવા આવ્યો. તેણે આ દૃશ્ય જોયું. એટલે તેણે પોતાના સાથીદારને બચાવવા જોરથી તલવારનો ઘા ઝીંકયો. અને બ્રાહ્મણ આડેધડ બ્હેરાઈ ગયો. !

બાળકોએ અને બ્રાહ્મણીએ ચીસા ચીસ કરી મુકી, આ ચીસો સાંભળીને બ્રાહ્મણની પાળેલી ગાયનો પિત્તો ઉછળી આવ્યો. તરત જ તે ખૂંટો તોડીને પરશ્રાળમાં ધસી આવી.

અને દૃઢપ્રહારી સામે શીંગડા મારવા દોડી. દૃઢપ્રહારીએ તેને પણ તલવારથી વીંધી નાખી ?

'દૃઢપ્રહારી વિચાર કરે છે કે;
'મેં ચાર મહા હત્યા કરી !'

એક બાજુ પોતાના સૌભાગ્યનું હમણાં જ ખૂન થયું હતું ત્યાં તો વહાલી ગાયનું બીજું ખૂન થયું. આથી બ્રાહ્મણીને પણ ઝનૂન ચડ્યું. ?

ગાય જેવી ગાય, મુંગું જનાવર જે તેના માલીકને બચાવવા જાન કુરબાન કરે તો પછી મારાથી મૂંગા મૂંગા જોવાય જ કેવી રીતે ? એમ વિચારી રડતી, કકળતી, ગાળો દેતી બ્રાહ્મણી દૃઢપ્રહારીનેં મારવા તેની સામે ગઈ.

દૃઢપ્રહારીએ બ્રાહ્મણીને પોતાની સામે આવતી જોઈને તરત જ તલવાર તેનાં પેટમાં પોસી દીધી, ને તલવાર આરપાર નીકળી ગઇ !

:- દૃઢપ્રહારી ઝનૂનમાં માનવતા ભૂલી ગયો ! :-

તલવારનો ઘા થતાં જ બ્રાહ્મણી જમીન પર ઢળી પડી ! એ સમયે તેને પ્રસૂતિ થઇ ! અને કાચો ગર્ભ બહાર નીકળી આવ્યો ! !

બાળકના કાચા ગર્ભને જોતાં જ દૃઢપ્રહારીનો આત્મા કંપી ઉઠ્યો ! અત્યાર સુધી તો હૈયાને કશી અસર થઇ ન હતી ! ગુસ્સામાં ને ગુસ્સામાં તેણે તલવાર વિંઝયે રાખી હતી.

અને બ્રાહ્મણ–બ્રાહ્મણી ને ગાયનું ખૂન કર્યું હતું. પરંતુ છેલ્લા આ કાચા ગર્ભનું ખૂન થતાં તેનું હૈયું ચીસ પાડી ઉઠ્યું :

'અરેરે ! મેં આ નાના બાળકનું ખૂન કર્યું ? એનો બીચારાનો શું વાંક ?'

એમ વિચારતાં તેને ભાન થયું કે તેણે એક નાના બાળકની જ નહીં પણ બીજા ત્રણની ય હત્યા કરી હતી. આમ કુલ ચાર હત્યાઓ બ્રાહ્મણ–ગાય, સ્ત્રી અને બાળકની મહા હત્યાઓ કરી હતી ?

–: દૃઢપ્રહારીનો આત્મા જાગે છે, પસ્તાવો કરે છે. સંયમ લે છે. :–

મહાનુભાવો ! માનવીને કયારેક એવા નિમિત્ત મલે છે કે તે નિમિત્તથી તેનું આખું જીવન પરિવર્તન થઈ જાય છે. વર્ષોના ખરાબ સંસ્કાર એક નાના સરખા નિમિત્તથી પલ્ટો ખાય છે.

દૃઢપ્રહારી હત્યારો હતો. ચોર–લુંટારૂ, ધાડપાડુ હતો. આજ સુધીમાં તેણે એકેય ધાડમાં કોઇ બાળકની હત્યા નહોતી કરી. સ્ત્રીની પણ હત્યા નહોતી કરી. આજે બંનેય હત્યા એકસાથે થઇ જતાં તેનો આત્મા જાગી ઉઠ્યો. તેને પોતાના પર તિરસ્કાર આવી ગયો. પોતાના ધંધા માટે નફરત આવી ગઈ.

પાશેરનું પેટ ભરવા આવા કામ કરવાના ? હું કોણ ? મારું કુળ કયું ? મને આવું શોભે ? આમ એ વિચાર

કરવા લાગ્યોઃ ને પોતાના દુષ્કૃત્યોનો પસ્તાવો અને કમકમાટી ભર્યા દ્રશ્યોએ મનના વિચારોની દશા અને દિશા બદલી નાખી.

ભયંકર પસ્તાવાની આગમાં તેણે ચોરી–ધાડ છોડવાનો નિર્ણય કર્યો. તે સરદાર પાસે જવાને બદલે અન્ય દિશામાં ગયો. ત્યાં તેને જૈન મુનિ ભગવંતના દર્શન થયાં.

મુનિને જોઈ દૃઢપ્રહારી તેમની પાસે ગયો અને તેમનાં ચરણોમાં પડી ડુસકે ને ડુસકે રડવા લાગ્યો. પોતાના હૈયાનો ભાર હળવો થયો એટલે તેણે પોતે કરેલા પાપોની શિક્ષા માગી. આ પાપમાંથી ઉગરવાના ઉપાયની આજીજી કરી.

–: દૃઢપ્રહારીએ ઉગ્ર ધ્યાન ધર્યું અને મહાત્મા દૃઢપ્રહારી બન્યા :–

ત્યારે સાધુ ભગવંતે ! દૃઢપ્રહારીને કહ્યું : 'ભવ્યાત્મા ! તારાથી થતાં ભૂલ થઈ ગઈ. હવે એવું ન બને તે માટે ધ્યાન રાખજે. અને આ પાપમાંથી છુટવું હોય અને કાળાંતરે પણ આવો સમય ન આવે એવી દૃઢ ભાવના હોય તો અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના મહાવ્રતની આરાધના કર. (એટલે ચારિત્ર લઈ લે) તેથી તારા બધા જ અને બીજાપણ કરેલા પાપકર્મોનો ક્ષય થઈ જશે.'

'ધન્ય પ્રભુ ! ધન્ય ! મને એ મહાવ્રતો જલદી આપો. અને મને પાપ મુક્ત કરો.' એમ દૃઢપ્રહારીએ મુનિ ભગવંતને બે કર જોડી વિનંતિ કરી.

–: દૃઢપ્રહારીના અંતરમાં ભાવોનું પરિવર્તન થઈ ગયું :–

મુનિરાજે દૃઢપ્રહારીને પંચમહાવ્રત ઉચ્ચરાવ્યાં ને દીક્ષા આપી. એ જ સમયે મુનિ દૃઢપ્રહારીએ અભિગ્રહ કર્યો કે–

'જ્યાં સુધી મેં કરેલી ચાર હત્યાઓ મને યાદ આવે ત્યાં સુધી હું અન્ન કે પાણી લઈશ નહીં.'

(કર્મે શુરા તે ધર્મે શુરા)

મહાનુભાવો ! વિચાર કરજો કે આ કેવો અસહ્ય અભિગ્રહ હતો ! મન અવળચંડુ છે. એના પર પડેલી અસરો જલ્દીથી ભૂંસાતી નથી. આજે દીધેલો એક કડવો શબ્દ મન સંધરી રાખે છે. ને વરસો સુધી કયારેક તો મૃત્યુની છેક છેલ્લી ઘડી સુધી એ શબ્દ યાદ આવે છે ત્યારે આ પોતે કરેલી ભયંકર હત્યાઓ હતી ! એની સ્મૃતિ મનમાંથી કાઢી નાખવા મુનિ દૃઢપ્રહારીએ કેટલું તપ કર્યું હશે ? કેટલી ઉગ્ર આત્મસાધના કરી હશે ? અને આ સાધના પણ તેમણે જ્યાં પોતે હત્યા કરી હતી એ ગામના દરવાજે જ કરી. નગર બહાર દૂર કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા.

–: ધર્મ દુર્ગતિમાં જતા અટકાવે છે. આત્મોદ્ધાર કરવા ધર્મ કરો. :–

લોકો તો તરત જ ઓળખી ગયા કે આ તો ઢોંગી છે. દૃઢપ્રહારી ચોરે નવો સ્વાંગ સજ્યો છે. એમ વિચારી

જતા આવતાં લોકો તેના પર પથ્થરા ફેંકવા લાગ્યા, જોડા ફેંકવા લાગ્યા. આમ લોકોએ પથ્થરોનો એટલો બધો ઢગલો કર્યો કે તે નાક સુધી આવી ગયો છતાં પણ તે ધ્યાનમાંથી ચલિત થયા નહીં.

–: એક વખતનો હત્યારો દૃઢપ્રહારી મહાત્મા કેવી રીતે બન્યો ? :–

ગામ નગરના ચારે ય મુખ્ય દરવાજે તેમણે સાધના કરી. દરેક દરવાજે લોકોએ તેમને પથ્થરા માર્યા ને પથ્થરાના ઢગલામાં લગભગ દાટી દીધા. આ બધું ય તેમણે સમતા ભાવે સહન કર્યું. આમ છ માસ સુધી લોકોનો ઉપદ્રવ તેમણે સહન કર્યો. એ અરસામાં તેમણે આત્માનું એટલું બધું ધ્યાન ધર્યું ને એવી ઉત્કૃષ્ટ શુદ્ધિ કરી કે એક શુભ પળે તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું !

લોકોએ જ્યારે આ જાણ્યું ત્યારે તેઓએ મુનિ દૃઢ-પ્રહારી, મહાત્મા દૃઢપ્રહારી તરીકે જાણીતા થયા.

જોયું ને કે ધર્મે દૃઢપ્રહારીને કયાંથી કયાં લાવી મુકી દીધા તે ? ચાર હત્યા કરનાર દુર્ગતિમાં જ જાય ને ? પણ અહીં શું બન્યું ? શાથી બન્યું ? દૃઢપ્રહારીએ ધર્મનો આશરો ન લીધો હોત, સાચા અંતરથી પોતાના પાપનો પસ્તાવો કરી આત્માને શુદ્ધ ન કર્યો હોત તો તેઓ મહાત્મા બનત ખરા ? તેઓ મોક્ષે જાત ખરા ?

આમ ધર્મ દુર્ગતિમાં જતા જીવોનો ઉદ્ધાર કરે છે.

આપણને આપણા આત્માનો ઉદ્ધાર કરવો હશે તો ધર્મ કરવો જ પડશે.

(દૃઢપ્રહારીનું દૃષ્ટાંત સમાપ્ત)

–: ધર્મને ભુલાય ત્યારે જ ખોટું થાય : આમાં અપ્રમાણિક કોણ ? :–

એક ભરવાડણ બાઈ શેઠને ઘી આપી ગઈ. શેઠે ઘી તો લઈ લીધું પણ શેઠને જરા શંકા પડી. એણે સાંજે ઘી તોલ્યું તો પોણો શેર જ નીકળ્યું. બીજે દહાડે પેલી બાઈ જ્યારે ઘી વેચવા નીકળી, ત્યારે શેઠે કહ્યું : "તું કેવી અપ્રામાણિક છે ? તારા ઉપર મેં વિશ્વાસ રાખ્યો. મેં માન્યું કે ગામડાના લોકો જુઠું નહિ બોલે, અનીતિ નહિ કરે; અને તું તો શેર ઘીને બદલે પોણોશેર ઘી મને આપીને ગઈ."

(શેઠ શું કહે છે એ વિચારો. ગામડાના લોકો જુઠું નહિ બોલે. અનીતિ નહીં કરે. એનો અર્થ એ કે શહેરના લોકોને બધી છુટ ?)

પેલી બાઈ આશ્ચર્યપૂર્વક પૂછવા લાગી. "હું. અપ્રામાણિક ? મારા માથે ઈશ્વર છે. એ શેર જ ઘી છે અને હું કોઈ દહાડો જુઠું નથી બોલતી."

શેઠ કહે : "લાવ ત્યારે તોળીયે. કયા શેરથી તેં આ ઘી તોલ્યું હતું એ તું મને કહે."

બાઈએ કહ્યું : મારી પાસે શેર કયાંથી હોય ? ગઈ કાલે તમારે ત્યાંથી એક શેર સાકર લઈ ગયેલી અને એ વખતે મારે એ ઘી તોળવાનું હતું એટલે એક બાજુ ઘી મુકયું અને બીજી બાજુ તમારી સાકર મુકી. તમે આપેલી શેર સાકરથી મેં આ ઘી તોલ્યું છે. હું બીજું કાંઈ જાણતી નથી ! મારી પાસે શેર અને કાટલાં છે જ કયાં ? કાટલું તમારી સાકર." શેઠને ખ્યાલ આવી ગયો. "ઓહ ! મારી સાકરના બદલામાં જ આ ઘી આવેલું છે."

અપ્રામાણિક પોતે છે તે પોતાને દેખાતું નથી અને ગામડીયાની ભોળી પ્રજાને ઠગનારા પણ શાહ જોગમાં ખપે છે.

વર્તમાન કાળના (સ્વરાજ્યમાં) શાસનમાં તો સઘ દુનિયા સરખી જેવું થઈ ગયું છે. હવે તો શહેરી હોય કે ગામડીયો હોય લગભગ એવા શબ્દો સંભળાય છે કે સાચું કરવા બેસીએ તો (ભૂખે મરીએ) પેટ ભરાય નહીં. આનું કારણ વર્તમાન કાળના કુશિક્ષણ સિવાય શું સમજાય ? નહિ તો પેટ જરૂર ભરાય પણ પટારા ભરાય નહિ. વર્તમાનકાળે દેખાદેખીના કારણે આ જોઈએ અને તે જોઈએ, આ નથી ને તે નથી વિગેરે વિગેરે ઈચ્છાઓના કારણે ખરચા વધે છે. એટલે જ ખોટી કમાણી કરવાની જરૂર પડે છે. નહિ તો પાશેર પેટ ભરવામાં ખોટું કરવાનું સુઝે પણ કેમ ? હા. આમાં પણ અપવાદ તો છે. હજી પણ સત્યધર્મી આત્મા ખોટું કરતાં અચકાય છે. કારણ તેને પાપનો ભય છે. જેને

કર્મનો ખ્યાલ હશે તે તો હજી કર્મથી જરૂર બચી શકશે. મૂળ વાત તો એ પણ ધર્મ-કર્મ ઉપર જ આવે છે. ધર્મને ભૂલી જનાર ખોટું કરવા અચકાશે નહીં. આમ તો બુદ્ધિ કર્મ અનુસારી છે. જેવા કર્મ ઉદય આવશે તેવી બુદ્ધિ આવશે. જોઈલ્યો કર્મના તમાસા. કર્મ શું શું નાચ કરાવે છે!

કરમ તારી કળા ન્યારી, બધાને તું નચાવે છે;
ઘડીમાં તું હસાવે છે, ઘડીમાં તું રડાવે છે...૧

ન છૂટ્યા કર્મ પંજાથી, ભલા રાજા મહારાજા;
ભળ્યા માટી વિષે જગમાં, કેઈ સાજા અને તાજા...૨

નચાવે નાચ દુનિયાના, ચોરાસી લાખના ચોટે;
નરક નિગોદનાં દુઃખો, પલકમાં તે અપાવે છે...૩

કરમની છે અજબ લીલા, બધાયે જ્યાં બન્યા ઢીલા;
ખરેખર લીલકો એ છે, નીચે ઊંચે ચઢાવે છે...૪

બનાવે સ્ત્રી કદી પુરૂષ, કદી નહાનો કદી મ્હોટો;
બહુરૂપી સ્વરૂપી એ, ગરવ સૌનો ગળાવે છે...૫

આશાનાં વાદળાં ઘેરે, નિરાશાએ ઘડી ફેરે;
કીડા આનંદ કરતાં ને, ઘડીમાં આંસુડા વેરે....૬

શ્રીમંતો ને ધીમંતોના, મુકાવે માન ને પાન;
ભૂલાવી સાન ને ભાન, બનાવે મૂઢ અજ્ઞાન...૭

કર્યા કેઈ રાય ને રંકો, બજાવી કર્મનો ડંકો;
કરી બેદાન ને મેદાન, ખરે સૌને મુંઝાવે છે...૮

કરમનો રંગ અલબેલો, પળેપળના જુદા ખેલો;
સ્વજન પંખી તણો મેળો, બને શાને સુરખ ઘેલો...૯

ઘડી ગજ પર ચઢાવે છે, ઘડી ચામર વિંઝાવે છે;
કરી બેહાલ ને કંગાલ, ઘડી ઈજ્જત લુંટાવે છે....૧૦

કરમ મોજાં ફરી વળતાં, બધું ય માટીમાં મળશે;
સ્વજન,સ્નેહીઅનેપ્રિયતમ,બધાયેઅગ્નિમાંબળશે.૧૧

ધરમની જ્યોતિ જ્યાં જાગે, કરમ અંધેર ત્યાં ભાગે;
કરમ સત્તાની બેડીને, ધરમ સત્તા હઠાવે છે...૧૨

કરમનાં મૂળને કાપી, આતમ લબ્ધિને પ્રગટાવો,
કહે પ્રભુને શિષ્ય કંકણુ,અનંતના સુખને પીવો...૧૩

સુખનો અર્થી જીવ પાપ કરતાં કંપે. કારણ કે એને ખબર છે, મારે જોઈએ છે સુખ–સુખ. અને હું કરું છું પાપ તો મને દુઃખ આવ્યા વિના નહીં રહે. (ભલે વહેલું યા મોડું) લાંબુ તત્વજ્ઞાન ભલે ન જાણતા હોય પણ ટુંકમાં બે વાત ધ્યાન કરો. દુઃખ આવે ત્યારે હૈયાથી એમ માનો કે આ દુઃખ મારાજ કરેલા પાપનું ફળ છે. અને એને મારે આનંદથી વેઠી લેવું જોઈએ. સુખ આવે ત્યારે તેમાં આસક્ત ન બનો અને એમ વિચારો કે જો હું સાવધ નહિ રહું તો આ સુખ મને દુઃખના ખાડામાં (પાપમાં) ધકેલી દેશે. ભગવાને દુઃખીને કહ્યું : કે દુઃખ વેઠતાં શીખો. સુખીને કહ્યું કે સુખ છોડતાં શીખો. કર્મના ઉદયે આવેલી

કોઈ પણ પરિસ્થિતિને એવી રીતે ભોગવવાનું ભગવાને કહ્યું કે જેથી કર્મોનો ભુક્કો બોલાઈ જાય, આત્મા જેવો આત્મા શરીર જેવી જડ વસ્તુની સેવામાં આખી જિંદગી ગાળે ?

ધર્મ સાધનામાં ઉપયોગી થતું હોય, એવા શરીરને સાચવવા માટે શરીરને ધર્મ–સાધન કહ્યું છે. જડની સેવા માટે નહીં. આજના પડતા કાળમાં ધર્મના કામમાં ગાડરિયો પ્રવાહ ઘણો ચાલ્યો છે. લોક હેરી બહુ વધી ગઈ છે. દુનિયાને રાજી રાખવા, પોતાની પ્રશંસા મેળવવા પરમાત્માની આજ્ઞાની વિરુદ્ધ વર્તીને ધર્મ કરું છું એમ માનનારા ઘણા થઈ ગયા છે. આજે ધર્મક્રિયાઓ ઘણી થાય છે પણ સમજણ સહિત ને શ્રદ્ધાપૂર્વક થાય તો જીવ થોડામાં ઘણો લાભ મેળવી શકે.

સંસારમાં ત્રણ વસ્તુ જ માનવીને સન્માર્ગે વાળવામાં સહાય કરે છે. **જ્ઞાન–પ્રેમ** અને **ભય.** ધર્મથી શ્રેષ્ઠ સંપત્તિ જગતમાં એક પણ નથી. ત્યાગથી મહાન સાધના પણ બીજી કોઇ નથી. આ બે વસ્તુને હમેશાં હૈયા સાથે જોડી લેવી જોઈએ.

દરેક આત્માને સમજવા જેવું :

(૧) સંસારનું સ્વરૂપ સમજવું.

(૨) ભવ ભ્રમણની જાળ તોડીને પરમ પદની પ્રાપ્તિ માટે જીવન કેવા પ્રકારનું જીવવું જોઇએ તે સમજવું.

(૩) પરિગ્રહ, ક્રોધ, લોભ, માન, માયા આદિ કષાયોથી

હૃદયને સ્વચ્છ રાખી જ્ઞાન અને દર્શનની આરાધના કેવી રીતે કરવી તે સમજવું.

(૪) પરમપદની પ્રાપ્તિ માટેના પુરૂષાર્થમાં કેવા પ્રકારના સદાચાર, સંસ્કાર અને શ્રદ્ધા વડે જીવતરનું ઘડતર કરવું.

(૫) જીવ અને કર્મના સ્વરૂપ સમજીને આઠ કર્મોનું રહસ્ય સમજવું.

(૬) પરમપદ મોક્ષના સુખનો–આનંદનો અને તેના સ્વરૂપનો ખ્યાલ કરવો.

(૭) સર્વ ત્યાગના માર્ગે કદમ માંડ્યા વગર અને પંચ-મહાવ્રતના પાલન વગર જન્મ, મરણ અને જરા પર વિજય પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ કામયાબ થઈ શકતો નથી.

બુદ્ધિવંત માણસોએ આચરણ એવું રાખવું જોઇએ અને કાર્ય એવાં કરવાં જોઇએ કે જેના પરિણામે પરમપદની પ્રાપ્તિ થાય. શાશ્વત સુખ સમાન પરમપદ મુક્તિ સિવાય, અન્ય કયાંય નથી. મુક્તિના મંગલસ્થાને પહોંચવા માટે સંસારનો ત્યાગ કરી ભગવતી દીક્ષાનું વ્રત અંગિકાર કરવું જરૂરી છે. કારણ કે રત્નત્રયની આરાધનાનો એ મંગલમય માર્ગ છે. સર્વ ત્યાગનો માર્ગ એટલે સર્વ સાવદ્ય યોગનો ત્યાગ. આવું વ્રત પાલન કરવાથી પરમપદ મળે છે.

સૃષ્ટિ એનું સર્જન કરતી જ રહે છે. માનવી એના મનને કલ્પનામાં વહાવતો રહે છે. એ કલ્પનાની કૃતિ જ્યારે

આકાર લે છે ત્યારે તો ઘડીભર સંસાર સ્વર્ગ સમાન ભાસે છે. ક્ષણાર્ધ બાદ સુખથી છલકાતી કલ્પના કૃતિમાંથી જ્યારે કાતીલ કર્મનો શુષ્ક ઝરો જોવા મળે છે ત્યારે જીવન સૃષ્ટિમાં શૂન્યાવકાસ પેદા થતો જણાય છે. તો ય આ માનવમન કલ્પના વિહારથી કદીયે થાકે ખરૂં....?

-: ધર્મનું આરાધન :-

કર્મ શબ્દ અહીં અક્ષરનો છે અને ધર્મ શબ્દ પણ અહીં અક્ષરનો છે. છતાં બન્નેમાં કેટલો ફેર છે? કેટલો તફાવત છે? એક આત્માને નીચો પાડે છે, ખૂબ સતાવે છે અને ભયંકર ભવાટવીમાં ભ્રમણ કરાવી વિવિધ પ્રકારનાં દુઃખોનો અનુભવ કરાવે છે, ત્યારે બીજો આત્માને ઉંચો ચડાવે છે, ઘણો આનંદ આપે છે અને અવ્યય-અનંત અપાર સુખથી ભરેલા સિદ્ધિસદનની સહેલ કરાવે છે!

કર્મ અને ધર્મ શબ્દમાં પાછળના અક્ષર તો બિલ્કુલ સમાન છે; ફેર માત્ર આગળના અક્ષરનો છે. પણ એ ફેર વસ્તુના સમસ્ત સ્વરૂપને બાલી નાખે છે. ભક્ષણ અને રક્ષણ તથા મરણ અને શરણમાં એક આગળના અક્ષરનો જ ફેર હોવાથી તેમનાં સ્વરૂપમાં કેટલો ફેર પડી જાય છે! કર્મને ધર્મ ગમે નહીં અને ધર્મને કર્મ ગમે નહીં. કારણ કે બન્નેની દિશાઓ જુદી, બંનેના માર્ગ જુદા અને બંનેના કર્તવ્ય પણ જુદા. વેશ્યાને શીલ પાળવાનો ઉપદેશ એને ક્યાં ગમે છે? કર્મ સ્વભાવે કૌરવ જેવા છે એટલે તે કુટિલ

નીતિ અજમાવ્યા કરે. તે આત્માને જંપીને બેસવા દે નહીં. વળી આત્મા ધર્મ કરવા તૈયાર થાય ત્યાં આડા પડે અને ધર્મ કરવા દે નહીં. જેમ વ્યાખ્યાન સાંભળતાં ઝોકા આવવા મંડી પડે. એ મુજબ ઘણી રીતે ધર્મમાં અંતરાય કરે. એ બધી કર્મની કરામત છે. કર્મની સત્તા અતિ બળવાન છે. એ વાત બરાબર પણ કર્મસત્તા કરતાં ધર્મસત્તા વધારે બળવાન છે. પણ જ્યાં સુધી (ચેતન) આત્મા જાગ્યો નથી, ત્યાં સુધી કર્મ સતાવ્યા કરે. કર્મ જડ છે. અને આત્મા ચેતન છે. જેવી રીતે સિંહ ઊંઘતો હોય ત્યારે શિયાળ એની આજુ બાજુ ફર્યા કરે પણ સિંહ જાગે ત્યારે બધા પલાયન (ભાગી જાય) થઇ જાય કે નહીં ? તેવી રીતે સિંહરૂપી આત્મા જાગી જાય તો કર્મરૂપી શિયાળને ભાગવું જ પડે.

મૂળ તો જ્યાં સુધી આત્મા ધર્મનું પુરેપુરૂં જ્ઞાન પામ્યો નથી એટલે તો મહાન દુઃખમાં કે રોગાદિ ઉપદ્રવોમાં જીવ આત્મજ્ઞાન ભુલી જાય છે. તેનું કારણ એમ જણાય છે કે તેમનો ધર્મ અભ્યાસ કાચો. અભ્યાસ, વિવેક કે વૈરાગ્ય એ લાંબા વખતનો કે દૃઢતાવાળો હોતો નથી. જો લાંબા વખતનો અનુભવ અને તે પણ દૃઢતા પામેલો હોય તો ગમે તેવી આફતમાં પણ તે પોતાનું ભાન કે કર્તવ્ય ભૂલી જતો નથી. આ માટે જ્ઞાની પુરૂષો પોકાર કરી આપણને ચેતવે છે કે તમે નિરંતર સાવધાન થાઓ. ક્ષણે ક્ષણે આત્મ ઉપયોગની જાગૃતી રાખો. આખી જિંદગી પર્યંત તમારા

કર્તવ્યને અને તમને પોતાને ભૂલો નહી એવો દૃઢ અભ્યાસ જ તમારૂં ખરેખર હિત કે રક્ષણ કરનાર છે.

જગદ્‌ બન્ધુ એવા ભગવાનશ્રી મહાવીર પરમાત્માએ ખુદ ચાર જ્ઞાનના સ્વામી તદ્‌ભવ મુક્તિગામી શ્રી ગૌતમ સ્વામીજી જેવા ગણધરને પણ એક સમય પણ પ્રમાદ નહિ કરવાનો ઉપદેશ આપ્યો હતો. આ ઉપદેશ હૃદય પટ પર કોતરી રાખવો જોઈએ અને પ્રતિસમય એના અમલને માટે ઉદ્યત બન્યા રહેવું જોઈએ. સઘળાય પ્રાણીઓને ચિર કાળે કરીને પણ મનુષ્યભવ મળવો એ ખરેખર દુષ્કર છે. અને કર્મના વિપાક ગાઢ ભયંકર છે. આવી વસ્તુનું સૂચન કરવા પૂર્વક ભગવાને એક સમય પણ પ્રમાદ નહિ કરવાનું શ્રી ગૌતમસ્વામીજી મહારાજને ફરમાવ્યું હતું. આ ઉપદેશનું રહસ્ય સમજાઈ જાય તો જીવો પ્રમાદ દ્વારા આ દુર્લભ માનવજીવનને જે રીતે નિષ્ફળ અને નુકશાનકારક બનાવે છે તે જરૂર ન બનાવે.

દિવસના ચોવીશ કલાકમાં કયારે આપણને આત્મા યાદ આવે છે? અનન્ત ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે જ્યાં સુધી જીવને 'હું જીવ છું' અગર તો 'હું આત્મા છું' એવું ભાન થાય નહી, ત્યાં સુધી આત્માની ઉન્નતિને લગતી ગમે તેટલી વાતો કહેવામાં આવે અગર તેને સાંભળવામાં આવે તો પણ તે પોતાની સાચી ઉન્નતિ સાધવાને માટે ઉત્સાહિત બની શકતો નથી; આપણને શરીર જે ત્યાદ્દશું

આવે છે તેટલો આત્મા યાદ આવે છે–ખરો ? અનાદિ કાળથી આપણો આત્મા સંસારની ચાર ગતિમાં ભટકયા કરે છે, કારણ સમ્યક્ત્વને પામ્યાં નથી. સમ્યક્ત્વ વગર કેવળજ્ઞાન નથી અને કેવળજ્ઞાન વગર મોક્ષ નથી.

આટો ફાકવો અને હસવું એ બંને સાથે બની શકે નહી, તેમ સંસારનું સુખ અને મોક્ષનું સુખ સાથે મલી શકે નહી. મોક્ષસુખ માટે તો સંસારના સુખનો ત્યાગ કરવો પડશે.

પાપ આવે તે લાત કે ધોકો મારતું નથી. પણ માણસની બુદ્ધિને ફેરવે છે, જેથી માણસ અવળે રસ્તે જઈને દુઃખ પામે છે. પાપ સારા માર્ગે જનારને કંટકવાળા માર્ગે (દુઃખના માર્ગે) દોરી જાય છે. હજુ સુધી એવું બન્યું નથી કે કોઈ પાપ ઢાંકયું ઢંકાયું હોય (હા. જ્યાં સુધી ગત ભવના પુણ્યનો ઉદય કાળ હોય ત્યાં સુધી પાપ પ્રગટ ન થાય.) પણ ઘણું પાપ જ્યારે ભેગું થાય છે ત્યારે તે આપોઆપ પ્રગટ થાય છે.

આ જીવ અનાદિકાળથી 'પ' કાર કંપનીને વિકસાવવા તેની પાછળ પડયો છે. પણ ભગવાન કહે છે કે એ 'પ' કાર કંપનીનો વિશ્વાસ કરવા જેવો નથી છતાં આ જીવને તો પૈસા, પત્ની, પરિવાર, પદવી અને પ્રતિષ્ઠા આ 'પ' કાર કંપની મલી ગઇ એટલે બસ. પછી ધર્મની જરૂર નથી. એ સમજી લેવું એ મોટી અજ્ઞાનતા છે.

આજનો માનવ એમ જ માને છે કે પૈસા હશે તો મોટી પદવી પણ મલશે ને સમાજમાં પ્રતિષ્ઠા પણ વધશે. પણ ધ્યાન કરવા જેવું છે કે આ સંસારનું સુખ નાશવંત છે પાપ કરી મેળવેલું મેલીને જવાનું પણ કરેલા પાપો ભવાંતરમાં ભેગા જરૂર આવવાના. ત્યારે જીવની શી દશા થશે તે વિચારી લેજો. (સાચો શ્રાવક સાચા ધન તરીકે ધર્મને ગણે. ધનની પોટલીને નહિ.)

શાસ્ત્રોમાં આવે છે કે પ્રતિવાસુદેવ ત્રણ ખંડનું વૈભવ એકત્રિત કરે છે, અને તેનો માલિક વાસુદેવ બને છે. મહેનત કોની અને ભોગવે કોણ ?

આ તો સંસાર છે એમાં કોઇનો વિશ્વાસ લેખે લાગે નહિ, હા જ્યાં સુધી પુણ્ય હોય ત્યાં સુધી બધું સારૂં થયા કરે પણ જ્યાં પુણ્ય પરવાર્યા ત્યાં બધું ઉલ્ટું બનતું જાય.

'કબહીક કાળ, કબહીક પાળ, કબહીક
હુઆ અપરાધી,
એ સબ પુદ્‌ગલ કી (સંસારની) બાજી.'

જો સંસારનું સુખ સાચું (સારૂં) હોય તો તીર્થંકર ભગવંતો શું કરવા ચારિત્ર લઈને સંસારનો ત્યાગ કરે ? બધા તીર્થંકર ભગવંતો રાજકુળમાં જન્મેલા. એમની પાસે સુખની જે અઢળક સામગ્રી હતી તે છોડીને તેઓ મુક્તિએ ચાલ્યા ગયા.

જ્ઞાની ભગવંતો કહે છે કે અરિહંત પરમાત્માઓની આજ્ઞા મુજબ જીવવું એ જીવતત્ત્વ છે ! કર્મની આજ્ઞા મુજબ જીવવું એ જડતત્ત્વ છે.

વીતરાગની ભક્તિ એ સાચે જ ઉત્કૃષ્ટ યોગ છે. જેને પ્રાપ્ત કર્યા પછી ભોગ રોગનો કોઈ રોગ રહેજ નહિ. અંતરમાં વીતરાગ વસી જશે તો જ વિષય વિરાગ ઝળહળતો રહી શકશે નહિ, વળી કામ વાસનાઓ નાશ પામશે. કામ-વાસનાનો સંબંધ વય સાથે નથી, મન સાથે છે.

દૃષ્ટાંત :–એક સમયે જુવાન દીકરો રીસાઈને ઘરમાંથી ભાગ્યો. તેને પકડવા તેનો બાપ પાછળ પડયો. છોકરો આગળ ને બાપ પાછળ ચાલ્યાં જાય છે. તે કોઈ ગામ આગળ પહોંચ્યા ત્યાં એક તળાવમાં સ્ત્રીઓ ન્હાતી હતી. છોકરાની નજર તે ઉપર પડી, એ જોતાં તરત જ પોતાની નજર પાછી ખેંચીને નીચી નજરે આગળ વધી રહ્યો. ત્યાર પછી તેની પાછળ તેનો બાપ (આધેડ વયનો) એ જગ્યાએથી પસાર થયો. ત્યારે તેની નજર પણ એ તળાવમાં ન્હાતી સ્ત્રીઓ ઉપર પડી, પણ એ નજર પાછી ન ખેંચી લેતાં જોતાં જોતાં ચાલ્યા કર્યું. ત્યારે સ્ત્રીઓએ કપડાં જલ્દી જલ્દી પહેરી લીધાં.

બાપ આગળ જતાં પોતાનાં દિકરાને પકડીને પાછો પોતાના ગામ તરફ આવવા માંડયો. ત્યારે તળાવ આગળ સ્ત્રીઓને બાપે પુછયું.

'હે બહેનો ! હું જ્યારે તળાવ પાસેથી પસાર થયે ત્યારે તમે કપડાં જલ્દી પહેરી લીધાં અને મારો છોકરો તમારી પાસેથી પસાર થયો ત્યારે તમે તળાવમાં નાહ્યા જ કર્યું તેનું કારણ કહો.'

ત્યારે એક સ્ત્રીએ કહ્યું : 'તમારા છોકરાએ અમને જોતાં જ પોતાની દૃષ્ટિ તરત પાછી ખેંચીને આગળ ચાલવા માંડ્યું; જ્યારે તમે અમને જોવાનું જ ચાલુ રાખ્યું એટલે અમને અમારા કપડા ઉંચાવળથી પહેરવાની જરૂર પડી. ત્યારે આપે પોતાની ભૂલ કબૂલ કરીને કહ્યું કે બરાબર છે. મેં મારી નજર પાછી ખેંચી નહી. (એટલે જ વિષય-વિકાર માટે વયથી સંબંધ નથી પણ મન સાથે સંબંધ છે.) આ તો એક રૂપક કથા છે પણ સમજવા માટે છે.

ઘોડો ગમે તેવો તોફાની હોય, પણ બેસનારને બેસતાં આવડતું હોય અને લગામ હાથમાં બરાબર પકડી હોય, તો ઘોડાના તોફાનને જોઈ બીજા ભલે ગભરાય પણ ઘોડે બેસનાર ન ગભરાય. લગામ હાથમાં જોઈએ. તેવી રીતે મનના તોફાની ઘોડાને જ્ઞાની ભગવંતો કાબુમાં લઈ શકે છે કારણ એની લગામ એ બરાબર પકડી શકે છે.

'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું'. એ વાત ન ખોટી.

પાપનું દ્વાર જ મન છે. ત્યાં પળેપળની ચોકી રાખો. મનના પાપે મચ્છ તંદુલીઓ ગયો સાતમી નરકે.

સમુદ્રમાં મોટા મગરમચ્છનું મોઢું ખુલ્લું હોવાના કારણે બીજાં નાનાં ઘણાં મચ્છો-માછલીઓ એના મોઢામાં જઈને બહાર નીકળી જતાં તે વખતે તંદુલીઓ મચ્છ-મગરમચ્છની આંખની પાપડમાં બેઠો હતો. અને આ જોઈને એને વિચાર આવ્યો કે આ મગરમચ્છ કેટલો મુર્ખ છે. એ આવેલા ખોરાકને (નાના મોટા જીવો) હરફ કરતો નથી.

જવા દે છે. એ ઠેકાણે હું હોઉં તો એક પણ જીવને જવા ન દઉં, બસ. એ મનમાં વિચાર આવ્યો. અને એનું આયુષ્ય તો અંતર્મુહૂર્ત–બે ઘડીનું હતું. એ મરીને સીધો સાતમી નરકે ગયો.

બોલો હવે એણે શું બાધું અને શું પીધું. ફક્ત મનના વિચારોના પાપે કેવી સજા.

વીણ બાધા વીણ ભોગવ્યાજી, ફોકટ કર્મ ન બંધાય.

તેનો ઉપયોગ રાખવાની ઘણી જ જરૂર છે. નહિ તો હસતાં બાંધ્યાં રોતાં નહી છૂટે.

મનમાં કામ વિકારના પાપથી મણિરથ રાજાને ભોગની ઇચ્છા ફળી પણ નહિ અને મનના પાપે એનો આત્મા દુર્ગતિમાં ચાલ્યો ગયો.

વિષયમાં અંધ બનેલા મણિરથ રાજાએ પોતાના સગા-ભાઈ યુગબાહુને તલવારના ઘાથી મારી નીચે પછાડયો. યુગ-બાહુને તે વખતે આર્ત્ત–ધ્યાન રૌદ્ર–ધ્યાનનાં કારણો ઉપસ્થિત થયાં. પરંતુ યુગબાહુની ધર્મપત્ની મદનરેખાએ પોતાના પતિની પાસે બેસીને ધૈર્ય રાખીને ઘણી સારી રીતે અંત સમયની નિર્યામણા કરાવી. તે આ પ્રમાણે. (ટુંકમાં લખું છું) 'હે ધીર ! અત્યારે ધીરપણું અંગીકાર કરો. કોઇના ઉપર રોષ કરશો નહી. તમારાં કરેલાં કર્મો તમારી પાસે લેણું લેવા આવ્યા છે. તે કર્મોને સમભાવે સહન કરો. જીવોએ પોતે કરેલાં કર્મો વેદવાનાં છે. બીજા તો નિમિત્ત માત્ર છે.

ચોર્યાસી લાખ જીવયોનિમાં રહેલા સર્વે જીવોને ખમાવો. ચતુર્વિધ આહારનો પણ ત્યાગ કરો. શરીરને પણ વોસિરાવો.

'હે જીવ! આ શરીર ક્ષણભંગુર છે. ક્ષણવિનાશી છે, અશાશ્વતું છે અને આત્મા જેનાથી જુદો શાશ્વત રૂપ છે, અવિનાશી છે. કર્મના વશથી તમારો તેની સાથે સંબંધ થયો છે. એવા શરીર પ્રત્યે મૂર્છા ન રાખશો. ઇત્યાદિ ઘણા સારા શબ્દોથી નિર્યામણા કરાવી કે જેથી તુરત જ યુગબાહુ કાળધર્મ પામી પાંચમા બ્રહ્મ દેવલોકમાં દશ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા.

અહો! શુભ ભાવનાથી કરેલ નિર્યામણાનો કેટલો બધો પ્રતાપ! જો કદાચ તે સમયમાં મદનરેખા વિલાપ કરવા મંડી પડી હોત અને યુગબાહુને–આર્તધ્યાન–રૌદ્રધ્યાનના કારણો ઉત્પન્ન હોત તો યુગબાહુ દેવલોકમાં જઈ શકત ખરા?

હે આત્મા! તું વિચાર કર. આવી સુંદર આરાધના કરવાનું કયારે બને, જ્યારે આગળથી સમાધિ મરણનો અભ્યાસ હોય ત્યારે. આવા દુઃખ સમયે પણ સુંદર આરાધના કરવાનું ભુલી શકાય નહિ? આવું ઉચ્ચ ધર્મનું શિક્ષણ (ગળથુથી) માતાપિતાના ઘરેથી મદનરેખાને મળેલું હોવું જોઇએ.

વડીલબંધુના પ્રહારથી મૃત્યુ નજીક પહોંચેલા પતિરાજ યુગબાહુને સતી મદનરેખા વેરની આગ જન્માંતરમાં સાથે

નહી લઈ જવા સંબોધે છે. એ કહે છે. 'નાથ! મારી ચિંતા છોડી દો. હું ક્ષત્રિયાણી છું. હું નિર્બળ નથી. હું અગ્નિ સમાન છું. મને અડકનારના હાથમાં કશું જ આવશે નહી. ચિંતા છોડી દો. મોહ ત્યજી દો. વેરભાવના શમાવી દો. અંતરને ઉદાર બનાવી સર્વનું શ્રેય: વાંછો. જન્માંતરમાં તમારા શાંત–સ્વસ્થ વ્યક્તિત્વને સાથે લેતા જાઓ.' આવી સુંદર આરાધના અંત સમયે કરનાર સ્ત્રીને લાખલાખ ધન્યવાદ. નહિ તો પોતાના પતિના મરણ વખતે રડવા–કુટવાનું સુઝે કે નહિ? આ પણ ઊંચા સંસ્કારની કેળવણી પામેલા આત્મા કહેવાય.

સુકૂળની સન્નારીઓને પોતાના શીલની કેટલી કિંમત છે તે આ દૃષ્ટાંતથી સમજી શકાશે. શું કીધું કે મને અડકનારના હાથમાં કશું જ આવશે નહિ. એને શીલ ધર્મની કેટલી કિંમત હશે?

મણિરથ રાજા ત્યાંથી ભાઈનો વધ કર્યા બાદ પોતાના ગર ભણી પૂર વેગમાં આગળ વધી રહ્યાં હતાં, ત્યાં સ્તામાં સર્પદંશ થતાં મૃત્યુ પામી પાંચમી નરક–પૃથ્વીમાં ત્પન્ન થયાં. કર્મ કોઈને છોડતાં. નથી. અતિ ઉગ્ર પુણ્ય કે ાપ જીવને કેટલીક વાર આ ભવમાં જ ભોગવવા પડે છે. મણિરથ રાજા વિણ ભોગવ્યા પાપ કરીને દુર્ગતિમાં ચાલ્યો ાયો કે નહિ?

પાછળથી સતી મદનરેખાને પણ શીયળ ધર્મની રક્ષા માટે ઘણાં કષ્ટો વેઠવાં પડયાં છે. તેમ સગર્ભા હોવાથી

જંગલમાં પુત્રને જન્મ આપેલો, જે નમિરાજર્ષિ તરીકે જૈન શાસ્ત્રમાં પ્રખ્યાત છે. સતી મદનરેખાને ખબર ન હતી કે, મણિરથ રાજા રસ્તામાં મૃત્યુ પામી ગયા છે. તે તો પોતાના શિયળની રક્ષા માટે પોતાના પતિના મૃત્યુ બાદ તે ત્યાંથી ઘેર જંગલમાં ચાલી ગઇ. તેમના પુત્ર ચંદ્રયશા પણ ત્યાં હાજર હતાં પણ સૌ શોકાતુર બનેલા હોવાથી અને રાત્રિનો સમય હોવાથી મદનરેખા કયારે ત્યાંથી ચાલી નીકળી તેની કોઇને ખબર પડી નહીં. તેમણે જંગલમાં પુત્રને જન્મ આપ્યો હતો તે પછી પ્રસૂતિના કપડા સાફ કરવા માટે પુત્રને ઝાડ નીચે સુવડાવીને સામેની નદીએ જતાં રસ્તામાં એક હાથીએ મદનરેખાને પકડીને આકાશમાં ઉછાળી. (જુઓ કર્મ શું કરે છે.)

એક વિદ્યાધર વિમાનમાં જઇ રહ્યો હતો. તેણે મદનરેખાને અદ્ધર પકડીને પોતાના વિમાનમાં લઇ લીધી. વિદ્યાધરને મદનરેખાનું રૂપ જોઇને પોતાની સ્ત્રી બનાવવાની ઇચ્છા થઈ. એટલે કહ્યું કે મનુષ્યણી! તારા રૂપ પર હું મોહિત થઈ ગયો છું. તું મારી સ્ત્રી થા. આ સાંભળતાં જ મદનરેખાને થયું કે ધિક્કાર થાઓ આ મારા રૂપને. પછી વિચાર થયો કે હમણાં હું જે કાંઈ કરીશ તે વાત એના ગળે ઉતરશે નહિ. એટલે મનમાં નવકાર મંત્રનું સ્મરણ કરતાં વિદ્યાધરને કહ્યું કે હમણાં તો પહેલાં મારા પુત્ર પાસે મને લઈ જાઓ. હું તેને જન્મ આપીને ઝાડ નીચે સુતો મુકીને નદીએ કપડાં ધોવા જતી વખતે હાથીએ મને પકડીને ઉછાળ્યો.

અને તમે મને અદ્ધર ઝીલીને મને જીવિતદાન આપ્યું. તે હું તમારો મહાન ઉપકાર માનું છું. પહેલાં પુત્રનું મોંઢું જોવા દો. પછી બીજી વાત. એટલે વિદ્યાધર વિમાનમાં બેસાડીને ઝાડ પાસે લાવ્યો. પણ ત્યાં પુત્ર હતો નહી. એટલે મદનરેખા મુર્ચ્છિત થઈ ગઇ. તે ભાનમાં આવી ત્યારે વિદ્યાધરને પૂછ્યું કે આપ હમણાં કયાં જઈ રહ્યાં હતાં ? વિદ્યાધરે કહ્યું કે મારા પિતા સંસારનો ત્યાગ કરી ચારિત્ર લઈને પહાડ ઉપર તપ કરે છે. તેના દર્શને જઈ રહ્યો હતો. એટલે મદનરેખાએ કહ્યું કે મને પણ એવા મહાત્માના દર્શન કરાવો. પછી જે કહેવું હશે તે સાંભળીશ.

વિદ્યાધર મદનરેખાને વિમાનમાં બેસાડીને (પોતાના પિતા) સાધુ ભગવંત પાસે આવ્યો. તે વખતે સાધુ મહાત્માએ ધ્યાન પૂર્ણ કરેલ હતું. બન્નેને સાથે જોતાં તરત જ જ્ઞાન વડે પોતાના દિકરાના અશુભ વિચારો સમજી ગયાં. બંને જણા સાધુ ભગવંતને પ્રણામ કરી સામે બેઠા ત્યારે મહાત્માએ ધર્મોપદેશમાં (કામ વિકાર) પરસ્ત્રીના મહાન પાપને સમજાવીને વિદ્યાધરના અશુભ વિચારોને પલટી નાખ્યા. વિદ્યાધરને શુભ વિચાર આવતાં જ તરત જ સાધુ મહાત્માના પગમાં પડીને પોતાની ભૂલની માફી માગી અને મદનરેખાના પગમાં પડી તું મારી ધર્મની બહેન છે એમ કહીને પણ માફી માગી. અને મદનરેખાને કહ્યું કે 'હે ભગિની હવે તારૂં શું કલ્યાણ કરૂં તે કહે.' ત્યારે મદનરેખાએ જ્ઞાની મહાત્માને પૂછ્યું કે 'મારા પુત્રનું શું થયું ?'

જ્ઞાની મહાત્માએ કહ્યું : 'મિથિલા નગરીનો રાજા જંગલમાંથી પસાર થતો હતો ત્યારે ઝાડ નીચે શિશુને જોયો.. તેને લઇ જઇને પોતાની રાણીને પોતાના પુત્ર તરીકે સોંપ્યો અને એ બાળક ત્યાં ઉછરી રહ્યો છે. તે ભવિષ્યમાં એ જ નગરીનો રાજા થશે.'

ત્યારે મદનરેખાએ વિદ્યાધરને કહ્યું : હે બાંધવ! મને મારા પુત્ર પાસે નગરીમાં લઈ ચાલ. ત્યાં હું મારા પુત્રનું મોંઢું જોઈને કોઈ પણ સાધ્વી પાસે ચારિત્ર લઇ લઇશ.' એટલે વિદ્યાધરે મદનરેખાને એ નગરીના ઉપાશ્રય આગળ મુકીને કહ્યું કે, 'હે બ્હેન ! હવે તને જેમ યોગ્ય લાગે તેમ કરજે, હું જાઉં છું. મદનરેખાએ કહ્યું 'હે વીરા ! તારૂં કલ્યાણ થાઓ. મદનરેખાએ ઉપાશ્રયમાં સાધ્વી મહારાજ પાસે આવીને વંદના કરી, ગુરૂઆણી પાસે બેઠી અને રડતા હૃદયે પોતાની આપવિતી કહી સંભળાવી. એ સાંભળીને ગુરૂઆણીએ મદનરેખાને કહ્યું કે 'હે શ્રાવિકા આ સંસાર એવો જ છે. અને તેમાં આપણા ગતભવના કર્મે સુખ–દુઃખ થાય છે. આ કારણે મહાપુરુષોએ પણ સંસારનો ત્યાગ કરીને ચારિત્ર માર્ગ અપનાવ્યો છે. એ રીતે ધર્મનો ઉપદેશ આપીને સંસારની અસારતા સમજાવી. એ સાંભળીને મદનરેખાને સંસાર ઉપરથી વૈરાગ્ય થતાં હવે પોતાના પુત્રનું મોંઢું જોવાનું મન રહ્યું નહી. એટલે ગુરૂઆણીને કહ્યું કે મને અપનાવી લ્યો. એટલે ચારિત્ર આપીને મને તમારી સાથે લઇ લો. જેથી હું મારા આત્માનું કલ્યાણ કરી શકું. એટલે

ગુરૂઆણીએ મદનરેખાને ચારિત્ર આપીને સાથે લીધા. હવે તો મદનરેખા સાધ્વી બની ગયાં. અને તપ–જપ–એક ધ્યાનથી કરવા લાગ્યાં.

આ બાજુ મદનરેખાના પુત્ર પરંપરાએ મિથિલાના રાજવી નમિરાજા તરીકે પ્રખ્યાત થયાં હતાં. તે પછી પોતાના ભાઈ ચંદ્રયશા સામે હાથી માટે યુદ્ધે ચડયાં હતાં. મદનરેખા સાધ્વીને ખબર પડી કે બંને ભાઈઓ અણસમજમાં યુદ્ધ કરશે એ અનુચિત થશે. એટલે પોતાના ગુરૂણીની રજા લઇ બન્ને ભાઈઓને ભાઇઓ તરીકેના સંબંધ સમજાવીને યુદ્ધ બંધ કરાવી દીધું. પછી ત્યાંથી ચાલી નીકળ્યાં. અને ચારિત્રની સુંદર આરાધના કરીને દિવ્યગતિને પામ્યાં.

–: ભારતની સન્નારીઓને શીલની કિંમત કેટલી હતી તે ઉપર અજૈનનું દૃષ્ટાંત :–

કાશી વિશ્વનાથ મંદિરે દર વર્ષે મેળો ભરાય છે. લાખો યાત્રાળુઓ ત્યાં જાય છે. આટલી માનવ મેદનીમાં બધા યાત્રાળુઓ કાંઇ ભક્તિ ભાવથી પ્રેરાઈને આવતા નથી. કેટલીય વ્યક્તિઓ વિવિધ મનોવૃત્તિથી આવેલ હોય છે. કોઈ સારાં સારાં નોઢાં જોવા મલશે એમ ધારીને પણ આવેલ હોય છે. આ રીતે મોટી માનવ મેદની થવા પાછળ અનેક કારણો હોય છે.

એક સમયે સંયુક્ત પ્રાંતની એક યુવાન સ્ત્રી પાછળ એક ગુંડો પડયો, તે સ્ત્રીની ગુંડાએ છેડતી કરી એટલે તે એક દિવાલ આગળ આવીને ઊભી રહી ગઇ. ગુંડો પણ તેની પાછળ ત્યાં આવ્યો અને તેના શરીરને સ્પર્શ કર્યો.

તે સ્ત્રીએ ગુંડાની ગરદન પકડીને પૂછયું. મારા શરીરને સ્પર્શ કરનાર કાં તો મારો પતિ હોય અગર તો પુત્ર. બોલ તું કોણ છે ? ગુંડો તો કામાસક્ત હતો. તેણે પોતાની ગરદન છોડાવી અને જેવો તે સ્ત્રીનું શીયળ લુંટવા ગયો કે તરત જ તે સ્ત્રીએ દિવાલ સાથે ગુંડાનું માથું એવા તો જોરથી અફળાવ્યું કે ગુંડાનું માથું ફાટી ગયું. અને ત્યાં જ મરણ પામ્યો. પોલીસે બાઈને પકડી. ગુંડાને મારી નાખવા બદલ તેના પર કેસ ચાલ્યો. પોતાના શિયળની રક્ષા કરવા જતાં નિપજેલા મરણ બદલ બાઈને ન્યાયાધિશે નિર્દોષ છોડી મુકી અને તેની વીરતા અને નિડરતા માટે પોતાના ચુકાદામાં માન ભરી નોંધ લીધી. આ તો જૈનેતર બાઈ હતી. તો જૈનધર્મમાં શિયળની કેટલી કિંમત છે ? આજે આપણી પરિસ્થિતિ જુદી છે. સ્ત્રીના સતીત્વનું અને લોકોના ચારિત્રનું ધોરણ ઘણું નીચું ઉતરી ગયેલ છે.

સ્ત્રીનો સાચો શૃંગાર શું છે ? શીલ કે નહિ ? શીલ એ નારી જીવનનો કિનારો છે. જેમ નદીને કિનારો છે કિનારા વગરની નદી જેમ તેમ વહેતી રહે, તેમ શીલ વગરની નારી ગમે તે રીતે ચાલતી રહે. સ્ત્રીના જીવનમાં સંયમનું તત્ત્વ હોવું જોઇએ. સંયમ એ કિનારો છે. એકવાર સરિતાએ કિનારાને કહ્યું. 'તમે તૂટી જાઓ. કારણ કે અમને હરવું–ફરવું બરાબર ફાવતું નથી." ત્યારે કિનારાએ કહ્યું. "જો અમે તૂટી જઈશું તો તમારે (સરિતાને) રણમાં ફેરવાઇ જવું પડશે અને મહાસાગરને મેળવી શકશો નહિ." તેમ

આપણુ જીવનની આસપાસ સંયમરૂપી કિનારો નહિ હોય તો જીવન ગમે ત્યાં વેડફાઈ જશે ને નાશ પામશે.

શીયળ ઉપર સતી સીતાનું દૃષ્ટાંતઃ

દાનવ સ્ત્રિયાँ સીતાજીके पास दौड पडी। उन्होंने कहा, "महासतीजी ! सिर्फ आपकी जिदके कारण यह संग्राम हुआ ! क्या आपको मालुम है कि महाराजा रावण को अपनी देह अर्पण न कर देनेसे जो युद्ध होगा उसमें लाखों स्त्रियाँ अपने पतिदेवों-को गवांकर विधवा हो जायेगी ?" लाखों माताएँ अपने बेटे को गवांकर पुत्र हीन बन जायेगी ! हाय ! क्या आप वैधव्यके यह दुःख उनके शिर थापना चाहती है ? लाखों जनेताओंको निःसंतान करेंगी ? इससे तो आप अपनी देह....

"**शांतम् पापम् ! शांतम् पापम् !** सीताजीने गंभीर स्वरमें कहा, मैं आपसे पूछती हुँ कि अगर मैं अपनी देह रावण को सौंपूंगी तो इस आर्य देशमें भविष्य में होनेवाली करोड़ो स्त्रीयाँ मेरे दृष्टांत से प्रेरीत होकर, परपुरुषको अपनी देह सोंप-कर कुल्टा बन जायेंगी इसका क्या ?"

"इससे लाखोंके वैधव्य और पुत्र वियोगकी दुःख प्राप्तिका विकल्प बेहतर नहीं है क्या ? आपही बताइये कि लाखों विधवाएँ बने इससे करोडों कुलटाएँ बने यह ज्यादा बुरा नहीं है ?"

दैत्य स्त्रीयाँ मौन होकर चली गई !

(વિકાશ પરિચય પુસ્તકમાંથી સાભાર)

મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી

સ્ત્રીને શિયળની કેટલી કિંમત છે તે આ બંને દૃષ્ટાંતો ઉપરથી સમજી શકાય છે. એ પણ ભારતની નારીઓ હતી કે નહિ? વર્તમાન કાળમાં શીલની જેને કિંમત નથી એવા જૈન કુળમાં જન્મેલા વિધવા વિવાહને (પુનર્લગ્ન) એક ધાર્મિક કાર્ય કહે છે. (શો જુલ્મ થવા બેઠો છે!)

કહેવાનો આશય એ છે કે ઇતર ધર્મમાં ભલે એ ધાર્મિક કાર્ય કહેવાતું હોય પણ જૈન ધર્મમાં એને ધાર્મિક કાર્ય કહેવાતું નથી. છતાં જેને જેમ સમજવું હોય તેમ સમજે.

—: ગઇ કાલે જે કલંક ગણાતું હતું, આજે તે કાનૂન બની ગયું! :—

એક જમાનો હતો કે ગર્ભપાત સામાજિક કલંક ગણાતું હતું કે નહિ? તે આજે છડેચોક બની ગયું તેનું કારણ વર્તમાનકાળનાં શાસને આવા પાપને ઉત્તેજન આપીને છૂટછાટ કરી મૂકી.

"ગર્ભપાત એ ગર્ભાશયમાં બાળકની હત્યા જ છે."
—મધર ટેરેશા—

પ્રતિષ્ઠિત સાધ્વી તરીકે પ્રખ્યાત થયેલા મધર ટેરેશાએ ગર્ભપાતના હિમાયતીયો પર જબ્બર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું હતું કે 'ગર્ભપાત એ માતાના ગર્ભની હત્યા સિવાય બીજું કાંઇ જ નથી.'

: વાંચો તા. ૧૦ નવેમ્બર ૧૯૭૯ મુંબઇ સમાચાર :

હવે વિચારો. ઇતર ધર્મના (મહિલા) માં મધર ટેરેશાને જો આ 'ગર્ભપાત' પાપ લાગતું હોય તો (સ્વધર્મ) સમ્યક્ત્વ ધર્મવાળાને તો એ મહાપાપ લાગવું જોઈએ, કે નહિ ? પણ વર્તમાન કાળમાં થતા પાપોનું કારણ વર્તમાન કાળનું કુશિક્ષણ સિવાય બીજું શું સમજવું ? અને તેમાં જો સરકાર સાથ-સહકાર ખુલ્લી રીતે આપતી હોય તો પછી ભય શાનો ? મૂળ વાત તો આ પણ ધર્મ ઉપર આવે છે કે ધર્મને ભુલી જવાને કારણે પાપનો ભય રહેતો નથી. નહીં તો કર્મ કરતાં જરૂર વિચાર થાય કે મારા કરેલા મને જ ભોગવવા પડશે. દેવદુર્લભ મનુષ્ય અવતાર મળ્યો છે. અને તેને જેમ તેમ જેવી તેવી રીતે વિફળી દઈશ તો મારૂં બરાબ હું પોતે જ કરી રહ્યો છું. ઈ તિહાસ જુઓ કે ભારતની સન્નારીને શીલની કેટલી કિંમત હતી. શરીર જાય તો ભલે જાય પણ શીલ ન જવું જોઈએ ? એ આપણા સુશિક્ષણ અને સંસ્કારનું કારણ હતું. એવા ઘણા દૃષ્ટાંતો જૈન શાસ્ત્રમાં આવે છે.

: સતીત્વ :

નારી નથી તે નાગણી, જે પાપથી ડરતી નથી;
રમણી નથી તે રાક્ષસી, જે શીયળ સાચવતી નથી.

નારી સતી નિજ જીવનની, પરવા જરા કરતી નથી;
જે વરી એક નાથને, તે અવરને વરતી નથી.

–: શ્રી જિનેશ્વર દેવના શાસનમાં સતીધર્મની કેટલી અને કેવી મહત્તા છે તે ઉપર શ્રીમતી રૂપસુંદરીના વિચારો દર્શાવતું દૃષ્ટાંત :–

સુમાતાની મનોદશા :– શ્રીમતી મયણા સુંદરીની માતા શ્રીમતી રૂપસુંદરી કે જે શ્રી જિનેશ્વર દેવના ધર્મના સુવાસિત અંતઃકરણવાળી છે. તેણી પોતાની પુત્રીના દુઃખથી (જ્યારે મયણાસુંદરીને રાજા પ્રજાપાળે કોઢીયા સાથે પરણાવી દીધી તે દુઃખથી રાજા સાથે (પોતાના પતિ સાથે) રોષ કરીને શોક સાથે પોતાના બંધુ પુણ્યપાળના મંદિરે (ઘરે) રહે છે. ધીમે ધીમે શ્રીમતી રૂપસુંદરી શ્રી જિનેશ્વર દેવે કહેલાં વચનોથી શોકને વીસરી ગઇ છે. કોઇ એક દિવસે જે સમયે શ્રીમતી મયણાસુંદરી પોતાના પતિની સાથે જે જિનમંદિરમાં ભાવપૂજા કરી રહી છે; તે સમયે તેણી શ્રી જિનમંદિરમાં આવી.

શ્રી જિનમંદિરમાં આવેલી તેણીએ દેવવંદન કરવામાં રક્ત, ચતુર અને પ્રત્યક્ષ સુકુમારના જેવા નિરૂપમરૂપવાળા કુમારને જોયો અને તે કુમારની પાસેના ભાગમાં રહેલી તે સ્ત્રીને પણ તેણીએ જોઇ. એ જોઇને, શ્રીમતી રૂપસુંદરી ચિત્તમાં વિચારે છે કે— " મારી પુત્રીના જેવી આ નાની વહુ કોણ છે ?" આ પ્રમાણે વિચાર કરતી તેણીએ ખાસ ઉપયોગ પૂર્વક જોયું, તો તેણીએ તે નાની વહુ જેવી જણાતી યુવતીને શ્રીમતી મયણાસુંદરી તરીકે ઓળખી લીધી. અને તેણીના હૃદયમાં નિશ્ચય થઈ ગયો કે— 'નક્કી, સતીના માર્ગનો

ત્યાગ કરનારી બનીને આ મયણા, તે કોઢિયાને ત્યજી દઈને આ કોઈ અન્ય પુરૂષની પૂંઠે લાગી છે.' આવી જાતનો નિશ્ચય થઈ જવાથી, શ્રી જિનેશ્વરદેવના ધર્મની પરમ રાગિણી શ્રીમતી રૂપસુંદરીના હૃદયમાં ભારે આઘાત થયો. કારણ કે પુત્રીને સતીના માર્ગમાંથી ભ્રષ્ટ થયેલી જોવી, એ સુમાતાને અસહ્ય જ હોય છે. સતીના માર્ગના મર્મને સમજનારી સ્ત્રીઓની મનોદશાને સમજવા માટે, આજના કહેવાતા સુધારકોએ કોઈ જુદી જ જાતિના અને જીવનમાં સુદૃષ્ટિથી નહિ જોયેલા એવા સાહિત્યનો, વિશિષ્ટ અભ્યાસ કરવો પડશે; અન્યથા સતીઓના સતીધર્મનું ભાન થવું. એ તેમને માટે ઘણું જ મુશ્કેલ.

શ્રીમતી રૂપસુંદરી સતીધર્મની પરમ ઉપાસિકા છે; એથી એના હૃદયમાં શલ્ય પેસે છે. 'પોતાની દિકરીએ ઘણું જ અયોગ્ય કર્યું.— એમ એ માતાને થાય છે : અને એથી સુમાતાને દુઃખ થાય છે.

કુળવાન છે માટે આમ થાય છે, નહિં તો પોતાની દીકરીને આવા સુખમાં જોઈને દુઃખી કોણ થાય ! જેના અંતરમાં સતીધર્મનો રાગ હોય તેજ દુઃખી થાય; બીજી નહિ જ ! બીજી માતાઓને તો, આવા દેવકુમાર જેવા જમાઈને જોઈને પ્રેમ થાય ! પોતાની દીકરીના આત્મા સંયોગ માટે આનંદ થાય ! પણ સમ્યગ્દૃષ્ટિ આત્માને તેમ ન જ થાય. જો પોતાને સમ્યગ્દૃષ્ટિ ગણાવતા આત્માને પણ

એથી આનંદ જ થાય તો માનો કે— 'એ આત્માને પ્રભુનું દર્શન મળ્યું પણ ફળ્યું નથી.'

આ સ્થળે શ્રીમતી મયણાસુંદરીની માતા એજ વિચારે છે કે— 'જરૂર, મારી દીકરીએ કોઢિયાને તજ્યો અને બીજાને ભજ્યો; પણ આ વિચારની સાથે જ, પોતાની પુત્રી પ્રત્યે પરમ વિશ્વાસ ધરાવનારી માતાના હૃદયમાં એમેય થાય છે કે— 'બરોબર, મદના શ્રી જિનેશ્વરદેવના મતમાં નિપુણ છે; એટલે તેણી માટે આવા અકાર્યની સંભાવના થઈ શકે તેમ નથી.

વર્તમાન કાળના કુશિક્ષણ (ગંદુ શિક્ષણ) અને કુસંસ્કારના કારણે છૂટા છેડા લેનારને સમજવા જેવું છે કે મયણાએ કોઢિયાને મૂકીને બીજા સાથે લગ્ન ન કર્યા : આનું કારણ સુશિક્ષણ અને ઘરમાંથી મળેલ ધર્મના સંસ્કારનો પ્રભાવ કહેવાય.

પોતે પોતાની પુત્રી મયણામાં જન્મથી સારા સંસ્કારો નાંખેલા છે. એટલું જ નહીં, પણ શ્રી જિનેશ્વર દેવના શાસનમાં શ્રદ્ધાળુ એવા યોગ્ય ઉપાધ્યાયની પાસે ભણાવીને તેણીને શ્રી જિનેશ્વરદેવના શાસનમાં નિપુણ બનાવી છે. એટલે એ માતાનું હૃદય એક વખત તો એમ કહે છે કે— 'મદનામાં આ પાપ ન સંભવે.' પણ વળી પોતાની સગી આંખે એવું વિપરીત દૃશ્ય જુએ છે, એટલે તે સુમાતા પોતાના હૃદયનું સમાધાન કરતાં મનમાં ને મનમાં જ વિચારે છે કે— 'અથવા ખેદની વાત છે કે— આ સંસાર

રૂપ નાટકમાં શું શું નથી સંભવતું ?' વાત પણ ખરી જ છે કે— આ સંસારમાં પંડિત ગણાતા પણ અનેક આત્માઓ લપસી પડયા છે.' એટલે શ્રી જિનેશ્વર દેવના શાસનથી સુપરિચિત આત્માને માટે એવું કાંઈક બને, તો તેમાં પણ કશું જ આશ્ચર્ય લાગતું નથી. સંસારના આવા સ્વરૂપને જાણવા છતાં આકુલવ્યાકુલતાથી મુંઝાતી માતા, મનમાં ને મનમાં વિચારે છે કે— 'અરેઅર, જે પુત્રીએ કુળમાં કલંક લગાડયું અને શ્રી જિનેશ્વર દેવના ધર્મમાં દૂષણ આણ્યું, તે પુત્રીના મરી જવાથી તેવું દુઃખ ન થાત, કે જેવું દુઃખ આ કલંકભૂત જીવતી પુત્રીના આ પ્રકારના અયોગ્ય આચરણથી મને થયું.

વિચારો કે— સમ્યગ્દૃષ્ટિ માતાને પોતાના સંતાનના અયોગ્ય આચરણથી કેટલું અને કેવું દુઃખ થાય છે. અને શ્રી જિનેશ્વરદેવના શાસનમાં સતીધર્મની કેટલી અને કેવી મહત્તા છે ? શ્રીમતી રૂપસુંદરીના વિચારોમાંથી સુમાતા બનવાને ઈચ્છતી એકેએક માતાએ પોતાના હૈયામાં આ વાત ભરી લેવા જેવી છે.

આવી ઉત્તમ ભાવનાઓ સંસારરસિક માતાઓના અંતરમાં ભાગ્યે જ સ્ફુરે છે. સંસારરસિક માતા એક તો આવા જમાતાને (જમાઈને) જોવાથી ગાંડી ને ઘેલી થઈ જાય ! અને પોતાની કુલકલંકિની પુત્રીને પણ ડાહી અને ડમરી માનવાની ઘેલછામાં પડી જાય ! આનું કારણ વર્તમાન કાળે મળતું કુશિક્ષણ અને કુસંસ્કાર સિવાય શું સમજવું ?

જીવને સુખોનું કારણ પૂર્વે કરેલું પુણ્ય છે અને દુઃખોનું કારણ પૂર્વે કરેલું પાપ છે. આ વાત પણ સંદેહ વિનાની છે. 'ઉદયમાં આવતા શુભ અને અશુભ પરિણામને નથી તો સુરો–અસુરો રોકી શકતા, નથી તો નરવીરો રોકી શકતા, અને નથી તો બુદ્ધિમાનો કે બલવાનો રોકી શકતા ! અર્થાત્ ઉદયમાં આવતા શુભાશુભ કર્મપરિણામને જગતનો કોઇજ પ્રાણી રોકી શકતો નથી.' અશુભ કર્મનો તીવ્ર ઉદય ભલભલા આત્માઓની પણ દુર્દશા કરે છે. કયા સમયે કયા આત્માનું કેવું પતન થશે તે કહી શકાય નહિ ! સંસાર વિચિત્ર છે. કારણ કે શુભપુદ્‌ગલો ક્ષણવારમાં અશુભ પણ થઈ જાય છે. અને અશુભ પુદ્‌ગલો ક્ષણવારમાં શુભ પણ થઈ જાય છે.

–: જૈન એટલે શ્રી જિનેશ્વર ભગવંતના શાસનને માનનારો :–

જૈનદર્શનમાં વાણી સ્વાતન્ત્રય નથી. પણ પારતન્ત્ર્ય છે. વાણી સ્વાતંત્ર્યના સ્વામિ કેવળીશ્રી કેવળજ્ઞાની વીતરાગ તીર્થંકર પરમાત્મા જ છે. પૂ. આચાર્યોને પણ સ્વતંત્ર નથી કહેવાનું, પણ શ્રી પરમાત્માએ પ્રકાશેલું જ કહેવાનું છે.

શ્રી જિનશાસન એમ કદીજ કહેતું નથી કે મારો ભક્ત કે મારો અનુયાયી ગમે તેમ વિચારે, ગમે તેમ બોલે કે ગમે તેમ ચાલે. તો પણ મારા અનુયાયી તરીકે રહી શકે. યથેચ્છ વર્તવું, યથેચ્છ ભાષણ કરવું (બોલવું) અને

યથેચ્છ વિચારો ધરાવવા એ જૈનશાસનને માન્ય નથી. શ્રી જૈનશાસન તો કહે છે કે— 'મન, વચન અને કાયાથી યથેચ્છ વૃત્તિ અને પ્રવૃત્તિનો ત્યાગ કરો. જગતના કાયદાથી અહીંનો કાયદો વિલક્ષણ કોટિનો છે? વાણીમાં બીજું બોલવું, મનમાં બીજું ચિંતવવું અને ક્રિયાથી બીજી રીતે વર્તવું એ અન્ય મતો હજી પણ નિભાવી લેશે પણ જૈન મત એ વાતને નિભાવી લે તેમ નથી.

વર્તમાનકાળના સુધારક વિચારોવાળા આજના યુગને અનુરૂપ ધર્મને નામે ભાષણો કરીને ધર્મના સિદ્ધાંતો સમજાવવાને બદલે પોતાની અનુકુળતા મુજબ ધર્મને સમજાવીને ડહાપણ ડોળે છે. પણ એને કોણ સમજાવે કે શ્રી જિનેશ્વર ભગવંતનું શાસન જયવંતુ વર્તે છે. એ શાસનને પામીને અનંત ભવ્ય આત્માઓ આત્મા ઉપર લાગેલા કર્મમળને દૂર કરીને પોતાના નિર્મળ આત્મ સ્વરૂપને પ્રગટ કરીને આત્મકલ્યાણ કરી ગયાં છે. વાંચો **નમિરાજાનું દૃષ્ટાંત :**

–: ખરી શાંતિ :–

નમિરાજર્ષી રાજ્ય કરતાં વ્યાધિથી ઘેરાયાં. તેના શરીરમાં દાહજ્વરને કારણે આખા શરીરમાં અંગારા ઉઠયા હોય તેમ બળું બળું થવા લાગ્યા. ઘડીકમાં જમણે પડખે તો ઘડીકમાં ડાબે પડખે–કોઇ રીતે શાંતિ ન વળે. રાજર્ષીને પાંચસો સ્ત્રીઓ હતી. રાજાની શાંતિ માટે સર્વે કામે લાગી

ગઈ કારણ કે તે સર્વેનો જીવનાધાર રાજવી હતો. ભાવના ચંદનના કચોળા ભરી-ભરીને રાજવીના શરીર પર ચોપડવા લાગી પણ બળતરા ઘટવાને બદલે ઉલટી વધવા જ માંડી.

જ્યારે માણસ માંદો હોય ત્યારે જરા પણ અવાજ તેને અપ્રિય લાગે છે. પાંચસો સ્ત્રીઓ ચુબડ ઘસતી હોવાથી અને દરેકના હસ્તમાં કંકણ-બલોયા હોવાથી તેનો ખૂબજ અવાજ થવા લાગ્યો. દાહની બળતરામાં આ અવાજે વધારો કર્યો. રાજાથી ન રહેવાયું—તેણે આદેશ કર્યો આ શેનો ઘોંઘાટ છે? બંધ કરો, મારૂં માથું ફરી જાય છે.'

સ્ત્રીઓ ચતુર હતી. તેણે વધારાના ચૂડા ઉતારી નાખી ફક્ત સૌભાગ્યનું ચિહ્ન એક એક વલય રાખ્યું. અને ચંદન ઘસવા લાગી. અવાજ બંધ થઈ જતાં રાજાએ પૂછયું. અવાજ કેમ બંધ થઈ ગયો? વૈદરાજે ખુલાસો કર્યો "આપની પાંચસો સ્ત્રીઓ ચંદન ઘસતી હતી, તેનો એ અવાજ હતો."

"શું સ્ત્રીઓ ચંદન ઘસતી બંધ થઇ ગઈ?"

રાજાએ ફરી પૂછયું.

વૈદરાજે કહ્યું-"ના, ચંદન તો ઘસે છે પણ સર્વ ચૂડા કાઢી નાખી ફક્ત એક સૌભાગ્ય કંકણ જ રાખ્યું જેથી અવાજ આવતો નથી."

આ ખુલાસાથી નમિ રાજવીના મનમાં વિચારોનું ઘર્ષણ જાગ્યું, ખરી શાંતિ એકમાં જ છે. તેની પ્રતીતિ થઈ.

અનેક છે ત્યાં અડખડાટ છે, એક છે ત્યાં આનંદ છે, આમ એકત્વની વિચારણા કરતાં કરતાં દાહનો વ્યાધિ ભૂલી જવાયો અને આત્મ ચિંતનમાં ગરક થઈ ગયાં. (નિમિત્ત શું કરે છે તે જુઓ !) એ વિચારમાં ને વિચારમાં તેમને ઊંઘ આવી ગઈ તેનો પણ ખ્યાલ ન રહ્યો. સવારે જાગતાં જ એકત્વનો અમલ કર્યો. સર્વ રાજપાટ, વૈભવ, સ્ત્રીઓ, કુટુંબ-કબીલો વગેરે અનેકને છોડી આત્માની સાધનામાંજ લયલીન બની જઈ, સંયમ સ્વીકારી લીધું. શ્રી નમિરાજર્ષિ વિરાગી થઈને નગર બહાર નીકળ્યાં અને શ્રી ઈન્દ્રે કસોટી કરવા અંતઃપુર સળગતું દેખાડ્યું ત્યારે શ્રી નમિરાજર્ષિ કહે છે કે આ જે કાંઈ બળી રહ્યું છે તેમાં મારૂં કાંઈ નથી. એવી રીતે ઘણી રીતે ઈન્દ્ર મહારાજાએ શ્રી નમિરાજર્ષિની કસોટી કરી. પણ પોતે એ વખતે પણ ધર્મના માર્ગે જતાં અટકયા નથી. કર્મશત્રુના નાશ માટે પણ મિથ્યાત્વનો ત્યાગ કરી, સમ્યક્‌ત્વનો સ્વીકાર કરવો જ પડશે. "કર્મે શૂરા તે ધર્મે શૂરા." નમિરાજર્ષિ ચારિત્રની સુંદર આરાધના કરી મોક્ષ સુખને પામ્યાં. આ દૃષ્ટાંત તો બહુ જ મોટું છે પણ અહીંયાં તો સમજવા પુરતું ટુંકમાં લખેલ છે,

-: સાચું-સુખ શાંતિ, ધન નહિ, ધર્મ કરશે :-

સંસારમાં દરેક જીવ સુખની અપેક્ષા રાખે છે. જો ધનથી સાચું સુખ મળતું હોય તો, શ્રી અરિહંત પરમાત્માએ ધર્મનો ઉપદેશ ન દેતાં ધનનો ઉપદેશ દીધો હોત. જીવને સમજ પેદા ન થાય ત્યાં સુધી તેને ધનાદિની પ્રાપ્તિ થાય

તેમાં ભલે આનંદ દેખાય પણ તે આનંદ મૂઢતાના ઘરનો છે. આથી જીવને અરેઅર શાશ્વત સુખની પ્રાપ્તિનો ભાવ જાગે અને તેના હેતુ રૂપ ધર્મની ભૂખ જાગે તો તે સાચા સુખનો સાચો માર્ગ હાથમાં આવ્યો ગણાય. જીવને સુખના કારણમાં ધન છે તે દુર્બુદ્ધિ છે. અને સુખના કારણમાં ધર્મ છે. તે સદ્‌બુદ્ધિ છે. આવી બુદ્ધિ જેને મલે તેનું જીવન ધન્ય બની જાય છે. આ માનવ જન્મમાં કમસે કમ આટલી બુદ્ધિ પ્રાપ્ત થાય અને તેની ઝંખના મોક્ષ સુખના (સાચા સુખના) અવશ્ય બીજ સ્વરૂપ છે.

આજે માનવો વિષયની ભૂખ પોષવા ધનને પરિપૂર્ણ સાધન માનતા થઈ ગયા છે. અને એ ચેપ જૈનોમાં પણ લાગી ગયો છે. જેથી શ્રદ્ધાના અંકુરો ધીમે ધીમે કરમાઈ ને અસંતોષ અને લાલસાના કાંટા પ્રગટ થતા જાય છે.

અરે! ભાગ્યશાળીઓ, દેવને દુર્લભ એવો મળેલો માનવભવ, સાથે મળેલું જિનેશ્વરદેવનું શાસન મેળવીને જેણે જિનેશ્વર દેવની આજ્ઞા માની નહિ, પાપ કરવામાં પાછું વાળીને જોયું નહિ, તેનો મનુષ્ય અવતાર ફોકટ જાય છે. એટલું જ નહી ફરીથી તેને માનવભવ મળવો અતિ મુશ્કેલ છે.

હે જીવ! તું પ્રમાદમાં મનુષ્યપણું હારી જઈશ. તો ફરી તે મળવું અતિ મુશ્કેલ છે. માટે પ્રમાદ છોડ અને વીતરાગ ધર્મ સ્વીકાર.

વીતરાગ ધર્મની શકય આરાધના સાથે બીજાઓને તેમાં સ્થિર કરવા, બીજા ધર્મ કરતા હોય તો તેની અનુમોદના કરવી. (વિરાધનાથી બચવું)

–: 'જૈનોની સાચી મુડી ધન નહિ, ધર્મ છે.' :–

પૂર્વ પુણ્યના યોગે જે સ્થાનને પામ્યા છીએ તે અ સ્થાનની જોખમદારીને સમજવી જોઈએ.

પ્રભુ શાસન પામીને પાપ સ્થાનકોના માર્ગે કૂચ કરવી એ તો ભારે અજ્ઞાનતા છે.

"મોત કયારે આવશે, એની ખબર પડતી નથી; મોતને જીતવાની કોઈ, જડીબુટ્ટી જડતી નથી."

મૃત્યુનો ભય કોઈ ટાળવા સમર્થ નથી.

થાવચ્ચાકુમારને જ્યાં નેમનાથ પ્રભુએ મૃત્યુનો ધર્મ સમજાવી દીધો. અને સ્વાતમ રક્ષણ કરવાની ભવ્ય પ્રેરણા આપી દીધી. એટલે સંસારમાંથી તે ચારિત્રની તૈયારીવાળા બની ગયા ! કૃષ્ણ વાસુદેવ એમના પર ઓવારી જાય છે. એમના ઘરે પોતે આવે છે. અને એમને પરખવા કહે છે; તું શા માટે સંસાર ત્યજે છે ? તારી પાસે વૈભવ વિલાસની સામગ્રીનો પાર નથી પછી એ છોડવાનું કોઈ કારણ ? હા, તને જો કોઇના પરાભવનો ભય હોય તો હું, લાવ ઢંઢેરો પીટાવી દઉં કે જો કોઈએ પણ થાવચ્ચાકુમાર પર આંગળીય ચીંધી છે તો વાસુદેવ એની ખબર લઈ નાંખશે. બાકી તને કોઈનો ય ભય રહેવા નહીં દઉં.'

થાવચ્ચાકુમારે જવાબ શો દીધો તે જાણો, 'આ-હા, હા, મહારાજ ! તો તો મારે દીક્ષા લેવાની જરૂર ન રહે. જો આપ એમ બધા ભય નહિ, માત્ર એક મૃત્યુનો ભય, મૃત્યુનો હલ્લો, મારા માથેથી ટાળી દેતા હો !'

-: **કૃષ્ણે હાથ જોડયા** :- કહ્યું 'જા ભાઈ ! જા. મારા મૃત્યુને જ અટકાવવા હું સમર્થ નથી. ત્યાં તારા મૃત્યુનો ભય ટાળી શકવાની શી વાત !'

અન્ય દર્શનમાં મૃત્યુ માટે શ્રીમદ્ ભાગવતના સુ-પ્રસિદ્ધ કથાકાર શ્રી ડોંગરે મહારાજ અવારનવાર કહે છે કે માણસ સામાન્ય પ્રવાસ કે યાત્રાએ જવા નીકળે છે ત્યારે તે પ્રવાસ કે યાત્રા સુખરૂપ નિવડે તે માટે પ્રવાસી સારી એવી પૂર્વ તૈયારી કરે છે. તો પછી આ મહાયાત્રાની સફળતા માટે તો મનુષ્યે સાધ્ય સાથે સભાન રહીને સમજ-પૂર્વક, સંપૂર્ણ પૂર્વ તૈયારી કરવી જ જોઈએ. જીવન અસ્થિર છે, આયુષ્યની મુદત અનિશ્ચિત છે, શરીર ક્ષણ ભંગુર છે, મૃત્યુ સુનિશ્ચિત છે, અને જીવન મૃત્યુની બાબતમાં મનુષ્ય સંપૂર્ણ રીતે અસહાય અને નિરૂપાય છે. એ વસ્તુ-સ્થિતિમાં આ ભર્યા-ભાદર્યા ભાસતા જગતને મોહક લાગતા સંસારને, સ્વજનોને અને પોતાની સર્વ ભૌતિક સંપત્તિને છોડીને ગમે તે ક્ષણે જવાનું એક દિન તો છે જ. ગમે કે ના ગમે પણ જવું તો પડશે ને ?

-: **દૃષ્ટાંત** :-

બાદશાહ સિકંદરે જગતમાં હાહાકાર મચાવી દીધો

હતો. લોકો તેનાથી 'ત્રાહિ મામ્, ત્રાહિ મામ્! થઈ ગયા હતા. એવો બાદશાહ જ્યારે મૃત્યુની શય્યામાં પડેલો છે ત્યારે તેના ધનવંતરિ વૈદ્યોને બોલાવવામાં આવે છે. વૈદ્યોએ કહી દીધું કે– 'રાજન્! આપકા મૃત્યુકાળ નજીકમેં આ ગયા હૈ!'

ત્યારે સિકંદર બાદશાહ કહે છે કે,

'કયા મૈં મર જાઉંગા?'

ત્યારે વૈદ્ય કહે છે, 'આપ તો કયા આપકા બાપ, ઔર આપકા બાપ ભી મર ગયા.

રાજન્! તૂટી કી બુટ્ટી નહી હૈ. અબ કુછ અલ્લાહકી બંદગી કરલો!'

આ બધું સાંભળીને સિકંદરને એણે જિંદગીમાં કરેલા ઘોર પાપકર્મોનો પશ્ચાત્તાપ થાય છે. પશ્ચાત્તાપનો પાવક એના આત્મામાં પ્રજ્વળી ઉઠે છે. અને એ પોતાના ધર્મગુરૂઓને અંતિમ દર્શન કરવા બોલાવે છે.

સિકંદરને એના ધર્મગુરૂઓ ધર્મ સંભળાવી રહ્યા પછી, સિકંદર એમને ચાર ફરમાન લખાવે છે : જેમાં એણે જિંદગી ભર કરેલા પાપકર્મોના પશ્ચાત્તાપનો પ્રચંડ અવાજ છે. એ અવાજ એવો છે કે, આપણા હૃદયમાં પણ એનો પડઘો પડ્યા વગર નહિં રહે.

કહેવાય છે કે સિકંદરની પાસે પાંચશો ધનવંતરી વૈદ્યો એની સારવારમાં રહેતા હતાં; પણ મૃત્યુથી એ પણ

બચાવી ન શકયા. દેવોનાં પુણ્ય (આયુષ્ય) જ્યાં ક્ષીણ થઇ જાય ત્યાં દેવોને પણ મરવું પડે છે.

–: સિકંદરના ફરમાનો :–

–: અંત સમયે સર સિકંદરના શબ્દો :–

'જે બાહુબળથી મેળવ્યું તે,ભોગવી પણ ના શકયો;
અબજોની મિલકત આપતાં પણ,
એ સિકંદર ના બચ્યો. (૧)

આખા જગતને જીતનારું, સૈન્ય પણ રહતું રહ્યું;
વિકરાળ દળ ભૂપાળને, ના કોઇ છોડાવી શક્યું. (૨)

દર્દીઓના દર્દને દફનાવનારું કોણ છે?
દોરી તુટી આયુષ્યની, તો સાંધનારું કોણ છે. (૩)

ખાલી હથેળી રાખીને, જીવો જગતમાં આવતાં;
ખાલી હથેળીએ બધા,સઘળું ત્યજી ચાલી જતા. (૪)

યૌવન ફના, જીવન ફના,જર જમીન ને જોરૂ ફના;
પરલોકમાં પરિણામ મળશે,પુન્યના ને પાપના. (૫)

પહેલા ફરમાનનો સાર એ છે કે, લોકો સમજી શકે. આટ–આટલી મિલકત હોવા છતાં સિકંદર ખાલી હાથે ચાલ્યો જાય છે. પૈસો પણ એને બચાવી શકયો નહિ.

બીજું ફરમાન દર્શાવે છે કે લાખોની સંખ્યામાં આખા જગતને જીતી લેનારું લશ્કર હોવા છતાં સિકંદરને મૃત્યુના પંજામાંથી કોઈ છોડાવી શકતા નથી. માનવી ગમે

તેટલો બળવાન હોય અથવા ગમે તેટલું તેની પાસે બળ હોય પણ તે મૃત્યુની આગળ નિર્બળ પુરવાર થવાનો જ છે. 'મૃત્યુ ઉપર વિજય મેળવીને 'મૃત્યુંજય' (અમર) બનનારા બહુ જ વિરલ હોય છે.'

ત્રીજા ફરમાનનો સાર એ છે કે વૈદ્યો પણ મૃત્યુથી છોડાવી શકતા નથી. સુતરની દોરી સાંધી શકાય છે પણ આયુષ્યની દોરી સાંધી શકાતી નથી.

ચોથું ફરમાન ટોચ રૂપ છે. જીવો જગતમાં ખાલી હાથે આવે છે અને ખાલી હાથે ચાલ્યાં જાય છે.

યૌવન ફના, જીવન ફના થઇ, પરલોકમાં જ્યાં જશે; ત્યાં પુણ્યનાં કે પાપનાં, પરિણામો મલશે. (ભોગવવા પડશે.)

આ સિકંદર બાદશાહનાં મૃત્યુ સમયનાં શબ્દો છે. અનંત જ્ઞાનીઓ ફરમાવે છે કે આ મનુષ્ય જન્મ થોડા કાળ માટેનો છે. પછી અહીંથી જવાનું નક્કી છે. ઘર–બાર, પૈસા–ટકા, કુટુંબ–પરિવાર કશું સાથે આવવાનું નથી. સાથે તો કરેલા કર્મો આવશે. અને જેવા કર્મ કર્યા હશે તેવું ફળ ભોગવવું પડશે.

–: પરલોકનું ભાથું બાંધો :–

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત;
જોર કરીને જીતવું, અરેખરૂં રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત...૧

ગાફેલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત,
હવે જરૂર હોંશીયાર થઇ, ચેત ચેત નર ચેત;
તન ધન તે તારા નથી, નથી પ્રિયા પરણેત,
પાછળ સૌ રહેશે પડયા, ચેત ચેત નર ચેત...૨

પ્રાણ જશે તુજ પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત.
રહયા ન રાણા રાજિયા, સુર નર મુનિ સમેત:
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત...૩

રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત,
પછી નર રત્ન પામીશ કયાં,ચેત ચેત નર ચેત;
કાળા કેશ મટી ગયા, સર્વ બન્યાં સફેત.
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત...૪

માટે મનમાં સમજીને, વિચારીને કર ચેત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત.
શુભ શિખામણ સમજીને, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એ જ છે, ચેત ચેત નર ચેત...૫

આ સંસારમાં જન્મ–જરા અને મૃત્યુના દુઃખો છે. કોઇ કાળમાં દુઃખથી ગભરાનારાઓ ન હતાં એમ નથી, દુઃખથી કોણ ન ગભરાય ? દુઃખથી ગભરાનારા બે જાતના હોય છે. એક એવા જે દુઃખથી ગભરાય પણ દુઃખ શાથી આવ્યું એ સમજે નહિ. અને દુઃખને ટાળવા દુઃખના કારણભૂત પાપનો આદર કરે. બીજો વર્ગ એવો છે કે જેને દુઃખ કાઢવું

હોય, પણ એ દુઃખનું કારણ પાપ છે એમ વિચારીને પાપથી બચવા પ્રયત્નશીલ બને. કોઈને દુઃખ નથી ગમતું એમાં બે મત નથી પણ દુઃખથી ગભરાવાને બદલે આપણે પાપની ભીતિવાળા બનવું જોઈએ. એથી ઈન્દ્રિયોને સારા માર્ગે વાળવી એવી જ્ઞાનીઓની આજ્ઞા છે.

પાપથી બચવું હોય તો શું કરવું ? પહેલાં તો પાપની સામગ્રીથી (આઘા) દૂર રહેવું. એ પાપથી બચવાનો ઉપાય બરોને ? બરો ! ઈન્દ્રિયો વગેરેને અધર્મ માર્ગે જતી અટકાવો અને ધર્મ માર્ગે વાળો. એથી પણ પાપથી બચી શકાય છે. ધર્મ એ જ જગતમાં સર્વ કાર્ય સાધનાર છે. તથા મહા મંગલરૂપ છે. ધર્મ સર્વ દુઃખનું અતુલ ઔષધ છે. ધર્મનું બળ વિસ્તરેલ (વિપુલ) છે. જીવોને ધર્મ એજ રક્ષણ કર્તા છે,

–: ધર્મનો જય અને પાપનો ક્ષય ઉપર સંપૂર્ણ શ્રદ્ધાવાલા લલિતાંગકુમારની ટૂંકમાં કથા :–

શ્રી વાસ્તવનગરમાં નરવાહન નામે રાજા હતો. તેને લલિતાંગ નામે રાજકુંવર હતો. આ કુમારને પ્રકૃતિથી દુર્જન અને નામથી સજ્જન એક મિત્ર હતો. તેને કુમાર અઢળક ધન આપતો. અને પ્રાણપ્રિય માનતો. જેમ જાતિનો લીંબડો પૂજકોને ય કડવો જ સ્વાદ ચખાડે તેમ લલિતાંગ કુમારનું બુરૂં કરવામાં જ તે સજ્જન રચ્યોપચ્યો રહેતો. સાચે જ જલધિજલથી વધેલો વડવાનલ જેમ સાગરનું

શોષણ કરે છે, તેમ દુર્જન એવો સજ્જન કુમારથી શ્રીમંત બનવા છતાંય તે કુમારના છિદ્રો જોવામાં જ તન્મય રહેતો. કુમારને આછું આછું ભાન થયું કે— 'સજ્જન મારૂં પ્રતિકુળ કરવામાં જ રાજી છે.' આમ છતાં દાક્ષિણ્ય ગુણોથી કુમાર તેને તરછોડતો નહિ. સજ્જનોનું કર્તવ્ય આ જ હોઈ શકે. અને તે લલિતાંગે શાનદાર ઝળકાવ્યું.

એક વખતે રાજાએ હર્ષથી પોતાના પુત્રને મહામૂલ્ય રત્નહાર આદિ આભૂષણો આપ્યાં. પણ રાજપુત્ર રાજમહેલથી બહાર નીકળ્યો ત્યારે એક યાચકે તેજ અલંકારોની યાચના કરી. કોઈની પણ યાચનાનો ભંગ એ મહાન પુરૂષો માટે દુઃખકર હોય છે. તેમાં આ રાજકુમાર દાન આપવામાં ક્યારેય પણ પાછું વળી જોતો ન હતો. આથી રાજપુત્રે હસતાં વદને તે આભૂષણો દાનમાં આપી દીધાં. સજ્જને આ હકીકત જાણી. એટલે તે રાજા પાસે ગયો. અને રાજાને કુમારના આજના વર્તન અંગે ઝેર પીરસ્યું. આથી રાજાના હૃદયમાં ભારે વિષાદ ઉપજ્યો. કે– 'શું આવી મહામૂલ્ય વસ્તુઓ આમ ફેંકી દેવાની ?' રાજા ઘણો ગુસ્સે થયો. આથી લલિતાંગના મનમાં અનેક વિચાર–તરંગો ઉઠતાં. દાનવ્રતનો સ્વીકાર કરીને, તેમાં ન્યૂનતા એ તો મારા ધર્મને માટે અયોગ્ય છે. આથી તેણે નિશ્ચય કર્યો કે– 'અહિંથી મારે દેશાન્તર જવું. ખેર ! દેશાટન એ તો ચતુરતાનું દ્વાર છે, પુણ્યની પરીક્ષાનો પ્રસ્તાવ છે. અને સાહસિકતા

તેમજ ધીરતાને ખીલવવા કે કેળવવાનો સુંદરમાં સુંદર સમય પણ છે.' મહારથીઓના મનોરથો અકમ્પ હોય છે.

લલિતાંગકુમાર રાત્રિના સમયે નગર બહાર નીકળ્યો. સજ્જન મિત્ર પણ લલિતાંગની પૂંઠે પૂંઠે ચાલ્યો. બન્ને ઘણા આગળ વધ્યા. શ્રમિત થયેલા બન્ને એક શીતળ વૃક્ષની છાયામાં બેઠા અને કુમારે સજ્જનને કહ્યું કે– 'મિત્ર ! કંઈક વિનોદની વાત કર.'

સજ્જન બોલ્યો કે– 'મિત્ર ! પુણ્ય અને પાપ ઉભયમાં શ્રેષ્ઠ શું ?'

કુમારે કહ્યું કે– 'આબાલગોપાળ એ પ્રસિદ્ધ છે કે– '**धर्माज्जयः पापात्क्षयः**' ધર્મથી જય અને પાપથી ક્ષય.' એટલે ધર્મ એ શ્રેષ્ઠ છે.'

સજ્જન બોલ્યો કે– 'અરે બંધો ! તેમાં એકાન્ત ન હોય. સમય બળથી અધર્મ પણ સુખાવહ બને છે. જો એમ ન હોય તો, તારા જેવા દાનેશ્વરી ધર્માત્માની આ દશા હોય ?'

સજ્જનનાં આ વચનો કુમારને કુઠારાઘાતથી પણ વધુ દુઃખદ નીવડ્યાં. તેણે સજ્જનને કહ્યું કે– 'આવું બોલવું અનુચિત છે. કોઈ પણ કાળે અધર્મથી સુખ ન જ હોય.'

પછી સજ્જને કહ્યું કે– 'કુમાર ! ભલે ગમે તેમ હોય, પણ હાથ કંકણને દર્પણની શી જરૂર ? આગળ ગામ આવે છે, તો ત્યાં આપણે ગ્રામ સ્થવિરોને પૂછશું અને તેઓ 'અધર્મથી જય છે– એમ કહે તો શું કરવું ?'

કુમારે કહ્યું કે– 'અધર્મથી જય છે– એમ જો કોઈ કહે તો ઘોડો વગેરે મારી આ બધી સામગ્રી મારે તને આપવી. અને મારે તારી સાથે સેવક તરીકે રહેવું.

પરસ્પર આ રીતે પ્રતિજ્ઞા થઈ, ઉતાવળે ચાલતાં બન્નેય સમીપના ગામડામાં આવ્યાં. અને ત્યાંનાં વૃદ્ધોએ કદીય નહિ સાંભળેલો પ્રશ્ન સાંભળતાં અણ સમજથી ઉતાવળ કરીને જવાબ આપ્યો કે– 'અધર્મથી જય થાય છે.' સ્થવિરોનો આ જવાબ સાંભળીને બન્ને રસ્તે પડ્યા.

માર્ગમાં ચાલતાં સજ્જને કુમારને જણાવ્યું કે 'મિત્ર! ધર્મ પક્ષને છોડો, નહિં તો ઘોડો છોડીને દાસ બનીને ચાલો!' કુમારનો તો નિશ્ચય હતો કે– રાજ્યનો કે લક્ષ્મીનો નાશ થાય તો ભલે થાય પણ બોલેલું સત્ય વચન અફર જ રહે. એજ સત્યવાદિતા છે. આથી કુમારે સજ્જનને ઘોડો આપ્યો. તે પણ નિર્લજ્જ બનીને તેના ઉપર ચઢ્યો અને પાછળ રાજકુમાર સેવકની જેમ ચાલવા લાગ્યો. કુમાર પોતાના સત્ય પક્ષ પ્રત્યે અડગ રહ્યો. થોડીક અટવી વટાવ્યા બાદ સજ્જન પુનઃ બોલ્યો કે– 'મિત્ર! હજીય બગડ્યું નથી, તું ધર્માગ્રહ છોડ અને આ ઘોડો સ્વીકાર! તારા હઠીલાપણાનું ફળ તો તને મલ્યું છે.

કુમારે શાન્તિથી કહ્યું કે– 'હે મૂર્ખ શિરોમણી! ભુખ્યો હંસ જેમ કૃમિ-કીટનો ભક્ષક ન જ બને, તેમ શ્રદ્ધાળુઓ વિપદ્રના વાદળોથી ઘેરાવા છતાં પણ સત્યને છુપાવે નહિ.

સજ્જન બોલ્યો કે– 'કદાગ્રહ ન રાખો! આવા પ્રસંગે ધર્મનો આગ્રહ છોડવો શ્રેયસ્કર છે.'

લલિતાંગે ગંભીરતા પૂર્વક જણાવ્યું કે– 'અધર્મથી જય છે.' એમ સાક્ષી પુરનાર જગતમાં ડાહ્યા આત્માઓ હોય જ નહિ. માટે એવું કહેનાર ફરીથી જો કોઈ મલે તો મારા બન્ને નેત્રો તને આપું. પણ હું કદી અધર્મથી જય કબુલીશ નહિ. કુમારની સાહસિકતા–મર્યાદા વધતી ગઈ.

બંને આગળ ચાલ્યા અને એક ગામડીયો મલ્યો. તેને સજ્જને પહેલાની જેમ પ્રશ્ન કર્યો અને તે પણ સહુના પહેલાની જેમ જ 'અધર્મથી જય.'–એમ બોલ્યો.

બંને આગળ ચાલ્યા. જેમ અગ્નિ જલાવવાનું કામ કરે છે તેમ સજ્જન બોલ્યો કે– 'કેમ ભાઈ! હવે તો ધર્મ પક્ષ છોડો, નહિ તો બન્નેય નેત્રો ખોતાં જીંદગી હારી જશો. ત્યારબાદ સત્ત્વશીલ લલિતાંગકુમાર એક વિશાળ વૃક્ષ નીચે જઈને બોલ્યો કે– 'હે વનદેવતાઓ! આ સંભાવ્ય છે કે– અધર્મથી કદી જય હોય જ નહિ, પણ ધર્મથી જ જય સદા સર્વદા થતો રહ્યો છે. મારા કોઈ દુર્ભાગ્યના ઉદયે બન્ને વખત આમ બોલનારાઓ મળ્યા, પરંતુ હું તો ધર્મનું જ શરણ સ્વીકારું છું.' આમ બોલીને સત્યના અડગ આગ્રહી કુમારે પોતાના નેત્રો કાઢી સજ્જનને સંભળાવ્યા: (અહીંયા કોઈ આને જુદી હકીકત સમજી લેતાં હશે.)

સજ્જન દુર્જનતાની પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. જ્યારે

લલિતાંગકુમાર સત્યના આગ્રહી તરીકે છેલ્લી સીમાએ હતો, અધમ અને ઉત્તમ જાતીય પુરૂષોની પીછાણ કરાવનાર આ પળ અમર બની. 'હ્યો ધર્મના જયનું ફળ!' એમ હાસ્ય કરતો હૃદયની મલિનતાથી ઘેરાયેલો સજ્જન આગળ ચાલ્યો. કુમારના દુઃખનો ભાગ લેવા ચારેય બાજુ રાત્રિ પ્રસરી અને જેમ ઘોર અંધકાર વ્યાપતો ગયો, તેમ લલિતાંગકુમારને પણ નેત્રોમાં દારૂણ વેદનાનો અનુભવ થતો ગયો, પરંતુ સત્યના આગ્રહના જોરે અપાર વેદનાને તે ભૂલી ગયો.

પુણ્યપ્રકર્ષની સૌરભ વિપત્તિમાં પણ ધીર પુરૂષોને જન્મર સહાયક બને છે. જે વૃક્ષની નીચે લલિતાંગકુમાર શ્રીનવકારમંત્રનું સ્મરણ કરતો હતો, અને ધર્મપક્ષની શીતળ છાયાની શાન્તિ અનુભવતો બેઠો હતો. તેજ વૃક્ષની ઉપર ભારંડ પક્ષીઓની ટોળી બેઠી હતી, તે મનુષ્યવાચા બોલનાર અને અતિશય બુદ્ધિવાળા હોય છે. તે પક્ષીઓમાં એક પક્ષી બોલ્યું કે– 'રાત્રિ દીર્ઘ છે. તો આજે જેણે જે કૌતક જોયું હોય તે સંભળાવો!'

આથી એક ભારંડ પક્ષી બોલ્યો કે– 'આ બાજુ પશ્ચિમ દિશામાં ચંપા નગરી છે. ત્યાં જિતશત્રુ રાજા છે. અને પુષ્પાવતી તેમની પ્રાણપ્રિય પુત્રી છે કે જેણીને નેત્રો નથી. નેત્રોના અભાવથી રાજાને તેણીનું ઘણું દુઃખ છે. તે યુવાવસ્થાને પ્રાપ્ત થઈ છે. રાજા તેણીને જોઈ વિમાસણમાં પડયો અને વિચારવા લાગ્યો કે– આ પુત્રીને

કોઈ ઉપાયથી ઠીક થાય તો સારૂં. આના ઉપાય માટે રાજાએ નગરમાં ઉદ્‌ઘોષણા જાહેર કરાવી કે– 'આ રાજકુમારીને જે કોઇ નિર્મળ નેત્રોવાળી બનાવશે તેને રાજા અર્ધ-રાજ્ય આપશે. અને કન્યા પરણાવશે.'

આ માટે દેશાન્તરથી અનેક ચિકિત્સકો આવ્યા છે પણ સઘળાય નિરાશ થયા છે. આથી આવતી કાલે પ્રાતઃકાળે આ ચિંતાતુર રાજા, રાણી અને પુત્રી ત્રણેય ચિતામાં પ્રવેશ કરીને બળી મરશે. આ બધું આપણને જોવાનું મળશે.'

તે પછી એક નાનું પક્ષી બોલ્યું કે– 'એના નેત્રો નિર્દોષ કરવાનો ઉપાય નહિ જ હોય ?'

એક અનુભવી સ્થવિર પક્ષીએ જવાબ આપ્યો કે 'અરે ! ઔષધિઓનો અચિંત્ય મહિમા હોય છે. આ જ વૃક્ષના મૂળમાં એક વેલડી છે. તે અને આપણી વિષ્ટા એ બન્નેને એકમેક કરીને જો નેત્રોમાં અંજન કરવામાં આવે, તો આંધળાને દિવ્ય નેત્રોની પ્રાપ્તિ થાય.'

લલિતાંગકુમારે આ વાર્તાલાપ સાંભળ્યો. અને તે ચકિત થયો. આથી તેણે તરત જ પોતાની પાસેની છુરીથી વેલડીને કાપી અને તેના રસમાં ભારંડ પક્ષીઓની વિષ્ટા મેળવી. બાદ તેણે પોતાના નેત્રોમાં તે આંજી અને તેનો અંધાપો દૂર થયો. ધર્મશ્રદ્ધાથી ધર્માત્માઓ આપત્તિઓના સાગરને તરી જાય છે, એ હકીકત સાચે જ યથાર્થ છે. લલિતાંગકુમાર આ રીતે દિવ્ય નેત્રોને પામ્યો.

સત્યની ખાતર વિપત્તિનાં કે સંકટોના વાદળોને પોતાની

જાત ઉપર તૂટી પડતા જોવાં છતાં, જેનું સત્ત્વ અકંપ રહ્યું, તે રાજકુમાર શ્રીલલિતાંગનું આ અપૂર્વ આત્મબલિદાન સાચે જ જગતના ઈતિહાસમાં અને જૈનસંસ્કૃતિની સુવર્ણ તવારિખમાં આ પ્રકારે સુવર્ણાક્ષરે નોંધાઈ અમર બન્યું.

પછી તેણે ચંપાપુરીમાં જઈ રાજપુત્રીના નેત્રોમાં તે ઔષધી આંજી. અને થોડાજ ક્ષણમાં તે દિવ્ય નેત્રવાળી બની. રાજાએ તેની સાથે પોતાની પુત્રીના લગ્ન કર્યા. અને અર્ધરાજ્ય સુપ્રત કરીને રાજા પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. સત્ત્વમૂર્તિ લલિતાંગકુમાર પણ ધર્મપક્ષમાં પોતાની દૃઢમતિ માની કૃતકૃત્ય બન્યો.

એક વેળા રાજકુમાર લલિતાંગ રાજમાર્ગ તરફ દૃષ્ટિ રાખીને મહેલના ઝરૂખે ઊભો હતો. એટલામાં તેની નજરે દરિદ્રતાની પ્રતિમૂર્તિ જેવો એક ભિખારી દેખાયો. કે જેના મુખ ઉપર દુઃખની નિશાનીઓ હતી, તેનું પેટ ભૂખથી બેસી ગયું હતું અને ચિંતાની વેલડીઓએ તેના શરીર ઉપર ભારે કૃશતા પેદા કરી હતી. એવા ગરીબ ભિખારીને જોતાં લલિતાંગકુમારનું હૃદય દયાથી ઉભરાઈ આવ્યું. બારીકાઈથી જોતાં એ હતો એનો જૂનો મિત્ર સજ્જન. કર્મની સત્તા-વિષમતા સહુ કોઈને ગમે તેમ કરે, પણ એક સમયનો ભયંકર અટવીમાં મારો સહચારી અને પ્રિય ભાવનું ભાજન છે. તો એ દુઃખી કેમ રહે ? એવો વિચાર કુમારને આવ્યો. પરમાર્થરસિક કુમાર તેના અપરાધોને ભૂલી જઈ, થોડા પણ ઉપકારનો બદલો આપવા સજ્જ થયો.

ઉપકાર એ અમી છે. અપકાર એ ઝેર છે. અપકારી પ્રત્યે ઉપકાર કરવાથી અપકારનું ઝેર ઉતરી જાય છે. અને શત્રુભાવની શેતરંજ સંકેલાય છે. શરીરે ફાટેલાં કપડાં, મુખ ચિંતાની ચિતાથી શ્યામવર્ણું અને ઉદર ભૂખથી ક્ષામ થઈ ગયેલું. એવી દશામાં સજ્જનને જોઈને પરમાર્થમૂર્તિ કુમારે તે દરિદ્રની પાસે એક નોકરને મોકલી તેને પોતાની પાસે બોલાવવા કહ્યું. તે આવ્યો. અને તેને કુમારે પૂછયું કે– 'કેમ મને તું ઓળખે છે?' તેણે 'સૂર્યને કોણ ન ઓળખે?' એમ જવાબ આપ્યો. અને ભૂમિ ઉપર દૃષ્ટિ માંડી શરમીંદો થયેલો તે ઊભો જ રહ્યો. કુમારે તેને પુનઃ ધર્મશ્રદ્ધામાં સ્થિર કરવાના ઇરાદાથી જણાવ્યું કે– 'રાજા તરીકે નહિ પણ બીજી રીતે તારા મિત્ર ललितांगને તું ઓળખી શકે છે?'

ललितांगનું નામ સાંભળતાં જ તેણે ધારીને જોયું અને તેને તેની પુરી પિછાન થઈ. 'અરે, હું તો દુઃખ દાવાનળમાં સળગી ગયો. આ તો નિરાધાર અને અંધ હતો છતાં દેવલોકનાં સુખને પામ્યો.' એમ વિચાર કરતો સજ્જન લજ્જા અને ભયથી કંપ્યો. કુમારે સજ્જનને દરેક રીતે સમૃદ્ધ કર્યો. (જોયું સત્શીલ આત્માના વિચારો કેટલા ઊંચા હોય છે. બુરું કરનારનું પણ ભલું ઇચ્છયું.)

એક સમયે મિત્રની ગોષ્ટિ ચાલતાં, ललितांगકુમારે સજ્જનને પૃછયું કે 'હે મિત્ર! તારી આવી કરુણાજનક દશા કેમ થઈ!' સજ્જને લજ્જાથી કહ્યું કે—'હે મિત્ર!

તમને વટવૃક્ષની છાયામાં મૂકીને આગળ જતાં ચોરોએ મને લુંટયો. અને ઘણી આજીજીથી જીવતો મૂકયો. આપે મારા ઉપર ઉપકારનો મેઘ વરસાવ્યો.' સજ્જનની આ વાત કરવાની ઢબમાં કેવળ મુત્સદ્દીપણું હતું. અને દંભથી તેનું હૃદય તરબોળ હતું. સજ્જન તો કેવળ લલિતાંગકુમારને ઠગવાની જ મેલી રમતો ખેલવાને સજ્જ થયો હતો.

એક સમયે અવસર જોઈને દક્ષ એવી રાજકુમારીએ પોતાના પતિ લલિતાંગકુમારને નમ્રભાવે અને મમતાથી જણાવ્યું કે—'હે સ્વામિન્! સ્ત્રીઓ તો અબળા છે. હું મતિમન્દ દાસી છું. પણ મને લાગે છે કે—આ સજ્જનને તમે વિશ્વાસુ તરીકે રાખ્યો છે, પરંતુ સ્વભાવથી આ દુર્જન અને વિશ્વાસઘાતી જણાય છે. તથા આની સંગતિ અનિષ્ટ છે. સર્પને પયઃપાન વિષવર્ધક જ બને છે. એ ભૂલવા જેવું નથી.' પુષ્પાવતીના કહેવાથી કુમારે તેની સંગતિ ઓછી કરી, પણ દાક્ષિણ્યતાથી તેનો સમૂળ ત્યાગ તે કરી ન શકયો.

રાજા જીતશત્રુએ એક સમયે સજ્જનને પૂછયું કે—'તમારે અને લલિતાંગકુમારને પરસ્પર પ્રીતિનું શું કારણ? કુમારનો દેશ, જાતિ, કુળ, પિતા, માતા વગેરે તમે જાણતા હો તો જણાવો. તમે કયાંથી અહીં આવ્યા છો?

જેમ ગંગાના નિર્મળ નીરમાં સ્નાન કરવા છતાય કાગડાઓ ધોળા ન જ થાય તેમ સજ્જનના ઉપર કુમારે અસાધારણ ઉપકારનો મેઘ વર્ષાવ્યો, પણ તે પોતાની અધમ-

વૃત્તિને ન જ છોડી શકયેા. રાજાને શંકિત કરવા માટે કુમારનું કાસળ કાઢવાની કુમતિથી રાજાને મીઠાશ અને નરમાશથી તેણે ધૂર્તકલા દ્વારા જણાવ્યું કે—'એ વાત પૂછશેા જ નહિ.' પુનઃ રાજાએ શપથ સહિત પૂછતાં, તે દુર્મતિએ એવું ચેાગહું ચીવટથી ગેાઠવ્યું કે—'મહારાજ, હું શ્રીવાસનગરના રાજા નરવાહન રાજાનેા પુત્ર છું, તે મારેા અધમ સેવક હતેા. પિતાજીના અનાદરથી હું રાજ્ય છેાડીને બહાર નીકળી પડયેા છું. લલિતાંગ કેાઈ સિદ્ધ પુરૂષની સેવાથી વિદ્યાવાન બની પેાતાની જાતને છુપાવવા માટે અન્ય દેશેામાં ફરે છે. હું તેને એાળખું છું. આથી તે મને આ રીતે સાચવે છે. (જુએા દુર્જન માણસની રીત.)

દુરિજન તજે ન દુષ્ટતા, કરેા કેાટિ ઉપાય;
કેાલસા ધુએા સાબુથી, કદી ન ઉજળા થાય.

આ વિચિત્ર અને અસમ્ભાવ્ય વાત સાંભળતાં રાજા સ્તબ્ધ થઈ ગયેા. અને શેાકના દાહથી સળગી ઉઠયેા. પૂર્વાપર વિચારની તક ન લેતાં, રાજાએ પેાતાના મંત્રિરાજ સુમતિને બેાલાવ્યેા. અને તેને અખિલ સમાચારથી વિદિત કર્યો. મંત્રીએ આ સંબંધી તપાસ કરવી અને પછી અન્ય વિચાર કરવેા એમ જણાવ્યું, પરંતુ રાજા મૌન રહ્યો. અને મંત્રીના ગયા પછી રાજા માત્ર પેાતાની મતિ કલ્પનાથી ઘણેા ગુસ્સે થયેા. અને વિચારવા લાગ્યેા કે—' આ પાપીએ મારા કુળને કલંકિત કર્યું અને મારી પુત્રીને પણ તે પરણ્યેા. જેમ શરીરની વ્યાધિ ઉત્પન્ન થતાં વેંત જ નિર્મૂળ કરવી જોઈ એ, તેમ ગમે તેમ હેાય પણ કુમારને યેાગ્ય

દંડ આપવો જોઈએ.'—એવો નિર્ધાર કરી રાજાએ મારાઓને બોલાવ્યા.

રાજાએ વિના વિચાર્યે આ પગલું ભર્યું અને મારાઓને આજ્ઞા ફરમાવી કે—'આજે રાત્રિના મધ્યભાગમાં મારા મહેલ પાસે ખડ્ગ અને સુંદર વેષ પહેરીને આવતા પુરૂષને તમારે વિના પૂછયે પ્રાણમુક્ત કરવો,' 'જેવો હુકમ-જેવી રાજ આજ્ઞા,' એમ બોલતા મારાઓ નમસ્કાર કરીને ત્યાંથી ચાલી નીકળ્યા.

દિવસનો નાથ અસ્ત થયો અને રાત્રિનો અંધકાર વ્યાપવા લાગ્યો. જેમ જેમ રાત્રિ જતી ગઈ, તેમ તેમ રાજા ક્રોધથી ધમધમ્યો. અને મધ્યરાત્રિ થતાં પોતાના નિત્ય સેવકને આજ્ઞા ફરમાવી કે—'જાઓ, લલિતાંગકુમારને કહો કે—સર્વ કામ છોડીને રાજા તમને અગત્યનું કામ આવવાથી હમણાં ને હમણાં યાદ કરે છે.' આજ્ઞા થતાંની સાથે સેવક ઘોડા વેગે કુમારના મહેલમાં આવ્યો. અને રાજહુકમ કહી સંભળાવ્યો.

અકમ્પ અને સાહસિકકુમાર ખડ્ગને હાથમાં લઈ ને જવા માટે તૈયાર થયો. ત્યાં તો પુણ્યમતિ પુષ્પાવતીએ તેમના કપડાનો છેડો પકડયો અને તે ગંભીર હૃદયે કહેવા લાગી કે—'સ્વામિન્! મધ્યરાત્રિએ એકાકી કયાં જવા તૈયાર થયાં છો? રાજનીતિ કોઈ ભયંકર ભેદી હોય છે. કાવતરાં અને મર્મ-વેધિતા એ તો રાજતંત્રના પગથિયાં છે. રાજા કોઈનો મિત્ર થયો હોય એમ સાંભળ્યું છે? મધ્યરાત્રિએ એકાકી રાજ-મંદિરે જવા માટે મારૂં હૃદય ના પાડે છે. (આ બુદ્ધિ કોણે

સુઝાડી ? કહો કે ધર્મે કે નહિ ? રાજા તેનો પિતા છે તો એના ઉપર કેમ આવો સંદેહ થાય. પણ જ્યાં ધર્મ બચાવના માગતો હોય ત્યારે જ આવી બુદ્ધિ સુઝે.)

માટે આપશ્રીના સર્વ કાર્યોમાં કુશળ અને અનુભવી સજ્જન સચિવને મોકલો. જો વિશિષ્ટ કાર્યનો આદેશ આપના માટે હશે તો તે પાછા આવ્યા બાદ આપને જવું ઉચિત રહેશે ! રાજદરબારમાં રવાના કરવા માટે સજ્જનને બોલાવી રાજાની આજ્ઞા જણાવી. સજ્જન ઘણો જ ખુશ થતો અને તે મલકાતો રાજરસ્તે જઈ રહ્યો હતો. ચાલતાં ચાલતાં તેના હૃદયમાં કુમારનું કાસળ કાઢવાનું આ સુંદર ટાણું છે. એવા તરંગી મોજાંઓથી પ્રેરાતો અને દુર્ભાવના દાવાનળે અંતરથી સળગતો તે રાજમહેલની નજીક આવી પહોંચ્યો. એટલામાં સાક્ષાત્ યમદૂત જેવા ભયંકર મારાઓથી તિક્ષ્ણ અસિધારાઓનો તે એકાએક શિકાર બન્યો. મારાઓ તો આદેશાધીન હતા. (આડો ઓદે તે પડે તે કહેવત અહીંયા સાચી થઇ કે નહિ ?)

અહા ! પાપીઓ અને દુર્ભાવનાથી કલંકિત આત્માઓ અન્યોનો નાશ કરવા મથે છે. પરંતુ તેઓના સર્જેલા સઘળાય ઉપાયો પોતાના જ નાશને નજીક નોતરે છે. એ તદ્દન સત્ય છે.

પ્રાતઃકાળ થતાં ભાનુ ભગવાનની કિરણાઓ ભૂમિને અજવાળતી ધીરે ધીરે વિકસ્વર થતી ગઈ. માર્ગો ઉપર જન સંચાર શરૂ થયો. સજ્જનના શબની પાસે મનુષ્યોના ટોળે ટોળાં મળ્યાં. અને અકસ્માત્ બનેલા આ દારૂણ બનાવે

સહુના હૃદયોને હચમચાવ્યાં. જન સમુદાયનો ભારે કલકલારવ થતાં રાજકુમારી પણ તે તરફ પ્રેરાય છે. એકાએક થયેલા સજ્જનના મૃત્યુ સમાચાર વિમાસણમાં પાડે છે. પોતાના મહેલમાં વીર અને વિચારક લલિતાંગકુમારને તે કહેવા લાગી કે – 'સ્વામિન્! અબળાની ઉપજેલી ઉપલકા આ મતિ જો આપે અવગણી હોત તો આ દાસીનું શું થતે?' બનેલા બનાવને સાંભળતાં લલિતાંગકુમાર તો ચોંકી જ ગયા હતા. અને પોતાની પ્રાણપ્રિયાને લજ્જાળુ બનીને તેમણે કહ્યું કે– 'હું જો આગ્રહી બન્યો હોત, તો આ રાજમાર્ગ મારે માટે મૃત્યુમુખ બનતે. નિઃસંદેહ છે. પ્રત્યેક માનવીએ કોઈ પણ કાર્ય કરતાં પહેલાં એકદમ સાહસને છોડી હિતવાંચ્છુઓની શિક્ષા પ્રત્યે જરૂર વિચારવાની તક સાધવી જોઈએ.

લલિતાંગકુમાર રાત્રિના સમાચારથી સાવધાન થયા. તે પોતાનું વિપુલ સૈન્ય અને અઢળક ધન ઝપાઝપ ભેગું કરીને નગરીની બહાર નીકળી ગયા, એટલું જ નહિ પણ નગરને ઘેરો ઘાલીને યુદ્ધના સમયની રાહ જોતાં સમય વિતાવવા લાગ્યાં.

રાજા જિતશત્રુ પોતાની બાજી નિષ્ફળ જવાથી અને જગલાને બદલે ભગલાનું કાસળ નીકળેલું જાણતાં ઘણો જ ચિંતાતુર અને ગુસ્સે થયો. લાંબો સમય વિચારણા કર્યા બાદ લલિતાંગકુમારને ચાંપતા ઉપાયે હણવો જ જોઈએ. એવો તેમણે નિર્ધાર કર્યો. રાજાએ વિપુલમતિ મંત્રીને હૃદયનો પડદો ખોલીને સઘળી વાતથી વાકેફ કર્યા. મંત્રીએ

પણ કુનેહથી રાજવીનું ભલું તાકતાં નીડરતાપૂર્વક પણ મીઠી ભાષામાં જણાવ્યું કે—'હે રાજન્! આપ તો ન્યાય-નીતિના અને પ્રજાના પાલક છો. નાહક અવિચારી પગલું ભરવાથી પાછળ પસ્તાવો થશે. પૂરેપૂરી સાવચેતીથી પરીક્ષા કર્યા બાદ કાંઈક કરવું એ ઠીક છે. પુત્રીથી યુદ્ધ કરવાનો નિષેધ છે. તો પછી પુત્રી પતિ જામાતા સાથે ચઢાઈ અને લડાઈ કરવી, એ તો અજુગતું જ છે. મને ખાત્રી છે કે લલિતાંગકુમારનું વર્તન સર્વાંગ સુંદર અને સાહસિક કુલીન સંતાનને છાજે તેવું છે. તેમજ તેનો વિનય અને વાણી તેની જાતની આદર્શ ભાત પાડે છે. તો આવા ઉપકારી અને મહા પ્રતાપી સાથે એકાએક સંભ્રમ સંગ્રામ ન શોભે. વિચારીને કામ કરતાં પાછળ શોચવાનો સમય આવતો નથી.

રાજાના મનમાં મંત્રીની હકીકત મહામુલી અને ગાઢ્ય અંકાઈ. રાજાએ કહ્યું કે—'ઠીક ત્યારે મંત્રીશ્વર તમે પોતે જ સવેળા જાઓ અને તેની શુભ પિછાણના સંદેશા લઈને આવો. હું તે જાણવા માટે તલપાપડ થઈને બેઠો છું.

'**मंत्रिणो राजचक्षुष**' એ વાકયને યથાર્થ કરતાં મંત્રીરાજ કુમારની લશ્કરી છાવણીમાં આવી પહોંચ્યા. એકાએક મંત્રીરાજના આગમનથી કુમારના સૈન્યમાં સનસનાટી ફેલાઈ. પરંતુ એકાકી અને શસ્ત્રવિહીન તે આવેલા હોઇ, સૌ કોઇને ધીરતા જ હતી. રાજકુમારના ઉચિત સત્કારથી સત્કારાયેલા-સન્માનાયેલા મંત્રિરાજ નમસ્કાર કરીને કુમારની સમીપ બેઠા. રૂચિકર વાણી દ્વારા બોલતાં તેમણે જણાવ્યું કે—'હે કુમારેન્દ્ર!

જિનશત્રુ રાજાના કાનમાં ભુજંગ સમા દુર્જન સજ્જને ઝેરના ઝરણા ઝરાવ્યાં છે. તે વ્યાપક બનતાં હિતાહિતને ભૂલી રાજાજીએ અવિચારીપણે આ યુદ્ધચાદર બિછાવી છે. તો આપ દયાભાવથી આપની જાતિ–કુલાદિને કહો. અને સત્ય વાણીના પીયૂષ દ્વારા રાજાજીના હૃદયનું ઝેર દહો. તેમજ નગરમાં શાંતિભર્યું વાતાવરણ નિર્વહો.

સરલાશયથી કુમારે જણાવ્યું કે, 'હે મંત્રીશ્વર ! તમોએ અહીં આવીને ઉચિત પુછપરછ કરી, નૃપવરને શાંતિ આપવાની કામના સેવી એ દીર્ઘદર્શિતા છે. પરંતુ જાત્યાદિનો પ્રકાશ તો રણભૂમિમાં મારી ભૂજાઓનું પરાક્રમ જ કરશે.' આજી નિષ્ફળ થતી જોઈને ગદ્‌ગદ્‌ અવાજે મંત્રીરાજે ઘણા જ કાલાવાલા કર્યા. આથી દાક્ષિણ્યગુણથી ઓપતા કુમારે પોતાનું યથાતથ્ય જાતિ–કુલાદિ કહી સંભળાવ્યું. અસીમ સંતોષને પામેલા મંત્રી રાજકુમારને નમસ્કાર કરીને રાજાની સમીપ આવ્યા. અને તેમણે ગૌરવિત હૃદયથી અને ગંભીર વાણીથી રાજાને સઘળું કહી સંભળાવ્યું.

મંત્રીરાજની દીર્ઘદર્શિતા પ્રત્યે અને કુમારની ઉચ્ચ કુલીનતા પ્રત્યે રાજા ઘણા ખુશ થયા. પરંતુ ઉતાવળા પગલાં માટેનો શોચ પણ પોતાને અસીમ અનુભવાયો. પોતાની ભૂલને કબુલી સ્વાગત પૂર્વક કુમારનો નગરમાં પ્રવેશ કરાવાયો. અખિલ નગરજનોમાં આનંદ અને સંતોષભર્યું વાતાવરણ ગુંજ્યું. હજીય રાજાના હૃદયમાં થોડીઘણી શંકા ઢાંકેલા અગ્નિની જેમ રહી જ હતી.

વિશેષ નિશ્ચય કરવા માટે રાજાએ શ્રીવાસનગરના

નરવાહન રાજા ઉપર એક લેખ લખીને રાજદૂતને મોકલ્યો. શ્રી વાસનગરે પહોંચતાં નરવાહન રાજાના હાથમાં તે દૂતે લેખપત્ર સમર્પ્યો. લેખ વાંચતાની સાથે જ નરવાહન રાજા આનંદમાં ગરકાવ થયા. એક તો પોતાના લાડકવાયા યુવરાજ પુત્રની ભાળ મળી. અને બીજું જેનું મેં અપમાન કરીને રણાંગણમાં તિરસ્કાર કર્યો હતો, તે રાજા જિતશત્રુએ મારા પુત્રને સત્કાર્યો અને પોષ્યો. ' અહાહા ! જિતશત્રુ સમાન મારો અન્ય ઉદ્ધાર બન્ધુ જ નથી.' લેખ વાંચતાની સાથે જ નરવાહન રાજા ઉપરના વાકયો સહસા બોલી ઉઠયા. પોતાના મંત્રીરાજાને આદેશ કર્યો કે 'વસ્ત્રાલંકારોના સુંદર ભેટણાં લઈને જાઓ અને સન્માન કરીને મારા પુત્ર લલિતાંગકુમારને અહીં લઈ આવો.

પ્રધાનો જેમ બને તેમ જલ્દી જિતશત્રુરાજાની રાજસભામાં જઈ પહોંચ્યા. અને તેમને નરવાહન રાજાના આદેશને પાઠવ્યો. લલિતાંગકુમારની સારીય ઓળખાણ સહિત રાજદૂત કાગળ લઇને આવ્યો. પછી તો જિતશત્રુ રાજા નિઃશંક બન્યો. અને પોતાની ભૂલની શૂલ ભારે દર્દની જેમ પીડાવા લાગી. હું કેટલો ભાગ્યશાળી કે આવા કુલીન રાજકુમારની સાથે મારી પુત્રનો દૈવયોગે સંબંધ યોજાયો.

રાજાએ પુત્રી પુષ્પાવતીને બોલાવીને પોતાની ગોદમાં બેસાડી અને ઘણીજ પ્રીતિ અને મધુરતામયી વાણી દ્વારા અજ્ઞાન વિવશ થયેલા અપકૃત્યની ક્ષમા યાચી. 'તું તારા પતિની સાથે દીર્ઘાયુષ્યમતી થા, અખંડ સૌભાગ્યવતી રહે,

પવિત્ર શીલની સદ્‌ભાવનાઓથી ઉભય કુળને ઉજ્જવળ કર, પરિપૂર્ણ મનોરથવાળી થા. વગેરે આશીર્વાદનો વરસાદ વરસાવતાં રાજાનું હૃદય અને નેત્ર બંને ય ભીંજાયા.

લાવણ્ય અને પુણ્યના સીતારા સમા લલિતાંગકુમારને પણ રાજાએ બોલાવ્યો. અને સ્નેહભરી નજરથી પોતાની ભૂલના પશ્ચાત્તાપની લાગણી પ્રદર્શિત કરી. તેમજ ઉતાવળા ભરાયેલા પગલા બદલ ક્ષમા યાચી. બાદ કુલીન કુમાર ઢીલો પડયો. અને સ્વકર્મનો વિપાક માની પોતાનો જ દોષ દર્શાવવા પ્રેરાયો.

રાજાએ પ્રેમ સહિત પોતાનું રાજ્ય લલિતાંગકુમારને સમર્પિત કરવાની ઈચ્છા દર્શાવી, પરંતુ કુમારે તેનો નિષેધ કર્યો. આમ છતાં પ્રીતિથી રાજસિંહાસન ઉપર પોતાના હાથે જ રાજવીએ કુમારને આરૂઢ કર્યો. સવિધિ રાજ્યાભિષેક થયો. બાદ રાજા જિતશત્રુએ વૈરાગ્ય વાસિત બની આત્મવિકાસની ભાવનાથી ત્યાગાશ્રમનો આશ્રય લીધો.

પુણ્યવંતોને ડગલે ને પગલે નવે ય નિધાનો સેવા કરે છે. લલિતાંગકુમારને સઘળીય સંપત્તિઓ આવી મળી. નવા રાજવીએ રાજતંત્રને દૃઢ બનાવીને મંત્રીવર્ગને રાજધૂરા સુપ્રત કરી અને પોતે પિતાજી અને માતાજીની સ્નેહ સ્મૃતિઓને સંભારતા શ્રીવાસનગર પ્રતિ સસૈન્ય રવાના થયા.

મનોવેગની જેમ શ્રીવાસનો પંથ કપાયો. શ્રીવાસનગરનાં ધવળગૃહો દેખાવા લાગ્યા. રાજા નરવાહનને પણ કુમારના આગમનના સમાચાર મલ્યા. પિતાજીને સસ્નેહ

પ્રણામ કરવાની ભાવનાથી કુમાર ઝડપથી રાજમહેલમાં આવી ગયા. પિતાના ચરણકમળમાં પોતાનું મસ્તક ઝુકાવી, અશ્રુ-ભીનાં નયનોથી ઉદાસીન વદને તે કહેવા લાગ્યો કે— 'હે પિતાશ્રી ! હું અપરાધી છું. આપના કુળમાં જન્મીને મારા જેવા નિર્ભાગી પુત્રે પિતાનો સહવાસ છોડીને દૂર જઈને વસવામાં કલ્યાણ માન્યું. સાચે જ મેં આપશ્રીને માત્ર કલેશ જ પેદા કરાવ્યો છે. આપ જેવા ઉદાર અને દયાળુ પિતાએ મારા સઘળાય દુર્ગુણોને, અપરાધોને અને અવિ-નયોને માફ કરવા જોઈએ એવી મારી નમ્ર પ્રાર્થના છે.'

હૃદયને ડોલાવનારા આવા વિનય ભાવથી ભરપુર પ્યારા પુત્રને જણાવ્યું કે— 'પુત્ર ! સુવર્ણને શ્યામતા આવતી જ નથી, તું કુલદીપક છો. આપકર્મિતાની ઉજ્જવળ યશસ્વિતા મેળવીને મારા નામને તેં દીપાવ્યું છે. તું તો મારાથી સવાયો નીકળ્યો એ મારું ગૌરવ છે. બાકી તારા જવાથી અમને જે દુઃખ થયું તે દુશ્મનોને પણ ન થશો....હે પુત્ર, તું અમને છોડીને ન ગયો હોત તો તારા પરાક્રમની અને પ્રતાપની ખ્યાતિ કયાંથી થાત ? ખેર ! થવાનું હતું તે થયું પણ મારી ઇચ્છાને તું માન અને મારા હૃદયને સંતોષિત બનાવ.'

વળી રાજાએ કહ્યું કે—'હે પુત્ર ! હવેથી આ વિશાળ રાજ્ય વૈભવનો તું માલિક છે. રાજ્યસિંહાસન તને સમર્પું છું. અખિલ રાજ્ય-પ્રજાનું તું વાત્સલ્યભાવથી પાલન કરજે. કે જેથી પ્રજા મને પણ ભૂલે.' આ વાકયો કુમારે સાંભળ્યાં.

પોતાની ઇચ્છા નહિ હોવાં છતાં ય રાજાનો અતિઆગ્રહ રાજ્ય સિંહાસન સ્વીકારવાનું કારણ બન્યું. રાજા નરવાહને જૈનધર્માચાર્યની પાસે સંયમ સ્વીકાર્યું.

ધર્મ એજ જીવનનું સર્વસ્વ છે. એમ માનનાર લલિતાંગકુમાર ન્યાય–નીતિના દોર સંચારથી અખિલ રાજ તંત્રને ચલાવી રહ્યાં છે. રાજા ધર્મિષ્ઠ એટલે આખીલ પ્રજા ધર્મ પરાયણ રહેતી. તે પછી લલિતાંગ રાજા દેશવિરતિ ધર્મ સ્વીકારીને શુદ્ધ શ્રાવક બન્યા. શ્રી લલિતાંગ રાજાએ સ્વદ્રવ્યને સફળ કરવા ગગનચુંબી ભવ્ય અને વિશાળ શ્રી જિનમંદિર બનાવ્યું. અને તેમાં શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી પોતે સ્વજીવનને કૃતકૃત્ય માનવાં લાગ્યા.

પ્રતિદિન ત્રિકાળ પ્રભુની ભક્તિ, પૂજા અને સ્તવના કરવામાં લલિતાંગ રાજેન્દ્ર તન્મય જ બની રહેતાં. સ્વપુત્રને રાજ્યભાર સમર્પી સુગુરૂની પાસે રાજેન્દ્રે સંયમ સ્વીકાર્યું. શુદ્ધ અને નિર્દોષ ચારિત્રનું પાલન કરી રાજર્ષિ લલિતાંગ દેવલોકના પથિક બન્યા, અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને અનંત સુખમય મોક્ષપદના ભોગી થશે.

ધન્ય હો! ધર્મપક્ષાગ્રહિતોને, ધન્ય હો! પ્રતિજ્ઞા પાલનમાં પરમ પરાયણતાને, ધન્ય હો! એ લલિતાંગકુમારના આદર્શ, સાહસિકતા, ધીરતા અને અકમ્પ સહિષ્ણુતાને. તેમજ એ પુણ્યશ્લોક મહારથી આત્માની સ્મૃતિ વિશ્વના વિપુલ ઈતિહાસમાં અમર રહો!

(ધર્મનો જય અને પાપના ક્ષયનો સચોટ પુરાવો કરાવનાર ભાગ્યશાળી મહાન આત્માની ટુંકમાં કથા સંપૂર્ણ.)

ધર્મના શરણે ગયેલાનું ધર્મ અવશ્ય રક્ષણ કરે છે. આ "સદ્‌બોધ યાને ધર્મના સ્વરૂપ" ના પુસ્તકમાં ધર્મ અને કર્મને સમજવાનું વાંચન બહુ જ સારૂં છે. ઉપરાંત નાના મોટા દૃષ્ટાંતો, કથાઓ વિગેરેનું વાંચન પણ ઉત્તમ છે. એટલે નવરાશના વખતમાં આવા વાંચન વાંચવાથી મનમાં આવનાં ખોટા વિચારો અટકી જશે તો પણ લાભ થશે.

આજના જગતમાં આત્મસંતોષી બહુજ ઓછા મળશે. લોકોએ જીવનની જરૂરિયાતો એટલી બધી વધારી દીધી છે કે તેમને પગવાળીને બેસવાનો કે ભગવાનનું નામ લેવાનો સમય રહેતો નથી. પેટ પુરતું હોવા છતાં પણ આટલાથી કોને સંતોષ થાય ? પોતાના પુરતું હોવા છતાં પણ સંતોષ નથી એવા જીવો પણ આ જગતમાં છે. આજની દુનિયાના વાયરામાં તણાઈ ન જાઓ ! આજનો પવન બહુજ ભયંકર છે. સારા ગણાતા અનેક માણસોને આ વાયરાએ બહુ ભયંકર બનાવી દીધાં છે. એટલે જ જ્ઞાનીઓ પોકારી પોકારીને કહે છે કે **જમાનાવાદની ખાઈમાં પડતા બચો.**

–: અસીમ જ્ઞાન આત્મામાં ! :–

શાસ્ત્રમાં લખ્યું છે તેના કરતાં વધુ જ્ઞાન આપણા આત્મામાં પડયું છે. શાસ્ત્રમાં સીમિત (મર્યાદિત) જ્ઞાન છે. આત્મામાં તો અનંત જ્ઞાન છે.

દીવો દેખતાને જ લાભ કરે !

દીવો કાળું-ધોળું ન બતાવે તો કોણ બતાવે ?

હિતેચ્છુઓ સજ્જન-દુર્જનને ન ઓળખાવે તો કોણ સમજાવશે ?

ધર્મમાં સારું-નરસું જ્ઞાની નહિ સમજાવે તો કોણ સમજાવશે ?

જે આત્માને સંસારની રખડપટ્ટીનો થાક લાગ્યો હોય તેને આવા વાંચનો જરૂર પ્રિય લાગશે.

અનંતકાળ ભટકયાનું ભાન અને એનો ભય પેદા ન થાય ત્યાં સુધી અરિહંતો કહે છે કે અમે પણ એ આત્માનું ભલું કરી શકતાં નથી.

-: કર્મ અને ધર્મ :-

કર્મ સંસારમાં રખડાવનાર છે. ધર્મ સંસારથી તારનાર છે. કર્મ સાથે મારામારી કરીને અને એને હઠાવીને ધર્મ કરવાનો છે. કર્મ કોઈ દહાડો ધર્મ કરવા દે જ નહિ. કર્મ રજા આપે ત્યારે ધર્મ કરવાની વાતો કરનારા કોઇ કાળે ધર્મ કરી શકવાના નથી.

-: ધર્મ કોને કહેવાય ? :-

મન, વચન અને કાયાને જે સુધારે એ ધર્મ. ધર્મ સુખમાં તો સુખી-સંતોષી રાખે જ પણ દુઃખમાંય એ સુખી રાખે. ધર્મ સંસાર માટે નહિ. સુખી થવા માટે નહિ, પણ સારા થવા માટે કરવાનો છે. ધર્મ તો સારા થવા માટેનું કારખાનું છે.

આપણે મનુષ્ય-જન્મ તો મેળવ્યો છે. પણ અહીં ભૂલ્યા તો ફરી પાછો કયારે મળશે એ કોણ જાણે ?

ધર્મ વિનાનું માનવ-જીવન એ ખરી રીતે માનવ જીવન જ નથી. આ જન્મની મહત્તા ધર્મના કારણે જ છે. કારણ નરકમાં દુઃખ છે, દેવલોકમાં સુખ છે, તિર્યંચોમાં વિવેક નથી. માટે ધર્મ થઈ શકે એવો જન્મ એક આ માનવભવ છે. મનુષ્યભવમાં મનુષ્યને કિંમતી વસ્તુ કઇ ? ધન કે ધર્મ ? વિચાર કરજો જે સાથે આવે તે કિંમતી કે નહિ ? સાથે તો ધર્મ જ આવશે કે નહિ ? મારો કહેવાનો ઉદ્દેશ એ છે કે દેવને દુર્લભ મળેલા માનવભવમાં થાય તેટલા ધર્મ કરી લેવો. અને બચાય એટલું પાપથી બચવું એજ મનુષ્ય અવતારનો સાર છે. તેમાં પણ ધર્મ ઓછો થશે તો ભવાંતરમાં સુખ ઓછું મલશે. તે હજી ચાલશે પણ જગતના જીવોને પાયમાલ કરનારા પાપથી બહુ જ સાવધાન રહેજો. પોતાનું કરેલું પાપ પોતાને જ ભોગવવું પડશે એ સમજીને પાપથી બચાય એટલું બચો.

-: હે વીરના સંતાનો ! :-

જનારું જાય છે જીવન, જરા જિનવરને જપતો જા;
હૃદયમાં રાખી જિનવરને, પુરાણા પાપ ધોતો જા...૨
જિગરમાં ડંખતાં દુઃખો, થયાં પાપે પિછાણીને;
જિણંદવર ધ્યાનની મસ્તી, વડે એને ઉડાતો જા.
જનારું જાય છે...૨

પાપકર્મને નષ્ટ કરવા માટે આ મનુષ્યભવ ઉત્તમ છે એટલે આત્મા સાથે લાગેલા પાપોનો નાશ કરવા માટે જિનેશ્વરનું ધ્યાન ઉત્તમ છે.

આ પુસ્તક કુરસદના વખતે વાંચવા વિનંતિ. વાંચેલું હશે તો કોઇક વખત એમાંનું કાંઈ પણ ઉપયોગી થશે. જેમ ન છુટકે રોહિણેય ચોરે ભગવાન મહાવીરના વચનો સાંભળ્યાં હતાં જેથી બુદ્ધિનિધાન અભયકુમારની એને પકડવાની બિછાવેલી જાળમાંથી બચી ગયો કે નહિ ! તેવી રીતે આપણને પણ કયારેક વાંચેલું ને સાંભળેલું ઉપયોગી થતાં આપણે પણ કર્મથી બચી શકશું.

આ પુસ્તક વાંચતાં ધર્મપ્રેમીને જે કંઇ સંદેહ થાય તો તે બદલ ધર્મગુરૂને પૂછી લેવામાં નાનપ નથી. અને તેમાં ભૂલ જેવુ લાગે તે ભૂલનું પણ મને ધ્યાન કરાવનારનો હું મહાન ઉપકાર માનીશ. બધું ભૂલાઈ જવાય તો વાંધો નહી પણ ધર્મને ભૂલશો નહિ.

દેવ વિષયી, નારક દુઃખી, બુદ્ધિહિન તિર્યંચ;
માત્ર મનુષ્યભવની મહિં, સત્યધર્મને સંચ...

એ વિનંતિ સાથે છેલ્લે પ્રભુને પ્રાર્થના કરી મારા દોષો કહીને આ પુસ્તક પુરું કરીશ. ૐ શાન્તિ.

ડગલે ડગલે હું દંભ કરૂં...મને દુનિયા માને ધર્માત્મા !
પણ શું ભયું મારા મનડામાં...એકવાર જુઓને પરમાત્મા !

હે પરમાત્મા એકવાર તો મારી સામે જુઓ કે હું કેવો ઠગારો છું. મારા મનમાં છળ-કપટ ભર્યું છે. અને કોઈ મને ધર્માત્મા સમજી લે તેમાં તો હું તમારો ગુનેગાર થયો કહેવાઉં કે નહિ ?

-: પ્રભુને પ્રાર્થના :-

સંસારના જે મૂળ રૂપે, તેં કષાયો કેળવ્યાં;
દુઃખના જે ડુંગરો, પાપથી જે મેળવ્યાં.
હું રખડી રહ્યો છું ભવરૂપે વને...
તારૂં ધ્યાન કરે મસ્તાન મને, મારૂં દિલ ચાહે
રહું તુજ કને.
મારા જેવા દુર્ભાગીને, તારા વિના શરણું નહિ;
જિનરાજનું એ રાજ છોડી, ક્યાં બીજે જઈ રહું;
રોકો કર્મ પ્રભુ જે મને નિત્ય હણે....તારૂં ધ્યાન...

હે પ્રભુ સંસારમાં રખડાવનાર કષાયોની ભાઈબંધીના કારણે પાપ થતું જ રહ્યું જેથી દુઃખો ભોગવવાનો વખત આવતો રહ્યો. જે કર્મ મને નિત્ય હેરાન કરે છે તેને રોકવા આપને પ્રાર્થના કરૂં છું.

-: પ્રાર્થના :-

હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહિ લવ લેશ;
પરગુણ પેખી નવી શકુંજી, કેમ સંસાર તરીશ રે.
જિનજી મુજ પાપીને તાર...(૧)

મારામાં ગુણ તો છે નહિ. જેથી પારકા ગુણોને જોઇ શકતો નથી તો હે પ્રભુજી મારો ઉદ્ધાર કેવી રીતે થશે ?

-: દોષો :-

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને;
ને નેત્રને નિંદિત કર્યા, પરનારીમાં લપટાઈને.
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારું પરતણું;
હે નાથ! મારું શું થશે, ચાલાક થઈ ચુકયો ઘણું.(૧)

હે નાથ! મારામાં જોઈએ એટલા દોષો છે એટલે પારકા દોષોને જ જોતો રહ્યો. અને પારકાનું નઠારું ચિંતીને ચિત્તને પણ અશુભ કર્યું તો હે ભગવાન્ મારું કેમ કલ્યાણ થશે?

-: પ્રાર્થના :-

ભૂલો પડયો છું ભવ મહીં, ભગવાન રાહ બતાવજો,
જન્મો જન્મ ને મરણના, સંતાપથી ઉગારજો;
સંસારના સુખદુઃખ તણા, ચકો મહીં પીડાઉં છું,
પગલે પગલે પાપના, પંથે વિચરતો જાઉં છું.
કરૂણા કરજો હે કિરતાર, રક્ષા કરજો હે ભગવાન;
તું એક મુજ છે આધાર,-રક્ષા કરજો હે ભગવાન.

હે ભગવાન! મારો આત્મા આ સંસારના કાળચક્રમાં અટવાઈ ગયો છે. તેમાંથી બચાવીને મારો ઉદ્ધાર કરો. તો જ સંસારના સુખ-દુઃખમાંથી છુટી શકાય.

-: વિનંતિ :-

ચોરાશી લાખ યોનિમેં, પ્રભુ મેં નિત્ય રૂલતા રહું;
દયાળુ! દાસકો તેરે, બચાલોગે તો કયા હોગા!

હે પ્રભુ! હું તારો દાસ છું. તારા દાસ પર દયા કરીને ચોર્યાસી લાખ ચક્રમાં રખડતા મારા આત્માને બચાવી લેવાથી તને કાંઈ નડતર આવે તેમ નથી.

–: ભક્તિ :–

કોટી જન્મના પુણ્યથી, મળ્યો મનુષ્યનો અવતાર;
ભાવધરી પ્રભુ પૂજ્યા નહિ, તો એળે જશે અવતાર.

દેવને દુર્લભ મળેલા માનવભવમાં ભાવથી પ્રભુની નહિ થાય તો માનવભવ એળે જશે. સંસારમાં રખડવાનું કારણ પ્રભુની (ભાવથી) સાચા હૃદયથી ભક્તિ થઇ નથી.

સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હજ પણ કો ક્ષણે,
હે જગત બંધુ ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિ પણે;
જન્મ્યો પ્રભુ તે કારણે, દુઃખ—પાત્ર આ સંસારમાં,
જે ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શુન્યાચારમાં...

હે પ્રભુ! તારી ભાવ વગરની ભક્તિથી કંઇ ફળ મળતું નથી તે સમજ્યા છતાં પણ આત્માને કર્મ હજી પણ ભૂલાવી દે છે. એટલે તો તારા ધ્યાન વખતે મારૂં મન જ્યાં ને ત્યાં ભટકે છે. તેને કબજે કરવાની શક્તિ મને આપ અને આપની ભક્તિથી આપ સમાન બનાવીને મારો સ્વીકાર કરી લે. બસ એથી આગળ મને કંઈ કહેતાં આવડતું નથી.

વાંચ્યા ઘણા ગ્રંથો વળી, વ્યાખ્યાન બહુએ સાંભળ્યા;
પણ ટેવ એકે ના ટળી, વાંચ્યા સુણ્યાથી શું વળ્યું ?

ગમે તેટલા વ્યાખ્યાનો સાંભળતા અને ગમે તેટલાં ધર્મના પુસ્તકો વાંચતા પણ જો એમાંથી કાંઈ પણ ગ્રહણ ન કર્યું તો વાંચ્યું અને સાંભળ્યું ફોકટ જેવું થશે. જેથી સારા સારા ધર્મના પુસ્તકો વાંચ્યા પછી એમાંથી સાચો સાર પામીને યોગ્ય લાગે તે ગ્રહણ કરીને દેવને દુર્લભ મનુષ્ય-ભવને સફળ કરવા વિનંતિ. ૐ શાંતિ.

(પુસ્તક લખવાનો ઉદ્દેશ) શુભાભિલાષા :

બીજું ભુલી જવાય તો વાંધો નહી. પણ અમુલ્ય મનુષ્ય જીવનની સાર્થકતા માટે અમુલ્ય, સત્ય, આત્મ સ્વરૂપ ધર્મનું લક્ષ ચુકાય નહીં તે માટે અપ્રમાદી બનશો.

એજ અભ્યર્થના સાથે આભાર

–: ઉપસંહાર :–

આ પુસ્તક મારા જ્ઞાનથી કે સ્વમતિથી લખેલ નથી, પણ મેં વાંચેલું અને સાંભળેલું તે ઉપરથી લખેલ છે. લખવામાં બનતો ઉપયોગ રાખવા કાળજી બહુ જ રાખી છે, છતાં (છદ્મસ્થ) અજ્ઞાન અને પ્રમાદના કારણે જે કાંઈ ક્ષતિ રહી ગઈ હોય અથવા આ પુસ્તકમાં શ્રીવીતરાગદેવની આજ્ઞા વિરુદ્ધ (શાસ્ત્ર વિરુદ્ધ) જે કાંઈ પણ લખાયું હોય તેની ચતુર્વિધ શ્રીસંઘ અને જગતભરના વિશેષજ્ઞ પુરૂષો પાસે ક્ષમા યાચું છું. અને આશા રાખું છું કે સહૃદયી પુરૂષો ઉપયોગ પૂર્વક આ પુસ્તકને વાંચે અને સાચી વસ્તુનો સ્વીકાર કરે. અને પોતાના આત્માના કલ્યાણપોષક બને એજ અભ્યર્થના....

सर्व मंगल मांगल्यम्, सर्व कल्याण कारणम् ।
प्रधानम् सर्व धर्माणाम् जैनं जयंति शासनम् ॥

शिवमस्तु सर्व जगतः

(સમાપ્ત)

શ્રી યુગાદિનાથાય નમોનમઃ

સદ્‌બોધ યાને ધર્મનું સ્વરૂપ

આ પુસ્તકની આગળથી નકલો નોંધાવીને મારા સંપાદન કરેલા ધર્મના સાહિત્યને પ્રોત્સાહન આપનાર ધર્મપ્રેમી ભાગ્યશાળીઓનો આભાર માનું છું.

—સંપાદક

નકલો નોંધાવનાર ભાગ્યશાળીઓની નામાવલી

નકલ	નામ	ગામ	મુંબઈનું સ્થળ
૪૦૧	પ્રકાશક ધર્માનુરાગી શ્રી હંસરાજ વેલાભાઈ સાલીયા	નાની ખાખર	પરેલ
૧૪૧	શ્રી એક–સદ્‌ગૃહસ્થ તરફથી	કોટડી મહાદેવપુરી	મુંબઈ
૮૧	શ્રી ગુણશીભાઈ માલશી	મનફરા	જોગેશ્વરી
૫૧	શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી	ભુજપુર	મુંબઈ
૫૧	સ્વ. ધારશી કાનજી હા-ભીમશીભાઈ	તુંબડી	ગોરેગામ
૫૧	શ્રી વેલજીભાઈ મોના	ગુંદાલા	સેન્ડહર્સ્ટ રોડ
૪૧	શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી	રાયણ	મુંબઈ
૪૧	ગં. સ્વ. લાખબાઈ ગાંગજી હા. સુપુત્રો	ભચાઉ	ઘાટકોપર
૪૧	શ્રી કુંવરજી વેલજી લાલન	બાડા	જોગેશ્વરી
૨૮	શ્રી શામજીભાઈ કોરશી	ફરાદી	ખાર–ડાંડા
૨૭	શ્રી એક સદ્‌ગૃહસ્થ	ભુજપુર	મુંબઈ
૨૫	,, શામજી કેશવજી	તુંબડી	મુંબઈ
૨૧	,, કેશવજીભાઈ વેલજી	રાયણ	કમાટીપુરા
૨૧	,, આણંદજી ભવાનજી	કાંદાકરા	વીરાર

૨૦	,,	ચનાભાઈ પાસુ	વીઢ	મુંબઈ.
૧૭	,,	લીલાધર લખમશી	શેરડી	જોગેશ્વરી
૧૭	,,	ઠાકરશી આણંદજી લાલન	લાલા (અબડાસા)	મુંબઈ
૧૬	,,	પ્રેમજી કેશવજી ગોગરી	મોટા આસંબીઆ	શાન્તાક્રુઝ
૧૬	,,	શામજી જેસંગ	નાના ભાડીઆ	કુરખા
૧૪	,,	કુંવરજી લધુભાઇ	રતાડીયા	વીરાર
૧૪	,,	દેવજીભાઈ માણેક	શેરડી	ભાયખલા
૧૪	,,	ઉમરશીભાઈ મોણશી (સાધ્વીશ્રી પુર્ણકલાશ્રીજીના સદ્‌ઉપદેશથી)	મોટીખાખર	અંધેરી
૧૪	શ્રી	તલકશી વિજપાર	તલવાણા	ઘાટકોપર
૧૪	,,	જેઠાલાલ નાગજી	શેરડી	જોગેશ્વરી
૧૩	,,	લાલજી વેલજી ગાલા	કાંદાકરા	મુંબઈ
૧૩	,,	ભવાનજી હીરજી	બીદડા	વીક્રોલી
૧૩	,,	મગનભાઈ આસુ	ભોજાય	માટુંગા
૧૦	,,	તેજશી શામજી સતીયા	તુંબડી	જોગેશ્વરી
૧૦	,,	હકીમચંદ ગુલાબચંદ	ભાવનગર	માટુંગા
૮	,,	લખમશી ખીમજી	નાના આસંબીયા	કુર્લા
૮	,,	કાનજી હંસરાજના છેડા	,,	પુના
૮	,,	શીવલાલ મેઘજી	બારોઈ	મુંબઈ
૫	,,	સોજપારભાઈ રવજી		વડાલા
૫	,,	મુલજી ઘેલાભાઈ	તુંબડી	ખોરીવલી
૫	સ્વ.	જેવંતીબાઈ સુરજી	આડાઉ	શાન્તાક્રુઝ
૪	શ્રી	જેઠાલાલ હરશી	તુંબડી	ગોવંડી
૪	,,	લખમશી ઠાકરશી	દુન્ડા	જોગેશ્વરી
૪	,,	દેવજી પદમશી	પુનડી	ગોરેગામ
૪	,,	ગોવરભાઈ પાલણ	ડેપા	જોગેશ્વરી

૪	,, ભુલાભાઈ નરશી	કુમરા	વડાલા
૪	,, ધનજીભાઈ હીરજી	બારોઈ	ધાટકોપર
૪	,, માવજીભાઈ શામજી	બારોઇ	ઘોખીતલાવ
૪	,, હંસરાજ દેવશી	કપાયા	તારદેવ
૪	,, એક સદ્‌ગૃહસ્થ તરફથી	ભુજ	મુંબઈ
૪	,, વસનજી કુરપાર ગોગરી	તગડી	ધાટકોપર
૩	,, ભવાનજી રામજી ગાલા	ફેરાદી	અંધેરી

દલાલ શ્રી લાલજીભાઈ કુંવરજી તરફથી મળેલ નકલોના સહકાર બદલ આભાર.

૫૧	શ્રી જખુભાઈ ધારશી સાવલી	તુંબડી	મુલુન્ડ
૫૧	,, પરાગ જે. દેઢિયા	ભુજપુર	ભીતબન્દર
૫૧	,, પ્રેમજીભાઈ રવજી કારાણી	કુમરા	ગોરેગામ
૨૫	સ્વ. નાનજી ખેરાજના સ્મરણાર્થે	મેરાવા	મલાડ
૧૧	શ્રી શામજી કુંવરજી ગાલા	તુંબડી	શીવડી

"સદ્‌બોધ યાને ધર્મનું સ્વરૂપ"

દિવસોના દિવસો, મહિનાઓના મહિના અને વર્ષોના વર્ષો, આખી જિંદગી ધન મેળવવાની પાછળ અને વિષય સુખ ભોગવવામાં ચાલ્યા જાય તો પણ આજના માનવ જીવનનું ધ્યેય ધર્મની આરાધનાને બદલે ધનની આરાધના કરવી એમ માની લીધું છે તેને દેવોને પણ દુર્લભ એવા માનવ જન્મની કિંમત કયાંથી સમજાય ?

આ કાયા કાચી માટીના કુંભ જેવી છે. આયુષ્ય ક્ષણિક છે. કાલે શું થવાનું છે તેની ખબર નથી અને એક દિવસ બધું છોડીને મારે અવશ્ય જવાનું છે. માટે બને તેટલી ધર્મની આરાધના કરું, હું ન કરી શકું તો જે કરે છે તેને અનુમોદના તો આપું. બને તેટલા વિષયો ઉપરથી વિરાગ લાવી, કષાયોનો ત્યાગ કરીને મારું જીવન પવિત્ર બનાવું.

—ગુરૂવાણી

શ્રી કચ્છ તુંબડી જૈન સહાજન

રજી નં. A ૧૧૨ (કચ્છ)